BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**દ્વિતીય વર્ષ બી.કોમ.**

**BCCOAN204**

# કંપનીના હિસાબો



## બ્લોક-૧

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# દ્વિતિય વર્ષ બી.કોમ.

# BCCOAN204

# કંપનીના હિસાબો

વિભાગ

1


| | | |
|---|---|---|
| એકમ-1 | કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો | 3-25 |
| એકમ-2 | બાંયધરી કમિશનના હિસાબો | 26-52 |
| એકમ-3 | કંપનીના વાર્ષિક હિસાબો-1 | 53-79 |
| એકમ-4 | કંપનીના વાર્ષિક હિસાબો-2 | 80-112 |

લેખન : પ્રો. (ડૉ.) મનોજ શાહ — પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. દિપક રાસ્તે — એસોસિયેટ પ્રોફેસર,
સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.

ડૉ. ઉર્વી અમીન — આસિસ્ટન્ટ પ્રોફેસર,
NICM, ગાંધીનગર.

ડૉ. સંદીપ મુંગરા — આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી જી.કે. એન્ડ સી.કે. બોસમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જેતપુર.

પરામર્શક(વિષય) : પ્રો. (ડૉ.) મનોજ શાહ — પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

ડૉ. દિપક રાસ્તે — એસોસિયેટ પ્રોફેસર,
સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.

ડૉ. મનોજ દવે — પ્રોફેસર & હેડ,
શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.

પરામર્શક(ભાષા) : ધનશ્યામ કે ગઢવી — નિવૃત આચાર્ય,
સાર્વજનિક કોલેજ, મહેસાણા.

શ્રી ધ્વનિલ પારેખ — સહ પ્રાધ્યાપક,
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા.

ડૉ. દિનેશ ભદ્રેસરિયા — આસિસ્ટન્ટ પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

શ્રી દિવ્યેશ વ્યાસ — આસિસ્ટન્ટ પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સંપાદન : પ્રો. (ડૉ.) મનોજ શાહ — પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.



પ્રકાશક : ડૉ. ભાવિન ત્રિવેદી — કાર્યકારી કુલસચિવ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : જૂન 2021 સુધારેલ પુનઃ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ)

ISBN : 978-81-938309-2-5



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ 1 કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો (Profit Prior to incorporation of a company)

## : રૂપરેખા :

**1.1 પ્રસ્તાવના**

**1.2 નોંધણી પહેલાંનો નફો કે નુકશાન : અર્થ**

**1.3 ધ્યાનમાં રાખવાની બાબત**

**1.4 લક્ષણો**

**1.5 સ્થાપના પહેલાંનો નફો-નુકસાન બનાવવાની / શોધવાની પદ્ધતિ**

**1.6 ધ્યાનમાં રાખવાની બાબત**

**1.7 નોંધણી પહેલાંના અને પછીના નફાની વહેંચણી દર્શાવતું પત્રક**

- **સ્વાધ્યાય**

## 1.1 પ્રસ્તાવના :

જોઈન્ટ સ્ટોક કંપનીની સ્થાપનાનો ઉદ્દેશ કોઈ નવો ધંધો શરૂ કરવાનો હોય છે. અથવા કોઈ ચાલુ ધંધાને ખરીદી લેવા માટેનો હોય છે. જો નવી કંપનીની સ્થાપના ચાલુ ધંધાને ખરીદી લેવાના આશયથી કરાયેલી હોય છે. જો કે કંપનીની સ્થાપના અને કાયદાકીય અસ્તિત્વના સમયગાળા વચ્ચે તફાવત રહે છે. સ્થાપનાની વિધિ કરતાં નફો અને અસ્તિત્ત્વમાં આવવાનાં સમય વચ્ચે ખરીદીની તારીખ અને સ્થાપનાની તારીખ વચ્ચે તફાવત રહે છે. આવા સંજોગો દરમ્યાન કંપનીની ગતિવિધિ ચાલુ રહે છે અને જે દ્વારા નફા કે નુકસાનની પરિસ્થિતિ સર્જાય છે. આ નફાને કંપનીની સ્થાપના - નોંધણી પહેલાંનો નફો કહેવાય છે.

કંપનીની સ્થાપના માટે ભારતનો 2013નો કંપનીનો ધારો લાગુ પડે છે. આ કાયદા મુજબ બે વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે :

(i) કંપનીને તેની સ્થાપના માટે કંપની રજિસ્ટારને જરૂરી દસ્તાવેજ અને નોંધણી ફી મોકલી ‘‘નોંધણીનું / સ્થાપનાનું (Certificate of Incorporation) પ્રમાણપત્ર મેળવવું પડે છે.

(ii) જાહેર કંપની એ ઉપરોક્ત સર્ટીફિકેટ ઉપરાંત અમૂક શરતોનું પાલન કરી ‘‘ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર’’ (Certificate to commence Business) મેળવવું પડે છે.

> ***કંપની ધારા - 2015ના એમેન્ડમેન્ડ મુજબ ખાનગી કે જાહેર કોઈપણ કંપનીએ ‘ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર’ મેળવવાનું રહેતું નથી. એટલે કે જ્યારે ‘નોંધણી કે સ્થાપનાનું પ્રમાણપત્ર મળે એટલે ધંધો શરૂ કરી શકે છે.’***

## 1.2 નોંધણી પહેલાંનો નફો કે નુકસાન :

**અર્થ :**

જોઈન્ટ સ્ટોક કંપની જ્યારે ચાલુ ધંધો ખરીદી લેવા માગતી હોય ત્યારે સ્થાપકો ધંધાની ખરીદીનો કરાર કંપનીની નોંધણી પહેલાં પણ કરી લેતા હોય છે. સામાન્ય રીતે ધંધાની શરૂઆત હિસાબીવર્ષથી કરવી વધુ હિતાવહ છે. પાછલા વર્ષના પાકાસરવૈયાના આધારે ધંધાની ખરીદકિંમત નક્કી કરવી સરળ રહે છે. પરંતુ કંપની ખરીદીના કરાર અને કંપનીની નોંધણીના સમયગાળા વચ્ચે તફાવત રહે છે. કોઈપણ ધંધો હિસાબીવર્ષની શરૂઆતથી જ ખરીદી લીધો હોય છે. પણ તેના કાયદાકીય અસ્તિત્વમાં આવતા એટલે કે નોંધણી / સ્થાપનાનું પ્રમાણપત્ર મેળવતા સમય લાગે છે.

આ સમય દરમિયાન ધંધાકીય વ્યવહાર નફો કે નુકસાન કરતા રહે છે. આ નફો કે નુકસાન ધંધાની મિલકત કે દેવા સાથે કંપનીને જે - તે કરારની તારીખથી મળે છે. આ દરમિયાન જો નુકસાન થાય તો તે પણ કંપનીની જ જવાબદારી ગણાય છે. આમ ''ધંધાની ખરીદી અને કંપનીની સ્થાપના એ બે વચ્ચેના સમય દરમિયાન ધંધો ચાલુ હોય અને જે કોઈ નફો - નુકસાન થાય તેને કંપનીની નોંધણી/ સ્થાપના પહેલાંનો નફો - નુકસાન કહેવાય છે.''

દા.ત. 'A' કંપનીના સ્થાપકો એ 'B' નો ધંધો 1-1-2016 ના રોજ ખરીદી લીધો. કાયદાકીય પ્રમાણપત્ર 'A' ને 1-5-2016 ના રોજ મળ્યું. તો આ દરમિયાન ના સમયગાળામાં એટલે કે 1-1-2016 થી 30-4-2016 સુધી થયેલા નફા કે નુકસાનને સ્થાપના પહેલાંનો નફો કે નુકસાન કહેવામાં આવશે.

''સામાન્ય નફો'' અને ''સ્થાપના પહેલાંનો નફો / નુકસાનમાં અલગ ગણાય. આ નફો કંપનીના અસ્તિત્વ પહેલાંનો હોવાથી તેને ''મૂડી નફો'' કહેવાય છે.

## 1.3 ધ્યાનમાં રાખવાની બાબત :

સ્થાપના પહેલાંના નફામાંથી શેરહોલ્ડર્સને ડિવિડન્ડ વહેંચાશે નહીં. આ વખતે સવાલ થાય કેમ ?

કારણ કે આ સમય દરમિયાન કંપની અસ્તિત્વમાં જ નહતી. તો આ સમયના નફા કે નુકસાનમાંથી ડિવિડન્ડ વહેંચાય નહીં.

નોંધણી પહેલાંનો નફો-નુકસાન શોધવાની રીત :

કંપનીએ નોંધણી પહેલાંનો નફો-નુકસાન નીચેની ત્રણ રીત મુજબ શોધી શકે છેઃ

(1) નોંધણી પહેલાં અને પછીનું વેપારખાતું અને નફા-નુકસાન ખાતું અલગ બનાવી.

(2) આખા વર્ષનું વેપાર અને નફો-નુકસાન ખાતું બનાવી જે રકમ ચોખ્ખા નફાની આવે તેને સમયના પ્રમાણમાં વહેંચીને નફો-નુકસાન શોધી શકાય. (જાણી શકાય.)

(3) કાચો નફો શોધી બંને સમય દરમિયાન થયેલા વેચાણ મુજબ ફાળવી જુદા જુદા ખર્ચાની ફાળવણી કરવાની પદ્ધતિ દ્વારા.

નોંધણી તારીખે નફા-નુકસાન ખાતું તૈયાર કરવાનો ઉદ્દેશ

## 1.4 લક્ષણો :

સ્થાપના પહેલાંનો નફો શોધવા જરૂરી છે જે તે દિવસે હાથ પરના માલની કિંમત જાણવી જોઈએ. આ કિંમત મુજબ સ્થાપના પહેલાંનું સમયનું વેપાર ખાતું - નફો-નુકસાન ખાતું બનાવી સ્થાપના પહેલાંનો ચોખ્ખો નફો-નુકસાન જાણી શકાય છે.

પરંતુ વાસ્તવિક રીતે આ રીત મુજબ સ્ટૉકની કિંમતની જાણકારી કે નફો-નુકસાનની જાણકારી શક્ય નથી. વ્યવહારિક દૃષ્ટિ એ સ્ટોકની કિંમત વર્ષના અંતે જ જાણી શકાય છે. જેના આધારે જ નફો-નુકસાન શોધાય છે. માટે આ રીત વ્યવહારિક રીતે / દૃષ્ટિએ ઉપયોગી નથી.

## 1.5 સ્થાપના પહેલાંનો નફો-નુકસાન બનાવવાની / શોધવાની પદ્ધતિ :

સામાન્ય રીતે ધંધાકીય વાર્ષિક હિસાબો વર્ષના અંતે લખી અને ધંધાની નાણાકીય અને આર્થિક પરિસ્થિતિ જાણી શકાય છે. આવા હિસાબમાં નોંધણી પહેલાં કે પછીના વ્યવહારો અલગ બતાવાતા નથી. પરંતુ વ્યવહારિક રીતે થયેલા ચોખ્ખા નફો-નુકસાન ને નોંધણી પહેલાં કે પછીના સમયના મુજબ વહેંચી દેવામાં આવે છે. આ મુજબ બે પદ્ધતિથી નફો- નુકસાન શોધી શકાય.

### (1) સમયના પ્રમાણમાં :

આ રીત મુજબ નફાને નોંધણી પહેલાં અને પછીના ભાગમાં વહેંચી નફો-નુકસાનની જાણ મેળવાય છે.

ઉદા.

કંપનીની સ્થાપના જૂન ના રોજ થાય છે, કંપનીના વાર્ષિક હિસાબ 31-માર્ચ રજૂ કરાય છે. જે

મુજબ નોંધણી પહેલાંનું વેચાણ 5 લાખ છે અને સ્થાપના પછીનું વેચાણ 25 લાખ છે. જો કંપનીનો ચોખ્ખો નફો 60,000 રૂ. હોય તો નોંધણી પહેલાં અને પછીનો નફો શોધો.

**કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો**

| | | |
|---|---|---|
| નોંધણી પહેલાં | : | નોંધણી પછી |
| 1-4 to 30-6 | | 1-7 to 31-3 |
| 3 mth | : | 9 month |
| વેચાણ 5 લાખ | : | 25 લાખ |
| 1 | : | 5 |

નોંધણી પહેલાંનો નફો પછીનો નફો

10,000 : 50,000

કોઈપણ ધંધાનો નફો તેના સીઝનલ ઘટકો મુજબ બદલાય છે. માટે આવા ધંધામાં આ મુજબ નફો-નુકસાન શોધવાનું યોગ્ય ગણાય નહી. પ્રથમ હિસાબી વર્ષના અંતે નફો-નુકસાન સમયના વેચાણ મુજબ નફો-નુકસાન વહેંચાય છે.

**રીત :**

(i) સૌપ્રથમ વેપાર ખાતાનો કાચો નફો શોધો.

(ii) કાચા નફામાંથી મહેસૂલી ખર્ચ (જે તે સમય મુજબ) ફાળવણી કરો.

## 1.6 ધ્યાનમાં રાખવાના મુદ્દા :

(1) કાચો નફો બંને સમયના વેચાણમાં પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

(2) મહેસૂલી ખર્ચ જેવા કે : પગાર, ભાડું, ઑફિસખર્ચ, સ્ટેશનરી, તાર-ટપાલ, વ્યાજ, ઘસારો સમય મુજબ ફાળવી કાચા નફામાંથી બાદ કરવા.

(3) મહેસૂલી આવક : વ્યાજ, ડિવિડન્ડ, મળેલ ભાડું સમય મુજબ ફાળવી કાચા નફામાં ઉમેરવા

(4) વેચાણ સંબંધિત ખર્ચ : જાવક માલ ગાડાભાડું, વટાવ, મુસાફરી-ખર્ચ, કમિશન ભાડુ, ઘાલખાધ, વેચાણના પ્રમાણમાં ફાળવવા.

(5) નોંધણીના સંલગ્ન ખર્ચ - નોંધણીની ફી, વેચનારને આપેલું વ્યાજ તેમજ સંલગ્ન આવક વ્યાજ ડિવિડન્ડ સમય મુજબ ફાળવી કાચા નફામાં અસર આપો. ખર્ચા ને નફામાંથી બાદ કરો અને આવકને નફામાં ઉમેરો.

(6) નોંધણીને સંલગ્ન ખર્ચા - ડિરેક્ટર ફી, પ્રાથમિક ખર્ચ, સ્થાપના ખર્ચ, ડિબેંચર વ્યાજ, નોંધણી પછીના સમયનાં ગણવા.

દા.ત. ડિરેક્ટરની ફી, પ્રાથમિક ખર્ચ, સ્થાપના ખર્ચ, ડિબેંચર વ્યાજ, જેવા ખર્ચા પછી ધંધાની કિંમત ચૂકવ્યા સુધીનું ચૂકવેલું વ્યાજ.

જે તે આવક કાચા નફામાં ઉમેરો ખર્ચને કાચા નફામાંથી બાદ કરો.

**નોંધણી પહેલાંનો નફો શોધવાની રીત**

| **વિગત** | **રકમ** |
|---|---|
| નોંધણીની તારીખનું નફા-નુકસાન ખાતું<br>આખા વર્ષનો ચો. નફો.<br>(i) સમય મુજબ ફાળણી<br>(ii) વેચાણ મુજબ ફાળવણી | |
| કાચો નફો | |
| - વેચાણના આધારે જે તે સમયે નોંધણીનો નફો :<br>- ખર્ચા | |
| **ચોખ્ખો નફો** | |

રીત : 2

| વિગત | રકમ |
|---|---|
| કાચો નફો<br>વેચાણ મુજબ કાચો નફાની ફાળવણી<br>- ખર્ચની ચૂકવણી (વેચાણના પ્રમાણમાં)<br>- વેચાણ માટેના ખર્ચની ચુકવણી (વેચાણના પ્રમાણમાં)<br>- સ્થાપના ખર્ચ | |

ઉદા.:1

વિજય લિ. નામની કંપની એ એક પેઢીનો ચાલુ ધંધો તા. 1/1/2015 થી ખરીદી લીધો. કંપનીની કાયદાકીય સ્થાપના 1/4/2015 ના રોજ થઈ. વર્ષ 2015 ના કંપનીના હિસાબની પરિસ્થિતિ નીચે મુજબ છે:

(1) 31/12/2015 ના રોજ કાચો નફો રૂ. 3,60,000

(2) વર્ષ દરમિયાન થયેલું વેચાણ રૂ. 14,40,000

પ્રથમ છ મહિનાનું વેચાણ : Rs. 2,88,000

(3) વર્ષ દરમિયાન થયેલા ખર્ચ :

ડિરેક્ટર ફી : 18,000

ઘાલખાદ્ય : 4,320

જાહેરાત : 14,400 (માસિક રૂ. 1,200ના કરાર મુજબ)

પગાર : 76,800

માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ : 6,000

રાજકીય પક્ષને આવેલ દાન : 6,000

ઉપરોક્ત પત્રક પરથી નફો - નુકસાન બતાવતું પત્રક બનાવો.

જવાબ :

| વિગત | પ્રમાણ | કુલ રકમ | નોંધણી પહેલાં | નોંધણી પછી |
|---|---|---|---|---|
| કાચો નફો | વેચાણ પ્રમાણમાં (1:9) | 36,000 | 36,000 | 3,24,000 |
| બાદ : | | | | |
| ખર્ચા | | | | |
| ઘાલખાદ્ય | વેચાણ (1:9) | 4,320 | 432 | 3,888 |
| જાહેરાત | સમય (1:4) | 14,400 | 3,600 | 10,800 |
| પગાર | સમય (1:3) | 76,800 | 19,200 | 57,600 |
| ડિરેક્ટર ફી | નોંધણી પછી | 18,000 | - | 18,000 |
| પ.ખર્ચ | ,, | | | 6,000 |
| કુલ ખર્ચ | | | 23,232 | 96,288 |
| ચોખ્ખો નફો | | | 12,768 | 22,7712 |
| રાજકીય પક્ષનું દાન | | | | 6,000 |
| | | | | 2,21,712 |

**સમજૂતી :**

(1) ઉપરોક્ત દાખલામાં કંપનીની ખરીદી 1/1/2015 માં થયેલી છે જ્યારે તેની સ્થાપના 1/4/2015 ના રોજ થાય છે. આથી નોંધણી પહેલાંના 3 મહિના અને નોંધણી પછીના 9 મહિના ગણાશે.

| | 1-1 થી 31-3 | 1-4 થી 31-12 |
|---|---|---|
| મહિના : | 3 | 9 |

માટે સમયનું પ્રમાણ 3:9 એટલે 1:3 થશે.

ધ્યાનમાં રાખવાના મુદ્દા

**(2) વેચાણનું પ્રમાણ :**

પ્રથમ છ માસનું વેચાણ 2,88,000

2,88,000 6 = Rs. 48,000 છે.

માટે પ્રથમ ત્રણ મહિનાનું વેચાણ :

(1-1-2015 થી 31-3-2015) = 48,000 3 = Rs. 1,44,000

બાકીના નવ મહિનાનું વેચાણ :

(1-4-2015 થી 30-6-2015) = 48,000 3 = Rs. 1,44,000

કુલ વેચાણ :

14,40,000 - 1,44,000 = 12,96,000

**(3)** પગાર સામાન્ય ખર્ચ સમયના પ્રમાણમાં થાય છે.સમયનું પ્રમાણ 1:3 છે.

**(4)** નોંધણી બાદ જ ડિરેક્ટરની ફી ચૂકવાય છે.

**(5)** પ્રાથમિક ખર્ચ અને રાજકીયપક્ષને આવેલ દાન મહેસૂલી ખર્ચ નથી છતાં નોંધણી પછીના નફામાંથી બાદ બતાવવો.

**(1) ઘાલખાધ :**

કોઈપણ દાખલમાં આપેલી ઘાલખાધ કે ડૂબેલા લેણાની રકમની ફાળવણી અગત્યનો પ્રશ્ન છે. જો તેના માટેની દાખલામાં કોઈપણ સ્પષ્ટતના હોય તો તેને વેચાણનો ખર્ચ ગણી વેચાણના પ્રમાણમાં ફાળવણી કરવી. ઘાલખાધ, દેવાદારને આપેલ વટાવ ઉધાર વેચાણ સાથે સંબંધ ધરાવે છે. જો દાખલમાં ઉધાર અને રોકડ વેચાણની સ્પષ્ટતા હોય તો તેને ઉધાર વેચાણમાંથી જ ફાળવો. પરપંતુ જો ઉધાર વેચાણની વિગત ન આપેલી હોય તો તેને કુલ વેચાણમાંથી જ બાદ કરાય છે.

**હેતુલક્ષી પ્રશ્ન : 1 વેચાણનું પ્રમાણ ઘાલખાધ શોધવાની રીત**

અ કંપનીનું કુલ વેચાણ 2,00,000 છે.

| **વિગત** | **નોંધણી પહેલાં** | **નોંધણી પછી** |
|---|---|---|
| વેચાણ | 40,000 | 1,60,000 |
| રોકડ વેચાણ | 20,000 | 1,00,000 |

કંપનીની ઘાલખાધ રૂ. 1,000 છે. જેમાં નોંધણી પહેલાંના રૂ. 200 છે વેચાણનું પ્રમાણ અને ઘાલખાધની ફાળવણી સૂચક પત્રક બનાવો.

**જવાબ :** અહી ઘાલખાધનું પ્રમાણ ફાળવવા માટે ઉધાર વેચાણનો આડકતરો સંદર્ભ આપેલો છે.

| | **નો - પહેલાં** | **નો.પછી** |
|---|---|---|
| વેચાણ | 40,000 | 1,60,000 |
| – રોકડ | 20,000 | 1,00,000 |
| ઉધાર વેચાણ | 20,000 | 60,000 |

વેચાણ પ્રમાણ 1 : 3

કુલ ઘાલખાદ્ય : 1000 - 200 = 800 (નોંધણી પહેલાંની ઘાલખાધ)

ફાળવણીની ઘાલખાધ : રૂા. 800

ઉધાર વેચાણનું પ્રમાણ : 1: 3

નોંધણી પહેલાં : નોંધણી પછી

200 600

| ઘાલખાધ | નો. પહેલાં | નો.પછી |
|---|---|---|
| નો. પહેલાંની ઘાલખાધ | 200 | |
| નો. પછીની ઘાલખાધ | 200 | 600 |
| કુલ ઘાલખાધ | 400 | 600 |

(2) ઘાલખાધ અનામત કે દેવાદાર પર વટાવ અનામત :

ઘાલખાધ અનામત કે સંશયિત લેણા અનામત / ડૂબતનિધિ કે વટાવ અનામત ને વહેંચવાની બે રીત છે.

(1) બંને ગાળાના વેચાણના પ્રમાણમાં દેવાદાર બાકીનામાંથી

ઘા.અ. ને વહેંચી દેવાય

દેવાદાર

ઘા.અ. (વેચાણના પ્રમાણમાં ફાળવણી)

(2) જૂના ધંધા સાથે જૂના ધંધાની ઘાલખાધ માંડી વાળેલી ગણી લેવી . જેના આધારે નવા ધંધાની જ બધી જ ઘાલખાધ ગણી અને અને તેને દેવાદારની બાકીમાંથી માંડી વાળવી. આ મુજબ ઘાલખાધ ને સમય અનુસાર કે વેચાણ અનુસાર કોઈ જ પ્રમાણસર ફાળવણી કરવામાં આવતી નથી.

સામાન્ય સંજોગોમાં હિસાબી વર્ષને અંતે મોટાભાગના દેવાદારો નોંધણી પછીના વેચાણને સંલગ્ન મનાય છે. માટે ઘાલખાધ, ઘાલખાધ અનામત, દેવાદાર વટાવ અનામત નોંધણી પછીના સમય માટે ગણવા વધુ યોગ્ય ગણાય છે.

કંપની ધારા મુજબ છ માસથી વધુ મુદત માટે બાકી રહેલા દેવાદાર અલગ બનાવાય છે. જો દાખલામાં આ અંગે સ્પષ્ટતા ના હોય તો એમ કહી શકાય કે બધા દેવાદાર છેલ્લા છ માસના છે. માટે ઘાલખાધ, ઘા. અ. કે દેવાદાર વટાવ અનામત નોંધણી પછીના સમય માટે જ ગણવામાં આવે છે.

**(3) સેલ્સમેનનો પગાર :**

સેલ્સમેન ને ચૂકવાતો પગાર સમયના આધારે જ ફાળવામાં આવે છે.

પરંતુ સેલ્સમેનને ચૂકવાતું કમિશન, ભથ્થું, પ્રવાસખર્ચ, વેચાણના પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

**(4) ખરીદ કિંમત પરનું વ્યાજ :**

આ રકમની ફાળવણી આપેલ માહિતી મુજબ કરાય છે. જો સ્થાપના પહેલાં ખરીદકિંમતનું વ્યાજ ચૂકવી દેવાય, તો તેની ફાળવણી સ્થાપના પહેલાંના ખર્ચ મુજબ થાય છે. પરંતુ જો તે પછીની તારીખોમાં ચૂકવાય સ્થાપના પહેલાંનો સ્થાપના પછીના સમયના આધારે વ્યાજની ફાળવણી કરાય છે.

**હેતુલક્ષી ઉદા.2** **(ખરીદ કિંમત પરનું વ્યાજ)**

30-6-2017ના રોજ ખરીદકિંમત પરનું વ્યાજ રૂ. 3,000 ચૂકવાય છે. ધંધાની ખરીદી 1-1-2017ના રોજ થાય છે જ્યારે કાયદાકીય નોંધણી 1-5-2017ના રોજ થાય છે. ધંધાની ખરીદી 1-1-2017થી 1-5-2017 સુધીનાં 4 માસ સ્થાપના પહેલાં અને 1-5-2017 થી 30-6-2017ના સુધીના 2 માસ સ્થાપના પછી થાય એટલે 4:2 (2:1) ના પ્રમાણમાં થાય એટલે સ્થાપના પહેલાંના સમયનું વ્યાજ રૂ. 2,000 અને સ્થાપના પછીના સમયનું વ્યાજ રૂ. 1,000 ગણાય, જે તે સમયના કાચા નફામાંથી બાદ કરવું.

**(5) ઓડિટ ફી :**

જો કોઈ કંપની ભાગીદારી પેઢી કે એકાંકી વેપારીનો ધંધો ખરીદી લે તો કંપની માટે ઓડિટ ફરજિયાત હોઈ તેને કંપનીનો ખર્ચ ગણવો જોઈએ. અને ઓડિટ ફી સ્થાપના પછીની ગણાય, તેની ફાળવણી થાય નહિ. (ઓડિટ આખા વર્ષના હિસાબનું થાય છે તે જોતાં સમય પ્રમાણે પણ ફાળવી શકાય)

**પાઘડી :**

કોઈપણ નફાનુકસાન ખાતામાં પાઘડીની માંડી વાળેલી રકમ આપેલી હોય છે. જો નોંધણી પહેલાંના સમયમાં નફો પૂરતો હોય તો માંડી વાળેલી પાઘડીની રકમ તે નફા સામે જ માંડી વાળવી વધુ વાજબી છે. કારણ કે નોંધણી પહેલાંનો નફો મૂડી નફો છે અને મૂડી નફા સામે મૂડીનુકસાન માંડી વાળવું વધુ વાજબી છે. (પહેલાંના નફામાંથી માંડી વાળવી)

**મુદ્દા :**

| **ખાતાકીય મુદ્દા** | **હિસાબની ફાળવણી** |
|---|---|
| ઘાલખાધ | - ઉધાર-વેચાણ મુજબ ફાળવણી<br>- ઉદાર વેચાણ ન આપ્યું હોય તો<br>કુલ વેચાણના પ્રમાણમાં<br>- કંપની એ ધંધો ખરીદતા દેવાદારો<br>પૈકીની ઘાલખાધ આપી હોય તો<br>નોંધણી પહેલાં લેવી : |
| ઘાલખાધ અનામત | નોંધણી પછીના સમય માટે ગણવી |
| સેલ્સમેનનો પગાર | સમયના પ્રમાણમાં ફાળવણી કરવી |
| સેલ્સમેન કમિશન, ભથ્થું | વેચાણના પ્રમાણમાં ફાળવણી કરવી. |
| ઓડિટ ફી | સમયના પ્રમાણમાં ફાળવવી |
| ખરીદકિંમત પર વ્યાજ | જ્યારે ચૂકવાય તે તારીખ સુધીની<br>મુદતના પ્રમાણમાં ફાળવણી. |
| પાઘડી | પત્રકમાં બતાવવી નહી. નોંધણી પહેલાંના<br>નફામાંથી માંડી વાળવી. |

**વેચાણનું પ્રમાણ :**

કોઈપણ દાખલામાં વેચાણનું પ્રમાણ શોધવાનું ખૂબ જ અગત્યનું છે. જે માટે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખવા :

(1) દાખલામાં નોંધણી પહેલાં અને નોંધણી પછીનું વેચાણ આપી દીધુ હોય તો, કાચા નફાની ફાળવણી જે - તે સમયના વેચાણના પ્રમાણમાં કરવી.

(2) જો કુલ - વેચાણ આપેલુ હોય તો તેના નોંધણી પહેલાં અને નોંધણી પછીના સમયના આધારે વહેંચવાનું રહેશે.

**<u>નોંધણી પહેલાં અને પછીના વેચાણ પ્રમાણ શોધવાની રીત</u>**

**હેતુલક્ષી પ્રશ્ન - 3**

ધંધાનું કુલ વેચાણ રૂા. 6,00,000 છે. નોંધણી પછીના સમયનું વેચાણ 75% હોય તો બંને સમયનું વેચાણ શોધો.

ધારોકે, કુલ વેચાણ : 100

નોંધણી પછીનું વેચાણ : 75

નોંધણી પહેલાંનું વેચાણ : 25

વેચાણ પ્રમાણ નોંધણી પહેલાં : નોંધણી પછી 25 : 75

1 : 3

(6,00,000 ને આ પ્રમાણમાં વહેચતા)

રૂા. 1,50,000 : 450000 આપે

(સ્વાધ્યાયનો હેતુલક્ષી પ્રશ્ન : 1 આ મુજબ ગણવો)

(3) જો દાખલાંમાં માસિક સરેરાશ આપી હોય તો એક સમય એટલે કે નોંધણી પહેલાંનો સમયગાળો શોધી. તેની સાથે માસિક વેચાણને ગુણી લેતા નોંધણી પહેલાંનું વેચાણ મળે છે જ્યારે કુલ વેચાણમાંથી આ રકમ બાદ કરતા નોંધણી પછીનું વેચાણ મળે છે.

**હેતુલક્ષી પ્રશ્ન - 4**

એક કંપનીની નોંધણી 1-4-2015ના રોજ થઈ ધંધો 1-1-2015ના રોજ ખરીદીને વાર્ષિક હિસાબ

31-12-15ના રોજ તૈયાર થાય છે. નોંધણી પહેલાંનું સમયનું માસિક સરેરાશ વેચાણ નોંધણી પછીના સરેરાશ વેચાણ કરતાં બમણું છે તો વેચાણ પ્રમાણ શોધો.

ધારોકે, નોંધણી પછીનું વેચાણ પ્રમાણસર હોય તો નોંધણી પછી

3 મહિના : 9 મહિના

2 : 1

(મહિના × વેચાણ પ્રમાણ) 6 : 9

2 : 3

**હેતુલક્ષી પ્રશ્ન - 5 નોંધણી પછીના ખર્ચાની સમજૂતી**

A કંપની B ને તા. 1-4-16ના રોજ ખરીદે છે તે ધંધાનું સ્થાપના પ્રમાણપત્ર 1-10ના રોજ મેળવે છે.

કંપનીની ઓડિટ ફી રૂા.2,500 અને ડાયરેક્ટરની ફી રૂ. 1,500 છે. સ્થાપનાનો ખર્ચ રૂા. 2,000 ચોપડે બતાવાયો છે. તો તેની ચોપડે બતાવાયો છે. તો તેની ફાળવણી બતાવતું પત્રક બતાવો.

જવાબ:

ઉપરોક્ત બધા ખર્ચા નોંધણી પછીમાં હોઈ તેને નોંધણી પછીના ખાતામાં બતાવશે.

ઓડિટ ફી : 2,500

સ્થા.ખર્ચ : 2,000

ડિરે. ફી <u>1,500</u>

6,000

**નોંધણી પહેલાંના અને પછીના નફાની વહેંચણી દર્શાવતુ પત્રક :**

નોંધણીની પહેલાં અને પછીના નફાની વહેંચણી માટે નીચેનું પત્રક તૈયાર કરવામાં આવે છે :

**નોંધણી પહેલાં અને પછીના નફાની વહેંચણી દર્શાવતું પત્રક :**

| વિગત | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાંનો નફો | | નોંધણી પછીનો નફો | |
|---|---|---|---|---|---|
| | | મહેસૂલી ખર્ચ | કાચો નફો અને મહેસૂલી આવક | મહેસૂલી ખર્ચ | કાચો નફો અને મહેસૂલી આવક |
| કાચો નફો | વેચાણ સમય | | ✓ | | ✓ |
| મહેસૂલી આવક | | | ✓ | | ✓ |
| ઑફિસ કે નાણાકીય ખર્ચા | સમય | ✓ | | ✓ | |
| નોંધણી પહેલાંના ખર્ચા | વેચાણ પહેલાં | ✓ | | ✓ | |
| નોંધણી પછીના ખર્ચા | પછી | ✓ | | ✓ | |
| ચોખ્ખો નફો | – | – | – | – | |

આ પત્રક ને નફા-નુકસાન ખાતા સ્વરૂપમાં પણ બતાવી શકાય.



| **વિગત** | **વે.પ્રમાણ** | **નોંધણી પહેલાં** | **નોંધણી પછી** | **વિગત** | **વહેંચણી પ્રમાણ** | **નોંધણી પહેલાં** | **નોંધણી પછી** |
|---|---|---|---|---|---|---|---|
| ઑફિસ ખર્ચ | સમય | ✓ | ✓ | કાચો નફો | વેચાણ | ✓ | ✓ |
| વેચાણ ખર્ચ | વેચાણ | ✓ | ✓ | | | | |
| વેચાણ સંલગ્ન ખર્ચ | વેચાણ | ✓ | ✓ | અન્ય આવકો | આપેલ આધારે | ✓ | ✓ |
| નોંધણી પહેલાંનાં ખર્ચ | સ્થાપના પહેલાં | ✓ | | ચો.ખોટ | ☐ | ☐ | ☐ |
| નોંધણી પછીના ખર્ચા | | | ✓ | | | | |
| ચો. નફો | ☐ | ☐ | ☐ | | | | |
| | | — | — | | | | |

ધી અમદાવાદ લિ. એક ભાગીદારી પેઢીનો ધંધો 1-1-2012થી ખરીદી લેવા માટે 1-5-2012 ના રોજ નોંધવામાં આવી. 31-12-2012ના રોજ પૂરા થતા વર્ષની હકીકત નીચે મુજબ છે.

(1) 31-12-2012 ના રોજ પૂરા થતા વર્ષનું વેચાણ 12,00,000 છે જે પૈકી રૂા. 2,00,000 નોંધણી પહેલાંનું વેચાણ છે.

(2) વેપાર થતાનો નફો 4,80,000 છે.

(3) નફાનુકસાન ખાતાની વિગત નીચે મુજબ છેઃ

| | | | |
|---|---|---|---|
| ડિરેક્ટર ફી : | 7,500 | પગાર : | 6,000 |
| ઓડિટ ફી : | 3,750 | ઘાલખાધ : | 10,000 |
| ભાડુ : | 24,000 | (3500 રૂા. નોંધણી સમય પહેલાંનાં છે.) | |
| | | ડિબેંચર વ્યાજ | 30,000 |
| ઘસારો : | 18,000 | સ્થાપના ખર્ચ | 12,000 |
| અન્ય ખર્ચ : | 9,000 | | |
| વેચાણ ખર્ચ : | 9,000 | | |
| સેલ્સમેન કમિશનઃ | 9,000 | | |
| સ્ટેશનરી : | 3,000 | | |
| ઑફિસ ખર્ચ : | 9,000 | | |

ઉપરોક્ત વિગત પરથી સ્થાપના પહેલાંનો અને પછીનો નફો શોધો.

**જવાબ :**

સૌ પ્રથમ સમય અને વેચાણનું પ્રમાણ શોધો.

**સમયનું પ્રમાણ :**

નોંધણી પહેલાંનો સમય : 1 -1 થી 30 -4 = 4 માસ

નોંધણી પછીનો સમય : 1 - 5 થી 31-12 = 8 માસ

1 : 2

વેચાણનું પ્રમાણ :

નોંધણી પહેલાંનો સમય : 1 -1 થી 30 - 4 = 4 માસ

| | |
|---|---|
| નોંધણી પછીનો સમય : | 1 - 5 થી 31-12 = 8 માસ |
| કુલ વેચાણ : | 12,00,000 |
| નોંધણી પહેલાં | નોંધણી પછી |
| 2,00,000 | 10,00,000 |
| | 1 : 5 |

(3) સામાન્ય ખર્ચ સમયના પ્રમાણમાં ફાળવાય છે. ફાળવવામાં આવેલ છે.

(4) ઓડિટ ફી સમય મુજબ ફાળવવામાં આવેલ છે. જો તમે તેને માત્ર સ્થાપના પછી ફાળવો તો તેની દાખલામાં સ્પષ્ટતા કરવી.

**નોંધણી પહેલાં અને પછીનો નફો કે નુકસાન દર્શાવતું પત્રક :**

| વિગત | ફાળવણીનું પ્રમાણ | નોંધણી પહેલાં | | નોંધણી પછી | |
|---|---|---|---|---|---|
| | | ખર્ચા | કાચો નફો | ખર્ચા | કાચોનફો |
| કાચો નફો | વેચાણ | | 80,000 | | 4,00,000 |
| ડિરેક્ટર ફી | નોંધણીના પછીનો સમયમાં | | | 7,500 | |
| ઓડિટર ફી | સમય | 1,250 | | 2,500 | |
| નોંધણી પછી | | | | 3,750 | |
| ભાડું | સમય | 8,000 | | 16,000 | |
| ઘાલખાદ્ય | આપ્યા મુજબ | 3,500 | | 6,500 | |
| પગાર | સમય મુજબ | 20,000 | | 40,000 | |
| ડિબે. વ્યાજ | પછી | - | | 30,000 | |
| યંત્રનો ઘસારો | સમય | 6,000 | | 12,000 | |
| સ્થાપના ખર્ચ | સ્થાપના પછીના | | | 12,000 | |
| સામાન્ય ખર્ચ | સમય | 3,000 | | 6,000 | |
| વેચાણ ખર્ચ | વેચાણ | 1,500 | | 7,500 | |
| સેલ્સ કમિશન | વેચાણ | 1,500 | | 7,500 | |
| સ્ટેશનરી | સમય | 1,000 | | 2,000 | |
| ઑફિસ ખર્ચ | સમય | 3,000 | | 6,000 | |
| ચો. નફો | | 31,250 | | 2,44,500 | |
| | | | 80,000 | 2,45,750 | 4,00,000 |

2. રાજ ટ્રેડસનો ધંધો રાજવી લિ. 1-4-2015 ના રોજ ખરીદી લીધો. કંપનીની કાયદાકીય સ્થાપના 1-7-2015ના રોજ થઈ. નીચે વર્ષ 31-3-2016 ના રોજ પુરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું આપેલું છે.

**નફા-નુકસાન ખાતું**

| વિગત | રૂ. | વિગત | રૂ. |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 2,40,000 | વેચાણ | 6,00,000 |
| ખરીદી | 3,50,000 | (30-6 : 2,00,000) | |
| કાચો નફો | 1,50,000 | આખરનો સ્ટોક | 1,40,000 |
| | 7,40,000 | | 7,40,000 |

કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો

| | | | |
|---|---|---|---|
| ઑફિસ ખર્ચ | 36,000 | કાચો નફો | 1,50,000 |
| વેચાણ ખર્ચા | 72,000 | | |
| ઓડિટ - ફી | 2,000 | | |
| ડાયરેકેટર ફી | 6,000 | | |
| સ્થાપના ખર્ચ | 6,000 | | |
| ચોખ્ખો નફો | 28,000 | | |
| | 1,50,000 | | 1,50,000 |

નોંધણી પહેલાં અને પછીનો નફો-નુકસાન વહેંચણી દર્શક પત્રક

| વિગત | કુલખર્ચ / આવક | આધાર | નોંધણી પહેલાં | નોંધણી પછી |
|---|---|---|---|---|
| કાચો નફો | 1,50,000 | વેચાણ | 50,000 | 1,00,000 |
| ઑફિસ ખર્ચ | 36,000 | સમય | 9,000 | 27,000 |
| વેચાણ ખર્ચ | 72,000 | વેચાણ | 24,000 | 48,000 |
| ઓડિટ ફી | 2,000 | સમય | 500 | 1,500 |
| ડાયરેક્ટર ફી | 6,000 | નોંધણી પછી | - | 6,000 |
| સ્થાપના ખર્ચ | 6,000 | નોંધણી પછી | - | 6,000 |
| | | | (33,500) | (86,500) |
| | | | 16,500 | 11,500 |

ગણતરી :

(1) વેચાણનું પ્રમાણ :

| | | |
|---|---|---|
| નોંધણી પહેલાં | : | નોંધણી પછી |
| 2,00,000 | : | 4,00,000 |
| 1 | : | 2 |
| કુલ વેચાણ | : | 6,00,000 |
| નો. પહેલાં | : | 2,00,000 |
| નો. પછી | : | 4,00,000 |

(2) સમયનું પ્રમાણ :

| | | |
|---|---|---|
| નો. પહેલાંનો સમય | : | નો.પછીનો સમય |
| 1/4 થી 30/6 | : | 1/7 થી 31/3 |
| 3 | : | 9 |
| 1 | : | 3 |

(3) ઓડિટ ફી ને સમયને આધારે ફાળવવામાં આવેલી છે.

(4) ડાયરેક્ટર ફી અને સ્થાપના ખર્ચ સ્થાપના પછીના ખર્ચ તરીકે ગણવામાં આવશે.

**ઉદાહરણ - 3**

ગાંધી લિમિટેડની સ્થાપના 1/4/2016ના રોજ થઈ હતી તે કંપનીને નેહરુ લિમિટેડ 1/1/2016ના રોજ ખરીદી હતી. આખા વર્ષનું નફા-નુકસાન ખાતું નીચે મુજબ છેઃ

**નફા-નુકસાન ખાતું**

| | | | |
|---|---|---|---|
| પગાર : | 12,000 | નફો : | 1,20,000 |
| ભાડું : | 3,600 | રોકાણ પર વ્યાજ | 2,400 |
| ઘસારો : | 3,600 | શેર ટ્રાન્સફર ફી | 200 |
| ઘાલખાધ : | 1,200 | પેટા ભાડુંઆત | 4,000 |
| વ્યાજ : | 3,600 | પાસેથી મળેલ ભાડું | |
| વટાવ : | 2,400 | (1/3/2016) | |
| જાહેરાત ખર્ચ | 3,600 | | |
| પ્રાથમિક ખર્ચ | 1,200 | | |
| તાર-ટપાલ ખર્ચ | 240 | | |
| પરચૂરણ ખર્ચ | 3,600 | | |
| વેચાણ પર | 12,000 | | |
| 1% લેખે કમિશન | | | |
| જાવક માલ ગાડાભાડું | 1,200 | | |
| ફર્નિચર વેચાણ ખોટ | 200 | | |
| (ફનિ. વેચાણ : 1/3/16) | | | |
| મેનેજર પગાર | 17,800 | | |
| વીમા પ્રિમીયમ | 2,400 | | |
| સેલ્સમેન પ્રવાસ ખર્ચ | 1,800 | | |
| ધંધા વેચનારને વ્યાજ | 6,000 | | |
| (વેચનારને ખ.કિ. | | | |
| 31/5/2016ના રોજ | | | |
| ચૂકવાઈ | | | |
| ચો. નફો | 50,160 | | |
| | 1,26,600 | | 1,26,600 |

**અન્ય માહિતી :**

(1) કંપનીએ 1/7/16 ના રોજ રૂ. 4,000 ની કિંમતે નવા ખરીદેલા યંત્ર પર વાર્ષિક 10% લેખે ઘસારો ગણેલ છે જેનો કુલ ઘસારાની રકમમાં સમાવેશ કરેલ છે.

(2) ભાડાની ચૂકવણી પહેલાં છ માસમાં જે હતું તે બાકીના છ માસમાં બમણું કરેલ છે.

(3) પગારની રકમમાં, ડિરેક્ટર ફી રૂ. 2,400 સમાયેલી છે.

(4) કંપની એ રોકાણ 1/7/16 ના રોજ ખરીદ્યા હતા. જેના પર વ્યાજ મળેલ છે.

(5) સ્થાપના પહેલાંનું વેચાણ રૂ. 2,00,000 છે.

**ગણતરી :**

(1) સમયનું પ્રમાણ :

1/1 થી 31/3 : 1/4 થી 31/12

3 : 9

1 : 3

(2) વેચાણ પ્રમાણ :

અહીં વેચાણ માટેની રકમ શોધવા વેચાણ પરના કમિશનનો આધાર લેવાય છે.

| | | |
|---|---|---|
| ચૂકવેલ કમિશન | : | 1 % લેખે 12,000 |
| કુલ વેચાણ | | 12,00,000 |
| સ્થાપના પહેલાંનું વેચાણ | : | સ્થાપના પછીનું વેચાણ |
| 4,00,000 | : | 8,00,000 |
| 1 | : | 2 |

(3) ધંધાની ખરીદકિંમત ઉપર ચૂકવેલ વ્યાજની ગણતરીની ફાળવણીનું પ્રમાણ :

1/1 થી 31/5 સુધી ચૂકવણી થાય છે.

| | | |
|---|---|---|
| 5 મહિના | | 6,000 રૂા. |
| સ્થાપના પહેલાં | | સ્થાપના પછી |
| 3 મહિના | | 2 મહિના |
| 3 | : | 2 પ્રમાણ |

(4) મળેલ ભાડું 1,000

| | | |
|---|---|---|
| 1/3 થી 31/3 | : | 1/4 થી 31/12 |
| 1 મહિનો | : | 9 મહિના |

(5) ફર્નિચર વેચાણ બાદ :

ફર્નિચર નોંધણી પહેલાં વેચાય છે માટે નોટ નોંધણી પહેલાંનાં સમયમાં ગણાશે.

(6) પગાર - ડિરેક્ટર ફી : નોંધણી પછી ગણાશે.

(7) ઘસારો :

| | | | | |
|---|---|---|---|---|
| | | | 4,000 રૂા. | |
| 1-7 | 10% | | 200 | (નોંધણી પછી) |
| | | | 3,800 | |
| | કુલ ઘસારો | | 3,600 | |
| | નવા ફર્નિચરનો | | - 200 | |
| | ઘસારો | | 3,400 | |
| સમયનું પ્રમાણ | 1 | : | 3 | |
| | 850 | : | 2,550 | |

ચૂકવેલ ભાડું :

| | | |
|---|---|---|
| પહેલાં છ માસ | : | પછીના છ માસ |
| 1 | : | 2 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| Jan : | Feb : | March | Apr.: | May : | June |
| 1 | 1 | 1 | 1 | 1 | 1 |
| July: | Aug. | Sep: | Oct : | Nov.: | Dec. |
| 2 : | 2 : | 2 : | 2 : | 2 : | 2 |

| | | |
|---|---|---|
| 3 | : | 15 |
| 1 | : | 5 |

**નોંધણી પહેલાંનો નફો કે નુકસાન દર્શક પત્રક**

| વિગત | રકમ | ફાળવણી પ્રમાણ | નોંધણી પહેલાં | નોંધણી પછી |
|---|---|---|---|---|
| કાચો નફો | 1,20,000 | વેચાણ (1:2) | 40,000 | 80,000 |
| + મળેલ ભાડું | 4,000 | | 400 | 3,600 |
| રો. વ્યાજ | 2,400 | નો. પછી | - | 2,400 |
| શેર ડિ. ફી | 200 | નો. પછી | - | 200 |
| | | | 40,400 | 86,200 |
| પગાર | 9,600 | સમય (1:3) | 2,400 | 7,200 |
| ડિરેક્ટર ફી | 2,400 | પછી. | - | 2,400 |
| ભાડું | 3,600 | આપેલ | 600 | 3,000 |
| ઘસારો | 3,600 | ગણતરી મુજબ | 850 | 2,750 |
| ઘાલખાધ | 1,200 | વેચાણ | 400 | 800 |
| વ્યાજ | 3,600 | સમય | 900 | 2,700 |
| વટાવ | 2,400 | વેચાણ | 800 | 1,600 |
| જાહેરાત ખર્ચ | 3,600 | વેચાણ | 1,200 | 2,400 |
| પ્રાથમિક ખર્ચ | 1,200 | પછી | - | 1,200 |
| તાર ટપાલ ખર્ચ | 240 | સમય | 60 | 180 |
| પરચૂરણ ખર્ચ | 3,600 | સમય | 900 | 2,700 |
| વેચાણ કમિશન | 12,000 | વેચાણ | 4,000 | 8,000 |
| જાવકમાલ ગાડુભાડું | 1,200 | વેચાણ | 400 | 800 |
| ફર્નિચર વેચાણ ખોટ. | 200 | પહેલાં | 200 | - |
| મેનેજર પગાર | 17,800 | પછી | - | 17,800 |
| વીમો | 2,400 | સમય | 600 | 1,800 |
| સે. પ્રવાસ ખર્ચ | 1,800 | ગણતરી મુજબ | 3,600 | 2,400 |
| વ્યાજ | 6,000 | 3 : 2 | | |
| **ચો. નફો** | | | **22,890** | **27,270** |
| | | | **40,400** | **86,200** |

**ઉદાહરણ : 4**

ગંગા લિ. જેને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર 1/7/11 ના રોજ મળ્યું હતું. આ કંપની એ એક પેઢીનો ચાલુ ધંધો 1/1/11 ના રોજ ખરીદી લીધો. ખરીદ કિંમત રૂ. 60,000 નક્કી થઈ હતી. જે કંપનીના પોતાના 300 ઓડિનરી શેર રૂ. 10 ના પૂરેપૂરો ભરપાઈ થયેલા તથા 6% ના 3,000 ડિબેંચર રૂ. 10 લેખે ભરપાઈ થયેલા આવીને ચૂકવવાના હતા.

31/12/11 ના રોજનું વેપાર ખાતું અને નફા - નુકસાન ખાતું નીચે મુજબ છે.

**વેપાર ખાતું**

| | | | |
|---|---|---|---|
| ખરીદ ખાતે | 77,400 | વેચાણ : | |
| (સ્ટોકના હવાલા | | 1,54,000 | |
| નાખ્યા બાદ | | − 4,000 | 1,50,000 |
| કાચો નફો : | 72,600 | | |
| | 1,50,000 | | 1,50,000 |
| | | નફા-નુકસાન ખાતું | |
| પગાર | 30,000 | કાચો નફો | 72,600 |
| ઑફિસ ખર્ચ | 3,810 | રોકાણનું વ્યાજ | 1,000 |
| વેચાણ ખર્ચ | 8,100 | | |
| વેચાણ | 1,800 | | |
| ગાડાભાડું | | | |
| ભાડું | 1,050 | | |
| ડિબે. વ્યાજ | 1,350 | | |
| ડિરેક્ટર ફી | 1,600 | | |
| પ્રાથમિક ખર્ચ | 2,850 | | |
| ખરીદ કિંમત પર વ્યાજ | 900 | | |
| શેરહોલ્ડર ને ડિવિડન્ડ | 3,000 | | |
| ઘસારો | 2,000 | | |
| રાજકીય પક્ષને દાન | 1,000 | | |
| ચો.નફો | 16,080 | | |
| | **73,600** | | **73,600** |

અન્ય માહિતી નીચે મુજબ છે :

(1) 2011ના વર્ષનું ચોખ્ખું વેચાણ 1,50,000 હતું. આ કુલ ચોખ્ખા વેચાણના ત્રીજા ભાગ જેટલું વેચાણ પ્રથમ છ માસ દરમિયાન થયેલ હતું.

(2) 1/4/2011ના રોજ વેચનારને શેર અને ડિબેંચર આપવામાં આવ્યા.

(3) ભાડું પ્રથમ ત્રણ માસ દરમિયાન જે માસિક સરેરાશ હતું તે પછીના 9 માસ દરમિયાન માસિક સરેરાશ ભાડા કરતાં અડધું હતું.

(4) 1/1/2011 થી પતાવટની તારીખ 1/4/11 સુધીની ખરીદ કિંમત પરંતુ વાર્ષિક 6% લેખે વ્યાજ ચૂકવાયું હતું.

ઉપરોક્ત માહિતીને આધારે નોંધણી પહેલાં અને પછીનું નફા-નુકસાન દર્શાવતું પત્રક બનાવો.

પ્રમાણની ગણતરી :

(1) સમયનું પ્રમાણ : નોંધણી પહેલાં નોંધણી પછી

1/1 થી 30/6 1/7 થી 31/12

6 : 6

1 : 1

(2) વેચાણનું પ્રમાણ : કુલ વેચાણ : 1,50,000

નો. પહેલાં નો. પછી

1/3 2/3

50,000 1,00,000

1 : 2

ખરીદનારને ચૂકવેલ વ્યાજની ફાળવણીનું પ્રમાણ :

નોંધણી પહેલાંના સમયમાં આવે.

**નોંધણી પહેલાંનો નફો કે નુકશાન દર્શાવતું પત્રક**

| વિગત | ફા. પ્રમાણ | કુલ રકમ | નો. પહેલાં | નો. પછી |
|---|---|---|---|---|
| કાચો નફો | વેચાણ | 72,600 | 24,200 | 48,400 |
| રોકાણનું વ્યાજ | સમય | 1,000 | 500 | 500 |
| | | | 24,700 | 48,900 |
| પગાર | સમય | 30,000 | 15,000 | 15,000 |
| ઑફિસખર્ચ | સમય | 3,810 | 1,935 | 1,935 |
| વેચાણખર્ચ | વેચાણ | 8,100 | 2,100 | 5,400 |
| વેચાણ | | | | |
| ગાડાભાડું | વેચાણ | 1,800 | 600 | 1,200 |
| ભાડું | સમય | 1,050 | 450 | 600 |
| ડિબેંચર વ્યાજ | પછી | 1,350 | - | 1,350 |
| ડિરેક્ટર ફી | પછી | 1,600 | - | 1,600 |
| પ્રાથમિક ખર્ચ | પછી | 2,850 | - | 2,850 |
| ખ.કિ. પર વ્યાજ | પહેલાં | 900 | 900 | - |
| ઘસારો | સમય | 1,000 | - | 1,000 |
| રાજકીય પક્ષ દાન | પછી | 1,000 | - | 1,000 |
| **ચો. નફો** | | **16,080** | **2,115** | **16,965** |

**ગણતરી :**

**(1) ભાડું :**

પહેલાં 3 મહિના : પછીના 9 મહિના

x :

3x : 9x

$$\frac{x1}{3x} : \frac{2}{18x}$$

3x + 18x = 1,050

21 x = 1,050

x = 50

નોંધણી પહેલાંનું ભાડું :

(પહેલાં 6 મહિના)

50 × 3 = 150

100 × 3 = <u>300</u>

450

નોંધણી પછી 100 × 6 = 600

**(2) ડિબેંચર વ્યાજ :**

| | | |
|---|---|---|
| 3,000 | | 6% |
| 30,000 - 6% | = | 1,800 - 9 મહિના |
| | = | 1,350 |

(3) ઈકવીટી શેરહોલ્ડરને આપવામાં આવતા રૂ. 3,000 નફાનુકસાનની ફાળવણી ખાતે બતાવશે. માટે અહીં નોંધેલ નથી.

**ઉદાહરણ : 5**

A લિમિટેડ 1/8/2016 થી 'B' પેઢીનો ખરીદેલો ધંધો શરૂ કર્યો. નોંધણીનું પ્રમાણપત્ર 1/8ના રોજ મળેલું છે જે ધંધો 1/4/2016નો રોજ ખરીદાયેલો છે. તા. 31/3/2017 ના રોજ પૂરા થતાં વર્ષની માહિતી નીચે મુજબ છેઃ

| | |
|---|---|
| વર્ષ દરમિયાન થયેલી આવક | 12,00,000 |
| પગાર | 5,100 |
| સેલ્સમેનનું કમિશન | 1,200 |
| ડાયરેક્ટર ફી | 2,000 |
| ડિબેંચર વ્યાજ | 450 |
| ઘસારો | 6,00 |
| ભાડુ | 1,800 |
| ઑફિસ ખર્ચ | 4,800 |
| વટાવ | 1,500 |
| ઘાલખાધ | 3,00 |
| ઓડિટ ફી | 7,50 |
| વેચાણ માલની ખરીદી | 9,1000 |
| વેચાણ માલનો શરૂ સ્ટોકનો | (1,000) |
| આખર સ્ટોક પર વધારો | |
| **નફો** | **11,500** |

નોંધણી પહેલાંનું વેચાણ સરેરાશ વેચાણના 75% જેટલું જ છે. ફેબ્રુઆરી ને માર્ચમાં 1.5 ગણું વેચાણ થયેલું છે. ઉપરોક્ત માહિતીને આધારે નોંધણી પહેલાંને પછીનો નફો શોધો.

ગણતરી :

| | | | |
|---|---|---|---|
| સમયનું પ્રમાણ : | 1/4 થી 31/7 | : | 1/8 થી 31/3 |
| | 4 | : | 8 |
| | 1 | : | 2 |

વેચાણ પ્રમાણ : બધા મહિનામાં ધારો કે X વેચાણ હોય તો ફેબ્રુઆરી - માર્ચ મેં 1.5 હોય.

12,00,000 / 12 x = 1,00,000

વેચાણ

| | | |
|---|---|---|
| 1/4/16 થી 31/7/16 (4 મહિના) | = | $4x$ |
| 4,00,000 × 75% | = | રૂ. 3,00,000 |
| 1/8/16 થી 31/1/17 (6 મહિના) | = | $6x$ |
| 6,00,000 | | |
| 1/2/17 થી 31/3/17 (2 મહિના) | = | $2x$ |
| 2,00,000 | | |
| 1 | : | 3 |

નોંધણી પહેલાંને પછીનું નફાની વહેંચણી દર્શક પત્રક

| વિગત | વહેચણીનું પ્રમાણ | નોંધણી પહેલાં | નોંધણી પછી |
|---|---|---|---|
| આવક | વેચાણ | 3,00,000 | 9,00,000 |
| - | | | |
| વેચાણમાલ | વેચાણ | 22,500 | 67,500 |
| (વે. માલ - આ. સ્ટોક) | 2 | | |
| પગાર | સમય | 1,700 | 3,400 |
| સેલ્સમેન કમિશન | વેચાણ | 300 | 900 |
| ડાયરેક્ટર ફી | નોંધણી પછી | - | 2,000 |
| ડિબે. વ્યાજ | " | - | 450 |
| ઘસારો | સમય | 200 | 400 |
| ભાડું | " | 600 | 1,200 |
| ઑફિસ ખર્ચ | " | 1,600 | 3,200 |
| વટાવ | વેચાણ | 375 | 1,125 |
| ઘાલખાધ | " | 75 | 225 |
| ઓડિટ ફી | સમય | 250 | 500 |
| **નફો** | | **2,400** | **9,100** |

મહત્ત્વના મુદ્દાનું કોષ્ટક

**વેચાણના આધારે ફાળવામાં આવતા ખર્ચા :**

કાચો નફો
વેચાણ ખર્ચ
સેલ્સમેન કમિશન
વેચાણ સંલગ્ન ખર્ચ
વટાવ
ઘાલખાધ (ઉધારવેચાણને આધારે)
વેચાણ ભથ્થું
વેચાણ કમિશન
જાવક માલ ગાડાભાડું
કસર
ડિલિવરીની નિભાવ ખર્ચ

**સમયને આધારે ફાળવામાં આવતા ખર્ચ**

ઑફિસ ખર્ચ
નાણાકીય ખર્ચ
સ્ટેશનરી
પગાર
ભાડું - વીમા પ્રિમીયમ
કર
સેલ્સમેનનો પગાર

| | |
|---|---|
| ઓડિટ ફી | કંપનીની નોંધણી (સ્થાપના) પહેલાંનો નફો |
| જાહેરાત ખર્ચ | |
| મહેસૂલી આવક | |
| ઘસારો | |
| સામાન્ય ખર્ચ | |
| છપાઈ ખર્ચ | |
| તાર ટપાલ ખર્ચ | |
| પરચૂરણ ખર્ચ | |
| વ્યાજ | |
| **નોંધણી પછી :** | |
| ડિરેક્ટર ફી | |
| પ્રાથમિક ખર્ચ | |
| સેક્ટરીનો પગાર | |
| શેર ટ્રાન્સફર ફી | |
| રોકાણ પર વ્યાજ | |
| ડિબેંચર વ્યાજ | |
| રાજકીય પક્ષને આપેલ દાન | |
| શકમંદ લેણાની જોગવાઇ | |
| **નોંધણી પહેલાં** | |
| ખરીદકિંમત પર વ્યાજ | |

**પાઘડીની માંડી વાળેલી રકમ :**

- પત્રકમાં ના બતાવાય
- નોંધણીના વખતે આ રકમ ચૂકવાતી હોવાથી

  નોંધણી પહેલાંના નફામાંથી બાદ કરી દર્શાવવી પડે છે.

**હેતુલક્ષી પ્રશ્નો :**

(1) એક કંપની 1/4/2016ના રોજ પેઢીનો ધંધો ખરીદી લે છે. સ્થાપનાનું પ્રમાણપત્ર તા. 1/8/2016ના રોજ મળે છે. ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર તા. 1/10/2016 ના રોજ મળે છે. ધંધોના હિસાબો 31/3/2017 ના રોજ પૂરો થાય છે. પ્રથમ ચાર માસનું વેચાણ પછીના સમયના વેચાણ કરતાં અડધુ હતું.

તો વેચાણનું પ્રમાણ શોધો.

**જવાબ :** વેચાણનું પ્રમાણ : 1:4

વિદ્યાર્થીએ ગણતરી કરતાં ધ્યાનમાં રાખવું કે સ્થાપનાના પ્રમાણપત્રને જ તેમણે ધ્યાનમાં લેવાનું છે.

(2) ઘાલખાધ રૂ. 2,000 છે, જે પૈકી રૂ 700 ઘાલખાધ કંપનીએ લીધેલા દેવાદાર પૈકી છે. તો નોંધણી પહેલાં અને પછીની ઘાલખાધ ગણતરી કરી દર્શાવો.

**જવાબ :** નોંધણી પછીની ઘાલખાધ : રૂ. 1,300, 700 પહેલાંની

(3) P કંપની 'a' ના ધંધાને 1/4/17ના રોજ ખરીદે છે. કંપનીને સ્થાપનાનું પ્રમાણપત્ર 1/10/2017ના રોજ મળે છે. આ દરમિયાન નીચે મુજબના ખર્ચા ચૂકવાય છેઃ

| વિગત | રકમ |
|---|---|
| ઓડિટ ફી | 6,000 |
| ડિરેક્ટર ફી | 5,000 |
| સ્થાપના ખર્ચ | 4,000 |

ઉપરોક્ત ખર્ચાની ફાળવણી બતાવતું પત્રક બનાવો.

**જવાબ :** નોંધણી પછીના તમામ ખર્ચ હોઈ રૂ. 15,000 નોંધણીની પછીના પત્રકમાં બતાવાશે.
(હેતુલક્ષી પ્રશ્ન - 5 મુજબ ગણતરી કરો.)

(4) ધારોકે ઉપરની જ રકમમાં ડિબેંચર વ્યાજ રૂ. 15,000 છે. તેની ફાળવણી બતાવો. શેરફેરબદલી ફી રૂ. 5,000 હોય

**જવાબ :** આ બંને ખર્ચા સ્થાપના પછીના હોવાથી તેને સ્થાપના પછીના ખર્ચા તરીકે બતાવશે.

(5) ઉદા.3 ઉપરના દાખલામાં જો આવેલ હોય કે રોકડ ખરીદી પરનો વટાવ રૂ. 5,000 છે. બધી જ રોકડ ખરીદી જો સ્થાપના પહેલાંની ખરીદ હોય તો તેની નોંધ કઈ રીતે થશે ?

**જવાબ :** રોકડ ખરીદી નોંધણી પહેલાં જ થયેલી હોવાથી રોકડ ખરીદીમાં વટાવ નોંધણી પહેલાંમાંથી જ બાદ થશે.

(1) નોંધણી પહેલાંનો નફો એટલે શું ? નોંધણી પહેલાંનો નફો શેરહોલ્ડર્સને ડિવિડન્ડ સ્વરૂપે વહેંચી શકાય કે નહીં ?

(2) ટૂંકનોંધ લખો.
નોંધણી પહેલાંના નફાનો ઉપયોગ
નોંધણી પછીના નફાનો ઉપયોગ

**સ્વાધ્યાયના પ્રશ્નો**

(1) રામ ભાગીદારી પેઢીનો ધંધો 1/1/2014 ના રોજથી ખરીદી લેવા સીતા કંપની કરાર કરે છે. આ કંપનીને ને તા. 1/4/14ના રોજ સ્થાપનાનું સર્ટીફિકેટ મળે છે. તા. 31/12/14ના રોજ પૂરા થતાં વર્ષની માહિતી નીચે મુજબ છે :

(1) 31/12 ના રોજ પૂરા થતા વર્ષનું વેચાણ 60,00,000 છે. જે પૈકી તા. 1/1/14 થી 31/3/14 સુધીનું વેચાણ 12,00,000 છે.

(2) કાચો નફો : રૂ. 24,00,000

(3) અન્ય વિગત :

| | |
|---|---|
| ભાડું | 1,95,000 |
| પગાર | 3,60,000 |
| ડિબેન્ચર વ્યાજ | 90,000 |
| સામાન્ય ખર્ચ | 60,000 |
| ઓડિટ ફી | 7,500 |
| ડિરેક્ટર ફી | 37,500 |
| સ્થાપના ખર્ચ | 30,000 |
| વે. કમિશન | 1,20,000 |

**જવાબ :** સમયનું પ્રમાણ 1:3
વેચાણનું પ્રમાણ 1: 4
સ્થાપના પહેલાંનો નફો 3,02,250
સ્થાપના પછીનો નફો 11,97,750

(4) એક ભાગીદારી પેઢીના ધંધો 1/4/11 થી ખરીદી લેવા 1/7/11 ના રોજ મમતા લિમિટેડની સ્થાપના થઈ. તા 31/12ના રોજ ની વિગતો નીચે મુજબ છે :

વેચાણ : 12,00,000
નોંધણી પહેલાંનું વેચાણ : 2,40,000

| | |
|---|---|
| કાચો નફો | (વેચાણમાં) 40% |
| અન્ય વિગત | રૂ. |
| ભાડું | 39,000 |
| પગાર | 72,000 |
| ડિબેંચર વ્યાજ | 18,000 |
| સા.ખર્ચ | 12,000 |
| ઓડિટ ફી | 10,000 |
| ડિરેક્ટર ફી | 5,000 |
| સ્થાપના ખર્ચ | 6,000 |
| વેચાણ કમિશન | 24,000 |

જવાબ :

| | | |
|---|---|---|
| સમયનું પ્રમાણ : | 1 : 3 | |
| વેચાણનું પ્રમાણ : | 1 : 1 | |
| સ્થા. પહેલાં નફો : | સ્થાપના પહેલાં | 60,450 |
| | સ્થાપના પછી | 2,33,550 |
| કાચો નફો : | સ્થાપના પહેલાં | 96,000 |
| | સ્થાપના પછી | 3,84,000 |

(2) સુભાષ લિમિટેડે નાનાલાલ પેઢીનો ધંધોના તા. 1/11/2009 ના રોજ ખરીદ્યો. કંપનને ધંધો શરૂ કરવાનું પ્રમાણપત્ર 1/3/2010 ના રોજ મળ્યું. 31/10/2010 ન રોજ પૂરા થતાં વર્ષનું માહિતી નીચે મુજબ છેઃ આ ઉપરથી નોંધણી પહેલાં અને પછીનો નફો શોધો.

(1) વેચાણ રૂ. 6,00,000 આખા વર્ષનું હતું, જેમાં 1/3/2010 સુધીનું વેચાણ રૂ. 2,50,000 હતું.

(2) કાચો નફો રૂ. 1,80,000

(3) અન્ય ખર્ચા

| | | | |
|---|---|---|---|
| ભાડું | 9,000 | વેચાણ પર વટાવ | 3,600 |
| પગાર | 15,000 | ઘસારો | 24,000 |
| ડાયરેક્ટર ફી | 4,800 | અન્ય ખર્ચ | 4,800 |
| ડિબેટર પર વ્યાજ | 5,000 | જાહેરાત ખર્ચ | 18,000 |
| સ્ટેશનરી | 3,600 | ઓડીટ ફી | 1,500 |
| વેચાણ પર કમિ. | 6,000 | ખરીદી પર ચૂકવાતું વ્યાજ (1/5/2010 સુધીનું છે.) | 3,000 |
| ઘાલખાધ | 500 | | |
| નોંધણી થયા વર્ષની ઘાલખાધ | 1,500 | | |

**જવાબ :** નફો :

| | |
|---|---|
| નોંધણી પહેલાં | 41,700 |
| નોંધણી પછી | 38,500 |
| વેચાણ પ્રમાણ : | 2,50,000 : 3,50,000 |
| | 5 : 7 |
| સમય પ્રમાણ : | 4 : 8 |

ખરીદી કિંમત પર

વ્યાજની ચૂકવણી : 4 : 2

2 : 1

ડિરેક્ટર ફી અને અને ડિબેંચર પર વ્યાજ નોંધણી પછીના સમયમાં લખાશે.

(5) બીજલ લિમિટેડ 1/1/2014 થી બાલાજી પેઢીનો ધંધો ખરીદી લે છે. 1/7/2014 રોજ કંપની શરૂ કરવાનું સર્ટિફિકેટ મેળવે છે. 31/12/2014 ના રોજ પૂરા થતાં વર્ષની માહિતી નીચે મુજબ છે: વેચાણ આખા વર્ષ દરમિયાન માસિક ધોરણે સમાન રહે છે.

| | |
|---|---|
| શેરમૂડી : 1,500 શેર રૂ. 100 લેખે | 12,000 |
| રૂ. 80 ભરપાઈ થયેલ | |
| દેવાદાર | 82,000 |
| આખરનો સ્ટોક | 67,000 |
| રોકડ | 24,000 |
| ડાયરેક્ટરની ફી | 3,000 |
| સ્થાપના ખર્ચ | 8,000 |
| લેણદાર | 32,000 |
| ચો. નફો | 48,000 |

ઉપરોક્ત માહિતી પરથી કંપનીનો નોંધણી પછી થતા નફાની ફેરબદલી જણાવો.

| | | |
|---|---|---|
| સમય પ્રમાણ | 6 મહિના | : 6 મહિના |
| વેચાણ પ્રમાણ : | 1/1 થી 3/6 : | 1/1 - 31/12 |
| | 1 : 1 | |
| | નો. પહેલાં નો. પછી | |
| નફો | 24,000 | 24,000 |
| | | 3,000 |
| ડાયરેક્ટર ફી | - | 8,000 |
| સ્થાપના ખર્ચ | - | |
| ચો. નફો. | 24,000 | 13,000 |

(5) રાહિલ કંપનીનું 31/3/2012ના રોજનું નોંધણી પછીને નોંધણી પહેલાંનો નફો બતાવતું પત્રક નીચે મુજબ છે.

| વિગત | ફાળવણીનો આધાર | નોંધણી પહેલાં | નોંધણી પછી |
|---|---|---|---|
| કાચો નફો | સરખાપ્રમાણમાં | 1,50,000 | 1,50,000 |
| રોકાણ પર વ્યાજ | સરખાપ્રમાણમાં | 10,000 | 10,000 |
| શેર ટ્રાન્સ. ફી | સ્થાપના પહેલાં | 5,000 | - |
| ડિરેક્ટર ફી | સમય (1 : 3) | 2,000 | 6,000 |
| તાર-ટપાલ ખર્ચ | સમય (1 : 3) | 1,500 | 4,500 |
| વટાવ | સમય (1 : 3) | 500 | 1,500 |
| વીમો | સરખા પ્રમાણમાં | 5,000 | 5,000 |
| ભાડું | વેચાણ (3:5) | 6,000 | 10,000 |
| વેચાણ ખર્ચ | વેચાણ (3:5) | 4,500 | 7,500 |

| | | | |
|---|---|---|---|
| ઘાલખાધ | સમય (1:4) | 1,000 | 3,000 |
| ઑફિસખર્ચ | સરખા પ્રમાણમાં | 7,000 | 7,000 |
| જાહેરાત ખર્ચ | સમય (1:3) | 2,000 | 6,000 |
| સેલ્સમેન પગાર | વેચાણ (3 : 5) | 15,000 | 25,000 |
| ડિબે. વ્યાજ | સમય (1:3) | 500 | 15,000 |
| ચો. નફો | | 1,15,500 | 69,500 |
| | | **1,65,000** | **1,65,000** |

ઉપરના પત્રકની ફરીથી યોગ્ય પ્રમાણ સાથે બનાવી સાચો નફો શોધો.

જવાબ :

| | |
|---|---|
| નોંધણી પહેલાંનો નફો | 86,250 |
| નોંધણી પછીનો નફો | 98,750 |
| કાચો નફો - વટાવ - વેચાણ ખર્ચા | વેચાણના પ્રમાણમાં વહેંચાય |
| ઘાલખાધ જાહેરાત ખર્ચ | |
| રોકાણ પર વ્યાજ, ડિરેક્ટર ફી પછી | |
| વીમા પ્રિમીયમ, ડિબેંચર વ્યાજ પછી | સમયમાં પ્રમાણમાં વહેંચાય |
| છપામણી | |
| સેલ્સમેન પગાર | |
| શેર ટ્રાન્સફર ફી પછી | |

(6) રાજાણી બ્રધર્સ 1/4/2010 થી ધંધો ખરીદી લેવા માટે 1/7/2010 ના રોજ વિનાયક લિ. ની સ્થાપના કરી કંપનીનું તા. 31/3/2011ના રોજનું નફાનુકસાન ખાતું નીચે મુજબ છે:

| વિગત | રૂ | વિગત | રૂ. |
|---|---|---|---|
| ઑફિસ ખર્ચા | 30,000 | કાચો નફો | 120000 |
| વેચાણ ખર્ચા | 36,000 | રોકડ ખરીદી પર વટાવ | 8,000 |
| ડિરેક્ટર ફી | 10,000 | રોકાણ પર વ્યાજ | 6,000 |
| ખરીદ કિંમતવાર વ્યાજ | 2,000 | શેર ફેરબદલી ફી | 1,000 |
| (30/6/2010 સુધી ડિબે. વ્યાજ | 6,000 | | |
| ચો. નફો. | 51,000 | | |
| | **1,35,000** | | **1,35,000** |

**અન્ય માહિતી :**

(1) વર્ષનું કુલ વેચાણ 6,00,000 હતું. જેમાંથી રૂ. 1,00,000 નું વેચાણ નોંધણીના સમય પહેલાંનું હતું.

(2) નોંધણી પહેલાંની ખરીદી. રોકડ હતી જ્યારે નોંધણી પછીથી ખરીદી ઉધાર હતી.

તા. 31/3/2011ના વર્ષ માટેનો નોંધણી પહેલાં અને પછીનો સમયનો નફો દર્શાવતું પત્રક બનાવો.

**જવાબ :** નફો — નોંધણી પહેલાં 1,40,00

નોંધણી પછી 31,000

સમયનું પ્રમાણ 1 : 3

વેચાણનું પ્રમાણ 1 : 5

# એકમ 2 બાંયધરી કમિશનના હિસાબો (Accounts of Underwriting Commission)

## : રૂપરેખા :

**2.1 પ્રાસ્તાવિક - બાયંધરી કમિશનનો અર્થ**
**2.2 બાંયધરી કમિશન અંગે કંપનીધારાની જોગવાઈઓ કે નિયંત્રણો**
**2.3 બાંયધરી કરારના પ્રકારો**
**2.4 અરજીઓનું વર્ગીકરણ**
**2.5 બાંયધરી કરારના ફાયદા**
**2.6 બાંયધરી દલાલની જવાબદારી અને હિસાબી નોંધ**
**2.7 વ્યાવહારિક ઉદાહરણો**
**2.8 બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરતી વખતે ધ્યાનમાં લેવાના અગત્યના મુદ્દા**
◆ **સ્વાધ્યાય**

## 2.1 પ્રસ્તાવના :

જાહેર કંપની મૂડી મેળવવા માટે શેર બહાર પાડે છે. જાહેર કંપનીએ બહાર પાડેલ શેરના 90% તેથી વધુ અરજી જાહેર ભરણા દ્વારા મળવી જોઈએ. એવી જોગવાઈ કંપની ધારમાં કરવામાં આવેલ છે જો કંપનીને 90% કરતા ઓછી અરજી મળે તો ભરણું રદ કરવું પડે છે. અને મળેલ અરજીનાં નાણાં પરત કરવાં પડે છે. આમ જયારે બજારમાં મંદિની પરિસ્થિતિ હોય અને કંપનીને 90% કે તેથી વધુ ભરણું ભરવાની શક્યતા ન હોય તેવા સંજોગોમાં કંપની બાંહેધરી દલાલની સેવા મેળવે છે. બાંહેધરી દલાલ એ કંપનીને બાહેધરી આપે છે કે જો કંપનીનું ભરણું 90% કરતાં ઓછું ભરાશે તો બાકીના શેર બાહેધરી દલાલ દ્વારા ખરીદી લેવામાં આવશે. આમ કંપનીને ભરણું રદ થવાની શક્યતા રહેતી નથી. અને કંપનીના સંચાલકો આ બાહેધરી દલાલોની મદદથી બજારમાંથી મૂડી પ્રાપ્ત કરી શકે છે. બાંહેધરી દલાલો મૂડી બજારમાં પોતાની અગત્યની સેવા આપે છે. આમ "બાંયધરી કરાર એટલે કંપની ત્રાહિત પક્ષકાર સાથે કરેલા એવા કરાર છે કે જે દ્વારા દલાલો, અમૂક ચોક્કસ કમિશનના બદલામાં કંપનીને એવી બાંયધરી આપે છે કે જાહેર પ્રજા માટે બહાર પાડેલા શેર જો પૂરેપૂરા ખરીદાશે નહિ તો તેઓ પોતે તે ખરીદી લેશે અને તેનાં નાણાં ચૂકવી આપશે.

## 2.2 બાંયધરી કમિશન અંગે કંપનીધારાની જોગવાઈઓ કે નિયંત્રણો :

ભારતીય કંપની ધારો, 2013ની કલમ 40 મુજબ બાંયધરી કમિશન ચૂકવવવા અંગે નીચેનાં નિયંત્રણો મૂકવામાં આવ્યાં છે :

(1) કંપનીના આર્ટિક્લ્સ દ્વારા આવું કમિશન ચૂકવવાની સત્તા હોવી જોઈએ.

(2) શેરની બાબતમાં આ દર જે કિંમતે શેર બહાર પાડ્યા હોય તેના ઈસ્યુ પ્રાઈસના 5% અને ડિબેન્ચરની બાબતમાં આ દર જે કિંમતે ડિબેંચર બહાર પાડ્યા હોય તેના 2.5% થી વધુ હોવો જોઈએ નહિ. પરંતુ જો આર્ટિકલ્સ તેનાથી ઓછો દર જણાવવો હોય તો તેનું પાલન કરવું પડે છે.

(3) જે શેર કે ડિબેન્ચર જાહેર પ્રજા માટે બહાર પાડવામાં આવ્યા હોય તે અંગે બાયંધરીની વિગત વિજ્ઞાનપત્રમાં જણાવવી જોઈએ.

(4) જે શેર કે ડિબેન્ચર જાહેર પ્રજા માટે બહાર પાડવામાં આવ્યા ન હોય તેના પર બાંયધરી કમિશન આપી શકાય નહિ.

(5) કંપનીધારામાં આ જોગવાઈ હોવા છતા 7-5-1985નાં રોજ નાણાં ખાતાના સ્ટોક એક્સચેન્જ ડિવિઝને સરક્યુલર નં. F/14/1/SE/85 દ્વારા બાંયધરી દલાલીના વધુમાં વધુ દર નીચે મુજબ નક્કી કર્યો છે:

| શેર | દલાલને ભાગે આવતી જવાબદારી પર | જાહેર પ્રજાએ અરજી કરેલ શેરમૂડી પર |
|---|---|---|
| 1. ઈક્વિટી શેર | 2.5% | 2.5% |
| 2. પ્રેફરન્સ શેર અથવા કન્વર્ટિબલ કે નોન - કન્વર્ટિબલ ડિબેન્ચર | | |
| (અ) 5 લાખ સુધીની રકમ પર | 2.5% | 1.5% |
| (બ) 5 લાખથી ઉપરની રકમ પર | 2% | 1% |

ઉપર જણાવેલ દર મહતમ દર છે અને કંપની આર્ટિકલ્સની જોગવાઈને આધીન તેથી ઓછા દરે દલાલી આપવાનો કરાર કરી શકે છે.

## 2.3 બાંયધરી કરારના પ્રકાર :

બાંયધરી કરારના બે પ્રકારો છે. (1) શુદ્ધ બાંયધરી કરાર (2) નિશ્ચિત બાંયધરી કરાર

**(1) શુદ્ધ બાંયધરી કરાર (Pure Underwriting) :** આ પ્રકારના કરારમાં કંપની જાહેર ભરણા માટે જેટલા શેર બહાર પાડેલ છે તે પૈકી જેટલા શેર માટે અરજી ન મળે તો તે શેર બાંહેધરી દલાલ ખરીદી લેશે. આમ આ પ્રકારના કરારમાં બાંહેધરી દલાલે જેટલા શેર માટેની બાંહેધરી આપેલ હોય છે. તેટલા શેર ઉપર જ તેને કમિશન મળે છે. આવો કરાર કોઈ એક દલાલ અથવા બે કે વધુ દલાલો પણ બાંયધરી આપતો કરાર કરી શકે.

**(2) નિશ્ચિત બાંયધરી કરાર (Firm Underwriting) :** આ પ્રકારના કરારમાં બાંહેધરી દલાલે નિશ્ચિત આપેલ બાહેધરી પ્રમાણેના શેર ખરીદવા જ પડે છે. આ કરાર મુજબ જાહેરર જનતા પાસેથી ગમે તેટલી અરજી મળે છતાં બાહેધરી દલાલે પોતે આપેલ નિશ્ચિત બાંહેધરી મુજબના શેર ખરદીવા પડે છે.આમ આ પ્રકારના કરારમાં જો કંપનીને વધુ અરજી મળેલ હોય તો પણ તેણે નિશ્ચિત બાહેધરી મુજબના શેર ખરીદવા પડે છે.

## 2.4 અરજીઓનું વર્ગીકરણ :

કંપની એ બહાર પાડેલ શેર કે ડિબેન્ચરની બાહેધરી બે કે તેથી વધુ બાંયધરી દલાલો દ્વારા આપવામાં આવી હોય ત્યારે બાંયધરી દલાલોની જવાબદારીનું નક્કી કરવા માટે અરજીઓનું વર્ગીકરણ કરવું જરૂરી બને છે અરજીઓનું વર્ગીકરણ બે પ્રકારે કરવામાં આવે છે :

**(1) નિશાનીવાળી અરજીઓ (Marked Applications)**

જ્યારે શેર કે ડિબેન્ચરની મળેલ અરજીઓ ઉપર કોઈ નિશાની કરેલી હોય ત્યારે તેને નિશાનીવાળી અરજી કહેવામાં આવે છે.નિશાનીવાળી અરજી ઉપર જે તે બાંયધરી દલાલનો રબ્બર સ્ટેમ્પ લગાડવામાં આવે છે. તથા તેનું નામ અને કોડ નંબર પણ દર્શાવેલ હોય છે. તેને સૂચક અરજી કહેવામાં આવે છે.

**(2) નિશાની વગરની અરજીઓ (Unmarked Applications) :**

જે મળેલ અરજી પર બાંયધરી દલાલનો રબ્બર સ્ટેમ્પ, નામ અથવા કોડ નંબર દર્શાવેલ ન હોય તેને નિશાની વગરની અરજીઓ કહેવામાં આવે છે.

## 2.5 બાંયધરીના ફાયદા

બાંયધરીના ફાયદાને નીચે મુજબ દર્શાવી શકાય :

(1) કંપનીને પોતાનું ભરણું પૂરેપૂરું ભરાશે તેની ખાતરી મળે છે, જેથી કંપનીને ધંધો શરૂ કરવા અંગેની ખાતરી મળી રહે છે.

(2) બાંયધરી દલાલો મૂડી બજારના નિષ્ણાત હોય છે. તેઓએ જે કંપનીના ભરણા અંગેની બાંયધેરી આપેલ હોય છે તેવા ભરણામાં નાણાં રોકવા માટે રોકાણકારોને પણ ઓછું જોખમ રહે છે.

(3) બાંયધરી દલાલો દ્વારા કંપનીના સંચાલકોને જામીનગારી બહાર પાડવા અંગેની સલાહ અને માર્ગદર્શન મળી રહે છે. તેમજ સંચાલકોનો સમય અને શક્તિનો બચાવ થાય છે.

(4) કંપનીને ઘણી વખત બાંયધરી દલાલોની વ્યક્તિગત પ્રતિષ્ઠાનો પણ લાભ મળતો જોવા મળે છે. જો બાંયધરી દલાલની વ્યક્તિગત પ્રતિષ્ઠા સારી હોય તો આવા બાંહેધરી દલાલે જો બાયધરી આપેલ હોય તો તેવી કંપનીના રોકાણકારો નાણાં રોકવા માટે પ્રેરાય છે.

**(6) બાંયધરી દલાલની જવાબદારી અને હિસાબી નોંધો :**

(1) જ્યારે એક જ દલાલે સંપૂર્ણ બાંયધરી આપેલ હોય.

(2) જ્યારે એકથી વધારે દલાલે સંપૂર્ણ બાયધરી આપેલ હોય.

(3) જ્યારે એક જ દલાલે અંશતઃ બાંયધરી આપેલ હોય.

(4) જ્યારે એકથી વધારે દલાલે અંશતઃ બાંયધરી આપેલ હોય.

(5) નિશ્ચિત બાંયધરી કરારમાં બાંયધરી દલાલની જવાબદારી

**(1) જ્યારે એક જ દલાલે સંપૂર્ણ બાંયધરી આપેલ હોય ત્યારે :**

જ્યારે સંપૂર્ણ બાંયધરી કરારમાં કોઈ એક જ બાંયધરી દલાલે બાંયધરી આપેલ હોય કે કંપનીના શેર કે ડિબેન્ચરમાં જેટલું ભરણું ન ભરાય તે બાકીના શેર કે ડિબેન્ચર પોતે એકલો જ ખરીદી લે છે.

આ અંગે કંપનીના ચોપડામાં નીચે મુજબ આમ નોંધ થશે.

(1) અરજીનાં નાણાં મળે ત્યારે :

બેક ખાતે ઉ

તે ઇક્વિટી શેર અરજી ખાતે

(2) શેર અરજીઓ મંજૂર કરવામાં આવે :

શેર અરજી ખાતે ઉ

તે ઇક્વિટી શેરમૂડી ખાતે

**બાંયધરી દલાલના ચોપડે :**

બાંયધરી દલાલ પોતાના ચોપડે બાંયધરી ખાતું ખોલે છે. આ ખાતાની ઉધાર બાજુ બાંયધરી અંગે થયેલા ખર્ચા અને અને ખરીદવા પડેલ શેરની કિંમત નોંધાય છે. અને જમા બાજુ મળવા પાત્ર બાંયધરી કમિશન. લીધેલા શેર વેચતા ઉપજેલ રકમ અને બાકી રહેલા શેરની કિંમતની નોંધ થાય છે.

(3) જ્યારે બાંયધરી દલાલ દ્વારા બાકીના શેર/ડિબેંચર ખરીદવા પડે :

બાંયધરી દલાલ ખાતે ઉ

તે ઇક્વિટી શેરમૂડી ખાતે તે ડિબેંચર ખાતે

(4) બાંયધરી દલાલને આપવાનું બાંયધરી કમિશનની નોંધ :

બાંયધરી કમિશન ખાતે ઉ

તે બાંયધરી દલાલ ખાતે

(5) બાંયધરી દલાલને રકમ ચૂકવવાની / લેણી રકમ અંગેની નોંધ :

(a) જો રકમ ચૂકવવાની હોય તો

બાંયધરી દલાલ ખાતે ઉ

તે બેંક ખાતે

(b) જો રકમ બાંયધરી દલાલ પાસેથી લેવાની હોય

બેંક ખાતે ઉ

તે બાંયધરી દલાલ ખાતે

**(7) ઉદાહરણો :**

**ઉદાહરણ-1**

ધી પ્રીસ્ટન લિમિટેડે રૂ. 10નવો એક એવા 10,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા. બહાર પાડેલા બધા જ ઇક્વિટી શેર અંગે મેસર્સ શાહ એન્ડ શાહે બાંયધરી આપી છે. જાહેર પ્રજા તરફથી 9,10,000 શેર માટે અરજી મળેલ છે અને બાકીના ઇક્વિટી શેર બાયધરી દલાલે ખરીદી લેવા પડ્યા. બાંયધરી દલાલને શેરની કુલ કિંમત પર 2.5% કમિશન આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ આપો.

**જવાબ :** ધી પ્રિસ્ટન લિમિટેડના ચોપડે આમનોંધ :

| તારીખ | વિગત | ખા.પ. | ઉધાર<br>રૂ. | જમા<br>રૂ. |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ. | | 91,00,000 | - |
| | તે ઇક્વિટી શેર અરજી ખાતે | | | 91,00,000 |
| | (બા.જે. 9,10,000 ઈ. શેર પર શેરદીઠ રૂ. 10 લેખે અરજીનાં નાણાં મળ્યાં) | | | |
| 2 | ઇક્વિટી શેર અરજી ખાતે ઉ. | | 91,00,000 | - |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | - | 91,00,000 |
| | (બા.જે. મળલે અરજીઓ મંજૂર કરી) | | | |
| 3 | મેસર્સ શાહ એન્ડ શાહ ખાતે ઉ. | | 9,00,000 | - |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | - | 9,00,000 |
| | (બા.જે. બાકીના 90,000 ઈ.શેર બાંયધરી દલાલે ખરીદ્યા તેના) | | | |
| 4 | બાંયધરી કમિશન ખાતે ઉ. | | 2,50,000 | - |
| | તે મેસર્સ શાહ એન્ડ શાહ | | - | 2,50,000 |
| | (બા.જે. રૂ. 100,00,000ના ઇક. શેર પર 2.5% લેખે કમિશનના ચૂકવવાના થયા) | | | |
| 5 | બેંક ખાતે ઉ. | | 6,50,000 | - |
| | તે મેસર્સ શાહ એન્ડ શાહ ખાતે | | - | 6,50,000 |
| | (બા.જે. બાંયધરી દલાલ પાસેથી રકમ મળી) | | | |

**ઉદાહરણ - 2**

ઇગલ લિમિટેડ રૂ.10 નો એક એવા 4,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા. જે અંગે મોહનલાલ એન્ડ સન્સે પૂરી રકમની બાંયધરી આપેલ છે અને તેના બદલામાં 5% લેખે બાંયધરી કમિશન ચૂકવવાનું છે. જાહેર જનતા પાસેથી 3,40,000 શેર માટે અરજીઓ મળી અને બાકીના શેર બાંયધરી દલાલોએ ખરીદવા પડ્યા. બાંયધરી દલાલે 1,000 શેર શેરદીઠ રૂ. 9.50 ના ભાવે વેચી નાખ્યા. શેરની બજાર કિંમત રૂ. 7 હતી. બાંયધરી અંગે તેમને રૂ. 1,500નો ખર્ચ થયો હતો.

ઉપરની વિગતો પરથી કંપનીનાં ચોપડે જરૂરી આમનોંધ અને મોહનલાલ એન્ડ સન્સનાં ચોપડે બાંયધરી ખાતું તૈયાર કરો.

**જવાબ :** **ઈગલ લિમિટેડનાં ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે | ઉ. | | 3,40,0000 | - |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | - | 34,00,000 |
| | (બા.જે. જાહેર જનતા પાસેથી 3,40,000 શેર પર શેરદીઠ રૂ.10 લેખે નાણાં મળ્યાં) | | | | |
| 2 | મોહનલાલ એન્ડ સન્સ ખાતે | ઉ. | | 6,00,000 | - |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | - | 6,00,000 |
| | (બા.જે. જાહેર જનતાએ નહી ખરીદેલા 60,000 છે. શેર બાંયધરી દલાલે શેર દીઠ રૂ. 10 લેખે ખરીદ્યા) | | | | |
| 3 | બાંયધરી કમિશન ખાતે | ઉ. | | 2,00,000 | - |
| | તે મોહનલાલ એન્ડ સન્સ ખાતે | | | - | 2,00,000 |
| | (બા.જે. ઇક્વિટી શેરમૂડી રૂ. 40,00,000 પર 5% લેખે બાંયધરી કમિશનની રકમ બાંયધરી દલાલને ચૂકવવાની થઈ) | | | | |
| 4. | બેંક ખાતે | ઉ. | | 4,00,000 | - |
| | તે મોહનલાલ એન્ડ સન્સ ખાતે | | | - | 4,00,000 |
| | (બા.જે. બાંયધરી દલાલ પાસે બાકી નીકળતી રકમની વસૂલતાં થઈ તેના) | | | | |

**ઉધાર** **બાંયધરી ખાતું** જમા

| | | | |
|---|---|---|---|
| રોકડ ખાતે - (ખર્ચ) | 1,500 | બેંક ખાતે (કમિશન મળ્યું) | 2,00,000 |
| બેંક ખાતે - શેર ખરીદ્યા | 6,00,000 | બેંક ખાતે (1,000 શેર રૂ. 8.50 લેખે વેચ્યા) | 85,000 |
| નફો : (સામાન્ય ન.નું. ખાતે) | 1,08,500 | આખર સ્ટોક (50,000 × 8.50 ના ભાવે) | 4,25,000 |
| | **7,10,000** | | **7,10,000** |

**પેટા બાંયધરી કરાર :**

કેટલીકવાર બાંયધરી દલાલો પોતાના બાંયધરી કરાર કર્યા પછી તેમાંથી અમૂક ભાગ પેટા બાંયધરી દલાલોને પેટા કરાર સ્વરૂપે આપે છે આવો કરાર બાંયધરી દલાલ અને પેટા બાયધરી દલાલ વચ્ચે કરવામાં આવે છે. પેટા બાંયધરી દલાલને સીધો કંપની સાથે કોઈ કરાર કરવામાં આવતો નથી. પેટા બાંયધરી દલાલને બાંયધરી દલાલ પાસેથી કરાર કર્યા પ્રમાણે કમિશન મળે છે. આ પ્રકારના કરારમાં મૂળ દલાલ પોતાની જવાબદારી શેર ખરીદેલ છે અને તેમાંથી પેટા બાંયધરી દલાલ મૂળ દલાલ પાસેથી પોતાના પેટા કરાર પ્રમાણેના શેર ખરીદે છે.

**ઉદાહરણ - 3**

ચેતક કંપની લિમિટેડ રૂ. 10નો એક એવા 6,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા જે અંગે

મહેતા બ્રધર્સ બાંયધરી આપી છે. જાહેર જનતા તરફથી 5,30,000 શેર માટે અરજીઓ મળી છે અને બાકીના શેર બાંયધરી દલાલે ખરીદવા પડ્યા છે. બાંયધરી દલાલને 5% લેખે બાંયધરી કમિશન ચૂકવવાનું નક્કી થયેલ છે.

મહેતા બ્રધર્સ શાહ બ્રધર્સ સાથે પેટા બાંયધરી કરાર કર્યો છે પેટા બાંયધરી કરાર મુજબ શાહ બ્રધર્સે 30,000 શેરની બાંયધરી આપેલ છે. તે બદલ મહેતા બ્રધર્સ 2.5 % લેખે બાંયધરી કમિશન ચૂકવશે. મહેતા બ્રધર્સે પોતાના હિસ્સાના શેર રૂ. 8ના ભાવે વેચી દીધા. તેને બાંયધરી અંગે રૂ. 1,000 ખર્ચ થયેલ છે.

ઉપરોક્ત માહિતી પરથી મહેતા બ્રધર્નાં ચોપડે બાંયધરી ખાતું તૈયાર કરો.

**ઉધાર** **બાંયધરી ખાતું** **જમા**

| વિગત | રકમ રૂ. | વિગત | જમા |
|---|---|---|---|
| રોકડ ખાતે (બાંયધરી ખર્ચ) | 1,000 | બેંક ખાતે (રૂ. 60,00,000 | 3,00,000 |
| બેંક ખાતે (70,000 શેર, શેરદીઠ | 7,00,000 | પર 5% લેખે દલાલી મળતા) | |
| રૂ. 10 લેખે ખરીદ્યા) | | બેંક ખાતે (શાહ બ્રધર્સ | 35,000 |
| બેંક ખાતે (પેટા બાંયધરી દલાલ) | 7,500 | 3,500 શેર ખરીદતા) | |
| (30,000 પર 2.5% લેખે) | | બેંક ખાતે (66,500 | |
| | | શેર શેર દીઠ રૂ. 9 લેખે) | 5,98,500 |
| ન.નું ખાતે (નફો) (?) | 2,25,000 | | |
| | 9,33,500 | | 9,33,500 |

**શાહ બ્રધર્સ ખરીદવાના શેર :**

પેટા કરાર પેટે આપેલ બાંયધરીના શેરની સંખ્યા = 30,000

કુલ બહાર પાડેલ શેર = 6,00,000

પેટા કરાર અન્વયે પેટા કરારની ટકાવારી $= \frac{30000 \times 100}{600000} = 5\%$

મૂળ દલાલે ખરીદેલ શેર = 70,000

પેટા દલાલે ખરીદવાના શેર $= 70,000 \times 5\% = 3,500$

**(2) એકથી વધુ દલાલોએ સંપૂર્ણ બાંયધરી આપી હોય :**

કંપનીએ બહાર પાડેલા શેર અંગે એકથી વધુ બાંયધરી દલાલોએ બાંયધરી આપી હોય ત્યારે જો જાહેર જનતા પાસેથી બધા જ શેર માટે અરજીઓ મળી જાય તો બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિતિ થતો નથી. પરંતુ જો કંપનીને બહાર પાડેલા શેર કરતાં ઓછી અરજીઓ મળે તો દરેક બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આવા સંજોગોમાં બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરવા માટે બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરતું પત્રક તૈયાર કરીને બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરવામાં આવે છે.

- જ્યારે એકથી વધુ બાંયધરી દલાલોએ બાંયધરી આપેલ હોય ત્યારે દરેક બાંયધરી દલાલે આપમેળ બાંયધરી પ્રમાણમાં કે શેરની સંખ્યા સ્વરૂપે નક્કી કરેલ હોય છે. જે તેમની કુલ જવાબદારી દર્શાવે છે.
- ત્યાર બાદ તેમાંથી કંપનીને મળેલ નિશાની વાળી અરજીઓ કુલ જવાબદારીમાંથી બાદ કરવામાં આવે છે. જો આવી નિશાનીવાળી અરજી બાદ કરતા કોઈ બાંયધરી દલાલ ખાતે ઋણ રકમ આવે તો તે જે તે બાંયધરી દલાલનો વધારો કહેવાય છે. આવો વધારો બાકીના બાંયધરી દલાલો વચ્ચે તેમને આપેલ બાંયધરીના પ્રમાણમાં જમા આપવામાં આવે છે.
- ત્યાર બાદ નિશાની વગરની અરજીઓ (કુલ મળેલ અરજીઓ - નિશાની વાળી અરજીઓ) બાકીની જવાબદારીમાંથી બાદ કરવામાં આવે છે. આવી અરજી બાદ કરતા જો કોઈ બાંયધરી

દલાલ ખાતે ઋણ રકમ મળે તો તે તેનો વધારો કહેવાય છે. જે બાકીના બાંયધરી દલાલો વચ્ચે તેમની જવાબદારી પ્રમાણમાં વહેંચી દેવામાં આવે છે.

ત્યારબાદ છેલ્લે જે બાકી મળે છે તેને બાંયધરી દલાલોની ચોખ્ખી જવાબદારી કહેવામાં આવે છે એટલે કયા બાંયધરી દલાલે કેટલા શેર ખરીદવા પડશે. તે માલુમ પડે છે.

**બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રકનો નમૂનો :**

| વિગત | A | B | C | કુલ |
|---|---|---|---|---|
| કુલ જવાબદારી | ........ | ........ | ........ | ........ |
| બાદ : નિશાની વાળી અરજીઓ | ........ | ........ | ........ | ........ |
| બાકી જવાબદારી | ........ | ........ | ........ | ........ |
| બાદ : નિશાની વગરની અરજીઓ | ........ | ........ | ........ | ........ |
| ચોખ્ખી જવાબદારી | ........ | ........ | ........ | ........ |

**ઉદાહરણ - 4**

ક્રિશ લિમિટેડ રૂ. 10નો એક એવા 5,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા. જે અંગે પૂરે પૂરી શેર વેચાણની બાંયધરી નીચેના બાંયધરી દલાલોએ આપી છે :

જયેશ - 2,00,000 શેર, જગદીશે - 1,00,000 શેર

જયપાલે - 1,50,000 , જયસુખે - 50,000 શેર

કંપનીને કુલ 4,60,000 શેર માટે અરજીઓ મળી.

જે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે પ્રમાણે હતી :

જયેશ 2,12,000 શેર   જગદીશ - 70,000 શેર

જયપાલ 80,000 શેર   જયસુખ - 30,000 શેર

બાંયધરી દલાલોને 5% કમિશન આપવાનું છે.

ઉપરની વિગતો પરથી દરેક બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરતું પત્રક અને ક્રિશ લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**જવાબ :** દરેક બાંહેધરી દલાલોની જવાબદારીનું પ્રમાણ નક્કી કરતાં :

= જયેસ : જયપાલ : જગદીશ : જયસુખ

= 2,00,000 : 1,50,000 : 1,00,000 : 50,000

= 4 : 3 : 2 : 1

**બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક**

| વિગત | જયેશ | જયપાલ | જગદીશ | જયસુખ | કુલ |
|---|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 2,00,000 | 1,50,000 | 1,00,000 | 50,000 | 5,00,000 |
| બાદ : નિશાની વાળી અરજીઓ | 2,12,000 | 80,000 | 70,000 | 30,000 | 3,92,000 |
| | - 12,000 | 70,000 | 30,000 | 20,000 | 1,08,000 |
| બાદ : જયેશનો વધારો જયપાલ જગદીશ અને જયસુખ વચ્ચે 3 : 2 : 1 ના પ્રમાણમાં | + 12,000 | -6,000 | -4,000 | -2,000 | - |
| - | - | 64,000 | 26,000 | 18,000 | 1,08,000 |
| બાદ : નિશાની વગરની અરજીઓ (કુલ મળેલ અરજી - નિશાની વાળી અરજીઓ) (4,60,000 – 3,92,000 = 68,000) | 27,200 | 20,400 | 13,600 | 6,800 | 68,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (68,000 અરજી 4:3:2:1) ના પ્રમાણમાં | | | | | |
| | −27,200 | 43,600 | 12,400 | 11,200 | 40,000 |
| બાદ : જયેશનો વધારો જયપાલ, જગદીશ અને જયસુખ વચ્ચે 3:2:1 ના પ્રમાણમાં | +27,200 | 13,600 | 9,067 | 4,533 | - |
| ચોખ્ખી બાકી જવાબદારી | - | 30,000 | 3,333 | 6,667 | 40,000 |

**ક્રિશલી.ના ચોપડે આમનોંધ**

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1 | બેન્ક ખાતે ઉ. | | 50,00,000 | |
| | તે ઈ.શેર અરજી ખાતે | | - | 50,00,000 |
| | (બા.જે. 5,00,000 ઈ.શેર પર અરજી ના નાણા મળ્યા) | | | |
| 2 | ઈ.શેર અરજી ખાતે ઉ. | | 50,00,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | - | 50,00,000 |
| | (બા.જે. મળેલ અરજીનાં નાણાં શેરમૂડી ખાતે લઈ ગયા) | | | |
| 3 | બાંયધરી કમિશન ખાતે ઉ. | | 2,50,000 | |
| | તે બાંયધરી દલાલ જયેશ ખાતે | | | 1,00,000 |
| | તે બાંયધરી દલાલ જયપાલ ખાતે | | | 75,000 |
| | તે બાંયધરી દલાલ જગદીશ ખાતે | | | 50,000 |
| | તે બાંયધરી દલાલ જયસુખ ખાતે | | | 25,000 |
| | (બા.જે. બાંયધરી દલાલોને બાંયધરીની રકમ જમા આપી તેના) | | | |
| 4 | બાંયધરી દલાલ જયેશ ખાતે ઉ. | | 1,00,000 | |
| | બાંયધરી દલાલ જગદીશ ખાતે ઉ. | | 16,670 | |
| | તે બેંક ખાતે | | | 1,16,670 |
| | (બા.જે. બાંયધરી દલાલ જયેશ અને જગદીશ ને લેણી નિકળતી કમિશનની રકમ ચૂકવી) | | | |
| 5 | બેંક ખાતે ઉ. | | 2,66,670 | |
| | તે બાંયધરી દલાલ જયપાલ ખાતે | | | 2,25,000 |
| | તે બાંયધરી દલાલ જયસુખ ખાતે | | | 41,670 |
| | (બા.જે બાંયધરી દલાલ જયપાલ અને જયસુખ પાસેથી લેણી નીકળતી રકમ વસૂલ મળી તેની નોંધ) | | | |

કમિશનની ગણતરી :

| | કમિશન | ખરીદવાના શેરની કિંમત | ચૂકવવાના કે વસૂલ |
|---|---|---|---|
| જયેશ = 2,00,000 × 10 = 20,00,000 × 5% | = 1,00,000 | - | 1,00,000 ચૂકવવાના |
| જયપાલ = 1,50,000 × 10 = 15,00,000 × 5% | = 75,000 | 30,000 × 10 = 3,00,000 | 2,25,000 વસૂલ કરવાના |
| જગદીશ = 1,00,000 × 10 = 10,00,000 × 5% | = 50,000 | 3,333 × 10 = 33,330 | 16,679 ચૂકવવાના |
| જયસુખ = 50,000 × 10 = 5,00,000 × 5% | = 25,000 | 6,667 × 10 = 66,670 | 41,670 વસૂલ કરવાના |

**ઉદાહરણ - 5**

ગુજરાત ફાઉન્ડ્રી લિમિટેડ રૂ. 10 નો એક એવા 15,00,000 ઓર્ડિનરી શેર બહાર પાડ્યા છે, જે અંગે બાંયધરી દલાલોએ નીચે પ્રમાણે બાંયધરી આપી છે :

A = 5,00,000
B = 4,00,000
C = 3,00,000
D = 3,00,000

કંપનીને 13,20,000 શેર માટેની અરજીઓ મળી છે જેમાં નીચે જણાવેલ બાંયધરી દલાલોની નિશાનીવાળી અરજીઓનો સમાવેશ થાય છે.

A = 3,50,000
B = 3,00,000
C = 2,50,000
D = 2,70,000

ઉપરોક્ત માહિતી પરથી બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**જવાબ :** બાંયધરી દલાલોની જવાબદારીનું પ્રમાણ = 5,00,000 : 4,00,000 : 3,00,000 : 3,00,000
= 5 : 4 : 3 : 3

બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક

| **વિગત** | **A** | **B** | **C** | **D** | **કુલ** |
|---|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 5,00,000 | 4,00,000 | 3,00,000 | 3,00,000 | 15,00,000 |
| બાદ : નિશાનીવાળી અરજીઓ | 3,50,000 | 3,00,000 | 2,50,000 | 2,70,000 | 11,70,000 |
| | 1,50,000 | 1,00,000 | 50,000 | 30,000 | 3,30,000 |
| બાદ : નિશાની વગરની અરજીઓ (કુલ મળેલ અરજીઓ - નિશાનીવાળી અરજીઓ = 13,20,000 - 11,70,000 = 1,50,000 (5:4:3:3 ના પ્રમાણમાં) | 50,000 | 40,000 | 30,000 | 30,000 | 1,50,000 |
| **ચોખ્ખી જવાબદારી** | **1,00,000** | **60,000** | **20,000** | **-** | **1,80,000** |

- **બાંયધરી દલાલોએ નિશ્ચિત બાંયધરી આપેલ હોય :**

ઘણીવખત બાયધરી ઉપરાંત વધારાના શેર ખરીદવા અંગે સંમત થતા હોય છે. આવા શેર તેણે ફરજિયાત ખરીદવા પડે છે. જેને નિશ્ચિત બાંયધરી કહેવાય છે. જો નિશ્ચિત બાંયધરીનો લાભ દલાલને કરારમાં જોગવાઈ કરેલ હોય તો જ મળશે. એટલે કે જો દાખલામાં જણાવ્યું હોય કે બાંયધરી દલાલોને નિશ્ચિત લાભ આપવો તો જ, તે આપવાનો રહેશે.

**ઉદાહરણ-6 :** ઓરા લિમિટેડ રૂ. 10 નો એક એવા 1,00,000 ઓર્ડિનરી શેર બહાર પાડ્યા. તે અંગે બાંયધેરી દલાલોએ નીચે મુજબ બાંયધરી આપી છે :

કરણ = 50,000 શેર

કમળ = 30,000 શેર

કનક = 20,000 શેર

તે ઉપરાંત ત્રણે એ નીચે મુજબ નિશ્ચિત બાંયધરી આપી હતી :

કરણ = 5,000 શેર

કમળ = 3,000 શેર

કનક = 2,000 શેર

કંપનીને કુલ 85,000 શેર માટે અરજીઓ મળી. જેમાં નિશ્ચિત બાંયધરીના શેર્સનો સમાવેશ થાય છે. તે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

કરણ = 30,000 શેર

કમળ = 25,000 શેર

કનક = 10,000 શેર

નીચેના સંજોગોમાં બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો :

(A) જો બાંયધરી દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો

(B) જો બાંયધરી દલાલને નિશ્ચિત બાંયધરીની રકમ જમા મળે તો.

**જવાબઃ (A) જો બાંયધરી દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો :**

બાંયધરી કરારની શરતો અનુસાર જ્યારે નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન આપવામાં આવે ત્યારે બાંયધરી દલાલોની સામાન્ય જવાબદારી શોધી તેમાં નિશ્ચિત બાંયધરી ઉમેરતા બાંયધરી દલાલોની કુલ જવાબદારી મળે છે.

બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક

| **વિગત** | **કરણ** | **કમલ** | **કનક** | **કુલ** |
|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 50,000 | 30,000 | 20,000 | 1,00,000 |
| બાદ : નિશાનીવાળી અરજીઓ | -30,000 | -25,000 | -10,000 | 65,000 |
| | – 20,000 | 5,000 | 10,000 | 35,000 |
| બાદ : નિશાની વગરની અરજીઓ<br>કુલ મળેલ અરજી - નિશ્ચિત જવાબદારી સહિત<br>(85,000 - 65,000 = 20,000)<br>20,000 અરજી 5:3:2 ના પ્રમાણમાં વહેંચતાં) | 10,000 | 6,000 | 4,000 | 2,000 |
| | 10,000 | -1,000 | 6,000 | 15,000 |
| બાદ : કમલનો વધારો કરણ અને<br>કનક વચ્ચે 5:3ના પ્રમાણમાં | – 625 | +1,000 | - 375 | - |
| સામાન્ય જવાબદારી | 9,375 | - | 5,625 | 15,000 |
| ઉમેરો : નિશ્ચિત જવાબદારી | 5,000 | 3,000 | 20,000 | 10,000 |
| **કુલ જવાબદારી** | **14,375** | **3,000** | **7,625** | **25,000** |

**(B) જો બાંયધરી દલાલોને નિશ્ચિત બાંયધરીની રકમ જમા મળે તો :**

બાંયધરી કરાર મુજબ નિશ્ચિત બાંયધરીની રકમ જમા આપવામાં આવે ત્યારે બાંયધરીની કુલ જવાબદારીમાંથી નિશાનીવાળી અરજીઓ બાદ કર્યા બાદ તેમાંથી નિશ્ચિત જવાબદારી બાદ કરવામાં આવે છે અને ત્યારબાદ નિશાની વગરની અરજી બાદ કરવામાં આવે છે. આમ દરેક બાંયધરી દલાલોની સામાન્ય જવાબદારી મળે છે અને ત્યારબાદ સામાન્ય જવાબદારીમાં નિશ્ચિત જવાબદારી ઉમેરતા દરેક બાંયધરી દલાલોની ચોખ્ખી જવાબદારી મળે છે.

**બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક**

| વિગત | કરણ | કમલ | કનક | કુલ |
|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 50,000 | 30,000 | 20,000 | 1,00,000 |
| બાદ : નિશાનીવાળી અરજીઓ | 30,000 | 25,000 | 10,000 | 65,000 |
| | 20,000 | 5,000 | 10,000 | 35,000 |
| બાદ : નિશ્ચિત જવાબદારી | 5,000 | 3,000 | 2,000 | 10,000 |
| | 15,000 | 2,000 | 8,000 | 25,000 |
| બાદ : નિશાની વગરની અરજીઓ (કુલ મળેલ અરજી નિશ્ચિત જવાબદારી સહિત– નિશાનીવાળી નિશ્ચિત જવાબદારી) (85,000 – 65,000 – 10,000 = 10,000) | 5,000 | 3,000 | 2,000 | 1,000 |
| | 10,000 | -1,000 | 6,000 | 15,000 |
| બાદ : કમલનો વધારો કરણ અને કનક વચ્ચે 5:3ના પ્રમાણમાં | -625 | +1,000 | - 375 | - |
| સામાન્ય જવાબદારી | 9,375 | - | 5,625 | 15,000 |
| + નિશ્ચિત જવાબદારી | 5,000 | 3,000 | 2,000 | 10,000 |
| **બાંયધરી દલાલની જવાબદારી** | **14,375** | **3,000** | **7,625** | **25,000** |

**જ્યારે એક દલાલે અંશતઃ બાંયધરી આપી હોય :**

જ્યારે કંપનીએ બહાર પાડેલા શેરમાંથી અમૂક શેર માટે જ બાંયધરી આપી હોય અને બાકીના શેર માટે કંપની જવાબદાર હોય છે. આમ બાંયધરી દલાલે જેટલા શેર માટે જ બાહેધરી આપી હોય તેટલા માટે જ બાહેધરી દલાલની જવાબદારી ગણાય છે બાંહેધરી દલાલે જેટલા શેર માટે બાંહેધરી આપેલ છે તેમાંથી કંપનીને મળેલ નિશાનીવાળી અરજી બાદ કરતા જે શેર વધે તે જ શેર બાંહેધરી દલાલે ખરીદવા પડે છે.

**ઉદાહરણ - 7**

જૈનમ લિમિટેડ રૂ.10 નો એક એવા 1,50,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા. જે પૈકી કમલ દોશીએ 60% શેર માટે બાંયધરી આપી હતી. કંપનીને 1,30,000 શેર માટે અરજીઓ મળી, જે પૈકી 70,000 નિશાનીવાળા અરજીઓ હતી. આ સંજોગોમાં દલાલની જવાબદારી નક્કી કરો.

નિશાની વગરની અરજી અંગે તેને કોઈ રકમ જમા આપવામાં આવતી નથી. સિવાય કે કંપનીની જવાબદારીમાંથી આવી અરજી બાદ કરતાં કોઈ શેર વધે.

**જવાબ :**

| વિગત | દલાલ |
|---|---|
| કુલ સ્વીકારેલી જવાબદારી (1,50,000 × 60%) | 90,000 |
| બાદ : નિશાનીવાળી અરજીઓ | 70,000 |
| કુલ જવાબદારી | 20,000 |

આમ, બાંયધરી દલાલ કમલ દોશીએ 2,000 શેર ખરદીવા પડશે.

**એકથી વધુ દલાલોએ અંશતઃ બાંયધરી આપી હોય ત્યારે :**

જ્યારે એકથી વધુ બાંયધરી દલાલોએ અશંતઃ બાંયધરી આપેલ હોય ત્યારે બાંયધરી દલાલોની વ્યક્તિગત જવાબદારી નક્કી કરવી પડે છે અંશતઃ બાંયધરી કરારમાં બાંયધરી દલાલો દ્વારા જેટલા શેર માટે બાંયધરી આપવામાં આવેલ હોય તેટલા માટે જ તે જવાબદાર હોય છે. બાકીના શેર માટે કંપની જવાબદાર ગણાય છે.

અશત: બાંયધરી કરારમાં બાંયધરી દલાલો એ આપેલ બાંયધરીના શેરમાંથી મળેલ નિશાનીવાળી અરજીઓ બાદ કરતા જે શેર વધે બાંયધરી દલાલોએ ખરીદવા પડતા શેર હોય છે. અહીં નિશાની વગરની અરજીને લાભ બાંયધરી દલાલો મળતો નથી. આવો લાભ કંપનીને પ્રાપ્ત થાય છે.

**ઉદાહરણ - 8**

જ્યોતિ લિમિટેડ રૂ.10 નો એક એવા 4,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા. જે અંગે નીચે મુજબ બાંયધરી દલાલોએ બાંયધરી આપેલ છે :

વિમલ = 1,00,000

વિજય = 80,000

વિનય = 1,20,000

કંપનીને કુલ 3,50,000 શેર માટે અરજીઓ મળી હતી જેમાં નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

વિમલ = 90,000

વિજય = 75,000

વિનય = 1,05,000

દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો.

**જવાબ :** બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરતું પત્રક :

| **વિગત** | **વિમલ** | **વિજય** | **વિનય** | **કુલ** |
|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 1,00,000 | 80,000 | 1,20,000 | 3,00,000 |
| બાદ : નિશાનીવાળી અરજી | 90,000 | 75,000 | 1,05,000 | 2,70,000 |
| **ચોખ્ખી જવાબદારી** | **10,000** | **5,000** | **15,000** | **30,000** |

નિશાની વગરની અરજીઓ = કુલ મળેલ અરજીઓ - નિશાનીવાળી અરજીઓ

= 3,50,000 – 2,70,000

= 80,000

નિશાની વગરની અરજીઓ 80,000 નો લાભ માત્ર કંપની ને જ મળશે.

- **પૂરા શેરની બાંયધરી અંગેના ઉધાર રકમ :**

**ઉદાહરણ - 9**

કુંજન લિમિટેડ રૂ. 100નો એક એવા 8,00,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા છે. જે અંગે બાંયધરી દલાલોએ નીચે મુજબ બાંયધરી આપી છે :

આકાશ= 4,00,000 શેર

ગગન = 3,00,000 શેર

નિહાર = 1,00,000 શેર

આ ઉપરાંત ત્રણેયે નીચે મુજબ નિશ્ચિત બાંયધરી માટે અરજી કરી છે :

આકાશ = 30,000 શેર, ગગન = 20,000 શેર નિહાર = 10,000 શેર

કંપનીને નિશ્ચિત બાંયધરી સિવાય 7,00,000 શેર માટે અરજી મળી છે. જે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે પ્રમાણે હતી.

આકાશ = 3,00,000 શેર ગગન = 2,50,000 શેર નિહાર = 50,000 શેર

જો નિશ્ચિત જવાબદારી બાંયધરી દલાલોને કોઈ રકમ જમા આપવામાં ન આવતી હોય તો આ સંજોગોમાં દરેક બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો.

જવાબ : બાંયધરી જવાબદારીનું પ્રમાણ =

આકાશ = 4,00,000 ગગન = 3,00,000 નિહાર = 1,00,000

= 4 : 3 : 1

**બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક :**

| વિગત | આકાશ | ગગન | નિહાર | કુલ |
|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 4,00,000 | 3,00,000 | 1,00,000 | 8,00,000 |
| બાદ : નિશાનીવાળી અરજીઓ | 3,00,000 | 2,50,000 | 50,000 | 6,00,000 |
| બાદ : નિશાની વગરની અરજીઓ | 1,00,000 | 50,000 | 50,000 | 2,00,000 |
| (મળેલ અરજી + નિશ્ચિત જવાબદારી - | | | | |
| નિશાનીવાળી અરજીઓ) | | | | |
| = 7,00,000 + 60,000 - 6,00,000 = 1,60,000 | | | | |
| (4 : 3 : 1 ના પ્રમાણમાં) | 80,000 | 60,000 | 20,000 | 1,60,000 |
| | 20,000 | -10,000 | 30,000 | 40,000 |
| બાદ: ગગનનો વધારો આકાશ અને નિહાર વચ્ચે | | | | |
| (4 : 1 ના પ્રમાણમાં ફાળવતા) | - 8,000 | +10,000 | - 2,000 | - |
| સામાન્ય જવાબદારી | 12,000 | - | 28,000 | 40,000 |
| ઉમેરો : નિશ્ચિત જવાબદારી | 30,000 | 20,000 | 10,000 | 60,000 |
| **આખરની જવાબદારી** | **42,000** | **20,000** | **38,000** | **1,00,000** |

**ઉદાહરણ - 10**

ગુજરાત લિમિટેડે 3,50,000 ઇક્વિટી શેર દરેક રૂ. 10 લેખે બહાર પાડેલ છે. આ અંગે નીચે મુજબ બાંયધરી દલાલોએ બાંયધરી આપેલ છે :

અમિત = 2,00,000 શેર, મહેશ = 1,00,000 શેર, અનંત = 50,000 શેર

નિશ્ચિત બાંયધરી નીચે મુજબ હતી :

અમિત = 20,000 શેર, મહેશ = 10,000 શેર, અનંત = 5,000 શેર

નિશ્ચિત બાંયધરી સિવાયની અને નિશાનીવાળી અરજી સહિતની કુલ 3,00,000 શેર માટે અરજી મળેલ છે. જેમાં નિશાની વાળી અરજી નીચે મુજબ છે :

અમિત = 1,10,000 શેર, મહેશ = 90,000 શેર, અનંત = 30,000 શેર

બાંયધરી કરારની જોગવાઈ મુજબ નિશ્ચિત બાંયધરી અંગેની અરજી બાંયધરી દલાલોને જમા આપવાની છે અને નિશાની વગરની અરજી બાંયધરી દલાલો વચ્ચે તેમણે સ્વીકારેલ જવાબદારીના પ્રમાણમાં ફાળવવાની છે. બાંયધરી દલાલોને 5% લેખે બાંયધરી દલાલી ચૂકવવાની છે. બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો અને ગુજરાત લિમિટેડના ચોપડામાં ઉપરના વ્યાપારોની આમનોંધ લખો.

**જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 2,00,000 = 1,00,000 = 50,000

= 4 : 2 : 1

**બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક**

| વિગત | અમિત | મહેશ | અનંત | કુલ |
|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 2,00,000 | 1,00,000 | 50,000 | 3,50,000 |
| બાદ : નિશાનીવાળી અરજીઓ | 1,10,000 | 90,000 | 30,000 | 2,30,000 |
| | 90,000 | 10,000 | 20,000 | 1,20,000 |
| બાદ : નિશ્ચિત જવાબદારી | 20,000 | 10,000 | 5,000 | 35,000 |
| | 70,000 | - | 15,000 | 85,000 |
| બાદ : નિશાની વગરની અરજીઓ | | | | |
| (મળેલ અરજી નિશ્ચિત જવાબદારી સહિત- | | | | |
| નિશાનીવાળી અરજી — નિશ્ચિત જવાબદારી) | | | | |
| (3,00,000 + 35,000) – 23,00,000 – 35,000 | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| = 70,000 | 40,000 | 20,000 | 10,000 | 70,000 |
| | 30,000 | – 2,000 | 5,000 | 15,000 |
| મહેશનો વધારો અમિત અને અનંત વચ્ચે 4 : 1 ના પ્રમાણમાં વહેંચતાં | –16,000 | +2,000 | –4,000 | – |
| ચોખ્ખી જવાબદારી | 14,000 | – | 1,000 | 15,000 |
| ઉમેરો : નિશ્ચિત જવાબદારી | 20,000 | 10,000 | 5,000 | 35,000 |
| **આખરની જવાબદારી** | **34,000** | **10,000** | **6,000** | **50,000** |

**ગુજરાત લિમિટેડના ચોપડે આમનોંધ**

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ. | | 30,00,000 | - |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | - | 30,00,000 |
| | (બા.જે. 300000 શેર પર શેરદીઠ રૂ. 10 લેખે અરજીનાં નાણાં મળ્યાં) | | | |
| 2 | બાંયધરી દલાલ અમિત ખાતે ઉ. | | 3,40,000 | |
| | બાંયધરી દલાલ મહેશ ખાતે ઉ. | | 1,00,000 | |
| | બાંયધરી દલાલ અનંત ખાતે ઉ. | | 60,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | - | 5,00,000 |
| | (બા.જે. બાંયધરી દલાલો એ તેમની આખરી જવાબદારી મુજબના શેર ફાળવ્યા તેના) | | | |
| 3. | બાંયધરી કમિશન ખાતે ઉ. | | 1,75,000 | |
| | તે બાંયધરી દલાલ અમિત ખાતે | | | 1,00,000 |
| | તે બાંયધરી દલાલ મહેશ ખાતે | | | 50,000 |
| | તે બાંયધરી દલાલ અનંત ખાતે | | | 25,000 |
| | (બા.જે. બાંયધરી દલાલોને રૂ. 3500000 પર 5% લેખે બાંયધરી કમિશનની રકમ જમા આપી તેની નોંધ) | | | |
| 4 | બેંક ખાતે ઉ. | | 325000 | |
| | તે બાંયધરી દલાલ અમિત ખાતે | | | 2,40,000 |
| | તે બાયંધરી દલાલ મહેશ ખાતે | | | 50,000 |
| | તે બાયંધરી દલાલ અનંત ખાતે | | | 35,000 |
| | (બા.જે. બાંયધરી દલાલો પાસેથી લેણી નીકળતી રકમ મળી તેના) | | | |

**બાંયધરી કમિશનની ગણતરી અને વસૂલ નીકળતી કે ચૂકવવાની રકમ**

| | કમિશન | ખરીદવાના શેર | ચૂકવવાની કે વસૂલ કરવાની રકમ |
|---|---|---|---|
| અમિત = 2,00,000 × 10 = 20,00,000 × 5% | = 1,00,000 | 34,000 × 10 = 3,40,000 | 2,40,000 વસૂલ |
| મહેશ = 1,00,000 × 10 = 10,00,000 × 5% | = 50,000 | 10,000 × 10 = 10,000 | 50,000 વસૂલ |
| અનંત = 50,000 × 10 = 5,00,000 × 5% | = 25,000 | 6,000 × 10 = 6,00,000 | 3,50,000 વસૂલ |

**ઉદાહરણ - 11**

દિવ્યા લિમિટેડ 60,000 શેર બહાર પાડ્યા. આ અંગે ત્રણ દલાલોએ નીચે મુજબ બાંયધરી આપી છે : દરેક શેર રૂ. 10 નો છે.

P : 30,000 શેર, Q : 20,000 શેર, R : 10,000 શેર

આ ઉપરાંત ત્રણેય નીચે મુજબ નિશ્ચિત બાંયધરી માટે અરજી કરી છે :

P : 5,000 શેર, Q : 3,000 શેર, અને R : 10,000 શેર

કંપનીને નિશ્ચિત બાંયધરી સિવાય 40,000 શેર માટે અરજી મળેલ છે. જે પૈકી નિશાનીવાળી અરજીઓ 30,000 શેર માટેની હતી જે નીચે મુજબ હતી :

P : 12,000 શેર, Q : 10,000 શેર, R : 8,000 શેર

નિશ્ચિત બાંયધરીની રકમ જમા આપવામાં આવે છે.

1. દરેક બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક કરો.
2. દિવ્યા લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ લખો.
3. દલાલોને કંપની ધારા મુજબ વધુમાં વધુ દરે કમિશન આપવાનું છે.

**(ઉ.ગુ.યુનિ.બી.કોમ.સેમ-2, એપ્રિલ/મે-2017)**

**જવાબ :** બાંયધરી દલાલોની જવાબદારીનું પ્રમાણ :

= P : Q : R :

= 30,000 : 20,000 : 10,000

= 3 : 2 : 1

**(1) બાંયધરી દલાલોની જવાબદારી દર્શાવતું પત્રક**

| વિગત | P | Q | R | કુલ |
|---|---|---|---|---|
| કુલ જવાબદારી | 30,000 | 20,000 | 10,000 | 60000 |
| બાદ : નિશાનીવાળી અરજીઓ | 12,000 | 10,000 | 8,000 | 30,000 |
| | 18,000 | 1,000 | 2,000 | 30,000 |
| બાદ : નિશ્ચિત જવાબદારી | 5,000 | 3,000 | 10,000 | 18,000 |
| | 13,000 | 7,000 | –8,000 | 12,000 |
| બાદ : નિશાની વગરની અરજીઓ (મળેલ અરજી નિશ્ચિત જવાબદારી સહિત – નિશ્ચિત જવાબદારી – નિશાનીવાળી અરજીઓ) (40,000 + 18,000 – 18,000 – 30,000 = 10,000) | –5,000 | –3,333 | –1,667 | 10,000 |
| | 8,000 | 3,667 | –9,667 | 2,000 |
| R નો વધારો 9,667 શેર P અને Q વચ્ચે 3 : 2 ના પ્રમાણમાં વહેંચતાં | –5,800 | –3,867 | +9,667 | – |
| | 2,200 | –200 | – | 2,000 |
| Q નો વધારો 200 શેર P ને ફાળવતા | –200 | +200 | – | – |
| ચોખ્ખી જવાબદારી | 2,000 | – | – | 2,000 |
| + નિશ્ચિત જવાબદારી | 5,000 | 3,000 | 10,000 | 18,000 |
| **આખરની જવાબદારી** | **7,000** | **3,000** | **10,000** | **20,000** |

**(2) દિવ્યા લિમિટેડનાં ચોપડે જરૂરી આમનોંધ**

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ. | | 4,00,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | - | 4,00,000 |
| | (બા.જે. જાહેર જનતા તરફથી 4,000 શેર માટે શેરદીઠ રૂ. 10 લેખે અરજીની રકમ મળી તેના) | | | |
| 2 | બાંયધરી દલાલ P ખાતે (7,000×10) ઉ. | | 70,000 | |
| | બાંયધરી દલાલ Q ખાતે (3,000×10) ઉ. | | 30,000 | |
| | બાંયધરી દલાલ R ખાતે (10,000×10) ઉ. | | 1,00,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | - | 2,00,000 |
| | (બા.જે. બાંયધરી દલાલોએ તેમની આખરની જવાબદારીના શેર શેરદીઠ રૂ. 10 લેખે ફાળવ્યા તેની નોંધ) | | | |
| 3. | બાંયધરી કમિશન ખાતે ઉ. | | 30,000 | |
| | તે બાંયધરી દલાલ P ખાતે | | – | 15,000 |
| | તે બાંયધરી દલાલ Q ખાતે | | – | 10,000 |
| | તે બાંયધરી દલાલ R ખાતે | | – | 5,000 |
| | (બા.જે. રૂ. 6,00,000 ની ઈક્વિટી શેરમૂડી પર 5% લેખે બાંયધરી કમિશન આપ્યું જે બાંયધરી દલાલો વચ્ચે તેમની કુલ જવાબદારીના પ્રમાણમાં ફાળવ્યું) | | | |
| 4 | બેંક ખાતે ઉ. | | 1,70,000 | |
| | તે બાંયધરી દલાલ P ખાતે | | – | 55,000 |
| | તે બાયંધરી દલાલ Q ખાતે | | – | 20,000 |
| | તે બાયંધરી દલાલ R ખાતે | | – | 95,000 |
| | (બા.જે. બાંયધરી દલાલો પાસેથી નીકળતી રકમ વસૂલ મળી તેની નોંધ) | | | |

**(3) કંપની ધારા મુજબ બાંયધરી દલાલોને ઈક્વિટી શેરની ઇસ્યુ પ્રાઈઝ પર 5% લેખે મહત્તમ કમિશન આપી શકાય છે.**

| કમિશનની ગણતરી | કમિશન | બાંહેધરી દલાલે ખરીદવાના શેર | ચૂકવવાની કે વસૂલ કરવાની રકમ |
|---|---|---|---|
| P = 30,000 × 10 = 3,00,000 × 5% | = 15,000 | – 70,000 (7,000 × 10) | = 55,000 વસૂલવાના |
| Q = 20,000 × 10 = 2,00,000 × 5% | = 10,000 | – 30,000 (3,000 × 10) | = 20,000 વસૂલવાના |
| R = 10,000 × 10 = 1,00,000 × 5% | = 5,000 | – 1,00,000 (10,000 × 10) | = 95,000 વસૂલવાના |

**8. બાંહેધરી દલાલોની જવાબદારી નક્કી કરતું પત્રક તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

(1) જો દાખલામાં નિશ્ચિત જવાબદારી આપેલ ન હોય તો :

1. સૌ પ્રથમ કુલ જવાબદારી લખો.
2. ત્યાર બાદ કુલ જવાબદારીમાંથી નિશાનીવાળી અરજી બાદ કરો.
3. ત્યારબાદ નિશાની વગરની અરજીઓ બાદ કરો. (નિશાની વગરની અરજીઓ = મળેલ અરજી – નિશાની વાળી અરજી)
4. ત્યાર બાદ મળશે ચોખ્ખી જવાબદારી.

(2) જો દાખલામાં નિશ્ચિત જવાબદારી આપેલ હોય તો,

**(a) જો નિશ્ચિત જવાબદારી જમા આપવામાં ન આવે તો :**

1. સૌ પ્રથમ કુલ જવાબદારી લખો.
2. ત્યાર બાદ કુલ જવાબદારીમાંથી નિશાનીવાળી અરજીઓ બાદ કરો.
3. ત્યારબાદ નિશાની વગરની અરજીઓ બાદ કરો. (નિશાની વગરની અરજી = મળેલ અરજી નિશ્ચિત જવાબદારી સહિત – નિશાનીવાળી અરજીઓ)
4. ત્યારબાદ ચોખ્ખી જવાબદારીમાં નિશ્ચિત જવાબદારી ઉમેરતા બાંયધરી દલાલોની આખરની જવાબદારી મળશે.

**(b) જો નિશ્ચિત જવાબદારી જમા આપવામાં આવે તો :**

1. સૌ પ્રથમ કુલ જવાબદારી લખો.
2. ત્યારબાદ કુલ જવાબદારીમાંથી નિશાનીવાળી અરજીઓ બાદ કરો.
3. ત્યારબાદ નિશ્ચિત જવાબદારી બાદ કરો.
4. ત્યારબાદ નિશાનીવાળી અરજીઓ બાદ કરો. (નિશાની વગરની અરજીઓ = મળેલ અરજીઓ નિશ્ચિત જવાબદારી સહિત – નિશાનીવાળી અરજીઓ – નિશ્ચિત જવાબદારી)

**નોંધ :** દાખલામાં ઘણી વખતે મળેલ અરજીઓ નિશ્ચિત જવાબદારી વગર આપવામાં આવે છે ત્યારે મળેલ અરજીમાં નિશ્ચિત જવાબદારી ઉમેરતા મળેલ અરજી નિશ્ચિત જવાબદારી સહિત મળશે.

**નોધ :** જ્યારે આમનોંધ કરવાની હોય ત્યારે,

(1) જો મળેલ અરજી નિશ્ચિત જવાબદારી સહિત હોય તો સામાન્ય જવાબદારી/ચોખ્ખી જવાબદારી ધ્યાનમાં લઈ આમનોંધ કરવી.

(2) જો મળેલ અરજી નિશ્ચિત જવાબદારી વગર હોય તો આખરની જવાબદારીને ધ્યાનમાં લઈ આમનોંધ કરવી.

## <u>સ્વાધ્યાય</u>

**1. નીચે આપેલા પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો : [MCQ's]**

(1) કંપની ધારા મુજબ કંપનીએ બહાર પાડેલા શેરના ઓછામાં ઓછા કેટલા ટકા અરજીઓ મળવી જોઈએ ?

(અ) 50 %  (બ) 75 %  (ક) 80 %  (ડ) 90 %

(2) કંપની એક્ટ મુજબ બાંયધરી દલાલોને વધુમાં વધુ શેર પર કેટલા ટકા બાંયધરી કમિશન આપી શકાય ?

(અ) 2.5 %  (બ) 3 %  (ક) 4 %  (ડ) 5 %

(3) નાણાં ખાતાના સ્ટોક એક્સચેન્જ વિભાગે બાંયધરી દલાલના વધુમાં વધુ દર ઈ.શેર પર કેટલો નક્કી કરેલ છે ?

(અ) 2.5 % (બ) 3.5 % (ક) 5 % (ડ) 4 %

(4) શેર બાંયધરી કમિશનનું ખાતું બંધ કરીને તેની બાકી કયા ખાતે લઈ જવાશે ?

(અ) શેર- ડિબેંચર ખાતે (બ) બેંક ખાતે

(ક) બાંયદરી દલાલો ખાતે (ડ) નફા-નુકસાન ખાતે

**(સૌ. યુનિ. એસ.વાય. નવે. 2013-14)**

(5) શેર બાંયધરી આપનારા કંપનીના દૃષ્ટિકોણથી શું ગણાય ?

(અ) ત્રાહિત પક્ષકારો (બ) પ્રમોટર્સ

(ક) અંકુશ રાખનારા (ડ) ઉપરનામાંથી એક પણ નહિ

(6) બાંયધરી કમિશનની રકમ અંગે નીચેનામાંથી કઈ નોંધ થશે ?

(અ) બેંક ખાતે ઉ, તે બાંયધરી દલાલો ખાતે

(બ) બાંયધરી દલાલો ખાતે ઉ, તે બાંયધરી કમિશન ખાતે

(ક) બાંયધરી કમિશન ખાતે ઉ, તે બેંક ખાતે

(ડ) બાંયધરી કમિશન ખાતે ઉ, તે બાંયધરી દલાલો ખાતે

**(સૌ. યુનિ. એસ.વાય નવે - 2003)**

(7) નિશ્ચિત બાંયધરી કરારમાં બાંયધરી દલાલની કુલ જવાબદારી એટલે ....

(અ) નિશ્ચિત જવાબદારી (બ) સામાન્ય જવાબદારી + નિશ્ચિત જવાબદારી

(ક) સામાન્ય જવાબદારી - નિશ્ચિત જવાબદારી (ડ) સામાન્ય જવાબદારી

(8) રૂ. 100નો એવા શેરદીઠ રૂ. 140 લેખે બહાર પાડેલ ઇક્વિટી શેર પર બાંયધરી દલાલને ચૂકવવાપાત્ર બાંયધરી કમિશન ....

(અ) રૂ. 5 (બ) રૂ. 2.5 (ક) રૂ. 3.5 (ડ) રૂ. 7

**(ગુ.યુનિ. એફ.વાય. એપ્રિલ - 2015)**

(9) એક કંપનીએ 30,000 ઇક્વિટી શેર બહાર પાડ્યા છે. આ અંગે દલાલ X એ 50% દલાલ Y એ 30 % અને દલાલ Z એ 20 % બાંયધરી આપેલ છે. કંપનીને કુલ 24,000 શેર અરજીઓ મળેલ છે. બાંયધરી દલાલ X ની જવાબદારી નક્કી કરો.

(અ) 2,000 શેર (બ) 3,000 શેર (ક) 1,000 શેર (ડ) 4,000 શેર

**(સૌ. યુનિ. એસ.વાય. નવે. 2015)**

(10) રૂ. 500 નો એવા ડિબેન્ચર પર વધુમાં વધુ મંજૂર થવા પાત્ર બાંયધરી કમિશન ....

(અ) રૂ. 12.50 (બ) રૂ. 25

(ક) રૂ. 5 (ડ) ઉપરમાંથી કોઈ પણ નહીં.

**(ગુ.યુનિ. એફ.વાય. એપ્રિલ - 2016)**

(11) રૂ. 100 ના એવા શેરદીઠ રૂ. 125 લેખે બહાર પાડેલ ઇક્વિટી શેર પર બાંયધરી દલાલને ચૂકવવા પાત્ર બાંયધરી કમિશન...

(અ) રૂ. 5 (બ) રૂ. 3.125 (ક) રૂ. 6.25 (ડ) રૂ. 2.50

**(ગુ. યુનિ. એફ.વાય એપ્રિલ - 2014)**

(12) બાંયધરી કરાર ..... માટે કરવામાં આવે છે.

(અ) શેરની ખાનગી ધોરણે ફાળવણી (બ) હક્કના શેર બહાર પાડવા

(ક) શેર કે ડિબેન્ચર સામાન્ય જનતાને બહાર પાડવા

(ડ) (અ), (બ) (ક) ત્રણેય

(13) રૂ. 90 ની કિંમતે બહાર પાડેલ ડિબેન્ચર (દાર્શનિક કિંમત રૂ. 100) ઉપર વધુમાં વધુ બાંયધરી દલાલી આપી શકાય.

(અ) રૂ. 2.25 (બ) રૂ. 2.50 (ક) રૂ. 1.80 (ડ) રૂ. 4.50

(14) જો કરાર મુજબ કુલ જવાબદારી 80,000 શેરની હોય તે પૈકી અજયની 50,000શેરની જવાબદારી હોય, દરેક શેર રૂ. 10 હોય અને 5 % લેખે બાંયધરી કમિશન તેને મળતું હોય તો તેની રકમ કેટલી હોય ?

(અ) રૂ. 40,000 (બ) રૂ. 15,000 (ક) રૂ. 25,000 (ડ) રૂ. 80,000

(15) રૂ. 100નો એક એવા 40,000 છે. શેર માટે રાજ, રાજન અને રમેશે સંપૂર્ણ રકમની બાંયધરી આપી છે. ત્રણેય બાંયધરી દલાલોની જવાબદારીનું પ્રમાણ 5 : 3 : 2 હોય તો C ના ભાગે કરાર મુજબ કેટલા શેરની જવાબદારી ગણાય

(અ) 20,000 શેર (બ) 12,000 શેર (ક) 40,000 શેર (ડ) 8,000 શેર

**MCQ ના જવાબો**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | (D) | 2. | (D) | 3. | (A) | 4. | (D) | 5. | (A) |
| 6. | (D) | 7. | (B) | 8. | (D) | 9. | (B) | 10. | (A) |
| 11. | (C) | 12. | (C) | 13. | (A) | 14. | (C) | 15. | (D) |

**2. સૈદ્ધાંતિક પ્રશ્નો :**

(1) બાંયધરી કમિશન એટલે શું ? બાંયધરી કમિશન અંગે કંપનીધારાની જોગવાઈઓ જણાવો.

**(ભાવનગર યુનિ. ટી.વાય.બી.કોમ. માર્ચ - 2009)**

(2) બાંયધરી કમિશનના હિસાબ સંદર્ભે બાંયધરી કરારના પ્રકાર જણાવો.

**(ઉ.ગુ. યુ. એફ.વાય- 2015, ગુ.યુનિ. 2014, 2016)**

(3) નિશાનીવાળી અરજીનો અર્થ સમજાવો. **(ગુ.યુનિ. એફ.વાય.એપ્રિલ - 2015)**

(4) બાંયધરી કરારનો અર્થ સમજાવી તેના ફાયદા જણાવો.

(5) ટૂંકનોંધ લખો.

(1) બાંયધરી કમિશન **(સૌ.યુનિ. 2009, ગુ.યુનિ. 2014)**

(6) નિશ્ચિત બાંયધરી કરાર **(ગુ.યુ. 2014-15)**

**3. વ્યવહારું પ્રશ્નો :**

(1) કંચન લિમિટેડ રૂ. 10 નો એક એવા 10,00,000 શેર બહાર પાડ્યા બાંયધરી દલાલોએ તમામ શેર વેચાણની બાંયધરી નીચે મુજબ આપી :

જય - 40 % , વિજય - 30% , અજય - 20%, સંજય - 10 %

કંપનીને કુલ 8,00,000 શેર માટે અરજી મળી જે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી.

જય = 3,00,000 શેર, વિજય = 2,00,000, અજય = 1,00,000 શેર, સંજય = 50,000 શેર

બાંયધરી દલાલોને 5% કમિશન મળવાપાત્ર છે.

ઉપરની માહિતી પરથી બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરતું પત્રક અને કંચન લિમેટેડના ચોપડે આમનોંધ લખો.

(**જવાબ :** બાકી જવાબદારી : જય = 40,000 શેર, વિજય = 55,000 શેર, અજય = 70,000 શેર, સંજય = 35,000 શેર)

(2) જયમીન લિમિટેડ રૂ. 100 નો એક એવા 6,00,000 ઈ.શેર બહાર પાડ્યા. જે અંગે નીચે મુજબ બાંયધરી દલાલોએ બાંયધરી આપેલ છે :

કરણ = 2,50,000 શેર, કમલ = 2,00,000 શેર, કિરણ = 1,00,000 શેર, કોમલ = 50,000 શેર

કંપનીને કુલ 5,50,000 શેર માટે અરજીઓ મળેલ છે. જેમાં નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ છે :

કરણ = 2,00,000 શેર કમલ = 1,10,000 શેર

કિરણ = 90,000 શેર  કોમલ =  30,000 શેર

ઉપરની માહિતી પરથી બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરતું પત્રક તૈયાર કરો.

(**જવાબ :** કરણ = Nil, કમલ = 42,000 શેર, કિરણ = Nil, કોમલ = 8,000 શેર )

(3) મહેશ લિ. તા. 1-1-07ના રોજ સ્થપાયેલી છે. કંપનીએ દરેક રૂ. 10 નો એક એવા 10,00,000 ઇક્વિટીશેર માટે વિજ્ઞાનપત્ર જાહેર જનતા સમક્ષ બહાર પાડ્યું છે. દલાલો અ, બ, ક, અને ડ એ પૂરેપૂરા ભરણા અંગે નીચે પ્રમાણે બાંયધરી આપી હતી.

અઃ 40,000 શેર,  બઃ 3,00,000 શેર, કઃ 2,00,000 શેર, ડઃ 1,00,000 શેર

કુલ 9,00,000 શેર માટેની અરજીઓ મળી, તે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી : અઃ 4,40,00 શેર,  બઃ 1,80,000 શેર, કઃ 2,20,000 શેર, ડઃ 20,000 શેર

દરેક બાંયધરી દલાલની વ્યક્તિગત જવાબદારી નક્કી કરો.

**(ઉ. ગુજ. યુનિ. એમ.કોમ. પાર્ટ - 2 એપ્રિલ - 91)**

(**જવાબ :** જવાબદારીનું પ્રમાણ : 4:3:2:1, ચોખ્ખી જવાબદારી બાંયધરી દલાલ બઃ 45,000 શેર, ડઃ 55,000 શેર)

(4) એક કંપની 10,000 શેર કે જેની કિંમત દરેક રૂ. 100ની છે. તેવા મૂળકિંમતે બહાર પાડે છે. 'અ' અને 'બ' સાથે આ શેર્સ માટેના બાંયધરી કરાર કરે છે બાંયધરી દલાલો 'અ' અને 'બ' 6,000 શેર્સ અને 2,500 શેર્સ અનુક્રમે વેચવાની બાંયધરી લે છે કમિશન આપવાનો દર 3 % છે.

જાહેર જનતા 8,000 શેર્સ માટે અરજી કરે છે.

બાંયધરી દલાલોમાં શેર્સની ફાળવણી દર્શાવો અને તેમને ચૂકવવા પાત્ર કમિશનની ગણતરી કરો.

**(ગુ.યુ. એમ. કોમ પાર્ટ - 2 એપ્રિલ - 89)**

(**જવાબઃ** બાંયધરી જવાબદારીનું પ્રમાણ = 12:5, ચોખ્ખી જવાબદારી બાંયધરી દલાલ અ = 1412 શેર અને બ = 588 શેર,  બાંયધરી કમિશન દલાલ અ = 6,00,000 રૂ. પર 3 % લેખે રૂ. 18,000 અને બંને રૂ. 2,50,000 ઉપર 3 % લેખે રૂ. 7,500)

(5) ધી પ્રકાશ કંપની લિમિટેડે રૂ. 10 નો એક એવા 4,00,000 ઇક્વિટી શેર શેરદીઠ 10 % પ્રીમિયમ જાહેર ભરણા માટે બહાર  પાડ્યા. તમામ શેર અંગે નીચેના ચાર દલાલોએ બાંયધરી આપી છે.

A = 1,60,000 શેર,   B = 1,20,000 શેર

C = 80,000 શેર D = 40,000 શેર

કંપનીને કુલ 3,60,000 શેર અરજીઓ મળી જેમાં દલાલોની નિશાનીવાળી અરજીઓનો નીચે મુજબ સમાવેશ થાય છે :

A = 1,76,000 શેર B = 72,000 શેર

C = 88,000 શેર D = 8,000 શેર

દલાલો 5% લેખે બાંયધરી કમિશન આપવાનું છે.

ઉપરની આપેલી માહિતી પરથી

(1) બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો.

(2) ધી પ્રકાશ લિ. ના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**(સૌ.યુનિ. એસ. વાય એપ્રિલ - 2003)**

(**જવાબ :** બાંયધરી જવાબદારીનું પ્રમાણ 4:3:2:1, નિશાની વગરની અરજીઓ = 16,000, ચોખ્ખી જવાબદારી B = 18,000 શેર અને D = 22,000 શેર)

(6) કિરણ લિમિટેડ રૂ. 10નો એક એવ 10,000 શેર બહાર પાડ્યા. જે અંગે નીચે મુજબ દલાલોએ બાંયધરી આપી છે :

અ : 6,000 શેર, બ: 2,500 શેર, ક: 1,500 શેર

તે ઉપરાંત ત્રણેય નીચે મુજબ નિશ્ચિત બાંયધરી આપી હતી :

અ : 800 શેર , બ: 300 શેર, ક: 1,000 શેર

કંપનીને નિશ્ચિત બાંયધરી સહિત કુલ 7,100 શેર માટે અરજી મળી. જેમાં ત્રણેય દલાલોના સિક્કાવાળા શેર નીચે મુજબ હતા :

અ: 1,000 શેર બ: 2,000 શેર, ક: 500 શેર

દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો.

(અ) જો દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે)

(બ) જો દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે)

**(ઉ. ગુ. યુનિ. એફ.વાય. એપ્રિલ - 2002)**

(**જવાબ :** બાંયધરી દલાલોની જવાબદારીનું પ્રમાણ = 12: 5 : 3

(અ) નિશાની વગરની અરજીઓ = મળેલ અરજી નિશ્ચિત બાંયધરી સહિત - નિશાની વાળી અરજી = 3,600

ચોખ્ખી જવાબદારી = અ - 2,520, બ = - , ક = 380

આખરી જવાબદારી = અ = 2,520 + 800 નિશ્ચિત = 3,320 શેર , બ = 300 નિશ્ચિત શેર, ક = 380 શેર + 1,000 નિશ્ચિત = 1,380 શેર )

(બ) નિશાની વગરની અરજીઓ = 1,500

આખરની જવાબદારી = અ = 2,900 શેર + 800 નિશ્ચિત = 3,700 શેર, બ = 300 શેર, ક = 1,000 શેર)

(7) લિટલ ચેમ્પસ લિ. ની તા. 1-1-2016 ના રોજ રૂ. 10 નો એક એવા 2,00,000 ઈક્વિટી શેરની સતાવાર થાપણની નોંધણી થઈ. કંપનીએ 80% ઈક્વિટી શેર રૂ. 11ના ભાવે જાહેર જનતા માટે બહાર પાડ્યા(રૂ. 1 શેરદીઠ પ્રીમિયમ સહિત) આ અંગે નીચે મુજબ શેર દલાલોએ બાંયધરી આપી હતી :

તન્મય 15 %, રોહન 25 %, આમીર 60 %

બાંયધરી દલાલોએ નિશ્ચિત બાંયધરી અંગેના 40,000 છે. શેર માટે નીચે મુજબ અરજીઓ કરી હતી :

તન્મય 20 %, રોહન 50 %, આમીર 30 %

નિશ્ચિત બાંયધરી સિવાય પરંતુ નિશાનીવાળી અરજીઓ સહિત કુલ 1,00,000 ઇક્વિટી શેર માટે અરજીઓ મળી હતી જેમાં નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

તન્મયઃ 8,000 શેર, રોહનઃ 16,000 શેર, આમીરઃ 20,000 શેર

બાંયધરી કરારની જોગવાઈ મુજબ બાંયધરી દલાલોને નિશ્ચિત બાંયધરીની અરજીઓ જમા આપવાની છે. નિશાની વગરની અરજીઓ આપેલ બાંયધરીના પ્રમાણમાં જમા આપવાની છે.

(1) દરેક દલાલોની વ્યક્તિગત જવાબદારી નક્કી કરો.

(2) બાંયધરી દલાલોને 5% કમિશન આપવાનું છે.

કંપનીનાં ચોપડે જરૂરી આમનોંધ લખો.

**(સૌ.યુનિ. એસ.વાય. એપ્રિલ - 2008)**

(**જવાબ :** બાંયધરી દલાલોની જવાબદારી = તન્મયઃ 24,000 શેર, રોહનઃ 40,000 શેર, આમીરઃ 96,000 શેર, નિશાની વગરની અરજીઓ : 56,000 શેર કુલ જવાબદારી (આખરની = તન્મય = 8,000 શેર (ફક્ત નિશ્ચિત શેર)

રોહન = 20,000 શેર નિશ્ચિત શેર અને આમીર = 20,000 શેર + નિશ્ચિત 12,000 = 32,000)

(8) પાયલ લિ. એ રૂ. 10 નો એક એવા 20,000 ઇક્વિટી શેર્સ બહાર પાડ્યા તે અંગે ત્રણ બાંયધરી દલાલોની બાંયધરી નીચે મુજબ છે :

કેયૂરઃ 10,000 શેર્સ, મંથનઃ 6,000 શેર્સ, જલ્પાઃ 4,000 શેર્સ

તે ઉપરાંત તેમણે નીચે મુજબની નિશ્ચિત બાંયધરી આપી હતી.

કેયૂર = 1,000 શેર્સ, મંથન = 500 શેર્સ, જલ્પા = 1,500 શેર્સ.

કંપનીને કુલ 15,200 શેર્સ માટે અરજીઓ મળી, જેમાં નિશ્ચિત બાંયધરીના શેર્સનો સમાવેશ થાય છે. તે પૈકી નિશ્ચિત બાંયધરી સિવાયની નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

કેયૂર = 3,000 શેર્સ, મંથન = 4,500 શેર્સ, જલ્પા = 1,700 શેર્સ

દરેક બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો. જો

(1) નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો.

(2) નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે તો.

**(ગુ.યુનિ. એફ. વાય માર્ચ - 2008, ઉ.ગુ. યુનિ. એફ.વાય. એપ્રિલ - 2013)**

(**જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 5 : 3 : 2

(1) નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો :

કેયૂરની જવાબદારી = 3,786 શેર્સ + 1,000 નિશ્ચિત = 4786, મંથનની = 500 નિશ્ચિત અને જલ્પા = 1,014 શેર + 1,500 નિશ્ચિત = 2,514)

(2) નિશ્ચિત બાંયધરી એનો રકમ જમા મળે તો

કેયુરની જવાબદારી = 4,500 શેર + 1,000 નિશ્ચિત = 5,500 શેર, મંથન = 100 + 500 નિશ્ચિત = 600 શેર, અને જલ્પા = 200 + 1,500 નિશ્ચિત = 7,700 શેર)

(9) નોમર્ન લિ. 80,000 ઈક્વિટી શેર બહાર પાડે છે જે અંગે બાંયધરી નીચે મુજબ છે.

મિસ્ટર A = 48,000 શેર

B એન્ડ કં = 20,000 શેર

મેસર્સ C કોર્પોરેશન = 12,000 શેર

નિશ્ચિત બાંયધરી નીચે મુજબ છે :

| | |
|---|---|
| મિસ્ટર A | 6,400 શેર |
| B એન્ડ કે | 8,000 શેર |
| મેસર્સ C કોર્પોરેશન | 2,400 શેર |

નિશ્ચિત બાંયધરી સિવાયની અને નિશાનીવાળી અરજી સહિતની કુલ 40,000 શેર માટે અરજી મળેલ છે. જેમાં નિશાનીવાળી અરજી નીચે મુજબ છે :

| | |
|---|---|
| મિસ્ટર A | 8,000 શેર |
| B એન્ડ કે | 10,000 શેર |
| મેસર્સ C કોર્પોરેશન | 4,000 શેર |

બાંયધરી કરારની જોગવાઈ મુજબ નિશ્ચિત બાંયધરી અંગેની અરજી બાંયધરી દલાલોને જમા આપવાની છે અને નિશાની વગરની અરજી બાંયધરી દલાલો વચ્ચે તેમણે સ્વીકારેલ જવાબદારીના પ્રમાણમાં ફાળવવાની છે.

બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો. (C.A. નવે.1997)

(**જવાબ :** બાંયધરી દલાલોની જવાબદારીનું પ્રમાણ = 12:5:3

નિશાની વગરની અરજીઓ = 18,000

આખરની જવાબદારી = મિસ્ટર A = 20,800 + 6,400 નિશ્ચિત = 27,200

B એન્ડ કં. = 8,000 નિશ્ચિત (કોર્પો = 2,400 + 2,400 નિશ્ચિત = 4,800)

(10) ઈન્ડિયા કંપનીએ રૂ. 10 નો એક એવા 4,00,000 શેર બહાર પાડ્યા તે અંગે ઋણ બાંયધરી દલાલ - લાલ, બાલ અને પાલ નીચે મુજબ બાંયધરી આપી છે :

લાલ = 2,40,000 શેર, બાલ = 1,00,000 શેર, પાલ = 60,000 શેર

તે ઉપરાંત ત્રણેયએ નીચે મુજબ નિશ્ચિત બાંયધરી આપી હતી :

લાલ = 32,000 શેર, બાલ = 12,000 શેર, પાલ = 40,000 શેર

કંપનીને કુલ 3,00,000 શેર માટે અરજીઓ મળી હતી, જેમાં નિશ્ચિત બાંયધરીના શેરનો સમાવેશ થાય છે. તે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

લાલ = 40,000 શેર, બાલ = 80,000 શેર, પાલ = 20,000 શેર

દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો.

(અ) દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો.

(બ) દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા મળે તો.

**(ગુ. યુનિ. એફ.વાય.બી.કોમ માર્ચ - 2009)**

(**જવાબ :** બાંયધરી દલાલોની જવાબદારીનું પ્રમાણ 12:5:3

(અ) નિશ્ચિત બાંયધરી જમા ન મળે તો : નિશાની વગરની અરજીઓ = 1,60,000

આખરની જવાબદારી : લાલ = 88,000 શેર + નિશ્ચિત 32,000 = 1,20,000 શેર

બાદ = શૂન્ય + નિશ્ચિત 12,000 = 12,000 શેર, પાલ = 12,000 + નિશ્ચિત 40,000 = 52,000)

(બ) નિશ્ચિત બાંયધરી જમા મળે તો : નિશાની વગરની અરજી = 76,000

આખરની જવાબદારી : લાલ = 1,00,000 શેર + નિશ્ચિત 32,000 શેર = 1,32,000 શેર

બાલ = શૂન્ય + 12,000 શેર = 12,000, પાલ = શૂન્ય + 40,000 શેર = 40,000 શેર)

(11) ધી વિનોદ લિમિટેડ રૂ. 10 નો એવા 3,20,000 ઇક્વિટી શેર 50 % પ્રીમિયમથી બહાર પાડ્યા. બધા જ શેર્સ માટે ત્રણ બાર્યંરી દલાલોએ નીચે મુજબ બાંયધરી આપેલ છે :

મહેતા = 1,28,000 શેર, મહેન્દ્ર = 1,28,000 શેર, રાવલ = 64,000 શેર

કંપની તે નિશ્ચિત બાંયધરી તેમજ નિશાનીવાળી અરજીઓ સહિત કુલ 2,88,000 ઇક્વિટી શેર માટે અરજીઓ મળી હતી.

| | નિશ્ચિત બાંયધરી વાળી અરજીઓ | નિશાનીવાળી અરજીઓ |
|---|---|---|
| મહેતા | 16,000 શેર્સ | 80,000 શેર્સ |
| મહેન્દ્ર | 8,000 શેર્સ | 64,000 શેર્સ |
| રાવલ | 8,000 શેર્સ | 48,000 શેર્સ |

નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા આપવામાં આવતી નથી. બાંયધરી દલાલોને 5% કમિશન ચૂકવવાનું છે દરેક બાંયધરી દલાલની વ્યક્તિગત જવાબદારી દર્શાવતું પત્રક તૈયાર કરો.

**(ગુ. યુનિ. એફ. વાય. એપ્રિલ - 2014)**

(**જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 2:2:1, નિશાની વગરની અરજીઓ = 96,000 શેર્સ

આખરની જવાબદારી : મહેતા = 8,000 + નિશ્ચિત 16,000 = 24,000 શેર

મહેન્દ્ર = 24,000 + 8,000 નિશ્ચિત = 32,000 શેર, રાવલ = શૂન્ય + નિશ્ચિત 8,000 = 8,000 શેર)

12. એક કંપનીએ 1,75,000 ઇક્વિટી શેર્સ દરેક રૂ. 50નો એક એવા 20 % પ્રિમિયમથી બહાર પાડ્યા. સમગ્ર ભરણા માટે નીચે્ પ્રમાણે બાંયધરી આપવામાં આવી હતી.

| | | |
|---|---|---|
| આરોહી | 1,05,000 શેર | (નિશ્ચિત બાંયધરી 17,500) |
| અનુશ્રી | 52,500 શેર | (નિશ્ચિત બાંયધરી 7,000) |
| અનુરાધા | 17,500 શેર | (નિશ્ચિત બાંયધરી 1,750) |

નિશ્ચિત બાંયધરીવાળા શેર્સ સહિત કુલ 1,57,500 શેર્સ માટેની અરજીઓ મળી. નિશાનીવાળી અરજીઓ (નિશ્ચિત બાંયધરી સિવય) નીચે મુજબ હતી :

આરોહી = 56,000 શેર, અનુશ્રી = 35,000 શેર અને અનુરાધા = 14,000 શેર

દરેક બાંયધરકી દલાલની જવાબદારી નક્કી કરો. જો

(અ) દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો

(બ) દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે તો

**(ગુ. યુનિ. એફ.વાય, એપ્રિલ- 2015)**

(**જવાબ :** (અ) નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો)

જવાબદારીનું પ્રમાણ = 6 : 3 : 1, નિશાની વગર અરજીઓ = 52,500

આખરની જવાબદારી = આરોહી = 16,333 શેર + નિશ્ચિત 17,500 = 33833 શેર)

અનુશ્રી = 1,167 શેર + 7,000 નિશ્ચિત = 8,167 શેર, અનુરાધા = શૂન્ય + 1,750 શેર નિશ્ચિત = 1,750 શેર)

(બ) નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે તો = જવાબદારીનું

પ્રમાણ = 6 : 3 : 1 નિશાની વગરની અરજીઓ = 26,250, આખરની

જવાબદારી = આરોહી = 15,167 શેર્સ + નિશ્ચિત 17,500 શેર = 32,667 શેર, અનુશ્રી = 2333 શેર + 7,000 નિશ્ચિત શેર= 9,333 શેર, અનુરાધા = શૂન્ય + 1,750 શેર = 1,750 શેર)

(13) સંધ્યા લિમિટેડ 4,50,000 ઈક્વિટી શેર દરેક રૂ. 10 નો તેવા 20 % પ્રિમીયમથી બહાર પાડ્યા છે, આ અંગે ત્રણ બાંયધરી દલાલોએ નીચે મુજબ બાંયધરી આપી છે :

| | |
|---|---|
| સૂરજ | 2,25,000 શેર |
| મીનાક્ષી | 1,50,000 શેર |
| વેદ | 75,000 શેર |

આ ઉપરાંત તેઓએ નીચે મુજબની નિશ્ચિત બાંયધરી પણ આપેલ છે.

| | |
|---|---|
| સૂરજ | 37,500 શેર |
| મીનાક્ષી | 22,500 શેર |
| વેદ | 22,500 શેર |

કંપનીને કુલ 3,82,500 શેરની અરજીઓ મળી, જેમાં નિશાનીવાળી અરજીઓનો સમાવેશ થાય છે. નિશ્ચિત બાંયધરી સાથેની નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ છે.

| | |
|---|---|
| સૂરજ | 1,27,500 શેર |
| મીનાક્ષ | 97,500 શેર |
| વેદ | 82,500 શેર |

ઉપરની માહિતી પરથી-

(1) દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો. બાંયધરી દલાલોને નિશ્ચિત બાંયધરીની અરજીઓ જમા આપવામાં આવતી નથી.

(2) સંધ્યા લિમિટેડના ચોપડામાં આમનોંધ લખો. (બાંયધરી કમિશન બહાર પાડેલ કિંમત ઉપર 5% લેખે ગણવાનું છે.)

**(સૌ.યુનિ. એસ.વાય. નવે. -2015)**

(**જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 3 : 2 : 1, નિશાની વગરની અરજીઓ = 78,750, આખરની જવાબદારી સૂરજ = 49,500 શેર + નિશ્ચિત 37,500 = 87,000 શેર

મિનાક્ષી = 18,000 શેર + નિશ્ચિત = 22,500 = 40,500 શેર અને વેદ = શૂન્ય + નિશ્ચિત 22,500 = 22,500 શેર, કમિશન : (4,50,000 × 12 = 54,00,000 × 5 % = 2,70,000, 3 : 2 : 1 ના પ્રમાણમાં વહેચતા સૂરજ = 13,500, મિનાક્ષી = 90,000 અને વેદ = 45,000

(14) જય કંપની લિ. એ રૂ. 10નો તેવા 4,50,000 ઈક્વિટી શેર બહાર પાડ્યા તે અંગે બાંયધરી દલાલોએ નીચે પ્રમાણે બાંયધરી આપેલ છે :

| | |
|---|---|
| શિવ | 2,70,000 શેર |
| શંકર | 1,12,500 શેર |
| શંભુ | 67,500 શેર |

આ ઉપરાંત ત્રણેય બાંયધરી દલાલોએ નીચે પ્રમાણે નિશ્ચિત બાંયધરી પણ આપેલી છે :

શિવ = 36,000 શેર, શંકર = 13,500 શેર, શંભુ = 45,000 શેર

જય કંપની લિ. ને કુલ 3,37,500 શેર માટે અરજીઓ મળેલી છે. તેમાં નિશ્ચિત બાંયધરીના શેર્સનો સમાવેશ થાય છે તે પૈકી નિશાનીવાળી અરજીઓ નીચે પ્રમાણે છે.

શિવ : 45,000 શેર, શંકર = 90,000 શેર, શંભુ = 22,500 શેર

બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરતું પત્રક તૈયાર કરો.

નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા આપવામાં આવતી નથી.

**(સૌ. યુનિ. બી.કોમ. સેમ-3 નવે. 2016)**

(**જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 12 : 5 : 3, નિશાની વગરની અરજી = 1,80,000

સામાન્ય જવાબદારી = શિવ = 99,000 શેર અને શંભુ = 13,500 શેર, આખરની જવાબદારી : શિવ = 1,35,000 શેર, શંકર = 13,500 શેર અને શંભુ= 58,500 શેર)

(15) પારસ લિ. એ રૂ. 10 નો એક એવા 28,000 ઈક્વિટી શેર બહાર પાડ્યા,. તે અંગે ત્રણ બાંયધરી દલાલોની બાંયધરી નીચે મુજબ છે :

અઃ 14,000 શેર, બઃ 8,400 શેર, કઃ 5,600 શેર

તે ઉપરાંત તેમણે નીચે મુજબની નિશ્ચિત બાંયધરી આપી હતી :

અઃ 1,400 શેર, બઃ 700 શેર, કઃ 2,100 શેર

કંપનીને કુલ 21,280 શેર માટે અરજીઓ મળી, જેમાં નિશ્ચિત બાંયધરીના શેર્સનો સમાવેશ થાય છે. તે પૈકી નિશ્ચિત બાંયધરી સિવાયની નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

અઃ 4,200 શેર, બઃ 6,300 શેર, કઃ 2,380 શેર

દરેક બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો. જો...

(1) નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળ તો....

(2) નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે તો. **(ગુ.યુનિ. એફ.વાય. એપ્રિલ - 2016)**

(**જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 5 : 3 : 2

(1) નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે તો : નિશાની વગરની અરજીઓ = 8,400, આખરની જવાબદારી = અઃ 5,300 શેર + 1,400 શેર = 6,700 શેર, બ = શૂન્ય + 700 નિશ્ચિત = 700 શેર, ક = 1,420 શેર + 2,100 નિશ્ચિત શેર = 3,520 શેર)

(2) નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે તો : નિશાની વગરની અરજીઓ = 2,400 આખરની જવાબદારી : અઃ 6,300 શેર + નિશ્ચિત 1,400 = 7,700 શેર, બઃ 140 શેર + 700 નિશ્ચિત = 840, ક = 280 શેર + નિશ્ચિત 2,100 = 2,380 શેર)

(16) મારૂતિ લિમિટેડ 16,00,000 ડિબેન્ચર્સ બહાર પાડે છે. જેની બાંયધરી નીચે મુજબ છે :

A : 9,60,000 ડિબેન્ચર્સ, B : 4,00,000 ડિબેન્ચર્સ, C : 2,40,000 ડિબેન્ચર્સ

આ બાંયધરી દલાલોની નિશ્ચિત બાંયધરી નીચે મુજબ છે :

A : 1,28,000 ડિબેન્ચર્સ, B : 48,000 ડિબેન્ચર્સ, C : 1,60,000 ડિબેન્ચર્સ

નિશ્ચિત બાંયધરી સિવાય નિશાનીવાળી અરજીઓ સહિત 8,00,000 ડિબેન્ચર્સનું ભરણું ભરાયું હતું. નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ છે :

A : 1,60,000 ડિબેન્ચર્સ, B : 3,20,000 ડિબેન્ચર્સ, C : 80,000 ડિબેન્ચર્સ

દરેક બાંયધરી દલાલોની જવાબદારી નક્કી કરો.

**(જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 12 : 5 : 3

A ની જવાબદારી = 3,52,000 ડિબેન્ચર્સ + નિશ્ચિત 1,28,000 = 4,80,000 ડિબેન્ચર્સ

B ની જવાબદારી = શૂન્ય + નિશ્ચિત 48,000 = 48,000 ડિબેન્ચર્સ

C ની જવાબદારી = 48,000 ડિબેન્ચર્સ + નિશ્ચિત 1,60,000 = 2,08,000 ડિબેન્ચર્સ

**(દ.ગુ.યુનિ.એમ.કોમ. સેમ-4, એપ્રિલ/મે-2016)**

(17) MSG લિમિટેડની તા. 1-1-2015 ના રોજ રૂ. 10 નો એક એવા 5,00,000 ઈક્વિટી શેરની સત્તાવાર થાપણની નોંધણી થઈ. કંપનીએ 80% ઈક્વિટી શેર શેરદીઠ રૂ. 1 ના પ્રીમિયમથી જાહેર જનતા માટે બહાર પાડ્યા. આ અંગે નીચે મુજબ શેર દલાલોએ બાંયધરી આપી હતી. સત્યમ = 15%, શિવમ્ = 25%, સુંદરમ્ = 60%

બાંયધરી દલાલોએ નિશ્ચિત બાંયધરી અંગેના 1,00,000 ઈક્વિટી શેર માટે નીચે મુજબ અરજીઓ કરી હતી.

સત્યમ : 20%, શિવમ્ : 50%, સુંદરમ્ : 30%

નિશ્ચિત બાંયધરી સિવાય પરંતુ નિશાનીવાળી અરજીઓ સહિત કંપનીને કુલ 2,50,000 ઈક્વિટી શેર માટે અરજીઓ મળી હતી. જેમાં નિશાનીવાળી અરજીઓ નીચે મુજબ હતી :

સત્યમ : 20,000 શેર, શિવમ્ : 40,000 શેર, સુંદરમ્ : 50,000 શેર

બાંયધરી કરારની જોગવાઈ મુજબ બાંયધરી દલાલોને નિશ્ચિત બાંયધરીની અરજીઓ જમા આપવાની છે.

1. દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરી.
2. બાંયધરી દલાલોને દાર્શનિક કિંમત પર 5% કમિશન આપવાની ધારણા MSG કરી લિ. ના ચોપડે આમનોંધ લખો.

**(સૌ.યુનિ.બી.કોમ. સેમ-3, નવે-2015)**

**(જવાબ :** જવાબદારીનું પ્રમાણ = 3 : 5 : 12, બહાર પાડેલ શેર = 4,00,000

આખરની જવાબદારી = સત્યમ્ : શૂન્ય + નિશ્ચિત 20,000 = 20,000

= શિવમ્ : શૂન્ય + નિશ્ચિત 50,000 = 50,000 શેર

= સુંદરમ્ : 50,000 + નિશ્ચિત 30,000 = 80,000 શેર.)

એકમ 3

# કંપનીના વાર્ષિક હિસાબો-1

## (કંપનીધારા, 2013ની જોગવાઈઓ અને પરિશિષ્ટ-3 મુજબ નાણાકીય પત્રકોના નમૂના)

**પ્રસ્તાવના :**

આજના આધુનિક યુગમાં દરેક ધંધાકીય એકમમાં કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરવા ખૂબ જ જરૂરી છે. વાર્ષિક હિસાબોમાં જુદા જુદા નાણાકીય પત્રકો તૈયાર કરવામાં આવે છે. આ નાણાકીય પત્રકો ધંધાકીય એકમ સાથે સંકળાયેલ શેરહોલ્ડર્સ, વિશ્લેષણકારો, સંચાલકો, કરવેરાના સત્તાધીશો તેમજ એકમ સાથેના અન્ય હિત ધરાવનારાઓ માટે ખુબ જ અગત્યના છે. નાણાકીય પત્રકો કંપનીની નાણાકીય સ્થિતિ વિશે જરૂરી માહિતી આપે છે. કંપનીઓમાં જાહેર પ્રજાનું મુખ્યહિત હોય છે. સંચાલકો જાહેર પ્રજાના નાણાનો ઉપયોગ કેવી રીતે કરે છે. તે તેમની સમક્ષ રજૂ કરતા કાયદા દ્વારા કંપનીઓને પોતાના વાર્ષિક હિસાબો રજૂ કરવાની ફરજ પડે છે. માટે, કંપનીધારા 2013ની કલમ 129(1) મુજબ નાણાકીય પત્રકો કંપનીની સાચી અને વાજબી પરિસ્થિતિનો ખ્યાલ આપે છે. કંપનીમાં નાણાકીય પત્રકો કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3માં દર્શાવેલ નમૂના મુજબ તૈયાર કરવા જરૂરી છે. ખાસ ધ્યાન રાખવાનું છે કે કલમ 129(1)માં અન્ય કંપનીઓ જેવી કે વીજળી કંપની, બેન્કિંગ કંપનીઓ અને વીમા કંપનીઓને આ નાણાકીય પત્રકોના નમૂનાઓ લાગુ પડતા નથી.

વાર્ષિક હિસાબોમાં કાયદાની જોગવાઈ અનુસાર કઈ વિગતો આપવી અને તે માટે દરેક કંપની માટે પાકા સરવૈયાનું ફોર્મ આપવામાં આવ્યું છે. જેનો ઉપયોગ કંપની માટે ફરજીયાત છે. તેમજ બધી જ કંપનીઓ માટે કંપનીધારો, 2013ના પરિશિષ્ટ-3 મુજબ પાકું સરવૈયું અને નફા-નુકસાનનું પત્રક બનાવવું ફરજીયાત છે.

**નાણાકીય પત્રકોનો અર્થ :**

નાણાકીય પત્રકો એટલે હિસાબી સમય પૂર્ણ થતા હિસાબી પ્રક્રિયાને અંતે હિસાબી માહિતીને ટૂંકમાં રજૂ કરતાં પત્રકો.

નાણાકીય પત્રકો ધંધાકીય એકમના આંતરિક અને બાહ્ય ઉપયોગકર્તાઓને હિસાબી પરિણામોની ઓળખ અથવા જાણ કરે છે.

નાણાકીય પત્રકો (કંપનીધારા 2013ની કલમ 2(40) પ્રમાણે

(1) નાણાકીય વર્ષનું નફા-નુકસાન દર્શાવતું પત્રક

(2) નાણાકીય વર્ષના અંતેનું પાકું સરવૈયું

(3) રોકડ પ્રવાહ પત્રક

(4) ઈક્વિટીમાં ફેરફાર દર્શાવતું પત્રક

(5) હિસાબોને લગતી નોંધો

કંપનીધારા 2013 ની કલમ 2 (41) મજબ નાણાકીય વર્ષ એટલે દર વર્ષે 31મી માર્ચના રોજ પૂરો થતો સમય. એટલે કે જો કોઈપણ વર્ષમાં 1 જાન્યુઆરી કે 1 ફેબ્રુઆરીના રોજ કે પછી કંપનીની સ્થાપના થયેલ હોય તો કંપનીનું નાણાકીય વર્ષ તે પછીના વર્ષે પૂરા થતા 31 માર્ચ સુધીનું ગણાશે. એટલે કે સામાન્ય રીતે નાણાંકીય વર્ષ 12 માસનું હોય છે.

સમયગાળો - 1 લી એપ્રિલ થી 31 મી માર્ચ

જે નાણાકીય પત્રકો છે તે હંમેશા ભૂતકાળના સમય પર આધારિત હોય તેથી આ પત્રકોને ઐતિહાસિક પત્રકો તરીકે ઓળખાવાય છે. અહીં દર્શાવેલ આંકડા નાણાં સ્વરૂપના હોય છે. આ પત્રકો નોંધાયેલ સત્ય હકીકતો પર આધારિત હોય છે. છતાં અમુક અતિ મહત્વની અસરો દર્શાવવામાં આવતી નથી. નફા-નુકસાન ખાતું એ આપેલ સમય માટેનો નફો કે નુકસાન દર્શાવે છે. તેથી, તે કંપનીની નાણાકીય કામગીરી દર્શાવે છે. જ્યારે પાકું સરવૈયું એ ધંધાની મિલકતો તેમજ જવાબદારીઓ દર્શાવે છે. આમ તે ધંધાની આર્થિક સ્થિતિની રજૂઆત કરે છે. નાણાકીય પત્રકોએ ધંધાના સર્વસામાન્ય સ્વીકૃત સિદ્ધાંતોને આધારે તૈયાર કરવામાં આવે છે.

**નાણાકીય પત્રકોના લક્ષણો :**

(1) આમાં દર્શાવવામાં આવતાં આંકડાઓ નાણાં સ્વરૂપમાં હોય.

(2) આ પત્રકો ઐતિહાસિક પત્રકો તરીકે ઓળખાય કારણ કે આ પત્રકો ભૂતકાળ સ્વરૂપના હોય છે.

(3) આ પત્રકો સત્ય પર આધારિત હોય છતાં અમુક સત્યતા દર્શાવાતી નથી.

(4) પાકું સરવૈયું એ ધંધાકીય એકમની સ્થિતિ દર્શાવે છે. નાણાંકીય સ્થિતિનો ખ્યાલ આવે છે.

(5) નફા-નુકસાન ખાતું એ નફો કે નુકસાન દર્શાવે છે. નાણાકીય કામગીરીનો દેખાવ થાય છે.

(6) સ્વીકૃત સિદ્ધાંતો પર આધારિત છે.

(7) હિસાબી ધોરણો પ્રમાણે એકથી વધારે વિકલ્પો હોઈ શકે.

**નાણાકીય પત્રકોના તૈયા2 કરવાના હેતુઓ :**

(1) કંપનીની નાણાંકીય કામગીરી અંગે સાચો અને વાજબી ખ્યાલ મળે છે.

(2) કંપનીની નાણાંકીય સ્થિતિ અંગે સાચી અને વાજબી ખ્યાલ મળે છે.

(3) કાયદાકીય જરૂરિયાતોનું પાલન કરવા અંગે.

(4) ધંધાકીય એકમ સાથે સંકળાયેલા વિવિધ પક્ષકારોને કંપનીની નાણાકીય માહિતી પૂરી પાડે છે.

2013ના કંપનીધારા મુજબ પાકું સરવૈયું

પરિશિષ્ટ-3 મુજબ પાકા સરવૈયાનો નમૂનો

ભાગ-1 : પાકા સરવૈયાનો નમૂનો

કંપનીનું નામ : ____________

______________ ના રોજનું પાકું સરવૈયું

| વિગત | નોંધ નંબર | તા. _____ ના રોજ રકમ () |
|---|---|---|
| I ઈક્વિટી અને દેવાં : | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળો | | |
| (અ) શેરમૂડી | | |
| (બ) અનામત અને વધારો | | |
| (ક) શેર વોરંટની સામે મળેલ રકમ | | |
| (2) શેર વહેંચણી બાકી છે તેવા અરજીના નાણાં | | |
| (3) બિન ચાલુ દેવા | | |
| (અ) લાંબાગાળાના ઉછીના નાણાં | | |
| (બ) પ્રસારિત કરવેરા દેવા (ચોખ્ખી રકમ) | | |
| (ક) અન્ય લાંબાગાળાના દેવા | | |
| (ડ) લાંબાગાળાની જોગવાઈઓ | | |
| (4) ચાલુ દેવા | | |
| (અ) ટૂંકાગાળા માટે ઉછીના નાણાં | | |
| (બ) વેપારી દેવાં | | |
| (ક) અન્ય ચાલુ દેવાં | | |
| (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | |
| કુલ | | |
| II મિલકતો : | | |
| (1) બિન ચાલુ મિલકતો | | |
| (અ) સ્થિર મિલકતો | | |
| (i) દૃશ્ય મિલકતો | | |
| (ii) અદૃશ્ય મિલકતો | | |
| (iii) મૂડીકૃત ચાલુ કામ | | |
| (iv) વિકાસ હેઠળની અદૃશ્ય મિલકતો | | |
| (બ) બિન ચાલુ રોકાણો | | |
| (ક) પ્રસારિત કરવેરા મિલકતો (ચોખ્ખી રકમ) | | |
| (ડ) લાંબાગાળાની લોન અને ધિરાણ | | |
| (ઈ) અન્ય બિન ચાલુ મિલકતો | | |
| (2) ચાલુ મિલકતો | | |
| (અ) ચાલુ રોકાણો | | |
| (બ) માલસામગ્રી | | |
| (ક) વેપારી લેણા | | |
| (ડ) રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો | | |
| (ઈ) ટૂંકાગાળાની લોન અને ધિરાણ | | |
| (ફ) અન્ય ચાલુ મિલકતો | | |
| કુલ | | |

**હિસાબોને લગતી નોંધો :**

**ઈક્વિટી અને દેવાં અંગે હિસાબોને લગતી નોંધો :**

**નોંધ-1 શેર મૂડી**

| | | |
|---|---|---|
| સતાવાર મૂડી : | | |
| _____ ઈક્વિટી શેર દરેક ₹ _____ નો | | 3 |
| _____ % ના _____ પ્રેફરન્સ શેર દરેક ₹ _____ નો | | 3 |
| 2 | | 3 |
| બહાર પાડેલી, ભરપાઈ થયેલી અને વસૂલ આવેલી મૂડી | | |
| ઈક્વિટી શેર મૂડી | 3 | |
| પ્રેફરન્સ શેર મૂડી | 3 | |
| | 3 | |
| બાદ : બાકી હપતા | 3 | |
| | 3 | |
| ઉમેરો : શેર જપ્તી ખાતે | 3 | 3 |
| **કુલ** | | 3 |

★ અહીં બાકી હપતા શેર મૂડીના મથાળા હેઠળ બાદ થશે. પરંતુ ''અગાઉથી મળેલ હપતા'' એ ચાલુ દેવાંના પેટા શીર્ષક હેઠળ ''અન્ય ચાલુ દેવા'' હેઠળ દર્શાવવામાં આવે છે.

**નોંધ-2 અનામત અને વધારો**

| વિગત | | ₹ |
|---|---|---|
| સામાન્ય અનામત | | 3 |
| મૂડી અનામતન | | 3 |
| મૂડી પરત અનામત | | 3 |
| જામીનગીરી પ્રીમિયમ અનામત | | 3 |
| ડિબેંચર પરત અનામત કે ભંડોળ | | 3 |
| પુનઃ મૂલ્યાંકન અનામત | | 3 |
| ડિવિડન્ડ સમતૂલા ભંડોળ | | 3 |
| રોકાણ વધઘટ અનામત | | 3 |
| કામદાર અકસ્માત વળતર2 ભંડોળ | | 3 |
| આકસ્મિક જવાબદારીઓ અંગે અનામત | | 3 |
| શેર ઓપ્શનની બાકી રકમ | | 3 |
| અન્ય અનામતો | | 3 |
| વધારો (નફા-નુકસાન પત્રકની બાકી) | | |
| શરૂઆતની બાકી | 3 | |
| ઉમેરો : ચાલુ વર્ષના નફા-નુકસાન પત્રક મુજબ વધારો | 3 | |
| | 3 | |

| | | | |
|---|---|---|---|
| **બાદ : જોગવાઈઓ અને ફાળવણી** | | | |
| વચગાળાનું ડિવિડન્ડ | 3 | | |
| સૂચિત ડિવિડન્ડ (ઈક્વિટી, પ્રેફરન્સ) | 3 | | |
| કોર્પોરેટ ડિવિડન્ડ ટેક્સ | 3 | | |
| બોનસ શેર માટેની ફાળવણી | 3 | | |
| અન્ય અનામતો ખાતે ફાળવણી | 3 | 3 | 3 |
| કુલ | | | 3 |

**નોંધ-3 લાંબાગાળાના ઉછીના નાણા**

| વિગત | ₹ |
|---|---|
| ડિબેન્ચર્સ | 3 |
| બોન્ડ | 3 |
| બેંકો પાસેથી લીધેલ મુદતી લોન | 3 |
| ડિપોઝિટસ/જાહેર થાપણો | 3 |
| કુલ | 3 |

**નોંધ-4 અન્ય લાંબાગાળાના દેવાં**

| વિગત | ₹ |
|---|---|
| લેણદારો (પા.સ.ની તારીખના 12 માસ પછી ચૂકવવાપાત્ર) | 3 |
| દેવી હૂંડીઓ (પા.સ.ની તારીખના 12 માસ પછી ચૂકવવાપાત્ર) | 3 |
| ડિબેંચર પરત પ્રીમિયમ | 3 |
| પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમ | 3 |
| હપતા પદ્ધતિએ ખરીદેલ કાયમી મિલકતો પર ચૂકવવાપાત્ર બાકી રકમ | 3 |
| કુલ | 3 |

**નોંધ-5 લાંબાગાળાની જોગવાઈઓ**

| વિગત | ₹ |
|---|---|
| પ્રોવિડન્ટ ફંડ, સ્ટાફ પેન્શન ફંડ, ગ્રેજ્યુઈટી | 3 |
| કર્મચારીની નિવૃત્તિ વખતે રોકડમાં રૂપાંતરપાત્ર રજાઓની | 3 |
| ચૂકવવાપાત્ર રકમ, કામદાર નફાભાગ ભંડોળ | 3 |
| કાયમી મિલકતોનું ઘસારા ફંડ | 3 |
| વોરંટીની જોગવાઈ | 3 |
| કુલ | 3 |

**નોંધ-6 ટૂંકાગાળાનાં ઉછીનાં લીધેલાં નાણાં**

| વિગત | ₹ |
|---|---|
| માગ પર પરત કરવાપાત્ર બેંક લોન | 3 |
| કેશ ક્રેડિટ | 3 |
| માગ પર પરત કરવાપાત્ર અન્ય પક્ષકારોની લોન | 3 |
| ડિપોઝિટ્સ | 3 |

| | |
|---|---|
| સંબંધિત પક્ષકારો પાસેથી લીધેલી લોન અને ધિરાણ | 3 |
| બેન્ક ઓવરડ્રાફ્ટ | 3 |
| કુલ | 3 |

**નોંધ-7 વેપારી દેવાં**

| વિગત | ₹ |
|---|---|
| લેણદારો | 3 |
| દેવી હૂંડીઓ | 3 |
| કુલ | 3 |

**નોંધ-8 અન્ય ચાલુ દેવાં**

| વિગત | ₹ |
|---|---|
| અગાઉથી મળેલ આવકો | 3 |
| નહિ ચૂકવેલ ડિવિડન્ડ | 3 |
| ચૂકવવાના બાકી ખર્ચા | 3 |
| અગાઉથી મળેલ હપતા | 3 |
| લાંબાગાળાનાં દેવાંની ચાલુ વર્ષે પાકતી રકમ | 3 |
| લાંબાગાળાની નાણાકીય ભાડાપટ્ટાની જવાબદારીઓની ચાલુ વર્ષે પાકતી રકમ | 3 |
| ઉછીના નાણાં પર ચઢેલ પરંતુ ચૂકવવાપાત્ર નહીં થયેલ વ્યાજ | 3 |
| ઉછીના નાણાં પર ચઢેલ અને ચૂકવવાપાત્ર નહીં થયેલ વ્યાજ | 3 |
| મંજૂર થયેલ જામીનગીરીઓ પર અરજીનાં પરત કરવાના નાણાં તેના પરના ચઢેલ વ્યાજ સહિત જણાવવા નહિ ચૂકવેલ પાકતી ડિપોઝીટ્સ અને તેના પર ચૂકવવાપાત્ર થયેલ વ્યાજ | 3 |
| ચાલુ વર્ષે પાકતા ડિબેંચર પર નહિ ચૂકવેલ રકમ, ચૂકવવાપાત્ર વ્યાજ સહિત | 3 |
| કુલ | 3 |

**નોંધ-9 ટૂંકાગાળાની જોગવાઈઓ**

| વિગત | ₹ |
|---|---|
| કર્મચારી કલ્યાણ સંબંધી જોગવાઈઓ (12 માસ માટે) | 3 |
| કરવેરાની જોગવાઈ | 3 |
| ઘાલખાધ અનામતની જોગવાઈ | 3 |
| દેવાદારો પર વટાવ અનામતની જોગવાઈ | 3 |
| કુલ | 3 |

**''મિલકતો'' અંગે હિસાબોને લગતી નોંધો :**

**નોંધ-10 દૃશ્ય કાયમી મિલકતો**

| વિગત | શરૂની બાકી | વર્ષ દરમિયાન વધારો/ ઘટાડો | છેવટની બાકી | બાદ : ઘસારો | છેવટની ચોખ્ખી મિલકતો |
|---|---|---|---|---|---|
| જમીન | 3 | 3 | 3 | 3 | 3 |
| મકાન | 3 | 3 | 3 | 3 | 3 |
| પ્લાન્ટ | 3 | 3 | 3 | 3 | 3 |
| યંત્રો | 3 | 3 | 3 | 3 | 3 |
| વાહનો | 3 | 3 | 3 | 3 | 3 |
| ઓફિસ સાધનો | 3 | 3 | 3 | 3 | 3 |
| કુલ | 3 | 3 | 3 | 3 | 3 |

**નોંધ-11 અદૃશ્ય મિલકતો**

| વિગત | શરૂની બાકી | વર્ષ દરમિયાન વધારો/ ઘટાડો | છેવટની બાકી | બાદ : ઘસારો | છેવટની ચોખ્ખી મિલકતો |
|---|---|---|---|---|---|
| પાઘડી | 3 | 3 | 3 | 3 | 3 |
| પેટન્ટ્સ | 3 | 3 | 3 | 3 | 3 |
| ટ્રેડમાર્ક | 3 | 3 | 3 | 3 | 3 |
| કોપીરાઈટ | 3 | 3 | 3 | 3 | 3 |
| ખાણસંબંધી અધિકારો | 3 | 3 | 3 | 3 | 3 |
| ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપટી | 3 | 3 | 3 | 3 | 3 |
| રાઈટસ, સેવાઓ, ફોર્મ્યુલા, મોડલ્સ ડિઝાઈન પ્રોટોટાઈપ લાઈસન્સ ફ્રેન્ચાઈઝીસ | 3 | 3 | 3 | 3 | 3 |
| કુલ | 3 | 3 | 3 | 3 | 3 |

**નોંધ-12 ઘસારાની જોગવાઈ/ઘસારા ભંડોળ**

| વિગત | શરૂની બાકી ₹ | વર્ષ દરમ્યાન વધારો/ઘટાડો ₹ | છેવટની બાકી ₹ |
|---|---|---|---|
| મકાન પર | 3 | 3 | 3 |
| પ્લાન્ટ પર | 3 | 3 | 3 |
| યંત્રો પર | 3 | 3 | 3 |
| વાહનો પર | 3 | 3 | 3 |
| ઓફિસ સાધનો પર | 3 | 3 | 3 |
| અન્ય મિલકતો પર | 3 | 3 | 3 |
| કુલ | 3 | 3 | 3 |

**નોંધ-13 બિન ચાલુ રોકાણો**

| વિગત | ₹ |
|---|---|
| ઈક્વિટી શેરમાં રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| પ્રેફરન્સ શેરમાં રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| મિલકતોમાં રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| સરકારી જામીનગીરીમાં રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| ડિબેંચર/બોન્ડમાં રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| ભાગીદારી પેઢીમાં રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| અન્ય બિનચાલુ રોકાણો (12 માસથી વધુ સમયગાળા માટે) | 3 |
| કુલ | 3 |

**નોંધ-14 લાંબાગાળાની લોન અને ધિરાણ**

| વિગત | ₹ |
|---|---|
| સંબંધિત પક્ષકારોને કરલાં ધિરાણો | 3 |
| મૂડીકૃત ધિરાણો (દા.ત. મિલકત ખરીદી પેટે આપેલ એડવાન્સ રકમનો ચેક) | 3 |
| સિક્યુરિટી ડિપોઝિટ (દા.ત. ટેલિફોન ડિપોઝીટ, વીજ જોડાણ મેળવવા મૂકેલ ડિપોઝીટ વગેરે) | 3 |
| કર્મચારીઓને ધીરેલ લાંબાગાળાની લોન માલ પૂરો પાડનારાઓને કરેલ લાંબાગાળાનું ધિરાણ | 3 |
| કુલ | 3 |

**નોંધ-15 અન્ય બિન ચાલુ મિલકતો**

| વિગત | ₹ |
|---|---|
| લાંબાગાળાના વેપારી દેવાદારો | 3 |
| નહિ માંડી વાળેલ બાંયધરી કમિશન | 3 |
| નહિ માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | 3 |
| સંયોજન હવાલા ખાતુ | 3 |
| વિકાસ ખર્ચા | 3 |
| જાહેરાત ઉપલક ખાતું | 3 |
| જાહેરાત ઝુંબેશ ખર્ચા | 3 |
| બહાર પાડેલ શેર/ડિબેંચર પર નહિ માંડી વાળેલ વટાવ/નુકસાન | 3 |
| કુલ | 3 |

**નોંધ-16 ચાલુ રોકાણો**

| વિગત | ₹ |
|---|---|
| ઈક્વિટી શેરમાં રોકાણો (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| પ્રેફરન્સ શેરમાં રોકાણો (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| ડિબેંચર્સ/બોન્ડમાં રોકાણો (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |

| | |
|---|---|
| સરકારી જામીનગીરીમાં રોકાણો (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| ભાગીદારી પેઢીમાં રોકાણો (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| અન્ય રોકાણો (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| કુલ | 3 |

**નોંધ-17 માલસામગ્રી**

| વિગત | ₹ |
|---|---|
| કાચો માલ | 3 |
| અર્ધ તૈયાર માલ | 3 |
| તૈયાર માલ | 3 |
| માર્ગસ્થ માલ | 3 |
| સ્ટોર્સ અને સ્પેર્સ | 3 |
| છૂટા ઓજારો | 3 |
| છૂટા ભાગો | 3 |
| અન્ય માલસામગ્રી | 3 |
| કુલ | 3 |

**નોંધ-18 વેપારી લેણાં**

| વિગત | ₹ |
|---|---|
| પરચૂરણ દેવાદારો | 3 |
| લેણી હૂંડીઓ | 3 |
| કુલ | 3 |

**નોંધ-19 રોકડ અને રોકડ સ્વરૂપની મિલકતો**

| વિગત | ₹ |
|---|---|
| હાથ પરની રોકડ સિલક | 3 |
| હાથ પરના ચેક | 3 |
| હાથ પરના ડ્રાફ્ટસ | 3 |
| બેંકમાં સિલક | 3 |
| અન્ય | 3 |
| કુલ | 3 |

**નોંધ-20 ટૂંકાગાળાનાં લોન અને ધિરાણ**

| વિગત | ₹ |
|---|---|
| કર્મચારીઓને ધિરાણ (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| ડિરેક્ટરને આપેલ લોન (12 માસથી ઓછા સમયગાળા માટે) | 3 |
| સંબંધિત પક્ષકારોને કરેલ ધિરાણ | 3 |
| વેપારીને આપેલ એડવાન્સ | 3 |
| અન્ય | 3 |
| કુલ | 3 |

**નોંધ-21 અન્ય ચાલુ મિલકતો**

| વિગત | ₹ |
|---|---|
| મળવાની બાકી આવક | 3 |
| અગાઉથી ચૂકવેલ ખર્ચા | 3 |
| અગાઉથી ચૂકવેલ કરવેરા | 3 |
| નહિ માંડી વાળેલ ડિબેંચર વટાવ | 3 |
| નહિ માંડી વાળેલ બાંયધરી કમિશન | 3 |
| નહિ માંડી વાળેલ પ્રાથમિક ખર્ચા | 3 |
| ડિબેંચર પર નહિ માંડી વાળેલ નુકસાન | 3 |
| કુલ | 3 |

પરિશિષ્ટ-3 મુજબ નફા-નુકસાનના પત્રકનો નમૂનો

ભાગ-2 નફા-નુકસાનનું પત્રક (નમૂનો)

કંપનીનું નામ : ____________

____________ ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું

| વિગત | નોંધ નંબર | ₹ |
|---|---|---|
| 1 ધંધાકીય પ્રવૃત્તિમાંથી આવક | | |
| 2 અન્ય આવકો | | |
| 3 કુલ આવકો (I + II) | | |
| 4 ખર્ચાઓ | | |
| - ખર્ચાઓ | | |
| - વપરાયેલ માલસામગ્રીની કિંમત | | |
| - તૈયાર માલ/અર્ધ તૈયાર માલ અને વેપારી સ્ટોકની કિંમતમાં થયેલા ફેરફારો | | |
| - કર્મચારી કલ્યાણ અંગેના ખર્ચા નાણાંકીય ખર્ચા | | |
| - ઘસારો અને લખી વાળવાનો ખર્ચ | | |
| - અન્ય ખર્ચાઓ | | |
| - કુલ ખર્ચાઓ | | |
| 5 અસાધારણ અને વિશિષ્ટ પ્રકારની રકમો તથા કરવેરા અગાઉનો નફો (III - IV) | | |
| 6 અસાધારણ આઈટમો | | |
| 7 વિશિષ્ટ પ્રકારની રકમો તથા કરવેરા અગાઉનો નફો (V - VI) | | |
| 8 વિશિષ્ટ આઈટમો | | |
| 9 કરવેરા અગાઉનો નફો (VII - VIII) | | |
| 10 કરવેરાના ખર્ચા | | |
| (1) ચાલુ કરવેરા | | |
| (2) પ્રસારિત કરવેરા | | |

| | | |
|---|---|---|
| 11 નફો/નુકસાન ધંધાની સતત પ્રવૃત્તિમાંથી (IX + X) | | |
| 12 નફો/નુકસાન ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિમાંથી | | |
| 13 ધંધાની બંધ થયેલી પ્રવૃત્તિઓ પરનો કરવેરા ખર્ચ | | |
| 14 નફો/નુકસાન કરવેરા પછી ધંધાની બંધ થયેલ પ્રવૃત્તિમાંથી | | |
| 15 નફો/નુકસાન (XI + XIV) | | |
| 12 શેરદીઠ કમાણી | | |
| (1) મૂળભૂત | | |
| (2) મંદ | | |

**આવકો અંગે હિસાબોને લગતી નોંધો :**

નોંધ-1 ધંધાકીય પ્રવૃત્તિઓમાંથી આવકો

| વિગત | ₹ |
|---|---|
| પેદાશોનું વેચાણ | 3 |
| સેવાઓનું વેચાણ | 3 |
| અન્ય કાર્યકારી આવકો | 3 |
| કુલ | 3 |

નોંધ-2 અન્ય આવકો

| વિગત | ₹ |
|---|---|
| વ્યાજની આવક | 3 |
| ડિવિડન્ડની આવક | 3 |
| રોકાણ વેચાણમાંથી ઉદ્ભવતો ચોખ્ખો નફો/નુકસાન | 3 |
| અન્ય બિનકાર્યકારી આવક | 3 |
| વિદેશી હૂંડિયામણના વ્યવહારો અને રૂપાંતરમાંથી ઉદ્ભવતો ચોખ્ખો નફો | 3 |
| કુલ | 3 |

**ખર્ચાઓ અંગે હિસાબોને લગતી નોંધો :**

નોંધ-3 માલસામાનની વપરાશ

| વિગત | | ₹ |
|---|---|---|
| કાચા માલનો શરૂનો સ્ટોક | 3 | |
| + કાચા માલની ખરીદી | 3 | |
| + કાચા માલની ખરીદીના ખર્ચા | 3 | |
| – ખરીદ માલ પરત | 3 | 3 |
| – કાચા માલનો આખર સ્ટોક | | 3 |
| કાચા માલની વપરાશ | | 3 |

નોંધ-4 સ્ટોકની કિંમતમાં ફેરફારો

| વિગત | ₹ |
|---|---|
| તૈયાર માલ/અર્ધ તૈયાર માલનો શરૂઆતનો સ્ટોક | 3 |
| બાદ : તૈયાર માલ/અર્ધ તૈયાર માલનો આખરનો સ્ટોક | 3 |
| સ્ટોકની કિંમતમાં ફેરફારો | 3 |

નોંધ-5 કર્મચારી કલ્યાણ અંગેના ખર્ચા

| વિગત | ₹ |
| --- | --- |
| પગાર અને મજૂરી | 3 |
| કર્મચારીઓને બોનસ | 3 |
| પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | 3 |
| ડિરેક્ટરોનું મહેનતાણું | 3 |
| કર્મચારી સ્ટોક ઓપ્શન સ્કીમ (ESOS) અને તે અંગેનો ખર્ચ | 3 |
| કર્મચારી કલ્યાણ ખર્ચા | 3 |
| કુલ | 3 |

નોંધ-6 નાણાકીય ખર્ચા

| વિગત | ₹ |
| --- | --- |
| ડિબેન્ચર વ્યાજ | 3 |
| બેંક પાસેથી ઉછીના લીધેલ નાણાંનું વ્યાજ | 3 |
| અન્ય પાસેથી ઉછીના લીધેલ નાણાંનું વ્યાજ | 3 |
| લોન પ્રોસેસિંગ ચાર્જિસ | 3 |
| લીઝ ફાઈનાન્સિંગ પરના નાણાકીય ખર્ચા | |
| જાહેર થાપણો પરનુ વ્યાજ | 3 |
| કરવેરા સતાવાળાઓએ વસૂલ કરેલ વ્યાજ | 3 |
| કુલ | 3 |

નોંધ-7 ઘસારો અને માંડીવાળેલ મિલકતો

| વિગત | ₹ |
| --- | --- |
| જમીન-મકાન પર ઘસારો | 3 |
| પ્લાન્ટ પર ઘસારો | 3 |
| યંત્રો પર ઘસારો | 3 |
| વાહનો પર ઘસારો | 3 |
| ફર્નિચર પર ઘસારો | 3 |
| ઓફિસના સાધનો પર ઘસારો | 3 |
| માંડી વાળેલ અન્ય દૃશ્ય મિલકતો | 3 |
| માંડી વાળે અદૃશ્ય મિલકતો (પાઘડી, પેટન્ટસ વગેરે) | 3 |
| માંડી વાળેલ બ્રાન્ડસ, કમ્પ્યુટર સોફ્ટવેર | 3 |
| કુલ | 3 |

નોંધ-8 અન્ય ખર્ચાઓ

| વિગત | ₹ |
| --- | --- |
| વીજળી અને બળતણ | 3 |
| ઉત્પાદક મજૂરી | 3 |
| ભાડુ (કારખાના) | 3 |
| સ્ટોર્સ અને છૂટા ભાગોનો વપરાશ | 3 |

| | |
|---|---|
| યંત્રોનુ સમારકામ | 3 |
| પરચુરણ ખર્ચા | 3 |
| ઘાલખાધ | 3 |
| ઘાલખાધ અનામત | 3 |
| ઓફિસ ખર્ચા | 3 |
| ઓફિસ ભાડુ | 3 |
| સ્ટેશનરી | 3 |
| ડિરેક્ટર ફી | 3 |
| વેચાણ વિતરણ ખર્ચા | 3 |
| જાવક માલ ગાડાભાડુ | 3 |
| જાહેરાત ખર્ચા | 3 |
| વીજળી બત્તી | 3 |
| તાર-ટપાલ ખર્ચા | 3 |
| ઓડિટરની ફી | 3 |
| કોર્પોરેટ સોશિયલ રિસપોન્સિબિલિટી સંલગ્ન ખર્ચ | 3 |
| માંડી વાળેલ પ્રાથમિક ખર્ચ | 3 |
| માંડી વાળેલ ડિબેન્ચર વટાવ | 3 |
| માંડી વાળેલ સંસાધન અને વિકાસ ખર્ચ | 3 |
| માંડી વાળેલ જાહેરાત ઉપલક ખાતુ/જાહેરાત ઝુંબેશ ખર્ચ | 3 |
| માંડી વાળેલ અદ્દશ્ય મિલકતો | 3 |
| કુલ | 3 |

**અગત્યના મુદ્દાઓ :-**

● **ઘસારો**

2013ના કંપનીધારાની કલમ 123(1) (અ) અનુસાર પાકા સરવૈયાનાં પરિશિષ્ટ-2 ની જોગવાઈઓ મુજબ ઘસારો ગણવાનો રહેશે. 2013ના કંપનીધારાની જોગવાઈઓ અનુસાર પાકા સરવૈયાના પરિશિષ્ટ-2 અનુસાર ઘસારાની જોગવાઈ થયા પછીના નફામાંથી કે અગાઉના વર્ષોના નફા-નુકસાન મુજબના નફામાંથી ડિવિડન્ડ જાહેર કરી શકાશે. જ્યારે પણ ઘસારો ગણવામાં આવે ત્યારે ''મિલકતના ઉપયોગી આયુષ્ય''ને મુખ્ય પરિબળ તરીકે ધ્યાનમાં લેવામાં આવશે.

**પરિશિષ્ટ-2 મુખ્યત્વે ત્રણ ભાગમાં દર્શાવેલ છે.**

ભાગ-અઃ ઘસારાની ગણતરી માટે પાયાની જોગવાઈઓ દર્શાવે છે.

ભાગ-બઃ ખાસ ધારાકીય જોગવાઈઓ હેઠળ આવતી મિલકતો પર ઘસારો કેવી રીતે ગણવો તે દર્શાવે છે.

ભાગ-કઃ જુદાં જુદાં જૂથની મિલકતોનાં ઉપયોગી આયુષ્ય અંગેની જોગવાઈઓ દર્શાવે છે.

ઉપરના ભાગ-અ, બ અને ક મુજબ જ હવે ઘસારો ગણવાનો રહેશે અને નફા-નુકસાનના પત્રકમાં દર્શાવવાનો રહેશે. ધ્યાન રાખવું કે હવે કંપનીઓએ પોતાની મિલકતો પર ઘસારો આવકવેરાના કાયદામાં આપેલ દર પ્રમાણે ગણવો નહિ. આ રીતે ગણાયેલ ઘસારો બાદ કર્યા પછી જ નક્કી થતા વહેંચણીપાત્ર નફા માંથી ડિવિડન્ડની વહેચણી થઈ શકશે. માટે હવે કંપનીઓએ તા. 1-4-2014થી શરૂ થતા નાણાકીય વર્ષ કે ત્યાર પછી શરૂ થતા જે તે નાણાકીય વર્ષના નફામાંથી ડિવિડન્ડ જાહે2 ક2તા પહેલા પરિશિષ્ટ-2 ની જોગવાઈઓ મુજબ ઘસારો ગણવો જરૂરી છે.

પરિશિષ્ટ -2 ની જોગવાઈ અનુસા2 જૂદાં જદાં જૂથની મિલકતો પર ઘસારો ગણવા માટે કાં તો ઘટતી જતી બાકીની પધ્ધતિ અથવ સીધી લીટીની પદ્ધતિનો ઉપયોગ કંપની કરી શકે છે. પરંતુ ઘસારો ગણતી વખતે ધ્યાન રાખવું કે જે તે મિલકત એક થી વધુ હિસાબી મુદત દ2મિયાન ઉપયોગ થતો હોવો જોઈએ. આવી મિલકતોનુ એક ચોક્કસ આયુષ્ય હોવું જોઈએ એટલે કે તેનું આયુષ્ય અમર્યાદિત આયુષ્ય હોવું નહિ. અહીં મિલકતો કંપનીએ વસ્તુ અને સેવાના ઉત્પાદન અને વિતરણ કાર્ય અંગે જ ઉપયોગ થવો જોઈએ. ધંધાકીય પ્રવૃત્તિઓ દરમિયાન વેચાણ કરવાના હેતુસર ઘસારાપાત્ર મિલકતો ધારણ કરેલ હોવી જોઈએ નહિ.

● **ડિવિડન્ડ :-**

ડિવિડન્ડ એટલે કંપનીના ભેગા થયેલા નફામાંથી સભ્યોને તેમના શેરનાં પ્રમાણમાં મળતો ભાગ. ડિવિડન્ડ હંમેશા શેરની ભરપાઈ થયેલી કિંમત પર જાહેર કરવામાં આવે છે.

દા.ત. જો કોઈ એક કંપનીની મૂડી ₹ 10 ના એક એવા 5,00,000 ઈક્વિડી શેરોમાં વહેચાયેલી હોય અને શેરદિઠ ₹ 6 મંગાવ્યા હોય તો ડિવિડન્ડ ₹ 30,00,000 પર જ આપવામાં આવશે. હવે જો કંપની 10% ડિવિડન્ડ જાહેર કરે તો શેરદિઠ ₹ 0.60 અથવા કુલ ₹ 3,00,000 ડિવિડન્ડ ચૂકવવું પડે. કંપનીધારામાં જણાવ્યા મુજબ ડિવિડન્ડ ફક્ત નફામાંથી જ આપી શકાય એટલે કે મૂડીમાંથી ડિવિડન્ડ આપી શકાય નહિ.

(1) 2013ના કંપનીધારાની જોગવાઈઓ મુજબ ડિવિડન્ડ જાહેર કરતાં પહેલા નફામાંથી કાયમી મિલકતો પર ઘસારો બાદ કરવો જરૂરી છે.

(2) 2013ના કંપનીધારાની જોગવાઈ મુજબ પાછલાં નાણાંકીય વર્ષોની ઘસારાની જોગવાઈઓ બાકી રહેતી હોય તેની ચાલુ વર્ષના નફામાંથી બાદ કરીને ત્યાર પછીના વહેંચણીપાત્ર નફામાંથી જ ચાલુવર્ષના ડિવિડન્ડની જાહેરાત થઈ શકશે.

- ચાલુ વર્ષનું સૂચિત ડિવિડન્ડ પા.સ.ની નીચે સંશપિત દેવાં તરીકે દર્શાવાશે.

(3) શેરમૂડી અંગે અગાઉથી મળેલ હપતા પર ડિવિડન્ડ ચૂકવવામાં આવશે નહિ.

(4) 2013ના કંપનીધારાની કલમ 123 અનુસાર ઘસારાની જોગવાઈ કર્યા પછી અને ઘસારો બાદ કર્યા પછી તે વર્ષનો જે નફો બાકી રહે તેમાંથી

અથવા

કંપનીના પાછલા કોઈ પણ નાણાકીય વર્ષમાં ઘસારો બાદ કર્યા પછી બાકી રહેલો નફો નહિ વહેંચાયેલો હોય તેમાંથી

અથવા

રાજ્ય સરકાર કે મધ્યસ્થ સરકાર તરફથી ઓછામાં ઓછા અમુક ડિવિડન્ડની બાંયધરી આપવામાં આવી હોય તો તે મુજબ સરકારે પૂરાં પાડેલાં નાણાંમાંથી.

(5) પાછલા વર્ષોની ખોટ પણ ડિવિડન્ડ જાહેર કરતાં પહેલા નફામાંથી બાદ કરવી.

(6) ડિવિડન્ડ ફક્ત નોંધાયેલ શેરહોલ્ડર્સને અથવા શેરવોરંટ ધારણ કરનારને કે તેના બેન્કરને આપી શકાય.

(7) 2013ના કંપનીધારાની જોગવાઈ મુજબ કપનીએ ડિવિડન્ડની જાહેરાત કરતાં પહેલા જે તે નાણાકીય વર્ષના વહેંચાણી પાત્ર નફામાંથી યોગ્ય લાગે તેટલી રકમ, અનામત ખાતે ફાળવવાની રહેશે.

(8) બાકી હપતા પર ડિવિડન્ડ ચૂકવવામાં આવશે નહિ.

(9) ડિવિડન્ડ રોકડમાં જ ચૂકવવું જોઈએ.

(10) સામાન્ય રીતે ડિવિડન્ડ જાહેર થયા પછી 30 દિવસમાં તે ચૂકવી આપવું જોઈએ અથવા તો તે મુદતમાં ડિવિડન્ડ વોરંટ રવાના કરવાં જોઇએ.

- **વચગાળાનુ ડિવિડન્ડ :-**

બે વાર્ષિક સામાન્ય સભાઓ વચ્ચે જાહેર કરવામાં આવતું ડિવિડન્ડ એટલે વચગાળાનું ડિવિડન્ડ.

સામાન્ય રીતે આવું ડિવિડન્ડ છ મહિને આપવામાં આવે છે. જો પ્રથમ છ માસના કંપનીના કામકાજ પરથી ડિરેક્ટર્સને એમ લાગે કે કંપનીમાં પૂરતો નફો છે તો તેઓ વચગાળાનું ડિવિડન્ડ જાહે2 કરે છે.

વચગાળાનુ ડિવિડન્ડ જાહેર કરવા હવે આર્ટિકલ્સમાં જોગવાઈની જરૂર નથી.

સામાન્ય રીતે ડિરેકટર્સ વચગાળાના હિસાબો તૈયાર કરાવે છે. અને એ જોતા યોગ્ય લાગે તો જ વચ્ચગાળાનુ ડિવિડન્ડ જાહેર કરે છે. વચગાળાનું ડિવિડન્ડ 6 માસ માટે જ નોંધાય છે .

દા.ત. કંપનીએ ₹ 5,00,00,000 ની શેર થાપણ પર 10% લેખે વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું. પરંતુ જો અહીં ડિવિડન્ડ વાર્ષિક છે કે નહિ તેનો ઉલ્લેખ કર્યો ન હોય તો તે ડિવિડન્ડ રૂ . 5,00,00,000 52 10% ₹ 50,00,000 ગણાશે.

વચગાળાનુ ડિવિડન્ડ શેરદિઠ જાહેર કરવામાં આવે તો ભરપાઈ થયેલ શેરની સંખ્યા × શેર દીઠ ડિવિડન્ડ = વચગાળાની ડિવિડન્ડની કુલ 2કમ ધ્યાનમાં લેવી.

પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ :- ઈકિવટી શેર પ2 ડિવિડન્ડ વહેંચતા પહેલા પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ માત્ર કંપનીના નફામાંથી જ આપવામાં આવે છે. જો પ્રેફરન્સ શેર અંગે કોઈ ઉલ્લેખ કર્યો ન હોય તો આવા શેરને ક્યુમ્યુલેટિવ ગણી, આવા ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શેર ડિવિન્ડની ચૂક્વવાપાત્ર કુલ રકમ 2013ના કંપનીધારાના પરિશિષ્ટ 3 ની જોગવાઈ મુજબ અલગથી દર્શાવવાનું રહેશે.

- ક2વેરાની જોગવાઈ

દરેક કંપની પોતાની વાર્ષિક હિસાબોમાં 2013 કંપનીધારા પ્રમાણે નફા-નુકસાનપત્રકમાં આવકવેરો અને અન્ય નફા પર વેરા દર્શાવવાની જોગવાઈ કરેલ છે. આવકવેરાના કાયદા અનુસાર દરેક કંપનીએ જે વર્ષે નફો કર્યા હોય તે પછીના વર્ષમાં તે માટે કરવેરાની જોગવાઈ કરે છે. અને તેની ચૂકવણી આવતા નાણાકીય વર્ષમાં કરે છે. હંમેશા ચાલુ વર્ષે કરવેરા અંગેની ચોક્કસ કેટલી જવાબદારી થઈ તેનો અંદાજ નક્કી કરવામાં આવે છે અને ચાલુ વર્ષના નફામાંથી જ તેની જોગવાઈ કરવામાં આવે છે.

આમ કરવેરાની જોગવાઈની વાર્ષિક હિસાબોમાં બે અસર થાય છે.

(1) નફાનુકસાનના 5ત્રકમાં કરવેરા બાદ કર્યા પહેલાના નફામાંથી બાદ કરવામાં આવે છે.

(2 ) પાકા સરવૈયામાં ઈકિવટી-દેવાં બાજુ ''ટૂંકા ગાળાની જોગવાઈઓ''ના શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

તેમજ યાદ રાખવું કે આગળના વર્ષમાં ક2વેરાની જોગવાઈ અંગે કોઈ હવાલો નાખવાનો હોય તો તેની અસર પણ નફા-નૂકસાન 5ત્રકમાં આપવી જોઈએ. કરવેરાની જોગવાઈ અંગે નીચે મુજબ હવાલાનોંધ ક2વામાં આવે છે.

| | | |
|---|---|---|
| નફા નુકસાન ખાતે ઉ.<br>તે કરવેરાની જોગવાઈ ખાતે | 3 | <br>3 |

દા.ત. તા- 31-3-2021 ના 2ોજ ધનુષ લિ.ના પાકા સરવૈયામાં નીચેની વિગતો આપેલી છે.

| વિગત | ઉધાર(રૂ) | જમા(રૂ) |
|---|---|---|
| આવકવેરાની જોગવાઈ (1-4-2020) | | 50,000 |
| અગાઉ થી ચૂકવેલ આવકવેરો (1-4-2020) | 20,000 | |
| અગાઉ થી ચૂકવેલ આવકવેરો (ચાલુ વર્ષ) | 15,000 | |

અન્ય માહિતી : 2019-2020ના વર્ષની આવકવે2ાની જવાબદારી ₹ 30,000 નક્કી થઈ છે.

**વાર્ષિક હિસાબોમાં અસર :**

- આવકવેરાની જવાબદારી અને આવકવે2ાની જોગવાઈ વચ્ચેનો તફાવત ₹ 20,000 (₹ 50,000 - ₹30,000) ચાલુ વર્ણના નફા-નુકસાન, પત્રકમાં ક2વેરા બાદ કર્યા પહેલાના નફામાં ઉમેરવામાં આવશે.

પરંતુ જો 2019-20 ના વર્ષની આવકવેરાની જવાબદારી ₹ 60,000 નક્કી થાય તો તફાવત ₹ 10,000 (₹ 60,000 - ₹ 50,000) ચાલુ વર્ષના નફા-નુકસાન પત્રકમાં કરવેરા બાદ કર્યો પહેલાના નફામાંથી બાદ કરવામાં આવશે.

(2) આવકવેરા ની નકકી કરેલ જવાબદારી અને પાછલા વર્ષના ચૂકવેલ આવકવેરા વચ્ચેનો તફાવત ₹ 10,000 (₹ 30,000 - ₹ 20,000) પાકા સરવૈયામાં અન્ય ચાલુ દેવાં તરીકે દર્શાવાશે.

પરંતુ જો ચુકવેલ 2કમ એ ચાલુ વર્ષની નક્કી થયેલ આવકવેરાની જવાબદારી થી વધુ હોય તો તફાવતની રકમ પાકા સરવૈયાંમાં અન્ય ચાલુ મિલકતો તરીકે દર્શાવાશે.

**ઉદાહરણ-1**

નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મૂજબ કંપની ના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

(1) અગાઉથી મળેલ હપતા

(2) સૂચિત ડિવિડન્ડ

(3) ડિબેન્ચર

(4) જામીનગીરી પ્રીમિયમ

(5) અગાઉથી મળેલ ભાડું

(6) નફા-નુકસાન પત્રકની ખોટ

(7) નહિ ચૂકવેલ ડિવિડન્ડ

(8) કરવેરાની જોગવાઈ

(9) ઇક્વિટી શેરમૂડી

(10) ડિબેન્ચર પરત અનામત

(11) લેણદારો

(12) પ્રેફરન્સ શેરમૂડી

(13) ડિબેંચર પર ચૂકવવાનુ બાકી વ્યાજ

(14) બાકી હપતા

(15) ટૂંકાગાળાની લોન (જમાબાકી)

(16) મુદતીલોન

(17) સામાન્ય અનામત

(18) શેર જપ્તી ખાતું

(19) ગ્રેજયુઇટી માટેની જોગવાઈ

(20) અનામત ભંડોળ

(21) ગ્રાહક પાસેથી મળેલ એડવાન્સ

(22) અગાઉથી મળલ શેર હપતા

(23) સામાન્ય અનામત ભંડોળ

(24) આવતા વર્ષે પરત કરવાપાત્ર ડિબેંચર પરત પ્રીમિયમ

(25) જાહેર થાપણ

(26) કામદાર અકસ્માત વળતર ભંડોળ

(27) બેંક ઓવરડ્રાફટ

(28) આવતા વર્ષે પરત થવા પાત્ર ડિબેંચર

(29) બેંક પાસેથી કેશ ક્રેડિટ

(30) બોન્ડ

જવાબ :

| અનુક્રમ નંબર | વિગત | પાકા સરવૈયાનુ શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|---|
| 1 | અગાઉથી મળેલ હપ્તા | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| 2 | સૂચિત ડિવિડન્ડ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| 3 | ડિબેંચર | ઈક્વિટી અને જવાબદારીઓ | બિન ચાલુ જવાબદારી | લાંબા ગાળાના ઉછીના નાણાં |
| 4 | જામીનગીરી પ્રીમિયમ | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | અનામત અને વધારો |
| 5 | અગાઉથી મળેલ ભાડું | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| 6 | નફાનુકસાનની પત્રકની ખોટ | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | અનામત અને વધારો અનામતોની બાકીઓના સરવાળામાંથી બાદ |
| 7 | નહિ ચૂકવેલ ડિવિડન્ડ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| 8 | કરવેરા જોગવાઈ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકા ગાળાની જોગવાઈ |
| 9 | ઈક્વિટી શેરમૂડી | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | શેર મૂડી |
| 10 | ડિબેચર પર અનામત | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | અનામત્ અને વધારો |
| 11 | લેણદારો | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | વેપારી દેવાં |
| 12 | પ્રેફરન્સ શેરમૂડી | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સનો ભંડોળો | શેર મૂડી |
| 13 | ડિબેંચર પર ચૂકવવાનુ બાકી વ્યાજ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારીઓ |
| 14 | બાકી હપતા | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | શેર મૂડીમાંથી બાદ |
| 15 | ટૂંકાગાળાની લોન (જમાબાકી) | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકાગાળાના ઉછીના નાણાં |
| 16 | મુદતીલોન | ઈક્વિટી અને જવાબદારીઓ | બિન ચાલુ જવાબદારી | લાંબાગાળાના ઉછીના નાણાં |
| 17 | સામાન્ય અનામત | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | અનામત અને વધારો |
| 18 | શેર જપ્તી ખાતું | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | શેર મૂડીમાં ઉમેરો |
| 19 | ગ્રેજ્યુઈટી માટેની જોગવાઈ | ઈક્વિટી અને જવાબદારીઓ | બિનચાલુ જવાબદારી | લાંબાગાળાની જોગવાઈઓ |

| | | | | |
|---|---|---|---|---|
| 20 | અનામત ભંડોળ | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | અનામત અને વધારો |
| 21 | ગ્રાહક પાસેથી મળેલ એડવાન્સ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારીઓ | અન્ય ચાલુ જવાબદારી |
| 22 | અગાઉથી મળેલ શેરહપ્તા | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારીઓ | અન્ય ચાલુ જવાબદારી |
| 23 | સામાન્ય અનામત ભંડોળ | ઈક્વિટી અને જવાબદારીઓ | શેર હોલ્ડર્સના ભંડોળ | અનામત અને વધારો |
| 24 | આવતા વર્ષે પરત કરવા પાત્ર ડિબેંચર પરત પ્રીમિયમ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| 25 | જાહેર થાપણ | ઈક્વિટી અને જવાબદારીઓ | બિન ચાલુ જવાબદારી | લાંબા ગાળાના ઉછીના નાણાં |
| 26 | કામદાર અકસ્માત વળતર ભંડોળ | ઈક્વિટી અને જવાબદારીઓ | શેરહોલ્ડર્સના ભંડોળો | અનામત અને વધારો |
| 27 | બેંક ઓવરડ્રાફ્ટ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકાગાળાના ઉછીના નાણાં |
| 28 | આવતા વર્ષે પરત થવા પાત્ર ડિબેંચર | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | અન્ય ચાલુ જવાબદારી |
| 29 | બેંક પાસેથી કેશક્રેડિટ | ઈક્વિટી અને જવાબદારીઓ | ચાલુ જવાબદારી | ટૂંકાગાળાના ઉછીના નાણાં |
| 30 | બોન્ડ | ઈક્વિટી અને જવાબદારીઓ | બિન ચાલુ જવાબદારી | લાંબાગાળાના ઉછીના નાણાં |

**ઉદાહરણ-2**

નીચે આપેલ બાકીઓ પરથી કંપનીધારા 2013 ના પરિશિષ્ટ III મુજબ કંપનીના પાકા સરવૈયાની ઈક્વિટી અને જવાબદારીઓ દર્શાવતું પત્રક તૈયાર કરો.

લાંબાગાળાની જોગવાઈઓ ₹ 1,00,000 લાંબાગાળાના ઉછીના નાણાં ₹ 1,50,000 શેરમૂડી ₹ 4,00,000, વેપારી દેવા ₹ 1,00,000, ટૂંકાગાળાના ઉછીના નાણાં ₹ 1,20,000, અન્ય લાંબાગાળાની જવાબદારીઓ ₹ 50,000, અન્ય ચાલુ જવાબદારીઓ ₹ 60,000, અનામત અને વધારો ₹ 40,000, ટૂંકાગાળાની જોગવાઈ ₹ 1,80,000

**જવાબ :**

**પાકું સરવૈયું**

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| ઈક્વિટી અને જવાબદારીઓ: | | | |
| (1) શેરહોલ્ડર્સના ભંડોળો | | | |
| (a) શેર મૂડી | | 400,000 | |
| (b) અનામત અને વધારો | | 40,000 | 4,40,000 |
| (2) બિન ચાલુ જવાબદારીઓ : | | | |
| (a) લાંબાગાળાના ઉછીના નાણાં | | 1,50,000 | |
| (b) અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | | 50,000 | |
| (c) લાંબાગાળાની જોગવાઈઓ | | 1,00,000 | 3,00,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | |
| (a) ટૂંકાગાળાના ઉછીના નાણાં | | 1,20,000 | |
| (b) વેપારી દેવાં | | 1,00,000 | |
| (c) અન્ય ચાલુ જવાબદારીઓ | | 60,000 | |
| (d) ટૂંકાગાળાની જોગવાઈઓ | | 1,80,000 | 4,60,000 |
| | કુલ | | 12,00,000 |

**ઉદાહરણ- 3**

નીચેની બાકીઓ જૈમિન લિ. ની ચીપડામાંથી તા-31-3-2021 ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ III અનુસા2 પાકા સરવૈયાની ઈક્વિટી અને જવાબદારીઓ દર્શાવતું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ |
|---|---|
| 20,000 ઈક્વિટી શેર, દરેક રૂ. 100 નો તેવા | ₹ 20,00,000 |
| 10% ની સ્ટેટ બેંક ઓફ઼ ઈન્ડિયાની લોન | ₹ 300,000 |
| દેવીદૂંડી | ₹ 100,000 |
| સૂચિત ડિવિડન્ડ | ₹ 200,000 |
| પ્રોવિડન્ટ ફંડ | ₹ 300,000 |
| બેંક ઓવરડ્રાફટ | ₹ 1,00,000 |
| લેણદા2 | ₹ 50,000 |
| પગાર ચૂકવવાનો બાકી | ₹ 30,000 |
| વધારો - નુકા-નુકસાનના પત્રક મુજબ | ₹ 200,000 |

**જવાબ :**

જૈમિન લિમિટેડનુ તા-31-3-2021ના રોજનુ પાકુ સરવૈયું

| વિગત | નોંધ નંબર | રકમ રૂ | રકમ રૂ |
|---|---|---|---|
| ઈક્વિટી અને જવાબદારીઓ: | | | |
| (1) શેરહોલ્ડર્સના ભંડોળો : | | | |
| (a) શેર મૂડી | | 2,000,000 | |
| (b) અનામત અને વધારો<br>(નફા-નુકસાનના પત્રક મુજબ-વધારો) | | 200,000 | 22,00,000 |
| (2) બિન ચાલુ જવાબદારીઓ : | | | |
| (a) લાંબાગાળાના ઉછીના નાણાં<br>(10% SBI ની લોન) | | 300,000 | |
| (b) અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | | - | |
| (c) લાંબાગાળાની જોગવાઈઓ (પ્રો.ફંડ) | | 300,000 | 6,00,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | |
| (a) ટૂંકાગાળાના ઉછીના નાણાં (BOD) | | 1,00,000 | |
| (b) વેપારી દેવાં (લેણદારી, દેવી હૂંડી) | | 1,50,000 | |
| (c) અન્ય ચાલુ જવાબદારીઓ (પગાર ચૂ.બાકી) | | 30,000 | |
| (d) ટૂંકાગાળાની જોગવાઈઓ (સૂચિત ડિવિડન્ડ) | | 2,00,000 | 4,80,000 |
| | કુલ | | 32,80,000 |

**ઉદાહરણ- 4**

નીચેની બાકીઓ કબી2 લિમિટેડના ચોપડામાંથી તા-31-3-2021 ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ કંપનીધારા 2013 ની પરિશિષ્ટ III અનુસાર પાકા સરવૈયામાં ક્યા શીર્ષકો હેઠળ દર્શાવવામાં આવશે તે જણાવો.

(1) જમીન-મકાન
(૨) બેંક સિલક
(3) ફર્નિચર
(4) દેવાદારો
(5) અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ
(6) અગાઉથી ચૂકવેલ કરવેરા
(7) આખ2 સ્ટોક
(8) બાંધી મુદતની થાપણ
(9) લેણીહૂંડી
(10) ટ્રેડમાર્ક
(11) છૂટાભાગો
(12) સ્ટોર્સ અને સ્પેર પાર્ટસ
(13) ડિરેક્ટ2ની લોન (કામ ચલાઉ)
(14) ટૂંકા ગાળાના રોકાણો
(15) પ્રોવિડન્ટ ફંડના રોકાણો
(16) કર્મચારીઓને લોન
(17) બેંકસિલક
(18) સરકારી જામીનગીરી (પાકયા તારીખ 30-6-2021)
(19) પાઘડી
(20) કસ્ટમ ડિપોઝિટ
(21) કોપીરાઈટ
(22) ડિબેંચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાના છે)
(23) ડિબેંચર વટાવ (આવતા વર્ષ બાદ માંડી વાળવાના છે)
(24) છૂટાભાગો
(25) વાહનો
(26) મ્યુચ્યુઅલ ફંડના યુનિટ (ટૂંકાગાળા માટે)
(27) દેવાદારો પાસેથી મળેલ ચેક
(28) ભાડે પટ્ટે મિલકતો
(29) રોકાણો પર મળવાનુ બાકી વ્યાજ
(30) અન્ય કંપનીના શેર (લાંબાગાળા માટે)
(31) કમ્પ્યુટર
(32) ડિબેન્ચર પરતનિધિના રોકાણો
(33) અર્ધ તૈયારમાલ
(34) કમ્પ્યુટર સોફટવેર
(35) ઈલેક્ટ્રીસિટી ડિપોઝિટ
(36) અગાઉથી ચૂકવેલ ભાડું
(37) અન્ય કંપનીના ડિબેંચર (આવતા વર્ષ દરમિયાન પરત થવા પાત્ર)
(38) યંત્રો
(39) યંત્રો (આવતા વર્ષે વેચાણપાત્ર)
(40) લેણદારોને આપેલ એડવાન્સ

જવાબ :

| અનુક્રમ નંબર | વિગત | પાકા સરવૈયાનુ શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|---|
| 1 | જમીન મકાન | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો - દશ્ય |
| 2 | બેંકસિલક | મિલકતો | ચાલુ મિલકતો | રોકડ અને રોકડ સમકક્ષ |
| 3 | ફર્નિચર | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો - દશ્ય |
| 4 | દેવાદારો | મિલકતો | ચાલુ મિલકતો | વેપારી લેણાં |
| 5 | અગાઉથી ચૂકવેલ વીમા પ્રીમિયમ | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| 6 | અગાઉથી ચૂકવેલ કરવેરા | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| 7 | આખર સ્ટોક | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 8 | બાંધીમુદતની થાપણ | મિલકતો | બિન ચાલુ મિલકતો | બિન ચાલુ રોકાણો |
| 9 | લેણીહૂંડી | મિલકતો | ચાલુ મિલકતો | વેપારી લેણાં |
| 10 | ટ્રેડમાર્ક | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો-અદશ્ય |
| 11 | છૂટાભાગો | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 12 | સ્ટોર્સ અને સ્પેરપાર્ટસ | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 13 | ડિરેક્ટરની લોન (કામચલાઉ) | મિલકતો | ચાલુ મિલકતો | ટૂંકાગાળાની લોન-ધિરાણ |
| 14 | ટૂંકાગાળાના રોકાણો | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |
| 15 | પ્રોવિડન્ટ ફંડના રોકાણો | મિલકતો | બિન ચાલુ મિલકતો | બિન ચાલુ રોકાણો |
| 16 | કર્મચારીઓને લોન | મિલકતો | બિન ચાલુ મિલકતો | લાંબાગાળાની લોન અને ધિરાણ |
| 17 | બેન્ક સિલક | મિલકતો | ચાલુ મિલકતો | રોકડ અને રોકડ સમકક્ષ |
| 18 | સરકારી જામીનગીરીઓ (પાકયા તારીખ 30-6-2021) | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |
| 19 | પાઘડી | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો - અદશ્ય |
| 20 | કસ્ટમ ડિપોઝિટ | મિલકતો | બિન ચાલુ મિલકતો | લાંબાગાળાની લોન અને ધિરાણ |
| 21 | કોપીરાઈટ | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો-અદશ્ય |
| 22 | ડિબેંચર વટાવ (આવતા વર્ષે માંડી વાળવાના છે) | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| 23 | ડિબેંચર વટાવ (આવતા વર્ષે બાદ માંડી વાળવાના છે) | મિલકતો | બિન ચાલુ મિલકતો | અન્ય બિન ચાલુ મિલકતો |
| 24 | છૂટાભાગો | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 25 | વાહનો | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમિ મિલકતો-દશ્ય |
| 26 | મ્યુચ્યુઅલ ફંડના રોકાણો (ટૂંકાગાળા માટે) | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |

| અનુક્રમ નંબર | વિગત | પાકા સરવૈયાનુ શીર્ષક | મુખ્ય શીર્ષક | પેટા શીર્ષક |
|---|---|---|---|---|
| 27 | દેવાદારો પાસેથી મળેલ ચેક | મિલકતો | ચાલુ મિલકતો | રોકડ અને રોકડ સમકક્ષ |
| 28 | ભાડે પટ્ટે મિલકતો | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો-દશ્ય |
| 29 | રોકાણો પર મળવાનુ બાકી વ્યાજ | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| 30 | અન્ય કંપનીના શેર (લાંબાગાળા માટે) | મિલકતો | બિન ચાલુ મિલકતો | બિન ચાલુ રોકાણો |
| 31 | કમ્પ્યુટર | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો-દશ્ય |
| 32 | ડિબેન્ચર પરતનિધિના રોકાણો | મિલકતો | બિન ચાલુ મિલકતો | બિન ચાલુ રોકાણો |
| 33 | અર્ધ તૈયાર માલ | મિલકતો | ચાલુ મિલકતો | માલસામગ્રી |
| 34 | કમ્પ્યુટર સોફ્ટવેર | મિલકતો | બિન ચાલુ મિલકતો | કાયમી મિલકતો-અદશ્ય |
| 35 | ઈલેક્ટ્રીસિટી ડિપોઝિટ | મિલકતો | બિન ચાલુ મિલકતો | લાંબાગાળાની લોન અને ધિરાણ |
| 36 | અગાઉથી ચૂકવેલ ભાડુ | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| 37 | અન્ય કંપનીના ડિબેંચર (આવતાવર્ષ દરમિયાન પરત થવા પાત્ર) | મિલકતો | ચાલુ મિલકતો | ચાલુ રોકાણો |
| 38 | યંત્રો | મિલકતો | બિનચાલુ મિલકતો | કાયમી મિલકતો-દશ્ય |
| 39 | યંત્રો (આવતા વર્ષે વેચાણ પાત્ર) | મિલકતો | ચાલુ મિલકતો | અન્ય ચાલુ મિલકતો |
| 40 | લેણદારોને આપેલ એડવાન્સ | મિલકતો | ચાલુ મિલકતો | ટૂંકાગાળાની લોન અને ધિરાણ |

## સ્વાધ્યાય

નીચેના પ્રશ્નોના જવાબ આપો

1. નાણાકીય પત્રકો એટલે શું ?
2. નાણાકીય પત્રકોમાં ક્યા પત્રકોનો સમાવેશ થાય છે ?
3. નાણાકીય પત્રકો તૈયાર કરવાના હેતુઓ જણાવો.
5. 2013ના કંપનીધારા મુજબનુ પાકુ સરવૈયું કાલ્પનિક આંકડાઓ સાથે તૈયાર કરો.
6. 2013ના કંપનીધારા મુજબ કાલ્પિનિક આંકડાઓ સાથેનું નફા-નુકસાનનુ પત્રક બનાવો.
7. ડિવિડન્ડ અને વચ્ચગાળાના ડિવિડન્ડ વચ્ચેનો મુખ્ય તફાવત જણાવો.
8. ડિવિડન્ડ અંગેની જરૂરી હિસાબીનોંધો જણાવો.
9. કરવેરાની જોગવાઈ અંગે સમજૂતી આપો.
10. કોર્પોરેટ ડિવિડન્ડ ટેક્સ વિશે નોંધ લખો.

## હેતુલક્ષી પ્રશ્નો

આપેલ વિકલ્પો પૈકી સાચો વિકલ્પ પસંદ કરો.

1. કંપનીના નાણાકીય પત્રકો માં ............... નો સમાવેશ થાય છે.

   (અ) નફો-નુકસાન દર્શાવતું પત્રક (બ) પાકું સરવૈયું

   (ક) ઈક્વિટીમાં ફેરફાર દર્શાવતું પત્રક (ડ) આ બધાજ

2. કંપનીના વાર્ષિક હિસાબો કંપનીધારા 2013ના પરિશિષ્ટ.............માં આપેલ નમૂના મુજબ તૈયાર કરવા જરૂરી છે.

(અ) I (બ) II

(ક) III (ડ) IV

3. કંપનીધારા 2013નું પરિશિષ્ટ III, નાણાકીય પત્રકો તૈયાર કરવા માટે.............કંપની ને લાગુ પડતું નથી.

(અ) વીજળી (બ) બેન્કિંગ

(ક) વીમા (ડ) આ બધાજ

4. કંપની નાણાકીય પત્રકો નો સમયગાળો.............થી............સુધીનો હોવો જરૂરી છે.

(અ) 1 લી જાન્યુઆરી થી 31 ડિસેમ્બર (બ) 1 લી એપ્રિલ થી 31મી માર્ચ

(ક) 1 લી ઓક્ટોબર થી 30 મી સપ્ટેમ્બર (ડ) કંપની નક્કી કરે તે મુજબ

5. કંપનીના પાકા સરવૈયામાં મિલકતોને............ તરીકે દર્શાવવામાં આવે છે.

(અ) કાયમી મિલકતો, અને ચાલુ મિલકતો

(બ) બિનચાલુ મિલકતો અને ચાલુ મિલકતો

(ક) કાયમી મિલકતો, રોકાણો અને ચાલુ મિલકતો

(ડ) આમાંથી કોઈ નહિ.

6. શેરહોલ્ડરોના ભંડોળોમાં...........નો સમાવેશ થાય છે.

(અ) શેરમૂડી (બ) અનામત અને વધારો

(ક) શેર વોરંટ સામે મળેલ રકમ (ડ) આ બધા જ

7. મૂડીકૃત ચાલુ કામને.............પેટા શિર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

(અ) ચાલુ રોકાણો (બ) અન્ય ચાલુ મિલકતો

(ક) માલસામગ્રી (ડ) સ્થિર મિલકતો

8. વર્ષ 2021-22 માટે ડિરેક્ટરો ભલામણ કરેલ સૂચિત ડિવિડન્ડ તા. 31-3-2022 ના પાકા સરવૈયામાં..............તરીકે દર્શાવામાં આવે છે.

(અ) ટૂંકા ગાળાની જોગવાઈ (બ) અન્ય ચાલુ જવાબદારી

(ક) ટૂંકા ગાળાના લોન-ધિરાણ (ડ) સંશયિત દેવાં

9. શેરમૂડી પર અગાઉથી મળેલ હપ્તા.............શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

(અ) શેર મૂડી (બ) અન્ય ચાલુ મિલકતો

(ક) અન્ય ચાલુ દેવાં (ડ) બિન ચાલુ દેવાં

10. ડિવિડન્ડ સમતુલા ભંડોળ ને........... શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

(અ) અન્ય ચાલુ દેવાં (બ) અનામત અને વધારો

(ક) લાંબા ગાળાની જોગવાઈઓ (ડ) લાંબા ગાળાના લોન-ધિરાણ

**જવાબ :**

| | | | |
|---|---|---|---|
| 1 | (ડ) | 6 | (ડ) |
| 2 | (ક) | 7 | (ડ) |
| 3 | (ડ) | 8 | (ડ) |
| 4 | (બ) | 9 | (ક) |
| 5 | (બ) | 10 | (બ) |

**વ્યવહારૂ પ્રશ્નો**

પ્ર.1 કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ પાક સરવૈયાનો નમૂનો તૈયાર કરો.

પ્ર.2 કંપનીધારા 2013ના પરિશિષ્ય III મુજબ નફા નુકસાનના પત્રકનો નમૂનો તૈયાર કરો.

પ્ર.3 લાંબાગાળાના ઉછીનાં નાણાંના ત્રણ ઉદાહરણ આપો.

પ્ર.4 અનામત અને વધારાના શિર્ષક હેઠળ દર્શાવાતી કોઈ પણ પાંચ વિગતો દર્શાવો.

પ્ર.5 બિન ચાલુ દેવાંનું વર્ગીકરણ જણાવો.

પ્ર.6 ચાલુ દેવાંનું વર્ગીકરણ જણાવો.

પ્ર.7 ચાલુ મિલકતોનું વર્ગીકરણ દર્શાવો.

પ્ર.8 નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ III મુજબ કાય મુખ્ય શીર્ષક અને પેટા શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે તે જણાવો.

(1) ઈક્વિટી શેરમૂડી

(2) ડિબેન્ચર

(3) જામીનગીરી પ્રીમિયમ

(4) ડિબેન્ચર પરત અનામત

(5) બાકી હપતા

(6) પગાર ચૂકવવાનો બાકી

(7) જાહેર થાપણ

(8) કરવેરાની જોગવાઈ

(9) લેણદારો

(10) સામાન્ય અનામત

(11) બોન્ડ

(12) ગ્રેજ્યુઈટી માટે જોગવાઈ

(13) દેવીહૂંડી

(14) મુદતી લોન

(15) આવતા વર્ષે પરત કરવાપાત્ર ડિબેન્ચર પરત પ્રીમિયમ

પ્ર.9 નીચેની વિગતો કંપનીધારા 2013ના પરિશિષ્ટ મુજબ ક્યા મુખ્ય શીર્ષક અને પેટા શીર્ષક હેઠળ દર્શાવશો તે જણાવો.

(1) દેવાદારો

(2) બેન્ક સિલક

(3) જમીન

(4) પાઘડી

(5) તૈયાર માલનો સ્ટોક

(6) ટ્રેડ માર્ક

(7) સ્ટોર અને સ્પેરપાર્ટ્સ

(8) કસ્ટમ ડિપોઝિટ

(9) લેણી હૂંડી

(10) અગાઉથી ચુકવેલ કરવેરા

(11) ફર્નિચર

(12) બેન્કમાં બાંધી મુદતની થાપણ 2 વર્ષ માટે

(13) સરકારી જામીનગીરીઓ (8 માસ માટે)

(14) અર્ધ તૈયાર માલ

(15) સોફ્ટવેર

# એકમ 4 કંપનીના વાર્ષિક હિસાબો-2

**(કંપનીધારા, 2013ની જોગવાઈઓ અને પરિશિષ્ટ-3 મુજબ નાણાકીય પત્રકોના નમૂના)**

**પ્રસ્તાવના :**

કંપનીના વાર્ષિક હિસાબો 1 ના પ્રકરણમાં આપણે કંપનીધારા - 2013ના પરિશિષ્ટ-3 મુજબ પાકું સરવૈયું અને નફા - નુકસાનના પત્રકના નમૂનાનો અભ્યાસ કર્યો. આ પ્રકરણમાં આપણે કંપની ધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ પાકું સરવૈયું અને નફા-નુકસાન નું પત્રક એટલે કે કંપનીના વાર્ષિક હિસાબો કેવી રીતે તૈયાર કરવામાં આવે છે તેનો અભ્યાસ કરીશું.

કંપનીના વાર્ષિક હિસાબોના ભાગ રૂપે પાકું સરવૈયું અને નફા - નુકસાનનું પત્રક તૈયાર કરતી વખતે અગત્યની બાબત એ છે કે આ બન્ને પત્રકો કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 માં આપેલ નમૂના મુજબ તૈયાર કરવા જરૂરી છે. આ માટે અગાઉના પ્રકરણમાં આપેલ નમૂનાઓ યાદ કરવા જરૂરી છે.

હવે આપણે કંપનીના વાર્ષિક હિસાબો તૈયાર કરવાનો અભ્યાસ કરીએ.

**2. પાકું સરવૈયું તૈયાર કરવાની સામાન્ય સૂચનાઓ**

2013 ના કંપની ધારાના પરિશિષ્ટ-3 ભાગ-1 મુજબ નાણાકીય વર્ષની છેલ્લી તારીખનું પાકું સરવૈયું નીચે મુજબ તૈયાર કરવામાં આવે છે.

(1) કોઈ પણ મિલકતને ચાલુ મિલકત ત્યારે કહેવામાં.

આવશે જ્યારે તે નીચે મુજબની શરતોમાંથી કોઈ પણ એક શરતનુ પાલન કરે ત્યારે

(a) જ્યારે તે કંપનીના સામાન્ય કામગીરી ચક્ર દરમિયાન રોકડમાં રૂપાંતર થવા પાત્ર હોય કે વચાણનો ઈરાદો હોય કે વપરાશ થવાને પાત્ર હોય.

(b) વેપાર કરવાના હેતુથી પ્રાથમિક રીતે ધારણ કરવામાં આવેલ હોય.

(c) ત્યાર બાદ અહેવાલની તારીખ પછીના 12 માસની અંદર રોકડમાં રૂપાંતર થવા અપેક્ષિત હોય.

કામગીરી ચક્ર –> જ્યારે રોકડનુ કાચા માલમાં રૂપાંતર, કાચા માલનુ તૈયાર માલમાં રૂપાંતર, તૈયાર માલનુ દેવાદારમાં રૂપાંતર અને છેલ્લે દેવાદારોનુ રોકડમાં રૂપાંતર થાય આ પ્રક્રિયાને કામગીરી ચક્ર કહેવામાં આવે છે.

અહી, ચાલુમિલકતો સિવાયની અન્ય મિલકતોને બિનચાલુ મિલકતો તરીકે દર્શાવવામાં આવે છે.

(2) કોઈ પણ જવાબદારીને ચાલુ જવાબદારી ત્યારે કહેવામાં આવશે જ્યારે તે નીચે મુજબની શરતોમાંથી કોઈપણ એક શરતનુ પાલન કરશે.

(a) કંપનીના સામાન્ય કામગીરી ચક્ર સમય દરમિયાન તેની ચૂકવણી અપેક્ષિત હોય.

(b) વેપાર કરવાના હેતુથી ધારણ કરવામાં આવેલ હોય.

(c) અહેવાલ તારીખ પછીના 12 માસની અંદર ચૂકવવાપાત્ર હોય.

અહીં ચાલુ જવાબદારી સિવાયની અન્ય જવાબદારીઓને બિનચાલુ જવાબદારી તરીકે દર્શાવવામાં આવે છે.

(3) ધંધાના સામાન્ય સમય દરમિયાન વેચેલ માલ કે આપેલ સેવાના અર્થે મળવાપાત્ર રકમને 'વેપારીલેણાં' તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

(4) ધંધાના સામાન્ય સમય દરમિયાન ખરીદેલ માલ કે મળેલ સેવાના સંદર્ભમાં ચૂકવવાપાત્ર રકમને 'વેપારી દેવાં' તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

(5) કંપનીએ નીચે મુજબની બાબતો હિસાબી નોંધોના સ્વરૂપમાં રજુ કરવી જરૂરી છે.

(I) ઈક્વિટી અને જવાબદારીઓ :

**(A) શેરમૂડી :**

દરેક પ્રકારની શેર મૂડી માટે.

(a) સત્તાવાર શેરની સંખ્યા અને તેની રકમ

(b) બહાર પાડેલ, ભરપાઈ થયેલ અને સંપૂર્ણ પણે ચૂકતે થયેલ અને ભરપાઈ થયેલ પરંતુ સંપૂર્ણપણે ચૂકતે ન થયેલ.

(c) શેરદીઠ મૂળ કિંમત

(d) બાકી હપતા

(e) જપ્ત થયેલ શેરની વસૂલ આવેલ રકમ

(f) અહેવાલ સમયની શરૂઆતથી અંત સુધીમાં શેરની સંખ્યામાં થયેલ ફેરફારની મેળવણી.

(g) કંપનીનો 5% થી વધારે શેર ધારણ કરનાર દરેક શેરહોલ્ડરની યાદી.

(h) હક્કના શેર, પ્રેફરન્સ શેર અને દરેકવર્ગના શેર પર કોઈ અંકુશ તેમજ ડિવિડન્ડ અને મૂડી પરત કરવાના અંકુશ અંગે રજૂઆત.

(i) કોઈપણ જામીનગીરી જેનું ઈકિવટી શેરમાં રૂપાંતર થવા પાત્ર હોય તો તેની રૂપાંતર થવાના તારીખનાં ક્રમમાં માહિતી.

**(B) અનામત અને વધારો**

(a) સામાન્ય અનામત

(b) મૂડી અનામત

(c) મૂડી પરત અનામત

(d) જામીનગીરી પ્રીમિયમ અનામત

(e) ડિબેન્ચર પરત અનામત

(f) પુનઃ મૂલ્યાંકન અનામત

(g) શેર વિકલ્પ બાકી ખાતું, શેર જપ્તી ખાતું

(h) ડિવિડન્ડ સમતુલા ભંડોળ, રોકાણ અનામત

(i) નફા-નુકસાનના પત્રકનો વધારો તેમજ તેમાંથી ડિવિડન્ડ, બોનસશેર અને અનામતો ખાતે કરેલ ફાળવણી.

(j) જે અનામતોનું રોકાણ કરેલ હોય તેને ભંડોળ તરીકે દર્શાવાય. જેમાં અનામત ભંડોળ, ડિબેંચર પરત ભંડોળ

(k) નફા-નુકસાનના પત્રકમાં ઉધારબાકી એટલે કે ચોખ્ખી ખોટ આવે તો 'વધારા'ના શીર્ષક હેઠળ ઋણ રકમ તરીકે દર્શાવવામાં આવશે.

**(C) શેરવોરંટ સામે મળેલ રકમ.**

(2) મંજૂરી બાકી હોય તેવી શેર અરજીની મળેલ રકમ

(3) બિન ચાલુ જવાબદારીઓ :

**(a) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં :**

(i) બોન્ડ/ડિબેંચર

(ii) મુદતીલોન (A) બેંકમાંથી (B) અન્ય પક્ષો પાસેથી

(iii) મુલતવી ચૂકવણીની જવાબદારીઓ

(iv) સંબંધિત પક્ષો પાસેથી લીધેલ લોન અને ધિરાણ

(v) થાપણો

(vi) નાણાકીય ભાટાપટ્ટાની લાંબાગાળાની જવાબદારીઓ

(vii) કંપનીના ડિરેક્ટર્સ દ્વારા બાંયધરી આપવામાં આવેલ હોય તેવી લોન અને ધિરાણ

(viii) પાકા સરવૈયાની તારીખે લોનની તેમજ તેના પરના વ્યાજની ચૂકવણી ન કરેલ હોય તેની વિગત

**(b) મુલતવી કરવેરા જવાબદારીઓ :**

**(C) અન્ય લાંબાગાળાની જવાબદારીઓ**

(i) ડિબેચર પરત પ્રીમિયમ

(ii) પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમ

(iii) લેણદારો અને દેવી હૂંડીઓ (પાન્શનની તારીખના 12 માસ પછી ચૂકવવા પાત્ર)

**(d) લાંબાગાળાની જોગવાઈઓ :**

(i) પ્રોવિડન્ટ ફંડ

(ii) પેન્શન ફંડ

(iii) ગ્રેજ્યુઈટી ફંડ

(iv) કામદાર નફા ભાગ ભંડોળ

(v) કામદાર બચત ખાતાં

(4) ચાલુ જવાબદારીઓ :

**(a) ટૂંકાગાળાનાં ઉછીના નાણાં :**

(i) માંગ પર ચૂકવવાપાત્ર લોન-બેંકો પાસેથી અથવા અન્ય પક્ષકારો પાસેથી

(ii) થાપણો

(iii) સંબંધિત પક્ષકારો પાસેથી લોન અને ધિરાણ

(iv) બેંક ઓવર ડ્રાફટ

(v) કેશ ક્રેડીટ

(vi) ટૂંકાગાળાની લોન (12 માસથી ઓછા સમય માટે)

**(b) વેપારી દેવાં**

(i) લેણદારો

(ii) દેવીહૂંડીઓ

**(c) અન્ય ચાલુ જવાબદારીઓ**

(i) ખર્ચા ચૂકવવાના બાકી

(ii) અગાઉથી મળેલ આવકો

(iii) અગાઉથી મળેલ શેર હપ્તાની રકમ

(iv) ગ્રાહકો પાસેથી મળેલ એડવાન્સ રકમ

(v) ડિબેંચર પર ચૂકવવાનુ બાકી વ્યાજ

(vi) નહિ ચૂકવેલ ડિવિડન્ડ

(vii) ઉછીના લીધેલ નાણાં પર ચૂકવવાપાત્ર થયેલ વ્યાજ, ચઢેલ પરંતુ ચૂકવવાપાત્ર નહિ થયેલ વ્યાજ

(viii) અન્ય ચૂકવવાપાત્ર દેવા

**(d) ટૂંકાગાળાની જોગવાઈઓ**

(i) કરવેરાની જોગવાઈ

(ii) સૂચિત ડિવિડન્ડ

(iii) શકમંદ લેણાની જોગવાઈ

(iv) કર્મચારી લાભા માટે જોગવાઈ (12 માસથી ઓછા સમય માટે)

**II મિલકતો**

(1) બિનચાલુ મિલકતો (2) સ્થિરમિલકતો

(i) જમીન-મકાન, પ્લાન-યંત્રો, ફર્નિચર-ફિક્ષચર્સ, ઓફિસ સાધનો, અન્ય દૃશ્ય મિલકતો, ભાટાપટ્ટાની મિલકતો.

(ii) અદશ્યિ મિલકતો

પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક, કોપીરાઈટ, લાઈસન્સ, ફ્રેન્ચાઈઝ, બ્રાન્ડ, પ્રકાશનના હક્કો ખાણના હક્કો કમ્પ્યુટર સોફટવેર

(iii) અર્ધતૈયાર મૂડી મિલકતો

(iv) વિકસતી અદશ્ય મિલકતો

**(b) બિનચાલુ રોકાણો**

(i) ઈક્વિટી જામીનગીરીમાં રોકાણો

(ii) પ્રેફરન્સ શેરમાં રોકાણો

(iii) સરકારી અને ટ્રસ્ટ જામીનગીરીઓમાં રોકાણ

(iv) ડિબેનચર અને બોન્ડમાં રોકાણ

(v) ભાગીદારી પેઢીમાં રોકાણો

(vi) મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણો

(vii) અન્ય બિનચાલુ રોકાણો

**(c) મુલતવી કરવેરા મિલકતો**

**(d) લાંબાગાળાની લોન અને ધિરાણો**

(i) મૂડી ધિરાણો, કર્મચારીને લોન, કસ્ટમ ડિપોઝિટ

(ii) સંબંધિત પક્ષોને લોન અને ધિરાણો, ટેલિફોન ડિપોઝિટ

(iii) અન્ય લોન અને ધિરાણો, ઈલેક્ટ્રિસિટી ડિપોઝિટ

**(e) અન્ય બિનચાલુ મિલકતો**

ડિબેન્ચર વટાવ, જાહેરાત ઝુંબેશ ખર્ચ, સંશોધન અને વિકાસ ખર્ચ

(2) ચાલુ મિલકતો

**(a) ચાલુ રોકાણો**

ટૂંકાગાળાના રોકાણો (12 માસથી ઓછા સમય માટે)

**(b) માલસામગ્રી**

(i) કાચો માલ

(ii) તૈયારમાલ

(iii) અર્ધ તૈયારમાલ

(iv) વેચાણ માટે માલ

(v) છૂટાભાગો

(vi) સ્ટોર્સ અને સ્પેર્સ

(vii) માર્ગસ્થ માલ

**(c) વેપારી લેણાં**

(i) દેવાદારો

(ii) લેણીહૂંડીઓ

**(d) રોકડ અને રોકડસમકક્ષ**

(i) બેંકમાં સિલક

(ii) હાથ પર રોકડ

(iii) હાથ પર ચેક અને ડ્રાફટ

**(e) ટૂંકાગાળાની લોન અને ધિરાણ**

12 માસથી ઓછા સમય માટે આપેલ લોન કે કરેલ ધિરાણનો સમાવેશ

**(f) અન્ય ચાલુ મિલકતો**

(i) અગાઉથી ચૂકવેલ ખર્ચા

(ii) મળવાની બાકી આવકો

(iii) આવતા 12 માસ દરમિયાન માંડી વાળવાના જાહેરાત ઝુંબેશ ખર્ચ, ડિબેન્ચર વટાવ, સંશોધન અને વિકાસ ખર્ચ

(3) નફા- નુકસાન નું પત્રક તૈયાર કરવા માટેની સામાન્ય સૂચનાઓ :

2013 ના કંપનીધારાના પરિશિષ્ટ ના ભાગ-2 મુજબ પૂરા થતા નાણાકીય વર્ષનું નફા- નુકસાન પત્રક તૈયાર કરવાની કાર્યવાહી નીચે મુજબ છે.

(1) આ સૂચનાઓ નફા -નુકસાનના પત્રક અને ઉપજ- ખર્ચ ખાતાને એક સરખી રીતે લાગુ પાડવામાં આવે છે.

(2) ધંધાકીય પ્રવૃત્તિઓમાંથી આવકો

(અ) નાણાકીય કંપનીઓ સિવાયની કંપનીઓ માટે ધંધાની કાર્યકારી પ્રવૃતિઓમાંથી ઉદ્ભવતી આવકો નોંધ સ્વરૂપે અલગ દર્શાવાય છે.

(અ) પેદાશોનુ વેચાણ

(બ) સેવાઓનુ વેચાણ

(ક) અન્ય કાર્યકારી આવકો

(બ) અન્ય આવકો :

અ) નાણાકીય કંપની સિવાયની કંપનીઓ માટે વ્યાજની આવક

(બ) ડિવિડન્ડની આવક

(ક) રોકાણ વેચાણમાંથી ઉદ્દભવતો નફો

(ડ) અન્ય બિનકાર્યકારી આવકો

(3) નાણાકીય ખર્ચા

(અ) વ્યાજનો ખર્ચ

(બ) નાણાં ઉછીના લેવા પાછળ થતો ખર્ચ

(ક) વિદેશી હૂંડિયામણના દરના ફેરફારીમાંથી ઉદભવતો નફો / નુકસાન

(4) કર્મચારી કલ્યાણ અંગેનો ખર્ચ

(અ) પગાર અને મજૂરી

(બ) પ્રવિડન્ટ ફંડ અને અન્ય ફંડમાં ફાળો

(ક) કર્મચારી સ્ટોક ઓપ્શન પ્લાન (ESOP)

(ડ) કર્મચારી સ્ટોક પરચેઝ પ્લાન (ESPP)

(ઈ) સ્ટાફ કલ્યાણ ખર્ચાઓ

(5) નાણાકીય પડતર

(અ) લોન, ડિબેંચર, જાહેર થાપણ, બોન્ડ અને બેંક ઓવરડ્રાફ્ટ પરનું વ્યાજ

(બ) ચૂકવવાનુ બાકી વ્યાજ

(6) ઘસારો અને માંડી વાળેલ ખર્ચા
   (અ) ચાલુ વર્ષનો કાયમી મિલકતો પર ઘસારો
   (બ) માંડી વાળેલ અદૃશ્ય મિલકતો
   (ક) માંડી વાળેલ ભાડે પટ્ટે રાખેલ મિલકતો
   (ડ) માંડી વાળેલ અવાસ્તવિક મિલક તો

(7) અન્ય ખર્ચા
   (અ) ઓફિસ અને વહીવટી ખર્ચા
   (બ) વેચાણ-વિતરણ ખર્ચા
   (ક) ઓડિટ ફી
   (ડ) ઘાલખાધ અનામતની જોગવાઈ
   (ઈ) મિલકત વેચાણનુ નુકસાન
   (ફ) બેંક ચાર્જિસ, કમિશન. અને અન્ય ખર્ચા

**ઉદાહરણ-1**

નીચેના બાકીઓ સમીર લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2021ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ કંપનીના તા. 31-3-2021ના રોજના પાકા સરવૈયાની ''મિલકતો'' બાજુ તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---:|
| વેપારી લેણાં | 48,000 |
| કાયમી મિલકતો દશ્ય | 5,00,000 |
| અન્ય બિન ચાલુ મિલકતો | 62,000 |
| રોકડ અને રોકડ સમકક્ષ | 52,000 |
| ચાલુ રોકાણો | 38,000 |
| માલ સામગ્રી | 58,000 |
| બિન ચાલુ રોકાણો | 1,42,000 |
| લાંબાગાળાની લોન અને ધિરાણ | 1,48,000 |
| અન્ય ચાલુ મિલકતો | 58,000 |
| કાયમી મિલકતો-અદશ્ય | 1,20,000 |
| ટૂંકાગાળાની લોન-ધિરાણ | 22,000 |

**જવાબ :**

શ્રી સમીર લિમિટેડનુ તા-31-3-2021ના રોજનુ પાકુ સરવૈયું (મિલકતો દર્શાવતું)

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| **મિલકતો** | | | |
| (1) બિનચાલુ મિલકતો | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દૃશ્ય | | 5,00,000 | |
| (ii) અદૃશ્ય | | 1,20,000 | |
| (b) બિનચાલુ રોકાણો | | 1,42,000 | |
| (c) લાંબાગાળાની લોન-ધિરાણ | | 1,48,000 | |
| (d) અન્ય બિન ચાલુ મિલકતો | | 62,000 | 9,72,000 |
| **(2) ચાલુ મિલકતો** | | | |
| (a) ચાલુ રોકાણો | | 38,000 | |
| (b) માલસામગ્રી | | 58,000 | |
| (c) વેપારી લેણાં | | 48,000 | |
| (d) રોકડ અને રોકડસમકક્ષ | | 52,000 | |
| (e) ટૂંકાગાળાની લોન-ધિરાણ | | 22,000 | |
| (f) અન્ય ચાલુ મિલકતો | | 58,000 | 276,000 |
| **કુલ** | | | **12,48,000** |

**ઉદાહરણ-2**

નીચેની બાકીઓ નિશા લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2021ના રોજ લેવામાં આવી આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ પાકા સરવૈયાની મિલકતો દર્શાવતું પત્રક તૈયાર કરો.

| બાકીઓ | રકમ (₹) |
|---|---|
| પેટન્ટ | 8,000 |
| દેવાદારો અને લેણી હૂંડીઓ | 22,000 |
| મળવાનુ બાકી ભાડુ | 6,000 |
| લાઈટબિલ ડિપોઝિટ | 4,000 |
| જમીન-મકાન | 1,20,000 |
| સ્ટોર્સ અને સ્પેરપાર્ટ્સ | 25,000 |
| હાથ પર રોકડ | 35,000 |
| મ્યુચ્યુઅલ ફંડના રોકાણો (કાચચલાઉ) | 8,000 |
| 8% ની સરકારી જામીનગીરી | 32,000 |
| ડિબેચર વટાવ | 10,000 |
| લેણદારોને આપેલ એડવાન્સ | |

**જવાબ :**

નિશા લિમિટેડનુ તા-31-3-2021ના રોજનુ પાકું સરવૈયું (મિલકતો દર્શાવતું)

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| **મિલકતો** | | | |
| (1) બિનચાલુ મિલકતો | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દશ્ય (જમીન-મકાન) | | 1,20,000 | |
| (ii) અદશ્ય (પેટન્ટ) | | 8,000 | |
| (b) બિનચાલુ રોકાણો (8%ની સરકારી જામીનગીરી) | | 32,000 | |
| (c) લાંબાગાળાની લોન-ધિરાણ (લાઈટબીલ ડિપોઝિટ) | | 4,000 | |
| (d) અન્ય બિન ચાલુ મિલકતો (ડિબેંચર વટાવ) | | 10,000 | 1,74,000 |
| (2) ચાલુ મિલકતો | | | |
| (a) ચાલુ રોકાણો (મ્યુચ્યુઅલ ફંડના રોકાણો-કામચલાઉ) | | 8,000 | |
| (b) માલસામગ્રી (સ્ટોર્સ અને સ્પેરપાર્ટસ) | | 25,000 | |
| (c) વેપારી લેણાં (દેવાદારો અને લેણીહૂંડી) | | 22,000 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ (હાથ પર રોકડ) | | 35,000 | |
| (e) ટૂંકાગાળાની લોન અને ધિરાણ (લેણદારોને આપેલ એડવાન્સ) | | 10,000 | |
| (f) અન્ય ચાલુ મિલકતો (મળવાનું બાકી ભાડું) | | 6,000 | 1,06,000 |
| **કુલ** | | | **280,000** |

**ઉદાહરણ-3**

નીચેની બાકીઓ કૈલાશ લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31-3-2021ના રોજનુ પાકુ સરવૈયું કંપની ધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ તૈયાર કરો.

| બાકીઓ | રકમ (₹) |
|---|---|
| પ્લાન્ટ-યંત્રો | 28,00,000 |
| સામાન્ય અનામત | 4,00,000 |
| દેવાદારો | 12,00,000 |
| મળવાનુ બાકી વ્યાજ | 1,00,000 |
| આખર સ્ટોક | 5,00,000 |
| 12% ના ડિબેંચર | 6,00,000 |

| | |
|---|---|
| ઈક્વિટી શેરમૂડી | 40,00,000 |
| ડિબેંચર પરત નિધિના રોકાણો | 4,00,000 |
| કરવેરાની જોગવાઈ | 1,60,000 |
| બેંક સિલક | 6,00,000 |
| લેણદારો | 3,00,000 |
| કસ્ટમ ડિપોઝિટ | 3,00,000 |
| ગ્રેજ્યુઈટી ફંડ | 40,000 |
| અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | 1,00,000 |
| ટૂંકાગાળાની લોન (જમાબાકી) | 58,000 |
| ડિબેંચર પર ચૂકવવાનુ બાકી વ્યાજ | 72,000 |
| ટ્રેડમાર્ક | 1,00,000 |
| ડિબેંચર વટાવ | 30,000 |
| ટાટા લિ. ના રોકાણો (કામચલાઉ) | 60,000 |
| લેણદારોને આપેલ એડવાન્સ | 40,000 |

**જવાબ :**

કૈલાશ લિમિટેડનું તા-31-3-2021ના રોજનુ પાકુ સરવૈયું

| | | વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| (I) | | ઈક્વિટી અને જવાબદારીઓ | | | |
| | (1) | શેરહોલ્ડર્સના ભંડોળો | | | |
| | (a) | શેરમૂડી (ઈક્વિટી શેરમૂડી) | | 40,00,000 | |
| | (b) | અનામત અને વધારો | | 4,00,000 | |
| | | (સામાન્ય અનામત) | | | 44,00,000 |
| | (2) | બિનચાલુ જવાબદારીઓ | | | |
| | (a) | લાંબાગાળાના ઉછીના નાણાં (12% ના ડિબેંચર) | | 6,00,000 | |
| | (b) | અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | | 1,00,000 | |
| | (c) | લાંબાગાળાની જોગવાઈઓ | | 40,000 | |
| | | (ગ્રેજ્યુઈટી ફંડ) | | | 7,40,000 |
| | (3) | ચાલુ જવાબદારીઓ | | | |
| | (a) | ટૂંકાગાળાના ઉછીના નાણાં (ટૂંકાગાળાની લોન) (જમાબાકી) | | 58,000 | |
| | (b) | વેપારીદેવા (લેણદારો) | | 3,00,000 | |
| | (c) | અન્ય ચાલુ જવાબદારીઓ (ડિબેંચર પર ચૂકવવાનુ બાકી વ્યાજ) | | 72,000 | |
| | (d) | ટૂંકાગાળાની જોગવાઈઓ (કરવેરાની જોગવાઈ) | | 1,60,000 | 5,90,000 |
| | | **કુલ** | | | **57,30,000** |

| | | | | |
|---|---|---|---|---|
| II મિલકતો : | | | | |
| (1) બિનચાલુ મિલકતો | | | | |
| (a) કાયમી મિલકતો | | | | |
| (i) દશ્ય (પ્લાન્ટ-યંત્રો) | | | 28,00,000 | |
| (ii) અદશ્ય (ટ્રેડમાર્ક) | | | 1,00,000 | |
| (b) બિનચાલુ રોકાણો (ડિબેંચર પરત નિધિના રોકાણો) | | | 4,00,000 | |
| (c) લાંબાગાળાની લોન-ધિરાણ (કસ્ટમ ડિપોઝિટ) | | | 3,00,000 | |
| (d) અન્ય બિનચાલુ મિલકતો (ડિબેંચર વટાવ) | | | 30,000 | |
| | | | | **36,30,000** |
| (2) ચાલુ મિલકતો | | | | |
| (a) ચાલુ રોકાણો (ટાટા લિ. ના રોકાણો-કામચલાઉ) | | | 60,000 | |
| (b) માલસામગ્રી (આખર સ્ટોક) | | | 1,00,000 | |
| (c) વેપારી લેણાં (દેવાદારો) | | | 12,00,000 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ (બેંક સિલક) | | | 6,00,000 | |
| (e) ટૂંકાગાળાની લોન-ધિરાણ (લેણદારોને આપેલ એડવાન્સ) | | | 40,000 | |
| (f) ચાલુ રોકાણો (મળવાનુ બાકી વ્યાજ) | | | 1,00,000 | |
| | | | | 21,00,000 |
| **કુલ** | | | | **57,30,000** |

**ઉદાહરણ-4**

નીચેની બાકીઓ કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 માં દર્શાવ્યા પ્રમાણે નફા-નુકાસનના પત્રકમાં ક્યા શીર્ષક હેઠલ દર્શાવશો તે જણાવો.

(1) વેચાણ

(2) પગાર

(3) ઘસારો

(4) ઓડિટ ફી

(5) મિલકત વેચાણનો નફો

(6) ડિબેન્ચર વ્યાજ

(7) બેંક ઓવરડ્રાફ્ટનુ વ્યાજ

(8) જાહેરાત ખર્ચ

(9) ભંગારની ઉપજ

(10) કર્મચારીઓને બોનસ

(11) બેંકચાર્જીસ

(12) માંડી વાળેલ ડિબેંચર વટાવ

(13) ઘાલખાધ પરત

(14) પ્રોવિડન્ટ ફંડમાં ફાળો

(15) લોન પર વ્યાજ

(16) મળેલ વ્યાજ અને ડિવિડન્ડ

(17) તાર-ટપાલ

(18) બોનસ

(19) વેચાણ ખર્ચા

(20) ખરીદી

**જવાબઃ**

| બાકીઓ | શીર્ષક |
|---|---|
| (1) વેચાણ | કામગીરીમાંથી ઉપજ |
| (2) પગાર | કર્મચારી લાભના ખર્ચા |
| (3) ઘસારો | ઘસારો અને માંડીવાળેલ ખર્ચા |
| (4) ઓડિટ ફી | અન્ય ખર્ચ |
| (5) મિલકત વેચાણનો નફો | અન્ય ઉપજ |
| (6) ડિબેંચર વ્યાજ | નાણાકીય પડતર |
| (7) બેંક ઓવર ડ્રાફટનુ વ્યાજ | નાણાકીય પડતર |
| (8) જાહેરાત ખર્ચ | અન્ય ખર્ચા |
| (9) ભંગારની ઉપજ | અન્ય ઉપજ |
| (10) કર્મચારીઓને બોનસ | કર્મચારી લાભના ખર્ચા |
| (11) બેંક ચાર્જીસ | નાણાકીય પડતર |
| (12) માંડીવાળેલ ડિબેંચર વટાવ | ઘસારો અને માંડી વાળેલ ખર્ચા |
| (13) ઘાલખાધ પરત | અન્ય આવકો |
| (14) પ્રોવિડન્ટ ફંડમાં ફાળો | કર્મચારી લાભના ખર્ચા |
| (15) લોન પર વ્યાજ | નાણાંકીય પડતર |
| (16) મળેલ વ્યાજ અને ડિવિડન્ડ | અન્ય ઉપજ |
| (17) તાર-ટપાલ | અન્ય ખર્ચા |
| (18) બોનસ | કર્મચારી લાભના ખર્ચા |
| (19) વેચાણ ખર્ચા | અન્ય ખર્ચા |
| (20) ખરીદી | વપરાયેલ માલની પડતર |

**ઉદાહરણ-5**

તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષની એકતા લિમિટેડની માહિતી પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ 3 મજબ નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---:|
| મિલકત વેચાણનો નફો | 30,000 |
| ઓફિસ અને વેચાણ ખર્ચા | 40,000 |
| વપરાયેલ માલની પડતર | 1,50,000 |
| ચૂકવાયેલ વ્યાજ | 20,000 |
| કાયમી મિલકતો પર ઘસારો | 80,000 |
| કર્મચારીઓ પગાર | 1,00,000 |
| તૈયાર માલના સ્ટોકમાં ફેરફાર | 60,000 |
| કરવેરાની જોગવાઈ નફાના 50% | - |
| વેચાણ | 5,00,000 |

**જવાબ :**

તા-31-3-2021ના રોજ પૂરા થતા વર્ષનુ નફા-નુકસાનનું પત્રક

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---:|---:|
| (I) કામગીરીમાંથી ઉપજ (વેચાણ) | | 5,00,000 | |
| (ii) અન્ય ઉપજ (મિલકત વેચાણનો નફો) | | 30,000 | |
| (iii) કુલ ઉપરજ (i + ii) ઉપજ | | | 5,30,000 |
| (iv) ખર્ચાઓ : | | | |
| વપરાયેલ માલની પડતર | | 1,50,000 | |
| તૈયાર માલના સ્ટોકમાં ફેરફાર | | 60,000 | |
| કર્મચારી લાભના ખર્ચા કર્મચારીની (પગાર) | | 1,00,000 | |
| નાણાકીય પડતર (ચૂકવાયેલ વ્યાજ) | | 20,000 | |
| ઘસારો અને માંડીવાળેલ ખર્ચા (કાયમી મિલકતો પર ઘસારો) | | 80,000 | |
| અન્ય ખર્ચા (ઓફિસ અને વેચાણ ખર્ચા) | | 40,000 | |
| **કુલ ખર્ચા** | | | **4,50,000** |
| (v) કરવેરા પહેલાંનો નફો (iii-iv) | | | 80,000 |
| (vi) કરવેરાની જોગવાઈ (80,000 × 50%) | | | 40,000 |
| (vii) કરવેરા બાદ નફો (v-vi) | | | 40,000 |

નીચે આપેલ બાકીઓ પરથી તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષનું શ્રી સાહિલ લિમિટેડનુ કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-3 મુજબ નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| પગાર | 40,000 |
| ડિબેંચર વ્યાજ | 30,000 |
| શરૂનો સ્ટોક | 80,000 |
| વેચાણ | 3,80,000 |
| મજૂરી | 20,000 |
| રોકાણોના વેચાણનો નફો | 80,000 |
| કરવેરાની જોગવાઈ | 85,000 |
| ઓફીસ વેચાણ ખર્ચા | 25,000 |
| આખર સ્ટોક | 60,000 |
| ખરીદી | 1,00,000 |
| કાયમી મિલકતો પર ઘસારો | 40,000 |

**જવાબ :**

શ્રી સાહિલ લિમિટેડનુ તા-31-3-2021ના રોજ પૂરા થતા વર્ષનુ નફા-નુકસાનનું પત્રક

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) કામગીરીમાંથી ઉપજ | | 3,80,000 | |
| (ii) અન્ય ઉપજ | | 80,000 | |
| (iii) કુલ ઉપજ | | | 4,60,000 |
| (iv) ખર્ચાઓ : | | | |
| વપરાયેલ માલની પડતર (ખરીદી) | | 1,00,000 | |
| તૈયાર માલના સ્ટોકમાં ફેરફાર (શરૂનો સ્ટોક ₹ 80,000-આખર સ્ટોક ₹ 60,000) | | 20,000 | |
| કર્મચારી લાભના ખર્ચા (પગાર + મજૂરી) | | 60,000 | |
| નાણાકીય પડતર (ડિબેંચર વ્યાજ) | | 30,000 | |
| ઘસારો અને માંડીવાળેલ ખર્ચા (કાયમી મિલકતો પર ઘસારો) | | 1,00,000 | |
| અન્ય ખર્ચા (ઓફીસ અને વેચાણ ખર્ચા) | | 25,000 | |
| **કુલ ખર્ચા** | | | **3,35,000** |
| (v) કરવેરા પહેલાનો નફો (iii-iv) | | | 1,25,000 |
| (vi) કરવેરાની જોગવાઈ | | | 85,000 |
| (vii) કરવેરા બાદ નફો (v-vi) | | | 40,000 |

**ઉદાહરણ-7**

તા. 31-3-2021ના રોજનુ માહિ લિમિટેડનુ કાચું સરવૈયુ નીચે મુજબ છે.

| વિગત | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|
| વેચેલ માલની પડતર | 2,00,000 | |
| શરૂનો સ્ટોક | 40,000 | |
| નાણાકીય પડતર | 50,000 | |
| ઈક્વિટી શેરમૂડી | | 10,00,000 |
| લેણદારો | | 35,000 |
| કામગીરીમાંથી ઉપજ (વેચાણ) | | 6,00,000 |
| લાંબાગાળાના ઉછીના નાણાં | | 2,00,000 |
| દેવીહૂંડીઓ | | 30,000 |
| કર્મચારીઓને લગતા ખર્ચા | 1,50,000 | |
| માંડી વાળેલ અદૃશ્ય મિલકતો | 20,000 | |
| અન્ય ઉપજ | | 90,000 |
| જમીન-મકાન | 8,00,000 | |
| અન્ય ખર્ચા | 20,000 | |
| પાઘડી | 2,00,000 | |
| બિનચાલુ રોકાણો | 1,55,000 | |
| માલસામગ્રી | 1,20,000 | |
| દેવાદારો | 75,000 | |
| રોકડ અને બેંકસિલક | 1,25,000 | |
| **કુલ** | **19,55,000** | **19,55,000** |

**હવાલાઓ :**

(1) નફાના 50% કરવેરાની જોગવાઈ કરો.

(2) આખર સ્ટોક ` 80,000

આપેલ વિગતો પરથી તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ વાર્ષિક હિસાબોને તૈયાર કરો.

માહિ લિમિટેડનુ તા. 31-3-2021ના રોજપૂરા થતા વર્ષનુ નફા નુકસાનનું પત્રક

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) કામગીરીમાંથી ઉપજ (વેચાણ) | | 6,00,000 | |
| (ii) અન્ય આવકો (અન્ય ઉપજ) | | 90,000 | |
| (iii) કુલ ઉપજ (i+ii) | | | 690,000 |
| (iv) ખર્ચાઓ : | | | |
| વપરાયેલ માલની પડતર | | 2,00,000 | |
| તૈયાર માલના સ્ટોકમાં ફેરફાર (શરૂનો સ્ટોક - આખર સ્ટોક) (` 40,000 - ₹ 80,000) | | (40,000) | |
| કર્મચારી ને લગતા ખર્ચા | | 1,50,000 | |
| નાણાંકીય પડતર | | 50,000 | |
| ઘસારો અને માંડીવાળેલ ખર્ચા | | 20,000 | |
| અન્ય ખર્ચા | | 20,000 | |
| **કુલ ખર્ચા** | | | **4,00,000** |
| (v) કરવેરા પહેલાનો નફો (iii-iv) | | | 2,90,000 |
| (vi) કરવેરાની જોગવાઈ | | | 1,45,000 |
| (vii) કરવેરા બાદ નફો (v-vi) | | | 1,45,000 |

માહિ લિમિટેડનું તા-31-3-2021ના રોજનુ પાકુ સરવૈયું

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) ઈક્વિટી અને જવાબદારીઓ | | | |
| (1) શેરહોલ્ડર્સના ભંડોળો | | | |
| (a) શેરમૂડી | | 10,00,000 | |
| (b) અનામત અને વધારો | | 1,45,000 | |
| (ચોખ્ખો નફો બાકી) | | | 11,45,000 |
| (2) બિનચાલુ જવાબદારીમાંઓ | | | |
| (a) લાંબાગાળાના ઉછીના નાણાં | | 2,00,000 | 2,00,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | |
| (a) વેપારી દેવાં (લણદારો+દેવીહૂંડીઓ) | | 65,000 | |
| (b) ટૂંકાગાળાની (કરવેરાની જોગવાઈ) | | 1,45,000 | 2,10,000 |
| **કુલ** | | | **15,55,000** |

| | | | |
|---|---|---|---|
| II મિલકતો : | | | |
| (1) બિનચાલુ મિલકતો | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દૃશ્ય (જમીન મકાન) | | 8,00,000 | |
| (ii) અદૃશ્ય (પાઘડી) | | 2,00,000 | 10,00,000 |
| (b) બિનચાલુ રોકાણો | | 1,55,000 | 1,55,000 |
| (2) ચાલુ મિલકતો | | | |
| (a) ચાલુ રોકાણો | | - | |
| (b) માલસામગ્રી | | 2,00,000 | |
| (c) વેપારી લેણાં (દેવાદારો) | | 75,000 | |
| (d) રોકડ અને રોકડ સમકક્ષ | | 1,25,000 | |
| (e) અન્ય ચાલુ મિલકતો | | - | 4,00,000 |
| **કુલ** | | | **15,55,000** |

**ઉદાહરણ-8**

તા. 31-3-2021ના રોજનુ ક્રિષા લિમિટેડનુ કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|
| જમીન-મકાન | 8,00,000 | |
| ઈક્વિટી શેર મૂડી | | 5,00,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 1,00,000 |
| ટેલિફોન ડિપોઝીટ | 40,000 | |
| સોફ્ટવેર | 1,00,000 | |
| પ્રેફરન્સ શેરમૂડી | | 3,00,000 |
| વેપારી લેણાં | 60,000 | |
| લેણદારોને આપેલ એડવાન્સ | 40,000 | |
| 12% ના ડિબેંચર | | 2,00,000 |
| બિન ચાલુ રોકાણો | 2,00,000 | |
| મળવાનુ બાકી વ્યાજ | 2,000 | |
| ચૂકવવાનુ બાકી વ્યાજ | | 2,25,000 |
| અન્ય ઉપજ | | 40,000 |
| દેવી હૂંડી | | 35,000 |
| ડિબેચર વટાવ | 30,000 | |

| | | |
|---|---|---|
| વેચાણ | | 6,00,000 |
| બેંક ઓવરડ્રાફટ | | 65,000 |
| વેચેલ માલની પડતર | 3,00,000 | |
| સૂચિત ડિવિડન્ડ | | 1,00,000 |
| કર્મચારીનો પગાર | 2,00,000 | |
| બેંક સિલક | 1,50,000 | |
| બેંક વ્યાજ | 80,000 | |
| મિલકતો પર ઘસારો | 40,000 | |
| મિત લિ. ના શેરમાં રોકાણ (કામચલાઉ) | 1,00,000 | |
| વેચાણના ખર્ચા | 30,000 | |
| **કુલ** | **21,90,000** | **21,90,000** |

**જવાબ :**

ક્રિષા લિમિટેડનું તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષનું નફા નુકસાન પત્રક

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) કામગીરીમાંથી ઉપજ | | 6,00,000 | |
| (ii) અન્ય આવકો | | 40,000 | |
| (iii) કુલ ઉપજ | | | 6,40,000 |
| (iv) ખર્ચાઓ : | | | |
| વપરાયેલ માલની પડતર | | 3,00,000 | |
| તૈયાર માલના સ્ટોકમાં ફેરફાર | | - | |
| કર્મચારીને લગતા ખર્ચા | | 2,00,000 | |
| નાણાંકીય પડતર (બેંક વ્યાજ) | | 80,000 | |
| ઘસારો અને માંડી વાળેલ ખર્ચા | | 40,000 | |
| અન્ય ખર્ચા (વેચાણ ખર્ચા) | | 30,000 | |
| **કુલ ખર્ચા** | | | **6,50,000** |
| (v) કરવેરા પહેલાંનો નફો (iii-iv) | | | (10,000) |
| (vi) કરવેરાની જોગવાઈ | | | - |
| (vii) કરવેરા બાદ નફો (v-vi) | | | (10,000) |

ક્રિષા લિમિટેડનું તા-31-3-2021ના રોજનુ પાકું સરવૈયું

| | | વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|---|---|
| (I) | | ઈક્વિટી અને જવાબદારીઓ | | | |
| | (1) | શેરહોલ્ડર્સના ભંડોળો | | | |
| | (a) | શેરમૂડી (ઈક્વિ-શેરમૂડી+પ્રેફ-શેરમૂડી) | | 8,00,000 | |
| | (b) | અનામત અને વધારો (ચોખ્ખુ નુકસાન) | | (10,000) | |
| | (2) | બિનચાલુ જવાબદારીઓ | | | 7,90,000 |
| | (a) | લાંબાગાળાના ઉછીના નાણાં (12% ના ડિબેચર) | | 2,00,000 | |
| | (b) | અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | | - | |
| | (c) | લાંબાગાળાના જોગવાઈઓ (પ્રો.ફંડ) | | 1,00,000 | 3,00,000 |
| | (3) | ચાલુ જવાબદારીઓ | | | |
| | (a) | ટૂંકાગાળાના ઉછીના નાણાં (બેંક ઓવરડ્રાફ્ટ) | | 65,000 | |
| | (b) | વેપારી દેવાં (દેવીહૂંડી+લેણદારો) | | 2,60,000 | |
| | (c) | અન્ય ચાલુ જવાબદારીઓ (ચૂ.બાકી વ્યાજ) | | 2,25,000 | |
| | (d) | ટૂંકાગાળાની જોગવાઈઓ (સૂચિત ડિવિડન્ડ) | | 1,00,000 | 4,50,000 |
| | | **કુલ** | | | **15,40,000** |
| II | | મિલકતો : | | | |
| | (1) | બિનચાલુ મિલકતો | | | |
| | (a) | કાયમી મિલકતો | | | |
| | | (i) દૃશ્ય (જમીન મકાન) | | 8,00,000 | |
| | | (ii) અદૃશ્ય (સોફ્ટવેર) | | 1,00,000 | |
| | (b) | બિનચાલુ રોકાણો | | 2,00,000 | |
| | (c) | લાંબાગાળાની લોન-ધિરાણ (ટેલિફોન ડિપોઝિટ) | | 40,000 | |
| | (d) | અન્ય બિન ચાલ મિલકતો | | 30,000 | |
| | | (ડિબેંચરવટાવ) | | | 11,70,000 |
| | (2) | ચાલુ મિલકતો | | | |
| | (a) | ચાલુ રોકાણો (મિત લિ. ના શેરમાં રોકાણો) (કામચલાઉ) | | 1,00,000 | |
| | (b) | માલસામગ્રી | | - | |
| | (c) | વેપારી લેણાં | | 60,000 | |

| | | | |
|---|---|---|---|
| (d) | રોકડ અને રોકડ સમકક્ષ (બેંકસિલક) | 1,50,000 | |
| (e) | ટૂંકાગાળાની લોન-ધિરાણ (લેણદારોને આપેલ એડવાન્સ) | 40,000 | |
| (f) | અન્ય ચાલુ મિલકતો (મળવાનુ બાકી વ્યાજ) | 20,000 | 3,70,000 |
| | **કુલ** | | **15,40,000** |

**ઉદાહરણ-9**

તા. 31-3-2021ના રોજનું સોનલ લિમિટેડનું કાચું સરવૈયુ નીચે મુજબ છે.

| **વિગત** | **ઉધાર ₹** | **જમા ₹** |
|---|---|---|
| વેચાણ | | 24,00,000 |
| 12% ના ડિબેંચર | | 3,00,000 |
| ઈક્વિટી શેરમૂડી | | 6,00,000 |
| ઓફીસ અને વેચાણ ખર્ચ | 60,000 | |
| પગાર | 7,50,000 | |
| બેંક ઓવરડ્રાફટ | | 42,000 |
| જમીન-મકાન | 5,70,000 | |
| ખરીદી | 10,65,000 | |
| ડિબેંચર વ્યાજ | 36,000 | |
| કોપી રાઈટ | 3,00,000 | |
| શરૂઆતનો સ્ટોક | 90,000 | |
| મળેલ કમિશન | | 39,000 |
| દેવાદારો | 5,10,000 | |
| | **33,81,000** | **33,81,000** |

**અન્ય માહિતી :**

(1) આખર સ્ટોક ₹ 1,05,000

(2) ચૂકવવાનુ બાકી ભાડુ ₹ 15,000

(3) કાયમી મિલકતો પર ઘસારો 10% લેખે ગણવાનો છે.

(4) નફાના 40% કરવેરાની જોગવાઈ કરો.

આપેલ માહિતી પરથી તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.

**જવાબ :**

સોનલ લિમિટેડનુ તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષનુ નફા નુકસાન પત્રક

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) કામગીરીમાંથી ઉપજ (વેચાણ) | | 24,00,000 | |
| (ii) અન્ય આવકો (મળેલ કમિશન) | | 39,000 | |
| (iii) કુલ ઉપજ (i+ii) | | | 24,39,000 |
| (iv) ખર્ચાઓ : | | | |
| વપરાયેલ માલની પડતર (ખરીદી) | | 10,65,000 | |
| તૈયાર માલના સ્ટોકમાં ફેરફાર (શરૂનો સ્ટોક ₹ 90,000-આખર સ્ટોક ₹ 1,05,000) | | - (15,000) | |
| કર્મચારીને લગતા ખર્ચા (પગાર) | | 7,50,000 | |
| નાણાકીય પડતર (ડિબેંચર વ્યાજ) | | 36,000 | |
| ઘસારો અને માંડી વાળેલ ખર્ચા (જમીન મકાન 570000×10%) | | 57,000 | |
| અન્ય ખર્ચા | | 75,000 | |
| (ઓફીસ અને વેચાણ ખર્ચા + ચૂકવવાનુ બાકી ભાડુ) કુલ ખર્ચાઓ | | | 19,68,000 |
| (v) કરવેરા પહેલાનો નફો (iii-iv) | | | 4,71,000 |
| (vi) કરવેરાની જોગવાઈ (40%) | | | 1,88,400 |
| (vii) કરવેરા બાદ નફો (v-vi) | | | 2,82,600 |

સોનલ લિમિટેડનું તા-31-3-2021ના રોજનુ પાકું સરવૈયું

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) ઈક્વિટી અને જવાબદારીઓ | | | |
| (1) શેરહોલ્ડર્સના ભંડોળો | | | |
| (a) શેરમૂડી | | 6,00,000 | |
| (b) અનામત અને વધારો (નફા-નુકસાન પત્રકનો વધારો) | | 2,82,600 | |
| | | | 8,82,600 |
| (2) બિનચાલુ જવાબદારીઓ | | | |
| (a) લાંબાગાળાની ઉછીના નાણાં (12% ના ડિબેંચર) | | 3,00,000 | 3,00,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | |

| | | | |
|---|---|---|---|
| (a) ટૂંકાગાળાના ઉછીના નાણાં (બેંક ઓવરડ્રાફ્ટ) | | 42,000 | |
| (b) ટૂંકાગાળાની જોગવાઈઓ (કરવેરાની જોગવાઈઓ) | | 1,88,400 | |
| (c) અન્ય ચાલુ દેવાં (ચૂ બાકી ભાડું) | | 15,000 | 2,45,400 |
| **કુલ** | | | **14,28,000** |
| II મિલકતો : | | | |
| (1) બિનચાલુ મિલકતો | | | |
| (a) કાયમી મિલકતો | | | |
| (i) દશ્ય (જમીન મકાન) | | 5,13,000 | |
| (ii) અદશ્ય-કોપી રાઈટ | | 3,00,000 | 8,13,000 |
| (2) ચાલુ મિલકતો | | | |
| (a) માલસામગ્રી | | 1,05,000 | |
| (b) વેપારી લેણાં | | 5,10,000 | |
| | | | 6,15,000 |
| **કુલ** | | | **14,28,000** |

**ઉદાહરણ-10**

તા. 31-3-2021ના રોજનુ ભાવિકા લિમિટેડનુ કાચું સરવૈયુ નીચે મુજબ છે.

| **વિગત** | | **ઉધાર ₹** | **જમા ₹** |
|---|---|---|---|
| માલસામગ્રી | | 33,000 | - |
| જામીનગીરી પ્રીમિયમ | | - | 12,000 |
| ઈક્વિટી શેરમૂડી | | - | 1,50,000 |
| વેચાણ | | - | 2,25,000 |
| કાયમી મિલકતો - દશ્ય | | 2,40,000 | - |
| વેપારી લેણાં | | 12,000 | - |
| લાંબાગાળાનાં ઉછીના નાણાં | | - | 1,05,000 |
| કર્મચારી લાભના ખર્ચા | | 39,000 | - |
| રોકડ અને બેંકસિલક | | 18,000 | - |
| અન્ય ઉપજ | | - | 6,000 |
| નાણાકીય પડતર | | 5,250 | - |
| વેચેલ માલની પડતર | | 1,20,000 | - |
| વેપારી દેવાં | | - | 18,000 |
| ઘસારો | | 6,750 | - |
| બિનચાલુ રોકાણો | | 42,000 | - |
| | | **5,16,000** | **5,16,000** |

**અન્ય માહિતી :**

(1) કરવેરાની જોગવાઈ ₹ 15,000 રાખવાની છે.

(2) કાયમી મિલકતો પર ઘસારાનો દર 10% સુધી વધારવાનો છે.

ઉપરની માહિતી પરથી કંપની ધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ તા. 31-3-2021ના રોજ પૂરા થતાં વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.

**જવાબ :**

ભાવિકા લિમિટેડનું તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષનુ નફા નુકસાન પત્રક

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) કામગીરીમાંથી ઉપજ (વેચાણ) | | 2,25,000 | |
| (ii) અન્ય આવકો | | 6,000 | |
| (iii) કુલ ઉપજ (i+ii) | | | 2,31,000 |
| (iv) ખર્ચાઓ : | | | |
| વેચેલ માલની પડતર | | 1,20,000 | |
| તૈયાર માલના સ્ટોકમાં ફેરફાર | | - | |
| કર્મચારીને લગતા ખર્ચા | | 39,000 | |
| નાણાંકીય પડતર | | 5,250 | |
| ઘસારો અને માંડી વાળેલ ખર્ચા | | | |
| કાયમી મિલકતો પર ઘસારો | | 24,675 | |
| (240,000+6750=246750×10%) | | | |
| અન્ય ખર્ચા | | - | |
| **કુલ ખર્ચાઓ** | | | **1,88,925** |
| (v) કરવેરા પહેલાનો નફો (iii-iv) | | | 42,075 |
| (vi) કરવેરાની જોગવાઈ | | | 15,000 |
| (vii) કરવેરા પછીનો નફો (v-vi) | | | 27,075 |

ભાવિકા લિમિટેડનું તા-31-3-2021ના રોજનું પાકું સરવૈયું

| વિગત | નોંધ નંબર | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|
| (I) ઈકિવટી અને જવાબદારીઓ | | | |
| (1) શેરહોલ્ડર્સના ભંડોળો | | | |
| (a) શેરમૂડી (ઇક્વિટી શેરમૂડી) | | 1,50,000 | |
| (b) અનામત અને વધારો | | | |
| (i) ચોખ્ખો નફો | | 27,075 | |
| (ii) જામીનગીરી પ્રિમિયમ | | 12,000 | 1,89,075 |

| | | | | |
|---|---|---|---|---|
| (2) બિનચાલુ જવાબદારીઓ લાંબાગાળાની ઉછીના નાણાં | | | 1,05,000 | 1,05,000 |
| (3) ચાલુ જવાબદારીઓ | | | | |
| (a) વેપારી દેવા | | | 18,000 | |
| (b) ટૂંકાગાળાના જોગવાઈઓ (કરવેરાની જોગવાઈઓ) | | | 15,000 | 33,000 |
| **કુલ** | | | | **3,27,075** |
| II મિલકતો : | | | | |
| (1) બિનચાલુ મિલકતો | | | | |
| (a) કાયમી મિલકતો | | | | |
| (i) દશ્ય (₹ 246750- ₹ 24675 ઘસારો) | | | 2,22,075 | |
| (b) બિન ચાલુ રોકાણો | | | 42,000 | |
| | | | | 2,64,075 |
| (2) ચાલુ મિલકતો | | | | |
| (a) માલસામગ્રી | | | 33,000 | |
| (b) વેપારી લેણાં | | | 12,000 | |
| (c) રોકડ અને રોકડ સમકક્ષ (રોકડ અને બેંક સિલક) | | | 18,000 | |
| | | | | 63,000 |
| **કુલ** | | | | **3,27,075** |

**સ્વાધ્યાય**

1. નીચેની વિગતો પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ કંપનીના પાકા સરવૈયામાં કેવી રીતે દર્શાવશો તે જણાવો.

| | |
|---|---|
| (1) બેંક ઓવરડ્રાફટ | (6) પાઘડી |
| (2) જાહેર થાપણ | (7) છૂટાભાગો |
| (3) સામાન્ય અનામત | (8) વીજળી કંપનીમાં ડિપોઝિટ |
| (4) પ્રોવિડન્ટ ફંડ | (9) આખર સ્ટોક |
| (5) બાકી હપતા | (10) ડિબેન્ચર વયવ |

2. નીચેની બાકીઓ ઉમેશ લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2021ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ કંપનીનું તા. 31-3-2021ના રોજના પાક સરવૈયાની મિલકતો દર્શાવતું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| લાંબા ગાળાની લોન-ધિરાણ | 1,00,000 |
| રોકડ અને રોકડ સમકક્ષ | 50,000 |
| ચાલુ રોકાણો | 80,000 |
| કાયમી મિલકતો-અદૃશ્ય | 6,00,000 |
| વેપારી લેણાં | 4,00,000 |
| ટૂંકાગાળાની લોનધિરાણ | 2,00,000 |
| માલસામગ્રી | 20,000 |
| કાયમી મિલકતો-દૃશ્ય | 12,00,000 |
| અન્ય ચાલુ મિલકતો | 80,000 |
| અન્ય બિન ચાલુ મિલકતો | 40,000 |
| બિન ચાલુ રોકાણો | 400,000 |

3. નીચેની બાકીઓ મહેશ લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2021ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31-3-2021ના રોજના પાકા સરવૈયાની ઈક્વિટી અને જવાબદારી દર્શાવતું કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-3 મુજબનું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| પ્રોવિડન્ટ ફંડ | 30,000 |
| 50,000 ઈક્વિટી શેર દરેક ₹ 10 નો તેવા | 5,00,000 |
| કામચલાઉ લોન (જમાબાકી) | 80,000 |
| જાહેર થાપણ | 25,000 |
| સામાન્ય અનામત | 2,00,000 |
| લેણદારો | 1,00,000 |
| અન્ય લાંબાગાળાની જવાબદારી | 1,35,000 |
| ચૂકવવાનું બાકી ભાડું | 20,000 |
| કરવેરાની જોગવાઈ | 75,000 |

4. નીચેની બાકીઓ વિજય લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2021ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31-3-2021ના રોજના પાકા સરવૈયાની મિલકતો દર્શાવતું પત્રક કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-3 મુજબનું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| ટ્રેડમાર્ક | 10,000 |
| દેવાદારો | 42,000 |
| મળવાનું બાકી કમિશન | 8,000 |
| વીજળી અંગેની ડિપોઝિટ | 38,000 |
| મકાન | 2,00,000 |
| છૂટા ભાગો | 52,000 |
| રોકડ અને બિંકસિલક | 1,00,000 |
| રોકાણો (કામચલાઉ) | 40,000 |
| 10% ની રતન લિમિટેડના શેરમાં રોકાણ | 58,000 |
| ડિબેંચર વટાવ | 33,000 |
| કામદારોને આપેલ એડવાન્સ | 57,000 |

5. નીચેની બાકીઓ વિનેષ લિમિટેડના ચોપડામાંથી તા. 31-3-2021ના રોજ લેવામાં આવી છે. આ બાકીઓ પરથી કંપની ધારા 2013 ના પરિશિષ્ટ-3 મુજબનું પાકા સરવૈયાની ઈક્વિટી અને જવાબદારીઓ દર્શાવતું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| 15,000 ઈક્વિટી શેર, દરેક ₹ 100 નો તેવા | 15,00,000 |
| બેંકઓવરડ્રાફ્ટ | 80,000 |
| દેવીહૂંડી | 4,00,000 |
| લેણદારો | 1,32,000 |
| પ્રોવિડન્ટ ફંડ | 1,20,000 |
| પગાર ચૂકવવાનો બાકી | 48,000 |
| સૂચિત ડિવિડન્ડ | 2,00,000 |
| નફા-નુકસાનના પત્રક મુજબ-વધારો | 1,22,000 |
| 8% ની બેંક ઓફ બરોડાની લોન | 3,00,000 |

6. નીચેની બાકીઓ આનંદી લિમિટેડના ચોપડામાંથી લેવામાં આવી છે. આ બાકીઓ પરથી તા. 31-3-2021ના રોજનુ પાકુ સરવૈયું કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-3 મુજબ તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| દેવાદારો | 2,40,000 |
| ડિબેંચર પરત નિધિના રોકાણો | 80,000 |
| આખર સ્ટોક | 1,00,000 |
| જમીન મકાન | 2,80,000 |
| 12% ના ડિબેચર | 1,20,000 |
| કરવેરાની જોગવાઈ | 32,000 |
| પ્લાન્ટ-યંત્રો | 2,80,000 |
| લેણદારો | 60,000 |
| ઈક્વિટી શેરમૂડી | 8,00,000 |
| પેન્શન ફંડ | 8,000 |
| સામાન્ય અનામત | 80,000 |
| કસ્ટમ ડિપોઝિટ | 60,000 |
| ટૂંકાગાળાની લોન (જમા બાકી) | 11,600 |
| મળવાનુ બાકી કમિશન | 20,000 |
| અન્ય લાંબાગાળાની જવાબદારીઓ | 20,000 |
| સોફ્ટવેર | 20,000 |
| બેંકસિલક | 1,60,000 |
| રિલાયન્સ કંપનીના શેરમાં રોકાણ (કામચલાઉ) | 12,000 |
| ડિબેંચર પર ચૂકવવાનું બાકી વ્યાજ | 14,400 |
| ડિબેચંર વટાવ | 6,000 |
| કામદારોને આપેલ એડવાન્સ | 8,000 |

7. નીચેની બાકીઓ કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-3 મા દર્શાવ્યા પ્રમાણે નફા-નુકસાનના પત્રકમાં ક્યા શીર્ષક હેઠળ દર્શાવશો તે જણાવો.

(1) માંડી વાળેલ પાઘડી

(2) ઓડિટ ફી

(3) મિલકત વેચાણની ખોટ

(4) બેંક વ્યાજ

(5) ભંગારની ઉપજ

(6) ઘાલાખાધ

(7) સ્ટેશનરીના ખર્ચા

(8) માલ સામગ્રીની ખરીદી

(9) શરૂઆતનો સ્ટોક

(10) ખરીદી

(11) મળેલ ભાડું

8. તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષની કુસુમ લિમિટેડની માહિતી પરથી કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-3 મુજબ નફા-નુકસાનનુ પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| ચૂકવાયેલ વ્યાજ | 20,000 |
| મિલકત વેચાણનો નફો | 10,000 |
| કાયમી મિલકતો પર ઘસારો | 80,000 |
| પગાર | 2,00,000 |
| ઓફિસ અને વેચાણના ખર્ચા | 1,00,000 |
| તૈયર માલના સ્ટોકમાં ફેરફાર | 30,000 |
| વપરાયેલ માલની પડતર | 2,50,000 |
| વેચાણ | 8,00,000 |
| કરવેરાની જોગવાઈ નફાના 40% | - |

9. નીચે આપેલ બાકીઓ પરથી તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષ માટે શ્રી રશ્મિન લિમિટેડનું કંપનીધારા 2013 ના પરિશિષ્ટ-3 અનુસાર નફા-નુકસાનનું પત્રક તૈયાર કરો.

| વિગત | રકમ (₹) |
|---|---|
| મજૂરી | 40,000 |
| વેચાણ | 10,00,000 |
| મિલકત વેચાણનો નફો | 50,000 |
| પગાર | 2,00,000 |
| આખર સ્ટોક | 1,20,000 |
| ખરીદી | 2,50,000 |
| ડિબેંચર પર વ્યાજ | 20,000 |
| ભંગારની ઉપજ | 1,00,000 |
| વેચાણ ખર્ચા | 50,000 |
| કરવેરાની જોગવાઈ | 1,50,000 |
| શરૂનો સ્ટોક | 1,50,000 |

10. તા. 31-3-2021ના રોજનું સમીર લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | 50,00,000 |
| દેવીહૂંડીઓ | | 1,50,000 |
| વેચેલ માલની પડતર | 10,00,000 | |
| લેણદારો | | 1,75,000 |
| કર્મચારીઓને લગતા ખર્ચા | 7,50,000 | - |
| શરૂનો સ્ટોક | 2,00,000 | - |
| માંડી વાળેલ પેટન્ટ | 1,00,000 | |
| કામગીરીમાંથી ઉપજ | | 30,00,000 |
| નાણાંકીય પડતર | 2,50,000 | |
| જમીન-મકાન | 25,00,000 | |
| ઓફીસ અને વેચાણ ખર્ચા | 1,00,000 | |
| લાંબાગાળાના ઉછીના નાણાં | | 10,00,000 |
| પ્લાન્ટ-યંત્રો | 15,00,000 | |
| પેટન્ટ | 10,00,000 | |
| અન્ય ઉપજ | | 4,50,000 |
| બિનચાલુ રોકાણો | 7,75,000 | |
| દેવાદારો | 3,75,000 | |
| માલસામગ્રી | 6,00,000 | |
| બેંક સિલક | 6,25,000 | |
| **કુલ** | **97,75,000** | **97,75,000** |

**હવાલાઓ :**

(1) આખર સ્ટોક ₹ 4,00,000

(2) નફાના 50% કરવેરાની જોગવાઈ કરો.

આપેલ વિગતો પરથી તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો.

11. તા. 31-3-2021ના રોજનું નર્મદા લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | 3,00,000 |
| પગાર | 3,75,000 | |
| જમીન-મકાન | 2,85,000 | |
| વેચાણ | | 12,00,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | | 21,000 |
| પાઘડી | 1,50,000 | |
| ખરીદી | 5,32,500 | |
| 12% ના ડિબેંચર | | 1,50,000 |
| ડિબેંચર વ્યાજ | 18,000 | |
| શરૂઆતનો સ્ટોક | 45,000 | |
| ઓફિસ અને વેચાણ ખર્ચા | 30,000 | |
| મળેલ વ્યાજ | | 19,500 |
| દેવાદારો | 2,55,000 | |
| **કુલ** | **16,90,500** | **16,90,500** |

**અન્ય માહિતી :**

(1) આખર સ્ટોક ₹ 52,500

(2) ચૂકવવાનો બાકી પગાર ₹ 7,500

(3) કાયમી મિલકતો પર ઘસારો 8% લેખે ગણવાનો છે.

(4) નફાના 35% કરવેરાની જોગવાઈ કરો.

આપેલ માહિતી પરથી તા. 31-3-2021ના રોજ પૂરા થતા વર્ષ માટે કંપનીધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ વાર્ષિક હિસાબો તૈયાર કરો. હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.

12. તા. 31-3-2021ના રોજનુ દિવ્યા લિમિટેડનું કાચું સરવૈયું નીચે મુજબ છે.

| વિગત | ઉધાર (₹) | જમા (₹) |
|---|---|---|
| જામીનગીરી પ્રીમિયમ | | 36,000 |
| જમીન-મકાન | 5,00,000 | |
| વેચાણ | | 6,75,000 |
| વેપારી લેણા | 36,000 | |
| કર્મચારી લાભના ખર્ચા | 1,17,000 | |
| માલ સામગ્રી | 99,000 | |
| અન્ય ઉપજ | | 18,000 |
| ફર્નિચર | 2,20,000 | |
| રોકડ અને બેંક સિલક | 54,000 | |
| વેચેલ માલની પડતર | 3,60,000 | |
| ઇક્વિટી શેરમૂડી | | 4,50,000 |
| મિલકતો પર ઘસારો | 20,250 | |
| લાંબાગાળાના ઉછીના નાણાં | | 3,15,000 |
| નાણાંકીય પડતર - વ્યાજ | 15,750 | |
| વેપારી દેવા | | 54,000 |
| બિનચાલુ રોકાણો | 1,26,000 | |
| **કુલ** | **15,48,000** | **15,48,000** |

**અન્ય માહિતી :**

(1) કાયમી મિલકતો પર ઘસારો દર 10% સુધી વધારાનો છે.

(2) કરવેરાની જોગવાઈ ₹ 45,000 રાખવાની છે.

ઉપરની માહિતી પરથી કંપની ધારા 2013ના પરિશિષ્ટ-3 મુજબ તા. 31-3-2021 ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો હિસાબોને લગતી નોંધો જરૂરી નથી.

**જવાબો : (જવાબ - 1 જોત કરો અને જવાબ 1 થી 12 નીચે મુજબ છે)**

| | | |
|---|---|---|
| 2. | બિન ચાલુ મિલકતો | 23,40,000 |
| | ચાલુ મિલકતો | 8,30,000 |
| | કુલ સરવાળો | 31,70,000 |
| 3. | શેરહોલ્ડર્સના ભંડોળો | 7,00,000 |
| | બિન ચાલુ જવાબદારીઓ | 1,90,000 |
| | ચાલુ જવાબદારીઓ | 2,75,000 |
| | કુલ સરવાળો | 11,65,000 |

| | | |
|---|---|---|
| 4. | બિન ચાલુ મિલકતો | 3,39,000 |
| | ચાલુ મિલકતો | 2,99,000 |
| | કુલ સરવાળો | 6,38,000 |
| 5. | શેરહોલ્ડરોના ભંડોળો | 16,22,000 |
| | બિન ચાલુ જવાબદારીઓ | 4,20,000 |
| | ચાલુ જવાબદારીઓ | 8,60,000 |
| | કુલ સરવાળો | 29,02,000 |
| 6. | શેરહોલ્ડર્સના ભંડોળો | 8,80,000 |
| | બિન ચાલુ જવાબદારીઓ | 2,08,000 |
| | ચાલુ જવાબદારીઓ | 1,18,000 |
| | કુલ સરવાળો | 12,06,000 |
| 7. | બિન ચાલુ મિલકતો | 6,66,000 |
| | ચાલુ મિલકતો | 5,40,000 |
| | કુલ સરવાળો | 12,06,000 |
| 8. | કુલ આવકો | 8,10,000 |
| | કુલ ખર્ચા | 6,80,000 |
| | કરવેરા પહેલાનો નફો | 1,30,000 |
| | કરવેરા પછીનો નફો | 78,000 |
| 9. | કુલ આવકો | 11,50,000 |
| | કુલ ખર્ચા | 6,90,000 |
| | કરવેરા પહેલાનો નફો | 4,60,000 |
| | કરવેરા પછીનો નફો | 3,10,000 |
| 10. | ન.નુ. ખાતા મુજબ : | |
| | કુલ ઉપજ/આવકો | 34,50,000 |
| | કુલ ખર્ચા | 20,00,000 |
| | કરવેરા પહેલાનો નફો | 14,50,000 |
| | કરવેરા પછીનો નફો | 7,25,000 |
| | પાકા સરવૈયા મુજબ : | |
| | શેર હોલ્ડર્સના ભંડોળો | 57,25,000 |
| | બિન ચાલુ જવાબદારીઓ | 10,00,000 |
| | ચાલુ જવાબદારીઓ | 10,50,000 |
| | કુલ સરવાળો | 77,75,000 |

| | | |
|---|---|---|
| | બિન ચાલુ મિલકતો | |
| | કાયમી મિલકતો | 50,00,000 |
| | બિન ચાલુ રોકાણો | 7,75,000 |
| | ચાલુ મિલકતો | 20,00,000 |
| | કુલ સરવાળો | 77,75,000 |
| 11. | કુલ આવક/ઉપજ | 12,19,500 |
| | કુલ ખર્ચા | 9,78,300 |
| | કરવેરા પહેલાંનો નફો | 2,41,200 |
| | કરવેરા પછીનો નફો | 1,56,780 |
| | પા.સ | |
| | શેરહોલ્ડર્સના ભંડોળો | 4,56,780 |
| | બિન ચાલુ જવાબદારીઓ | 1,50,000 |
| | ચાલુ જવાબદારીઓ | 1,12,920 |
| | કુલ સરવાળો | 7,19,700 |
| | કાયમી મિલકતો | 4,12,200 |
| | ચાલુ મિલકતો | 3,07,500 |
| | કુલ સરવાળો | 7,19,700 |
| 12. | કુલ ઉપજ | 6,93,000 |
| | કુલ ખર્ચાઓ | 5,66,775 |
| | કરવેરા પહેલાનો નફો | 1,26,222 |
| | કરવેરા પછીનો નફો | 81,222 |
| | શેરહોલ્ડર્સના ભંડોળો | 5,67,225 |
| | બિન ચાલુ જવાબદારીઓ | 3,15,000 |
| | ચાલુ જવાબદીઓ | 99,000 |
| | કુલ સરવાળો | 9,81,225 |
| | બિન ચાલુ મિલકતો | |
| | કાયમી મિલકતો | 6,66,225 |
| | બિન ચાલુ રોકાણો | 1,26,000 |
| | ચાલુ મિલકતો | 1,89,000 |
| | કુલ સરવાળો | 9,81,225 |

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**દ્વિતીય વર્ષ બી.કોમ.**

**BCCOAN204**

# કંપનીના હિસાબો



**બ્લોક-૨**

BAOU Education for All

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# દ્વિતિય વર્ષ બી.કોમ.

# BCCOAN204

# કંપનીના હિસાબો

## વિભાગ

# 2


| | | |
|---|---|---|
| **એકમ-5** | **શેરમૂડી ભંડોળમાં ફેરફાર - I** | **3-10** |
| **એકમ-6** | **શેરમૂડી ભંડોળમાં ફેરફાર - II** | **11-28** |
| **એકમ-7** | **રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી પરત** | **29-54** |
| **એકમ-8** | **મૂડી ઘટાડો (આંતરિક પુનઃ રચના)** | **55-90** |

| | | |
|---|---|---|
| લેખન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | પ્રો. પંકજ રાવલ | એસોસિયેટ પ્રોફેસર, એચ. એ. કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ. |
| પરામર્શક(વિષય) : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | ડૉ. દિપક રાસ્તે | એસોસિયેટ પ્રોફેસર, સહજાનંદ વાણીજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ. |
| | ડૉ. મનોજ દવે | પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી, શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ. |
| પરામર્શક(ભાષા) : | શ્રી ઘનશ્યામ કે ગઢવી | નિવૃત આચાર્ય, સાર્વજનિક કોલેજ, મહેસાણા. |
| | શ્રી ધ્વનિલ પારેખ | સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા. |
| | ડૉ. દિનેશ ભદ્રેસરિયા | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | શ્રી દિવ્યેશ વ્યાસ | આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| સંપાદન : | પ્રો. (ડૉ.) મનોજ શાહ | પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |
| | | |
|---|---|---|
| પ્રકાશક : | ડૉ. ભાવિન ત્રિવેદી | કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ. |

આવૃત્તિ : જૂન 2021 સુધારેલ પુનઃ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ)

ISBN : 978-93-5598-001-4

**<u>સર્વાધિકાર સુરક્ષિત</u>**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

# એકમ 5 શેરમૂડી ભંડોળમાં ફેરફાર - I

: રૂપરેખા :


**5.1 પ્રસ્તાવના**

**5.2 શેરમૂડીમાં ફેરફારની રીતો**

- **શેરમૂડીમાં વધારો**
- **શેરમૂડીના સ્વરૂપમાં ફેરફાર**
- **શેરમૂડીમાં ઘટાડો**

● **સ્વાધ્યાય**


## 5.1 પ્રસ્તાવના

વિકાસ એટલે ફેરફાર. ધંધામાં પણ આ નિયમ લાગુ પડે છે. ધંધો વિકસિત થાય એટલે મૂડીમાં ફેરફાર કરવો અનિવાર્ય બની જાય છે, પછી તે કોઈ પણ પ્રકારનું ધંધાનું માળખું હોય. કંપનીની પ્રગતિ સાથે તેના મૂડીમાળખામાં પણ જરૂરી ફેરફારો કરવા અનિવાર્ય બની જાય છે.

કંપની શેરમૂડીની માહિતી તેના મેમોરેન્ડમ ઓફ એસોસિયેશનમાં જણાવે છે. સામાન્ય રીતે કંપની આ શેરમૂડીની મર્યાદામાં રહીને શેર બહાર પાડે છે. પરંતુ આ શેરમૂડી હંમેશાં તે જ સ્વરૂપે અને તે જ રકમમાં કાયમ રાખવી જરૂરી નથી. જેમ મેમોરેન્ડમની અન્ય કલમોમાં ફેરફાર થઈ શકે તેમ કંપનીની મૂડીમાં પણ ફેરફાર થઈ શકે. કંપની જરૂર પડે તો પોતાની સત્તાવાર મૂડીમાં વધારો કરી શકે છે. તેની શેરમૂડીના સ્વરૂપમાં ફેરફાર કરી શકે છે. દા.ત., કંપનીએ શેર બહાર પાડ્યા હોય તો જરૂર પડતાં તેને સ્ટૉકમાં ફેરવી શકે છે. વળી, એક વાર મૂડી પર મગાવેલ નાણાં વધુ લાગે, તો તે પૈકી થોડી રકમ પરત કરી શકે છે અને સતત ખોટમાં ચાલતી કંપનીએ પોતાની ભરપાઈ થયેલી શેરમૂડી ગુમાવી દીધી હોય તો તે રદ કરવા મૂડીઘટાડો પણ કરી શકે છે.

**શેરમૂડીમાં ફેરફાર કરવાની રીતો :**

2013ના કંપની ધારાની કલમ 61 મુજબ શેરમૂડીવાળી મર્યાદિત લિમિટેડ કંપની જો આર્ટિકલ્સમાં સત્તા હોય તો મૂડીની કલમમાં નીચે મુજબ ફેરફાર કરી શકે :

1. શેરમૂડીમાં વધારો
2. સ્વરૂપમાં ફેરફાર
3. શેરમૂડીમાં ઘટાડો

(1) શેરમૂડીમાં વધારોઃ

(i) નવા શેર બહાર પાડીને શેરમૂડીમાં પોતાને યોગ્ય લાગે એટલો વધારો કરી શકે છે.

(ii) બૉનસ શેર બહાર પાડી શેરમૂડીમાં વધારો કરી શકે.

(2) સ્વરૂપમાં ફેરફારઃ

(i) પોતાની શેરમૂડીનું એકીકરણ કરી તે મૂડીને ચાલુ શેર કરતાં મોટી રકમના શેરમાં

વહેંચી શકે.

(ii) પોતાના સંપૂર્ણ ભરપાઈ થયેલા બધા અથવા ગમે તેટલા શેરને સ્ટૉકમાં ફેરવી નાખી શકે અને સ્ટોકને ફરી પાછા ગમે તેટલી રકમના શેરમાં ફેરવી નાખી શકે.

(iii) પોતાની શેરમૂડીનું મેમોરેન્ડમમાં શેરની નક્કી કરેલી કિંમત કરતાં નાની રકમના શેરમાં વિભાજન કરી શકે.

(3) શેરમૂડીમાં ઘટાડો :

જે શેર હજુ સુધી કોઈએ ખરીદ્યા ન હોય તે રદ કરી શકે.

ધ્યાનમાં લેવાની મહત્ત્વની બાબતો :

ઉપર જણાવેલ ફેરફાર માટે અદાલતની મંજૂરીની જરૂર નથી. ઉપર મુજબના ફેરફાર કરવા માટે નીચેની ત્રણ શરતોનું પાલન કરવું જરૂરી છે :

(અ) આવો ફેરફાર કરવાની સત્તા કંપનીના આર્ટિકલ્સમાં હોવી જોઈએ. જો આવી સત્તા ન હોય તો આર્ટિકલ્સમાં ફેરફાર કરવો જોઈએ.

(બ) આવો ફેરફાર કરવાની સત્તાનો ઉપયોગ કંપનીની સામાન્ય સભામાં જ થઈ શકે. એટલે કે સામાન્ય સભામાં ઠરાવ પસાર કરવો પડે.

(ક) આવા ફેરફાર પછી 1 માસમાં તેની ખબર રજિસ્ટ્રારને આપવી જોઈએ. પરંતુ જો કંપની પોતાની મૂડી સત્તાવાર થાપણ કરતાં વધારે તો તે અંગેનો ઠરાવ થયા પછી રજિસ્ટ્રારને 15 દિવસમાં ખબર આપવી જોઈએ.

ઉપર જણાવ્યા મુજબના ફેરફાર ઉપરાંત કંપનીધારાની કલમ 100માં અમુક શરતોને આધીન રહીને કંપનીની ભરપાઈ થયેલી મૂડીમાં ઘટાડો કરવાની પણ જોગવાઈ છે. આને કંપનીની આંતરિક પુનઃરચના કહેવાય. તે મુજબ -

(1) પોતાની ભરપાઈ થયેલી મૂડી પરની જવાબદારી રદ કરી શકે અથવા ઘટાડી શકે.

(2) ભરપાઈ થયેલી શેરમૂડીનો અમુક ભાગ રદ કરી શકે.

(3) ભરપાઈ થયેલી મૂડી પૈકી અમુક રકમ સભ્યોને પરત કરી શકે.

આમ, કંપનીની શેરમૂડીમાં ફેરફાર કરવાની જે રીતો કાયદામાં જણાવી છે તેને આપણે **<u>ત્રણ વિભાગમાં વહેંચી શકીએ</u> :**

**(અ) શેરમૂડીમાં વધારો કરવોઃ**

(અ) ભરપાઈ થયેલી શેરમૂડી વધારવા નવા શેર બહાર પાડવા.

(બ) બૉનસ શેર બહાર પાડવા.

**(બ) શેરમૂડીના સ્વરૂપમાં ફેરફાર કરવોઃ**

(અ) શેરોનું એકીકરણ કરવું.

(બ) શેરનું સ્ટોકમાં અને સ્ટોકનું શેરમાં રૂપાંતર કરવું.

(ક) શેરનું વિભાજન કરવું.

(ક) શેરમૂડીમાં ઘટાડો કરવોઃ

(અ) ભરપાઈ નહિ થયેલ શેર રદ કરવા.

(બ) ભરપાઈ થયેલ શેરમૂડી ઘટાડવી :

(i) ભરપાઈ થયેલ શેરમૂડી પરની જવાબદારી ઘટાડવી કે રદ કરવી.

(ii) ભરપાઈ થયેલી શેરમૂડીનો અમુક ભાગ પરત કરવો.

**1. શેરમૂડીમાં વધારો કરવો :**

જ્યારે કંપનીને વધુ નાણાંની જરૂર હોય ત્યારે ભરાયેલી મૂડીમાં વધારો કરવા નવા શેર બહાર પાડવામાં આવે છે. આ રીતે તેની શેરમૂડીમાં વધારો કરવામાં આવે છે. કેટલીક વાર કંપની પાસે નફો ખૂબ ભેગો થયો હોય અને સારું અનામત ભંડોળ હોય તો તે શેરહોલ્ડરો માટે તેમાંથી બૉનસ શેર બહાર પાડે છે. આમ, શેરમૂડીમાં બે રીતે વધારો થઈ શકે :

(અ) નવા શેર બહાર પાડી ભરાયેલી શેરમૂડીમાં વધારો કરવો.

(બ) બૉનસ શેર બહાર પાડી શેરમૂડીમાં વધારો કરવો.

**2. શેરમૂડીના સ્વરૂપમાં ફેરફાર : કંપનીધારામાં જણાવેલ ત્રણ પદ્ધતિઓ નીચે આપેલ છે.:**

(અ) શેરોનું એકીકરણ કરી મોટી રકમના શેર બનાવવા.

(બ) શેરોનું વિભાજન કરી નાની રકમના શેર બનાવવા.

(ક) શેરનું સ્ટૉકમાં કે સ્ટૉકનું શેરમાં રૂપાંતર કરવું.

**(અ) શેરોનું એકીકરણ :** કંપનીએ શરૂઆતમાં ખૂબ ઓછી કિંમતના શેર બહાર પાડ્યા હોય તો તે અંગે કારકુની કામમાં ખૂબ વધારો થઈ જાય છે. તેથી કેટલીક વાર કંપની નાની રકમના શેર રદ કરી તેને મોટી રકમના શેરમાં ફેરવી નાખે છે.

દા.ત., અંબા કંપનીએ ₹ 10નો એક એવા 20,000 શેર બહાર પાડ્યા હોય તો તેની ભરાયેલી શેરમૂડી ₹ 2,00,000 હશે. કંપની આ શેરને ₹ 100નો એક એવા શેરમાં ફેરવી શકે. હવે શેરની સંખ્યા ઘટીને 2,000ની થશે અને કંપની ₹ 100ના 10 શેરને બદલે નવો ₹ 100નો એક શેર આપશે.

આમનોંધ નીચે મુજબ થાય છેઃ

| વિગત | | ₹ | ₹ |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 10) ઉ. | | 2,00,000 | |
| તે ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 100) | | | 2,00,000 |
| (બા. જે દરેક ₹ 10નો એવા 20,000 ઇ. શેર રદ કરી તેના બદલામાં ₹ 100નો એક એવા 2,000 ઈ. શેર આપ્યા.) | | | |

(બ) શેરોનું વિભાજન કરવુંઃ કેટલીક વાર કંપનીના શેરની સંખ્યા પ્રમાણમાં ઓછી હોય અને તેની કિંમત વધુ હોય તો ઓછી આવકવાળા લોકો આ પ્રકારના શેરની લે-વેચ કરી શકે તથા જે શેરહોલ્ડરો શેર ધરાવતા હોય તે પણ પોતાના શેરના અમુક ભાગના શેર લે-વેચ કરી શકે તે હેતુસર કંપની ઓછી કિંમતના શેર આપે છે, જેને શેરનું વિભાજન કહે છે. અહીં પણ કંપનીના સભ્ય રજિસ્ટરમાં જરૂરી ફેરફાર કરવામાં આવે છે.

દા.ત., એક કંપની ₹ 100નો એક એવા 4,000 ઇક્વિટી શેરના બદલામાં ₹ 10નો એક એવા 40,000 શેર આપે છે.

નીચે મુજબ આમનોંધ આવે છે.

| વિગત | | ₹ | ₹ |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 100) ઉ. | | 4,00,000 | |
| તે ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 10) | | | 4,00,000 |
| (બા. જે ₹ 100નો એક એવા ઇ. શેરના બદલામાં ₹ 10નો એક એવા શેર આપ્યા.) | | | |

**(ક) શેરોનું સ્ટૉકમાં રૂપાંતર :** જો કંપનીને આર્ટિકલ્સમાં સત્તા આપવામાં આવી હોય તો તે ભરપાઈ થયેલ શેરને સ્ટૉકમાં ફેરવી શકે છે. સ્ટૉક સરખા ભાગમાં અનુક્રમ નંબરમાં વહેંચેલ હોતા નથી. તેથી સભ્ય અમુક શેરને બદલે અમુક રકમનો સ્ટૉક ધરાવે છે.

દા.ત., 30 શેર દરેક ₹ 10નો એક એવા ધરાવતો હોય તો તે સ્ટૉકમાં ફેરવ્યા બાદ તે ₹ 300નો સ્ટૉક ધરાવે છે તેમ કહેવાશે અને સ્ટૉક ગમે તે રકમમાં ટ્રાન્સફર કરી શકશે.

જ્યારે શેરને સ્ટૉકમાં ફેરવવામાં આવે ત્યારે તેની માહિતી એક મહિનામાં રજિસ્ટ્રારને મોકલી આપી હોવી જોઈએ. સભ્યપત્રકમાં સભ્ય કેટલા શેર ધરાવે છે તેને બદલે દરેક સભ્ય કેટલી રકમનો સ્ટૉક ધરાવે છે તે નોંધવામાં આવે છે.

જ્યારે શેરને સ્ટૉકમાં ફેરવવામાં આવે ત્યારે નીચે મુજબ નોંધ લખાશે :

| | | | |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | ......... | |
| તે ઇક્વિટી સ્ટૉક ખાતે | | | ......... |
| (બા.જે. ઇક્વિટી શેરમૂડીનું ઇક્વિટી સ્ટોકમાં ફેરબદલ કર્યા.) | | | |

સ્ટૉકને શેરમાં ફરી પાછા ફેરવી શકાય છે. પરંતુ શેર તેટલી જ કિંમતના હોવા જોઈએ તેવું જરૂરી નથી. જો શેરને સ્ટૉકમાં ફેરવતી વખતે શેરની કિંમત કરતાં વધુ કે ઓછી કિંમતનો સ્ટોક આપવામાં આવે તો તે તફાવત 'સ્ટૉક પર વટાવ ખાતે કે સ્ટૉક પ્રીમિયમ ખાતે' લઈ જવામાં આવે છે.

દા.ત., (1) એક કંપની દરેક ₹ 10નો એવા 10 ઇક્વિટી શેરના બદલામાં ₹ 115નો ઇક્વિટી સ્ટૉક આપે ત્યારે તેની નોંધ નીચે મુજબ લખાશે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| | ઇક્વિટી શેરમૂડીખાતે ઉ. | | 100 | |
| | સ્ટૉક પર વટાવખાતે ઉ. | | 15 | |
| | તે ઇક્વિટી સ્ટૉક ખાતે | | | 115 |

(2) જો એક કંપની ₹ 10નો એક એવા 10 ઇક્વિટી શેરના બદલામાં ₹ 90 નો ઇક્વિટી સ્ટૉક આપે, તો નીચે મુજબ નોંધ લખાશે :

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| | ઇક્વિટી શેરમૂડીખાતે ઉ. | | 100 | |
| | તે ઇક્વિટી સ્ટૉક ખાતે | | | 90 |
| | તે સ્ટૉક પ્રીમિયમ ખાતે | | | 10 |

**3. મૂડી ભંડોળમાં ઘટાડો કરવો :**

કંપની જે શેર ભરપાઈ ન હોય તેવા શેર યોગ્ય ઠરાવ પસાર કરી રદ કરી શકે છે અને આમ તેની શેર થાપણ ઘટાડી શકે છે. આ માટે કંપનીના ચોપડામાં કોઈ આમનોંધ લખવાની જરૂર પડતી નથી; પરંતુ તેટલે અંશે કંપનીની સત્તાવાર થાપણ ઘટે છે.

**ઉદાહરણ 1:**

નીચેના સંજોગોમાં આમનોંધ આપો :

(1) મનોહર લિમિટેડની શેરમૂડી ₹ 50નો એક એવા 10,000 શેરમાં વહેંચાયેલી હતી. કંપનીએ ઇક્વિટી શેરનું ₹ 10નો એક તેવા 2 ઇક્વિટી અને ₹ 10નો એક તેવા 3 પ્રેફ, શેરમાં વિભાગીકરણ કરવાનું નક્કી કર્યું.

(2) એકલવ્ય ફાર્માસ્યુટિકલ લિમિટેડએ તેના ₹ 10નો એક એવા 5 ઇક્વિટી શેરના બદલામાં ₹ 60નો ઇક્વિટી સ્ટૉક આપવાનું નક્કી કર્યું.

(3) અર્જુન મહાભારતી કંપની લિમિટેડએ ₹ 10 નો એક એવા 10 ઇક્વિટી શેરના બદલામાં ₹ 95નો ઇક્વિટી સ્ટૉક આપવાનું નક્કી કર્યું.

(4) હરે રામ હરે કૃષ્ણ કંપની લિમિટેડની સત્તાવાર થાપણ ₹ 100નો એક એવા 10,000 ઇક્વિટી શેરમાં વહેંચાયેલી હતી. તેમાં વધારો કરી તે ₹ 12,00,000ની કરી.

જવાબ :

**કંપનીના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| (1) | ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 50ના શેર) ઉ. | | 5,00,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 10ના શેર) | | | 2,00,000 |
| | તે પ્રેફરન્સ શેરમૂડી ખાતે (₹ 10ના શેર) | | | 3,00,000 |
| (2) | ઇક્વિટી શેરમૂડી ખાતે (₹10) ઉ. | | 50 | |
| | સ્ટૉક પર વટાવ ખાતે ઉ. | | 10 | |
| | તે ઇક્વિટી સ્ટૉક ખાતે | | | 60 |
| (3) | ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 10નો શેર) ઉ. | | 100 | |
| | તે ઇક્વિટી સ્ટૉક ખાતે | | | 95 |
| | તે સ્ટૉક પર પ્રીમિયમ ખાતે | | | 5 |
| (4) | આમનોંધ થશે નહિ, | | | |

**ઉદાહરણ -2 :**

(1) ચાણક્ય કંપનીની ભરપાઈ શેરમૂડી ₹ 2,50,000 ની છે, અને જે દરેક ₹ 100 નો એક એવા શેરમાં વહેંચાયેલી છે. કંપનીએ આ શેરમૂડીનું વિભાજન કરવાનું નક્કી કર્યું, જે મુજબ ₹ 10 નો એક એવા ઇક્વિટી શેર તથા 16%ના પ્રેફરન્સ શેરમાં 3 : 2ના પ્રમાણમાં વહેંચી. આમનોંધ લખો.

(2) રામેશ્વર ધામ લિમિટેડ કંપનીએ 5,000 ઇક્વિટી શેર ₹ 100 નો એક એવા ઇક્વિટી સ્ટૉકમાં રૂપાંતર કરવાનું નક્કી કર્યું :

(I) દરેક શેર ₹ 110ના ભાવે (1) દરેક શેર ₹ 85ના ભાવે.

ઉપરના સંજોગોમાં આમનોંધ લખો.

જવાબ :

કંપનીના ચોપડામાં આમનોંધ તારીખ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| (1) | ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 100ના શેરી ઉ. | | 2,50,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે (₹ 10ના શેર) | | | 1,50,000 |
| | તે 16%ની પ્રેફ, શેરમૂડી ખાતે (₹ 10ના શેર) | | | 1,00,000 |
| (2) | ઇક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | 5,00,000 | |
| | સ્ટૉક પર વટાવ ખાતે ઉ. | | 50,000 | |
| | તે ઇક્વિટી સ્ટૉક ખાતે | | | 5,50,000 |
| (3) | ઇક્વિટી શેરમૂડી ખાતે ઉ | | 5,00,000 | |
| | તે ઇક્વિટી સ્ટૉક ખાતે | | | 4,25,000 |
| | તે સ્ટૉક પર પ્રીમિયમ ખાતે | | | 75,000 |

**મૂડીભંડોળમાં ફેરફાર અંગે ટેબલ 'એફ'ની જોગવાઈઓ:**

**(અ) <u>શેરને સ્ટોકમાં ફેરવવા અંગે :</u>**

- કંપની સામાન્ય ઠરાવ કરીને :

  (અ) પૂરા ભરાયેલ શેરને સ્ટૉકમાં ફેરવી શકશે, અને

  (બ) સ્ટૉકને ગમે તે રકમના પૂરા ભરપાઈ થયેલા શેરમાં ફેરવી શકશે.

- સ્ટૉક ધારણ કરનારાઓ તે સ્ટૉકની અથવા તેના કોઈ પણ ભાગની ફેરબદલી, જે રીતે અને જે નિયમોને આધીન રહીને સ્ટૉક જે શેરમાંથી ફેરવવામાં આવ્યા છે, તે શેરની ફેરબદલી થતી હતી, તે જ રીતે અને તે જ નિયમોને આધીન (અથવા સંજોગો મુજબ લગભગ તે રીતે) કરી શકશે.

- સ્ટોકહોલ્ડરે ધારણ કરેલ સ્ટોકની રકમના પ્રમાણમાં તેને ડિવિડન્ડ, કંપનીની સભામાં મતાધિકાર અને અન્ય બાબતો અંગે એવા જ હક, વિશિષ્ટ અધિકાર અને લાભ મળશે, જે તેમને જૂના શેર અંગે મળતા હતા. પરંતુ સ્ટૉકની કોઈ રકમને કારણે તેને એવા કોઈ હક્ક કે લાભ મળશે. શેરમૂડીનું વિભાજન અને એકત્રીકરણ નહિ, જે તે રકમ શેરમાં રોકાઈ હોત ત્યારે તેને મળ્યા ન હોત (સિવાય કે ડિવિડન્ડમાં કે કંપનીના નફામાં ભાગ અથવા વિસર્જન વખતે કંપનીની મિલકતોમાં ભાગ લેવાનો અધિકાર.).

- શેરવૉરંટને લાગુ પડતા હોય તે સિવાયના જે બધા નિયમો કંપનીની ભરપાઈ થયેલ શેરમૂડીને લાગુ પડતા હોય તે સ્ટૉકને લાગુ પડશે અને તે નિયમોમાં જ્યાં જ્યાં 'શેર' અને 'શેરહોલ્ડર' એવા શબ્દો વપરાયા હોય તેમાં અનુક્રમે 'સ્ટૉક' અને 'સ્ટૉકહોલ્ડર'નો સમાવેશ થશે.

**<u>(બ)</u>** **<u>શેરમૂડીમાં ફેરફાર</u>**

- કંપની સામાન્ય ઠરાવ દ્વારા, વખતોવખત પોતાની શેરમૂડીમાં, ઠરાવમાં જણાવવામાં આવે તેટલી રકમનો વધારો કરી શકશે અને ઠરાવમાં જણાવેલ રકમના શેરમાં તેનું વિભાજન કરશે.
- સામાન્ય ઠરાવદ્વારા :

  - પોતાની બધી શેરમૂડી કે અમુક શેરમૂડીનું એકીકરણ કરીને તેને ચાલુ શેર કરતાં વધુ કિંમતના શેરમાં સંયોજિત કરી શકશે.
  - મેમોરેન્ડમમાં નિયત કરેલ રકમ કરતાં નાની રકમના શેરમાં પોતાના હાલના બધા જ શેર કે તેમાંના કેટલાક શેરોનું વિભાજન કરી શકશે.
  - ઠરાવ પસાર થયો તે તારીખે જે શેર કોઈ વ્યક્તિએ લીધા ન હોય કે લેવાની કબૂલાત આપી ન હોય એવા શેર રદ કરી શકશે.

- ખાસ ઠરાવ તેમ જ કાયદા દ્વારા જરૂરી સંમતિ મેળવીને કંપની પોતાની શેરમૂડી, મૂડીપરત અનામત અથવા શેરપ્રીમિયમ ખાતું કોઈ પણ રીતે ઘટાડી શકે.

**સ્વાધ્યાય :**

**નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો**

1. કંપની પોતાના મૂડીભંડોળમાં કેવી રીતે ફેરફાર કરી શકે, તે સમજાવો.
2. કંપની પોતાના મૂડીભંડોળમાં કેવી રીતે વધારો કરી શકે, તે જણાવો.
3. ટૂંકનોંધ લખો : શેરનું વિભાજન અને એકત્રીકરણ.
4. શેરમૂડીના સ્વરૂપમાં ફેરફારની પદ્ધતિઓ જણાવો.

**ખાલી જગ્યા પૂરો.**

(1) જ્યારે શેરમૂડીનું રૂપાંતર સ્ટોકમાં, સ્ટોક વટાવે બહાર પાડવામાં આવે ત્યારે આપવામાં આવેલ સ્ટૉકની મૂળકિંમત ____________ હોય છે.

(2) જ્યારે સત્તાવાર મૂડીમાં વધારો કરવામાં આવે ત્યારે ____________ .

(3) એક કંપનીએ તેના ₹ 10નો એક એવા 10 ઇક્વિટી શેરનું ₹ 105ના ઇક્વિટી સ્ટૉકમાં રૂપાંતર કરેલ છે. કંપનીના ચોપડે ____________ આવશે.

(4) કયા શેરનું સ્ટૉકમાં રૂપાંતર ____________ કરી શકાય છે

(5) કંપની દ્વારા મોટી રકમના શેરનું નાની રકમમાં કરવામાં આવતા રૂપાંતરને ____________ કહે છે.

**જવાબો :**

(1) વધારે

(2) આમનોંધ થતી નથી

(3) વટાવ

(4) ભરપાઈ થયેલ

(5) વિભાજન

**નીચેના વ્યવહારોની આમનોંધ લખો :**

(1) પ્રાણનાથ નામની એક કંપનીએ પોતાના ₹ 10નો એક એવા 10,000 ઇક્વિટી શેરનું ₹ 1,02,000ના ઇક્વિટી સ્ટૉકમાં રૂપાંતર કર્યું.

(2) કાયાકલ્પ આયુર્વેદિક કંપની લિ. ₹ 100નો એક એવા 70,000 પૂરા ભરપાઈ ઇક્વિટી શેરની થાપણથી નોંધાયેલ છે. કંપની ઠરાવ કરીને દરેક ઇક્વિટી શેરનું ₹ 10નો એક એવા 6 ઇક્વિટી શેર અને દરેક ₹ 10નો એક એવા 4 10 %ના પ્રેફરન્સ શેરો વિભાગીકરણ કરેલ છે.

(3) ફ્યુચર ફાર્મા લિમિટેડ નામની કંપનીએ ₹ 10નો એક એવા 100 ઇક્વિટી શેરોનું ₹ 850ના ઇક્વિટી સ્ટૉકમાં રૂપાંતર કર્યું.

(4) એક કંપનીની સતાવાર મૂડી 10,000 શેર ₹ 10 ના એક લેખે હતી જેમાં 5,000 શેરની ₹ 10 ના લેખે વધારો કરેલ છે. જે અંગે આમનોંધ લખશો.

(5) એક કંપનીના 10,000 ઈક્વિટી શેર ₹ 100 ના એક એવા ને ₹ 10 ના એક એવા શેરમાં વિભાજિત કરવામાં આવે છે.

(6) એક કંપની 5,000 ઈક્વિટી શેરના બદલામાં ઈક્વિટી સ્ટોકમાં ફેરબદલ કરે છે. ઈક્વિટી શેરની મૂળકિંમત ₹ 100 છે.

(1) એક શેરના ₹ 102 ના ભાવથી

(2) એક શેરના ₹ 98 ના ભાવથી

ઉપરોક્ત બન્ને પરિસ્થિતીમાં આમનોંધ કરશો.

------------×------------

# એકમ 6 શેરમૂડી ભંડોળમાં ફેરફાર - II

**: રૂપરેખા :**

**6.1 પ્રસ્તાવના**

**6.2 હક્કના શેર**

**6.3 બોનસ શેર**

**6.4 ઉદાહરણ**

**● સ્વાધ્યાય**

## 6.1 પ્રાસ્તાવિક

એકત્રિત નફાનું મૂડીકરણ કરીને પણ શેરમૂડીમાં ફેરફાર કરી શકાય છે. આવી રીતે જે શેર શેરહોલ્ડર્સને આપવામાં આવે છે તેમને બોનસ શેર કહેવાય. એટલે કે એકત્ર થયેલ નફામાંથી બોનસ શેર આપવામાં આવે છે. બોનસ શેર એટલે કંપનીના એકત્ર થયેલ નફામાંથી શેરહોલ્ડર્સને આપવામાં આવેલા એવા શેર જે માટે શેરહોલ્ડર્સએ કંપનીને કોઈ રોકડાં નાણાં ચૂકવવા પડતાં નથી.

કેટલીક વાર કંપની પાસે નફો ખૂબ ભેગો થયો હોય અને સારું અનામત ફંડ હોય તો તે કંપની શેરહોલ્ડર્સને બોનસ શેર આપે છે. જ્યારે કંપનીને વધુ નાણાંની જરૂર હોય ત્યારે નવા શેર બહાર પાડી તેની મૂડીમાં વધારો કરવામાં આવે છે. શેરહોલ્ડરને તેમને ધારણ કરેલા શેરના પ્રમાણમાં શેર ઓફર (આપવામાં) કરવામાં આવે તેને હક્કના શેર કહે છે. બોનસ શેર અને હક્કના શેર બહાર પાડવાથી પણ શેરમૂડીમાં વધારો થાય છે.

આમ, શેરમૂડીમાં બે રીતે વધારો થઈ શકે :

(અ) વધારાના શેર બહાર પાડીને,

(બ) બોનસ શેર બહાર પાડીને,

**(અ) વધારાના શેર બહાર પાડવા:**

કંપનીની ભરાયેલી મૂડીમાં વધારો થાય એટલા માટે, નવા શેર બહાર પાડે છે. કંપનીએ જ્યારે તેની સત્તાવાર મૂડી જેટલી પૂરેપૂરી રકમના શેર બહાર પાડ્યા ન હોય ત્યારે વધારાની મૂડી માટે નવા શેર બહાર પાડે છે. આથી સત્તાવાર મૂડીમાં કોઈ ફેરફાર ના થતા હોવાથી શેરહોલ્ડર્સની સંમતિ ની જરૂર હોતી નથી, ડિરેક્ટર્સ આ અંગે નિર્ણય લઈ શકે છે.

કંપનીધારામાં જણાવ્યા મુજબ, જ્યારે ચાલુ કંપની વધારાના શેર બહાર પાડે છે ત્યારે તેણે તે શેર પોતાના વર્તમાન શેરહોલ્ડર્સને તેમણે ધારણ કરેલ શેરના પ્રમાણમાં ઓફર કરવા પડે છે. આ શેરને ''હક્કના શેર'' (Right Share) કહેવામાં આવે છે.

જ્યારે કંપનીએ પોતાની સત્તાવાર મૂડી જેટલા શેર બહાર પાડ્યા હોય અને પછી નાણાંની જરૂર પડે ત્યારે સત્તાવાર શેરમૂડીમાં વધારો કરવો પડે છે. તે માટે આર્ટિકલ્સમાં સત્તા હોવી જોઈએ તેમ જ શેરહોલ્ડરની સામાન્ય સભામાં સંમતિ મળવી જોઈએ.

**(બ) બોનસ શેર બહાર પાડવાઃ**

કંપની કેટલીક વાર પોતાના એકત્ર થયેલા નફામાંથી વર્તમાન શેરહોલ્ડર્સને કોઈ કિંમત લીધા વગર શેર આપે છે. આ રીતે શેરહોલ્ડર્સને ડિવિડન્ડ ઉપરાંત વધારાનો લાભ મળે છે.

## 6.2 હકના શેર

વધારાના બહાર પાડેલા શેર અંગે કંપનીધારામાં નીચેની જોગવાઈઓ છે :

(1) જાહેર કંપની તેની સ્થાપના બાદ બે વર્ષ પછી અથવા તેની સ્થાપના પછી પહેલી વારની શેરવહેંચણી કર્યા પછી એક વર્ષ બાદ (બેમાંથી જે તારીખ વહેલી હોય તે) નવા શેર બહાર પાડી તેની ભરપાઈ મૂડીમાં વધારો કરી શકે,

(2) કંપનીએ ચાલુ શેરહોલ્ડર્સ, જેઓ તે તારીખે કંપનીના ઓર્ડિનરી શેર ધરાવતા હશે તેમને પ્રમાણસર આ શેર ઓફર કરવા જોઈએ,

(3) સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કરવામાં આવ્યો હોય તો ચાલુ શેરહોલ્ડર્સને એ શેર નહિ આપતાં બીજા ગમે તેને શેર આપી શકાય,

(4) હકના શેરની ઓફર માટે દરેક શેરહોલ્ડર્સને નોટિસ મોકલવી જોઈએ અને તેમાં તેમને કેટલા શેર ઓફર કરવામાં આવે છે તથા કેટલા દિવસમાં ઓફર સ્વીકારવી જોઈએ તે જણાવવું જોઈએ,

(5) હકદાર એવા ચાલુ શેરહોલ્ડર્સને શેર ખરીદવા અંગેનો નિર્ણય લેવા 15 દિવસની મુદત આપવી જોઈએ,

(6) કંપનીના આર્ટિકલ્સમાં બીજી જોગવાઈ ન હોય તો શેરહોલ્ડર્સને આ શેરનો ત્રાહિત વ્યક્તિની તરફેણમાં સંપૂર્ણ કે અંશતઃ ત્યાગ કરવાનો અધિકાર હોવો જોઈએ, આ અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ ઓફરની નોટિસમાં હોવો જોઈએ,

(7) શેરની નોટિસમાં જણાવેલ 15 દિવસ સુધીમાં હકદાર શેરહોલ્ડર્સ પાસેથી જવાબ ન મળે તેઓએ આ ઓફરનો અસ્વીકાર કર્યો છે એમ માનવાને કંપની હકદાર રહેશે,

(8) હકદાર શેરહોલ્ડર્સ હક્કના શેરનો અસ્વીકાર કરે અથવા નક્કી કરેલી સમયમર્યાદામાં પોતાના નિર્ણયની જાણ કંપનીને ન કરે તો બૉર્ડ ઓફ ડિરેક્ટર્સ કંપનીના હિતમાં યોગ્ય લાગે તે રીતે આ શેરનો નિકાલ કરી શકશે.

**અપવાદઃ** (હક્કના શેર જાહેર જનતાને ક્યારે ઓફર કરી શકાય) :

**કંપનીધારાની કલમ 81માં હકના શેરની જોગવાઈ કરવાનો હેતુઃ**

- સંચાલકો અંગત હિત ખાતર શેરહોલ્ડરોનો હક્ક જતો ન કરે
- ઊંચું પ્રીમિયમ કે કમાણી આપતા શેરની વહેંચણી પોતાના મિત્રો કે સગાંને ન કરે તે જોવાનો છે.

કંપની ચાલુ ઈક્વિટી શેરહોલ્ડર્સને નવા બહાર પાડેલા શેર પ્રમાણસર રીતે ખરીદવામાં પ્રથમ પસંદગી મેળવવાનો હક્ક (Right of Pre-emption) આપે છે. પરંતુ આ અંગે કંપનીધારાની કલમ 81માં અપવાદ મૂકવામાં આવ્યો છે.

નીચેના સંજોગોમાં કંપની ચાલુ શેરહોલ્ડર્સને નવા બહાર પાડેલા શેર પ્રમાણસર રીતે ખરીદવામાં પ્રથમ પસંદગી મેળવવાનો હક્ક બાજુએ મૂકી શકે અને બીજા ગમે તેને બહારની વ્યક્તિ કે જાહેર જનતાને આપી શકે :

(1) જો કંપનીની સામાન્ય સભામાં ખાસ ઠરાવ દ્વારા નક્કી કરવામાં આવે તો ચાલુ શેરહોલ્ડર્સને એ શેર નહિ આપતાં બીજા ગમે તેને આપી શકાય

(2) કેટલીક વાર એ માટે સામાન્ય સભાનો સામાન્ય ઠરાવ ચાલી શકે; પરંતુ તે માટે મધ્યસ્થ સરકારની પરવાનગી મેળવવી પડે, જો એમ કરવું કંપનીના સર્વશ્રેષ્ઠ હિતમાં છે એવું લાગે તો મધ્યસ્થ સરકાર પરવાનગી આપે છે.

(3) એમ. આર. ટી. પી. એક્ટમાં જણાવેલ શરતો મુજબ નવા શેરો ચાલુ શેરહોલ્ડર્સ સિવાય બીજા ગમે તેને ઓફર કરી શકાય.

(4) વિદેશી કંપનીની શેરમૂડીમાં વિદેશી શેરહોલ્ડર્સનું હિત ઘટાડવા દેશની ગમે તે વ્યક્તિને નવા શેરની ઓફર કરી શકાય,

(5) જીવનવીમા કૉર્પોરેશન, ઔદ્યોગિક શાખ અને રોકાણ નિગમ, ઔદ્યોગિક નાણાં નિગમ વગેરેએ આપેલી લોનની શરતના બદલામાં ઈક્વિટી શેર આપવા,

(6) માન્ય શેરબજારમાં કંપનીના શેરની નોંધણી કરવા શેરની લે-વેચની સગવડ મેળવી શેરહોલ્ડરની સંખ્યા વધારવી જરૂરી હોય,

**હક્કના શેર બહાર પાડવાની કાર્યવાહી :**

હક્કના શેર કે નવા શેર બહાર પાડવા નીચેની કાર્યવાહી કરવામાં આવે છે :

(1) સૌપ્રથમ તો બૉર્ડ ઓફ ડિરેક્ટર્સની સભામાં હક્કના શેર કે નવા શેર બહાર પાડવા અંગે નિર્ણય લેવાય છે

(2) એ અંગે સંમતિ લેવા શેરહોલ્ડરની સભા બોલાવાય છે. જો જરૂર હોય તો તેમાં સત્તાવાર મૂડીમાં વધારો કરવા અંગેનો ઠરાવ પસાર કરવામાં આવે છે. તેમાં નવા-શેર બહાર પાડવાની શરતો પણ જણાવવામાં આવે છે.

(3) આ ઠરાવની નકલ સઘળી વિગતો સહિત ઠરાવ પસાર થયાના 30 દિવસમાં કંપની રજિસ્ટ્રારને મોકલી આપવામાં આવશે.

(4) ઠરાવ પસાર થયા પછી સેક્રેટરી સભ્યપત્રક બંધ કરે છે અને સભ્યોની યાદી તૈયાર કરે છે, જેના પરથી સભ્યોને કેટલા શેર આપવા તે નક્કી થાય છે

(5) ત્યાર બાદ સભ્યો માટે હંગામી મંજૂરીપત્રો તૈયાર કરવામાં આવે છે અને તેમને મોકલી આપવામાં આવે છે, મંજૂરીપત્રની સાથે ત્યાગપત્ર પણ મોકલવામાં આવે છે કે જેની મદદથી સભ્યો ઈચ્છે તો પોતાને ઓફર થયેલા શેરનો બીજાની તરફેણમાં ત્યાગ કરી શકે.

(6) હવે જે શેરહોલ્ડરોએ નવા શેર ખરીદવાનું સ્વીકાર્યું હોય તેમના નામની યાદી તૈયાર કરવામાં આવે છે. આમ કરવાથી કેટલા શેર સ્વીકારાયા નથી તે જાણી શકાય અને બાકીના શેરનો નિકાલ કરવા માટે જરૂરી પગલાં લઈ શકાય છે.

(7) બધા શેરોનો નિકાલ થઈ જાય ત્યાર પછી શેર પ્રમાણપત્રો તૈયાર કરવામાં આવે છે.

(8) પછી હંગામી વહેંચણીપત્રની નકલ, જે વિજ્ઞાપનપત્રની ગરજ સારતી હોવાથી, કંપની રજિસ્ટ્રારને નોંધણી માટે મોકલી આપવામાં આવે છે,

(9) કંપનીના મેમોરેન્ડમમાં જરૂરી ફેરફારો કરવામાં આવે છે.

## 6.3 બોનસ શેર (Bonus Shares) :

પ્રગતિશીલ કંપનીઓ પોતાનો બધો જ નફો શેરહોલ્ડર્સને ડિવિડન્ડ તરીકે વહેંચતી નથી. પરંતુ નફાનો અમુક ભાગ અનામત ખાતે લઈ જવામાં આવે છે, જેથી ભવિષ્યમાં કોઈ આફત કે આકસ્મિક જરૂરિયાત ઊભી થાય તો તેનો સામનો કરી શકાય. આમ કરવાથી કંપનીની આર્થિક સ્થિતિ સધ્ધર બને છે. જ્યારે આ રીતે નફામાંથી અનામત ખાતે લઈ ગયેલ રકમ સારા એવા પ્રમાણમાં એકઠી થાય ત્યારે કંપની આ પ્રકારની રકમને શેરહોલ્ડરો વચ્ચે વહેંચી આપે છે. પોતાની કાર્યશીલ મૂડીમાં ઘટાડો કર્યા વગર નફો શેરહોલ્ડરોને શેર સ્વરૂપે આપે છે, જેને બોનસ શેર કહેવામાં આવે છે. આ રીતે કંપની પોતાની અનામતનું મૂડીકરણ કરે છે.

**બોનસ શેર બહાર પાડવાથી કંપની ને થતા ફાયદા અને ગેરફાયદાઃ**

**ફાયદા :**

- ▷ કંપની શેરહોલ્ડર્સને લાભ આપીને તેમને ખુશ રાખી શકે છે અને છતાં તેના ધંધાની પ્રવાહિતા પર કોઈ અસર થતી નથી
- ▷ શેરહોલ્ડર્સ પાસે કંપનીના શેરની સંખ્યા વધે છે અને તેથી શેર વેચવામાં તેને સરળતા રહે છે
- ▷ લેણદારોની જામીનગીરી વધે છે, કારણ કે કંપનીની શેરમૂડી વધે છે.
- ▷ શેરહોલ્ડરો જેના હકદાર છે એવો નફો તેમને બોનસ શેરના સ્વરૂપમાં પરત મળે છે

**ગેરફાયદાઃ**

- ▷ કંપનીના શેરની સંખ્યા વધવાથી, જો ભવિષ્યમાં નફામાં ખૂબ વધારો થવાની શક્યતા ન હોય તો ડિવિડન્ડના દરમાં ઘટાડો થાય છે.
- ▷ શેરની સંખ્યા વધવાથી શેરમાં સટ્ટાનું પ્રમાણ વધે છે.
- ▷ આ અંગે સેબીની અગાઉથી મંજૂરી મેળવવી પડે છે, જેને કારણે તે બહાર પાડવામાં ઢીલ થવા સંભવ છે.

**બોનસ શેર બહાર પાડવાના હેતુઓઃ**

(1) જ્યારે કંપની પાસે પૂરતો નફો હોય પરંતુ ડિવિડન્ડ ચૂકવવા માટે રોકડ પૂરતા પ્રમાણમાં ન હોય ત્યારે ડિવિડન્ડ બોનસ શેરના રૂપમાં વહેંચવામાં આવે છે, કારણ કે તેમાં રોકડાં નાણાં ચૂકવવાનાં હોતાં નથી.

(2) જ્યારે કંપની પોતાનો બધો જ નફો ડિવિડન્ડ તરીકે નહિ વહેંચતાં તેનો અમુક ભાગ બોનસ શેર તરીકે વહેંચે ત્યારે કંપનીનો મુખ્ય આશય પોતાનો ધંધો વિકસાવવાનો કે જવાબદારી ચૂકવી શકાય તે માટે નાણાં ફાજલ રાખી મૂકવાનો છે અને જ્યારે અનામત સારા પ્રમાણમાં ભેગું થાય ત્યારે બોનસ તરીકે વહેંચે છે.

(3) જ્યારે કંપનીએ સારું એવું અનામત એકઠું કર્યું હોય, તેના નફાનું પ્રમાણ વધારે દેખાતું હોય ત્યારે કંપની તેની મૂડીના પ્રમાણમાં બહુ જ નફો કરે છે, એવો ખોટો વિચાર ઉદભવે છે અને તેને લીધે કંપની ટીકાપાત્ર બને છે. આ ઉપરાંત, કંપનીના કામદારો પણ કંપનીના નફામાં વધુ હિસ્સા માટે માગણી કરે છે. તેથી કંપનીની કમાવવાની સાચી શક્તિ દર્શાવવા માટે અનામતને બોનસ શેર તરીકે વહેંચવામાં આવે છે. આમ કરવાથી કંપનીની શેરમૂડી વધે છે એટલે પહેલાં જે નફો ઓછી

શેરમૂડી પર વહેંચાતો તે હવે વધુ મૂડી પર વહેંચાતાં ડિવિડન્ડનો દર ઘટશે. દા.ત., એક કંપનીની શેરમૂડી ₹ 5,80,000 છે અને સામાન્ય અનામત ખાતે ₹ 5,00,000 છે. વાર્ષિક નફો ₹ 2,00,000 હોય તો કંપની તેની શેરમૂડી પર 40% લેખે નફો કરે છે તેમ દેખાશે; પરંતુ જો કંપની અનામત બોનસ શેર તરીકે વહેંચી દે તો શેરમૂડી ₹ 10,00,000 થશે અને કંપનીની શેરમૂડી પર 20% નફો દેખાશે. આમ કંપનીની કમાવવાની શક્તિ 20% છે, જે વધુ સાચી હકીકત બતાવી શકે છે.

**બોનસ આપવાની રીતો :**

કંપની પોતાના વર્તમાન શેરહોલ્ડર્સને બે રીતે બોનસ નો લાભ આપી શકે :

(1) પોતાના ભેગા થયેલા નફા કે અનામતોમાંથી પૂરા ભરાયેલા બોનસ શેર આપીને શેરહોલ્ડર્સને લાભ આપી શકે

(2) તે ઉપરાંત, શેરહોલ્ડર્સના અંશતઃ ભરાયેલા શેરને પૂરા ભરાયેલા બનાવવા માટે પણ બોનસ આપી શકે છે એટલે કે શેરહોલ્ડરોએ અંશતઃ ભરાયેલા શેર પર બાકી રકમ ભરવાની નથી અને તેમનો શેર પૂરેપૂરો ભરાયેલો ગણાય છે.

જો બોનસ શેર (1) મૂડી પરત અનામત ખાતામાંથી કે (2) જામીનગીરી પ્રીમિયમની રકમમાંથી વહેંચવામાં આવે તો ફક્ત પૂરેપૂરા ભરપાઈ થયેલા બોનસ શેર જ આપી શકાય છે. તેમાંથી અપૂર્ણ ભરાયેલા શેરને પૂરા ભરાયેલા બનાવવા બોનસ આપી ન શકાય.

જ્યારે શેરહોલ્ડર્સને બોનસ શેર આપવામાં આવે ત્યારે સામાન્ય રીતે ડિવિડન્ડની આવકમાં ફાયદો થતો નથી, કારણ કે કંપની બોનસ શેર બહાર પાડે ત્યારે તેનો નફો હવે વધુ શેર વચ્ચે વહેંચાશે. એકંદરે શેરહોલ્ડર્સને ડિવિડન્ડની કુલ રકમ તો પહેલાં જેટલી જ મળશે.

દા.ત., એક કંપનીની શેર મૂડી ₹ 10નો એક એવા 20,000 ઇક્વિટી શેરની છે એટલે કે તેની શેરમૂડી ₹ 2,00,000 છે. જો તે ₹ 30,000 ડિવિડન્ડ તરીકે વહેંચે તો શેરદીઠ ₹ 1.50 (₹ 30,000/20,000) ડિવિડન્ડ મળશે. ધારો કે તે બે શેરે એક ઇક્વિટી શેર બોનસ શેર તરીકે બહાર પાડે છે. હવે, કંપનીની શેર મૂડીમાં 30,000 શેર થશે. જો ₹ 30,000 ડિવિડન્ડ તરીકે વહેંચતી હોય તો બોનસ શેર બહાર પાડ્યા પહેલાં શેરદીઠ ₹ 1.50 ડિવિડન્ડ મળતું હતું તે બોનસ શેર બહાર પાડ્યા પછી શૅરદીઠ ₹ 1.00 મળશે. આમ, જ્યારે બોનસ શેર બહાર પાડવામાં આવે ત્યારે શેરની કિંમત ઘટવા માંડે છે, શેરહોલ્ડર્સના શેરની સંખ્યામાં વધારો થાય છે. પરંતુ બજારમાં શેરની કિંમતમાં ઘટાડો થાય છે, તેથી કુલ શેરની કિંમત સરખી જ રહે છે.

બોનસ શેરનાં પ્રાપ્તિસ્થાનો : બોનસ શેરના પ્રાપ્તિસ્થાનો નીચે મુજબ છે. નીચેનાં ખાતાંઓમાંથી કંપની બોનસ શેર બહાર પાડી શકે છે :

(1) નફાનુકસાન ખાતાની જમા બાકી.

(2) સામાન્ય અનામત અથવા

(3) કોઈ પણ અનામત કે જે નફાની ફાળવણીમાંથી ઊભું કરવામાં આવ્યું હોય.

(4) ડિબેન્ચર પરત કરવા ઊભું કરેલું સિંકિંગ ફંડ કે ડિબૅન્ચર પરતનિધિ (ડિબેન્ચર પરત કર્યા બાદ)

(5) મૂડી પરત અનામત ખાતું (રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા માટે નફામાંથી ઊભું કરેલ)

(6) શેર પ્રીમિયમ (જામીનગીરી પ્રીમિયમ).

(7) મૂડીનફો જેવો કે નોંધણી પહેલાંનો નફો, ધંધો ખરીદતા થયેલ નફો, કાયમી મિલકતોના વેચાણનો નફો વગેરે.

**અપૂર્ણ બોનસ શેર :**

બોનસ શેર કંપનીના ચાલુ શેરહોલ્ડરોને પ્રમાણસર આપવામાં આવે છે, એટલે કે ચાલુ શેરહોલ્ડર્સ જેટલા શેર ધરાવતા હોય તેના પ્રમાણમાં બોનસ શૅર અપાય છે. પરંતુ કેટલીક વાર એવું બને છે કે અમુક શેર ધારણ કરનાર શૅરહોલ્ડરને એક આખો બોનસ શેર આપી ન શકાય. દા.ત., કોઈ શેરહોલ્ડર એક કંપનીના 10 શેર ધરાવતો હોય અને કંપની દર 4 શેરદીઠ એક બોનસ શેર આપે તો શેરહોલ્ડરને 2 આખાં બોનસ શેર મળે; પરંતુ એ ઉપરાંત 1/2 બોનસ શેર માટે તે હકદાર છે. એટલે 1/2 શેર એ અપૂર્ણ બોનસ શેર કહેવાય. આમ, તે શૅરહોલ્ડરને 10 શેરના બદલામાં કુલ 2 1/2 શેર બોનસ શેર તરીકે મળે.

**આવા અપૂર્ણ બોનસ શેરનો નિકાલ કંપની નીચેની રીતે કરી શકે :**

(1) કાં તો તે બદલ રોકડ રકમ આપવામાં આવે; અથવા

(2) કંપની અપૂર્ણ શેર આપે અને સાથે શૅરહોલ્ડર્સને એવી સૂચના આપે કે તેમણે પૂર્ણ બોનસ શેર બનાવવા અમુક મુદતમાં બાકી અપૂર્ણ શેરો ખરીદી લેવા અથવા અપૂર્ણ શેરો વેચી દેવા, અથવા

(3) શેરહોલ્ડર્સના ટ્રસ્ટીને કંપની અપૂર્ણ શેર આપી દે છે, જે તેઓ બજારમાં વેચી ખર્ચ બાદ કરી બાકીનાં નાણાં શેરહોલ્ડર્સને વહેંચી આપે છે

કયા પ્રકારના શેરહોલ્ડર્સને બોનસ શેર આપી શકાય? :

(1) જો કંપનીએ ફક્ત ઓર્ડિનરી શેર કે ઇક્વિટી જ બહાર પાડ્યા હોય તો ઓર્ડિનરી કે ઇક્વિટી શેરહોલ્ડર્સ જ બોનસ શેર મેળવે છે

(2) જો કંપનીએ ઓર્ડિનરી અને પ્રેફરન્સ એમ બંને પ્રકારના શેરો બહાર પાડ્યા હોય તો પ્રેફરન્સ શેરહોલ્ડર્સને તેમની વ્યાખ્યા પ્રમાણે ડિવિડન્ડ પ્રથમ મેળવવાનો અને કંપની ફડચામાં જતાં મૂડી પરત મેળવવાનો પ્રથમ હક્ક હોય છે. તેથી આ સંજોગોમાં ફક્ત ઓર્ડિનરી શૅરહોલ્ડર્સને જ બોનસ શેર આપવામાં આવે છે.

**બોનસ શેર અંગે હિસાબી નોંધો :**

કંપની બોનસ શેર બહાર પાડે ત્યારે બે આમનોંધો લખાય છે :

પ્રથમ આમનોંધમાં અનામત કે નફામાંથી બોનસ ની જોગવાઈ કરવામાં આવે છે. એટલે ''અનામત ખાતે કે નફાનુકસાન ખાતે' બોનસ ની રકમ ઉધારીને ''શેરહોલ્ડર્સના બોનસ ખાતે જમા કરવામાં આવે છે.

બીજી આમનોંધમાં શેર આપવાની નોંધ કરવામાં આવે છે.

(1) બોનસ ની જોગવાઈનો ઉપયોગ કરવામાં આવે છે. એટલે ''શેરહોલ્ડર્સના બોનસ ખાતે'' ઉધારવામાં આવે છે અને બોનસ શેર આપવાથી ''શૅરમૂડી વધે છે એટલે ''શેર મૂડી ખાતે જમા કરવામાં આવે છે. જો શેર પ્રીમિયમથી આપ્યા હોય તો ''જામીનગીરી પ્રીમિયમ ખાતે'' પણ જમા કરવામાં આવે છે.

(2) જો બોનસ અપૂર્ણ ભરાયેલા શેરને પૂરેપૂરા ભરપાઈ થયેલ બનાવવા માટે વાપરવામાં આવે તો બે નોંધો કરવી પડે છે : પહેલાં હપતા મંગાવવા માટે શેર હપતા ખાતું ઉધારી, શેરમૂડી ખાતે જમા કરવામાં આવે છે અને ત્યાર પછી હપતો ભરાઈ ગયો છે તે માટે શેરહોલ્ડરોના બોનસ ખાતે ઉધારી શેર હપતા ખાતે જમા કરવામાં આવે છે.

**(1) જ્યારે પણ શેરહોલ્ડર્સને બોનસ આપવાનું નક્કી કરવામાં આવે ત્યારેઃ**

| | | | |
|---|---|---|---|
| જેમાંથી | નફાનુકસાન ખાતે ઉ. | … | |
| બોનસ | અનામત ભંડોળ ખાતે ઉ. | … | |
| આપવાનું | મૂડીપરત અનામતખાતે ઉ. | … | |
| હોય તે | જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ. | … | |
| | તે શેરહોલ્ડરોના બોનસ ખાતે | | … |

**(2) જ્યારે શેરહોલ્ડર્સને બોનસ શેર આપવામાં આવે ત્યારે :**

**(અ) જો બોનસ શેર મૂળ કિંમતે આપવામાં આવે તોઃ**

| | | | |
|---|---|---|---|
| | શેરહોલ્ડર્સના બોનસ ખાતે ઉ. | | |
| | તે શેરમૂડી ખાતે | … | |

**(બ) જો બોનસ શેર પ્રીમિયમથી આપવામાં આવે તો :**

| | | | |
|---|---|---|---|
| | શેરહોલ્ડર્સના બોનસ ખાતે ઉ. | … | |
| | તે શેરમૂડી ખાતે | | … |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | … |

(ક) જો બોનસ અંશતઃ ભરાયેલ શૅર ને પૂરેપૂરા ભરપાઈ થયેલ શૅર કરવા માટે વાપરવામાં આવે તોઃ

| | | | | |
|---|---|---|---|---|
| (1) | હપ્તોલેવાનો થાય ત્યારે | શેર છેલ્લા હપતા ખાતે ઉ.<br>તે શેરમૂડી ખાતે | … | <br>… |
| (2) | બોનસમાંથી હપતાની રકમ ભરાઈ જાય ત્યારે | શેરહોલ્ડર્સના બોનસ ખાતે ઉ.<br>તે શેર છેલ્લા હપતા ખાતે | … | <br>… |

**બોનસ શેર અંગેની આમનોંધો :**

| વ્યવહાર | કયે ખાતે ઉધાર | કયે ખાતે જમા |
|---|---|---|
| (1) બોનસ ની જોગવાઈ કરવા | સામાન્ય અનામત ખાતે અથવા નફાનુકસાન ખાતે અથવા જામીનગીરી પ્રીમિયમ ખાતે | શેરહોલ્ડર્સના બોનસ ખાતે |
| (2) અંશતઃ શેર પૂરા ભરપાઈ કરવા<br>(અ) હપ્તો મંગાવવા<br>(બ) હપ્તો ભરપાઈ કરવા | શેર છેલ્લા હપ્તો ખાતે<br>શેરહોલ્ડર્સના બોનસ ખાતે | ઈક્વિટી શેરમૂડી ખાતે શેર છેલ્લા હપ્તો ખાતે |
| (3) બોનસ શૅર બહાર પાડવા | શેરહોલ્ડર્સના બોનસ ખાતે | ઈક્વિટી શેરમૂડી ખાતે જામીનગીરી પ્રીમિયમ ખાતે (જો બોનસ શૅર પ્રીમિયમમાં આપ્યા હોય તો) |

**બૉનસ શેર અંગેનાં માર્ગદર્શક સૂચનો :**

ભારત સરકારના નાણાં ખાતાએ પ્રથમ વખત 18મી ઓગસ્ટ, 1981ના રોજ બૉનસ શેર બહાર પાડવા અંગે માર્ગદર્શક સૂચનો બહાર પાડ્યા હતાં. નીચે જણાવેલ સૂચનો 2000માં બહાર પાડ્યાં છે, જે સેબીના 'SEBI(Securities and Exchange Board of India, (Disclosure & Investor Protection) Guidelines, 2000 ના ભાગરૂપે આપેલ છે.

શેરબજાર પર નોંધાયેલ દરેક કંપનીએ બૉનસ શેર બહાર પાડતાં નીચેની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે :

(1) (અ) જ્યાં સુધી સંપૂર્ણ પરિવર્તનીય કે અંશતઃ પરિવર્તનીય ડિબેન્ચરોનું રૂપાંતર બાકી છે, ત્યાં સુધી કંપની બૉનસ શેર બહાર પાડી શકશે નહિ, સિવાય કે આવો જ લાભ આવા ડિબેન્ચર ધારણ કરનારને પણ આપવામાં આવે, જે માટે FCDs/ PCDs* ના રૂપાંતરનીય ભાગના પ્રમાણમાં શેર અનામત રાખવામાં આવેઃ

(બ) આવા અનામત રાખેલા શેર, ડિબેન્ચરનું શેરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે તેમને, જે શરતોએ બૉનસ શેર બહાર પાડવામાં આવ્યા હોય તે જ શરતોએ બૉનસ શેર આપવામાં આવશે.

(2) બૉનસ શેર ફક્ત ખરેખર નફામાંથી ઊભા કરેલ મુક્ત અનામતમાંથી જ અથવા રોકડમાં મેળવેલ શેર પ્રીમિયમમાંથી જ બહાર પાડી શકાય

(3) કાયમી મિલકતનું પુનઃમુલ્યાંકન કરીને ઊભા કરેલ અનામતમાંથી બૉનસ શેર બહાર પાડી શકાશે નહિ

(4) ડિવિડન્ડના બદલામાં બૉનસ શેર બહાર પાડી શકાશે નહિ

(5) જો કંપનીના અંશતઃ ભરાયેલા શેર અસ્તિત્વમાં હોય તો તે પૂરેપૂરા ભરપાઈ ન થાય ત્યાં સુધી બૉનસ શેર બહાર પાડી શકાશે નહિ

(6) (i) કંપનીએ ફિક્સ્ડ ડિપોઝિટ પર વ્યાજ કે મુદ્દલ ચૂકવવાની બાબતમાં અથવા હાલના ડિબેન્ચર પર વ્યાજ ચૂકવવા કે પરત કરવા અંગે મુદ્દલ ચૂકવવામાં કસૂર કર્યો હોવો ન જોઈએ તથા (ii) એમ માનવાને પૂરતું કારણ હોવું જોઈએ કે કંપનીએ તેના કર્મચારીનાં કાનૂની દેવાંની ચુકવણી જેવી કે પ્રોવિડન્ટ ફંડનો ફાળો, ગ્રેચ્યુઈટી, બૉનસ વગેરેની બાબતમાં કસૂર કર્યો નથી.

(7) કંપની બૉર્ડ ઓફ ડિરેક્ટર્સની સંમતિથી બૉનસ અંગેની જાહેરાત કરે ત્યાર પછી છ મહિનાની અંદર શેર બહાર પાડવાની દરખાસ્તનો અમલ થવો જોઈએ અને કંપનીને તે નિર્ણય બદલવાનો વિકલ્પ નથી.

(8) (i) અનામતનું મૂડીકરણ કરવા માટે (એટલે કે બૉનસ શેર બહાર પાડવા માટે) કંપનીના આર્ટિકલ્સ ઓફ એસોસિયેશનમાં જોગવાઈ હોવી જોઈએ અથવા (ii) જો આર્ટિકલ્સમાં તેવી જોગવાઈ ન હોય તો કંપનીની સામાન્ય સભામાં ઠરાવ કરી આર્ટિકલ્સ ઓફ એસોસિયેશનમાં મૂડીકરણની જોગવાઈ કરવી જોઈએ.

(9) બૉનસ શેર બહાર પાડવાને પરિણામે જો કંપનીની ભરાયેલી અને વસૂલ આવેલી મૂડી તેની સત્તાવાર મૂડી કરતાં વધતી જતી હોય તો કંપનીની સામાન્ય સભામાં સત્તાવાર મૂડી વધારવા અંગેનો સામાન્ય ઠરાવ પણ થવો જોઈએ.

(10) આવી કંપનીએ, બહાર પાડનારની સહીવાળું અને તેના કાનૂની ઓડિટર કે પ્રેક્ટિસ કરતા કંપની સેક્રેટરીની પ્રતિસહીવાળું એક સર્ટિફિકેટ મોકલવું પડશે, જેમાં જણાવવામાં આવશે કે બૉનસ શેર બહાર પાડવાને લગતાં આ માર્ગદર્શક સૂચનોમાં જણાવેલ બધી શરતોનું પાલન કરવામાં આવ્યું છે.

**ઉદાહરણ 1:**

કાર્યક્ષમ કંપની લિ. નું તા. 31-3-2021 ના રોજનું પાકુ સરવૈયું આપવામાં આવ્યું છે :

| વિગત | નોંધ નંબર | ₹ |
|---|---|---|
| I. ઇક્વિટી અને જવાબદારીઓ : | | |
| (1) શેરહોલ્ડરોનાં ભંડોળો: | | |
| (અ) શેરમૂડી : | | |
| ₹100 નો એક એવા 8,000 ઇક્વિટી શેર | | 8,00,000 |
| (બ) અનામત અને વધારો : | | |
| જામીનગીરી પ્રીમિયમ | 1,60,000 | |
| નફાનુકસાન ખાતું | 3,00,000 | |
| અનામત ભંડોળ | 4,00,000 | 8,60,000 |
| (2) ચાલુ દેવાં: | | |
| (અ) વેપારી દેવાં : લેણદારો | | 1,40,000 |
| **કુલ** | | **18,00,000** |
| II. મિલકતો : | | |
| (1) બિનચાલુ મિલકતો: | | |
| (અ) કાયમી મિલકતો | | 14,00,000 |
| (2) ચાલુ મિલકતો: | | |
| (અ) માલસામગ્રી : સ્ટૉક | 2,00,000 | |
| (બ) રોકડ અને રોકડ સમકક્ષ : રોકડ સિલક | 2,00,000 | 4,00,000 |
| **કુલ** | | **18,00,000** |

કંપનીએ દર ચાર ઈક્વિટી શેરદીઠ ત્રણ ઈક્વિટી શેર ₹ 100ના એક એવા બોનસ તરીકે આપવાના હેતુ માટે પૂરેપૂરું જામીનગીરી પ્રીમિયમ, અનામત ભંડોળમાંથી ₹ 2, 40,000 અને બાકીના નફાનુકસાનનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું.

કંપનીના ચોપડે આમનોંધ લખો તથા બોનસ શેર આપ્યા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ:** કાર્યક્ષમ કંપની લિ.ના ચોપડામાં આમનોંધ

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમાં ₹ |
|---|---|---|---|---|
| (1) | જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ. | | 1,60,000 | |
| | અનામત ભંડોળ ખાતે ઉ. | | 2,40,000 | |
| | નફાનુકસાન ખાતે | | 2,00,000 | |
| | તે શૅરહોલ્ડરના બોનસ ખાતે | | | 6,00,000 |
| | (બા. જે શેરહોલ્ડર્સને 6,000 (8,000 ×) 3/4 ઈક્વિટી શેર બોનસ તરીકે વહેંચવા માટે બોનસ ની જોગવાઈ કરી.) | | | |
| (2) | શેરહોલ્ડર્સના બોનસ ખાતે ઉ. | | 6,00,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | | 6,00,000 |
| | (બા. જે બોનસ શેર બહાર પાડ્યા.) | | | |

**કાર્યક્ષમ કંપની લિ.નું તા. 31-3-2021ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | નોંધ નંબર | ₹ |
|---|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ: | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળો: | | |
| (અ) શેરમૂડી : | | |
| ₹ 100નો એક એવા 14,000 ઈક્વિટી શેર (ઉપરનામાંથી 6,000 ઈક્વિટી શેર બોનસ તરીકે જામીનગીરી પ્રીમિયમમાંથી ₹ 1,60,000, અનામતભંડોળમાંથી ₹ 2,40,000 અને નફાનુકસાન ખાતામાંથી ₹ 2,00,000ના બહાર પાડવામાં આવ્યા છે.) | | 14,00,000 |
| (બ) અનામત અને વધારો : | | |
| અનામત ભંડોળ | | 1,60,000 |
| નફાનુકસાન ખાતું | | 1,00,000 |
| (2) ચાલુ દેવાં: | | |
| (અ) વેપારી દેવાં : લેણદારો | | 1,40,000 |
| **કુલ** | | **18,00,000** |

| | | |
|---|---|---|
| II. મિલકતોઃ | | |
| (1) બિનચાલુ મિલકતોઃ | | |
| (અ) કાયમી મિલકતો | | 14,00,000 |
| (2) ચાલુ મિલકતોઃ | | |
| (અ) માલસામગ્રી : સ્ટૉક | | 2,00,000 |
| (બ) રોકડ અને રોકડ સમકક્ષ : રોકડ સિલક | | 2,00,000 |
| **કુલ** | | **18,00,000** |

ઉદાહરણ 2:

શ્રીનાથજી કંપની લિ. ની બહાર પાડેલી મૂડી ₹ 100નો એક એવા 10,000 ઈક્વિટી શેરની બનેલી છે. દરેક શેર પર ₹ 80 ભરપાઈ થયા છે. કંપનીની સામાન્ય અનામતની બાકી ₹ 3,00,000 ની છે.

કંપનીએ સામાન્ય અનામતમાંથી ₹ 2,00,000નું બોનસ જાહેર કર્યું અને તેનો ઉપયોગ અંશતઃ ભરાયેલા શેર પૂરા ભરાયેલા બનાવવા માટે કરવાનું નક્કી કર્યું. યોજના અમલમાં મૂકવામાં આવી છે એમ માની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ કરો.

જવાબ :

**શ્રીનાથજી કંપની લિ.ની આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમાં ₹ |
|---|---|---|---|---|
| (1) | સામાન્ય અનામત ખાતે ઉ. | | 2,00,000 | |
| | તે શેરહોલ્ડર્સના બોનસ ખાતે | | | 2,00,000 |
| | (બા. જે કંપનીએ ₹ 2,00,000 નું બોનસ જાહેર કર્યું.) | | | |
| (2) | શેર છેલ્લા હપ્તા ખાતે ઉ. | | 2,00,000 | |
| | તે શેરમૂડી ખાતે | | | 2,00,000 |
| | (બા. જે બૉર્ડની સભાના તા....ના ઠરાવ મુજબ 10,000 ઈક્વિટી શેર પર શેરદીઠ ₹ 20 હપતો મંગાવ્યો.) | | | |
| (3) | શેરહોલ્ડર્સના બોનસ ખાતે ઉ. | | 2,00,000 | |
| | તે શેર છેલ્લા હપ્તા ખાતે | | | 2,00,000 |
| | (બા. જેજાહેર કરેલા બોનસ માંથી હપ્તાની રકમ ભરપાઈ કરવામાં આવી.) | | | |

ઉદાહરણ 3 :

વન ટુ કા ફોર કંપની લિમિટેડની સત્તાવાર થાપણ ₹ 70,00,000 છે, જે દરેક ₹ 100ના ઓર્ડિનરી શેરમાં વહેંચાયેલી છે. કંપનીની બહાર પાડેલી થાપણ ₹ 100નો એક એવા ₹ 40,00,000 ના શેરની બનેલી છે. શેરદીઠ ₹ 80 મંગાવેલા છે અને ભરાયેલા છે.

અનામત ભંડોળમાંથી ₹ 20,00,000 ની રકમ મૂડી ભંડોળ ખાતે લઈ ગયા હતા અને એ રકમમાંથી ડિરેક્ટરોને સત્તા આપવામાં આવી હતી કે તેમણે નીચે મુજબ તેનો ઉપયોગ કરવો :

1. શેરને પૂરા ભરાયેલા બનાવવા માટે બોનસ ડિવિડન્ડ જાહેર કરવું.
2. 8,000 નવા ઓર્ડિનરી શેર બોનસના રૂપમાં દરેક શૅરહોલ્ડરોને ₹ 50 ના પ્રીમિયમ આપવા. કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**જવાબ :** **વન ટુ કા ફોર કંપનીના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમાં ₹ |
|---|---|---|---|---|
| (1) | અનામત ભંડોળ ખાતે ઉ. | | 20, 00,000 | |
| | તે શેરહોલ્ડર્સના બોનસ ખાતે | | | 20, 00,000 |
| | (બા. જે અનામત ભંડોળની રકમમાં થી બોનસની જોગવાઈ કરી.) | | | |
| (2) | શેર હપતા ખાતે ઉ. | | 8,00,000 | |
| | તે ઓર્ડિર્નરી શેરમૂડી ખાતે | | | 8,00,000 |
| | (બા. જે 40,000 શેર પર શેરદીઠ ₹ 20 હપ્તાની રકમ લેણી થઈ.) | | | |
| (3) | શેરહોલ્ડરોના બોનસ ખાતે ઉ. | | 8,00,000 | |
| | તે શેર હપ્તા ખાતે | | | 8,00,000 |
| | (બા. જે બોનસ ની રકમ શેરને પૂરા ભરપાઈ કરવા માટે ઉપયોગમાં લીધી.) | | | |
| (4) | શેરહોલ્ડરોના બોનસ ખાતે ઉ. | | 12,00,000 | |
| | તે ઓર્ડિનરી શેરમૂડી ખાતે | | | 8,00000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | 4,00,000 |
| | (બા, જે ઓડનિરી શૅર્સ | | | |
| | 50ના પ્રીમિયમ બોનસ શેર આપ્યા.) | | | |

ઉદાહરણ 4:

શાહીસમાચાર લિમિટેડનું તા. 31મી માર્ચ, 2021ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છેઃ

| વિગત | નોંધ નંબર | ₹ |
|---|---|---|
| I. ઇક્વિટી અને જવાબદારીઓ : | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળોઃ | | |
| (અ) શેરમૂડી : | | |
| સત્તાવાર | | 6,00,000 |
| ભરાયેલી | | 4,00,000 |
| (બ) અનામત અને વધારો :<br>નફાનુકસાન ખાતું | | 2,40,000 |
| (2) બિનચાલુ દેવાઃ | | |
| (અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં :<br>5% નાં ડિબેન્ચર્સ | | 2,60,000 |
| (3) ચાલુ દેવા : | | |
| (અ) વેપારી દેવાં : લેણદારો | | 1,40,000 |
| **કુલ** | | **10,40,000** |
| II. મિલકતોઃ | | |
| (1) બિનચાલુ મિલકતોઃ | | |
| (અ) કાયમી મિલકતો | | 2,00,000 |
| (2) ચાલુ મિલકતોઃ | | |
| (અ) માલસામગ્રી : સ્ટૉક | 2,40,000 | 2,40,000 |
| (બ) વેપારી લેણા : દેવાદારો | 2,00,000 | 2,00,000 |
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ : બૅન્ક સિલક | 4,00,000 | 8,40,000 |
| **કુલ** | | **10, 40,000** |

**વાર્ષિક સામાન્ય સભામાં નીચે મુજબ નક્કી કરવામાં આવ્યું :**

(1) 10% કરમુક્ત ડિવિડન્ડ રોકડેથી ચૂકવવું (કપાતનો દર 20%).

(2) દર જૂના ચાર શેરદીઠ એક શેર બોનસ તરીકે આપવો.

(3) હકના શેરની વહેંચણી પહેલાં દર ચાર શેર ધરાવનાર હાલના શેરહોલ્ડર્સને ₹ 10નો એક શેર ₹ 5 ના પ્રીમિયમ લેખે ખરીદવાની તક આપવી.

(4) ડિબેન્ચર 3% ના પ્રીમિયમ પરત કરવા.

જરૂરી આમનોંધ લખો અને પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

શાહીસમાચાર લિમિટેડની ભરપાઈ થયેલ મૂડી ₹ 4,00,000 પર 10% લેખે ₹ 40,000 કરમુક્ત ડિવિડન્ડ આપવાનું છે. ડિવિડન્ડ પર ટેક્સ કપાતનો દર 20% નો છે. તેથી ₹ 100 ડિવિડન્ડ જાહેર થાય તો તેમાંથી ₹ 20 કરવેરાના કપાતાં ₹ 80 કરમુક્ત ડિવિડન્ડ મળે. તેથી ₹ 40,000 કરમુક્ત ડિવિડન્ડ માટે ₹ 50,000ની જોગવાઈ કરવી પડે [80 : 40,000 ; 10: ?] એટલે ₹ 40,000 ડિવિડન્ડ + 10,000 કરવેરાની જોગવાઈ.

**શાહીસમાચાર લિમિટેડના ચોપડામાં આમનોંધ**

| તારીખ | વિગત | | ખા.પા. | ઉધાર ₹ | જમાં ₹ |
|---|---|---|---|---|---|
| (1) | નફાનુકસાન ફાળવણી ખાતે | ઉ. | | 50,000 | |
| | તે સૂચિત ડિવિડન્ડ ખાતે | | | | 50,000 |
| | (બા. જે ડિવિ. અને આવકવેરાની જોગવાઈ કરી.) | | | | |
| (2) | સૂચિત ડિવિડન્ડ ખાતે | ઉ. | | 50,000 | |
| | તે ડિવિડન્ડ ખાતે | | | | 40,000 |
| | તે આવકવેરા ખાતે | | | | 10,000 |
| | (બા. જે સૂચિત ડિવિડન્ડ કંપનીએ મંજૂર કર્યું.) | | | | |
| (3) | ડિવિડન્ડ ખાતે | ઉ. | | 40,000 | |
| | આવકવેરા ખાતે | ઉ. | | 10,000 | |
| | તે બૅન્ક ખાતે | | | | 50,000 |
| | (બા. જે ડિવિડન્ડ રોકડેથી ચૂકવ્યું તથા આવકવેરો ભર્યો.) | | | | |
| (4) | બૅન્ક ખાતે | ઉ. | | 1,50,000 | |
| | તે શેરમૂડી ખાતે | | | | 1,00,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | | 50,000 |
| | (બા. જે 10,000 શેર ₹ 10ના, ₹ 15 લેખે રોકડેથી બહાર પાડ્યા.) | | | | |
| (5) | નફાનુકસાન ખાતે | ઉ. | | 1,00,000 | |
| | તે શેરહોલ્ડર્સના બોનસ ખાતે | | | | 1,00,000 |

| | | | | |
|---|---|---|---|---|
| | (બા. જે બોનસ ની જોગવાઈ કરી.) | | | |
| (6) | શેરહોલ્ડરના બોનસ ખાતે ઉ. | | 1,00,000 | |
| | તે શેરમૂડી ખાતે | | | 1,00,000 |
| | (બા. જે 10,000 બોનસ શેર આપ્યા.) | | | |
| (7) | 5% નાં ડિબેન્ચર ખાતે ઉ. | | 2,60,000 | |
| | ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે ઉ. | | 7,800 | |
| | તે ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે | | | 2,67,800 |
| | (બા. જે ડિબેન્ચર ₹ 103 લેખે પરત કરવાના થયાં.) | | | |
| (8) | ડિબેન્ચરહોલ્ડર્સ ખાતે ઉ. | | 2,67,800 | |
| | તે બૅન્ક ખાતે | | | 2,67,800 |
| | (બા. જે ડિબેન્ચરહોલ્ડર્સને રોકડ ચૂકવી.) | | | |
| (9) | જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ. | | 7,800 | |
| | તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે | | | 7,800 |
| | (બા. જે ડિબેન્ચર પરત પ્રીમિયમની રકમ માંડી વાળી.) | | | |

**શાહીસમાચાર લિમિટેડનું તા. 31-3-2021ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | નોંધ નંબર | ₹ |
|---|---|---|
| **ઇક્વિટી અને જવાબદારીઓ:** | | |
| (1) શેરહોલ્ડરોનાં ભંડોળો | | |
| (અ) શેરમૂડી : | | |
| ₹ 10નો એવા 60,000 શેર પૂરા ભરાયેલા (ઉપરમાંથી 10,000 શેર બોનસ તરીકે નફામાંથી આપવામાં આવ્યા છે.) | | 6,00,000 |
| (બ) અનામત અને વધારો : | | |
| જામીનગીરી પ્રીમિયમ | 42,200 | |
| નફાનુકસાન ખાતું | 90,000 | 1,32,200 |
| **(2) ચાલુ દેવા:** | | |
| (અ) વેપારી દેવા : લેણદારો | | 1,40,000 |
| **કુલ** | | **8.72,200** |

| | | |
|---|---|---|
| મિલકતોઃ | | |
| (1) બિનચાલુ મિલકતોઃ | | |
| (અ) કાયમી સ્થિર મિલકતો | | 2,00,000 |
| (2) ચાલુ મિલકતોઃ | | |
| (અ) ઈન્વેન્ટરી : સ્ટૉક | | 2,40,000 |
| (બ) વેપારી લેણાં : દેવાદારો | | 2,00,000 |
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ બૅંક સિલક | | 2,32,200 |
| **કુલ** | | **8,72,200** |

**સ્વાધ્યાયઃ**

**નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો.**

1. ટૂંક નોંધ લખોઃ બોનસ શેર
2. ટૂંક નોંધ લખોઃ અપૂર્ણ બોનસ શેર
3. ટૂંક નોંધ લખોઃ બોનસ શેરના હેતુઓ
4. બોનસ શેર ક્યાં ક્યાં સાધનોમાંથી આપી શકાય?
5. બોનસ શેર બહાર પાડવા અંગેની કંપની ધારાની જોગવાઈ સમજાવો

**નીચેના પ્રશ્નો ના વ્યવહારીક જવાબો લખો.**

1. સોહિલ લીમીટેડ કંપનીની તા. 31-3-2021 ના રોજની બાકીઓ નીચે મુજબ છે :

| વિગત | ₹ |
|---|---|
| ભરપાઈ થયેલ ઇક્વિટી શેરથાપણ (દરેક ₹ 10નો તેવા શેર, ₹ 8 ભરપાઈ થયેલ) | 4,00,000 |
| સામાન્ય અનામત | 4,00,000 |
| નફાનુકસાન ખાતું (જમા) | 2,00,000 |

શેરને પૂર્ણ ભરપાઈ કરવા માટે બોનસ ડિવિડન્ડ જાહેર કરવું ,પાંચ શેરના બદલામાં એક શેર દરેક ₹ 10નો તેવા 25% ના પ્રીમિયમ બોનસ શેર તરીકે આપવા.

કંપનીના ચોપડે આમનોંધ આપો.

2. શ્યામસુંદર કનૈયાલાલ લિ. પોતાના ઇક્વિટી શૅરહોલ્ડરોને દર ચાર શેરે એક ₹ 10નો શેર ₹ 25 ના ભાવે ખરીદવાનો હક્ક આપે છે. કંપનીના શેરની બજારકિંમત ₹ 35 છે. હક્કના શેરની કિંમત શોધો.

3. ગુરુ રામેશ્વર કંપની લિ.એ તેના અપૂર્ણ ભરપાઈ શેરને પૂરા ભરપાઈ કરવા સામાન્ય અનામતમાંથી બોનસ જાહેર કર્યું. ત્યાર બાદ જામીનગીરી પ્રીમિયમ અને મૂડી અનામતનો ધારણ કરેલા પાંચ શેરના બદલામાં પૂરા ભરપાઈ ત્રણ ઇક્વિટી શેર, બોનસ તરીકે વહેંચવા ઉપયોગ કરવામાં આવ્યો. તા. 31-3-21ના રોજની બાકીઓ નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| ઈક્વિટી શેર મૂડી (દરેક ₹ 100નો શેરદીઠ ₹ 75 ભરપાઈ) | 6,00,000 |
| સામાન્ય અનામત | 2,50,000 |
| મૂડી અનામત | 3,30,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 1,50,000 |

ગુરુ રામેશ્વર કંપની લિ.ના ચોપડામાં બોનસ શેર અંગે જરૂરી આમનોંધ લખો.

4. મૃગનયન ચક્ષુ લિમિટેડનું તા.31-3-2021ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| વિગત | નોંધ નંબર | ₹ |
|---|---|---|
| I. **ઈક્વિટી અને જવાબદારીઓ:** | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળો: | | |
| (અ) શેરમૂડી : ₹100નો એક એવા 14,000 ઈક્વિટી શેર | | 14,00,000 |
| (બ) અનામત અને વધારો : | | |
| જામીનગીરી પ્રીમિયમ | | 80,000 |
| નફાનુકસાન ખાતું | | 6,00,000 |
| અનામત ભંડોળ | | 5,20,000 |
| (2) ચાલુ દેવાં : | | |
| (અ) વેપારી દેવા (લેણદારો) | | 1,40,000 |
| કુલ | | 27,40,000 |
| **II. મિલકતો :** | | |
| (1) બિનચાલુ મિલકતો: | | |
| (અ) કાયમી મિલકતો | | 20,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| (અ) માલસામગ્રી : સ્ટોક | | 1,40,000 |
| (બ) રોકડ અને રોકડ સમકક્ષ બૅંક સિલક | | 6,00,000 |
| **કુલ** | | **27,40,000** |

કંપનીએ 7 ઈક્વિટી શેરે 4 ઈક્વિટી શેર બોનસ શેર તરીકે આપવાનું નક્કી કર્યું જે માટે શેર પ્રીમિયમની પૂરેપૂરી રકમ, અનામત ભંડોળમાંથી ₹ 3,20,000 અને બાકીની રકમ નફાનુકસાન ખાતામાંથી લેવાનું નક્કી કર્યું. કંપનીના ચોપડે આમનોંધો લખી પાકું સરવૈયું બનાવો.

5. ન્યાયનાથ લિ.એ તેના અંશતઃ ભરપાઈ શેરને પૂર્ણ ભરપાઈ કરવા સામાન્ય અનામતમાંથી બોનસ જાહેર કર્યું. ત્યાર બાદ જામીનગીરી પ્રીમિયમ અને મૂડી અનામતનો ધારણ કરેલા પાંચ શેરના બદલામાં બે ઈક્વિટી શેર બોનસ તરીકે વહેંચવા ઉપયોગ કરવામાં આવ્યો. તા. 31-3-2021ના રોજ કંપનીના ચોપડામાં નીચેની બાકીઓ હતી. કંપનીના ચોપડામાં નીચે આપેલ વ્યવહારો નોંધવા જરૂરી આમનોંધ લખો.

| | |
|---|---|
| ઇક્વિટી શેરમૂડી દરેક ₹ 100ના, શેરદીઠ ₹ 80 ભરપાઈ થયેલા | 16,00,000 |
| સામાન્ય અનામત | 28,00,000 |
| મૂડી અનામત | 18,00,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 14,40,000 |

-------------×-------------

એકમ 7

# રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી પરત (કંપનીધારા 1956 કલમ 80 મુજબ)

: રૂપરેખા :

**7.1 પ્રસ્તાવના**

**7.2 કંપની ધારા 2013 ની કલમ 55 મુજબની જોગવાઈઓ**

**7.3 રિડીમેબલ પ્રેફરન્સશેર પરત કરવાની આમનોંધ**

- ઉદાહરણો
- **સ્વાધ્યાય (મોટા પ્રશ્નો)**
- **ટૂંકા દાખલા**
- **બહુ વિકલ્પવાળા પ્રશ્નો (MCQ)**
- **સ્વાધ્યાય (મોટા દાખલા)**

---

## 7.1 પ્રસ્તાવના :

સામાન્ય રીતે કોઈ પણ કંપની તેની શેરમૂડી પરત કરી શકે નહીં. તેમ છતાં કંપની ધારા 1956ની કલમ 80 મુજબની જોગવાઈનું પાલન કરીને અમૂક પ્રકારના પ્રેફરન્સ શેર બહાર પાડવામાં આવતા હતા હાલમાં કંપનીધારા 2013ની કલમ 55ની જોગવાઈઓ ધ્યાનમાં રાખીને પ્રેફરન્સ શેર બહાર પાડવામાં આવે છે. જેને રિડીમેબલ પ્રેફરન્સ શેર કહે છે. જેને નક્કી કરેલ સમયે પરત કરી શકાય છે. રિડીમેબલ પ્રેફરન્સ શેર એવા પ્રકારના શેર છે, જે કંપની નક્કી કરેલ સમય બાદ પરત કરી શકે છે. તેના માટે કોઈ વધારે મંજૂરી લેવી પડતી નથી. તેના માટે કંપનીધારામાં ખાસ જોગવાઈ છે. કે પ્રેફરન્સ શેરના નાણાં પરત કર્યા બાદ પણ લેણદારોનાં હિત પર કોઈ અસર થવી જોઈએ નહી.

## 7.2 કંપની ધારો 2013 ની કલમ 55 મુજબની જોગવાઈઓ :

(1) આ અધિનિયમ હેઠળ કોઈપણ શેર દ્વારા મર્યાદિત કંપની ઇરિડીમેબલ પ્રેફરન્સ શેર ઇશ્યુ કરી શકશે નહિ.

(2) શેર દ્વારા મર્યાદિત કંપની તેના આર્ટિકલ્સમાં દર્શાવેલ નિયમો (શરતોને) ધ્યાનમાં રાખીને રિડિમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડી શકે છે. જેના નાણાં પરત કરવાનો સમયગાળો 20 વર્ષથી વધુ ન હોવો જોઈએ.

કંપની 20 વર્ષથી વધુના સમયગાળા માટે પ્રેફરન્સ શેર્સ બહાર પાડી શકે છે. જો તેનો હેતુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટેનો હોય અને આ પ્રકારના શેર્સમાં શેરધારકોને વાર્ષિક ધોરણે ચોક્કસ પ્રમાણમાં નાણાં પરત કરવાનો વિકલ્પ (રિડમ્પશન) આપવામાં આવે.

આ ઉપરાંત...

(અ) આ પ્રકારના પ્રેફરન્સ શેરનાં નાણાં (અ) કંપનીના ડિવિડંડ તરીકે વહેંચી શકાય તેવા નફામાંથી અથવા (બ) નાણાં પરત કરવા માટેના ખાસ ઉદ્દેશથી બહાર પાડેલ શેરની રકમમાંથી પરત કરી શકાય છે.

(બ) પ્રેફરન્સ શેરનાં નાણાંની ચૂકવણી ત્યારે જ કરવામાં આવશે જ્યારે આવા શેર પૂરા ભરપાઈ થયેલા હોય.

(ક) જ્યારે કંપનીના વહેંચણીપાત્ર નફામાંથી આવા શેરને પરત કરવાની દરખાસ્ત કરવામાં આવે ત્યારે સૌપ્રથમ નફામાંથી પરત થતા શેરની મૂળકિંમત જેટલી જ રકમ જુદા જુદા અનામતમાંથી 'મૂડી પરત અનામત' ખાતે તબદીલ કરવામાં આવશે.

આમ 'મૂડી પરત અનામત'માં કરેલ જોગવાઈ અનુસાર તેની રકમ પૂર્ણ ભરપાઈ થયેલ શેરની રકમ પરત કરવા માટે કાયદાની જોગવાઈ ધ્યાનમાં રાખીને કરવામાં આવે.

1. આમ ઉપરોક્ત કંપનીઓના પ્રેફરન્સ શેર પરત કરતાં પ્રીમિયમ ચૂકવવાનું થતું હોય ત્યારે તે પ્રીમિયમ કંપનીના નફામાંથી શેરમૂડી પરત કર્યા પહેલાં ફાળવી શકાય. શરત જે - તે કંપની એકાઉન્ટીંગ ધોરણો ધ્યાનમાં રાખીને કલમ 133 હેઠળ નાણાકીય પત્રકો તૈયાર કરતાં હોવાં જોઈએ. કંપની દ્વારા ચૂકવવાનું થતું રિડમ્પશન પ્રીમિયમ કંપનીના નફામાંથી અથવા શેર પ્રીમિયમમાંથી લેવામાં આવશે. આવા શેર બહાર પાડતી વખતે જ તેની જોગવાઈ કરવામાં આવે છે.

2. જ્યારે કોઈપણ કંપનીના પરિસ્થિતિ પ્રેફરન્સ શેરનાં નાણાં (અથવા ડિવિડંડની રકમ) ચૂકવી શકે તેમ ન હોય ત્યારે આવા શેરને બહાર પાડતી વખતની શરતોને (જેમ કે હવે પછી આવા શેરને માત્ર પ્રેફરન્સ શેર તરીકે ઓળખવા) ધ્યાનમાં રાખીને મૂલ્યના 3/4 શેરહોલ્ડર્સની સંમતિ સાથે અને તરફેણમાં કરવામાં આવેલી અરજી પર ટ્રિબ્યુનલની મંજૂરી સાથે, જેમાં બાકી રહેલ ડિવિડંડની ચૂકવણી તેમજ જે પ્રેફરન્સ શેર રિડીમ ન થયા હોય તેના માટે ચૂકવવાની બાકી રહેતી રકમ જેટલા જ રકમના નવા પ્રેફરન્સ શેર બહાર પાડવા અને આવા નવા રિડીમેબલ પ્રેફરન્સ શેરને જે રિડીમ ન થયેલા હોય તેવા શેરને રિડીમ કરવા માટે બહાર પાડેલ છે. તે માનવામાં આવશે.

   નવા રીડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવા માટે સંમતિની જરૂર ન હોય ત્યારે આવા વ્યક્તિઓ દ્વારા રાખવામાં આવતા પ્રેફરન્સ શેર તરત જ રિડીમ કરવા માટે ટ્રિબ્યુનલ દ્વારા પેટા કલમ મુજબ મંજૂરી આપવામાં આવશે.

**સ્પષ્ટતા :** આ સાથે શંકાને દૂર કરવા માટે, એવું જાહેર કરવામાં આવે છે કે વધારાના રિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડવા અથવા પ્રેફરન્સ શેર પરત કરવા આ કલમ હેઠળ શેરમૂડીમાં વધારો કરવા કે ચોક્કસ પરિસ્થિતિમાં ઘટાડો કરવાનું માનવામાં આવે છે.

3. મૂડી પરત અનામતની બાકીનો ઉપયોગ (આ કલમમાં દર્શાવેલ હોય તેમ છતાં પણ) દ્વારા તેનો ઉપયોગ સંપૂર્ણ ભરપાઈ થયેલ બોનસ શેર આપવા માટે કરી શકે છે.

**સમજૂતી :** પેટા કલમ (ii) ના હેતુઓ માટે 'ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટસ' શબ્દનો અર્થ છે તે ઉલ્લેખિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજનાઓના શેડયુલ-vi માં જણાવેલ છે.

## 7.3 રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવાની આમનોંધ :

**(1) પ્રેફરન્સ શેર અશત :** ભરપાઈને પૂર્ણ ભરપાઈ કરવા માટે.

(A) પ્રેફરન્સ શેર છેલ્લા હપ્તા ખાતે ..... ઉ.

તે રિડી. પ્રેફરન્સ શેર મૂડી ખાતે.

(B) બેંક ખાતે ..... ઉ.

તે રિડી. પ્રેફરન્સ શેર છેલ્લા હપ્તા ખાતે

(2) જ્યારે નાણાં પરત કરવાનું નક્કી કરવામાં આવે.

મૂળ કિંમતે પરત કરવાના હોય

પ્રેફરન્સ શેર મૂડી ખાતે ..... ઉ.

તે પ્રેફરન્સ શેર હોલ્ડર ખાતે

પ્રીમિયમથી પરત કરવાના હોય

પ્રેફરન્સ શેર મૂડી ખાતે ..... ઉ.

પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે ઉ.

તે પ્રેફ. શેર હોલ્ડર ખાતે.

(3) પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમ માંડી વાળવા માટે

જામીનગીરી પ્રીમિયમમાંથી

જામનીગીરી પ્રીમિયમ ખાતે ..... ઉ.

તે પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે.

જામીનગીરી પ્રીમિયમ ન હોય અથવા પુરતું ન હોય

નફા - નુકસાન ખાતામાંથી ..... ઉ.

તે પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે

(4) પ્રેફરન્સ શેરના નાણા પરત કરવા નવા શેર બહાર પાડવામાં આવે ત્યારે.....

મૂળ કિંમતે બહાર પાડે ત્યારે ....

બેંક ખાતે ..... ઉ.

તે ઇક્વિટી / પ્રેફરન્સ શેરમૂડી ખાતે

પ્રીમિયમથી બહાર પાડે ત્યારે ....

બેંક ખાતે ..... ઉ.

તે ઇક્વિટી / પ્રેફરન્સ શેર મૂડી ખાતે

તે જામીનગીરી પ્રીમિયમ ખાતે

વટાવથી બહાર પાડે ત્યારે ....

બેંક ખાતે ..... ઉ.

વટાવ ખાતે ..... ઉ.

તે ઇક્વિટી / પ્રેફરન્સ શેરમૂડી ખાતે

(5) પ્રેફરન્સ શેર નફામાંથી પરત કરવાના હોય ત્યારે.....

સામાન્ય અનામત ખાતે ..... ઉ.

નફા-નુકસાન ખાતે ...... ઉ.

ડિવિડન્ડ સમતુલા ભંડોળ ખાતે ઉ.

તે મૂડી પરત અનામત ખાતે

(6) જ્યારે પ્રેફરન્સ શેર હોલ્ડરને રકમ ચૂકવાય ત્યારે .....

પ્રેફરન્સ શેર હોલ્ડર ખાતે ..... ઉ.

તે બેંક ખાતે

(7) પ્રેફરન્સ શેર હોલ્ડરને બોનસ ચૂકવાય ત્યારે....

(i) બોનસ નક્કી કરવામાં આવે ત્યારે ....

મૂડી પરત અનામત ખાતે ...... ઉ.

સામાન્ય અનામત ખાતે ...... ઉ.

નફા-નુકસાન ખાતે ...... ઉ.

તે ઇક્વિટી શેરહોલ્ડરના બોનસ ખાતે

(ii) બોનસ ચૂકવાય ત્યારે .....

શેર હોલ્ડરના બોનસ ખાતે ..... ઉ.

તે ઈક્વિટી શેર મૂડી ખાતે

(iii) અશતઃ ભરપાઈ શેરને પૂર્ણ ભરપાઈ કરવા માટે બોનસ જાહેર કરવામાં આવે ત્યારે ...

ઈક્વિટી શેર હપ્તા ખાતે ..... ઉ.

તે ઈક્વિટી શેર મૂડી ખાતે

શેર હોલ્ડર બોનસ ખાતે ..... ઉ.

તે ઈક્વિટી શેર હપ્તા ખાતે

**નોંધ :** અંશતઃ ભરપાઈ શેરને પૂર્ણ ભરપાઈ કરવા માટે મૂડી પરત અનામતનો ઉપયોગ થઈ શકતો નથી.

**ઉદાહરણો :**

**ઉદા.1**

A લિ. પાસે દરેક રૂા. 100 નો એવા 1000 રિડીમેબલ પ્રેફરન્સ શેર છે. જે કંપની તા. 31-3-2017ના રોજ મૂળકિંમતે પરત કરવાનું નક્કી કરે છે. આ હેતુ માટે જરૂરી રકમ સામાન્ય અનામત ખાતેથી ઉપયોગમાં લે છે. સામાન્ય અનામત ખાતે રૂા. 3,00,000 બાકી છે.

કંપનીના ચોપડે રિડીમેબલ પ્રેફન્સ શેર પરત કરવા અંગે આમનોંધ લખો.

**જવાબ :**

રૂા. 100 × 1,000 રીડી. પ્રેફ. શેર = રૂા. 1,00,000 પરત કરવાના છે જે અંગે પરત કરવા અંગે અને રકમ ચૂકવવા અંગે બે આમનોંધ થશે. તેમજ સામાન્ય અનામત ખાતેથી મૂડી પરત અનામતના જોગવાઈ અને આમનોંધ થશે.

**A લિ. ના ચોપડે આમનોંધ**

| તા. | વિગત | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 1 | રિડીમેબલ પ્રેફ. શેર મૂડી ખાતે .... ઉ. | | 1,00,000 | |
| | તે પ્રેફ. શેર હોલ્ડર્સ ખાતે | | | 1,00,000 |
| | (બા.જે. 1000 પ્રેફ. શેર દરેક રૂા.100નો પરત કરવાના થયા તેના) | | | |
| 2 | સામાન્ય અનામત ખાતે .... ઉ. | | 1,00,000 | |
| | તે મૂડી પરત અનામત ખાતે | | | 1,00,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેર પરત અંગે સામાન્ય અનામતમાંથી મૂડી પરત અનામતની જોગવાઈ કરી તેના) | | | |
| 3 | પ્રેફ. શેર હોલ્ડર્સ ખાતે ..... ઉ. | | 1,00,000 | |
| | તે બેન્ક ખાતે | | | 1,00,000 |
| | (બા.જે. પ્રેફ. શેર હોલ્ડર્સને રકમ ચૂકવી તેના) | | | |

**ઉદા.2** એક કંપનીએ રૂ. 100 નો એક એવા 2,000 રિડીમેબલ પ્રેફરન્સ શેર 5% ના પ્રીમિયમે પરત કરવાનો નિર્ણય કર્યો. આ માટે જરૂરી રકમ નફા નુકસાન ખાતેથી ઉપયોગમાં લેવામાં આવી છે તેમ સમજી જરૂરી આમનોંધ લખો.

**જવાબ :** કંપનીના ચોપડામાં આમનોંધ

| તા. | વિગત | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 1 | રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી ખાતે ....ઉ. | | 2,00,000 | |
| | પ્રેફરન્સ શેર પરત પ્રિમિયમ ખાતે .... ઉ. | | 10,000 | |
| | તે પ્રેફરન્સ શેર હોલ્ડર ખાતે | | | 2,10,000 |
| | (બા.જે. 2,000 પ્રેફ. શેર રૂ. 100 નો એક | | | |
| | એવા રૂ. 5 ના પ્રીમિયમે પરત કરવાના થયા) | | | |
| 2 | નફાનુકસાન ખાતે ..... ઉ. | | 2,00,000 | |
| | તે મૂડી પરત અનામત ખાતે | | | 2,00,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેર પરત કરવા નફાનુકસાન | | | |
| | ખાતામાંથી જોગવાઈ કરી.) | | | |
| 3 | નફાનુકસાન ખાતે ..... ઉ. | | 10,000 | |
| | તે પ્રેફરન્સ શેર પરત પ્રિમિયમ ખાતે | | | 10,000 |
| | (બા.જે. પ્રેફ. શેર પર પરત પ્રિમિયમની | | | |
| | જોગવાઈ નફામાંથી કરી.) | | | |
| 4. | પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે ..... ઉ. | | 2,10,000 | |
| | તે બેંક ખાતે | | | 2,10,000 |
| | (બા.જે. જે પ્રેફરન્સ શેરહોલ્ડર્સને રકમ ચૂકવી) | | | |

**નોંધ :** પ્રેફરન્સ શેર પરત કરતી વખતે પ્રેફ. શેરની માત્ર મૂળકિંમત જેટલી જ રકમ મૂડી પરત અનામત ખાતે લઈ જવાય છે. પ્રીમિયમ નહિ તે ધ્યાનમાં રાખવું.

**ઉદા. 3** (અંશતઃ ભરાયેલા રિડી. પ્રેફ. શેર પરત કરવા)

અશોક લિમિટેડ તા. 31-3-2017ના કાચા સરવૈયાની અમૂક બાકીઓ નીચે મુજબ છે :

| **વિગત** | **રૂ.** |
|---|---|
| ઇક્વિટી શેરમૂડી (5,000 શેર, દરેક રૂ. 100 નો) | 5,00,000 |
| રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી (1,000 શેર દરેક | |
| રૂ. 100 નો શેરદીઠ રૂ. 80 ભરાયેલા) | 80,000 |
| સામાન્ય અનામત | 60,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 25,000 |
| બેંક સિલક | 1,00,000 |

કાયદાની જરૂરી જોગવાઈનું પાલન કરીને કંપની રિડીમેબલ પ્રેફરન્સ શેર 5 % પ્રિમિયમથી પરત કરવાનું નક્કી કરે છે. જરૂરી રકમના નવા ઇક્વિટી શેર મૂળ કિંમતે બહાર પાડવામાં આવે છે. હિસાબી ચોપડામાં નવા બહાર પાડવાના થતા શેર અંગે અને શેર પરત અંગેની આમનોંધ લખો.

જવાબ : (1) અહીં રિડીમેબલ પ્રેફરન્સ શેર અંશત : ભરપાઈ છે. પરંતુ શેરદીઠ રૂ. 80 ભરપાઈ થયેલા છે. કંપનીધારા મુજબ આ શેર પૂર્ણ ભરપાઈ થયેલા હોય તો જ પરત થઈ શકે. માટે પહેલાં તો રૂ. 20 નો હપ્તો મંગાવી શેર પૂરેપૂરા ભરપાઈ થયેલા બનાવવા અને ત્યાર પછી જ પરત કરવાની નોંધો કરવી.

(2) રિડી. પ્રેફરન્સ શેર પૂરા ભરપાઈ થયા પછી શેરમૂડી રૂ. 1,00,000 ની થશે તે પરત કરવા વહેંચણીપાત્ર નફો (અહીં સામાન્ય અનામત) ફક્ત રૂ. 60,000 છે, એટલે બાકીના રૂ. 40,000 ના નવા શેર બહાર પાડવા પડશે.

**અશોક લિમિટેડના ચોપડે આમનોંધ**

| તા. | વિગત | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 1 | રિડીમેબલ પ્રેફરન્સ શેરહપ્તા ખાતે ....ઉ. | | 20,000 | |
| | તે પ્રેફરન્સ શેર મૂડી ખાતે | | | 20,000 |
| | (બા.જે. 5,000 શેર પર રૂ. 20 લેખે બાકી હપ્તાની રકમ મંગાવી) | | | |
| 2 | બેંક ખાતે ..... ઉ. | | 20,000 | |
| | તે રિડી. પ્રેફ શેર હપ્તા ખાતે | | | 20,000 |
| | (બા.જે. રિડી. પ્રેફરન્સ શેરહપ્તાની રકમ પૂરી મળી ગઈ) | | | |
| 3 | રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી ખાતે..... ઉ. | | 1,00,000 | |
| | રિડીમેબલ પ્રેફ શેર પરત પ્રીમિયમ ખાતે | | 5,000 | |
| | તે રિડી. પ્રેફ શેર હોલ્ડર્સ ખાતે ઉ. | | | 1,05,000 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેરની રકમ 5% પ્રીમિયમ પરત કરવાનું નક્કી કર્યું) | | | |
| 4. | બેંક ખાતે ..... ઉ. | | 40,000 | |
| | તે ઇકિ. શેરમૂડી ખાતે | | | 40,000 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેરનાં નાણાં પરત કરવા જરૂરી રકમના નવા ઈકિ. શેરમૂડી બહાર પાડી) | | | |
| 5 | સામાન્ય અનામત ખાતે ....ઉ. | | 60,000 | |
| | તે મૂડી - પરત અનામત ખાતે | | | 60,000 |
| | (બા.જે. રિડી.પ્રેફ. શેરનાં નાણાં પરત કરવા જરૂરી રકમનું મૂડી - પરત અનામત ઊભું કર્યું) | | | |
| 6 | જામીનગીરી પ્રીમિયમ ખાતે ..... ઉ. | | 5,000 | |
| | તે રિડી. પ્રેફ શેર પરત પ્રીમિયમ ખાતે | | | 5,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમનું નુકશાન માંડી વાળ્યું) | | | |
| 7. | રિડી. પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે ..... ઉ. | | 1,05,000 | |
| | તે બેંક ખાતે | | | 1,05,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેરહોલ્ડર્સને રકમ ચૂકવી) | | | |

**ઉદા.4** નીચેના દરેક સંજોગો વખતે મૂડી પરત અનામત ખાતે કેટલી રકમ લઈ જવામાં આવશે તે જણાવો.

| **રિડી. પ્રેફકન્સ શેર** | **નવા બહાર પાડેલ શેર** |
|---|---|
| (1) રૂા. 1,00,000 ના મૂળકિંમતે પરત કરવા. | (1) નવા શેર રૂા. 40,000ના મૂળ કિંમત બહાર પાડવા. |
| (2) રૂા. 1,00,000ના મૂળકિંમતે પરત કરવા. | (2) નવા શેર રૂા. 40,000ના 10 % પ્રિમિયમે બહાર પાડવા. |
| (3) રૂા. 1,00,000ના 10% પ્રિમિયમે પરત કરવા. | (3) નવા શેર રૂા. 40,000ના મૂળ કિંમતે બહાર પાડવા. |
| (4) રૂા. 1,00,000 ના 10% પ્રિમિયમને પરત કરવા. | (4) નવા શેર રૂા. 40,000ના 10 % પ્રિમિયમે બહાર પાડવા. |
| (5) રૂા. 1,00,000 ના મૂળકિંમતે પરત કરવા. | (5) નવા શેર રૂા. 40,000 ના 10 % વટાવે બહાર પાડવા. |
| (6) રૂા. 1,00,000 ના 10 % પ્રિમિયમે પરત કરવા. | (6) નવા શેર રૂા. 40,000 ના 10 % વટાવે બહાર પાડવા. |

**જવાબ :** પ્રેફરન્સ શેર પરત કરતી વખતે હંમેશા મૂળકિંમતમાંથી નવા બહાર પાડેલ શેરની મૂળકિંમત બાદ કરતા ખૂટતી રકમનું મૂડી પરત અનામત ઊભું કરવામાં આવશે અને ....

જો નવા શેર વટાવથી બહાર પાડ્યા હોય તો નવા શેરની વટાવ બાદની રકમ ધ્યાનમાં લેવી. એટલે યાદ રાખો.... મૂડી પરત અનામત ઉ. કરતી વખતે પ્રિમિયમ ધ્યાનમાં લેવું નહીં માત્ર નવા શેરનો વટાવ ધ્યાન લેવો.

| | | |
|---|---|---|
| (1) | પ્રેફ. શેરમૂડી પરત | 1,00,000 |
| | બાદ : નવા શેરની મૂડી | – 40,000 |
| | મૂડી પરત અનામતની રકમ | 60,000 |
| (2) | પ્રેફ. શેરમૂડી પરત | 1,00,000 |
| | બાદઃ નવા શેરની મૂડી | – 40,000 |
| | (પ્રીમિ. લેવું નહીં) | |
| | મૂડી પરત અનામતની રકમ | 60,000 |
| (3) | પ્રેફ. શેર મૂડી પરત | 1,00,000 |
| | (પ્રીમિ. લેવું નહીં) | |
| | બાદ : નવા શેરની મૂડી | – 40,000 |
| | મૂડી પરત અનામતની રકમ | 60,000 |
| (4) | પ્રેફ. શેર મૂડી પરત | 1,00,000 |
| | (પ્રીમિ. લેવું નહીં) | |
| | બાદ : નવા શેરની મુડી (પ્રી. લેવું નહીં) | – 40,000 |
| | મૂડી પરત અનામતની રકમ | 60,000 |
| (5) | પ્રેફ. શેર મૂડી પરત | 1,00,000 |

| | | |
|---|---|---|
| | બાદ : નવા શેરની મૂડી | – 36,000 |
| | (વટાવ ધ્યાનમાં લેવો) | |
| | મૂડી પરત અનામતની રકમ | 64,000 |
| (6) | પ્રેફ. શેરમૂડી પરત | 1,00,000 |
| | (પ્રીમિ. લેવું નહીં) | |
| | બાદ : નવા શેરની મૂડી | – 36,000 |
| | (વટાવ ધ્યાનમાં લેવો) | |
| | મૂડી પરત અનામતની રકમ | 64,000 |

**ઉદા. 5** 'X' કંપની લિમિટેડનું તા. 31 મી માર્ચ, 2017 ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

| મૂડી - દેવાં | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| | | **કાયમી મિલકતો :** | |
| | – | જમીન અને મકાન 77,000 | |
| | | સાંચા અને યંત્ર 55,000 | 1,32,000 |
| 1,000 શેર દરેક રૂ. 100 નો | 1,00,000 | ચાલુ મિલકતો : | |
| 4,000 5% ના રિડીમેબલ | | પરચૂરણ દેવાદારો 35,000 | |
| પ્રેફરન્સ શેર દરેક રૂ. 10 નો | 40,000 | સ્ટૉક 25,000 | |
| અનામત અને વધારો : | | હાથ પર સિલક 20,000 | 80,000 |
| મૂડી અનામત 20,000 | | | |
| સામાન્ય અનામત 12,000 | | | |
| નફા-નુકસાન | | | |
| ખાતાની બાકી 15,000 | 47,000 | | |
| ચાલુ જવાબદારીઓ | | | |
| અને જોગવાઈઓ | | | |
| પરચૂરણ લેણદારો | 25,000 | | |
| | **2,12,000** | | **2,12,000** |

કંપનીએ નક્કી કર્યું કે દરેક રૂ. 100નો એવા 300 ઇક્વિટી શેર રૂ. 20 ના પ્રીમિયમે રોકડા લઈને આપવા અને 4,000 5% ના રિડીમેબલ પ્રેફરન્સ શેરનાં નાણાં મૂળ કિંમતે પાછાં આપવાં.

આમનોંધ આપો અને ઉપરની યોજના તા. 1 લી એપ્રિલ, 2017ના રોજ પૂરી કર્યા પછીનું પાકું સરવૈયું બનાવો.

**જવાબ :** કંપનીના ચોપડામાં આમનોંધ

| તા. | વિગત | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 1 | 5 % ના રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી ખાતે ... ઉ. | | 40,000 | |
| | તે પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે | | | 40,000 |
| | (બા.જે. 4,000 પ્રેફ. શેર પરત કરવાના થયા.) | | | |
| 2 | બેંક ખાતે – (300 × 120) ઉ. | | 36,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 30,000 |
| | તે જામીનગીર પ્રિમિયમ ખાતે. | | | 6,000 |
| | (બા.જે. રિડી. પ્રેફ શેરનાં નાણાં પરત કરવા 300 ઇક્વિટી શેર દરેક રૂ. 100 નો રૂ. 20 ના પ્રીમિયમે બહાર પાડ્યા.) | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 3 | નફા નુકસાન ખાતે ઉ. | | | 10,000 | |
| | તે મૂડી પરત અનામત ખાતે. | | | | 10,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેર પરત કરવા માટે જરૂરી | | | | |
| | રકમની જોગવાઈ નફા-નુકસાન ખાતેથી કરી.) | | | | |
| 4 | પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે. ઉ. | | | 40,000 | |
| | તે બેંક ખાતે. | | | | 40,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેરનાં નાણાં પરત કર્યા) | | | | |

**તા 1 લી. એપ્રિલ, 2017ના રોજનું કંપની લિ. નું પાકુ સરવૈયું**

| મૂડી - દેવાં | | રૂ. | મિલકતો | | રૂ. |
|---|---|---|---|---|---|
| ભરાયેલી 1,300 ઈ. શેર | | | કાયમી મિલકતો : | | |
| રૂ. 100ની પૂરા ભરાયેલ | | 1,30,000 | જમીન અને મકાન | 77,000 | |
| **અનામત અને વધારો :** | | | સાંચા અને યંત્રો | 55,000 | 1,32,000 |
| મૂડી અનામત | 20,000 | | ચાલુ મિલકતો - લોન | | |
| જામીનગીરી પ્રીમિયમ | 6,000 | | અને ધિરાણ : | | |
| મૂડી પરત અનામત | 10,000 | | પરચૂરણ દેવાદારો | 35,000 | |
| સામાન્ય અનામત | 12,000 | | સ્ટોક | 25,000 | |
| નફા-નુકસાન ખાતું | 5,000 | 53,000 | હાથ પર સિલક | 16,000 | 76,000 |
| **ચાલુ જવાબદારીઓ :** | | | | | |
| પરચૂરણ લેણદારો | | 25,000 | | | |
| | | **2,08,000** | | | **2,08,000** |

**ઉદા. 6** ધોની કંપની લિમિટેડનું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| રૂ. 100 નો તેવા 8,000 | | પાઘડી | 2,00,000 |
| ઇક્વિટી શેર પૂર્ણ ભરપાઈ | 8,00,000 | જમીન-મકાન | 6,00,000 |
| 10 % ના 3,000 રિડી. પ્રેફ. | | પ્લાન્ટ | 2,00,000 |
| શેર દરેક રૂ. 100 નો | | દેવાદારો | 1,00,000 |
| પૂર્ણ ભરપાઈ | 3,00,000 | સ્ટોક | 2,00,000 |
| 8 % ના 1,000 રિડી. પ્રેફ. | | લેણીહુંડી | 1,25,000 |
| શેર દરેક રૂ. 100નો | | બેન્ક સિલક | 2,80,000 |
| શેરદીઠ રૂ. 80 ભરપાઈ | 80,000 | | |
| નફા-નુકસાન ખાતું | 3,00,000 | | |
| સામાન્ય અનામત | 72,800 | | |
| લેણદારો | 1,50,000 | | |
| દેવીહુંડી | 2,200 | | |
| | **17,05,000** | | **1,70,5000** |

ઉપરોક્ત તારીખે કાયદાકીય જોગવાઈઓનું પાલન કરીને પ્રથમ 10% ની પ્રેફ. શેરમૂડીના અને ત્યારબાદ શક્ય તેટલા 8% ના પ્રેફરન્સ શેરનાં નાણાં 5 % પ્રીમિયમે પરત કરવાનું નક્કી કર્યું.

જરૂરી આમનોંધ લખો અને નવું પાકું સરવૈયું બનાવો.

**જવાબ :** જરૂરી ગણતરી

(1) પ્રથમ પ્રેફ. શેરની પરત કરવાની રકમ રૂ. 3,15,000 (10% ની રિડી. પ્રેફ. શેરમૂડી)
શેરમૂડી 3,00,000 + પરત પ્રીમિયમ 15,000 = 3,15,000

| | |
|---|---|
| (2) કુલ મહેસૂલી ભંડોળ : ન.નું. ખાતેથી | 3,00,000 |
| સામાન્ય અનામત ખાતેથી | 72,800 |
| | 3,72,800 |
| બાદ : 10% ની રિડી. પ્રેફ. શેરમૂડી પરત કરતાં કરેલ ઉપયોગ (3,00,000 + 15,000) | 3,15,000 |
| બાકી મહેસૂલી ભંડોળ = | 57,800 |

(3) હવે રૂ. 57,800 માંથી 8% ના શક્ય રિડી. પ્રેફ. શેર પરત થશે.
બીજા પ્રેફ. શેરની પરત કરવાની રકમ 8% ના રિડી. પ્રેફ. શેરની દાર્શનિક કિંમત રૂ. 100
પરત પ્રીમિયમ 5% 5

57,800 ÷ 105 = 550 પ્રેફ. શેર

8% ના 550 રિડી. પ્રેફ. શેર પરત થઈ શકશે. જેના પર રૂ. 20 લેખે બાકી હપ્તો મંગાવશે.

**ધોની કંપની લિમિટેડના ચોપડે આમનોંધ**

| તા. | વિગત | | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|---|
| 1 | 10% ની રિડી. પ્રેફ શેરમૂડી ખાતે | ઉ. | | 3,00,000 | |
| | રિડી. પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | 15,000 | |
| | તે રિડી. પ્રેફ શેરહોલ્ડર્સ ખાતે | | | | 3,15,000 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેર 5% પ્રીમિયમ પરત કરવાના થયા.) | | | | |
| 2 | સામાન્ય અનામત ખાતે | ઉ. | | 72,800 | |
| | ન.નુ. ખાતે | ઉ. | | 2,27,200 | |
| | તે મૂડી પરત અનામત ખાતે. | | | | 3,00,000 |
| | (બા.જે. સા.અનામત અને ન.નુ. ખાતેથી રિડી. પ્રેફ. શેરમૂડી પરત કરવાની જોગવાઈ કરી.) | | | | |
| 3 | ન.નુ. ખાતે | ઉ. | | 15,000 | |
| | તે રિડી. પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે | | | | 15,000 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેર પરત પ્રિમી. માંડી વાળ્યું.) | | | | |
| 4 | રિડી. પ્રેફ. શેરહોલ્ડર્સ ખાતે | ઉ. | | 3,15,000 | |
| | તે બેંક ખાતે | | | 3,15,000 | |
| | (બા.જે. રિડી.પ્રેફ. શેરનાં નાણાં પરત કર્યા) | | | | |
| 5 | રિડી. પ્રેફ. શેર છેલ્લા હપ્તા ખાતે | ઉ. | | 11,000 | |
| | તે 8% ની રિડી. પ્રેફ. શેર મૂડી ખાતે | | | | 11,000 |
| | (બા.જે. 550 રિડી. પ્રેફ. શેર પરત કરવા માટે શેર દીઠ રૂ. 20નો હપ્તો મંગાવ્યો.) | | | | |
| 6 | બેંક ખાતે | ઉ. | | 11,000 | |
| | તે રિડી. પ્રેફ. શેર છેલ્લા હપ્તા ખાતે | | | | 11,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 7 | 8% ની રિડી. પ્રેફ. શેરમૂડી ખાતે | ઉ. | | 55,000 | |
| | પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | 2,750 | |
| | તે રિડી. પ્રેફ. શેર હોલ્ડર્સ ખાતે | | | | 57,750 |
| | (બા.જે. 550 રિડી. પ્રેફ. શેર 5% પ્રીમિયમે પરત કરવાના થયા.) | | | | |
| 8 | ન.નુ. ખાતે. | ઉ. | | 55,000 | |
| | તે મૂડી પરત અનામત ખાતે. | | | 55,000 | |
| | (બા.જે. પ્રેફ. શેર મૂડી પરત કરવાની જોગવાઈ) | | | | |
| 9 | ન.નું ખાતે | | | 2,750 | |
| | તે પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે | | | | 2,750 |
| | (બા.જે. મૂડી પ્રેફ.શેર પરત પ્રીમિયમ માંડી વાળ્યું) | | | | |
| 10 | રિડી. પ્રેફ શેરહોલ્ડર્સ ખાતે. | ઉ. | | 57,750 | |
| | તે બેંક ખાતે | | | | 57,750 |
| | (બા.જે રિડી. પ્રેફ. શેરનાં નાણાં પરત કર્યાં.) | | | | |

**ધોની કંપની લિમિટેડનું. તા. 1 લી એપ્રિલ, 2017 ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| **શેરમૂડી :** | | **કાયમી મિલકતો :** | |
| 8,000 ઇ.શેર રૂ. 100 | | પાઘડી | 2,00,000 |
| નો તેવા પૂર્ણ ભરપાઈ | 8,00,000 | જમીન -મકાન | 6,00,000 |
| 8% ના 450 રિડી. પ્રેફ. શેર | | પ્લાન્ટ | 2,00,000 |
| દરેક રૂ. 100 નો તેવા રૂ. 80 | | | - |
| ભરપાઈ | 36,000 | **ચાલુ મિલકતો લોન** | |
| **અનામત - વધારો :** | | **ધિરાણ :** | |
| ન.નુ. ખાતે (મહેસૂલી ભંડોળ) | 50 | દેવાદારો | 1,00,000 |
| મૂડી પરત અનામત | 3,55,000 | સ્ટૉક | 2,00,000 |
| **ચાલુ દેવાં - જોગવાઈઓ :** | | લેણી હુંડી | 1,25,000 |
| લેણદારો | 1,50,000 | | |
| દેવી હુંડી | 2,200 | | |
| બેંક ઓવર ડ્રાફ્ટ | 81,750 | | |
| | **14,25,000** | | **14,25,000** |

નોંધ : છેવટની બેંક સિલક રૂ. - 81,750 (બાકી 2,80,000 + પ્રેફ. શેર હપ્તો 11,000 - 10 % રિડી. પ્રેફ શેર પરત 3,15,000 - 8% ના રિડી. પ્રેફ. શેર પરત 57,750 = - 81,750)

(ઉદા. **7** તા. 31-3-2017ના રોજનું ભારત કંપની લિમિટેડનું)

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી દરેક રૂ. 10 નો શેરદીઠ રૂ. 9 ભરપાઈ | 90,000 | કાયમી મિલકતો | 1,95,000 |
| 14% ના રિડી. પ્રેફરન્સ શેર મૂડી, દરેક રૂ. 10નો શેર દીઠ રૂ. 8 ભરપાઈ | 40,000 | રોકાણો | 20,000 |
| 10% ના રિડી. પ્રેફ. શેરમૂડી દરેક રૂ. 10 નો પૂરા ભરપાઈ | 30,000 | બેંક સિલક | 50,000 |
| સામાન્ય અનામત | 1,50,000 | અન્ય ચાલુ મિલકતો | 80,000 |
| નફાનુકસાન ખાતું | 5,000 | | |
| જામીનગીરી પ્રીમિયમ | 5,000 | | |
| લેણદારો | 25,000 | | |
| | **3,45,000** | | **3,45,000** |

કંપનીધારાની જરૂરી જોગવાઈઓનું પાલન કર્યા બાદ 14% ની રિડી. પ્રેફ શેરમૂડી 10 % પ્રીમિયમે તથા 10% ની રિડી. પ્રેફ. શેરમૂડી 5% પ્રીમિયમે પરત કરવાનું નક્કી કર્યું. રોકાણો રૂ. 15,000ની કિંમતે વેચી દીધાં. છેવટની બેન્ક સિલક રૂ. 5,000 રાખવાની છે. બંને પ્રકારના રિડી. પ્રેફ. શેર પરત કરવાના હેતુથી જરૂર જણાય તેટલી સંખ્યામાં 15% ના ક્યુ. પ્રેફ શેર 10%ના પ્રીમિયમે બહાર પાડવાનું નક્કી કર્યું

તે જ તારીખે અપૂર્ણ ભરાયેલા ઇક્વિટી શેરને પૂર્ણ ભરપાઈ થયેલા કરવા બોનસ તથા દર બે ઇક્વિટી શેરે એક બૉનસ શેર આપવાનું નક્કી કર્યું.

ભારત કંપની લિ. ના ચોપડામાં જરૂરી આમનોંધ લખો.

**(દ.ગુ.યુ. એસ. વાય, એપ્રિલ, 1996, સૌ.યુનિ. એસ.વાય. માર્ચ 2004, ઉ.ગુ. યુનિ એસ.વાય એપ્રિલ, 2011)**

જવાબ : ભારત કંપનીના ચોપડે આમનોંધ

ગણતરી :

**(1) 14% રિડી. પ્રેફ. શેર :**

10 રૂ. નો શેર રૂ. 8

| | |
|---|---|
| ભરપાઈ થયેલ | = 40,000 |
| શેરની સંખ્યા | = 40,000/8 |
| | = 5,000 શેર |
| બાકી હપ્તાની રકમ | = 5,000 શેર × 2 રૂ. |
| | = 10,000 રૂ. |

**(2) પરત પ્રીમિયમ :**

(1) 14% રિડી. પ્રેફ. શેર

(50,000 × 10%) = 5,000

(2) 10% રિડી. પ્રેફ. શેર

(30,000 × 5%) = <u>15,000</u>

**કુલ = 6,500**

**(3) જામીનગીરી પ્રીમિયમ :**

બાકી (પા × સ)= 5,000

નવા પ્રેફ. શેર પ્રીમિયમ= <u>1,500</u>

**કુલ = 6,500**

બાદ રિડી. પ્રેફ. શેર પરત પ્રિમિયમ = <u>6,500</u>

NIL

**(4) બોનસ શેર :**

(1) અપૂર્ણ ભરપાઈ થયેલ

ઈ.શેર પૂર્ણ ભરપાઈ

કરવામાં

10,000 ઈ. શેર × 1 રૂ. બાકી હપ્તો = 10,000

(2) પૂર્ણ ભરપાઈ થયેલ ઈ. શેર

પ્રમાણ = 2 : 1

ઈક. શેરમૂડી = 1,00,000 (10,000 ઈ.શેર રૂ. 10 નો તેવા)

(2 : 1 પ્રમાણને આધારે) (5,000 ઈ.શેર રૂ. 10 નો તેવા)

બોનસ ઈક. મૂડી = 50,000

કૂલ બોનસ રકમ = 50,000 + 10,000

= 60,000

| તા. | વિગત | | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|---|
| 1 | રિડી.પ્રેફ શેર છેલ્લા હપતા ખાતે | ઉ. | | 10,000 | |
| | તે 14% ના રિડી. પ્રે. શેરમૂડી ખાતે | | | | 10,000 |
| | (બા.જે. પ્રેફ. શેર છેલ્લો હપતો મંગાવ્યો) | | | | |
| 2 | બેક ખાતે | ઉ. | | 10,000 | |
| | તે રિડી. પ્રેફ. શેર છેલ્લા હપ્તા ખાતે | | | | 10,000 |
| | (બા.જે. 14% ના રિડી. પ્રેફ. શેર 50,000 પર રૂ. 2 લેખે હપ્તો મળ્યો) | | | | |
| 3 | 14% રિડી. પ્રેફ. શેરમૂડી ખાતે | ઉ. | | 50,000 | |
| | 10% રિડી. પ્રેફ. શેરમૂડી ખાતે | ઉ. | | 30,000 | |
| | પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | 6,500 | |
| | તે પ્રેફ. શેર હોલ્ડર્સ ખાતે | | | | 86,500 |
| | (બા.જે. બંને પ્રકારનાં રિડી. પ્રેફ. શેરનાં નાણાં પ્રીમિયમે ચૂકવવાનાં થયાં) | | | | |

| તા. | વિગત | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 4 | જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ. | | 6,500 | |
| | તે પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે | | | 6,500 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેર પરત પ્રીમિ. જોગવાઈ જામનીગીરી પ્રીમિયમ ખાતામાંથી કરી.) | | | |
| 5. | બેંક ખાતે ઉ. | 15,000 | | |
| | નફાનુકસાન ખાતે ઉ. | | 5,000 | |
| | તે રોકાણો ખાતે | | | 20,000 |
| | (બા.જે. રિડી. પ્રેફ શેર પરત કરવા રોકાણો રૂ. 5,000 ની ખોટથી વેચ્યાં અને ખોટની રકમ ન.નું ખાતે લઈ ગયાં.) | | | |
| 6 | બેંક ખાતે ઉ. | 16,500 | | |
| | તે 15% ની ક્યુ. પ્રેફ. શેરમૂડી ખાતે | | | 15,000 |
| | તે જામનીગીરી પ્રીમિયમ ખાતે | | | 1,500 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેર પરત કરવા નવા 1,500 કયુ. પ્રેફ. શેર દરેક રૂ. 10નો એવા 10% પ્રીમિયમે બહાર પાડ્યા.) | | | |
| 7 | સામાન્ય અનામત ખાતે ઉ. | | 65,000 | |
| | તે મૂડી પરત અનામત ખાતે | | | 65,000 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેર પરત કરવા જરૂરી રકમ. સા. અ. ખાતેથી મૂડી પરત અનામત ખાતે લઈ ગયા) | | | |
| 8 | પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે ઉ. | | 86,500 | |
| | તે બેન્ક ખાતે | | | 86,500 |
| | (બા.જે. રિડી. પ્રેફ. શેરનાં નાણાં ચૂકવ્યાં) | | | |
| 9 | મૂડી પરત અનામત ખાતે ઉ. | | 50,000 | |
| | સામાન્ય અનામત ખાતે ઉ. | | 10,000 | |
| | તે શેરહોલ્ડર્સના બોનસ ખાતે. | | | 60,000 |
| | (બા.જે. 10,000 ઇક્વિટી શેર પર રૂ. 1 ના હપતો બોનસ તરીકે ભરપાઈ કરવા અને ઈ.શેર બોનસ શેર તરીકે આપવા જોગવાઈ કરી) | | | |
| 10 | ઇક્વિટી શેર હપતા ખાતે ઉ. | | 10,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 10,000 |
| | (બા.જે 10,000 થી શેર પર રૂ 1 લેખે છેલ્લો હપતો મંગાવ્યો.) | | | |
| 11 | શેર હોલ્ડર્સના બોનસ ખાતે ઉ. | | 10,000 | |
| | તે ઇક્વિટી શેર હપ્તા ખાતે. | | | 10,000 |
| | (બા.જે. 10,000 ઇ.શેર પર રૂ. 1 હપતો બોનસમાંથી જમા કર્યા) | | | |

| તા. | વિગત | ખા.પા. | ઉધાર | જમા |
|---|---|---|---|---|
| 12 | શેરહોલ્ડર્સના બોનસ ખાતે ઉ. | | 50,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 50,000 |
| | (બા.જે 100000 ઈ.શેર પર બે શેરે 1 શેરે લેખે 50000 ઇક્વિટી શેર બોનસ શેર તરીકે આપ્યા) | | | |

ઉ. બેન્ક ખાતું

| વિગત | રૂ | વિગત | | રૂ. |
|---|---|---|---|---|
| શરૂઆતની સિલક | 50,000 | 12% ના પ્રેફ. શેર | 50,000 | |
| પ્રેફ. શેર હપ્તા ખાતે | 10,000 | + પ્રિમિયમ | 5,000 | |
| રોકાણોની ઉપજ | 15,000 | 14% ના | 30,000 | |
| નવા પ્રેફ.શેરમૂડી | 15,000 | + પ્રિમિયમ | 1,500 | 86,500 |
| જામીનગીરી પ્રિમિયમ | 1,500 | આખરની સિલક | | 5,000 |
| | **91,500** | | | **91,500** |

**નોંધ : 1** અહીં જણાવ્યું છે કે છેવટની બેંક સિલક રૂ. 5000 રાખવાની છે. જ્યારે રિડી. પ્રેફ. શેર પરત કરવા માટે રૂ. 80,000 + 6,500 પ્રીમિયમ = 86,500 ની જરૂર છે, જ્યારે તે નવા શેરની રકમ શોધવામાં આવશે.

**નોંધ : 2** આમ નવા શેર બહાર પાડવામાંથી રૂ. 16,500 મળવા જોઈએ. નવો શેર 15%ના ક્યુ. પ્રેફ. શેર દરેક રૂ. 10 નો છે. અને તે 10% પ્રીમિયમે એટલે કે શેરદીઠ રૂ. 1 ના પ્રીમિયમે બહાર પાડવાનો છે, તેથી 1 શેર બહાર પાડતાં રૂ. 11 મળે, તેથી કુલ શેરની સંખ્યા રૂ. 16,500 ÷ 11 = 1,500 શેર

નવા શેરની ઉપજ = શેરમૂડી 1,500 × 10 = રૂ 15,000

પ્રીમિયમ 1,500 × 1 = રૂ 1,500

રૂ 16,500

**ઉદા.8** રોહન લિ. નું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| જબાદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| રૂ.10 નો તેવા 75,000 ઇક. શેર | 7,50,000 | કાયમી મિલકતો | 7,50,000 |
| | | સ્ટૉક | 4,99,000 |
| 10% રિડીમેબલ ક્યુ. | | દેવાદારો | 2,00,000 |
| પ્રેફ. શેર દરેક રૂ. 100 | | બેન્કમાં સિલક | 2,09,000 |
| નો શેરદીઠ રૂ. 80 મંગાવેલા | | | |
| રૂ. 2,00,000 | | | |
| બાદ: બાકી હપ્તા રૂ. 2,000 | 1,98,000 | | |
| શેરદીઠ રૂ. 20 લેખે | | | |
| સામાન્ય અનામત | 4,00,000 | | |
| નફા-નુકસાન ખાતું | 1,00,000 | | |
| લેણદારો | 2,00,000 | | |
| પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમ ખાતું | 10,000 | | |
| | **16,58,000** | | **16,58,000** |

જે પ્રેફરન્સ શેરહોલ્ડર્સના હપતા બાકી હતા તેમને જરૂરી નોટિસ આપવામાં આવી હતી અને હપતાનાં નાણાં નહીં ભરવાને કારણે તેઓના શેર્સ જપ્ત કરવામાં આવ્યા.

પ્રેફરન્સ શેરનાં નાણાં પરત કરવાના હેતુ માટે કંપનીએ તેના ઈક્વિટી શેર હોલ્ડર્સને હક્કના ધોરણે 25% ના પ્રીમિયમે 3,000 શેર આપ્યા. કંપનીને તેના પરની રકમ મળી ગઈ. તા. 30-09-2017 ના રોજ પ્રેફરન્સ શેરહોલ્ડર્સને તેમના ચઢેલા ડિવિડન્ડ સહિત પ્રેફરન્સ શેરનાં નાણાં પરત કરવામાં આવ્યાં.

ત્યારબાદ તા.31-12-2017ના રોજ તેના ઈક્વિટી શેરહોલ્ડર્સને ત્રણ શેર ધરાવનારને એક શેરના પ્રમાણમાં બોનસ શેર આપ્યો.

તમારે ઉપરના વ્યવહારો પરથી જરૂરી આમનોંધ લખો અને કંપનીનું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું બનાવો.

**જવાબ :** સમજૂતી :

(1) 100 શેર પર (2,000 ÷ રૂ. 20 = 100) હપતા બાકી છે. જે જપ્ત કરવામાં આવે છે. તેના પર મંગાવેલ રકમ રૂ. 80 લેખે રૂ. 8,000 (100 × 80) પ્રેફ. શેરમૂડી ખાતે ઉ. તે શેર જપ્તી ખાતે રૂ. 6,000 અને બાકી હપ્તા ખાતે રૂ. 2,000 દર્શાવાશે.

(2) છેલ્લો હપ્તો રૂ. 48,000 (2400 શેર × રૂ. 20 લેખે)

(3) ડિવિડન્ડની જોગવાઈ 2,400 શેર × રૂ. 80 ભરપાઈ = રૂ. 1,92,000 પર 10 % લેખે 6 માસનું રૂ. 9,600 થશે.

(4) સામાન્ય અનામત ખાતમાંથી મૂડી પરત અનામત ખાતે રૂ. 2,40,000 લઈ જવાશે (કુલ 2,400 × રૂ. 100 = 2,40,000 (રૂ. 30,000 નવા શેર બહાર પાડવાથી મળશે.) (3,000 શેર × રૂ. 10 શેર દીઠ)

(5) બોનસ રૂ. 5,20,000 જે માટે મૂડી પરત અનામત 4,20,000 + પ્રીમિયમ 15,000 + મૂડી અનામત 32,000 + સામાન્ય અનામતો 53,000 નો ઉપયોગ કરવામાં આવશે.

બોનસ શેર :

| | | |
|---|---|---|
| જૂના ઇ.શેર | = | 1,75,000 |
| નવા ઇ.શેર | = | 3,000 |
| કુલ | = | 1,78,000 |

પ્રમાણ : 3 : 1

**બોનસ શેર = 26,000**

**રોહન લિ. ના ચોપડામાં આમનોંધ**

| તા. | વિગત | ખા.પા. | રૂ. | રૂ. |
|---|---|---|---|---|
| 1 | રિડી. પ્રેફ શેર છેલ્લા હપતા ખાતે ઉ. | | 48,000 | |
| | તે 10% ની રિડી. પ્રેફ શેર મૂડી ખાતે | | | 48000 |
| | (બા.જે. 2400 પ્રેફ. શેર પર, શેરદીઠ | | | |
| | રૂ. 20 લેખે છેલ્લો હપ્તો મંગાવ્યો) | | | |
| 2 | બેંક ખાતે ઉ. | | 48,000 | |
| | તે રિડી. પ્રેફ. શેર હપતા ખાતે | | | 48,000 |
| | (બા.જે. 2400 શેર પર, શેરદીઠ રૂ. 20 | | | |
| | નો હપતો મળ્યો) | | | |
| 3 | 10% ની રિડી. પ્રેફ. શેરમૂડી ખાતે ઉ. | | 8,000 | |
| | તે શેર જપ્તી | | | 6,000 |
| | તે બાકી હપ્તા ખાતે | | | 2,000 |
| | (બા.જે. 100 શેર જપ્ત કર્યા) | | | |
| 4 | બેન્ક ખાતે ઉ. | 37,500 | | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 30,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | 7,500 |

| તા. | વિગત | | ખા.પા. | રૂ. | રૂ. |
|---|---|---|---|---|---|
| 5 | 10% ની રિડી. પ્રેફ. શેરમૂડી ખાતે | ઉ. | | 2,40,000 | |
| | પ્રેફ. શેર ડિવિડંડ ખાતે | | | 9,600 | |
| | તે પ્રેફ. શેરહોલ્ડર્સ ખાતે | | | | 2,49,600 |
| | (બા.જે. રિડી. પ્રેફ શેર પ્રીમિયમ સહિત | | | | |
| | પરત કરવાના થયા.) | | | | |
| 6 | ન.નુ. ખાતે | ઉ. | 9,600 | | |
| | તે પ્રેફ. ડિવિડન્ડ ખાતે | | | | 9,600 |
| | (બા.જે. પ્રેફ. ડિવિડન્ડની જોગવાઈ કરી) | | | | |
| 7 | સામાન્ય અનામત ખાતે | ઉ. | | 2,10,000 | |
| | તે મૂડી પરત અનામત ખાતે | | | | 2,10,000 |
| | (બા.જે. પ્રેફ. શેરનાં નાણાં પરત કરવા | | | | |
| | સા. અનામતમાંથી જોગવાઈ કરી) | | | | |
| 8 | પ્રેફ. શેરહોલ્ડર્સ ખાતે | ઉ. | | 2,49,600 | |
| | તે બેંક ખાતે | | | | 2,49,600 |
| | (બા.જે. પ્રેફ. શેરહોલ્ડર્સને નાણાં ચૂકવ્યાં) | | | | |
| 9 | પ્રેફ. શેર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | 10,000 | |
| | શેર જપ્તી ખાતે | ઉ. | | 6,000 | |
| | તે મૂડી અનામત ખાતે | | | | 16,000 |
| | (બા.જે. પરત પ્રીમિયમ તથા શેર જપ્તી | | | | |
| | ખાતાની બાકી મૂડી અનામત ખાતે | | | | |
| | લઈ ગયા) | | | | |
| 10 | મૂડી પરત અનામત ખાતે | ઉ. | | 2,10,000 | |
| | જામીનગીરી પ્રીમિયમ ખાતે | ઉ. | | 7,500 | |
| | મૂડી અનામત ખાતે | ઉ. | | 16,000 | |
| | સામાન્ય અનામત ખાતે | ઉ. | | 26,500 | |
| | તે શેરહોલ્ડર્સના બોનસ ખાતે | | | | 2,60,000 |
| | (બા.જે. શેરહોલ્ડર્સના બોનસ માટે | | | | |
| | જોગવાઈ કરી.) | | | | |
| 11 | શેર હોલ્ડર્સના બોનસ ખાતે | ઉ. | | 2,60,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | | | 2,60,000 |
| | (બા.જે. શેર હોલ્ડર્સને બોનસ ચુકવ્યું તેના) | | | | |

**હિના લિ.નું તા. 31-3-17ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી-દેવાં | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| શેરમૂડી | | કાયમી મિલકતો | 7,50,000 |
| 1,04,000 ઇક્વિટી શેર | | ચાલુ મિલકતો | |
| દરેક રૂ. 10 નો તેવા પૂરા | | સ્ટૉક | 4,99,000 |
| ભરપાઈ) | 10,40,000 | દેવાદારો | 2,00,000 |
| અનામત- વધારો : | | બેંક સિલક | 44,900 |
| ન.નુ. ખાતે | 90,400 | | |
| સામાન્ય અનામત | 1,63,500 | | |
| ચાલુ દેવાં - જોગવાઈઓ | | | |
| લેણદારો | 2,00,000 | | |
| | **14,93,900** | | **14,93,900** |

**બેંક ખાતું**

| મૂડી-દેવાં | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| બા.આ.લાવ્યા | 2,09,000 | પ્રેફ. શેર (રિડીમ્પશન | 2,49,600 |
| પ્રેફ. શેર (બાકી હપ્તા) | 48,000 | બાકી આ. લઈ ગયા | 44,900 |
| ઇકિ. શેર (નવા) | 37,500 | | |
| | **2,94,500** | | **2,94,500** |

**<u>સ્વાધ્યાય</u>**

1. રિડીમેબલ પ્રેફરન્સ શેર એટલે શું ? તે પરત કરવા અંગેની કંપનીધારાની જોગવાઈઓ જણાવો.
2. રિડીમેબલ પ્રેફરન્સ શેરનાં નાણાં પરત કરતી વખતે કઈ કઈ શરતોનું પાલન થવું જોઈએ ?
3. ટૂંકનોંધ લખો :
   (1) મૂડી પરત અનામત ખાતું
   (2) રિડીમેબલ પ્રેફરન્સ શેરનાં નાણાં પરત કરવા.
   (3) રિડીમેબલ પ્રેફરન્સ શેર
   (4) રિડીમેબલ પ્રેફ. શેર પરત કરવાની કંપનીધારાની જોગવાઈઓ

**<u>ટૂંકા દાખલા</u>**

(1) વિજય કંપની લિ. ની માહિતી

50,000 ઇક્વિટી શેર રૂા. 10નો શેરદીઠ રૂા. 9 ભરાયેલા, ન.નું. ખાતું રૂા. 60,000 (જમા બાકી)

મૂડી અનામત રૂા. 15,000

જામીનગીરી પ્રીમિયમ રૂા. 7,500

કંપનીએ પોતાના નફા-નુકસાન ખાતાનું મૂડીકરણ કરીને તેમાંથી બોનસ આપવાનું નક્કી કર્યું. કંપની પોતાના અધૂરા ભરપાઈ ઇક્વિટી શેરને પૂરા ભરપાઈ કરવા આ બોનસનો ઉપયોગ કરે છે.

કંપનીના ચોપડે જરૂરી ગણતરી કરી આમનોંધ લખો.

(જવાબ : બોનસ ડિવિડન્ડ રૂા. 50,000)

છેલ્લો હપ્તો રૂા. 1 × 50,000 ઇ. શેર = રૂા. 50,000 જે માટે ન.નું ખાતાની બાકીનો ઉપયોગ થશે.)

(2) નિમેશ કંપનીની રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી રૂ. 2,00,000 છે, જે 10 % પ્રીમિયમે પરત કરવાનું નક્કી કર્યું. તે જ તારીખે કંપનીનું પાકું સરવૈયું જામનીગીરી પ્રીમિયમ ખાતે રૂ. 10,000 અને નફાનુકસાન ખાતે 1,00,000 જમા બાકી દર્શાવતું હતું. કંપનીએ ખૂટતી રકમની વ્યવસ્થા કરવા રૂ. 100નો એક એવા જરૂરી રકમના ઇક્વિટી શેર બહાર પાડ્યા. કંપનીએ રિડીમેબલ પ્રેફરન્સ શેર અંશતઃ નફામાંથી અને અંશતઃ બહાર પાડેલા શેરમાંથી પરત કર્યા. નિહાર કંપનીના ચોપડામાં આમનોંધ લખો.

(જવાબઃ ઇક્વિટી શેર 1,100 દરેક રૂ. 100નો રિડી.પ્રેફ. શેર પરતની રૂ. 2,00,000ની જોગવાઈ નવા શેર બહાર પાડવાથી મળેલ રકમ રૂ. 1,10,000 માંથી + ખૂટતાં રૂ. 90,000 નફાનુકસાન ખાતેથી મૂડી પરત અનામત ખાતે, પરત પ્રીમિયમ પૈકી રૂ. 10,000 જામીનગીરી પ્રીમિયમમાંથી અને ખૂટતા રૂ. 10,000 ન.નું ખાતામાંથી)

(3) સપના લિ. પાસે દરેક રૂા. 100 નો એવા 8,000 રિડી. પ્રેફન્સ શેર છે. તા. 31.3.2017ના રોજ આ પ્રેફરન્સ શેર મૂળકિંમતે પરત કરવાનું નક્કી કરે છે.

આ હેતુ માટે દરેક રૂા.100નો એવા નવા 4000 ઇક્વિટી શેર બહાર પાડવામાં આવ્યા અને બાકીની ખૂટતી રકમનો કંપની પાસે રૂા. 5,00,000 ની જમા બાકી દર્શાવતા નફા-નુકસાન ખાતાનો ઉપયોગ કરવામાં આવ્યો.

કંપનીના ચોપડે રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા અંગે જરૂરી આમનોંધ લખો.

**જવાબ :** (1) પ્રેરન્સ શેર પરત કરવાના થયા રૂા. 8,00,000 (2) નવા ઇક્વિટી શેર બહાર પાડ્યા રૂા. 4,00,000 (3) ન.નું ખાતામાંથી મૂડી પરત અનામત ઊભુ કર્યું. રૂા. 4,00,000 (4) પ્રેફરન્સ શેર હોલ્ડર્સને રકમ ચૂકવી રૂા. 8,00,000)

(4) વિકાસ કંપનીની માહિતી નીચે મુજબ છે :

| | |
|---|---|
| 14% રિડીમેબલ પ્રેફરન્સ શેરમૂડી | રૂ. 10,00,000 |
| વહેંચણી પાત્ર નફો | રૂ. 5,99,200 |
| જામનીગીરી પ્રીમિયમ | રૂ. 40,000 |

કંપનીએ રિડીમેબલ પ્રેફરન્સ શેર 10% પ્રીમિયમે પરત કરવાનું નક્કી કર્યું. પરત કરવાના હેતુથી રૂ. 10 નો એક એવા ઇક્વિટી શેર 4% વટાવે બહાર પાડ્યા.

નવા શેર બહાર પાડવાની આમનોંધ લખો.

**જવાબ :** બેંક ખાતે ઉ. (48,000 × 9.60) રૂ. 4,60,800, શેર વટાવ ખાતે ઉ. રૂ. 19,200, તે ઇક્વિટી શેરમૂડી ખાતે રૂ. 4,80,000

**સમજૂતી :** પ્રેફ. શેરમૂડી રૂ. 10,00,000 + 10% પરત પ્રીમિયમ રૂ. 1,00,000 = રૂ. 11,00,000 જરૂરી રકમ - રૂ. 5,99,200 વહેંચણીપાત્ર નફો - રૂ. 40,000 જામીનગીરી પ્રીમિયમ = 4,60,800 માટે $\left(\frac{4,60,800}{96}\right)$ = 4,800 શેર નવા ઇક્વિટી શેર 4% વટાવે બહાર પાડવા પડશે. તેથી બહાર પાડવાની ઇક્વિટી શેરમૂડી રૂ. 4,80,000 - 4% વટાવ રૂ. 19,200 = 4,60,800)

(5) હર્ષિલ કંપની લિમિટેડે રૂ. 10 નો એવા 10,000 ઇક્વિટી શેર અને દરેક રૂ. 100 નો એવા 600 રિડીમેબલ પ્રેફરન્સ શેર બહાર પાડ્યા અને તમામ શેર તા. 31-3-17 ના રોજ પૂરેપૂરા ભરપાઈ થયા હતા. નફા-નુકસાન ખાતે નહીં વહેંચાયેલ નફો રૂ. 30,000 અને સામાન્ય અનામત રૂ. 44,000 છે. તા. 1-4-2017 ના રોજ ડિરેક્ટર્સએ જરૂરી નફાનો ઉપયોગ કરી રૂ. 105 ના ભાવે પ્રેફરન્સ શેર પરત કરવાનું નક્કી કર્યું. જરૂરી આમનોંધ દર્શાવો.

**જવાબ :** પરત કરવાની રકમ રૂ. 63,000 (પ્રેફ. શેરમૂડી રૂ. 60,000 + પરત પ્રીમિયમ રૂ. 3,000), રૂ. 44,000 સામાન્ય અનામત ખાતેથી અને રૂ. 16,000 ન.નુ. ખાતેથી મૂડી પરત અનામત ખાતે લઈ જવાશે. પરત પ્રીમિયમ રૂ. 3,000 ન.નું. ખાતા સામે માંડી વાળવામાં આવશે.)

(6) મનાલી લિ. પાસે દરેક રૂા. 100 નો એવા 9000 રિડી.પ્રેફરન્સ શેર છે. તા. 31-3-2017ના રોજ આ પ્રેફરન્સ શેર 10% પ્રીમિયમથી પરત કરવાનું નક્કી કર્યું.

કંપની આ હેતુ માટે દરેક રૂા.10નો એવા 60,000 ઇક્વિટી શેર બહાર પાડે છે. કંપનીના ન.નું. ખાતામાં રૂા. 4,50,000 જમા બાકી છે. જરૂરી બધી રકમનો ઉપયોગ નફા-નુકસાન ખાતામાંથી કરવામાં આવેલ છે. કંપનીના ચોપડે આમનોંધ લખો.

**જવાબ :** પાંચ આમનોંધ (1) પ્રેફ.શેર , પ્રીમિ. સહિત પરત કરવાના થયા રૂા. 9,00,000 + 90,000 = રૂ. 9,90,000 (2) નવા શેર બહાર પાડ્યા રૂા. 6,00,000 (3) ન.નુ. ખાતામાંથી મૂડી પરત અનામત રૂા. 3,00,000 ની જોગવાઈ કરી. (4) પરત પ્રીમિયમ રૂા. 90,000 ન.નુ. ખાતેથી માંડી વાળ્યું. (5) પ્રે. શેર હોલ્ડર્સને રકમ પરત કરી રૂા. 9,90,000)

**બહુવિકલ્પોવાળા પ્રશ્નો (MCQs)**

(1) બોનસ શેર નીચેના સાધનોમાંથી બહાર પાડી શકશે. (ગુ.યુ. માર્ચ-08)

(અ) મૂડી (બ) અનામત મૂડી (ક) મૂડી અનામત (ડ) કોઈ પણ નહીં.

**જવાબ (ડ) કોઈ પણ નહીં.**

(2) અપૂર્ણ ભરપાઈ શેરને પૂરા ભરપાઈ કરવા માટે બોનસની વ્યવસ્થા કયા ખાતામાંથી થઈ શકે નહી.

(અ) સામાન્ય અનામતમાંથી થઈ શકે નહીં.

(બ) ડિવિડન્ડ સમાનીકરણ ભંડારમાંથી થઈ શકે નહીં.

(ક) જામીનગીરી પ્રીમિયમમાંથી થઈ શકે નહીં.

(ડ) નફાનુકસાન ખાતાની જમા બાકીમાંથી થઈ શકે નહીં.

**જવાબ (બ) ડિવિડન્ડ સમાનીકરણ ભંડારમાંથી થઈ શકે નહીં.**

(3) પુરોહીત કંપની લિ. રૂ. 50,000 ની કિંમતના રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા માટે રૂા.10નો એક એવા 1,500 થશે. શેર 10% પ્રીમિયમ બહાર પાડ્યા. મૂડી પરત અનામત ખાતે લઈ જવાની રકમ થશે.

(અ) રૂ. 33,000 (બ) રૂ. 35,000

(ક) રૂ. 50,000 (ડ) રૂ. 60,000

**જવાબ (બ) રૂ. 35,000**

(4) જો પ્રેફરન્સ શેર્સને પ્રીમિયમથી પરત કરવામાં આવે તો આ પ્રીમિયમની રકમની જોગવાઈ.

(અ) જામીનગીરી પ્રીમિયમમાંથી કરી શકાશે.

(બ) નવા બહાર પાડેલ શેર્સની રકમમાંથી કરી શકાશે.

(ક) શેર જપ્તી ખાતામાંથી કરી શકાશે.

(ડ) મૂડી પરત અનામતમાંથી કરી શકાશે.

**જવાબ (અ) જામીનગીરી પ્રીમિયમમાંથી કરી શકાશે.**

(5) બે બોનસ શેર વચ્ચેનો સમયગાળો કેટલો હોય છે. **(ગુ.યુ. માર્ચ - 2008)**

(અ) 12 માસ (બ) 24 માસ (ક) 6 માસ (ડ) કોઈ પણ નહીં.

**જવાબ (ડ) કોઈ પણ નહીં.**

(6) "ગૌરાંગ" લિ. 5,200 પ્રેફરન્સ શેર દરેક રૂા. 100 નો એવા 10 % પ્રીમિયમથી પરત કરવાનું નક્કી કર્યું. તેની પાસે નફા-નુકસાન ખાતું (જમા) રૂા. 5,60,000 અને જામીનગીરી પ્રીમિયમ રૂા. 32,000 છે. જો ઉપરના હેતુ માટે દરેક રૂ. 10 નો એવા 25,000 ઇક્વિટી શેર 20% વટાવથી બહાર પાડવાનું નક્કી કરવામાં આવે તો મૂડી પરત અનામત ખાતે લઈ જવાની રકમ.

(અ) રૂા. 1,80,000 (બ) રૂા. 2,30,000

(ક) રૂા. 3,20,000 (ડ) રૂા. 2,60,000

**જવાબ (અ) રૂા. 3,20,000**

(7) એક કંપનીએ રૂા. 2,00,000 ની કિંમતના રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા માટે દરેક રૂા.10નો એવા 4,000 ઇક્વિટી શેર 10% પ્રીમિયમે બહાર પાડ્યા. મૂડી પરત અનામત ખાતે લઈ જવાની રકમ થશે.

(અ) રૂા. 2,00,000 (બ) રૂા.2,40,000

(ક) રૂા. 1,60,000 (ડ) રૂા. 1,00,000

**જવાબ (ક) રૂા. 1,60,000**

(8) અંશત ભરપાઈ શેરને પૂરા ભરપાઈ કરવા માટે નીચેના અનામત પૈકી કોનામાંથી બોનસ આપી શકાય નહી.

(અ) ડિવિડન્ડ સમીકરણ ભંડોળમાંથી (બ) સામાન્ય અનામતમાંથી

(ક) નફાનુકસાન ખાતાની જમા બાકીમાંથી (ડ) મૂડી પરત અનામતમાંતી

**જવાબ (ડ) મૂડી પરત અનામતમાંથી)**

(9) અંશત ભરપાઈ થયેલા રિડીમેબલ પ્રેફ. શેર અંગે કયું વિધાન સાચું છે ?

(અ) જેટલી રકમ ભરી હોય તેટલી પરત કરી શકાય (બ) નાણાં પરત થઈ શકે નહી.

(ક) જેટલી રકમ ન મંગાવી (ડ) બોનસ આપીને પરત કરી શકાય.

**જવાબ (બ) નાણાં પરત થઈ શકે નહીં.**

(10) રિડીમેબલ પ્રેરન્સ શેર એકઠા થયેલા નફામાંથી પરત કરવામાં આવ્યા હોય તો પરત કરેલ શેરની મૂળકિંમત જેટલી રકમ કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(અ) સામાન્ય અનામત ખાતે (બ) મૂડી પરત અનામત ખાતે

(ક) વિકાસ વળતર અનામત ખાતે (ડ) પ્રેફરન્સ શેરમૂડી ખાતે

**જવાબ (બ) મૂડી પરત અનામત ખાતે**

(11) અધૂરા ભરપાઈ ઈક્વિટી શેર, બોનસ દ્વારા પૂર્ણ ભરપાઈ કરવા માટે શેનો ઉપયોગ કરી શકાય નહીં.

(અ) જામનીગીરી પ્રીમિયમ (બ) સામાન્ય અનામત

(ક) ન.નુ. ખાતું (જમાબાકી) (ડ) કોઈ પણ નહીં

**જવાબ (અ) જામીનગીરી પ્રીમિયમ**

(12) બોનસ શેર આપ્યા બાદ કંપનીની અનામતોમાં .......... થાય છે.

(અ) વધારો (બ) ઘટાડો (ક) અસર થતી નથી. (ડ) કોઈ પણ નહીં

**જવાબ : (બ) ઘટાડો**

(13) પ્રેફરન્સ શેર પરત પ્રીમિયમ કંપની માટે .......... છે.

(અ) આવક (બ) ખોટ (ક) અનામત (ડ) કોઈ પણ નહીં

**જવાબ (બ) ખોટ**

(14) પ્રેફ. શેર પરત કરવાનું પ્રીમિયમ .......... સામે માંડીવાળી શકાય

(અ) સામાન્ય અનામત (બ) જામીનગીરી પ્રીમિયમ

(ક) મૂડી અનામત (ડ) આપેલ બધા જ

**જવાબ (બ) જામીનગીરી પ્રિમિયમ**

**<u>MCQ ના જવાબો</u>**

1. (ડ) 2. (બ) 3. (બ) 4. (અ) 5. (ડ) 6. (અ) 7. (ક)

8. (ડ) 9. (બ) 10. (બ) 11. (અ) 12. (બ) 13. (બ) 14. (બ)

**<u>સ્વાધ્યાયના મોટા દાખલા</u>**

(1) સૂરજ લિ. એ 30,000 રૂ. 20 ની કિંમતના 8 % ના પરત ચૂકવણી પાત્ર રિડીમેબલ પ્રેફરન્સ શેર તથા રૂ. 10 ની કિંમતના 2,00,000 ઈક્વિટી શેર બહાર પાડ્યા છે. પસંદગીના શેર 5% ના પ્રીમિયમે 1 લી એપ્રિલ 2017ના રોજ પરત ચૂકવણી પાત્ર છે.

31 મી માર્ચ 2017ના રોજ કંપનીના પાકા સરવૈયાની પરિસ્થિતિ નીચે મુજબ હતી :

| મૂડી - દેવાં | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| બહાર પાડેલી શેરમૂડી | | ફર્નિચર અને રાચરચીલું | 4,50,000 |
| 30,000 8% ના રૂ. 20નો | | પ્લાન્ટ અને યંત્રસામગ્રી | 12,50,000 |
| એક એવા પરત ચૂકવણીપાત્ર | | સ્ટૉક | 7,50,000 |
| રિડીમેબલ પ્રેફરન્સ શેર | 6,00,000 | દેવાદારો | 7,00,000 |
| પુરેપુરા ભરપાઈ થઈ ગયેલ | | રોકાણો | 1,75,000 |
| રૂ. 10 નો એક એવા | | બેંક સિલક | 1,75,000 |
| 2,00,000 પૂરેપૂરા ભરપાઈ | | | |
| થઈ ગયેલ ઈક્વિટી શેર | 20,00,000 | | |
| નફા-નુકસાન ખાતું | 3,50,000 | | |
| પરચૂરણ લેણદારો | 5,50,000 | | |
| | **35,00,000** | | **35,00,000** |

પસંદગીના શેર્સની પરત ચૂકવણી સરળ બનાવવાના હેતુથી

(અ) રૂ. 150,000 માં રોકાણો વેચી દેવાનું નક્કી કરવામાં આવ્યું

(બ) રૂ. 1,00,000 ની નફા-નુકસાન ખાતાની બાકી વધે તે રીતે કંપનીના ભંડોળમાંથી અંશતઃ પરત ચુકવણી માટે નાણાં મેળવવાં.

(ક) બાકીનું જરૂરી ભંડોળ ઊભું કરવા માટે રૂ. 10 નો એક એવા શેરદીઠ રૂ. 2 નવા પ્રીમિયમે પૂરતા પ્રમાણમાં ઈક્વિટી શેર બહાર પાડવા, નક્કી કરેલી તારીખે પસંદગીના શેર પરત મૂકવવામાં આવ્યા હતા અને ઈક્વિટી શેર પૂરેપૂરા ભરપાઈ થયા હતા. તમારે :

(1) ઉપરોક્ત વ્યવહારો નોંધવા માટે આમનોંધ લખવાની છે.

(2) પરત ચૂકવણી પૂર્ણ થાય તે દિવસનું પાકું સરવૈયું તૈયાર કરવાનં છે. **(દ.ગુ.યુ. એસ.વાય એપ્રિલ - 1999)**

**જવાબ :** (1) પ્રેફ. શેરહોલ્ડર્સ ને પરત રૂ. 6,30,000 (6,00,000 મૂડી પેટે + 30,000 પરત પ્રીમિયમ પેટે) (2) રોકાણો વેચતાં ખોટ રૂ. 25,000 ન.નું ખાતે ઉધાર. (3) રૂ. 2,25,000 ન.નુ. ખાતેથી મૂડી પરત અનામત ખાતે લઈ જવામાં આવશે અને બાકીના રૂ. 3,75,000ના નવા શેર બહાર પાડવામાં આવશે. (રૂ. 10 નો એક એવા 37,500 શેરદીઠ રૂ. 2 ના પ્રીમિયમે બહાર પાડવામાં આવશે. પરત પ્રીમિયમ રૂ. 30,000ની જોગવાઈ જામીનગીરી પ્રીમિયમમાંથી કરવામાં આવશે. (5) નવા પાકા સરવૈયાનો સરવાળો રૂ. 32,95,000, બેંકમાં સિલક રૂ. 1,45,000)

(2) તા. 31-3-2017ના રોજનું કપિલ લિમિટેડનવું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---:|---|---:|
| 8,000 ઈક્વિટી શેર દરેક | | જમીન | 2,00,000 |
| દરેક રૂ. 100 નો | 8,00,000 | મકાન | 5,66,000 |
| 9%ના રિડીમેબલ પ્રેફ.શેર | | સાંચા યંત્રો | 5,10,000 |
| દરેક રૂ. 100નો શેરદીઠ | | રોકાણો | 3,80,000 |
| રૂ. 80 ભરપાઈ. | 3,20,000 | સ્ટૉક | 4,00,000 |
| 8% ના ઈરિડીમેબલ પ્રેફ.શેર | | દેવાદારો | 3,80,000 |
| દરેક રૂ. 100 નો પૂરો ભરપાઈ | 2,00,000 | બેંક સિલક | 1,64,000 |
| 10%ના રિડી. | | | |
| પ્રેફ. શેર | 60,000 | | |
| જામીનગીરી પ્રીમિયમ | 20,000 | | |
| સામાન્ય અનામત | 2,20,000 | | |
| નફા-નુકસાન ખાતું | 2,80,000 | | |
| લેણદારો | 1,60,000 | | |
| | **26,00,000** | | **26,00,000** |

આ તારીખે કંપનીએ પ્રેફરન્સ શેર્સને 1956ના કંપની ધારાની કલમ 80માં જણાવેલ જોગવાઈનું પાલન કર્યા બાદ 10% પ્રીમિયમે પરત કરવાનું નક્કી કર્યું.

આ હેતુ માટે જરૂરી સંખ્યામાં ઈક્વિટી શેર્સ દરેક રૂ. 100 નો 20% પ્રીમિયમે બહાર પાડ્યા. ધંધામાં બેંક સિલક રૂ. 1,76,000 રાખવાની છે. બધાં જ રોકાણો રૂ. 3,60,000માં વેચ્યાં પ્રેફરન્સ શેરહોલ્ડર્સને પુરી રકમ ચૂકવી દેવામાં આવી.

કંપનીના ચોપડામાં જરૂરી આમનોંધ લખી પાકું સરવૈયું બનાવો.

**જવાબ :** પ્રથમ અંશતઃ ભરપાઈ થયેલ પ્રેફ. શેર પર રૂ.80,000 હપ્તાના મંગાવાશે. કુલ રૂ. 11,00,000 (રૂ. 1,00,000 ના પ્રીમિયમ સહિત) પરત થશે. રોકાણોના વેચાણનું નુકસાન રૂ. 20,000 ન.નુ. ખાતે ઉધાર થશે. નવા ઈક્વિટી શેર દરેક રૂ. 100 નો એક એવા 5,600 શેર 20 % પ્રીમિયમે બહાર પાડવામાં આવશે. બેંક ખાતું બનાવતાં ઉધાર બાજુ રૂ. 6,72,000 ખૂટે છે જે નવા બહાર પાડેલ શેરની કિંમત હશે. સામાન્ય અનામત ખાતેથી રૂ. 1,80,000 અને ન.નુ. ખાતેથી રૂ. 2,60,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવાશે. રિડી. પ્રેફ. શેર પરત પ્રીમિયમની રકમ રૂ. 1,00,000 જામીનગીરી પ્રીમિયમ સામે માંડી વાળવામાં આવશે. નવા પાકા સરવૈયાનો સરવાળો રૂ. 22,32,000)

(3) ધી સન લિમિટેડનું 31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| **મૂડી - દેવાં** | **રૂ.** | **મિલકતો** | | **રૂ.** |
|---|---|---|---|---|
| રૂ. 100 નો એવા 10,000 | | કાયમી મિલકતો | | 14,00,000 |
| ઈક્વિટી શેર પૂરા ભરપાઈ | 10,00,000 | રોકાણો | | 3,00,000 |
| રૂ.100નો એવા 8,000 | | ચાલુ મિલકતો | | |
| 10 ટકાના રિડીમેબલ પ્રેફ.શેર | | રોકડ / બેંક | 4,50,000 | |
| શેરદીઠ રૂ. 75 ભરપાઈ | 6,00,000 | અન્ય | 2,50,000 | 7,00,000 |
| જામીનીગીરી પ્રીમિયમ | 80,000 | | | |
| અનામત ભંડોળ | 1,60,000 | | | |
| મૂડી ભંડોળ | 80,000 | | | |
| કર્મચારી નફાભાગ ભંડોળ | 50,000 | | | |
| નફા-નુકસાન ખાતું | 2,80,000 | | | |
| લેણદારો | 1,50,000 | | | |
| | **24,00,000** | | | **24,00,000** |

કંપનીધારાની કલમની જોગવાઈઓનું પાલન કરી, કંપનીને 10% ના રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરવા હેતુસર જરૂરી ઈક્વિટી શેર 10 ટકા વટાવે બહાર પાડ્યા.

ત્યારબાદ રિડીમેબલ પ્રેફરન્સ શેર પરત કરતાં ઉદ્ભવેલ અનામતનો ઉપયોગ 10 ટકા પ્રીમિયમે બોનસ શેર આપવા માટે કર્યો.

ઉપરોક્ત વ્યવહારો પરથી કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો તથા જરૂરી ફેરફાર પછીનું પાકું સરવૈયું તૈયાર કરો. **(ગુ.યુનિ. એસ.વાય. માર્ચ - 2005)**

**જવાબ :** પ્રથમ અંશતઃ ભરપાઈ થયેલ પ્રેફ. શેર પર રૂ. 2,00,000 હપ્તાના મંગાવાશે. પરત કરવાની પ્રેફ. શેરમૂડીની રકમ રૂ. 8,00,000 અનામત ભંડોળ ખાતેથી રૂ. 1,60,00 અને ન.નું . ખાતેથી રૂ. 2,80,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવાશે. બાકીના રૂ. 3,60,000 માટે નવા ઈક્વિટી શેર દરેક રૂ. 100નો તેવા 4,000 શેર 10 ટકા વટાવે બહાર પાડવામાં આવશે. મૂડી પરત અનામત ખાતામાંથી રૂ. 4,40,000ના બોનસ શેર આપવામાં આવશે છેવટની રોકડ / બેંક સિલક રૂ. 2,10,000 નવા પાકા-સરવૈયાનો સરવાળો રૂ. 22,00,000)

(4) **ABB લિ.નું તા. 31-3-2017ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

| **મૂડી - દેવાં** | | **રૂ.** | **મિલકતો** | **રૂ.** |
|---|---|---|---|---|
| **શેરમૂડી :** | | | અદૃશ્ય મિલક્તો | 1,00,000 |
| 4000 ઈક્વીટી શેર્સ | | | કાયમી મિલકતો | 6,81,000 |
| દરેક રૂ. 100ના | 4,00,000 | | રોકાણો - પડતર કિંમતે | 2,40,000 |
| 4,000 7% ના રિડી. | | | ચાલુ મિલકતો | |
| પ્રેફ.શેર્સ દરેક રૂ.100નો | 4,00,000 | 8,00,000 | **બાદઃ** ચાલુ જવાબદારીઓ | 1,59,000 |
| **અનામત અને વધારો** | | | | |
| મૂડી અનામત | 80,000 | | | |
| સામા.અનામત | 1,60,000 | | | |
| નફા-નુકસાન ખાતું | 1,40,000 | 3,80,000 | | |
| | | **1,18,000** | | **11,80,000** |

પ્રેફરન્સ શેર્સ તા. 1-4-2017ના રોજ 5% પ્રીમિયમે પરત કરવાના હતા. આ હેતુ માટે કંપનીએ રોકાણો રૂ. 2,64,000માં વેચ્યા, અને 2,000 8%ના પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. 100 નો તેવા બહાર પાડ્યા. જે પૂરેપૂરા ભરપાઈ થયા. કંપનીએ દરેક બે ઇક્વીટી શેરદીઠ એક ઇક્વીટી શેર બોનસ તરીકે વહેંચ્યો. ઉપરોક્ત વ્યવહારો નોંધવા આમનોંધ લખો.

(જવાબ : રૂ. 4,00,000 ના શેર પરત કરવા રૂ. 2,00,000 ના નવા શેર અને રૂ. 2,00,000 મૂડી પરત અનામત ખાતે લઈ જવા (આ પૈકી રૂ. 1,60,000 સામાન્ય અનામત અને 40,000 નફામાંથી લાવવા.) રૂ. 20,000 પરત પ્રીમિયમની જોગવાઈ નફામાંથી રોકાણોના વેચાણ પર નફો રૂ. 12,000 નફાનુકસાન ખાતે, બોનસ શેર રૂ. 2,00,000 ની જોગવાઈ મૂડી પરત અનામત ખાતેથી કરો. પાકું સરવૈયાનો સરવાળો 9,84,000, ચાલુ મિલકતો રૂ. 2,03,000 રોકાણો વેચી રૂ.2,34,000 રોકડની જોગવાઈ કરી છે, તેને કલમ 80ની જોગવાઈ સાથે સંબંધ નથી. તેથી રિડી. પ્રેફ. શેરમૂડી પરકત કરવા રૂ. 4,00,000 ની જોગવાઈ નવા શેર્સમાંથી અને નફામાંથી કરવી ફરજિયાત છે.)

(5) તા. 31 મી માર્ચ, 2017 ના રોજનું સુલતાન લિ. નું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| **મૂડી - દેવાં** | **રૂ.** | **મિલકતો** | **રૂ.** |
|---|---|---|---|
| **સતાવાર શેરમૂડીઃ** | | કાયમી મિલકતો | 3,45,000 |
| 35,000 ઇક્વિટી શેર દરેક | | ચાલુ મિલકતો | 3,05,000 |
| રૂ. 10નો | 3,50,000 | (રૂ. 88,800ની બેંક | |
| 6% ના 10,000 પ્રેફ. શેર | | સિલક સહિત) | |
| રૂ.10નો એક એવા | 1,00,000 | | |
| **બહાર પાડેલ :** | | | |
| 19,500 ઇક.શેર દરેક | | | |
| રૂ.10નો પૂરા ભરપાઈ | 1,95,000 | | |
| 6%ના 8,000 પ્રેફ.શેર | | | |
| રૂ.10નો એક એવા પૂરેપૂરા | | | |
| ભરપાઈ | 80,000 | | |
| **અનામત વધારો :** | | | |
| નફા-નુકસાન ખાતું | 1,85,000 | | |
| **ચાલુ જવાબદારીઓ** | | | |
| લેણદારો | 1,50,000 | | |
| **જોગવાઈઓ** | | | |
| પ્રો. ફંડ | 40,000 | | |
| | **6,50,000** | | **6,50,000** |

તા. 1 એપ્રિલ, 2017 ના રોજ શેરદીઠ રૂ. 2 ના પ્રીમિયમે પ્રેફ. શેર પરત કરવાના છે. 600 પ્રેફ. શેર હોલ્ડર્સનો પત્તો મળ્યો નહિ. આથી તેમને નાણાં ચૂકવી શક્યા નહિ, બાકીના પ્રેફરન્સ શેર હોલ્ડર્સ નાણાં સમયસર ચૂકવી આપ્યા. આજ દિવસે મૂડી પરત અનામતમાંથી દર ત્રણ ઈક્વિટી શેરધારકને એક ઈક્વિટી શેર બોનસ તરીકે આપવાનું નક્કી કર્યું.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડામાં આમનોંધો લખો તેની અને સુધારેલું પાકું સરવૈયું બનાવો.

**જવાબ :** (1) પ્રેફ. શેરહોલ્ડર્સને પરત કરવાની કુલ રકમ રૂ. 96,000 (80,000 મૂડી પેટે + 16,000 પરત પ્રિમિયમ પેટે) (2) રૂ. 80,000 ન.નુ. ખાતેથી મૂડી પરત અનામત ખાતે લઈ જવાશે. (3) પરત પ્રીમિયમ રૂ. 16,000 ની જોગવાઈ ન.નુ. ખાતામાંથી કરવામાં આવશે. (4) પ્રેફ. શેરહોલ્ડર્સને ચૂકવેલ રકમ રૂ. 88,800 (96,000 - ચૂકવવાના બાકી રૂ. 7,200 (5) મૂડી પરત અનામત ખાતામાંથી રૂ. 65,000 ના બોનસ શેર આપવામાં આવશે. (6) નવા પા.સ. નો સરવાળો રૂ. 4,17,200 ચાલુ મિલકતો રૂ. 72,200 (1,61,000 - 88,800 બેંક સિલક) ન.નુ. ખાતાની બાકી રૂ. 89,000. પ્રેફ. શેરનાં બાકી દેવાં રૂ. 7,200)

(6) રોનક લિમિટેડ તા. 31-3-2017 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતા.

| મૂડી - દેવાં | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| 6%ના રિડીમેબલ પ્રેફ.શેર | | કાયમી મિલકતો | 3,60,000 |
| દરેક રૂ. 100નો શેરદીઠ | | સ્ટૉક | 3,00,000 |
| રૂ. 80 ભરાયેલા | 2,40,000 | દેવાદારો | 2,40,000 |
| 3,000 ઈક.શેર્સ દરેક | | બેંક સિલક | 90,000 |
| રૂ.100 નો પૂરો ભરાયેલ | 3,00,000 | | |
| સામાન્ય અનામત | 2,40,000 | | |
| લેણદારો | 1,80,000 | | |
| દેવીહુંડી | 30,000 | | |
| | **9,90,000** | | **9,90,000** |

કંપનીએ કાયદાની કલમની જોગવાઈઓનું પાલન કરીને, રિડીમેબલ પ્રેફ. શેર્સ 10% પ્રીમિયમથી પરત કરવાનું નક્કી કર્યું.

કંપનીએ નવા ઈક્વિટી શેર્સ, દરેક રૂ. 100નો, 20% પ્રીમિયમથી એટલી સંખ્યામાં બહાર પાડ્યા છે. જેથી પ્રેફરન્સ શેર્સ પરત કર્યા બાદ રૂ. 36,000 બેંક સિલક રહે.

પ્રેફરન્સ શેર્સ પરત કર્યા બાદ, જૂના ઈક્વિટી શેરહોલ્ડર્સને દર બે ઈક્વિટીશેર્સ, એક શેર બોનસ આપવામાં આવ્યો.

આમનોંધ લખી, ઉપરના વ્યવહારો બાદનું પાકું સરવૈયું. તૈયાર કરો.

**જવાબ :** (1) પ્રથમ તો 3,000 રિડી. પ્રેફ. શેર પર રૂ.20નો હપતો મગાવતાં મળશે રૂ. 60,000 (2) પરત કરવાની રકમ મૂડી રૂ. 3,00,000 + પરત પ્રીમિયમ 30,000 = 3,30,000 (3) રોકડની જરૂરિયાત (અ) રિડી. પ્રેફ. શેર પરત માટે રૂ. 3,00,000 ના 10% પરત પ્રીમિયમ = રૂ. 3,30,000 અને હાથ પર રોકડ રૂ. 36,000 = 3,66,000 તે સામે હાથ પર રોકડ રૂ. 90,000 + પ્રેફ. શેરનો હપતો રૂ. 60,000 = રૂ. 1,50,000 થશે. તેથી ખૂટતા રૂ. 2,16,000 માટે 20% પ્રીમિયમે 1,800 ઈક્વિટી શેર બહાર પાડવામાં આવશે. (3) રૂ. 1,20,000 સામાન્ય અનામતમાંથી મૂડી પરત અનામત ખાતે લઈ જવાશે. (4) પરત પ્રીમિયમની જોગવાઈ જામીનગીરી પ્રીમિયમમાંથી થશે. (5) રૂ. 1,50,000 ના બોનસ શેર બહાર પડાશે. જે માટે મૂડી પરત અનામત રૂ. 1,20,000 + જામીનગીરી પ્રીમિયમ રૂ. 6000 + સામાન્ય અનામત રૂ. 24000 (6) પાકા સરવૈયાનો સરવાળો રૂ. 9,36,000)

(7) મુક્તિ લી.નું તા. 31-3-2017ના રોજનું સંક્ષિપ્ત પાકું સરવૈયું નીચે મુજબ છે :

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| 25,000 ઈક્વિટી શેર | | કાયમી મિલકતો | 3,75,000 |
| દરેક રૂ.10 ના પૂરા | | રોકાણો | 1,25,000 |
| ભરપાઈ થયેલ | 2,50,000 | સ્ટૉક | 1,12,500 |
| 15,000 10%ના પ્રેફરન્સ | | લેણી હુંડી | 70,000 |
| શેર દરેક રૂ.10નો એવા | | બેંક | 5,000 |
| શેરદીઠ રૂ. 8 મંગાવેલ | 1,20,000 | | |
| પ્લાન્ટ પુનઃ મૂલ્યાંકન અનામત | 50,000 | | |
| જામીનગીરી પ્રીમિયમ | 30,000 | | |
| નફા-નુકસાન ખાતું | 1,62,500 | | |
| લેણદારો | 75,000 | | |
| | **6,87,500** | | **6,87,500** |

તા. 1-4-2017ના રોજ કંપનીએ નક્કી કર્યું કે -

(1) કંપનીધારાની જરૂરી જોગવાઈઓનું પાલન કરીને પ્રેફરન્સ શેર્સ 10% પ્રીમિયમથી પરત કરવા.

(2) આ હેતુ માટે દરેક રૂ.100નો એવા 11% ના 500 પ્રેફરન્સ શેર બહાર પાડવા અને કેટલાંક રોકાણો તેની પડતર કિંમત પર 10% નફાથી વેચવાં.

(3) પ્રેફરન્સ શેર્સ પરત કર્યા બાદ બેંકમાં રોકડ સિલક ઓછામાં ઓછી રૂ. 30,000 જાળવી રાખવી.

(4) પ્રેફરન્સ શેર્સ પરત કરતાં ઉદ્ભવેલ અનામતનો ઉપયોગ પૂરા ભરપાઈ બોનસ શેર 2:1 ના પ્રમાણમાં આપવા કરવો અને આ માટે વહેંચણીપાત્ર નફામાં ઓછામાં ઓછો ઘટાડો કરવો.

ઉપરના વ્યવહારો અંગે કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. તેમજ ફેરફાર પછીનું નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ:** (1) પ્રથમ તો 15,000 રિડી. પ્રેફ. શેર પર રૂ. 2 નો હપતો મંગાવતાં રૂ. 30,000 મળશે. (2) પરત કરવાની રકમ મૂડી રૂ. 1,50,000 + પરત પ્રીમિયમ રૂ. 15,000 = 3,15,000 (3) બહાર પાડેલ પ્રેફ. શેર રૂ. 50,000 (4) રોકાણની ઊપજ (રિડી. પ્રેફ. શેર પરત માટે રૂ. 1,65,000 અને હાથ પર જરૂરી રોકડ રૂ. 30,000 = કુલ રૂ. 1,95,000 તે સામે હાથ પર રોકડ રૂ. 5,000 + પ્રેફ. શેરનો હપતો રૂ. 30,000 + બહાર પાડેલ પ્રેફ. શેર રૂ. 50,000 = 85,000 થશે. તેથી ખૂટતા રૂ. 1,10,000 માટે 10 % ના નફાથી રૂ. 1,00,000નાં રોકાણો વેચવામાં આવશે. (5) રૂ. 1,00,000 ન.નુ. ખાતમાંથી મૂડી પરત અનામત ખાતે લઈ જવાશે. (6) રોકાણોનો નફો. રૂ. 10,000 ન.નુ. ખાતે જમા થશે. (7) પરત પ્રીમિયમની જોગવાઈ જામીનગીરી પ્રીમિયમમાંથી થશે. (8) બોનસ રૂ. 1,25,000 જે માટે મૂડી પરત અનામતમાંથી રૂ.1,00,000 + જામીનગીરી પ્રીમિયમમાંથી રૂ. 15,000 + ન.નુ. ખાતામાંથી રૂ.10,000 ઉપયોગમાં લેવાશે. (9) નવા પાકા સરવૈયાનો સરવાળો રૂ. 6,12,500)

એકમ 8

# મૂડી ઘટાડો
# (આંતરિક પુનઃ રચના)

: રૂપરેખા :

8.1 પ્રસ્તાવના
8.2 મૂડી ઘટાડો એટલે શું ?
8.3 કયા સંજોગોમાં કંપની મૂડી ઘટાડો કરે છે ?
8.4 કંપની તેની શેરમૂડીમાં કેવી રીતે ઘટાડો કરે છે ?
(મૂડી ઘટાડાની પદ્ધતિ)
8.5 મૂડી ઘટાડા અંગેની કંપની ધારાની જોગવાઈઓ
8.6 મૂડી ઘટાડા અંગેની હિસાબી અસરો
8.7 કેટલાક વિશિષ્ટ મુદ્દા
- ઉદાહરણો
- સ્વાધ્યાય

## 8.1 પ્રસ્તાવના :

અગાઉના અભ્યાસમાં આપણે જોયું કે કંપની પોતે કઈ રીતે શેરમૂડી ઊભી કરે છે, તેમ જ ભવિષ્યમાં કંપની કઈ રીતે મૂડીમાં વધારો કરી શકે છે. સામાન્ય રીતે કંપની ઇક્વિટી શેર કે પ્રેફરન્સ શેર દ્વારા શેરમૂડી ઊભી કરે છે.

જ્યારે કોઈ કંપની પોતાના કાર્યક્ષેત્રનો વિસ્તાર કરવા માંગતી હોય, ઉત્પાદન કે વેચાણમાં વધારો કરવા માંગતી હોય કે અન્ય કોઈ પ્રવૃત્તિમાં રોકાણ કરવા માંગતી હોય ત્યારે તે કંપની નવા ઇક્વિટી શેર કે પ્રેફરન્સ શેર બહાર પાડીને, બોનસ શેર બહાર પાડીને અથવા હક્કના શેર બહાર પાડીને નવી શેરમૂડી ઊભી કરે છે.

પરંતુ કેટલાક સંજોગોમાં કંપની પોતાની મૂડીમાં ઘટાડો કરે છે. કયા સંજોગોમાં કંપની પોતાની મૂડીમાં ઘટાડો કરે છે ? કઈ રીતે મૂડીમાં ઘટાડો કરે છે ? કંપનીના કયા કાયદા હેઠળ અને કેવી રીતે કરવામાં આવે છે ? મૂડી ઘટાડા બાદ કંપનીના હિસાબી ચોપડામાં શું અસરો થશે ? આ બધી જ બાબતોનો વિગતવાર અભ્યાસ આપણે આ પ્રકરણમાં કરીશું.

## 8.2 મૂડી ઘટાડો એટલે શું ?

કંપનીધારામાં જણાવ્યા મુજબ કંપની અમૂક સંજોગોમાં પોતાના બહાર પાડેલા શેર રદ કરી શકે છે : (1) જ્યારે કંપનીને પોતાની વસૂલ આવેલી મૂડી ધંધાની જરૂરિયાત કરતાં વધુ લાગે તો તે પૈકી અમૂક રકમ શેરહોલ્ડર્સને પરત કરે છે. (2) જ્યારે કંપનીને અંશતઃ ભરાયેલ શેર પર વસૂલ થયેલી મૂડી પૂરતી લાગે તો તે શેર પર મળવાની બાકી રકમની જવાબદારી રદ કરે કે પછી ઓછી કરવામાં આવે. (3) જો કંપની કેટલાક વર્ષથી ખોટમાં કે નુકસાનમાં ચાલતી હોય અને એકત્રિત થયેલ ખોટની રકમમાં દર વર્ષે વધારો થતો જતો હોય અથવા કોઈ કારણસર અણધારી ખોટ આવી ગઈ હોય ત્યારે મૂડીમાં ઘટાડો કરવાની જરૂર ઊભી થાય છે. આ રીતે કંપનીની ભરાયેલી મૂડી કે બહાર પાડેલી મૂડી ઘટે છે, જેને મૂડી ઘટાડો કહેવાય છે.

## 8.3 કયા સંજોગોમાં કંપની મૂડી ઘટાડો કરે છે ?

કંપનીની શેરમૂડીમાં ઘટાડો કરવાનાં કારણો નીચે મુજબ છે :

(i) કંપનીની વસૂલ આવેલી મૂડી જરૂરિયાત કરતાં વધુ હોય તો શેરહોલ્ડર્સને શેરદીઠ અમૂક રકમ પરત કરવામાં આવે ત્યારે

(ii) જ્યારે શેર પર શેરદીઠ અંશતઃ રકમ મંગાવેલ હોય ત્યારે તે શેર પર મંગાવેલ અને વસૂલ આવેલી મૂડી કંપની ચલાવવા માટે પૂરતી હોય તો કંપની દ્વારા આવા અંશતઃ ભરપાઈ થયેલ શેર પર બાકી જવાબદારી એટલે કે નહિ મંગાવેલ રકમ રદ કરવામાં આવે ત્યારે,

(iii) કંપનીમાં કોઈ કારણસર મોટું નુકસાન જવાથી, કંપનીની મિલકતોની કિંમતમાં મોટો ઘટાડો થવાથી કે નફા-નુકસાન ખાતાની ઉધારબાકીમાં સતત વધારો થતો હોય તો આ બધી રકમને શેરમૂડીની સામે માંડવાળ કરવા માટે,

(iv) શેર જપ્ત કરવામાં આવે ત્યારે.

## 8.4 કંપની કેવી રીતે મૂડીમાં ઘટાડો કરે છે ? (મૂડી ઘટાડાની પદ્ધતિ) :

કંપની પોતાની શેરમૂડીમાં નીચેની બે રીતે ઘટાડો કરી શકે :

(i) પોતાના નહિ ભરાયેલા કે નહિ બહાર પાડેલા શેર રદ કરીને,

(ii) ભરાયેલી મૂડીમાં ઘટાડો કરીને.

ઉપરના આ બંને મુદ્દાને વિગતવાર સમજીએ

**(i) નહિ ભરાયેલા કે નહિ બહાર પાડેલા શેર રદ કરીને :**

જે શેર કંપની દ્વારા બહાર પાડેલ નથી કે કોઈ એ ખરીદ્યા નથી અથવા ખરીદવાની કબૂલાત આપી ન હોય એવા શેર કંપનીને યોગ્ય લાગે તો તે રદ કરી શકે છે. આ રીતે કંપનીની સત્તાવાર મૂડીમાં ઘટાડો થાય છે. પરંતુ ભરપાઈ થયેલી મૂડીમાં કોઈ અસર થતી નથી. દા.ત. એક કંપનીની સત્તાવાર મૂડી રૂ. 60 લાખની છે. અને કંપનીએ તેની સત્તાવાર મૂડીમાંથી રૂ. 40 લાખના જ શેર બહાર પાડ્યા છે. જો હવે કંપની ને એમ લાગે કે હાલના સંજોગોમાં કે ભવિષ્યમાં બાકીના રૂ. 20 લાખની મૂડીની તેને જરૂર નથી. તો તે રૂ. 20 લાખની શેરમૂડી રદ કરી શકે છે. અહીં કંપનીની સત્તાવાર મૂડીમાં ઘટાડો થાય છે. પરંતુ ભરાયેલી કે વસૂલ આવેલી મૂડીમાં કોઈ અસર થશે નહિ. તેમજ શેરહોલ્ડર્સને કોઈ રકમ પરત કરવામાં આવશે નહિ. સામાન્ય રીતે જ્યારે સત્તાવાર મૂડી અને ભરાયેલી મૂડી વચ્ચે મોટો તફાવત હોય ત્યારે કંપની આ પ્રકારનો નિર્ણય લે છે. આ મૂડી ઘટાડાથી કંપનીના શેરહોલ્ડર્સ, કર્મચારીઓ, રોકાણકારો કે અન્ય કોઈ બહારની વ્યક્તિને કોઈ અસર થતી નથી. તેથી કંપની એ કોર્ટ કે ટ્રિબ્યુનલની મંજૂરી મેળવવાની રહેતી નથી. પરંતુ આ અંગે કંપનીના આર્ટિકલ્સમાં સત્તા આપેલી હોવી જોઈએ. તેમજ શેરહોલ્ડર્સની સામાન્ય સભામાં આ અંગેનો ઠરાવ પસાર કરેલો હોવો જોઈએ.

**(ii) ભરાયેલી મૂડીમાં ઘટાડો કરીને :**

કંપનીધારા, 2013માં જણાવ્યા મુજબ જે કંપની શેરથી મર્યાદિત જવાબદારીવાળી કંપની હોય અથવા ગેરંટીથી મર્યાદિત જવાબદારીવાળી કંપની હોય તો (1) જો પોતાના આર્ટિકલ્સમાં સત્તા આપેલ હોય તો (2) શેર હોલ્ડર્સની સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કર્યા બાદ અને (3) ટ્રિબ્યુનલની સંમતિ મેળવીને -

(અ) પોતાની ભરપાઈ થયેલી શેરમૂડી પર નહિ મંગાવેલી રકમ રદ કરી શકે અથવા તેમાં ઘટાડો કરી શકે,

(બ) ભરપાઈ થયેલી શેરમૂડીનો અમૂક ભાગ શેરહોલ્ડર્સને પરત કરી શકે (અહિં શેરહોલ્ડર્સને અમૂક રકમ પરત મળશે),

(ક) ભરપાઈ થયેલી શેરમૂડીનો અમૂક ભાગ રદ કરી શકે (શેરહોલ્ડર્સને કોઈ રકમ પરત મળશે નહિ)

ઉપરના ત્રણે મુદ્દાનો વિગતવાર ઉદાહરણ દ્વારા સમજીએ :

**(અ) કંપની દ્વારા પોતાની ભરપાઈ થયેલી શેરમૂડી પર નહિ મંગાવેલી રકમ સંપૂર્ણ કે અંશતઃ રદ કરવામાં આવે ત્યારે :**

જ્યારે કંપનીએ પોતાના બહાર પાડેલા શેર પર, શેરદીઠ અંશતઃ રકમ મંગાવેલ હોય અને તે રકમ ભરપાઈ થયેલ હોય તેવા સંજોગોમાં જો કંપનીને એમ લાગે કે પોતાની ભરપાઈ થયેલ મૂડી કંપની ચલાવવા માટે પૂરતી છે અને હવે વધુ નાણાંની જરૂર નથી ત્યારે કંપની શેર પર નહિ મંગાવેલી રકમ પૂરેપૂરી અથવા તેમાંથી અમૂક રકમ રદ કરીને શેરમૂડીમાં ઘટાડો કરી શકે છે. દા.ત. જો કંપનીના દરેક શેરની કિંમત રૂ.10 હોય અને તે શેર પર દીઠ રૂ. 7 ભરપાઈ થયેલા હોય, તો કંપની શેરદીઠ નહિ મંગાવેલ રકમ એટલે કે શેરદીઠ બાકી રકમ રૂ. 3 રદ કરીને મૂડીમાં ઘટાડો કરી શકે છે. હવે કંપનીના

પ્રત્યેક શેરની કિંમત રૂ. 10 નહિ પરંતુ 7 ગણાશે. જો કંપની શેરદીઠ નહિ મંગાવેલ રકમ રૂ. 3 માંથી ફક્ત રૂ.1 જ મંગાવવાનું નક્કી કરે ત્યારે બાકીના રૂ. 2 રદ કરીને શેર મૂડીમાં ઘટાડો કરી શકે છે. આ સંજોગોમાં કંપનીની શેરમૂડી હવે શેરદીઠ રૂ. 8 ગણાશે અને શેરહોલ્ડર્સએ શેરદીઠ ફક્ત રૂ. 1 જ આપવાના રહેશે. આ અંગે કંપનીના ચોપડે જરૂરી આમનોંધો લખાશે.

**(બ) ભરપાઈ થયેલ તેમજ વસૂલ આવેલી મૂડીનો અમૂક ભાગ શેરહોલ્ડર્સને પરત કરવામાં આવે ત્યારે :**

કંપનીને ભરપાઈ થયેલી શેરમૂડી પોતાની જરૂરિયાત કરતાં વધારે લાગે તો તેવા સંજોગોમાં કંપની શેર દીઠ અમૂક રકમ શેરહોલ્ડર્સ ને પરત કરી શકે છે. દા.ત. કંપનીની ભરપાઈ તેમજ વસૂલ આવેલ શેરમૂડી, શેરદીઠ રૂ. 100 લેખે કુલ રૂ. 80 કરોડની હોય અને કંપનીને એમ લાગે કે કંપનીને ચલાવવા માટે રૂ. 60 કરોડની જરૂર છે. તેવા સંજોગોમાં કંપની શેરહોલ્ડર્સને રૂ. 20 કરોડ પરત કરી શકે છે એટલે કે શેરદીઠ રૂ. 25 લેખે શેરહોલ્ડર્સને પરત કરવામાં આવશે. આ મૂડીઘટાડા બાદ શેરની, શેરદીઠ કિંમત રૂ. 75 ગણાશે. આ અંગે કંપનીના ચોપડે જરૂરી આમનોંધો લખાશે.

**(ક) કોઈ ખાસ કારણસર ભરપાઈ થયેલી શેરમૂડીનો અમૂક ભાગ રદ કરવામાં આવે ત્યારે :**

કંપનીમાં જ્યારે નફા-નુકસાનની ઉધાર બાકીની રકમ ખૂબ વધારે હોય અથવા કંપની સતત ખોટ કે નુકસાન કરતી હોય અથવા મિલકતોની કિંમતમાં ઘટાડો જોવા મળતો હોય તેવા સંજોગોમાં કંપનીની બજારમાં પ્રતિષ્ઠા ઘટવા લાગે છે. કંપની શેરહોલ્ડર્સને ડિવિડન્ડ આપી શકતી નથી જેથી બજારમાં કંપનીના શેરના ભાવ ઘટી જાય છે. આ સંજોગોમાં કંપની પોતાની ભરપાઈ થયેલી મૂડીમાં ઘટાડો કરીને નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી કે ખોટની રકમ માંડવાળ એટલે કે લખી વાળવામાં આવે છે. દા.ત. જો કંપનીના નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી (ખોટની રકમ) રૂ. 25,00,000 હોય તેમજ કંપનીની કાયમી મિલકતોની સાચી કિંમત ચોપડે દર્શાવેલ કિંમત કરતાં રૂ. 15,00,000 ઓછી હોય તો કંપનીનું કુલ નુકસાન રૂ.40,00,000 નું થાય. જો કંપનીની ભરપાઈ થયેલી મૂડી રૂ. 60,00,000 હોય તો આ મૂડીની સામે રૂ. 40,00,000 માંડવાળ કરવા જો શેરમૂડી રૂ, 60,00,000 ની જગ્યાએ રૂ. 20,00,000 (રૂ. 60,00,000 - રૂ. 40,00,000) કરવામાં આવે એટલે કે રૂ. 40,00,000 નો મૂડીમાં ઘટાડો કરીને કુલ નુકસાન માંડવાળ કરી શકાય. આ સંજોગોમાં કંપનીએ કંપનીધારા હેઠળ જરૂરી કાર્યવાહી કરવી પડશે તેમ જ કંપનીના હિસાબી ચોપડામાં જરૂરી આમનોંધ લખવી પડશે. જેનો અભ્યાસ આપણે આગળના મુદ્દામાં કરીશું.

## 8.5 મૂડી ઘટાડા અંગે કંપનીધારાની જોગવાઈઓ :

ભારતીય કંપનીધારો 2013ની કલમ 66માં મૂડી ઘટાડવા અંગેની જોગવાઈઓ આપેલી છે. આ જોગવાઈ અનુસાર શેરથી મર્યાદિત કે ગેરંટીથી મર્યાદિત શેરમૂડી ધરાવતી કંપની તેની શેરમૂડીમાં ઘટાડો કરી શકે છે. આ માટે નીચેની ત્રણ શરતો ધ્યાનમાં લેવી જરૂરી છે :

(i) કંપનીના આર્ટિકલ્સમાં મૂડી ઘટાડવાની કંપનીને સત્તા હોવી જોઈએ, પછી તે મૂળ આર્ટિકલ્સમાં હોય કે પાછળથી ખાસ ઠરાવ દ્વારા આર્ટિકલ્સમાં સુધારો કરીને આવી સત્તા કંપનીએ પ્રાપ્ત કરેલી હોવી જોઈએ.

(ii) આ મૂડી ઘટાડા અંગે શેરહોલ્ડર્સની સામાન્ય સભામાં ખાસ ઠરાવ પસાર કરવો જોઈએ. શેરહોલ્ડર્સ પાસેથી સંમતિ મળ્યા બાદ જ આગળની કાર્યવાહી કરી શકાય.

(iii) નવા કંપનીધારા અનુસાર નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ (કંપનીની શેરમૂડી ઘટાડવાની કાર્યવાહી માટે) રૂલ્સ, 2016ની સ્થાપના કરવામાં આવી છે. કંપની મૂડીમાં ઘટાડો કરે ત્યારે મૂડીઘટાડા અંગેની પૂરેપૂરી માહિતી ટ્રિબ્યુનલને આપવી પડશે.

કંપનીધારાની કલમ 66(1) અનુસાર ટ્રિબ્યુનલ મધ્યસ્થ સરકારને, રજિસ્ટાર ઑફ કંપનીને, સિક્યુરીટી એક્ષચેન્જ બૉર્ડ ઑફ ઇન્ડિયા (સેબી) ને તેમજ કંપનીના લેણદારોને જરૂરી નોટિસ મોકલે છે. કંપની લૉ ટ્રિબ્યુનલ દ્વારા જરૂરી કાયદાકીય કાર્યવાહી કરીને શેરહોલ્ડર્સ, લેણદારો, મધ્યસ્થ સરકાર, સેબી વિગેરે પાસેથી યોગ્ય સંમતિ મળ્યા બાદ કંપનીને મૂડી ઘટાડા અંગેની કાર્યવાહી કરવાની સંમતિ આપશે.

કંપની જ્યારે મૂડીમાં ઘટાડો કરે ત્યારબાદ તેના નામની સાથે 'અને ઘટાડેલી' (and reduced) એવા શબ્દ કોર્ટ સૂચવે ત્યાં સુધી લખવો પડે છે. જો મૂડીઘટાડાને લીધે મિલકતની ફેરઆંકરણી વખતે

મિલકતમાંથી અમૂક રકમ માંડી વાળવામાં આવી હોય તેવા સંજોગોમાં કોર્ટ સૂચવે તો આવો ઘટાડો કે પુનઃ આકારણી કર્યા પછી પાંચ વર્ષ સુધી પાકા સરવૈયામાં ઘટાડાની રકમ દર્શાવવી જોઈએ.

## 8.6 મૂડી ઘટાડા અંગેની હિસાબી અસરો :

મૂડી ઘટાડાની જુદી જુદી પદ્ધતિમાં કંપનીના હિસાબી ચોપડામાં કઈ અસરો થશે તેની ચર્ચા નીચેના મુદ્દામાં કરવામાં આવી છે :

(અ) કંપની દ્વારા જે સત્તાવાર મૂડી બહાર પાડેલ કે ભરાયેલ નથી તેવી મૂડીમાં ઘટાડો કરવામાં આવે કે રદ કરવામાં આવે ત્યારે કંપની તેના શેરહોલ્ડર્સની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરીને આ મૂડી ઘટાડો કરી શકે છે. જે અંગે કોઈ હિસાબી અસર કે આમનોંધ લખવામાં આવતી નથી, દા.ત. કંપનીની સત્તાવાર મૂડી રૂ. 20 કરોડની છે. જેમાંથી રૂ. 12 કરોડની શેરમૂડી બહાર પાડેલ છે. કંપનીને હવે વધારે રકમની જરૂર લાગતી નથી. તેવા સંજોગોમાં કંપની પોતાની સત્તાવાર મૂડી રૂ. 20 કરોડની જગ્યાએ રૂ. 12 કરોડ કે રૂ. 14 કરોડ કરે તો આ અંગે કોઈ હિસાબી નોંધ લખવાની રહેતી નથી. આ ફેરફાર કર્યા બાદ કંપનીના પાકા સરવૈયામાં સત્તાવાર મૂડી રૂ. 12 કરોડ કે રૂ. 14 કરોડ લખવામાં આવશે.

(બ) જ્યારે કંપની પોતાની નહિ મંગાવેલ મૂડી રદ કરે ત્યારે ભરપાઈ થયેલ મૂડીને કોઈ અસર થતી નથી. ફક્ત અંશતઃ ભરાયેલા શેર હવેથી પૂરેપૂરા ભરાયેલા શેર ગણાય છે. દા.ત. કંપનીએ રૂ. 10 નો એક એવા શેર પર શેરહોલ્ડર્સ પાસેથી શેરદીઠ રૂ. 6 મંગાવેલ છે. જે પૂરેપૂરા ભરપાઈ થયેલ છે. કંપની દ્વારા એમ નક્કી કરવામાં આવે કે હવે શેરદીઠ બાકીના રૂ.4 મંગાવવાની જરૂર નથી જેથી તે નહિ મંગાવેલ મૂડી રદ કરવામાં આવે છે. આમ, કંપની દ્વારા શેર પર નહિ મંગાવેલ રકમ રદ કરવામાં આવે તો આ મૂડી ઘટાડાની કંપની ચોપડે નીચે મુજબની આમનોંધ લખાશે :

| | | | | |
|---|---|---|---|---|
| | શેરમૂડી (અંશત : ભરાયેલા શેર) ખાતે .... ઉ. | | .... | |
| | તે શેરમૂડી (પૂરા ભરાયેલા શેર) ખાતે | | | .... |
| | (બા.જે. અંશતઃ ભરાયેલા શેરને પૂરા ભરાયેલા શેર તરીકે ટ્રાન્સફર કર્યા તેના) | | | |

નોંધ : અહીં કોઈ રકમ શેરહોલ્ડર્સને પરત કરવામાં આવતી નથી.

(ક) જ્યારે કંપની શેર પર ભરપાઈ થયેલી રકમ પૈકી અમૂક રકમ પરત કરે ત્યારે શેરહોલ્ડર્સને અમૂક રકમ પરત કરવામાં આવે છે. જ્યારે કંપની પાસે અનામતો વધારે હોય, યોગ્ય રોકડપ્રવાહ હોય, ધંધાની પરિસ્થિતિ ખૂબ સારી હોય ત્યારે કંપનીને જો તેની ભરપાઈ થયેલી શેરમૂડી વધારે લાગે તો ભરપાઈ થયેલ શેરમૂડીમાંથી અમૂક રકમ શેરહોલ્ડર્સને પરત કરવામાં આવશે. દા.ત. કંપનીની ભરપાઈ થયેલ શેરમૂડી શેરદીઠ રૂ. 10 લેખે છે. જો કંપની શેરદીઠ રૂ. 10માંથી રૂ. 9 શેરહોલ્ડર્સને પરત કરે તો આ મૂડી ઘટાડા બાદ કંપનીના શેરની કિંમત હવે શેરદીઠ રૂ. 1 ગણાશે. અહીં શેરહોલ્ડર્સને અમૂક રકમ પરત કરવામાં આવશે જેની કંપનીના હિસાબી ચોપડામાં જરૂરી આમનોંધ નીચે મુજબ લખાશે :

| | | | |
|---|---|---|---|
| (i) શેર મૂડી ખાતે .... ઉ. | | ---- | |
| તે શેરહોલ્ડર્સ ખાતે | | | ---- |
| (ii) શેરહોલ્ડર્સ ખાતે ..... ઉ. | | ---- | |
| તે બેંક ખાતે | | | ---- |

અથવા

| | | | |
|---|---|---|---|
| (i) શેરમૂડી ખાતે .... ઉ.<br>તે મૂડી ઘટાડા ખાતે | | ----<br> | <br>---- |
| (ii) મૂડી ઘટાડા ખાતે .... ઉ.<br>તે બેંક ખાતે | | ----<br> | <br>---- |

(ડ) જ્યારે કંપનીમાં કોઈ કારણસર મોટી રકમનું નુકસાન થયું હોય અથવા નફા-નુકસાન ખાતાની ઉધાર બાકીની રકમમાં દર વર્ષે સતત વધારો થતો હોય તેમજ કોઈ અન્ય કારણોસર ધંધાની પરિસ્થિતિ નબળી પડતી હોય ત્યારે કંપનીના શેરહોલ્ડર્સ, ડિબેન્ચરહોલ્ડર્સ, લેણદારો, રોકાણકારો તેમજ બહારની વ્યક્તિઓને તેની સીધી અસર થાય છે. કંપની પ્રતિષ્ઠામાં દિનપ્રતિદિન ઘટાડો જોવા મળે છે.

આવા સંજોગોમાં કંપની ટ્રિબ્યુનલની મંજૂરી લઈને પોતાની મૂડીમાં ઘટાડો કરીને નફા-નુકસાન ખાતાની ઉધારબાકી માંડવાળ કરે છે. કેટલીકવાર આ સમયે પાકા સરવૈયામાં દર્શાવેલ પ્રાથમિક ખર્ચા, ડિબેન્ચર વટાવ, પાઘડી, પેટન્ટ વિગેરે જેવી અદૃશ્ય કે અવાસ્તવિક મિલકતો પણ માંડવાળ કરવામાં આવે છે. મિલકતોની સાચી કિંમત બતાવવા માટે જો તેમાં ઘટાડો કરવામાં આવે તે રકમ પણ મૂડી ઘટાડા સામે માંડવાળ કરવામાં આવે છે. આમ કરવાથી કંપનીનું પાકું સરવૈયું મૂડી ઘટાડા બાદ ફરીથી બનાવવું પડશે. નવા પાકા સરવૈયાના આધારે કંપની મૂડી ઘટાડા બાદ પોતાનું કામ શરૂ કરશે.

જ્યારે કંપની દ્વારા મૂડી ઘટાડો કરીને કંપનીની પુનઃ રચના કરવામાં આવતી હોય તે સમયે જો કોઈ દેવામાં ઘટાડો થતો હોય જેમ કે લેણદારો તેમના લેણાંની અમૂક રકમ જતી કરે, ડિબેન્ચર હોલ્ડર્સ તેમના ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ જતું કરે વિગેરે ત્યારે આ બધી રકમ મૂડી ઘટાડા ખાતે જમા કરવામાં આવે છે.

ઉપરની બધી અસરો આપ્યા બાદ અંતે મૂડી ઘટાડા ખાતાની જમા બાકી હોય તો તે મૂડી અનામત ખાતે લઈ જવામાં આવે છે.

ઉપરના બધા વ્યવહારોની કંપનીના ચોપડે નીચે મુજબની આમનોંધો લખાશે.

(1) જ્યારે કંપની ઇક્વિટી શેરમૂડીમાં કે પ્રેફરન્સ શેરમૂડીમાં ઘટાડો કરે ત્યારે,

| | | | | |
|---|---|---|---|---|
| | ઇક્વિટી શેરમૂડી ખાતે .... ઉ.<br>પ્રેફરન્સ શેરમૂડી ખાતે .... ઉ.<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા.જે ઇક્વિટી શેરમૂડી અને<br>પ્રેફ. શેરમૂડીમાં ઘટાડો કરવામાં આવે ત્યારે) | | ----<br>----<br><br><br> | <br><br>----<br><br> |

(2) જ્યારે કંપનીના લેણદારો કે ડિબેન્ચર હોલ્ડર્સ પોતાનાં લેણાંની રકમનો અમૂક ભાગ જતો કરે તેમ જ કોઈ અનામતની રકમનો ઉપયોગ મૂડી ઘટાડા માટે કરવામાં આવે ત્યારે,

| | | | | |
|---|---|---|---|---|
| | લેણદારો ખાતે .... ઉ.<br>ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ ખાતે .... ઉ.<br>સામાન્ય અનામત ખાતે .... ઉ.<br>જામીનગીરી પ્રીમિયમ ખાતે .... ઉ.<br>મિલકતો ખાતે .... ઉ.<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા.જે. લેણદારોએ પોતાનાં લેણાંની જતી કરેલ રકમ, ડિબેન્ચર હોલ્ડર્સે પોતાનાં લેણાંની જતી કરેલ રકમ, સામાન્ય અનામત તેમજ જામીનગીરી પ્રીમિયમમાંથી ફાળવેલ રકમ અને મિલકતની કિંમતમાં જો કોઈ વધારો થયો હોય તે રકમ મૂડીઘટાડા ખાતે લઈ ગયા તેના.) | | ----<br>----<br>----<br>----<br>----<br><br> | <br><br><br><br><br>----<br> |

(3) મૂડીઘટાડાની સામે નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી કે અન્ય ખાતાંની બાકી માંડવાળ કરવામાં આવે ત્યારે

| | | | | |
|---|---|---|---|---|
| | મૂડી ઘટાડા ખાતે .... ઉ. | | ---- | |
| | તે નફા-નુકસાન ખાતે | | | ---- |
| | તે ડિબેન્ચર વટાવ ખાતે | | | ---- |
| | તે પાઘડી ખાતે | | | ---- |
| | તે પેટન્ટ ખાતે | | | ---- |
| | તે પ્રાથમિક ખર્ચા ખાતે | | | ---- |
| | તે કાયમી મિલકતો ખાતે | | | ---- |
| | (બા.જે. નફા-નુકસાન ખાતાની ઉધાર બાકીની રકમ, ડિબેન્ચર વટાવની રકમ, પાઘડી, પેટન્ટ કે પ્રાથમિક ખર્ચાની રકમ તેમજ કાયમી મિલકતોમાં ઘટાડેલ રકમ મૂડી ઘટાડા સામે માંડવાળ કરી તેનાં ) | | | |

(4) મૂડી ઘટાડા ખાતું બંધ કરવામાં આવે ત્યારે,

| | | | | |
|---|---|---|---|---|
| | મૂડી ઘટાડા ખાતે .... ઉ. | | ---- | |
| | તે મૂડી અનામત ખાતે | | | ---- |
| | (બા.જે. મૂડી ઘટાડાની બધી જ કાર્યવાહીના અંતે મૂડી ઘટાડા ખાતાની બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના) | | | |

## 5.7 દાખલો ગણવાની પદ્ધતિ સાથે કેટલા વિશિષ્ટ મુદ્દાઓ :

સામાન્ય રીતે સૈદ્ધાંતિક પ્રશ્નોમાં કંપનીનું પાકું સરવૈયું તેમજ અન્ય વિગતો આપવામાં આવે છે. જેમાં કંપનીએ મૂડી ઘટાડા અંગે કયા વ્યવહારો કર્યા છે તે દર્શાવવામાં આવે છે. આપેલ પ્રશ્નમાંથી સૌપ્રથમ બે રકમ શોધો :

(I) મૂડી ઘટાડા ખાતે જમા કરવાની રકમ એટલે કે મૂડી ઘટાડા માટે મળી શકતી રકમ

(II) મૂડી ઘટાડાનો ઉપયોગ એટલે કે મૂડી ઘટાડા સામે માંડી વાળવાની રકમો.

**સામાન્ય રીતે નીચે મુજબના વ્યવહારો દ્વારા મૂડી ઘટાડા ખાતે જમા કરવાની રકમ ગણાશે :**

(1) ઈક્વિટી શેરમૂડીમાં જે ઘટાડો કરવામાં આવે તેની રકમ

(2) પ્રેફરન્સ શેરમૂડીમાં જે ઘટાડો કરવામાં આવે તેની રકમ

(3) ડિબેન્ચરનું બાકી વ્યાજ ડિબેન્ચર હોલ્ડર્સ દ્વારા છોડી દેવા તૈયાર થાય તે રકમ

(4) ડિબેન્ચર પૈકીની કોઈ રકમ ડિબેન્ચર હોલ્ડર્સ દ્વારા છોડી દેવા / જતું કરવા તૈયાર થાય તે રકમ. (દેવામાં ઘટાડો)

(5) લેણદારો પોતાનાં લેણાં પેટે કોઈ રકમ જતી કરવા તૈયાર થાય તે રકમ

(6) મિલકતનું પુનઃ મૂલ્યાંકન કે ફેરઆંકરણી કરતાં જો તેની કિંમતમાં વધારો થાય તો તે વધારાની રકમ

(7) મૂડી ઘટાડાની પ્રક્રિયામાં કોઈ મિલકત વેચતાં કોઈ નફો થાય તો તે નફાની રકમ

(8) મૂડી ઘટાડાની પ્રક્રિયા માટે સામાન્ય અનામત કે જામીનગીરી પ્રીમિયમમાંની કોઈ રકમ પ્રાપ્ય હોય તો તે રકમ

(9) ડિરેક્ટર્સની લોન પૈકી કોઈ રકમ ડિરેક્ટર્સ છોડી દેવા તૈયાર થાય તો તે રકમ.

**સામાન્ય રીતે મૂડી ઘટાડા ખાતે માંડી વાળવાની રકમો નીચેના વ્યવહારો દ્વારા ગણાશે :**

(1) નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી (એકત્રિત થયેલી ખોટ)

(2) અવાસ્તવિક મિલકતો દા.ત. ડિબેન્ચર વટાવ, જાહેરાત ઉપલક ખાતાની રકમ, પ્રાથમિક ખર્ચ વિગેરે.

(3) માંડી વાળેલ અદૃશ્ય મિલકતો દા.ત. પાઘડી, પેટન્ટ, ટ્રેડમાર્ક વિગેરે.

(4) કોઈ મિલકતનું પુન મૂલ્યાંકન કરતાં તેમાં થયેલ ઘટાડાની રકમ

(5) મૂડી ઘટાડા દરમિયાન કોઈ દેવું કે જવાબદારી સ્વીકારવામાં આવે તો તેની રકમ દા.ત. કામદાર અકસ્માત વળતર અંગેની જવાબદારી

(6) મૂડી ઘટાડા દરમિયાન કોઈ મિલકત વેચતાં ખોટ થાય તો તે ખોટની રકમ

(7) મૂડી ઘટાડાની યોજના અંગે કોઈ ખર્ચ કરવાનો થાય તો તે ખર્ચની રકમ

(8) પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ બાકી હોય અને તે હવે જાહેર કરવામાં આવે તો જાહેર કરેલ ડિવિડન્ડની રકમ ખોટ ગણી મૂડી ઘટાડા ખાતે માંડી વાળવામાં આવે છે.

ઉપર મુજબ મૂડી ઘટાડા ખાતે જમા થયેલી કુલ રકમની સામે જે કુલ રકમ માંડી વાળવામાં આવે છે ત્યારબાદ મૂડી ઘટાડા ખાતાની કોઈ જમા રકમ બાકી રહે તો તે બાકી રકમ ''મૂડી અનામત ખાતે'' જમા કરી ''મૂડી ઘટાડા ખાતું'' બંધ કરવામાં આવે છે.

**પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ :** સામાન્ય રીતે ઇક્વિટી શેરહોલ્ડર્સને ડિવિડન્ડ ચૂકવતાં પહેલાં પ્રેફરન્સ ડિવિડન્ડ ચૂકવવામાં આવે છે. પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ કંપની જાહેર કરે તો જ તે કંપનીનું દેવું ગણાશે. પરંતુ પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ જાહેર કરવામાં ન આવે તો તે કંપનીનું દેવું ગણાતું નથી.

આમ, પાછલાં વર્ષોનું બાકી પ્રેફરન્સ ડિવિડન્ડ જો જાહેર કરેલ ન હોય અને તે ડિવિડન્ડ રદ કરવામાં આવે તો મૂડી ઘટાડાની પ્રક્રિયા દરમિયાન આ રદ થયેલ પ્રેફરન્સ ડિવિડન્ડ અંગે કોઈ નોંધ થશે નહિ.

જો મૂડી ઘટાડાની પ્રક્રિયા દરમિયાન બાકી પ્રેફરન્સ ડિવિડન્ડ પૂરેપૂરું કે અમૂક રકમ ચૂકવવાનું નક્કી થાય તો નીચે મુજબની બે આમનોંધ લખાશે :

(i) પ્રેફરન્સ ડિવિડન્ડની જોગવાઈ કરવા માટે -

| | | |
|---|---|---|
| મૂડી ઘટાડા ખાતે .... ઉ. | ---- | |
| તે પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે | | ---- |

(ii) પ્રેફરન્સ ડિવિડન્ડ ચૂકવવા માટે -

| | | |
|---|---|---|
| પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે .... ઉ. | | ---- |
| તે બેંક ખાતે | ---- | |
| અથવા તે ઇક્વિટી શેરમૂડી ખાતે | ---- | |

**ડિબેન્ચર પરનું બાકી વ્યાજ :**

જો ડિબેન્ચર હોલ્ડર્સ દ્વારા ડિબેન્ચર પરનું બાકી વ્યાજ મૂડી ઘટાડાની પ્રક્રિયા દરમિયાન જતું કરે એટલે કે કંપની માટે તે દેવું રદ થાય તો અહીં કંપનીને લાભ થાય છે અને રદ થયેલ ડિબેન્ચર પરના બાકી વ્યાજની રકમ ''મૂડી ઘટાડા ખાતે'' જમા થાય છે. ડિબેન્ચર પરના બાકી વ્યાજની રકમની કોઈ જોગવાઈ કરવાની રહેતી નથી કારણ કે ડિબેન્ચર પરનું બાકી વ્યાજ એ કંપનીનું દેવું છે અને તેની જોગવાઈ હિસાબમાં થયેલી જ હોય છે.

**મૂડી ઘટાડા બાદ નવું પાકું સરવૈયું બનાવતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દા :**

મૂડી ઘટાડાની પ્રક્રિયાને કારણે નાણાકીય હિસામાં જે કંઈ ફેરફાર થાય તે ધ્યાનમાં રાખીને મૂડી ઘટાડા બાદ કંપનીનું નવું પાકું સરવૈયું તૈયાર કરવામાં આવશે. આ નવું પાકું સરવૈયું તૈયાર કરતી વખતે નીચેના મુદ્દા ધ્યાનમાં લેવામાં આવશે :

(1) જો ટ્રિબ્યુનલ હુકમ કરે તો પાકા સરવૈયાના શીર્ષકમાં કંપનીના નામ સાથે ''અને ઘટાડો'' ("And Reduced") એવો શબ્દ લખવામાં આવે છે.

(2) ઇક્વિટી શેરમૂડી તેમજ પ્રેફરન્સ શેરમૂડીમાં જેટલો ઘટાડો કરવામાં આવ્યો તે ઘટાડો ધ્યાનમાં રાખીને ઘટાડા કર્યા બાદની મૂડી પાકા સરવૈયામાં લખાશે. જો કોઈ દેવાં પેટે ઇક્વિટી શેર આપવામાં આવ્યા હોય તો પાકા સરવૈયામાં તેટલી શેરમૂડી વધારે બતાવવી દા.ત. લેણદારોને તેમનાં લેણાં પેટે, ડિબેન્ચર હોલ્ડર્સના તેમનાં લેણાં પેટે કે પ્રેફરન્સ શેરહોલ્ડર્સને તેમના ડિવિડન્ડ પેટે ઇક્વિટી શેર આપવામાં આવે ત્યારે

(3) મૂડી અનામત ખાતાની બાકી પાકા સરવૈયામાં દર્શાવવી.

(4) ડિબેન્ચરનું બાકી વ્યાજ જો રદ કરવામાં આવ્યું હોય તો તે હવે નવા પાકા સરવૈયામાં દર્શાવવું નહિ.

(5) જો લેણદારોને તેમનાં લેણાં પેટે ભવિષ્યમાં જેટલી રકમ ચૂકવવાની નક્કી કરવામાં આવી હોય તો તેટલી જ રકમના લેણદારો પાકા સરવૈયામાં દર્શાવવા.

(6) જો કોઈ અવાસ્તવિક મિલકતો કે અદૃશ્ય મિલકતો માંડીવાળી હોય તો તે નવા પાકા સરવૈયામાં દર્શાવવામાં આવશે નહિ.

(7) કંપની કાયમી મિલકતો કે ચાલુ મિલકતોમાં મૂડી ઘટાડાની પ્રક્રિયામાં વધારો કે ઘટાડો કરવામાં આવ્યો હોય તો હવે નવા પાકા સરવૈયાની નવી કિંમતે મિલકતો દર્શાવવી.

**પુનર્રચના ખાતું (Reconstruction A/C) :**

કેટલીક વાર કંપની ''મૂડી ઘટાડા ખાતું'' ખોલવાના બદલે ''પુનર્રચના ખાતું'' ખોલે છે. આ પદ્ધતિમાં આપણે અગાઉ કરેલી ચર્ચામાં જ્યાં જ્યાં ''મૂડી ઘટાડા ખાતું'' લખવામાં આવ્યું છે ત્યાં ''પુનરચના ખાતું'' લખવામાં આવશે. આ પદ્ધતિમાં જ્યારે ઇક્વિટી શેરમૂડી કે પ્રેફરન્સ શેરમૂડીમાં ઘટાડો કરવામાં આવે ત્યારે સૌ પ્રથમ આ ખાતું સંપૂર્ણ બંધ કરવામાં આવે છે અને જેટલો ઘટાડો કર્યો હોય તે રકમ પુનર્રચના ખાતે જમા કરવામાં આવે છે. જયારે બાકીની શેરમૂડીની રકમ શેરમૂડી ખાતે જમા કરવામાં આવે છે. દા.ત. રૂ. 10 નો એક એવા 60,00,000 ઇક્વિટી શેરની કિંમત ઘટાડી શેરદીઠ રૂ. 4 કરવામાં આવે એટલે કે શેરદીઠ રૂ. 6 નો ઘટાડો કરવામાં આવે તો નીચે મુજબ આમનોંધ લખાશે :

| | | |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી (રૂ.10 નો) ખાતે .... ઉ. | 60,00,000 | |
| તે પુનર્રચના ખાતે (રૂ. 4 નો) | | 36,00,000 |
| તે ઇક્વિટી શેરમૂડી ખાતે(રૂ. 4નો) | | 24,00,000 |

**શેરની સોંપણી (Surrender of Shares) :**

મૂડી ઘટાડાની યોજનામાં કેટલીકવાર કંપની પોતાના શેરહોલ્ડર્સને અમૂક શેર સોંપી દેવા જણાવે છે. આવા સોંપી દીધેલા શેર કંપની સંપૂર્ણપણે રદ કરે છે અથવા તેમાંથી બધા જ શેર કે અમૂક શેર ડિબેન્ચર હોલ્ડર્સને કે લેણદારોને તેમનાં લેણાં પેટે આપે છે અને બાકીના શેર રદ કરે છે. જે શેર રદ કરવામાં આવે છે તે મૂડીઘટાડા ખાતે જમા કરવામાં આવે છે. ઉપરની વિગતો આપણે એક ઉદાહરણ દ્વારા સમજીએ :

દા.ત. એક કંપની દરેક રૂ. 10 નો એક એવા 8,00,000 ઇક્વિટી શેરની મૂડી ધરાવે છે. કંપનીએ નક્કી કર્યું કે શેરદીઠ રૂ. 9નો ઘટાડો કરીને નવી શેર મૂડી શેરદીઠ રૂ. 1 ની રાખવી તેમજ શેરહોલ્ડર્સએ તેમના 70% શેર પરત કરવા. કંપનીના લેણદારો જેઓ તેમના કુલ રૂ.3,60,000 ના લેણાં પેટે રૂ. 2,00,000નું લેણું જતું કરે છે અને બાકીની રકમ સામે કંપનીના ઇક્વિટી શેર સ્વીકારે છે. ઉપરની વિગતો આધારે કંપનીના ચોપડે આમનોંધ લખો.

| | | | | |
|---|---|---|---|---|
| (1) | ઇક્વિટી શેરમૂડી ખાતે (રૂ.10) .... ઉ.<br>તે ઇક્વિટી શેરમૂડી ખાતે (રૂ.1)<br>(બા.જે. રૂ. 10 નો એક એવા ઇક્વિટી શેરની સામે શેરદીઠ રૂ. 1 ના 10 શેર આપ્યા તેના) | | 80,00,000 | <br>80,00,000 |
| (2) | ઇક્વિટી શેરમૂડી ખાતે ઉ.<br>તે શેર સોંપણી ખાતે<br>(બા.જે. ઇક્વિટી શેરહોલ્ડર્સએ તેમના 70% શેર મૂડી ઘટાડાના ઠરાવ મુજબ પરત કર્યા તેના.) | | 56,00,000 | <br>56,00,000 |
| (3) | લેણદારો ખાતે ઉ.<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા.જે. લેણદારોએ તેમનાં લેણાં પૈકી રૂ.2,00,000 જતા કર્યા તે રકમ મૂડીઘટાડા ખાતે જમા કર્યા તેના) | | 2,00,000 | <br>2,00,000 |
| (4) | શેર સોંપણી ખાતે ઉ.<br>તે લેણદારો ખાતે<br>(બા.જે. લેણદારોની બાકી લેણાં સામે સોંપાયેલા શેર પૈકી રૂ. 160000 ના આપ્યા તેના) | | 1,60,000 | <br>1,60,000 |
| (5) | શેર સોંપણી ખાતે ઉ.<br>તે મૂડી ઘટાડા ખાતે<br>(બા.જે. શેર સોંપણી ખાતાની બાકી મૂડી ઘટાડા ખાતે લઈ ગયા તેના) | | 54,40,000 | <br>54,40,000 |

**મૂડી ઘટાડા અંગે જો કોઈ ખર્ચા ચૂકવવામાં આવે ત્યારે :**

મૂડી ઘટાડાની પ્રક્રિયા કે યોજના અંગે કોઈ ખર્ચ ચૂકવવામાં આવે તો નીચે મુજબની બે આમનોંધ લખાશે :

| | | | | |
|---|---|---|---|---|
| (1) | મૂડી ઘટાડાના ખર્ચ ખાતે ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. મૂડી ઘટાડા અંગે ખર્ચ ચૂકવ્યો તેના) | | ---- | <br>---- |
| (2) | મૂડી ઘટાડા ખાતે ઉ.<br>તે મૂડી ઘટાડાના ખર્ચ ખાતે<br>(બા.જે. મૂડી ઘટાડાના ખર્ચનું ખાતું બંધ કરી મૂડીઘટાડાની સામે માંડવાળ કર્યું તેના) | | ---- | <br>---- |

મૂડી ઘટાડાની યોજના પૂરી થયા પછી નફા-નુકસાન ખાતાની જમા બાકી કે સામાન્ય અનામત ખાતાની જમા બાકી, મૂડી અનામત ખાતે લઈ જવામાં આવે છે. કારણ કે મૂડી ઘટાડો કર્યા પછી આવી જમા બાકીનો ઉપયોગ ડિવિડન્ડ આપવા માટે થઈ શકે નહિ.

(8) ઉદાહરણો : આ પ્રકરણમાં અગાઉ ચર્ચા કરેલા બધા જ મુદ્દાને જુદા જુદા ઉદાહરણો દ્વારા સમજીએ

**ઉદાહરણ-1**

કમનસીબ ટ્રેડર્સ લિમિટેડનું તા 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| I ઈક્વિટી અને દેવાં : | રૂ. | રૂ. |
|---|---|---|
| **1 શેરહોલ્ડરનાં ભંડોળ :** | | |
| (અ) સત્તાવાર, બહાર પાડેલી અને વસૂલ આવેલી મૂડી: | | |
| રૂ. 10નો એક એવા 70,000 પ્રેફરન્સ શેર | 7,00,000 | |
| રૂ. 10નો એક એવા 1,40,000 ઈક્વિટી શેર | 14,00,000 | |
| (બ) અનામતો અને વધારો : | | |
| સામાન્ય અનામત | 70,000 | |
| નફા-નુકસાન ખાતું | 35,000 | 22,05,000 |
| (2) શેર અરજીનાં નાણાં મંજૂર કરવાની બાકી : | --- | --- |
| (3) બિન ચાલુ જવાબદારીઓ : | | |
| ગીરો ડિબેન્ચર્સ | 8,40,000 | 8,40,000 |
| (4) ચાલુ જવાબદારીઓ : લેણદારો | 1,05,000 | 1,05,000 |
| **કુલ** | | **31,50,000** |
| **II મિલકતો :** | | |
| (1) બિનચાલુ મિલકતો : | | |
| જમીન અને મકાન | 2,10,000 | |
| સાંચા અને યંત્રો | 24,50,000 | |
| ફર્નિચર | 14,000 | |
| વાહનો | 1,40,000 | |
| રોકાણો | 1,05,000 | 29,19,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| સ્ટોક | 1,40,000 | |
| દેવાદારા | 84,000 | |
| બેંક સિલક | 7000 | 231,000 |
| **કુલ** | | **3150,000** |

મૂડી ઘટાડાની નીચેની યોજનાને ટ્રિબ્યુનલ તરફથી મંજૂરી મળી હતી, જેને કંપનીએ અમલમાં મૂકી હતી :

(1) પ્રેફરન્સ શેર પર શેરદીઠ રૂ. 4 માંડી વાળવા.

(2) ઈક્વિટી શેર પર શેરદીઠ રૂ. 7 માંડી વાળવા.

(3) મિલકતોની કિંમતમાં નીચે મુજબ ઘટાડો કરવો :

જમીન અને મકાન રૂ. 70,000, સાંચા અને યંત્રો રૂ. 11,60,000 વાહનો રૂ. 48,000 અને રોકાણો રૂ. 56,000

(4) સામાન્ય અનામતની રકમ માંડી વાળવી અને મૂડી ઘટાડા માટે જરૂર પડે તો નફાનુકસાન ખાતાનો ઉપયોગ કરવો.

ઉપરની વિગતો પરથી જરૂરી આમનોંધ લખો અને મૂડી ઘટાડાની પ્રક્રિયા પૂરી કર્યા બાદ કંપનીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :** સૌ પ્રથમ મૂડી ઘટાડા ખાતે કઈ વિગતો કે રકમ જમા થશે તેમજ કઈ વિગતો કે રકમ માંડી વાળવામાં આવશે તેની ગણતરી કરીશું.

| | મૂડી ઘટાડા ખાતે (જમા) | રૂ. | માંડી વાળવાની રકમો | રૂ. |
|---|---|---|---|---|
| (1) | પ્રેફરન્સ શેરમૂડી | 2,80,000 | (1) જમીન અને મકાન | 70,000 |
| | (70,000 શેર × રૂ.4) | | (2) સાંચા અને યંત્રો | 1,16,000 |
| (2) | ઈક્વિટી શેરમૂડી | 980,000 | (3) વાહનો | 48,000 |
| | (1,40,000 શેર × રૂ.7) | | (4) રોકાણો | 56,000 |
| (3) | સામાન્ય અનામત | | | |
| | ખાતાની જમા બાકી | 70,000 | | |
| | | 13,30,000 | | |
| (4) | નફાનુકસાન ખાતેથી લાવ્યા. | 4,000 | | |
| | (ખૂટતી રકમ) | | | |
| | | 13,34,000 | | 13,34,000 |

**નોંધ :**

આમ, ઉપર મુજબની ગણતરી કર્યા બાદ કંપનીના ચોપડામાં આમનોંધ લખાશે અને ત્યારબાદ મૂડી ઘટાડાની અસરો બાદનું પાકું સરવૈયું તૈયાર કરવામાં આવશે. વિદ્યાર્થીમિત્રો સૈદ્ધાંતિક પ્રશ્નોમાં / દાખલામાં આ ત્રણ પગલાં ધ્યાનમાં લેવાં :

(1) સૌ પ્રથમ પ્રશ્નની રકમ પરથી કેટલી રકમ મૂડી ઘટાડા ખાતે જમા થશે અને કેટલી રકમ માંડી વાળવામાં આવશે તેની ગણતરી,

(2) ગણતરીના આધારે કંપનીના ચોપડામાં આમનોંધ અને ત્યારબાદ

(3) કંપનીના ચોપડામાં મૂડી ઘટાડાની યોજનાની અસરો આપ્યા પછીનું પાકું સરવૈયું.

**કમનસીબ ટ્રેડર્સ લિમિટેડના ચોપડામાં આમનોંધ**

| તા. | વિગત | | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|---|
| 1 | ઈક્વિટી શરેમૂડી ખાતે .. | ઉ. | | 9,80,000 | |
| | પ્રેફરન્સ શેરમૂડી ખાતે .... | ઉ. | | 2,80,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | | 12,60,000 |
| | (બા.જે. ટ્રિબ્યુનલની મંજૂરી બાદ કંપનીની સામાન્ય સભામાં ઠરાવ મંજૂર કર્યા બાદ ઈક્વિટી શેરમૂડીમાં શેરદીઠ રૂ. 7નો અને પ્રેફરન્સ શેરમૂડીમાં શેરદીઠ રૂ. 4નો ઘટાડો કર્યો તેના.) | | | | |
| 2 | સામાન્ય અનામત ખાતે ... | ઉ. | | 70,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | | 70,000 |
| | (બા.જે. સામાન્ય અનામતની પૂરેપૂરી રકમનો મૂડીઘટાડા માટે ઉપયોગ કર્યો તેના) | | | | |
| 3 | મૂડી ઘટાડા ખાતે | ઉ. | | 13,34,000 | |
| | તે જમીન અને મકાન ખાતે | | | | 70,000 |
| | તે સાંચા અને યંત્રો ખાતે | | | | 11,60,000 |

| | | | | |
|---|---|---|---|---|
| | તે વાહનો ખાતે | | | 48,000 |
| | તે રોકાણો ખાતે | | | 56,000 |
| | (બા.જે. મૂડી ઘટાડાની યોજના પ્રમાણે મિલકતોની કિંમતમાં ઘટાડો કર્યો તેના) | | | |
| 4 | નફા-નુકસાન ખાતે ઉ. | | 35,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 4,000 |
| | તે મૂડી અનામત ખાતે | | | 31,000 |
| | (બા.જે. મૂડી ઘટાડાની યોજનામાં ખૂટતા રૂ. 4000 નફા-નુકસાન ખાતામાંથી લાવ્યા જ્યારે ન.નુ ખાતાની બાકીની રકમ મૂડી અનામત ખાતે લઈ ગયા તેના) | | | |

કમનસીબ ટ્રેડર્સ લિમિટેડનું (એન્ડ રિડ્યુસ્ડ) નું મૂડી ઘટાડા બાદનું તા. 31 મી માર્ચ - 2018ના રોજનું પાકું સરવૈયું.

| | વિગત | | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|---|---|
| **I** | **ઇક્વિટી અને દેવાં :** | | | |
| (1) | શેર હોલ્ડરનાં ભંડોળ : | | | |
| | (અ) સત્તાવાર, બહાર પાડેલી અને વસૂલ આવેલી મૂડી : | | | |
| | રૂ. 6 નો એક એવા 70,000 પ્રેફ.શેર | | 4,20,000 | |
| | રૂ. 3 નો એક એવા 1,40,000 ઇક. શેર | | 4,20,000 | |
| | (બ) અનામત અને વધારો : | | | |
| | મૂડી અનામત | | 31,000 | 8,71,000 |
| (2) | શેર અરજીનાં નાણાં મંજૂર કરવાનાં બાકીઃ | | — | — |
| (3) | બિનચાલુ જવાબદારીઓ : | | | |
| | ગીરો ડિબેન્ચર્સ | | 8,40,000 | 8,40,000 |
| (4) | ચાલુ જવાબદારીઓ : | | | |
| | લેણદારો | | 1,05,000 | 1,05,000 |
| | **કુલ** | | | **18,16,000** |
| II | મિલકતો : | | | |
| (1) | બિનચાલુ મિલકતો : | | | |
| | જમીન અને મકાન | (2,10,000 - 70,000) | 1,40,000 | |
| | સાંચા અને યંત્રો | (24,50,000 - 11,60,000) | 12,90,000 | |
| | ફર્નિચર | (14,000 - 0 ) | 14,000 | |
| | વાહનો | (1,40,000 - 48,000) | 92,000 | |
| | રોકાણો | (1,05,000 - 56,000) | 49,000 | 15,85,000 |
| (2) | ચાલુ મિલકતો : | | | |
| | સ્ટૉક | | 1,40,000 | |
| | દેવાદારો | | 84,000 | |
| | બેંક સિલક | | 7,000 | 2,31,000 |
| **કુલ** | | | | **18,16,000** |

**ઉદાહરણ - 2**

ધી પલપલ કોટન લિમિટેડની મિલકતો અને દેવાં નીચે પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| **મિલકતો :** | | | **રૂ.** |
| પાઘડી | | | 7,50,000 |
| જમીન અને મકાન | | 22,00,000 | |
| બાદ : ઘસારો | | 8,00,000 | 14,00,000 |
| યંત્રો | | | 9,00,000 |
| ફર્નિચર | | | 1,50,000 |
| સ્ટોક | | | 3,80,000 |
| દેવાદારો | | | 12,00,000 |
| લેણીહુંડીઓ | | | 2,00,000 |
| નફા-નુકસાન ખાતું | | (ઉધાર બાકી) | 8,25,000 |
| | | | **58,05,000** |
| **દેવાં :** | | | |
| 25,000 ઇક્વિટી શેર દરેક રૂ. 100 નો પૂરા ભરાયેલા | | | 25,00,000 |
| 10,000 પ્રેફરન્સ શેર દરેક રૂ. 100 નો પૂરા ભરાયેલા | | | 10,00,000 |
| 12,000 7 % ના ડિબેન્ચર્સ દરેક રૂ. 100ના | | | 12,00,000 |
| લેણદારો | | | 10,00,000 |
| નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ | | | 105,000 |
| | | | **58,05,000** |

નીચે પ્રમાણેના ઠરાવો ટ્રિબ્યુનલમાં તેમજ કંપનીના શેરહોલ્ડર્સની સભામાં પસાર કરવામાં આવ્યા તે મુજબ કંપનીના હિસાબી ચોપડામાં મૂડી ઘટાડા અંગેની જરૂરી અસરો આપો.

(1) ઇક્વિટી શેર જે દરેક રૂ. 100 નો છે તેના બદલે રૂ. 10 નો એક એવા 10 શેર શેરહોલ્ડર્સને આપ્યા.

(2) શેરદીઠ રૂ. 10ના નવા ઇક્વિટી શેરને રૂ. 4 સુધી ઘટાડવા

(3) પ્રેફરન્સ શેર પર શેરદીઠ રૂ. 60 નો ઘટાડો કરવો.

(4) નફા-નુકસાન ખાતાની બાકી માંડી વાળવી.

(5) પાઘડીની કિંમતમાં રૂ. 3,50,000 નો ઘટાડો કરવો.

તેમજ અન્ય મિલકતોની ફેરઆંકણી કરીને કિંમતમાં નીચે મુજબનો ઘટાડો કરવો :

જમીન અને મકાન રૂ. 5,00,000, યંત્રો રૂ. 2,20,000, ફર્નિચર રૂ. 30,000, લેણીહુંડી રૂ. 60,000 અને સ્ટોક રૂ. 30,000

(6) દેવાદારો પર 5% લેખે ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

ઉપરના વ્યવહારોના આધારે કંપનીના ચોપડામાં આમનોંધ લખો અને મૂડી ઘટાડાની અસર પછીનું નવું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ :

| મૂડી ઘટાડા ખાતે (જમા) | રૂ. | માંડી વાળવાની રકમો | રૂ. |
|---|---|---|---|
| (1) ઇક્વિટી શેર મૂડી | | (1) નફાનુકસાન ખાતાની | |
| 2,50,000 શેર × રૂ. 6 | 15,00,000 | ઉધાર બાકી | 8,25,000 |
| (2) પ્રેફરન્સ શેર મૂડી | 6,00,000 | (2) પાઘડી | 3,50,000 |
| 10,000 શેર × રૂ.60 | | (3) જમીન અને મકાન | 5,00,000 |
| | | (4) યંત્રો | 2,20,000 |
| | | (5) ફર્નિચર | 30,000 |
| | | (6) લેણી હુંડીઓ | 60,000 |
| | | (7) સ્ટૉક | 30,000 |
| | | (8) ઘાલખાધ અનામત | 60,000 |
| | | (12,00,000 × 5%) | 20,75,000 |
| | | મૂડી અનામત ખાતે (તફાવત) | 25,000 |
| | **21,00,000** | | **21,00,000** |

**ધી પલપલ કોટન લિમિટેડના ચોપડામાં આમનોંધ**

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1 | ઇક્વિટી શેરમૂડી (રૂ.100ની) ખાતે ઉ | | 25,00,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી (રૂ.10ની) ખાતે | | | 25,00,000 |
| | (બા.જે. રૂ. 100ના ઇક્વિટી શેરને શેરદીઠ રૂ. 10 ની કિંમતે ફેરબદલ કર્યા તેના) | | | |
| 2 | ઇક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | 15,00,000 | |
| | પ્રેફરન્સ શેરમૂડી ખાતે ઉ. | | 6,00,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 21,00,000 |
| | (બા.જે. ઇક્વિટી શેર પર શેરદીઠ રૂ. 6 અને પ્રેફરન્સ શેર પર શેરદીઠ રૂ. 60 નો મૂડી ઘટાડો કર્યો તેના) | | | |
| 3 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 20,75,000 | |
| | તે નફાનુકસાન ખાતે | | | 8,25,000 |
| | તે પાઘડી ખાતે | | | 3,50,000 |
| | તે જમીન અને મકાન ખાતે | | | 5,00,000 |
| | તે યંત્રો ખાતે | | | 2,20,000 |
| | તે ફર્નિચર ખાતે | | | 30,000 |
| | તે લેણી હુંડી ખાતે | | | 60,000 |
| | તે સ્ટૉક ખાતે | | | 30,000 |
| | તે ઘાલખાધ અનામત ખાતે | | | 60,000 |
| | (બા.જે. નફાનુકસાન ખાતું તેમજ અન્ય મિલકતોનો ઘટાડો માંડી વાળ્યો તેના) | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | મૂડી ઘટાડા ખાતે ઉ.<br>તે મૂડી અનામત ખાતે<br>(બા.જે. મૂડી ઘટાડા ખાતાની જમા બાકી મૂડી અનામત ખાતે લઈ ગયા તેના) | | 25,000 | 25,000 |

**ધી પલપલ કોટન લિમિટેડ (એન્ડ રિડયુસ્ડ)નું મૂડી ઘટાડા બાદનું તા..... ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|---|
| **I ઇક્વિટી અને દેવાં :** | | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળો : | | | |
| (અ) બહાર પાડેલ અને વસૂલ આવેલ મૂડી : | | | |
| 10,000 પ્રેફરન્સ શેર, દરેક રૂ. 40ના | | 4,00,000 | |
| 25,0,000 ઇક્વિટી શેર, દરેક રૂ. 4 ના | | 10,00,000 | 14,00,000 |
| (બ) અનામતો અને વધારો : | | | |
| મૂડી અનામત | | 25,000 | 25,000 |
| (2) શેર અરજીનાં નાણાં મંજૂર કરવાનાં બાકી : | | - | - |
| (3) બિન ચાલુ જવાબદારીઓ : | | | |
| 7 % ના 12,000 ડિબેન્ચર્સ , દરેક રૂ. 100નો | | 12,00,000 | 12,00,000 |
| (4) ચાલુ જવાબદારીઓ : | | | |
| લેણદારો : | | 10,00,000 | |
| નહિ ચૂકવાયેલ ડિવિડન્ડ | | 1,05,000 | 11,05,000 |
| **કુલ** | | | **37,30,000** |
| **II મિલકતો :** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| પાઘડી | (7,50,000 - 3,50,000) | 4,00,000 | |
| જમીન અને મકાન | (14,00,000 - 5,00,000) | 9,00,000 | |
| યંત્રો | (9,00,000 - 2,20,000) | 6,80,000 | |
| ફર્નિચર | (1,50,000 - 30,000) | 1,20,000 | 21,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | | |
| સ્ટૉક | (3,80,000 - 30,000) | 3,50,000 | |
| દેવાદારો | 1,200,000 | | |
| - ઘાલખાધ અનામત | 60,000 | 11,40,000 | |
| લેણીહુંડીઓ | (2,00,000 - 60,000) | 1,40,000 | 16,30,000 |
| **કુલ** | | | **37,30,000** |

**ઉદાહરણ - 3**

તા 31 મી માર્ચ, 2018 ના રોજ અલીબાબા કેમિકલ્સ લિમિટેડનાં ખાતાંની બાકીઓ નીચે મુજબ હતી :

શેરમૂડી : દરેક રૂ. 10 નો એક એવા 7% ના

પ્રેફરન્સ શેર 60,000 રૂ. 60,00,000

| | | |
|---|---|---|
| દરેક રૂ. 10 નો એક એવા 9,60,000 ઇક્વિટી શેર | | 96,00,000 |
| જામીનગીરી પ્રીમિયમ ખાતું | | 18,00,000 |
| 8.5% નાં ડિબેન્ચરો | | 30,00,000 |
| લેણદારો | | 15,60,000 |
| ડિબેન્ચર પરનું વ્યાજ ચૂકવવાનું બાકી | | 1,50,000 |
| પાઘડી | | 6,00,000 |
| પેટન્ટ અને ટ્રેડમાર્ક | | 12,60,000 |
| કાયમી મિલકતો | 42,00,000 | |
| બાદ : ઘસારો | 8,40,000 | 33,60,000 |
| સાંચા અને યંત્રો | 84,00,000 | |
| બાદ : ઘસારો | 18,00,000 | 66,00,000 |
| સ્ટૉક | | 30,00,000 |
| દેવાદારો | | 10,50,000 |
| નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી | | 33,00,000 |
| પ્રાથમિક ખર્ચા | | 15,00,000 |
| બેંક સિલક ઉધાર બાકી | | 14,40,000 |

કંપનીનો મૂડી ઘટાડા અંગેનો ઠરાવ શેરહોલ્ડર્સ તેમજ ટ્રિબ્યુનલ દ્વારા મંજૂર રાખવામાં આવ્યો, જે નીચે મુજબ છે :

(1) પ્રેફરન્સ શેરની કિંમત ઘટાડીને શેરદીઠ રૂ. 8 કરવી.

(2) ઇક્વિટી શેરની કિંમત ઘટાડીને શેરદીઠ રૂ. 2 કરવી.

(3) જામીનગીરી પ્રીમિયમ ખાતાની બાકી અને અદશ્ય મિલકતોની બાકી માંડી વાળવાની છે.

(4) યંત્રોની ઘસારાબાદ કિંમત રૂ. 34,00,000 ગણવી.

(5) ડિબેન્ચર હોલ્ડર્સએ ડિબેન્ચર પર વ્યાજનો હક જતો કર્યો.

(6) પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ વર્ષ 2014-15 થી બાકી છે. કંપની આ લેણાં પેટે રૂ. 10ની સામે રૂ. 2નો ઇક્વિટી શેર પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ને આપવાનું નક્કી કર્યું.

ઉપરના વ્યવહારોની કંપનીના ચોપડે આમનોંધ લખો અને મૂડી ઘટાડાની અસર આપ્યા પછીનું નવું પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ :

| **મૂડી ઘટાડા ખાતે (જમા)** | **રૂ.** | **માંડી વાળવાની રકમો** | **રૂ.** |
|---|---|---|---|
| (1) પ્રેફન્સ શેરમૂડી | 12,00,000 | (1) નફાનુકસાન | |
| (6,00,000 શેર × રૂ. 2) | | ખાતાની ઉધાર બાકી | 33,00,000 |
| (2) ઇક્વિટી શેર મૂડી | 76,80,000 | (2) પ્રાથમિક ખર્ચા | 15,00,000 |
| (96,000 શેર × રૂ. 8) | | (3) પાઘડી ખાતે | 6,00,000 |
| (3) જામીનગીરી પ્રીમિયમ | 18,00,000 | (4) પેટન્ટ્સ અને ટ્રેડમાર્ક | 12,60,000 |
| (4) ડિબેન્ચર પરનું બાકી વ્યાજ | 1,50,000 | (5) સાંચા અને યંત્રો | 32,00,000 |
| | | (66,00,000 - 34,00,000) | |
| | | (6) પ્રેફરન્સ ડિવિડન્ડ | 3,36,000 |
| | | (16,80,000 × 2/10) | |
| | | | 10,19,6000 |
| | | મૂડી અનામત ખાતે (તફાવત) | 6,34,000 |
| | **1,08,30,000** | | **1,08,30,000** |

**અલીબાબા કેમિકલ્સ લિમિટેડનાં ચોપડામાં આમનોંધ**

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1 | પ્રેફરન્સ શેરમૂડી ખાતે ઉ. | | 12,00,000 | |
| | ઈક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | 76,80,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 88,80,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેર મૂડીમાં શેરદીઠ રૂ. 2 અને ઈક્વિટી શેર મૂડીમાં શેરદીઠ રૂ. 8 લેખે મૂડી ઘટાડો કર્યો તેના) | | | |
| 2 | જામીનગીરી પ્રીમિયમ ખાતે. ઉ. | | 18,00,000 | |
| | ડિબેન્ચર પરનું બાકી વ્યાજ ખાતે ઉ. | | 1,50,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 19,50,000 |
| | (બા.જે. જામનીગીરી પ્રીમિયમ ખાતાની બાકી તેમજ ડિબેન્ચર પરનું બાકી વ્યાજ મૂડી ઘટાડા ખાતે જમા કર્યા તેના) | | | |
| 3 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 98,60,000 | |
| | તે નફાનુકસાન ખાતે | | | 33,00,000 |
| | તે પ્રાથમિક ખર્ચ ખાતે | | | 15,00,000 |
| | તે પાઘડી ખાતે | | | 6,00,000 |
| | તે પેટન્ટ્સ અને ટ્રેડમાર્ક ખાતે | | | 12,60,000 |
| | તે સાંચા અને યંત્રો ખાતે | | | 32,00,000 |
| | (બા.જે. નફા-નુકસાન ખાતું, પ્રાથમિક ખર્ચ, પાઘડી તથા પેટન્ટ્સ અને ટ્રેડમાર્કની સંપૂર્ણ રકમ તેમજ સાંચા અને યંત્રોનો ઘટાડાની રકમ મૂડી ઘટાડા સામે માંડવાળી તેના) | | | |
| 4 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 3,36,000 | |
| | તે પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે | | | 3,36,000 |
| | ચાર વર્ષનું બાકી $60,00,000 \times \frac{7}{100} \times 4 = 16,80,000$ | | | |
| | $10 = 2 = 16,80,000$ | | | |
| | (બા.જે. પ્રેફરન્સ ડિવિડન્ડ ચૂકવવાની જવાબદારી મૂડી ઘટાડા સામે માંડવાળ કરી તેના) | | | |
| 5 | પ્રેફરન્સ ડિવિડન્ડ ખાતે ઉ. | | 3,36,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી ખાતે | | | 3,36,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેરહોલ્ડર્સને પ્રેફ. ડિવિડન્ડ પેટે દરેક રૂ. 2ના 1,68,000 ઈક્વિટી શેર આપવાના નક્કી કર્યા તેના) | | | |
| 6 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 6,34,000 | |
| | તે મૂડી અનામત ખાતે | | | 6,34,000 |
| | (બા.જે. મૂડી ઘટાડા ખાતાની બાકી મૂકી અનામત ખાતે લઈ ગયા) | | | |

**અલીબાબા કેમિકલ્સ લિ. (એન્ડ રિડ્યુસ્ડ) નું તા..... ના રોજનું પાકું સરવૈયું.**

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| **I ઇક્વિટી અને દેવાં** | | |
| (1) શેરહોલ્ડર્સના ભંડોળ : | | |
| (અ) બહાર પાડેલ અને વસૂલ આવેલ મૂડી : | | |
| 6,00,000 7 %ના પ્રેફ. શેર, દરેક રૂ. 8 નો | 48,00,000 | |
| 11,28,000 ઇક્વિટી શેર, દરેક રૂ. 2 નો | 22,56,000 | |
| (9,60,000 + 1,68,000) | | |
| (બ) અનામત અને વધારો : | | |
| મૂડી અનામત | 6,34,000 | 76,90,000 |
| (2) શેર અરજીનાં નાણાં મંજૂર કરવાનાં બાકી : | - | - |
| (3) 8.5% ના ડિબેન્ચર્સ | 30,00,000 | 30,00,000 |
| (4) ચાલુ જવાબદારીઓ : | | |
| લેણદારો | 15,60,000 | 15,60,000 |
| **કુલ** | | **1,22,50,000** |
| **II. મિલકતો :** | | |
| (1) બિનચાલુ મિલકતો : | | |
| કાયમી મિલકતો 42,00,000 | | |
| બાદ : ઘસારો 8,40,000 | 33,60,000 | |
| સાંચા અને યંત્રો (નવી કિંમત) | 34,00,000 | 67,60,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| સ્ટૉક | 30,00,000 | |
| દેવાદારો | 10,50,000 | |
| બેંક સિલક | 14,40,000 | 54,90,000 |
| **કુલ** | | **1,22,50,000** |

**ઉદાહરણ - 4 :** તા 31 મી માર્ચ - 2018ના રોજનું ગરબડદાસ એન્ડ કંપનીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| **I ઇક્વિટી અને દેવાં :** | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળ : | | |
| સત્તાવાર મૂડી : 8 % ના ક્યુમ્યુલેટિવ પ્રેફ. શેર | 12,00,000 | |
| દરેક રૂ. 100 નો | | |
| ઇક્વિટી શેર, દરેક રૂ. 10 ના | 30,00,000 | 42,00,000 |
| (અ) બહાર પાડેલી અને ભરપાઈ થયેલી મૂડી : | | |
| 8% ના ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શેર, | | |
| દરેક રૂ.100ના | 10,00,000 | |
| ઇક્વિટી શેર, દરેક રૂ. 10 ના | 25,00,000 | 35,00,000 |

| | | |
|---|---|---|
| **(બ) અનામતો અને વધારો :** | - | - |
| (2) શેર અરજીનાં નાણાં મંજૂર કરવાના બાકી : | - | - |
| (3) બિનચાલુ જવાબદારીઓ : | | |
| 8%ના ડિબેન્ચર | 7,50,000 | |
| ચઢેલ અને દેવું થયેલ ડિબેન્ચર પરનું વ્યાજ | 30,000 | 7,80,000 |
| (4) ચાલુ જવાબદારીઓ : | | |
| લેણદારો | 10,00,000 | |
| ડિરેક્ટરની લોન | 2,00,000 | |
| બેંક ઓવરડ્રાફ્ટ | 42,00,000 | 16,20,000 |
| **કુલ** | | **59,00,000** |
| **II મિલકતો :** | | |
| (1) બિનચાલુ મિલકતો : | | |
| પાઘડી | 3,50,000 | |
| ફ્રીહોલ્ડ મિલકતો | 14,00,000 | |
| પ્લાન્ટ અને યંત્રો | 3,75,000 | |
| પેટન્ટ | 1,75,000 | 23,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| રોકાણો | 2,75,000 | |
| સ્ટોક | 8,25,000 | |
| દેવાદારો | 10,00,000 | |
| પ્રાથમિક ખર્ચા | 1,75,000 | |
| નફા-નુકસાન ખાતું | 13,25,000 | 36,00,000 |
| **કુલ** | | **59,00,000** |

કંપની દ્વારા પુર્નરચનાની યોજના સ્વીકારવામાં આવી જે જરૂરી સંમતિ મળ્યા બાદ અમલમાં મૂકવામાં આવી હતી જે નીચે પ્રમાણે છે :

(1) પ્રેફરન્સ શેર્સ, શેરદીઠ રૂ. 55 સુધી ઘટાડવાના હતા.

(2) ઇક્વિટી શેર, શેરદીઠ રૂ. 7 ઘટાડવાના હતાં.

(3) તા. 1-4-2015 થી પ્રેફરન્સ શેર પર ડિવિડન્ડ જાહેર થયું નથી. તેમ જ ચૂકવાયું પણ નથી. પ્રેફરન્સ શેરહોલ્ડર્સ જાહેર નહિ કરેલ બાકી ડિવિડન્ડમાંથી 3/4 ભાગ જતો કરે છે. જ્યારે બાકીના 1/4 ભાગ માટે પૂરા ભરાયેલા નવા ઇક્વિટી શેર મૂળકિંમતે સ્વીકારે છે.

(4) ડિબેન્ચર હોલ્ડર્સ તેમના ડિબેન્ચર પર ચઢેલું વ્યાજ રોકડમાં સ્વીકારે છે જ્યારે તેમના ડિબેન્ચરનાં લેણાં પેટે કંપની તરફથી અંશતઃ ચૂકવણી પેટે રૂ. 3,75,000 ની કિંમતે ફ્રીહોલ્ડ મિલકતો સ્વીકારે છે. જે ફ્રીહોલ્ડ મિલકતોની ચોપડે કિંમત રૂ. 2,50,000 છે.

(5) બાકીની ફ્રિહોલ્ડ મિલકતોની કિંમત રૂ. 15,00,000 આંકવામાં આવી.

(6) ડિરેક્ટર્સ તેઓની લોનના હિસાબની પતાવટરૂપે 75% રકમ ઇક્વિટી શેરમાં, 5 % રકમ રોકડમાં અને બાકીન રકમ જતી કરવાનું સ્વીકાર્યું.

(7) પાઘડી, પેટન્ટ, પ્રાથમિક ખર્ચા અને નફાનુકસાન ખાતાની ઉધાર બાકીઓ માંડી વાળવાની છે.

(8) રોકાણો રૂ. 4,61,000 માં વેચવામાં આવ્યાં.

(9) બાકીની રકમ નો ઉપયોગ પ્લાન્ટ અને યંત્રો તથા સ્ટૉકને તેમની ચોપડે કિંમતના પ્રમાણમાં માંડી વાળવા માટે કરવામાં આવ્યો.

કંપનીના ચોપડે પુનર્રચના એટલે કે મૂડીઘટાડાના વ્યવહારોનો નોંધવા જરૂરી આમનોંધ લખો. અને ત્યારબાદ મૂડી ઘટાડા પછીનું નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

વિદ્યાર્થી મિત્રો, આ દાખલામાં કેટલાક વિશિષ્ટ મુદ્દા છે. એટલે જવાબની સાથે મુદ્દાસર સમજૂતી આપેલી છે. સમજૂતીને ધ્યાનમાં રાખીને દરેક મુદ્દો સમજવો આવા દાખલામાં ફક્ત આમનોંધ અથવા પાકું સરવૈયું પણ પૂછી શકાય.

| મૂડી ઘટાડા ખાતે (જમા) | રૂ. | માંડી વાળવાની રકમો | | રૂ. |
|---|---|---|---|---|
| (1) પ્રેફરન્સ શેરમૂડી | 4,50,000 | (1) નફા-નુકસાન ખાતું | | 13,25,000 |
| (10,000 શેર × રૂ. 45) | | (2) પ્રાથમિક ખર્ચ ખાતે | | 1,75,000 |
| (2) ઈક્વિટી શેરમૂડી | 17,50,000 | (3) પાઘડી ખાતે | | 3,50,000 |
| 2,50,000 શેર × રૂ. 7) | | (4) પેટન્ટ ખાતે | | 1,75,000 |
| (સમજૂતી–1) | | (સમજૂતી–6) | | |
| (3) ફ્રી હોલ્ડ મિલકતો | 4,75,000 | (5) પ્રેફરન્સ શેર ડિવિડન્ડ | | 60,000 |
| (સમજૂતી - 3) | | (સમજૂતી - 7) | | |
| | | | | 20,85,000 |
| (4) રોકાણોનો નફો | 1,86,000 | તફાવતઃ મિલકત માંડીવાળવા | | |
| (સમજૂતી - 4) | | પ્લાન્ટ અને યંત્રો | 2,55,000 | |
| (5) ડિરેક્ટરની લોન | 40,000 | સ્ટૉક | 5,61,000 | 8,16,000 |
| (સમજૂતી - 5) | | (સમજૂતી - 8) | | |
| | **29,01,000** | | | **29,01,000** |

**સમજૂતી :**

(1) પ્રેફરન્સ શેર, શેરદીઠ રૂ. 55 સુધી ઘટાડવાની છે એટલે કે શેરદીઠ રૂ. 100 નો શેર હવે રૂ. 55નો કરવાનો છે. જેથી રૂ.100 - રૂ 55 = રૂ. 45 નો ઘટાડો કરીશું. જ્યારે ઇક્વિટી શેર પર શેરદીઠ સીધા રૂ. 7 ઘટાડવાના છે.

(2) ડિબેન્ચર હોલ્ડર્સ તેમનાં કુલ રૂ. 7,50,000ના લેણાં સામે અંશતઃ ચૂકવણી પેટે રૂ. 3,75,000ના ફ્રીહોલ્ડ મિલકતો સ્વીકારે છે જેથી બાકીના રૂ. 3,75,000 (રૂ. 7,50,000 - રૂ. 3,75,000) ના ડિબેન્ચર નવા પાકા સરવૈયામાં બતાવશે.

(3) કુલ રૂ. 14,00,000 ના ફ્રીહોલ્ડ મિલકતોમાંથી રૂ. 2,50,000 ના ચોપડે કિંમતના ફ્રી હોલ્ડ મિલકતો ડિબેન્ચર હોલ્ડર્સને રૂ. 3,75,000 નાં લેણાં પેટે આપ્યા. જેથી રૂા.1,25,000 (રૂ. 3,75,000 - રૂ 2,50,000) નો નફો "મૂડી ઘટાડા ખાતે" જમા થશે. જ્યારે બાકીની રૂ. 11,50,000 ની ફ્રીહોલ્ડ મિલકતો (રૂ.14,00,000 - રૂ. 2,50,000) ની કિંમત રૂ. 15,00,000 આંકવામાં આવી છે જેથી તફાવતની રકમ રૂ. 3,50,000 પણ "મૂડીઘટાડા ખાતે" જમાં થશે. આમ, કુલ રૂ. 4,75,000 મૂડી ઘટાડા ખાતે જમા થશે.

(4) રોકાણોની ચોપડે કિંમત રૂ. 2,75,000 હતી. આ રોકાણોના રૂ. 4,61,000 ઉપજ્યા. તેથી રૂ. 1,86,000નો નફો થયો જે "મૂડી ઘટાડા ખાતે" જમા કર્યો.

(5) ડિરેક્ટર્સની લોન પેટે રૂ. 2,00,000 છે. આ લોનના પતાવટ પેટે કંપનીએ રૂ. 1,50,000 (2,00,000 ના 75%) ના (50,000 શેર × રૂ. 3) ઇક્વિટી શેર આપ્યા, જ્યારે રૂ.

10,000 (2,00,000ના 5%:) રોકડમાં આપ્યા. ડિરેક્ટર્સએ લોનનાં લેણાં પેટે 20% રકમ રૂ. 40,000 (2,00,000ના 20%) જતા કર્યા. જે ''મૂડી ઘટાડા ખાતે'' જમા થશે.

(6) નફાનુકસાન ખાતાની ઉધાર બાકી, પ્રાથમિક ખર્ચની બાકી, પાઘડી અને પેટન્ટની રકમ મૂડી ઘટાડા સામે માંડવાળ કરી તેના.

(7) પ્રેફરન્સ ડિવિડન્ડ પાછલાં વર્ષોનું બાકી હોય તો તેમાંથી જેટલું ડિવિડન્ડ ચૂકવવાનું નક્કી થાય તેની જ અસર હિસાબમાં આપવામાં આવે છે. જે ડિવિડન્ડ રદ કરવામાં આવે છે કે ચૂકવવાનું નથી તેની કોઈ અસર આપવામાં આવતી નથી. અહીં પ્રેફરન્સ શેર પર 2015-16, 2016-17 ને 2017-18 એમ ત્રણ વર્ષનું ડિવિડન્ડ બાકી છે. જેમાંથી કુલ બાકી પ્રેફરન્સ ડિવિડન્ડમાંથી 1/4 ભાગ ઇક્વિટી શેર આપીને ચૂકવવાનું છે. કુલ ચૂકવવાનું બાકી પ્રેફરન્સ ડિવિડન્ડ = 10,00,000 × 8 % = 80,000 × 3વર્ષ = 2,40,000.

2,40,000 ના 1/4 ભાગ = રૂ. 60,000 ઇક્વિટી શેરથી (20,000 શેર × રૂ. 3) ચૂકવવાના થાય જે મૂડી ઘટાડા સામે ઉધાર કરવામાં આવશે.

(8) મૂડી ઘટાડ ખાતે જમા રકમમાંથી સમજૂતી - 6 અને 7ની રકમો બાદ કરતાં તફાવતની રકમ રૂ. 8,16,000 થાય છે. (રૂ.29,01,000 બાદ રૂ. 20,85,000) આ રકમનો ઉપયોગ પ્લાન્ટ અને યંત્રો તથા સ્ટોક જે તેમની ચોપડે કિંમતના પ્રમાણમાં માંડવાળ કરવા માટે ઉપયોગમાં લેવાની છે.

પ્લાન્ટ અને યંત્રની ચોપડે કિંમત રૂ. 3,75,000 જ્યારે સ્ટૉકની ચોપડે કિંમત રૂ. 8,25,000 છે. તેમનું પ્રમાણ 15:33 (3,75,000 : 8,25,000) થશે. જેથી પ્લાન્ટ અને યંત્રોમાં રૂ. $8{,}16{,}000 \times \frac{15}{48}$ = રૂ. 2,55,000 માંડવાળ થશે. જ્યારે સ્ટોકની કિંમતમાં રૂ. 8,16,000 $\times \frac{33}{48}$ = રૂ. 5,61,000 માંડવાળ થશે.

**ગરબડદાસ એન્ડ કંપનીના ચોપડામાં આમનોંધ**

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1 | 8% ના ક્યુ. પ્રેફરન્સ શેરમૂડી ખાતે ઉ. | | 4,50,000 | |
| | ઇક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | 17,50,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 22,00,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેરમૂડી અને ઇક્વિટી શેરમૂડીમાં ઘટાડો કર્યો તેના) | | | |
| 2 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 60,000 | |
| | તે ક્યુ. પ્રેફરન્સ શેર ડિવિડન્ડ ખાતે | | | 60,000 |
| | (બા.જે. કુલ બાકી ડિવિડન્ડ પેટે 1/4 ભાગનું ડિવિડન્ડ ચૂકવવાનું નક્કી કર્યું તેના) | | | |
| 3 | ક્યુ. પ્રેફરન્સ શેર ડિવિડન્ડ ખાતે ઉ. | | 60,000 | |
| | તે ઇક્વિટી શેર મૂડી ખાતે | | | 60,000 |
| | (બા.જે. પ્રેફરન્સ શેરહોલ્ડર્સને પ્રેફરન્સ ડિવિડન્ડ પેટે 20,000 | | | |

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| | ઇક્વિટી શેર, દરેક રૂ. 3ના આપવાનું સ્વીકાર્યું તેના) | | | |
| 4 | ડિબેન્ચર પરના ચઢેલ વ્યાજ ખાતે ઉ. | | 30,000 | |
| | તે બેંક ખાતે | | | 30,000 |
| | (બા.જે ડિબેન્ચર હોલ્ડર્સએ ડિબેન્ચર પરનું ચઢેલ વ્યાજ રોકડમાં સ્વીકાર્યું તેના) | | | |
| 5 | 8% ના ડિબેન્ચર ખાતે ઉ. | | 3,75,000 | |
| | તે ફ્રીહોલ્ડ મિલકતો ખાતે | | | 2,50,000 |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 1,25,000 |
| | (બા.જે. ડિબેન્ચર હોલ્ડર્સને ડિબેન્ચરના રૂ. 3,75,000નાં લેણાં પેટ કંપનીએ રૂ. 2,50,000 નાં ફ્રીહોલ્ડ મિલકતો આપી જેથી રૂ. 1,25,000 નો નફો મૂડી ઘટાડા ખાતે જમા કર્યા તેના) | | | |
| 6 | ફ્રી હોલ્ડ મિલકતો ખાતે ઉ. | | 3,50,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 3,50,000 |
| | (બા.જે. રૂ. 1,15,000ના ફ્રી હોલ્ડ મિલકતો ની કિંમત રૂ. 15,00,000 કરતાં રૂ. 3,50,000નો નફો મૂડીઘટાડા ખાતે લઈ ગયા તેના) | | | |
| 7 | બેંક ખાતે ઉ. | | 4,61,000 | |
| | તે રોકાણો ખાતે | | | 2,75,000 |
| | તે મૂડીઘટાડા ખાતે | | | 1,86,000 |
| | (બા.જે. રૂ. 2,75,000નાં રોકાણોનાં રૂ. 4,61,000 ઉપજ્યા જેથી રૂ. 1,86,000 નો નફો મૂડી ઘટાડા ખાતે લઈ ગયા) | | | |
| 8 | ડિરેક્ટરની લોન ખાતે ઉ. | | 2,00,000 | |
| | તે ઇક્વિટી શેર મૂડી ખાતે | | | 1,50,000 |
| | તે બેંક ખાતે | | | 10,000 |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 40,000 |
| | (બા.જે. ડિરેક્ટર્સએ તેમની લોન પેટે રૂ. 1,50,000 ઇક્વિટી શેર (50,000 શેર × રૂ. 3ના) અને રૂ. 10,000 રોકડા સ્વીકાર્યા જ્યારે રૂ.40,000 જતા કર્યા જે મૂડીઘટાડા ખાતે જમા કર્યા તેના) | | | |
| 9 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 20,25,000 | |
| | તે નફાનુકસાન ખાતે | | | 13,25,000 |

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| | તે પ્રાથમિક ખર્ચ ખાતે | | | 1,75,000 |
| | તે પાઘડી ખાતે | | | 3,50,000 |
| | તે પેટન્ટ ખાતે | | | 1,75,000 |
| | (બા.જે. મૂડી ઘટાડા સામે જે રકમો માંડવાળ કરી તેના) | | | |
| 10 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 8,16,000 | |
| | તે પ્લાન્ટ અને યંત્રો ખાતે | | | 2,55,000 |
| | તે સ્ટૉક ખાતે | | | 5,61,000 |
| | (બા.જે. મૂડી ઘટાડા ખાતે બાકી જમા રકમ પ્લાન્ટ અને યંત્રો તથા સ્ટૉકની કિંમતમાં તેની ચોપડે કિંમતના પ્રમાણમાં માંડવાળ કર્યા તેના) | | | |

**ગરબડદાસ એન્ડ કંપનીનું મૂડી ઘટાડા બાદનું પાકું સરવૈયું**

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| **(I) ઇક્વિટી અને દેવાં :** | | |
| **(1) શેરહોલ્ડર્સનાં ભંડોળ :** | | |
| (અ) સત્તાવાર મૂડી : | | |
| 8 % ના ક્યમ્યુલેટિવ પ્રેફરન્સ શેર, દરેક | | |
| રૂ. 55 નો (12,000 શેર × 55) | 6,60,000 | |
| ઇક્વિટી શેરમૂડી, દરેક રૂ. 3 ના (30,000 શેર × રૂ. 3) | 9,00,000 | 15,60,000 |
| બહાર પાડેલી અને વસૂલ આવેલી મૂડી: | | |
| 8% ના ક્યુમ્યલેટિવ પ્રેફરન્સ શેર, દરેક | | |
| રૂ. 55નો (10,000 શેર × રૂ. 55) | 5,50,000 | |
| ઇક્વિટી શેર,દરેક રૂ. 3 ના | | |
| (2,50,000 શેર × રૂ. 3 + | | |
| (50,000 શેર × રૂ. 3 + 20,000 શેર × રૂ. 3) | | |
| = (3,20,000 શેર × રૂ. 3 ના) | **9,60,000** | 15,10,000 |
| (સમજૂતી નં. 1, 5, 7) | | |
| **(b) અનામતો અને વધારો :** | - | - |
| **(2) અરજીનાં નાણાં મંજૂર કરવાની બાકી :** | - | - |
| (3) બિન ચાલુ જવાબદારીઓ : | | |
| 8 % ના ડિબેન્ચર | 3,75,000 | 3,75,000 |
| (સમજૂતી નં. 2) | | |
| (4) ચાલુ જવાબદારીઓ : | | |
| લેણદારો | 10,00,000 | |
| બેંક ઓવરડ્રાફ્ટ | 4,20,000 | 14,20,000 |
| કુલ | | **33,05,000** |

| | | | |
|---|---|---|---|
| **II મિલકતો :** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| ફ્રિ હોલ્ડ મિલકતો (સમજૂતી નં. 3) | | 15,00,000 | |
| પ્લાન્ટ અને યંત્રો | 3,75,000 | | |
| (સમજૂતી નં. 8) | -2,55,000 | 1,20,000 | 16,20,000 |
| (2) ચાલુ મિલકતો : | | | |
| સ્ટૉક | 8,25,000 | | |
| | - 5,61,000 | 2,64,000 | |
| (સમજૂતી નં. 8) | | | |
| દેવાદારો | | 10,00,000 | |
| બેંક સિલક | | | |
| (રોકાણોની ઉપજ રૂ. – ડિબેંચર બાકી વ્યાજ | 4,61,000 | | |
| - ડિરેક્ટર્સની લોન રૂ. – 3000 | 10,000 | 4,21,000 | |
| (સમજૂતી નં. 4 અને 5) | | | 16,85,000 |
| **કુલ** | | | **33,05,000** |

**ઉદાહરણ - 5 :**

તા 31-3-2018 ના રોજનું ટમટમ સાયકલ લિ.ના પાકા સરવૈયાની બાકીઓ નીચે મુજબ છે :

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| ઇક્વિટી શેર મૂડી | 30,00,000 | પાઘડી | 6,00,000 |
| (3,00,000 ઇ.કિ. શેર દરેક | | કાયમી મિલકતો | 18,00,000 |
| રૂ. 10 નો) | | ચાલુ મિલકતો | 9,00,000 |
| 9%ના દરેક રૂ. 100 ના | | નફાનુકસાન | |
| 12,000 ડિબેન્ચર્સ | 12,00,000 | ખાતાની ઉધારબાકી | 15,00,000 |
| ડિબેન્ચરનું બાકી વ્યાજ | 1,20,000 | | |
| પરચૂરણ લેણદારો | 4,80,000 | | |

કંપનીની પુનર્રચના માટે નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા :

(1) દરેક ઇક્વિટી શેરનું દરેક રૂ.1નો તેવા 10 ઇક્વિટી શેરમાં વિભાજન કરવું અને દરેક શેરહોલ્ડર પોતાના શેરમાંથી 60% શેર કંપનીને સોંપણી કરે.

(2) સોંપણી કરેલા શેરમાંથી 1,80,000 શેર્સનું દરેક રૂ. 10 નો એક તેવા 8% ના પ્રેફરન્સ શેરમાં રૂપાંતર કરવું.

(3) ડિબેન્ચર હોલ્ડર્સની ડિબેન્ચર પરના વ્યાજ સહિતની બાકી રકમ રૂ. 4,20,000 થી ઘટાડવી અને બદલામાં રૂપાંતરિત તમામ પ્રેફરન્સ શેર તેમને આપવા.

(4) લેણદારોની રકમ રૂ. 3,00,000 સુધી ઘટાડવી અને બદલામાં લેણદારોને પરત સોંપાયેલા શેર પૈકી 1,20,000 શેર દરેક રૂ. 1 ના આપવા.

(5) પાઘડી અને નફાનુકસાન ખાતું પૂરેપૂરા માંડી વાળવા.

(6) પરત સોંપાયેલા બાકીના શેર રદ કરવા અને તેનો ઉપયોગ મૂડી ઘટાડા માટે કરવો.

તમારે ઉપરની વિગતો પરથી કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખી મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયુ તૈયાર કરવાનું છે.

જવાબ :

| મૂડી ઘટાડા ખાતે (જમા) | રૂ. | માંડી વાળવાની રકમો | રૂ. |
|---|---|---|---|
| (1) ઈક્વિટી શેર મૂડી<br>(કુલ સોંપાયેલ શેર 30,00,000 શેરના<br>60% ના = 18,00,000 બાદ<br>પ્રેફરન્સમાં રૂપાંતર 1,80,000 શેર અને<br>લેણદારોને આપ્યા 1,20,000 શેર<br>બાકી સોંપાયેલા શેર)<br>= 15,00,000 શેર × રૂ.1નો શેર | 15,00,000 | (1) પાઘડી | 6,00,000 |
| (2) ડિબેન્ચર + બાકી વ્યાજ | 4,20,000 | (2) નફાનુકસાન ખાતું<br>(ઉધાર બાકી) | 15,00,000 |
| (3) લેણદારો એ જતી કરેલ રકમ<br>(3,00,000 - 12,000) | 1,80,000 | | |
| | 21,00,000 | | 21,00,000 |

**ટમટમ સાયકલ લિ. ના ચોપડામાં આમનોંધ**

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| 1 | ઈક્વિટી શેરમૂડી (રૂ.10) ખાતે ઉ. | | 3000,000 | |
| | તે ઈક્વિટી શેરમૂડી (રૂ.1) ખાતે | | | 30,00,000 |
| | (બા.જે. દરેક રૂ.10 ના 3,00,000 ઈક્વિટી શેરને , દરેક રૂ. 1 નો એક એવા 30,00,000 ઈક્વિટી શેરમાં રૂપાંતરિત કર્યા તેના.) | | | |
| 2 | ઈક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | 18,00,000 | |
| | તે શેર સોંપણી ખાતે | | | 18,00,000 |
| | (બા.જે. મૂડીઘટાડાની યોજના મુજબ શેરહોલ્ડર્સએ 60% જેટલા શેર સોંપી દીધા તેના) | | | |
| 3 | શેર સોંપણી ખાતે ઉ. | | 1,80,000 | |
| | તે 8% ની પ્રેફરન્સ શેરમૂડી ખાતે | | | 1,80,000 |
| | (બા.જે. દરેક રૂ.1 ના તેવા 1,80,000 ઈક્વિટી શેરને દરેક રૂ. 10ના તેવા 18,000 પ્રેફરન્સ શેરમાં રૂપાંતર કર્યા અને આ પ્રેફરન્સ શેર ડિબેન્ચર હોલ્ડર્સને આપ્યા તેના) | | | |
| 4 | 9% ના ડિબેન્ચર ખાતે ઉ. | | 3,00,000 | |
| | ડિબેન્ચરના બાકી વ્યાજ ખાતે ઉ. | | 1,20,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 4,20,000 |
| | (બા.જે. ડિબેન્ચર હોલ્ડર્સએ બાકી વ્યાજ સહિત કુલ રૂ. 4,20,000 જતા કર્યા તેના) | | | |
| 5 | લેણદારો ખાતે ઉ. | | 1,80,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 1,80,000 |

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| | (બા.જે. લેણદારો એ રૂ. 3,00,000 જતા કર્યા પરંતુ સામે રૂ. 1,20,000 ના સોંપાયેલા ઇક્વિટી શેર લીધા એટલે ખરેખર ચોખ્ખો મૂડીઘટાડો રૂ. 1,80,000નો થયો તેના) | | | |
| 6 | શેર સોંપણી ખાતે ઉ. | | 1,20,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 1,20,000 |
| | (બા.જે. સોંપાયેલા શેરમાંથી રૂ.1,20,000 ના શેર લેણદારોને આપ્યા તેના) | | | |
| 7 | શેર સોંપણી ખાતે ઉ. | | 15,00,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 15,00,000 |
| | (બા.જે. કુલ 18,00,000ના સોંપાયેલા શેરમાંથી 1,80,000 શેર પ્રેફરન્સ શેરમાં રૂપાંતર કર્યા જ્યારે 1,20,000 શેર લેણદારોને આપ્યા, ત્યારબાદ બાકીના 15,00,000 શેરનો મૂડી ઘટાડા તરીકે ઉપયોગ કર્યો તેના) | | | |
| 8 | મૂડી ઘટાડા ખાતે ઉ. | | 21,00,000 | |
| | તે પાઘડી ખાતે | | | 6,00,000 |
| | તે નફા નુકસાન ખાતે | | | 15,00,000 |
| | (બા.જે. મૂડી ઘટાડાનો ઉપયોગ પાઘડી તેમજ નફાનુકસાન ખાતાને માંડી વાળવા કર્યો તેના) | | | |

ઉપરની આમનોંધમાં ''મૂડી ઘટાડા ખાતા'' ની જગ્યાએ ''પુનર્રચના ખાતે'' પણ લખી શકાય.

**ટમ ટમ સાયકલ લિ.નું મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું**

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| **I ઇક્વિટી અને દેવાં :** | | |
| (1) શેર હોલ્ડર્સનાં ભંડાળ : | | |
| ઇક્વિટી શેરમૂડી 13,20,000 × રૂ. 1 | 13,20,000 | |
| (30,00,000 × 40 % = 12,00,000 શેર, દરેક રૂ. 1 નો = 12,00,000 + લેણદારોને આપ્યા તે 1,20,000 શેર, દરેક રૂ. 1 નો) | | |
| 8 % ની પ્રેફરન્સ શેરમૂડી (1,80,000 શેર × રૂ.1) | 1,80,000 | 15,00,000 |
| (2) અરજીનાં નાણાં મંજૂર કરવાનાં બાકી : | - | - |
| (3) બિનચાલુ જવાબદારીઓ : | | |
| 9% ના દરેક રૂ. 100 ના 9,000 ડિબેન્ચર્સ | 9,00,000 | 9,00,000 |

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| (4) ચાલુ જવાબદારીઓ : | | |
| લેણદારો (4,80,000 - 1,80,000) | 3,00,000 | 3,00,000 |
| **કુલ** | | **27,00,000** |
| **II મિલકતો :** | | |
| (1) બિનચાલુ મિલકતો : | | |
| કાયમી મિલકતો | 18,00,000 | 18,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| ચાલુ મિલકતો | 9,00,000 | 9,00,000 |
| **કુલ** | | **27,00,000** |

**ઉદાહરણ - 6 :**

નીચેની વિગતોને ધ્યાનમાં લઈને મૂડીઘટાડાના સંદર્ભમાં આમનોંધ લખો. (બાબત જે વગર)

(1) રૂ. 5,00,000 ના ડિબેન્ચરની અંશતઃ ચૂકવણી પેટે ડિબેન્ચર હોલ્ડર્સએ કંપનીનું મકાન, જેની ચોપડે કિંમત રૂ. 2,40,000 દર્શાવેલ છે. તે રૂ. 3,00,000ની કિંમતે લઈ લીધું.

(2) ડિરેક્ટર્સએ પોતાને મળેલી ફી રૂ. 40,000 કંપનીને પરત કરી.

(3) કંપનીએ રૂ. 20,000ની એક સંભવિત જવાબદારી ચૂકવવી પડી. આ રકમ કંપનીએ ડિરેક્ટરની રૂ. 80,000ની લોનમાંથી કાપી લીધી અને ડિરેક્ટરને તેની લોન પેટેની બાકીની રકમ રોકડમાં ચૂકવી આપી.

(4) પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ રૂ. 70,000 જાહેર થયું નથી તેમ જ ચૂકવ્યું પણ નથી. પ્રેફરન્સ શેરહોલ્ડર્સ આ બાકી ડિવિડન્ડમાંથી 3/5 ભાગ જતો કરે છે. બાકીના 2/5 ભાગ માટે પૂરા ભરાયેલા ઇક્વિટી શેર આપવાના છે.

**કંપનીના ચોપડે આમનોંધ**

| તા. | વિગત | | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચર ખાતે | ઉ. | | 3,00,000 | |
| | તે મકાન ખાતે | | | | 2,40,000 |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | | 60,000 |
| 2 | બેંક ખાતે | ઉ. | | 40,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | | 40,000 |
| 3 | (i) ડિરેક્ટરની લોન ખાતે | ઉ. | | 20,000 | |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | | 20,000 |
| | (ii) મૂડી ઘટાડા ખાતે | ઉ. | | 20,000 | |
| | તે ચૂકવવાના બાકી દેવાં ખાતે | | | | 20,000 |
| | (iii) ડિરેક્ટરની લોન ખાતે | ઉ. | | 60,000 | |
| | ચૂકવવાના બાકી દેવાં ખાતે | ઉ. | | 20,000 | |
| | તે બેંક ખાતે | | | | 80,000 |
| 4 | (i) મૂડી ઘટાડા ખાતે | ઉ. | | 28,000 | |
| | તે પ્રેફ. ડિવિડન્ડ ખાતે | | | | 28,000 |
| | (ii) પ્રેફ.ડિવિડન્ડ ખાતે | ઉ. | | 28,000 | |
| | તે ઇક્વિટી શેર મૂડી ખાતે | | | | 28,000 |

**ઉદાહરણ - 7 :**

નીચેના વ્યવહારોની મૂડી ઘટાડાના સંદર્ભમાં આમનોંધ આપો :

(1) 7 % ના દરેક રૂ. 10 ના 60,000 પ્રેફરન્સ શેર પર એક વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. પ્રેફરન્સ શેરહોલ્ડર્સ અડધું ડિવિડન્ડ જતું કરે છે અને બાકી રકમ પેટે ઇક્વિટી શેર સ્વીકારે છે.

(2) ડિબેન્ચર હોલ્ડર્સ તેમનું બાકી વ્યાજ રૂ. 60,000 રોકડમાં સ્વીકારે છે. અને રૂ. 8,00,000ની કિંમતનું મકાન રૂ. 10,00,000ની કિંમતે તેમના ડિબેન્ચરના ભાગના બદલામાં લેવાની સંમતિ આપે છે.

(3) લેણદારો પૈકી રૂ. 1,50,000ના લેણદારોને તેમનાં લેણાં પેટે દરેક રૂ. 50ની સામે રૂ. 10 નો એક એવા ઇક્વિટી શેર રૂ. 25ની કિંમતે આપવામાં આવે છે.

(4) રૂ. 36,000નો એક લેણદાર તેના લેણાંની પતાવટ માટે રૂ. 31,000ના 10% ના નવા ડિબેન્ચર સ્વીકારે છે. અને બીજો એક લેણદાર તેમના રૂ. 2,00,000નાં લેણાંની પતાવટ તરીકે 20% વટાવથી રોકડ સ્વીકારે છે. ત્રીજો એક લેણદાર તેના રૂ. 1,20,000 ના લેણાંની પતાવટ પેટે રૂ.90,000 નાં રોકાણો રૂ.1,20,000 ની કિંમતે સ્વીકારે છે.

**જવાબ :**

**કંપનીના ચોપડે આમનોંધ**

| તા. | વિગત | | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|---|
| 1 | (i) મૂડી ઘટાડા ખાતે | ઉ. | | 21,000 | |
| | તે પ્રેફ ડિવિડન્ડ ખાતે | | | | 21,000 |
| | (ii) પ્રેફ.ડિવિડન્ડ ખાતે | ઉ. | | 21,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | | 21,000 |
| | (બા.જે. રૂ.6,00,000ના પ્રેફ. શેર પર 7% ડિવિડન્ડ પેટે રૂ. 42,000 બાકી છે જેમાંથી અડધી જ રકમ ઇક્વિટી શેર દ્વારા ચૂકવાય તેના) | | | | |
| 2 | (i) ડિબેન્ચર બાકી વ્યાજ ખાતે | ઉ. | | 60,000 | |
| | તે રોકડ ખાતે | | | | 60,000 |
| | (બા.જે. ડિબેન્ચર પરનું બાકી વ્યાજ રોકડમાં ચૂકવ્યું તેના) | | | | |
| | (ii) ડિબેન્ચર ખાતે | ઉ. | | 10,00,000 | |
| | તે મકાન ખાતે | | | | 8,00,000 |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | | 2,00,000 |
| | (બા.જે. ડિબેન્ચર હોલ્ડર્સ તેમના ડિબેન્ચરનાં દેવાં પેટે રૂ. 10,00,000 ની સામે રૂ. 80,00,000નું મકાન સ્વીકારતાં રૂ. 2,00,000નો ફાયદો મૂડી ઘટાડા ખાતે જમા કર્યો તેના) | | | | |
| 3 | લેણદારો ખાતે | ઉ. | | 1,50,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | | 30,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | | 45,000 |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | | 75,000 |

| તા. | વિગત | ખા.પા. | ઉધાર રૂ. | જમા રૂ. |
|---|---|---|---|---|
| | (બા.જે. લેણદારોએ દરેક રૂ.50 ની સામે રૂ. 25 નો ઇક્વિટીશેર જેમાં રૂ.15 શેરદીઠ જામીનગીરી પ્રીમિયમ છે તે સ્વીકારતા કુલ લેણાનાં 50% રકમ રૂ.75,000 મૂડી ઘટાડા ખાતે જમા કર્યા તેના) | | | |
| 4 | (i) લેણદાર ખાતે ઉ. | | 36,000 | |
| | તે 10% ડિબેન્ચર | | | 31,000 |
| | તે મૂડીઘટાડા ખાતે | | | 5,000 |
| | (બા.જે. રૂ. 36,000 ની સામે લેણદારે રૂ. 31,000ના ડિબેન્ચર સ્વીકારતા રૂ. 5,000 નો ફાયદો મૂડીઘટાડા ખાતે જમા કર્યો તેના) | | | |
| | (ii) લેણદાર ખાતે ઉ. | | 2,00,000 | |
| | તે રોકડ ખાતે | | | 1,60,000 |
| | તે મૂડીઘટાડા ખાતે | | | 40,000 |
| | (બા.જે. રૂ.2,00,000નો લેણદાર 20% વટાવથી રોકડ સ્વીકારતા રૂ. 40,000 મૂડી ઘટાડા ખાતે જમા કર્યા તેના) | | | |
| | (iii) લેણદાર ખાતે ઉ. | | 1,20,000 | |
| | તે રોકાણો ખાતે | | | 90,000 |
| | તે મૂડી ઘટાડા ખાતે | | | 30,000 |
| | (બા.જે. રૂ. 1,20,000 ના લેણાં પટે લેણદારે રૂ. 90,000નાં રોકાણો સ્વીકારતાં રૂ. 30,000 મૂડી ઘટાડા ખાતે જમા કર્યા તેના) | | | |

## સ્વાધ્યાય

### (અ) સૈદ્ધાંતિક પ્રશ્નો

(1) મૂડી ઘટાડાનો અર્થ સમજાવો. કયા સંજોગોમાં કંપની મૂડી ઘટાડો કરે છે ?

(2) કંપનીધારા મુજબ કંપની પોતાની શેરમૂડીમાં કઈ કઈ રીતે ઘટાડો કરી શકે તે અંગેની કાર્યવાહી સમજાવો અથવા મૂડીઘટાડાની પદ્ધતિઓ સમજાવો.

(3) મૂડી ઘટાડા અંગે કંપનીધારાની જોગવાઈઓ જણાવો.

(4) સામાન્ય રીતે કયા પ્રકારના વ્યવહારોથી મૂડી ઘટાડા ખાતું જમા કરવામાં આવે છે ?

(5) સામાન્ય રીતે કયા પ્રકારના વ્યવહારો કે વિગતો મૂડી ઘટાડા ખાતે ઉધાર કરવામાં આવે છે ?

(6) ટૂંક નોંધ લખો :

(i) શેરની સોંપણી

(ii) મૂડી ઘટાડાના સંદર્ભમાં ડિબેન્ચર પરનું બાકી વ્યાજ

(iii) મૂડી ઘટાડાના સંદર્ભમાં પ્રેફરન્સ શેર પરનું બાકી વ્યાજ

(iv) પુનર્રચના ખાતું

**(બ) હેતુલક્ષી**

(1) એક કંપનીના પ્રેફરન્સ શેર પર રૂ. 72,000નું ડિવિડન્ડ ચઢેલું છે. પ્રેફરન્સ શેરહોલ્ડર્સએ આ ડિવિડન્ડના બદલામાં રૂ.22,000 રોકડા અને રૂ. 10 નો એક એવા 2,000 ઇક્વિટી શેર પૂરેપૂરા ભરપાઈ થયેલા સ્વીકારવાનું નક્કી કર્યું અને બાકીની રકમ જતી કરી. મૂડી ઘટાડાના સંદર્ભમાં આમનોંધ લખો.

**જવાબ :** (i) મૂડી ઘટાડા ખાતે ઉ. રૂ.42,000, તે પ્રેફ. ડિવિડન્ડ ખાતે રૂ. 42,000 (ii) પ્રેફ. ડિવિડન્ડ ખાતે ઉ. રૂ.42,000; તે બેંક ખાતે રૂ.22,000; તે ઇક્વિટી શેર ખાતે રૂ.20,000)

(2) રૂ. 5,00,000 ના ડિબેન્ચરની અંશતઃ ચૂકવણી પેટે ડિબેન્ચર હોલ્ડર્સએ કંપનીની જમીન, જેની ચોપડે કિંમત રૂ. 2,50,000 છે. તે રૂ. 3,00,000માં લઈ લીધી. મૂડી ઘટાડા અંગે આમનોંધ લખો.

**જવાબ :** ડિબેન્ચર ખાતે ઉ. રૂ. 3,00,000; તે જમીન ખાતે રૂ. 2,50,000; તે મૂડી ઘટાડા ખાતે રૂ. 50,000)

(3) ડિરેક્ટર્સએ કંપનીને આપેલ લોન પેટે 65% રકમ ઇક્વિટી શેર્સમાં અને 20% રકમ રોકડમાં સ્વીકાર્યા. જ્યારે બાકીની રૂ. 26,250 ની રકમ તેઓએ જતી કરી. મૂડી ઘટાડા અંગે આમનોંધ લખો.

**જવાબ :** ડિરેક્ટર્સની કુલ લોનના 65% ઇક્વિટી શેર્સમાં અને 20% રકમ રોકડમાં સ્વીકાર્યા જેથી બાકી રકમ રૂ. 26,250 કુલ લોનના 15% (100% બાદ (65% + 20%) થશે. 15% એ રૂ. 26,250 તો 100% પ્રમાણે રૂ. 1,75,000 થાય.

ડિરેકટરની લોન ખાતે ઉ. 1,75,000, તે ઇક્વિટી શેર ખાતે રૂ.1,13,750, તે બેંક ખાતે 35,000, તે મૂડી ઘટાડા ખાતે રૂ. 26,250.

**(ક) વ્યાવહારિક**

(1) સૂર્ય લિમિટેડનું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| **વિગત** | **રકમ રૂ.** | **રકમ રૂ.** |
|---|---|---|
| **I ઇક્વિટી અને દેવાં :** | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળ : | | |
| (અ) બહાર પાડેલી અને વસૂલ આવેલી મૂડી : | | |
| 8%ના 12,000 પ્રેફરન્સ શેર, દરેક રૂ.100ના | 12,00,000 | |
| 16,000 ઇક્વિટી શેર, દરેક રૂ. 100ના | 16,00,000 | |
| (બ) અનામત અને વધારો : | - | 28,00,000 |
| (2) અરજીનાં નાણાં જે મંજૂર કર્યાં નથી | - | - |
| (3) બિન ચાલુ જવાબદારીઓ : | | |
| 10 % ના ડિબેન્ચર | 4,00,000 | |
| ડિબેન્ચરનું બાકી વ્યાજ | 80,000 | 4,80,000 |
| (4) ચાલુ જવાબદારીઓ : | | |
| લેણદારો | 3,20,000 | 3,20,000 |
| **કુલ** | | **36,00,000** |
| **II મિલકતો :** | | |
| (1) બિન ચાલુ મિલકતો : | | |
| પાઘડી | 2,00,000 | |

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| પેટન્ટ | 4,00,000 | |
| જમીન-મકાન | 8,00,000 | |
| સાંચા અને યંત્રો | 6,00,000 | 20,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| સ્ટૉક | 4,00,000 | |
| દેવાદારો | 4,20,000 | |
| લેણીહુંડી | 1,80,000 | |
| રોકડ અને બેંક | 1,20,000 | |
| પ્રાથમિક ખર્ચ | 2,80,000 | |
| નફાનુકસાન ખાતું | 2,00,000 | 16,00,000 |
| **કુલ** | | **36,00,000** |

ટ્રિબ્યુનલ અને શેરહોલ્ડર્સએ મૂડીઘટાડાની નીચે મુજબની યોજના મંજૂર કરી :

(1) પ્રત્યેક ઇક્વિટી શેર રૂ. 80થી ઘટાડવો.

(2) પ્રત્યેક પ્રેફરન્સ શેર રૂ. 60 સુધી ઘટાડવો.

(3) અદશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવી.

(4) ડિબેન્ચર હોલ્ડર્સએ ડિબેન્ચર પરનું બાકી વ્યાજ થતું કર્યું.

(5) જમીન અને મકાન, સાંચા અને યંત્રો અને સ્ટોકની કિંમત અનુક્રમે 40%, 30%, અને 20% ઘટાડવી.

(6) ઘાલખાધના રૂ. 60,000 માંડી વાળવા.

ઉપરની યોજનાને અમલમાં મૂકવા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો અને મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

મૂડી ઘટાડા ખાતે જમા રૂ. 18,40,000 (ઇક્વિટી શેરમૂડી રૂ. 12,80,000 + પ્રેફ. શેરમૂડી રૂ. 4,80,000 + ડિબેન્ચરનું બાકી વ્યાજ રૂ. 80,000) મૂડી ઘટાડાનો ઉપયોગ રૂ. 17,20,000 (પાઘડી રૂ. 2,00,000 + પેટન્ટ રૂ. 4,00,000 + જમીન અને મકાન રૂ. 3,20,000 + સાંચા અને યંત્રો રૂ. 1,80,000 + સ્ટૉક રૂ. 80,000) + પ્રાથમિક ખર્ચ રૂ. 2,80,000 + નફાનુકસાન ખાતું રૂ. 2,00,000 + ઘાલખાધના રૂ. 60,000)

મૂડી અનામત ખાતે જમા રૂ. 1,20,000, મૂડી ઘટાડા પછીના પાકા સરવૈયાનો સરવાળો રૂ. 18,80,000)

(2) ચંદ્રમુન લિ. નું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| **I ઇક્વિટી અને દેવાં :** | | |
| (1) શેર હોલ્ડર્સનાં ભંડોળ : | | |
| (અ) બહાર પાડેલી અને વસૂલ આવેલ મૂડી : | | |
| 10% ના નોન - ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શેર | | |
| દરેક રૂ. 100નો | 3,75,000 | |
| 1,50,000 ઇક્વિટી શેર દરેક રૂ. 10 નો | 15,00,000 | |
| (બ) અનામત અને વધારો : | - | 18,75,000 |

| | | |
|---|---|---|
| (2) બિનચાલુ દેવા : | | |
| 9%ના ડિબેન્ચર્સ, દરેક રૂ. 100ના | 7,50,000 | 7,50,000 |
| (3) ચાલુ દેવાં : | | |
| ચૂકવવાની બાકી ડિરેક્ટર ફી | 1,50,000 | |
| ધંધાના લેણદારો | 25,05,000 | 26,55,000 |
| **કુલ** | | **52,80,000** |
| **II મિલકતો :** | | |
| (1) બિનચાલુ મિલકતો : | | |
| મકાન | 15,00,000 | |
| યંત્રો | 9,75,000 | |
| પેટન્ટ્સ | 3,00,000 | 27,75,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| માલનો સ્ટૉક | 6,00,000 | |
| દેવાદારો | 4,20,000 | |
| પ્રાથમિક ખર્ચા | 1,05,000 | |
| નફાનુકસાન ખાતું | 13,80,000 | 25,05,000 |
| **કુલ** | | **52,80,000** |

મૂડી ઘટાડા અંગે નીચે મુજબની યોજના મંજૂર થઈ જેનો અમલ કરવાનો થાય છે :

(1) પ્રત્યેક ઇક્વિટી શેર રૂ. 9થી, પ્રત્યેક 10% ના નોન-ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શેર રૂ. 60 સુધી અને 9ટકાના ડિબેન્ચર્સ 10 ટકાથી ઘટાડો.

(2) પ્રેફરન્સ ડિવિડન્ડનો દર 12% સુધી અને ડિબેન્ચર પર વ્યાજનો દર 13% સુધી વધારો.

(3) રૂ. 9,00,000 ના લેણદારોને શેરદીઠ રૂ.1 લેખે પૂરા ભરપાઈ નવા ઇક્વિટી શેર્સ આપ્યા. બાકીના લેણદારોએ રૂ.4,50,000 ની રકમ જતી કરી.

(4) 60 ટકા ડિરેકટર ફી જે અગાઉ ચૂકવેલી તે પરત મેળવી અને જે 40 ટકા બાકી હતી તે ડિરેક્ટરે જતી કરી.

(5) તમામ અદશ્ય મિલકતો માંડી વાળો.

(6) રૂ. 90,000 ઘાલખાધ અનામતની જોગવાઈ કરો.

(7) વધુ કિંમતે દર્શાવેલ યંત્રોની કિંમત રૂ. 5,25,000 સુધી ઘટાડો અને માલના સ્ટૉકની કિંમત પણ રૂ. 75,000 થી ઘટાડો.

ઉપરની યોજના અમલમાં મૂકવા અંગે આમનોંધ લખો અને મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

મૂડી ઘટાડા ખાતે જમા થતી રકમ રૂ. 24,00,000 (ઇક્વિટી શેરમૂડી રૂ. 1,35,000 + પ્રેફરન્સ શેરમૂડી રૂ. 1,50,000 (3,750 શેર × રૂ. 40) + ડિબેન્ચર્સ રૂ. 7,5000 + લેણદારો રૂ. 4,50,000 + ડિરેક્ટર ફી (40% પ્રમાણે 1,50,000 + 60% પ્રમાણે 2,25,000) રૂ. 3,75,000) મૂડી ઘટાડાનો ઉપયોગ રૂ. 24,00,000 (પેટન્ટ્સ રૂ. 3,00,000 + યંત્રો રૂ. 4,50,000 + સ્ટોક રૂ. 75,000 + ઘાલખાધ અનામત રૂ. 90,000 + પ્રાથમિક ખર્ચા રૂ. 1,05,000 + નફાનુકસાન ખાતું રૂ. 13,80,000), મૂડી ઘટાડા પછીના પાકા સરવૈયાનો સરવાળો રૂ. 31,05,000. બેંક સિલક રૂ. 2,25,000 થશે. મુદ્દા નં. 2ની કોઈ આમનોંધ થશે નહિં.)

(3) મીરા લિમિટેડનું તા. 31-3-2018ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| વિગત | રકમ રૂ. | રકમ રૂ. |
|---|---|---|
| **I ઇક્વિટી અને દેવાં :** | | |
| (1) શેરહોલ્ડર્સનાં ભંડોળ : | | |
| (અ) બહાર પાડેલી અને વસૂલ આવેલી મૂડી : | | |
| 8 %ના પ્રેફ. શેર, દરેક રૂ.100નો પૂરા | | |
| ભરાયેલ | 4,50,000 | |
| રૂ. 10 એક એવા પૂરા ભરપાઈ ઇક્વિટી શેર | 18,00,000 | 22,50,000 |
| (બ) અનામતો અને વધારો : | - | - |
| (2) બિનચાલુ જવાબદારીઓ : | | |
| 9%ના ડિબેન્ચર્સ | 4,80,000 | |
| ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ | 43,200 | 5,23,200 |
| (3) ચાલુ જવાબદારીઓ : | | |
| લેણદારો | 5,26,800 | 5,26,800 |
| **કુલ** | | **33,00,000** |
| **II મિલકતો :** | | |
| (1) બિન ચાલુ મિલકતો : | | |
| પાઘડી | 1,80,000 | |
| ફ્રિહોલ્ડ મિલકત | 9,00,000 | |
| પ્લાન્ટ | 3,00,000 | |
| પેટન્ટ્સ | 1,65,000 | 15,45,000 |
| (2) ચાલુ મિલકતો : | | |
| રોકાણો | 1,80,000 | |
| સ્ટૉક | 4,50,000 | |
| દેવાદારો | 5,10,000 | |
| પ્રાથમિક ખર્ચા | 1,05,000 | |
| નફા-નુકસાન ખાતું | 5,10,000 | 17,55,000 |
| **કુલ :** | | **33,00,000** |

ટ્રિબ્યુનલ અને શેરહોલ્ડર્સ દ્વારા મૂડી ઘટાડાની નીચેની યોજના મંજૂર કરી :

(1) પ્રેફરન્સ શેર, શેરદીઠ રૂ. 70 સુધી ઘટાડવાના છે.

(2) ઇક્વિટી શેર, શેરદીઠ રૂ. 5 થી ઘટાડવાના છે.

(3) ડિબેન્ચર હોલ્ડર્સ તેમના ડિબેન્ચરની અંશતઃ ચુકવણી પેટે ફ્રિ હોલ્ડ મિલકતોનો અમૂક ભાગ રૂ. 3,00,000 ની કિંમતે લેવા સંમત થયા. આ ફ્રિ હોલ્ડ મિલકતની ચોપડે કિંમત રૂ. 2,50,000 છે.

(4) બાકીની ફ્રિહોલ્ડ મિલકતનું મૂલ્ય રૂ. 8,00,000 આંકવામાં આવ્યું છે.

(5) ડિબેન્ચર હોલ્ડર્સ તેમના ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ જતું કરવા સંમત થયા છે.

(6) રોકાણો રૂ. 2,50,000માં વેચવામાં આવ્યાં.

(7) પ્રેફરન્સ શેર ઉપર છેલ્લા ત્રણ વર્ષનું ડિવિડન્ડ બાકી છે. પ્રેફરન્સ શેરહોલ્ડર્સ અડધું

ડિવિડન્ડ જતું કરવા સંમત થયા. બાકીનું ડિવિડન્ડ દરેક રૂ. 5 નો એક એવા પૂરા ભરપાઈ ઇક્વિટી શેર્સમાં ચૂકવવાનું છે.

(8) અદશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવાની છે.

(9) પુનર્રચના ખર્ચ રૂ. 19,200 થયો.

(10) મૂડી ઘટાડા ખાતે રહેલી બાકીનો ઉપયોગ પ્લાન્ટ અને સ્ટૉકની તેમના ચોપડે કિંમતના પ્રમાણમાં ઘટાડવા માટે કરવાનો છે.

કંપની ચોપડે ઊપરની વિગતોના આધારે આમનોંધ લખી નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :** મૂડી ઘટાડા ખાતે જમા રકમ રૂ. 13,48,200)

(પ્રેફરન્સ શેરમૂડી રૂ. 1,35,000 + ઇક્વિટી શેર મૂડી રૂ. 9,00,000 + ફ્રિ હોલ્ડ મિલકત (ડિબેન્ચર હોલ્ડર્સને) રૂ. 50,000 + ફ્રિ હોલ્ડ મિલકતની ફેરઆંકણી રૂ. 1,50,000 + ડિબેન્ચર પર બાકી વ્યાજ રૂ. 43,200 + રોકાણો રૂ. 70,000). મૂડીઘટાડાનો ઉપયોગ રૂ. 10,33,200 (નફા-નુકસાન ખાતું રૂ. 5,10,000 + પ્રાથમિક ખર્ચા રૂ. 1,05,000 + પાઘડી રૂ. 1,800,00 + પેટન્ટ્સ રૂ. 1,65,000 + પ્રેફરન્સ શેર પરનું ડિવિડન્ડ રૂ. 54,000 + પુનર્રચના ખર્ચ રૂ. 19,200. તફાવતની રકમ થશે રૂ. 3,15,000 જેમાંથી રૂ. 1,26,000 પ્લાન્ટમાંથી અને રૂ. 1,89,000 સ્ટૉકમાંથી માંડીવાળવામાં આવશે. નવા પાકા સરવૈયાનો સરવાળો રૂ. 19,75,800 જેમાં બેંક સિલક રૂ. 2,30,800 આવશે.)

(4) જાનમાન સ્ટીલ લિમિટેડનું તા. 31-3-2018ના રોજની પાકા સરવૈયા મુજબ મિલકત અને દેવાંની બાકીઓ નીચે મુજબ છે :

| **મિલકતની બાકીઓ :** | **રૂ.** | | **રૂ.** |
|---|---|---|---|
| ફ્રિ હોલ્ડ જમીન | 425,000 | પાઘડી | 90,000 |
| પ્લાન્ટ | 2,00,000 | પેટન્ટ્સ | 70,000 |
| રોકાણો | 1,30,000 | પ્રાથમિક ખર્ચા | 70,000 |
| દેવાદારો | 3,85,000 | નફાનુકસાનખાતું | 8,10,000 |
| સ્ટૉક | 2,80,000 | (ઉધાર બાકી) | |
| **દેવાં કે જવાબદારીની બાકીઓ :** | | | |
| 10 % ના કયુ. પ્રેફરન્સ | | બેંક ઓવરડ્રાફ્ટ | 1,40,000 |
| શેર, દરેક રૂ.10 નો પૂરા | | લેણદારો | 2,00,000 |
| ભરાયેલા | 6,00,000 | ડિરેક્ટરની લોન | 1,00,000 |
| રૂ. 10નો એક એવા | | | |
| ઇક્વિટી શેર | 10,00,000 | | |
| 10%ના સિક્યોર્ડ ડિબેન્ચર | 4,00,000 | | |
| ડિબેન્ચર પર ચઢેલ વ્યાજ | 20,000 | | |

તા. 1-4-2018 ના રોજ જરૂરી સંમતિ મળ્યા બાદ પુનઃરચનાની યોજના મંજૂર કરી :

(1) દરેક પ્રેફરન્સ શેર રૂ. 6 સુધી અને દરેક ઇક્વિટી શેર રૂ. 8થી ઘટાડો.

(2) ડિબેન્ચર હોલ્ડર્સને તેમનાં પૂરા લેણાં પેટે કંપનીના નવા 12% ના ડિબેન્ચર આપવા.

(3) પ્રેફરન્સ શેર પર છેલ્લા બે વર્ષના ચઢેલા ડિવિડન્ડ પેટે 1/3 રકમ ચૂકતે ના હિસાબે પૂરા ભરપાઈ થયેલા ઇક્વિટી શેર આપી ચૂકવી દેવી.

(4) રોકાણો રૂ. 1,60,000 માં વેચી દેવાં અને બેંક ઓવરડ્રાફ્ટ ચૂકવી દેવા.

(5) કંપની સામેનો દાવો રૂ. 50,000નો ચૂકવી દેવો જે માટે ડિરેક્ટર જવાબદાર હોવાથી તેમની લોનની સામે રૂ.40,000 માંડી વાળ્યા અને બાકીના રૂ.10,000 કંપનીએ ચૂકવ્યા.

ડિરેક્ટરની બાકીની લોને પેટે રૂ. 50,000 ના પૂરા ભરપાઈ ઈક્વિટી શેર કંપનીએ ચૂક્તેના હિસાબે આપ્યા.

(6) લેણદારોને તેમનાં લેણાં પેટે 80% રકમ રૂ. 10ના પૂરા ભરાયેલા ઈક્વિટી શેર દ્વારા ચૂકતેના હિસાબે આપ્યા.

(7) અદૃશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવી.

મૂડી ઘટાડા અંગે જરૂરી આમનોંધ કંપનીના ચોપડે લખી મૂડીઘટાડા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

મૂડી ઘટાડા ખાતે જમા રૂ. 11,20,000 (પ્રેફ્રન્સ શેરમૂડી રૂ. 2,40,000 + ઈક્વિટી શેરમૂડી રૂ. 8,00,000 + રોકાણો રૂ. 30,000 + ડિરેક્ટરની લોન રૂ. 10,000 + લેણદારો રૂ. 40,000), મૂડી ઘટાડાનો ઉપયોગ રૂ. 10,90,000 (ડિરેક્ટરની લોન રૂ. 10,000 + પ્રેફ. ડિવિડન્ડ રૂ. 40,000 + પાઘડી રૂ. 90,000 + પેટન્ટ રૂ. 70,000 + પ્રાથમિક ખર્ચા રૂ. 70,000 + ન.નુ. ખાતું રૂ. 8,10,000). મૂડી અનામત ખાતે રૂ. 30,000; નવા પાકા સરવૈયાનો સરવાળો રૂ. 12,90,000)

(5) તા.31-3-2018 ના રોજ સુનમુન પ્લાસ્ટીક લિમિટેડના ચોપડામાં પાકાં સરવૈયાંમા દર્શાવતી નીચે મુજબની બાકીઓ હતી :

**જવાબદારી અને દેવાંની બાકીઓ : (જમા બાકીઓ)**

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| 1,80,000 ઈક.શેર, દરેક રૂ. 10 નો | 18,00,000 | ડિબેન્ચર પર ચઢેલું વ્યાજ | 50,400 |
| 1,20,000 12%ના પ્રેફ. શેર, દરેક રૂ.10 નો | 12,00,000 | તારણવાળી લોન (રોકાણોની સામે) | 2,40,000 |
| 12 % ના સિક્યોર્ડ ડિબેન્ચર્સ | 7,20,000 | લેણદારો | 6,00,000 |

**મિલકતોની બાકીઓ (ઉધાર બાકીઓ)**

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| ફ્રિહોલ્ડ મિલકતો | 4,08,000 | દેવાદારો | 6,40,800 |
| પ્લાન્ટ અને યંત્રો | 14,79,600 | સંશોધન અને વિકાસ ખર્ચ | 2,16,000 |
| રોકાણો | 1,80,000 | નફાનુકસાન ખાતું | 11,76,000 |
| સ્ટૉક | 5,10000 | | |

નીચે જણાવેલી મૂડી ઘટાડાની યોજના, શેરહોલ્ડર્સ દ્વારા અને ટ્રિબ્યુનલ દ્વારા મંજૂર કરીને સ્વીકારવામાં આવી :

(1) મિલકતોનું પુનઃમૂલ્યાંકન નીચે મુજબ કરવાનું છે :

પ્લાન્ટ અને યંત્રો રૂ.8,88,000, સ્ટૉક રૂ. 3,60,000, દેવાદારો રૂ. 5,84,400

(2) સંશોધન અને વિકાસ ખર્ચ તથા નફાનુકસાન ખાતું માંડી વાળવાનું છે.

(3) ફ્રિહોલ્ડ મિલકતો કે જેની ચોપડે કિંમત રૂ. 72,000 છે, તે ડિબેન્ચરહોલ્ડર્સએ રૂ. 1,68,000ની નક્કી કરેલી કિંમતે, તેમની મૂળરકમના લેણાંના ભાગરૂપે લઈ લીધી અને બાકીની ફ્રિહોલ્ડ મિલકતોની કિંમત રૂ. 4,80,000 આંકવામાં આવી.

(4) રોકાણો રૂ. 2,64,000 ની કિંમતે આંકવામાં આવ્યાં અને તે તારણવાળી લોનના લેણદારો એ લઈ લીધાં અને વધારાના રૂ.24,000 કંપનીને પરત કર્યા છે.

(5) રૂ.2,160,00ના લેણદારોએ, ગીરો હકવાળા વાર્ષિક 12% વ્યાજના રૂ. 1,86,000ના નવાં ડિબેન્ચર્સ, તેમનાં લેણાં પેટે સ્વીકાર્યા. રૂ. 1,20,000નાં લેણદારોને 15% વટાવે રોકડ ચૂકવી આપી.

(6) દરેક ઇક્વિટી શેર રૂ.1 સુધી ઘટાડવો અને દરેક પ્રેફરન્સ શેર રૂ. 8 સુધી ઘટાડવો.

(7) યોજના અમલમાં મૂકવા અંગેનો ખર્ચ રૂ.42,000 થયો અને તે માંડી વાળવાનો છે.

(8) ઇક્વિટી શેરહોલ્ડર્સએ, પ્રત્યેક એક ઇક્વિટીશેરદીઠ, નવા બે ઇક્વિટી શેર, દરેક રૂ.1નો એક તેવા ખરીદવાનું સ્વીકાર્યું.

મૂડી ઘટાડાની યોજનાની વિગતો ધ્યાનમાં રાખીને કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખી નવું પાકું સરવૈયું તૈયાર કરો તેમ જ મૂડી ઘટાડા ખાતું પણ તૈયાર કરો.

**જવાબ :**

મૂડી ઘટાડા ખાતે જમા રૂ. 22,32,000 (પ્રેફરન્સ શેરમૂડી રૂ. 2,40,000 + ઇક્વિટી શેરમૂડી રૂ. 16,20,000 + ફ્રિ હોલ્ડ મિલકતોના કુલ રૂ. 2,40,000 (96,000 + 1,44,000) + રોકાણો રૂ. 84,000 + લેણદારો રૂ. 48,000). મૂડી ઘટાડાનો ઉપયોગ રૂ. 22,32,000 (પ્લાન્ટ અને યંત્રો રૂ. 5,91,600 + સ્ટૉક રૂ. 1,50,000 + દેવાદારો રૂ. 56,400 + સંશોધન અને વિકાસ ખર્ચા રૂ. 2,16,000 + નફાનુકસાન ખાતે રૂ. 11,76,000 + મૂડી ઘટાડા ખર્ચ રૂ. 42,000). પાકા સરવૈયાનો સરવાળો રૂ. 25,52,400 જેમાં બેંક સિલકની બાકી રૂ. 2,40,000 થશે.)

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાય: પરમં તપ:
સ્વાધ્યાય: પરમં તપ:
સ્વાધ્યાય: પરમં તપ:

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

BAOU
Education for All

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

દ્વિતીય વર્ષ બી.કોમ.

BCCOAN204

# કંપનીના હિસાબો



બ્લોક-૩

BAOU Education for All

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી
(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

# દ્વિતિય વર્ષ બી.કોમ.
# BCCOAN204
# કંપનીના હિસાબો

## વિભાગ

# 3


| | | |
|---|---|---|
| **એકમ-9** | **સામાન્ય વીમા કંપનીના હિસાબો** | **3-34** |
| **એકમ-10** | **ડિબેન્ચર મૂડી પરતનાં હિસાબો** | **35-76** |
| **એકમ-11** | **કંપનીઓનું વિલીનીકરણ અને કંપનીના ધંધાની ખરીદી (કંપનીના સંયોજનના હિસાબો)** | **77-160** |
| **એકમ-12** | **કંપનીઓનું વિલીનીકરણ અને કંપનીના ધંધાની ખરીદી (કંપનીના સમાવેશના હિસાબો)** | **161-204** |
| **એકમ-13** | **કંપનીના બાહ્ય પુનઃ રચનાના હિસાબો** | **205-254** |
| **એકમ-14** | **લિક્વિડેટરના હિસાબો** | **255-312** |

લેખન :
ડૉ. મનોજ દવે — પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,
શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.
ડૉ. ભરત આચાર્ય — પ્રિન્સીપાલ,
શ્રી સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.
ડૉ. પાર્થ ભટ્ટ — આસિસ્ટન્ટ પ્રોફેસર,
આર.સી.કોલેજ ઓફ કોમર્સ, અમદાવાદ.
ડૉ. મનીષ ચુડાસમા — આસિસ્ટન્ટ પ્રોફેસર,
શ્રી એમ.પી.એન્ડ બી.એ.પટેલ ઉમિયા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ,
અમદાવાદ.

પરામર્શક(વિષય) :
પ્રો. (ડૉ.) મનોજ શાહ — પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
ડૉ. દિપક રાસ્તે — એસોસિયેટ પ્રોફેસર,
સહજાનંદ વાણીજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ.
ડૉ. મનોજ દવે — પ્રોફેસર & હેડ, ડીપાર્ટમેન્ટ ઓફ એકાઉન્ટન્સી,
શ્રી પી.ડી. માલવિયા કોલેજ ઓફ કોમર્સ, રાજકોટ.

પરામર્શક(ભાષા) :
શ્રી ઘનશ્યામ કે ગઢવી — નિવૃત્ત આચાર્ય,
સાર્વજનિક કોલેજ, મહેસાણા.
શ્રી ધ્વનિલ પારેખ — સહ પ્રાધ્યાપક,
મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગુજરાત વિદ્યાપીઠ, સાદરા.
ડૉ. દિનેશ ભદ્રેસરિયા — આસિસ્ટન્ટ પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.
શ્રી દિવ્યેશ વ્યાસ — આસિસ્ટન્ટ પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

સંપાદન :
પ્રો. (ડૉ.) મનોજ શાહ — પ્રોફેસર & નિયામક, સ્કૂલ ઓફ કોમર્સ એન્ડ મૅનેજમૅન્ટ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

પ્રકાશક :
ડૉ. ભાવિન ત્રિવેદી — કાર્યકારી કુલસચિવ,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.

આવૃત્તિ : જૂન 2021 સુધારેલ પુનઃ આવૃત્તિ (નવો અભ્યાસક્રમ)

ISBN : 978-93-5598-002-1

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ-સામગ્રીનો કોઈપણ સ્વરૂપમાં ધંધાધારી ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

એકમ 9

# સામાન્ય વીમા કંપનીના હિસાબો
# (Accounts of General Insurance Companies)

## : રૂપરેખા :

9.1 ઉદ્દેશો

9.2 પ્રસ્તાવના

9.3 વીમાનો અર્થ અને વ્યાખ્યા

9.4 લક્ષણો

9.5 વીમાના પ્રકારો

9.6 જિંદગીના વીમા અને સામાન્ય વીમા વચ્ચેનો તફાવત

9.7 પુનઃ વીમા

9.8 સામાન્ય વીમો લેવાની વિધિ

9.9 વીમાના ધંધાને લગતી કાયદાકીય જોગવાઈ

9.10 આચાર સંહિતા

9.11 હિસાબો

9.12 પારિભાષિક શબ્દો

9.13 વીમા કંપનીનું મહેસૂલી ખાતું તૈયાર કરતી વખતે તેના ભાગરૂપે તૈયાર કરવાના પરિશિષ્ટ

- સ્વાધ્યાય

## 9.1 ઉદ્દેશો

આ પ્રકરણનો અભ્યાસ કર્યા પછી એવી અપેક્ષા રાખવામાં આવે છે કે તમે

- વીમાના પ્રકારો વિશે જાણી શકશો.
- જિંદગીના વીમા અને સામાન્ય વીમા વચ્ચેનો તફાવત જાણી શકશો.
- સામાન્ય વીમો લેવાની વિધિ વિશે જાણી શકશો.
- પુનઃ વીમા અને તેના પ્રકાર વિશે જાણી શકશો
- વીમાના ધંધા અંગેના હિસાબો તેમજ વિવિધ ફોર્મના નમૂના વિશે માહિતી મેળવી શકશો.
- વીમાના ધંધા અંગેની કાયદાકીય તેમજ અન્ય જોગવાઈઓની માહિતીગાર થઈ શકશો.
- વીમાના ધંધા અંગેની આચારસંહિતા વિશે જાણી શકશો.
- આપેલી માહિતી પરથી સામાન્ય વીમા કંપનીનું મહેસૂલી ખાતું તૈયાર કરી શકશો.

## 9.2 પ્રસ્તાવના :

સાદી ભાષામાં કહીએ તો વીમો એટલે નાણાંકીય નુકસાન ભરપાઈ કરવા અંગેનો કરાર. દરેક મનુષ્ય એ તેની રોજબરોજની જિંદગીમાં વિવિધ પ્રકારના જોખમોનો સામનો કરવો પડતો હોય છે જેમ કે મૃત્યુ, અકસ્માત, આગમાં મિલકતો નાશ પામવી, કુદરતી આફતો જેવી કે ધરતીકંપ, પૂર દરિયાઈ તોફાનો વગેરેમાં મિલકતો નાશ પામે છે કે નુકસાન પામે છે આ ઉપરાંત ચોરી લૂટફાટ, રોડ અકસ્માત વગેરે જોખમો રહેલાં છે. આવાં જોખમોને લીધે વ્યક્તિને આર્થિક નુકસાન થાય છે. વીમો આવાં જોખમો સામે રક્ષણ આપે છે. જો કે વીમો આવાં જોખમો અટકાવી શકતો નથી પરંતુ આવાં જોખમોને લીધે ઉદ્ભવેલ નુકસાન ભરપાઈ કરી આપે છે.

વીમો એ બે પક્ષકારો વચ્ચેનો કરાર છે. વીમો ઉતારનાર વીમા કંપની (Insurer) અને વીમો લેનાર (Insured). આ વીમા કરાર અન્વયે વીમો ઉતારનાર (વીમા કંપની) એ બીજા પક્ષકાર કે જેણે વીમો ઉતરાવ્યો છે, તેને નુકસાન ભરપાઈ કરી આપવાનું વચન આપે છે. અલબત્ત આ માટે વીમો

ઉતરાવનાર વ્યક્તિએ વીમા કંપનીને અમૂક ચોક્કસ રકમ આપવી પડે છે, જેને પ્રીમિયમ કહેવામાં આવે છે. વીમા કરાર અન્વયે જે નુકસાન ભરપાઈ કરી આપવાનું હોય છે તે નુકસાન વળતરની રકમ અગાઉથી નક્કી થયેલી હોય છે.

વીમો ઉતારનાર (વીમા કંપની) અને વીમો લેનાર વચ્ચેનો જે કરાર થાય છે તે દસ્તાવેજને 'વીમા પોલીસી' કહેવામાં આવે છે.

## 9.3 વીમાનો અર્થ - વ્યાખ્યા

વીમો એ બે પક્ષકારો, વીમો લેનાર અને વીમો ઉતારનાર કંપની વચ્ચેનો લેખીત કરાર છે. આ કરાર અન્વયે વીમો ઉતારનાર વીમા કંપની અમૂક ચોક્કસ રકમના (અવેજ) બદલામાં (પ્રીમિયમના બદલામાં) વીમો લેનારને થયેલ આર્થિક નુકસાન ભરપાઈ કરી આપવાનું વચન આપે છે. આવા વીમા કરારને 'વીમા પોલિસી' તરીકે ઓળખવામાં આવે છે.

વીમો ઉતરાવનારને પોલીસી હોલ્ડર (Policy holder) કહેવામાં આવે છે.

## 9.4 લક્ષણો

(1) વીમામાં બે પક્ષકારો હોય છે :

(1) વીમો લેનાર અને (2) વીમો ઉતરાવનાર

(2) વીમાનો કરાર લેખિત સ્વરૂપમાં હોય છે. જેના લેખિત દસ્તાવેજને વીમા પોલીસી કહેવામાં આવે છે.

(3) વીમા કરાર એ વીમો ઉતારવનારને ભવિષ્યમાં થનાર આર્થિક નુકસાન ભરપાઈ કરી આપવાનું વચન છે.

(4) વીમો ઉતરાવનાર વ્યક્તિ એ જેટલી રકમનો વીમો ઉતરાવ્યો હોય તેની સામે નક્કી કરેલી રકમ વીમાં કંપનીને આપવી પડે છે, જેને પ્રીમિયમ કહેવામાં આવે છે.

## 9.5 વીમાના પ્રકારો (Types of Insurance)

વીમાના ઘણા બધા પ્રકારો છે. જેમ કે જિંદગીનો વીમો, મિલકતનો વીમો, દરિયાઈ વીમો, આગનો વીમો, અકસ્માતનો વીમો, વગેરે

અભ્યાસની સરળતાની દૃષ્ટિ એ આપણે વીમાના બે પ્રકાર પાડીશું :

(A) જિંદગીનો વીમો (Life Insurance)

(B) સામાન્ય વીમો (General Insurance)

### (A) જિંદગીનો વીમો (Life Insurance)

સામાન્ય રીતે જિંદગીનો વીમો લાંબી મુદત માટેનો હોય છે. જિંદગીના વીમા અંતર્ગત વીમા કંપની વીમો ઉતરાવનારને વીમાની મુદતના અંતે એટલે કે જેટલી મુદત માટેનો વીમો ઉતરાવ્યો હોય તે મુદત પૂરી થાય ત્યારે નક્કી કરેલી રકમ ચૂકવી આપે છે. જો મુદત પુરી થાય તે પહેલાં વીમો ઉતરાવનાર વ્યક્તિનું મૃત્યુ થાય ત્યારે તે સમયે વીમો ઉતરાવનાર વ્યક્તિના કાયદેસરના વારસદારોને વીમા કંપની વીમાની રકમ ચૂકવી આપે છે.

જિંદગીના વીમામાં વીમો ઉતરાવનાર વ્યક્તિએ વીમા કંપનીને નક્કી કરેલી રકમ ચૂકવવી પડે છે, જેને પ્રીમિયમ કહેવામાં આવે છે. આવા પ્રીમિયમ રકમ વાર્ષિક, છ માસિક, ત્રિમાસિક, કે માસિક ચૂકવી શકાય છે.

જિંદગીના વીમાના બે પ્રકાર પાડી શકાય છે :

(i) આજીવન વીમો (Whole Life Insurance) અને

(ii) હયાતીનો વીમો (Endowment Insurance)

આજીવન વીમામાં વીમો ઉતરાવનાર વ્યક્તિએ આજીવન કે અમૂક મુદત સુધી પ્રીમિયમ ભરવું પડે છે. વીમો ઉતરાવનાર વ્યક્તિને વીમાની રકમ મળતી નથી પરંતુ તેના મૃત્યુ બાદ તેના વારસદારોને વીમાકંપની દ્વારા વીમાની રકમ ચૂકવવામાં આવે છે.

હયાતીના વીમામાં વીમાની મુદતના અંતે વીમાકંપની દ્વારા વીમો ઉતરાવનાર વ્યક્તિને વીમાની

રકમ ચૂકવી આપવામાં આવે છે. જો વીમાની મુદત પહેલાં વીમો ઉતરાવનાર વ્યક્તિનું મૃત્યું થાય તો તેના કાયદેસરના વારસદારોને વીમા કંપની દ્વારા વીમાની રકમ ચૂકવી આપવામાં આવે છે. વીમો ઉતરાવનારે નક્કી કરેલી મુદત સુધી (વીમાની મુદત) પ્રીમિયમ ચૂકવવાનું હોય છે.

જીવન વીમા પોલીસી નફા સહિતની કે નફા રહિત હોઈ શકે છે. નફા સહિતની પોલીસીમાં વીમાધારક (Policy holder) ને વીમા પોલીસીની રકમ ઉપરાંત વીમાકંપનીના નફામાં પણ ભાગ આપવામાં આવે છે, જે વીમાધારકના ખાતે બોનસના સ્વરૂપમાં જમાં કરવામાં આવે છે.આવું બોનસ દર હજાર રૂપિયાની વીમા રકમ પર ગણવામાં આવે છે. અલબત્ત આવા બોનસની રકમ વીમા પોલીસીની પાકતી મુદતે વીમાની રકમ સાથે ચૂકવવામાં આવે છે.

નફા-રહિતની વીમા પોલીસીમાં પોલીસી ધારકોને માત્ર વીમા પોલીસીની રકમ જ ચૂકવાય છે. બોનસ ચૂકવાતું નથી એટલે કે વીમા કંપનીના નફામાં ભાગ આપવામાં આવતો નથી.

**(B) સામાન્ય વીમો (General Insurance)**

જીવન વીમા સિવાયના તમામ વીમાનો સમાવેશ સામાન્ય વીમામાં કરી શકાય.

સામાન્ય વીમામાં નીચે મુજબના વીમાનો સમાવેશ થાય છે :

(i) આગનો વીમો, (ii) દરિયાઈ વીમો, (iii) અન્ય વીમો કે પરચૂરણ વીમો

**(i) આગનો વીમો (Fire Insurance) :**

આગના વીમાના કરારમાં, વીમા કંપની દ્વારા વીમો ઉતરાવનારને આગમાંથી થયેલ નુકસાનની રકમ ભરપાઈ કરી આપવામાં આવે છે. આ બાંયધરીનો કરાર છે, જેમાં વીમો ઉતરાવનાર વ્યક્તિ વીમાની રકમ કરતાં વધુ રકમનો દાવો કરી શકે નહીં. વીમાનો હેતુ માત્ર નુકસાન ભરપાઈ કરી આપવાનો છે.

**(ii) દરિયાઈ વીમો (Marine Insurance) :**

દરિયાઈ વીમો એટલે માલવાહક જહાજના માલિક અને વીમા કંપની વચ્ચેની સમજૂતી કે કરાર આવા વીમા કરાર અંતર્ગત વીમા કંપની દ્વારા માલવાહક જહાજના માલિકને માલના વહન દરમિયાન લઈને માલ પોર્ટ પર સલામત રીતે પહોંચે ત્યાં સુધીના સમય દરમિયાન જો કોઈ નુકસાન જાય તો આવું નુકસાન વીમા કંપની દ્વારા ભરપાઈ કરી આપવામાં આવે છે.

**(iii) અન્ય વીમો કે પરચૂરણ વીમો (Miscellaneous Insurance) :**

અન્ય વીમામાં અકસ્માતનો વીમો, ઘરફોડ ચોરીનો વીમો, ત્રાહિત કે ત્રીજા પક્ષનો વીમો, પાકનો વીમો, ઢોરનો વીમો, વફાદારીનો વીમો, કામદાર અકસ્માત વળતરનો વીમો નફાના નુકસાનનો વીમો વગેરે વીમાનો સમાવેશ થાય છે.

અત્રે એ નોંધવું જરૂરી છે કે સામાન્ય વીમાની મુદત હંમેશાં એક વર્ષ માટેની જ હોય છે અને વીમા કંપની દ્વારા વીમો ઉતરાવનારને નુકસાન તો જ ભરપાઈ કરી આપવાનું હોય છે કે જ્યારે વીમાની મુદત દરમિયાન વીમો ઉતરાવનારને નુકસાન થાય. વીમો ઉતરાવનારે દર વર્ષે ફરીથી વીમો ઉતરાવવો પડે (રિન્યુ કરાવવો પડે)

## 9.6 જિંદગીના વીમા અને સામાન્ય વીમા વચ્ચેનો તફાવત

| | જિંદગીનો વીમો (જીવન વીમો) | સામાન્ય વીમો |
|---|---|---|
| (1) | જિંદગીનો વીમાની લાંબી મુદત માટે નો હોય છે. | સામાન્ય વીમાની મુદત એક વર્ષ માટેની હોય છે. |
| (2) | સામાન્ય રીતે જીવનવીમાના નવીનીકરણ (Renewal) વિશે કોઈ જોગવાઈ નથી. | સામાન્ય વીમાની મુદત માત્ર એક વર્ષની હોવાથી દર વર્ષે વીમાનું નવીનીકરણ (Renewal) કરાવવું પડે છે. |
| (3) | જીવનવીમા પોલીસીનાં નાણાં વીમાની મુદત પૂરી થતાં અથવા | સામાન્ય વીમાનાં નાણાં જ્યારે વીમેદાર વ્યક્તિને ખરેખર |

| | |
|---|---|
| વીમેદાર વ્યક્તિનું મૃત્યુ થાય, બે માંથી જે ઘટના પ્રથમ બને ત્યારે ચૂકવાય છે. | નુકસાન જાય ત્યારે પોલીસીના નિયમો અને જોગવાઈઓને આધીન નાણાં ચૂકવાય છે. |
| (4) જીવન વીમો એ બાંયધરીનો કરાર કહી શકાય | જ્યારે સામાન્ય વીમો એ નુકસાન વળતરનો કરાર છે. એટલે નુકસાન જેટલાં નાણાં ચૂકવાય છે. |
| (5) જીવન વીમો નાણાકીય લાભો સાથે બચતોને પ્રોત્સાહન આપે છે. | સામાન્ય વીમામાં બચતોને પ્રોત્સાહન મળતું નથી. |
| (6) જીવન વીમા પોલીસી ગમે ત્યારે બંધ કરાવી શકાય અથવા તેને શરણ કરાવી શકાય છે. | સામાન્ય વીમા પોલીસીમાં તેમ કરી શકાતું નથી. |

## 9.7 પુનઃ વીમો (Re - Insurance)

કેટલીક વાર વીમો લેનાર વીમા કંપનીને તેણે લીધેલ જોખમ વધારે લાગે તો તે સંજોગોમાં વીમા કંપની તેણે લીધેલ જોખમને ઓછું કરવા માટે બીજી વીમા કંપનીને વીમો આપી દે છે આને પુનઃ 'વીમોનો કરાર' કહેવામાં આવે છે. પુનઃ વીમાના કરાર મૂળ વીમાદાર ને અસર કરતો નથી કારણ કે નુકસાન થાય તો મૂળ વીમાદાર પ્રથમ વીમા કંપની પાસેથી જ દાવો વસૂલ કરે છે. પ્રથમ વીમા કંપની વીમાદારને રકમ ચૂકવ્યા પછી બીજી વીમા કંપની કે જેને પુનઃ વીમો આપ્યો હોય તેની પાસેથી પ્રમાણસર વળતર મેળવે છે.

પુનઃ વીમાના બે પ્રકાર છે :

(1) આપેલ પુનઃ વીમો (Re Insurance ceded)

(2) સ્વીકારેલ પુનઃ વીમો (Re - insurance accepted)

### 1. આપેલ પુનઃ વીમો (Re- insurance Ceded) :

જ્યારે વીમા કંપનીને તેણે લીધેલ જોખમ વધારે લાગે તો તે જોખમ ઓછું કરવા તે બીજી વીમા કંપનીને વીમો આપી દે છે, તેને આપેલ પુનઃવીમો કહે છે.

આપેલ પુનઃ વીમાનું પ્રીમિયમ એ વીમા કંપનીની આવકમાં ઘટાડો કરે છે. કારણ કે તેણે બીજી વીમા કંપનીને પુનઃ વીમા પ્રીમિયમ આપવું પડે છે.

### 2. સ્વીકારેલ પુનઃ વીમો (Re - Insurance Accepted) :

કેટલીક વાર વીમા કંપની તેનો ધંધો વધારવા માટે બીજી વીમા કંપની પાસેથી વીમો સ્વીકારે છે. તેને સ્વીકારેલ પુનઃ વીમો કહેવામાં આવે છે. સ્વીકારેલ પુનઃ વીમા પ્રીમિયમ વીમા કંપનીની આવકમાં વધારો સૂચવે છે.

ભારતમાં સામાન્ય વીમાનું રાષ્ટ્રીયકરણ થયા પછી પુનઃ વીમાની કોઈ શકયતા રહેતી નથી.

## 9.8 સામાન્ય વીમો લેવાની વિધિ :

સામાન્ય વીમો લેવાની પ્રક્રિયા કે વિધિ પણ લગભગ જીવન વીમો લેવાની વિધિ જેવી જ છે. વીમો લેનાર વ્યક્તિએ કંપનીના માન્ય એજન્ટ દ્વારા દરખાસ ફોર્મ (Proposalform) ભરીને વીમા કંપનીને મોકલવું પડે છે, જેમાં વીમો લેનાર વ્યક્તિનું નામ, તેનું સરનામું, વીમા વસ્તુનો પ્રકાર, તેનું મૂલ્ય કે કિંમત, જોખમનો પ્રકાર, પોલીસની રકમ, પ્રીમિયમની રકમ વગેરે વિગતો દર્શાવવામાં આવે છે.

વીમો લેનાર વ્યક્તિ દરખાસ્તફોર્મની જોડે નક્કી કરેલી પ્રીમિયમની રકમ ભરી દે એટલે તરત જ વીમાનો કરાર અસ્તિત્વમાં આવે છે. વીમા કરારના દસ્તાવેજને વીમા પોલીસી કહેવામાં આવે છે.

## 9.9 વીમાના ધંધાને લગતી કાયદાકીય જોગવાઈઓ :

જાહેર જનતાના હિતો ને ધ્યાનમાં રાખીને 1938નો વીમાનો કાયદો (Insurance Act,. 1938) પસાર કરવામાં આવ્યો. ત્યાર પછી 1950માં તેમાં સુધારા કરવામાં આવ્યા 1968માં પણ સુધારો કરવામાં આવ્યો.

સામાન્ય વીમા ક્ષેત્રે જોડાયેલી તમામ કંપનીઓનું 1972માં રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને આ માટે The General Insurance Corporation of India ની સ્થાપના કરવામાં આવી. વીમા અંગેના કાયદામાં છેલ્લો સુધારો 2015 માં કરવામાં આવ્યો.

**IRDA (ઈરડા) (Insurance Regulartory and Devlopment Authority of India)**

વીમા ધારકોના હિતોના રક્ષણ માટે તેમજ વીમાના ધંધાના વિકાસ માટે ઈરડાની સ્થાપના કરવામાં આવી છે. જેનું મુખ્ય કામ વીમાના ધંધાનું નિયમન કરવાનું છે. ઈરડાની સ્થાપના 1999માં કરવામાં આવી.

**કમિશન (Commission) :**

વીમાનો ધંધો તેના એજન્ટ દ્વારા ચાલે છે એજન્ટ એ વીમા કંપની અને વીમો લેનાર વ્યક્તિ વચ્ચે મધ્યસ્થીનું કાર્ય કરે છે. આવા એજન્ટને વીમા કંપની દ્વારા કમિશન ચૂકવાય છે.

સામાન્ય વીમાના ધંધા અંગે એજન્ટોને કેટલું કમિશન આપી શકાય તે અંગેની જોગવાઈ કરવામાં આવેલી છે. ઈરડા (IRDA) ની જોગવાઈઓ અનુસાર સામાન્ય વીમાના ધંધા સાથે સંકળાયેલી વીમા કંપની તેના એજન્ટોને પ્રીમિયમના 15 ટકા થી વધારે કમિશન આપી શકે નહી એટલે કે મહત્તમ કમિશનનો દર 15% રહેશે.

## 9.10 આચાર સંહિતા (Code of Conduct)

વીમાનો ધઁધામાં જાહેર જનતાનાં નાણાં રોકાયેલાં છે. આથી વીમાના ધંધામાં લોકોનો વિશ્વાસ જળવાઈ રહે તે માટે કેટલીક આચારસંહિતા ઘડવામાં આવી છે. આવી આચારસંહિતા જનરલ ઈન્સ્યોરન્સ કાઉન્સીલની વહીવટી સમિતિ દ્વારા ઘડવામાં આવી છે, જે સામાન્ય વીમાના ધંધા સાથે સંકળાયેલી તમામ વીમા કંપનીઓને લાગુ પડે છે.

આચારસંહિતા અંગેના નિયમો નીચે પ્રમાણે છે :

**(1) બાકી જોખમ માટેનું અનામત કે ભાવિ જોખમ અંગેનું અનુમાન (Reserve of Unepired Risk)**

સામાન્ય રીતે દરેક વીમા કંપનીએ તેનો નફો નક્કી કરતાં અગાઉ ભવિષ્યની આકસ્મિકતાઓ માટે અમૂક રકમ અનામત રાખવી ફરજિયાત છે. જેને બાકી જોખ માટેનું અનામત કહે છે. આ માટેના નિયમો નીચે મુજબ છે :

| વીમાના ધંધાનો પ્રકાર | બાકીના જોખમ અંગેના અનામત તરીકે રાખવાની રકમ |
|---|---|
| (i) દરિયાઈ વીમો | ચોખ્ખા પ્રીમિયમની આવકના 100% |
| (ii) આગનો વીમો | ચોખ્ખા પ્રીમિયમની આવકના 50% |
| (iii) પરચૂરણ વીમો | ચોખ્ખા પ્રીમિયમની આવકના 50% |

(2) દરેક વીમા કંપની માટે લઘુત્તમ સલામતી ગાળા (Minimum Security Margin) જેટલી રકમ રાખવી જરૂરી છે.

વીમા કંપનીની મિલકતો તેના દેવાં કરતાં વધારે હોવી જોઈએ આવા મિલકતોનો દેવાં પરનો વધારો રૂ. 5 લાખ કે ચોખ્ખા પ્રીમિયમની આવકના 10% બેમાંથી જે વધુ હોય તેટલો હોવો જોઈએ આને લઘુત્તમ સલામતી ગાળો કહે છે.

## 9.11 હિસાબો (Accounts) :

દરેક વીમા કંપનીએ તેના હિસાબી વર્ષને અંતે તેના હિસાબ નક્કી કર્યા મુજબના ફોર્મેટમાં તૈયાર કરવાના હોય છે.

વીમા કંપનીએ મહેસૂલી ખાતું, નફા-નુકસાન ખાતું અને પાકું સરવૈયું તૈયાર કરવાનાં હોય છે. જેના નક્કી કર્યા મુજબના નમૂના નીચે મુજબ છે :

**મહેસૂલી ખાતું (Revenue Account)**

દરેક વીમા કંપનીએ તેના દરેક પ્રકારના ધંધા અંગે અલગ મહેસૂલી ખાતું તૈયાર કરવાનું હોય છે. મહેસૂલી ખાતામાં જે તે હિસાબી વર્ષની આવકો અને જે તે હિસાબી વર્ષના ખર્ચા દર્શાવવામાં આવે છે.

મહેસૂલી ખાતાનો નમૂનો ફોર્મ B-RA નીચે મુજબ છે.

**ફોર્મ B-RA**

**............. વીમા કંપનીનું તા. 31મી માર્ચ ..................... ના રોજ**

**પૂરા થતાં વર્ષનું મહેસુલી ખાતું ...............**

| વિગત | પરિશિષ્ટ નંબર | ચાલુ વર્ષ રૂ(000) | પાછલું વર્ષ રૂ. (000) |
|---|---|---|---|
| 1. કમાયેલ પ્રીમિયમ (ચોખ્ખું) | 1 | ✓ | ✓ |
| 2. રોકાયેલ વેચાણનો નફો | | ✓ | ✓ |
| 3. અન્ય (વિગતો જણાવવી) | | ✓ | ✓ |
| 4. વ્યાજ, ડિવિડન્ડ, ભાડું (કુલ) | | ✓ | ✓ |
| કુલ (A) | | ✓ | ✓ |
| 1. ચૂકવેલ દાવા (ચોખ્ખા) | 2 | ✓ | ✓ |
| 2. કમિશન | 3 | ✓ | ✓ |
| 3. વીમાના ધંધાને લગતા | 4 | ✓ | ✓ |
| કામગીરી / વહીવટી ખર્ચા | | ✓ | ✓ |
| 4. અન્ય (વિગતો જણાવવી) | | ✓ | ✓ |
| કુલ (B) | | ✓ | ✓ |
| કામગીરી નફો - આગ / દરિયાઈ / પરચૂરણ વિભાગના ધંધાનો | | | |
| (A-B) | | ✓ | ✓ |

**નફા - નુકસાનખાતું (ફોર્મ B-PL)**

વીમાં કંપનીનું નામ ...........................................................

ઈરડા (IRDA) પાસે નોંધણી નંબર અને તારીખ

તા. 31મી માર્ચ ................ ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું.

| વિગત | ચાલુ વર્ષ રૂ. (000) | પાછલું વર્ષ રૂ. (000) |
|---|---|---|
| 1. કામગીરી નફો / (ખોટ) | | |
| (અ) આગનો વીમો | ✓ | ✓ |
| (બ) દરિયાઈ વીમો | ✓ | ✓ |
| (ક) પરચૂરણ વીમો | ✓ | ✓ |
| 2. રોકાણોની આવક : | | |
| (અ) વ્યાજ, ડિવિડન્ડ અને ભાડું (કુલ) | ✓ | ✓ |
| (બ) રોકાણના વેચાણ પર નફો | ✓ | ✓ |
| બાદ : રોકણોના વેચાણ પર ખોટ | | |
| 3. અન્ય આવકો (વિગતો જણાવવી) | ✓ | ✓ |
| કુલ (A) | ✓ | ✓ |

| | | |
|---|---|---|
| 4. જોગવાઈઓ (કરવેરા સિવાયની) | | |
| (અ) રોકાણોના મૂલ્યમાં ઘટાડા માટે | ✓ | ✓ |
| (બ) અન્ય (વિગતો જણાવવી) | ✓ | ✓ |
| 5. અન્ય ખર્ચા : | | |
| (અ) વીમાના ધંધા સિવાયના ખર્ચા | ✓ | ✓ |
| (બ) અન્ય (વિગતો જણાવવી) | ✓ | ✓ |
| કુલ (B) | ✓ | ✓ |
| 1. કરવેરા પહેલાંનો નફો | ✓ | ✓ |
| 2. કરવેરાની જોગવાઈ | ✓ | ✓ |
| 3. કરવેરા બાદ નો નફો | ✓ | ✓ |
| બાદ : એક્ટ માટેનું અનામત | ✓ | ✓ |
| 4. ફાળવણી માટે મળી શકતો નફો | ✓ | ✓ |
| નફાની ફાળવણી (Appropriations) | | |
| (અ) વર્ષ દરમિયાન ચૂકવેલ વચગાળાનું ડિવિન્ડ | ✓ | ✓ |
| (બ) સૂચિત આખરી ડિવિડન્ડ | ✓ | ✓ |
| (ક) ડિવિડન્ડ વહેંચણી પરનો ટેક્સ | ✓ | ✓ |
| (ડ) કોઈ પણ અનામત ખાતે કે અન્ય ખાતે | ✓ | ✓ |
| ફેરબદલી કરેલ રકમ | ✓ | ✓ |
| પાછલા વર્ષમાંથી આગળ લાવેલ નફા / ખોટની બાકી | ✓ | ✓ |
| પાકા સરવૈયામાં લઈ ગયેલી બાકી | ✓ | ✓ |

**પાકું સરવૈયું ફોર્મ B-BS**

વીમા કંપનીનું નામ ..............................................................

ઈરડા (IRDA) પાસે નોંધણી નંબર અને તારીખ

**તારીખ 31 મી માર્ચ ના રોજનું પાકું સરવૈયું.**

| **વિગત** | **પરિશિષ્ટ નંબર** | **ચાલુ વર્ષ રૂ(000)** | **પાછલું વર્ષ રૂ. (000)** |
|---|---|---|---|
| ભંડોળની પ્રાપ્તિ : | | | |
| શેરમૂડી | 5 | ✓ | ✓ |
| અનામત અને વધારો | 6 | ✓ | ✓ |
| વાજબી મૂલ્ય ફેરફાર ખાતું | | ✓ | ✓ |
| (Fair Value Changed Account) | | | |
| ઉછીનાં નાણાં | 7 | ✓ | ✓ |
| **કુલ** | | ✓ | ✓ |
| **ભંડોળનો ઉપયોગ** | | | |
| રોકાણો | 8 | ✓ | ✓ |
| લોન | 9 | ✓ | ✓ |
| કાયમી મિલકતો | 10 | ✓ | ✓ |
| રોકડ અને બેંકની બાકીઓ | 11 | ✓ | ✓ |
| ધિરાણ અને અન્ય મિલકતો | 12 | ✓ | ✓ |

| | | | |
|---|---|---|---|
| પેટા સરવાળો (Sub Total) (A) | | ✓ | ✓ |
| ચાલુ જવાબદારીઓ કે દેવાં | 13 | ✓ | ✓ |
| જોગવાઈઓ | 14 | ✓ | ✓ |
| પેટા સરવાળો (Sub Total) (B) | | ✓ | ✓ |
| ચોખ્ખી ચાલુ મિલકતો (C) = (A-B) | | ✓ | ✓ |
| પરચૂરણ ખર્ચા (માંડી નહિ વાળેલા) | 15 | ✓ | ✓ |
| નફા-નુકસાન ખાતાની ઉધાર બાકી | | ✓ | ✓ |
| કુલ | | ✓ | ✓ |

ખાસનોંધ : અભ્યાસક્રમમાં માત્ર મહેસૂલી ખાતું તૈયાર કરવાને લગતા દાખલા અપેક્ષિત છે. પરંતુ વિદ્યાર્થી વીમા કંપનીના નફા-નુકસાન ખાતા તેમજ પાકાસરવૈયાને લગતી વિગતોથી માહિતીગાર થાય તે માટે ઉપરોક્ત ન.નુ. ખાતું અને પાકા સરવૈયાનું ફોર્મ આપેલ છે.

## 9.11 વિશિષ્ટ શબ્દો / પારિભાષિક શબ્દો / ચાવી રૂપ શબ્દો

**(1) પ્રીમિયમ (Premium) :**

વીમો ઉતરાવનાર વીમાદારે વીમા કંપનીને નક્કી કરેલી રકમ પ્રીમિયમ પેટે ચૂકવવી પડે છે. પ્રીમિયમની રકમનો આધાર વીમાવસ્તુની કિંમત, તેમાં રહેલું જોખમ વગેરે પર આધારિત છે. પ્રીમિયમ એ વીમા કંપનીની આવક તરીકે મહેસૂલી ખાતામાં દર્શાવવામાં આવે છે. જો વીમા કંપનીએ પુર્નવીમો સ્વીકાર્યો હોય તો સ્વીકારેલ વીમા પ્રીમીયમ એ પણ આવક ગણાય અને તેને પ્રીમિયમની આવકમાં ઉમેરવામાં આવે છે કેટલીકવાર વીમા કંપની પોતાનું જોખમ ઓછું કરવા વીમો બીજી વીમા કંપનીને આપી દે છે. તેટલું પ્રીમિયમ પણ તેણે બીજી વીમાં કંપનીને આપી દેવું પડે જે આપેલ પુર્નવીમા પ્રીમિયમ કહેવામાં આવે છે. આવું આપેલ પુર્નવીમા પ્રીમિયમ એ વીમા કંપનીની જાવક ગણાય આથી તેને પ્રીમિયમની આવકમાંથી બાદ કરવામાં આવે છે.

**(2) દાવાની રકમ / ચૂકવેલ દાવા (Claims)**

વીમા કંપની એ વર્ષ દરમિયાન દાવા પેટે જે રકમ ચૂકવવાની થાય તે ખર્ચ તરીકે મહેસૂલી ખાતામાં દર્શાવવામાં આવે છે જો વીમા કંપનીએ પુર્નવીમો સ્વીકાર્યો હોય તો તેને લગતા દાવા પણ વીમા કંપનીએ ચૂકવવા પડે આથી તેને દાવાની રકમમાં ઉમેરવામાં આવે છે એજ રીતે જો વીમા કંપનીએ પુર્નવીમો આપેલ હોય તો તેને લગતાં દાવા પણ વીમા કંપનીએ ચૂકવવા પડે આથી તેને દાવાની રકમમાં ઉમેરવામાં આવે છે. એજ રીતે જો વીમા કંપનીએ પુર્નવીમો આપેલ હોય તો તેને લગતાં દાવા વીમા કંપની અન્ય વીમા કંપની પાસેથી વસૂલ કરે છે અને તેટલે અંશે વીમા કંપનીનો ખર્ચ ઘટે આથી આપેલ પુર્નવીમા અંગે વસૂલ કરેલ દાવાની રકમ દાવાની કુલ રકમમાંથી બાદ કરવામાં આવે છે. એજ રીતે દાવાને લગતો કાનૂની ખર્ચ દાવાની રકમમાં ઉમેરાશે.

**(3) કમિશન (Commission)**

વીમા કંપનીનો ધંધો એજન્ટ દ્વારા ચાલે છે આથી એજન્ટને નક્કી કરેલા દરે વીમા કંપનીએ કમિશન ચૂકવવું પડે છે. સીધા ધંધા અંગે ચૂકવેલ કમિશન એ કંપનીનો ખર્ચ તરીકે મહેસૂલી ખાતામાં દર્શાવવામાં આવે છે. જો વીમા કંપનીએ પુર્નવીમો સ્વીકાર્યો હોય તો તેના પર પણ કમિશન ચૂકવવું પડે જે ખર્ચ ગણાય અને તેને કમિશનમાં ઉમેરવામાં આવે છે. આપેલ પુર્નવીમા પર વીમાકંપનીને કમિશન મળે છે જે કંપનીની આવક ગણાય તેને કમિશનની કુલ રકમમાંથી બાદ કરવામાં આવશે કારણ કે તેટલે અંશે કંપનીના કમિશનનો ખર્ચ ઘટશે.

**(4) વહીવટી ખર્ચા / કામગીરી ખર્ચા (Administration or Operating Expenses)**

વીમા કંપનીની કામગીરી કે વહીવટી ચલાવવા માટે જે ખર્ચા થાય તેને વહીવટી કે કામગીરી ખર્ચા તરીકે ઓળખવામાં આવે છે તેને મહેસૂલી ખાતામાં ખર્ચ તરીકે દર્શાવવમાં આવે છે. પગાર, તાર-ટપાલ, સ્ટેશનરી અને છપામણી ઓડીટ ફી, ગ્રેચ્યુઈટી પ્રો.ફંડમાં ફાળો ભાડું, કાનૂની ખર્ચા, જાહેરાત ખર્ચ વગેરેનો વહીવટી ખર્ચા તરીકે ઓળખવામાં આવે છે.

**(5) બાકી જોખમ માટેનું અનામત (Reserve for Unexpired Risk) :**

સામાન્ય વીમાનો ધંધો કરતી તમામ વીમા કંપનીઓ એ નફો કે નુકસાન નક્કી કરતાં પહેલાં આચારસંહિતા - નિયમ મુજબ અમૂક રકમ બાકી જોખમ અંગેના અનામત પેટે રાખવી ફરજિયાત છે આની હિસાબી વર્ષને અંતે દરિયાઈ વીમાના ધંધા સાથે સંકળાયેલી વીમા કંપનીએ પ્રીમિયમની આવકના 100% અને આગ વિભાગ કે પરચૂરણ વિભાગના ધંધા સાથે સંકળાયેલ વીમા કંપનીએ પ્રીમિયમની આવકના 50% જેટલી રકમ બાકી જોખમ અંગેના અનામત પેટે રાખવી પડે છે.

**(6) વધારાનું અનામત (Additional Reserve) :**

આચાર સંહિતા મુજબ બાકી જોખમ અંગેના અનામત ઉપરાંત કેટલીક વીમા કંપનીઓ વધારાનું અનામત પણ રાખે છે. અલબત્તા વધારાનું અનામત રાખવા અંગે કોઈ આચાર સંહિતા કે નિયમો નથી. સામાન્ય રીતે વીમા કંપનીઓ ચોખ્ખા પ્રીમિયમના 10 % જેટલી રકમ વધારાના અનામત પેટે રાખે છે. અલબત્ત આ અંગે કોઈ નિયમો નથી.

**(7) નો - ક્લેઈમ બોનસ (No Claim Bonus) અથવા પ્રીમિયમના ઘટાડા રૂપે બોનસ (Bonus Utilised in Reduction of Premium)**

સામાન્ય વીમાની પોલીસી હંમેશા એક વર્ષ માટેની જ હોય છે. વીમો ઉતરાવનાર વ્યક્તિએ વીમા વસ્તુ અંગે દર વર્ષે વીમો ફરીથી ઉતરાવવો પડે અને તે અંગે પ્રીમિયમ પણ ચૂકવવું પડે. જો વીમો ઉતરાવનાર વ્યક્તિ એ વર્ષ દરમિયાન કંપની સમક્ષ કોઈ દાવો કર્યો ન હોય તો તે વ્યક્તિ જ્યારે પછીના વર્ષે ફરીથી વીમો ઉતરાવે તો તે સંજોગોમાં વીમા કંપની દ્વારા તેને પ્રીમિયમની રકમના અમૂક ટકા રીબેટ કે વળતર આપવામાં આવે છે. એટલે કે વીમો ઉતરાવનારે તેટલું પ્રીમિયમ ઓછું ચૂકવવું પડે છે આને નો - ક્લેઈમ બોનસ કે પ્રીમિયમ ઘટાડા રૂપે બોનસ તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં સુધી દાવો ન થાય ત્યાં સુધી આવું નો - ક્લેઈમ બોનસ આપવામાં આવે છે અને વર્ષોવર્ષ આવા નો ક્લેઈમ બોનસનો દર વધતો રહે છે. નો ક્લેઈમ બોનસ વીમેદારને રોકડમાં આપવામાં આવતું નથી પરંતુ પછીના વર્ષે જે પ્રીમિયમ ભરવાનું થાય તેમાં ઘટાડો કરવામાં આવે છે. આથી તેને પ્રીમિયમના ઘટાડા રૂપે બોનસ પણ કહેવામાં આવે છે.

નો-ક્લેઈમ બોનસ હવાલા તરીકે આપેલું હોય તો મહેસૂલી ખાતું તૈયાર કરતાં તેની બે અસર આપવામાં આવે છે :

(1) પ્રીમિયમની આવકમાં ઉમેરાશે (પરિશિષ્ટ-1)

(2) મહેસૂલી ખાતામાં ખર્ચ તરીકે દર્શાવાશે.

## 9.12 વીમા કંપનીનું મહેસૂલી ખાતું તૈયાર કરતી વખતે તેના ભાગરૂપે તૈયાર કરવાનાં પરિશિષ્ટ

**પરિશિષ્ટ - 1**

**કમાયેલ પ્રીમિયમ (ચોખ્ખુ)**

| **વિગત** | **ચાલુ વર્ષ રૂ(000)** | **પાછલું વર્ષ રૂ. (000)** |
|---|---|---|
| સીધા ધંધા અંગે મળેલ પ્રીમિયમ | ✓ | ✓ |
| ઉમેરો : સ્વીકારેલ પુનઃ વીમા પ્રીમિયમ | ✓ | ✓ |
| બાદઃ આપેલ પુનઃ વીમા પ્રીમિયમ | ✓ | ✓ |
| ચોખ્ખું પ્રીમિયમ | ✓ | ✓ |
| બાકી જોખમ અંગેના અનામત અને વધારા ના અનામતમાં ફેરફારનો હવાલો | ✓ | ✓ |
| કમાયેલ ચોખ્ખું પ્રીમિયમ | ✓ | ✓ |

## પરિશિષ્ટ - 2

**ચૂકવેલ દાવા**

| વિગત | ચાલુ વર્ષ<br>રૂ. (000) | પાછલું વર્ષ<br>રૂ. (000) |
|---|---|---|
| વર્ષ દરમિયાન સીધા ધંધા અંગેના દાવા | ✓ | ✓ |
| ઉમેરો : સ્વીકારેલ પુર્નવીમા અંગે ચૂકવેલ દાવા | ✓ | ✓ |
| | ✓ | ✓ |
| બાદ : આપેલ પુર્નવીમા અંગે વસૂલ કરેલ દાવા (પુનઃ વીમા વસૂલાત) | ✓ | ✓ |
| | ✓ | ✓ |
| ઉમેરો : દાવાને લગતા કાનૂની ખર્ચા | ✓ | ✓ |
| કુલ ચૂકવેલ દાવા | ✓ | ✓ |

## પરિશિષ્ટ - 3

**કમિશન**

| વિગત | ચાલુ વર્ષ<br>રૂ. (000) | પાછલું વર્ષ<br>રૂ. (000) |
|---|---|---|
| સીધા ધંધા અંગે ચૂકવેલ કમિશન | ✓ | ✓ |
| ઉમેરો : સ્વીકારેલ પુર્ન વીમા કમિશન | ✓ | ✓ |
| બાદ : આપેલ પુર્નવીમા કમિશન | ✓ | ✓ |
| ચોખ્ખું કમિશન | ✓ | ✓ |

## પરિશિષ્ટ - 4

**વહીવટી ખર્ચા કે કામગીરી ખર્ચા**

| વિગત | ચાલુ વર્ષ<br>રૂ. (000) | પાછલું વર્ષ<br>રૂ. (000) |
|---|---|---|
| વહીવટી ખર્ચા | ✓ | ✓ |
| પગાર અને ભથ્થાં | ✓ | ✓ |
| ભાડું અને વેરા | ✓ | ✓ |
| છપામણી અને સ્ટેશનરી | ✓ | ✓ |
| કાનૂની ખર્ચા (દાવા સિવાયના) | ✓ | ✓ |
| ઓડીટ ફી | ✓ | ✓ |
| જાહેરાત ખર્ચ | ✓ | ✓ |
| અન્ય ખર્ચા | ✓ | ✓ |

**ઉદાહરણો :**

**ઉદાહરણ - 1**

એક સામાન્ય વીમા કંપનીના તા.31-3-2018ના રોજ પૂરા થતા વર્ષની 'પ્રીમિયમ' અંગે નીચેની માહતી આપેલી છે. તેના પરથી તમારે મહેસૂલી ખાતામાં દર્શાવવાનું કમાયેલ પ્રીમિયમનું પરિશિષ્ટ - 1 તૈયાર કરવાનું છે.

| | રૂ. |
|---|---|
| વર્ષ દરમિયાન મળેલ પ્રીમિયમ (સીધા ધંધા અંગે) | 5,00,000 |
| સ્વીકારેલ પુર્નવીમા પ્રીમિયમ | 50,000 |
| આપેલ પુર્નવીમા પ્રીમિયમ | 40,000 |
| તા. 31-3-2018 ના રોજ મળવાનું બાકી પ્રીમિયમ (સીધા ધંધા અંગે) | 20,000 |
| તા. 31-3-2017ના રોજ મળવાનું બાકી પ્રીમિયમ (સીધા ધંધા અંગે) | 10,000 |

**(અભ્યાસ માટે જુઓ સ્વાધ્યાયનો દાખલા નં-1)**

જવાબ :

**પરિશિષ્ટ - 1 કમાયેલ પ્રીમિયમ**

| | રૂ. |
|---|---|
| વર્ષ દરમિયાન સીધા ધંધા અંગે મળેલ પ્રીમિયમ | 5,00,000 |
| ઉમેરો : હિસાબી વર્ષના અંતે (તા. 31-3-18) મળવાનું બાકી પ્રીમિયમ | + 20,000 |
| | 5,20,000 |
| બાદઃ હિસાબી વર્ષની શરૂઆતમાં (તા. 31-3-17) ના રોજ મળવાનું બાકી પ્રીમિયમ | - 10,000 |
| | 5,10,000 |
| ઉમેરો : સ્વીકારેલ પુર્નવીમા પ્રીમિયમ | 50,000 |
| | 5,60,000 |
| બાદ : આપેલ પુર્નવીમા પ્રીમિયમ | - 40,000 |
| ચોખ્ખુ પ્રીમિયમ | 5,20,000 |

**ઉદાહરણ - 2**

એક સામાન્ય વીમા કંપનીના તા. 31-3-2018ના રોજ પૂરા થતાં વર્ષને લગતી માહિતી નીચે મુજબ છે. તેના પરથી મહેસૂલી ખાતામાં દર્શાવવાના ચૂકવેલ દાવાનું પરિશિષ્ટ - 2 તૈયાર કરો.

| | | |
|---|---|---|
| (1) | વર્ષ દરમિયાન સીધા ધંધા અંગે ચૂકવેલ દાવા | 2,50,000 |
| (2) | વર્ષ દરમિયાન પુર્નવીમા અંગે મળેલ દાવા | 90,000 |
| (3) | વર્ષની શરૂઆતમાં મળવાના બાકી દાવા | 15,000 |
| (4) | વર્ષની શરૂઆતમાં સીધા વેપાર અંગે ચૂકવવાના બાકી દાવો | 40,000 |
| (5) | વર્ષની શરૂઆતમાં પુનર્નવીમા અંગે ચૂકવવાના બાકી દાવા | 12,000 |
| (6) | વર્ષ આખરે મળવાના બાકી દાવા | 8,000 |
| (7) | વર્ષ આખરે સીધા વેપાર અંગે ચૂકવવાના બાકી દાવા | 50,000 |
| (8) | વર્ષ આખરે ચૂકવવાના બાકી દાવા - પુર્નવીમા અંગે | 15,000 |
| (9) | વર્ષ દરમિયાન પુર્નવીમાં અંગે ચૂકવેલ દાવા | 80,000 |
| (10) | દાવા અંગે કાનૂની ખર્ચા | 5,000 |

**(અભ્યાસ માટે જુઓ સ્વાધ્યાયનો દા.2)**

| સીધા ધંધા અંગે | રૂ. | રૂ. |
|---|---|---|
| વર્ષ દરમિયાન ચૂકવેલ દાવા | 2,50,000 | |
| ઉમેરો : વર્ષને અંતે ચૂકવવાના બાકી દાવા | 50,000 | |
| | 3,00,000 | |
| બાદ : વર્ષની શરૂઆતમાં ચૂકવવાના બાકી દાવા | 40,000 | 2,60,000 |
| ઉમેરો : સ્વીકારેલ પુર્ન વીમા અંગે | | |
| વર્ષ દરમિયાન ચૂકવેલ દાવા | 80,000 | |
| **ઉમેરા : વર્ષ ને અંતે ચૂકવવાના બાકી દાવા** | 15,000 | |
| | 95,000 | |
| બાદ : વર્ષની શરૂઆતમાં ચૂકવવાના બાકી દાવા | 12,000 | + 83,000 |
| | | 3,43,000 |
| બાદ : પુર્ન વીમા અંગે વસૂલ કરેલ કે મળેલ દાવા | 90,000 | |
| ઉમેરોઃ વર્ષ ને અંતે મળવાના બાકી દાવા | 8,000 | |
| | 98,000 | |
| **બાદ : વર્ષની શરૂઆતમાં મળવાના બાકી દાવા** | 15,000 | - 83,000 |
| | | 2,60,000 |
| ઉમેરા : દાવા અંગેનો કાનૂની ખર્ચ | | 5,000 |
| | | 2,65,000 |

**ઉદાહરણ - 3**

એક સામાન્ય વીમા કંપનીના ચોપડામાંથી તા. 31-3-2018ના રોજ પૂરા થતાા વર્ષની માહિતી નીચે મુજબ હતી. તેમાં પરથી મહેસૂલી ખાતામાં દર્શાવવા માટેનું પરિશિષ્ટ - 3 કમિશન તથા પરિશિષ્ટ - 4 વહીવટી ખર્ચા કે કામગીરી ખર્ચા તૈયાર કરો.

| | રૂ. |
|---|---|
| સ્ટાફનો પગાર | 2,00,000 |
| છપામણી અને સ્ટેશનરી | 40,000 |
| સીધા ધંધા અંગેનું કમિશન | 75,000 |
| પોસ્ટેજ ખર્ચ | 5,000 |
| સ્વીકારેલ પુર્નવીમા કમિશન | 15,000 |
| ભાડું અને વેરા | 10,000 |
| કાનૂની ખર્ચા (દાવા સિવાયના) | 4,000 |
| આપેલ પુર્નવીમા કમિશન | 10,000 |

**(અભ્યાસ માટે જુઓ સ્વાધ્યાયનો દાખલા નં.3)**

**જવાબઃ**

**પરિશિષ્ટ - 3, કમિશન**

| **વિગત** | **રૂ.** |
|---|---|
| સીધા ધંધા અંગેનું કમિશન | 75,000 |
| + સ્વીકારેલ પુર્નવીમા કમિશન | 15,000 |
| | 90,000 |
| - આપેલ પુર્નવીમા કમિશન | 10,000 |
| | 80,000 |

**પરિશિષ્ટિ - 4 વહીવટી ખર્ચા / કામગીરી ખર્ચા**

| **વિગત** | **રૂ.** |
|---|---|
| સ્ટાફનો પગાર | 2,00,000 |
| છપામણી અને સ્ટેશનરી | 40,000 |
| પોસ્ટેજ ખર્ચા | 5,000 |
| ભાડું અને વેરા | 10,000 |
| કાનૂની ખર્ચા | 4,000 |
| | 2,59,000 |

**ઉદાહરણ - 4**

નિયતી વીમા કંપની લિ.ના આગ વિભાગની નીચેની માહિતી પરથી તા. 31 મી માર્ચ 2018ના રોજ પૂરા થતાં વર્ષનું મહેસૂલી ખાતું તૈયાર કરો.

| **વિગત** | **રૂ.** |
|---|---|
| બાકી જોખમ માટેનું અનામત (તા. 31-3-2017) | 6,00,000 |
| વધારનું અનામત (તા. 31-3-2017) | 1,00,000 |
| ચૂકવવાના બાકી દાવા (તા. 31-3-2017) | 1,00,000 |
| ચૂકવવાના બાકી દાવા (તા. 31-3-2018) | 1,20,000 |
| ચૂકવેલ દાવા | 6,00,000 |
| સંચાલન ખર્ચા | 3,00,000 |
| મોટર વેચાણનું નુકસાન | 20,000 |
| મળેલ પ્રીમિયમ | 15,00,000 |
| આપેલ પુર્નવીમા પ્રીમિયમ | 160,000 |
| પુનર્વીમા વસૂલાત | 80,000 |
| સીધા ધંધા પર કમિશન | 1,00,000 |
| સ્વીકારેલ પુનઃવીમા કમિશન | 20,000 |
| આપેલ પુનઃવીમા કમિશન | 15,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ | 1,00,000 |
| ઉપરના પર કપાયેલ આવકવેરો | 30,000 |
| દાવા અંગેના કાનૂની ખર્ચા | 8,000 |
| ઘાલખાધ | 5,000 |

અન્ય માહિતી

(1) તા 31-3-2018ના રોજ બાકી જોખમ માટેનું અનામત આચાર સંહિતા મુજબ રાખવાનું છે. જ્યારે વધારાનું અનામત પ્રીમિયમની ચોખ્ખી આવકના 20% જેટલું રાખવાનું છે.

(2) પ્રીમિયમમાં ઘટાડા પેટે આપેલ બોનસ રૂ. 20,000 ની નોંધ થઈ નથી.

**(અભ્યાસ માટે જુઓ સ્વાધ્યાયનો દાખલા નંબર 4)**

**જવાબ :**

નિયતી વીમા કંપનીનું તારીખ 31-3-2018ના રોજ પૂરા થતાં વર્ષનું મહેસૂલી ખાતું (આગ વિભાગ)

| વિગત | | પરિશિષ્ટ નંબર | રૂ. |
|---|---|---|---|
| આવકો | | | |
| મળેલ ચોખ્ખું પ્રીમિયમ | | 1 | 11,08,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ | રૂ.1,00,000 | | |
| બાદ : ઉપરના પર આવક વેરો | રૂ.30,000 | | 70,000 |
| | કુલ (A) | | 11,78,000 |
| ખર્ચા | | | |
| ચૂકવેલ દાવા | | 2 | 5,48,000 |
| કમિશન | | 3 | 1,05,000 |
| વહીવટી ખર્ચા | | 4 | 3,00,000 |
| અન્ય ખર્ચા | | | |
| મોટર વેચાણનું નુકસાન | | | 20,000 |
| ઘાલખાદ્ય | | | 5,000 |
| પ્રીમિયમમાં ઘટાડા પેટે આપેલ બોનસ | | | 20,000 |
| | કુલ (B) | | 9,98,000 |
| કામગીરી / નફો ન.નું. ખાતે | (A – B) | | 1,80,000 |

**પરિશિષ્ટ - 1 ચોખ્ખું પ્રીમિયમ**

| વિગત | | | રૂ. |
|---|---|---|---|
| મળેલ પ્રીમિયમ | | | 15,00,000 |
| બાદ : આપેલ પુર્નવીમા પ્રીમિયમ | | | 1,60,000 |
| | | | 13,40,000 |
| ઉમેરો : પ્રીમિયમમાં ઘટાડા પેટે આપેલ બોનસ | | | 20,000 |
| ચોખ્ખું પ્રીમિયમ | | | 13,60,000 |
| બાદ : બાકી જોખમ અંગેના અનામત અને વધારાના અનામતમાં ફેરફારનો હવાલો | | | |
| આખરની બાકી : | | | |
| બાકી જોખમ અંગેનું અનામત (પ્રીમિયમનવી આવકના 50%) | | 6,80,000 | |
| વધારાનું અનામત | | 2,72,000 | |
| | | 9,52,000 | |
| - શરૂઆતની બાકી | | | |
| બાકી જોખમ અંગે અનામત | 6,00,000 | | |
| વધારાનું અનામત | 1,00,000 | 7,00,000 | – 2,52,000 |
| ચોખ્ખા પ્રીમિયમની બાકી | | | 11,08,000 |

**પરિશિષ્ટ - 2 ચૂકવેલ દાવા**

| વિગત | રૂ. |
|---|---|
| વર્ષ દરમિયાન ચૂકવેલ દાવા | 6,00,000 |
| ઉમેરો : વર્ષને અંતે (તા. 31-3-2018) ચૂકવવાના બાકી દાવા | 1,20,000 |
| | 7,20,000 |
| બાદ : વર્ષની શરૂઆતમાં (તા.31-3-2017) ચૂકવવાના બાકી દાવા | 1,00,000 |
| | 6,20,000 |
| બાદઃ પુર્નવીમાં વસૂલાત (આપેલ પુર્નવીમા અંગે વસૂલ કરે દાવા) | 80,000 |
| | 5,40,000 |
| ઉમેરો : દાવા અંગેનો કાનૂની ખર્ચ | 8,000 |
| ચૂકવેલ દાવા | 5,48,000 |

**પરિશિષ્ટ - 3 કમિશન**

| વિગત | રૂ. |
|---|---|
| સીધા ધંધા પર કમિશન | 1,00,000 |
| + સ્વીકારેલ પુનઃ વીમા કમિશન | 20,000 |
| | 1,20,000 |
| - આપેલ પુનઃવીમા કમિશન | 15,000 |
| | 1,05,000 |

**પરિશિષ્ટ -4 વહીવટી ખર્ચા / કામગીરી ખર્ચા**

| વિગત | રૂ. |
|---|---|
| સંચાલન ખર્ચા | 3,00,000 |

- પ્રીમિયમમાં ઘટાડા પેટે આપેલ બોનસની રકમ હવાલામાં - અન્ય માહિતીમાં આપેલ છે માટે તેની બે અસર આવે.

  (1) પ્રીમિયમની આવક તરીકે પ્રીમીયમમાં ઉમેરાશે.

  (2) ખર્ચ તરીકે મહેસૂલી ખાતામાં દર્શાવાશે.

- વર્ષને અંતે આચાર સંહિતા મુજબ બાકી જોખમ અંગેનું અનામત રાખવાનું કીધેલ છે. આગ વિભાગને લગતું મહેસૂલીખાતું બનાવવાનું હોવાથી પ્રીમિયમની ચોખ્ખી આવકના 50% લેખે બાકી જોખમ અંગેનું અનામત રાખેલ છે.

**ઉદાહરણ - 5**

નેશનલ ઇન્સ્યોરન્સ કંપની લિમિટેડ તા 31-3-2018 ના રોજ પૂરા થતા વર્ષ માટેની આગ અને દરિયાઈ વીમા વિભાગની માહિતી નીચે મુજબ રજૂ કરે છે :

| વિગત | આગ | દરિયાઈ |
|---|---|---|
| | રૂ. | રૂ. |
| તા 31-3-2017ના રોજ ભાવિ જોખમ માટેનું અનામત | 8,50,000 | 10,20,000 |
| વધારાનું અનામત | 3,40,000 | 2,55,000 |
| ચૂકવેલ દાવા | 5,10,000 | 4,08,000 |
| દાવાનાં બાકી દેવાં અંગે ધારણા મુજબની જવાબદારી | | |

| | | |
|---|---|---|
| 31 મી માર્ચ, 2017 | 85,000 | 68,000 |
| 31 મી માર્ચ, 2018 | 1,27,500 | 85,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ | 1,69,830 | 1,45,350 |
| ઉપરના પર ટેક્ષ | 67,830 | 43,350 |
| અન્ય આવકો | 17,000 | 8,500 |
| મળેલ પ્રીમિયમ | 17,34,000 | 8,67,000 |
| સ્વીકારેલ પુર્નવીમા પર પ્રીમિયમ | 51,000 | 25,500 |
| આપેલ પુર્નવીમા પર પ્રીમિયમ | 85,000 | 42,500 |
| રી. ઈન્સ્યુરન્સ વસૂલાત | 34,000 | 17,000 |
| (પુનઃ વીમા વસૂલાત) | | |
| સ્વીકારેલ પુનર્વીમા પર કમિશન | 35,700 | 73,100 |
| આપેલ પુનર્નવવીમા પર કમિશન | 51,000 | 42,500 |
| સીધા વેપાર પર કમિશન | 1,70,000 | 1,27,000 |

**અન્ય માહિતી :**

(1) વહીવટી ખર્ચા રૂ. 3,82,500 અને કાનૂની ખર્ચા રૂ. 35,700 બંને વિભાગો વચ્ચે મળેલ ચોખ્ખા પ્રીમિયમના ધોરણે ફાળવવામાં આવશે.

(2) આગ વિભાગ માટે ચોખ્ખા પ્રીમિયમની આવકના 50% તથા દરિયાઈ વિભાગ માટે ચોખ્ખા પ્રીમિયમની આવકના 100% જેટલું ભાવિ જોખમ માટે અનામત રાખવાનું છે.

(3) બંને વિભાગોનું વધારાનું અનામત ચોખ્ખા પ્રીમિયમના 10% થી વધારવાનું છે.

બંને વિભાગોનાં મહેસૂલી ખાતા તૈયાર કરો.

**(અભ્યાસ માટે જુઓ ઉદા. સ્વાધ્યાયનો દાખલા નંબર - 5)**

**જવાબ :**

નેશનલ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડનું તા. 31-3-2018 ના રોજ પૂરા થતા વર્ષનું મહેસૂલી ખાતું

| **વિગત** | **પરિશિષ્ટ નંબર** | **આગ વિભાગ** | **દરિયાઈ વિભાગ** |
|---|---|---|---|
| **આવકો** | | | |
| મળેલ ચોખ્ખું પ્રીમિયમ | 1 | 15,30,000 | 9,35,000 |
| અન્ય આવકો | | 17,000 | 8,500 |
| વ્યાજ અને ડિવિડન્ડ 1,69,830 14,45,350 | | | |
| - ઉપરના પર ટેક્ષ 67,830 43,350 | | 1,02,000 | 1,02,000 |
| કુલ | | 16,49,000 | 10,45,500 |
| **ખર્ચા** | | | |
| ચૂકવેલ દાવા | 2 | 51,8,500 | 4,08,000 |
| કમિશન | 3 | 1,54,700 | 1,57,600 |
| વહીવટી ખર્ચા | 4 | 2,78,800 | 1,39,400 |
| કુલ (B) | | 9,52,000 | 7,05,000 |
| નફો / કામગીરી નફો - ન.નું ખાતે (A - B) | | 6,97,000 | 3,40,500 |

**પરિશિષ્ટ -1 મળેલ ચોખ્ખું પ્રીમિયમ**

| વિગત | | | આગ રૂ. | દરિયાઈ રૂ. |
|---|---|---|---|---|
| મળેલ પ્રીમિયમ | | | 17,34,000 | 8,67,000 |
| ઉમેરો : સ્વીકારેલ પુનર્વીમા પર પ્રીમિયમ | | | 51,000 | 25,500 |
| | | | 17,85,000 | 9,92,500 |
| બાદ : આપેલ પુનર્વીમા પર પ્રીમિયમ | | | 85,000 | 42,500 |
| ચોખ્ખું પ્રીમિયમ | | | 17,00,000 | 8,50,000 |
| **બાકી જોખમ અંગેનો અનામત અને વધારાના અનામતમાં ફેરફારનો હવાલો** | | | | |
| | આગ વિભાગ | દરિયાઈ વિભાગ | | |
| આખરની બાકીઓ : | | | | |
| ભાવિ જોખમ માટેનું અનામત | 8,50,000 | 8,50,000 | | |
| વધારાનું અનામત | 5,10,000 | 3,40,000 | | |
| (A) | 13,60,000 | 11,90,000 | | |
| શરૂની બાકીઓ | | | | |
| ભાવિ જોખમ માટેનું અનામત | 8,50,000 | 10,20,000 | | |
| વધારાનું અનામત | 3,40,000 | 2,55,000 | | |
| (B) | 11,90,000 | 12,75,000 | | |
| તફાવત (ફેરફાર (A-B) | (+ 1,70,000) | (- 85,000) | –1,70,000 | +85,000 |
| મળેલ ચોખ્ખા પ્રીમિયમની બાકી | | 15,30,000 | 9,35,000 | |

**પરિશિષ્ટ - 2 ચૂકેવલ દાવા**

| વિગત | આગ રૂ. | દરિયાઈ રૂ. |
|---|---|---|
| ચૂકવેલ દાવા | 5,10,000 | 4,08,000 |
| ઉમેરો : વર્ષને અંતે ચૂકવવાના બાકી દાવા (31-3-18) | 1,27,500 | 85,000 |
| | 6,37,500 | 4,93,000 |
| બાદ : વર્ષની શરૂઆતમાં રૂ. ચૂકવવાના બાકી દાવા (31-3-17) | 85,000 | 68,000 |
| | 5,52,500 | 4,25,000 |
| બાદ : રી. ઈન્સ્યુરન્સ વસૂલાત (પુનઃ વીમા વસૂલાત) | 34,000 | 17,000 |
| | 5,18,500 | 4,08,000 |

**પરિશિષ્ટ -3 કમિશન**

| વિગત | આગ રૂ. | દરિયાઈ રૂ. |
|---|---|---|
| સીધા વેપાર પર કમિશન | 1,70,000 | 1,27,000 |
| + સ્વીકારેલ પુનર્વીમા કમિશન | 35,700 | 73,100 |
| | 2,05,700 | 2,00,100 |
| - આપેલ પુનર્વીમા કમિશન | 51,000 | 42,500 |
| | 1,54,700 | 1,57,600 |

**પરિશિષ્ટ - 4 વહીવટી ખર્ચા / કામગીરી ખર્ચા**

| વિગત | આગ વિભાગ રૂ. | દરિયાઈ વિભાગ રૂ. |
|---|---|---|
| વહીવટી ખર્ચા | 2,55,000 | 1,27,500 |
| $(3,82,500 \times \frac{2}{3}, 3,82,500 \times \frac{1}{3}$ | | |
| કાનૂની ખર્ચા (દાવા સિવાયના છે તેમ માની) | | |
| $(35,700 \times \frac{2}{3}, 35,700 \times \frac{1}{3})$ | 23,800 | 11,900 |
| | 2,78,800 | 1,39,400 |

**નોંધ :** સંચાલન ખર્ચા અને કાનૂની ખર્ચા બન્ને વિભાગો વચ્ચે મળેલ ચોખ્ખા પ્રીમિયમના પ્રમાણમાં ફાળવવાના છે.

મળેલ ચોખ્ખું પ્રીમિયમ આગ વિભાગ રૂ. 17,00,000 છે અને દરિયાઈ વિભાગ રૂ. 8,50,000 છે એટલે કે તેનું પ્રમાણ 2:1 છે.

કાનૂની ખર્ચા દાવા સિવાયના છે તેમ માનીને વહીવટી ખર્ચામાં દર્શાવેલ છે.

**ઉદાહરણ - 6**

નીચેની બાકીઓ ઓરિએન્ટલ ઇન્સ્યુરન્સ કંપનીની છે :

| વિગત | 31-3-2017 રૂ. | 31-3-2018 રૂ. |
|---|---|---|
| પ્રીમિયમ | 3,30,000 | 3,60,000 |
| આપેલ પુનઃ વીમા પર પ્રીમિયમ | 90,000 | 1,20,000 |
| સ્વીકારેલ પુનઃ વીમા પર પ્રીમિયમ | 30,000 | 60,000 |
| ચૂકવેલ દાવા | 51,000 | 92,000 |
| આપેલ પુનઃ વીમા દાવાની વસૂલાત | 6,000 | 12,000 |
| સ્વીકારેલ પુનઃ વીમા દાવાના ચૂકવેલ | 750 | 1,350 |
| સીધા ધંધા પર કમિશન | 13,500 | 18,000 |
| સ્વીકારેલ પુનઃ વીમા પર કમિશન | 4,500 | 7,500 |
| આપેલ પુનઃ વીમા પર કમિશન | 13,200 | 14,400 |
| સ્થિર મિલકતો પર ઘસારો | 7,650 | 9,450 |
| ઓડીટ ફી | 3,000 | 3,000 |
| પગાર | 75,000 | 81,000 |
| પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | 27,900 | 34,500 |
| સામાન્ય ખર્ચા | 9,300 | 13,500 |
| પરચૂરણ ખર્ચા | 2,250 | 13,500 |
| મોટર વેચાણનો નફો | 3,600 | - |
| ફર્નિચર વેચાણની ખોટ | - | 400 |

વધારાની માહિતી

**(1) ચૂકવવાના બાકી દાવાની જવાબદારી નીચે મુજબ છે :**

તા. 31-3-2016 રૂ. 20,550

તા. 31-3-2017 રૂ. 26,850

તા. 31-3-2018 રૂ. 33,330

(2) બાકી જોખમના અનામતની બાકી નીચે મુજબ છે. તા. 31-3-2016ના રોજ રૂ.960,00 અને વધારાનું અનામત રૂ. 9,600

(3) મળેલ ચોખ્ખા પ્રીમિયમના 50% બાકી જોખમના અનામતની અને 5% વધારાના અનામતની જોગવાઈ કરવાની છે.

તા. 31-3-2017 અને તા. 31-3-2018ના રોજ પૂરા થતાં વર્ષ માટે ઓરિઅન્ટ ઈન્સ્યુરન્સ કંપની ના IRDA ગાઈડ લાઈન મુજબ મહેસૂલી ખાતા તૈયાર કરો.

**(અભ્યાસ માટે જુઓ સ્વાધ્યાયનો દાખાલ નંબર - 6)**

**જવાબ :**

ઓરિએન્ટલ ઈન્સ્યોરન્સ કંપનીનું મહેસૂલી ખાતું.

| વિગત | પરિશિષ્ટ નં. | તા. 31-3-2017 રૂ. | તા. 31-3-2018 રૂ. |
|---|---|---|---|
| **આવકો :** | | | |
| મળેલ ચોખ્ખું પ્રીમિયમ | 1 | 2,27,100 | 2,83,500 |
| મોટર વેચાણનો નફો | | 3,600 | - |
| કુલ (A) | | 2,30,700 | 2,83,500 |
| **ખર્ચા** | | | |
| ચૂકવેલ દાવા | 2 | 52,050 | 87,830 |
| કમિશન | 3 | 4,800 | 11,100 |
| વહીવટી / કામગીરી ખર્ચા | 4 | 1,17,450 | 1,45,500 |
| **અન્ય ખર્ચા** | | | |
| સ્થિર મિલકતો પર ઘસારો | | 7,650 | 9,450 |
| ફર્નિચર વેચાણની ખોટ | | - | 400 |
| કુલ (B) | | 1,81,950 | 2,54,280 |
| નફો - કામગીરી નફો - ન.નું. ખાતે (A- B) | | 48,750 | 29,220 |

**પરિશિષ્ટ - 1 મળેલ ચોખ્ખુ પ્રીમિયમ**

| વિગત | 31-3-2017 રૂ. | 31-3-2018 રૂ. |
|---|---|---|
| મળેલ પ્રીમિયમ - સીધા વેપાર અંગે | 3,30,000 | 3,60,000 |
| ઉમેરો: સ્વીકારેલ પુનઃ વીમા પ્રીમિયમ | 30,000 | 60,000 |
| | 3,60,000 | 4,20,000 |
| બાદ : આપેલ પુનઃ વીમા પ્રીમિયમ | 90,000 | 1,20,000 |
| **ચોખ્ખું પ્રીમિયમ** | 2,70,000 | 3,00,000 |
| બાદ : બાકી જોખમ અંગેના અનામત અને વધારાના અનામતમાં ફેરફારનો હવાલો | | |

| આખર બાકીઓ | 31-3-2017 | 31-3-2018 | | |
|---|---|---|---|---|
| બાકી જોખમ અંગેનું અનામત | 1,35,000 | 1,50,000 | | |
| વધારાનું અનામત | 13,500 | 15,000 | | |
| (A) | 1,48,500 | 1,65,000 | | |
| શરૂની બાકીઓ | | | | |
| બાકી જોખમ અંગેનું અનામત | 96,000 | 1,35,000 | | |
| વધારાનું અનામત | 9,600 | 13,500 | | |
| (B) | 1,05,600 | 1,48,500 | | |
| તફાવત / ફેરફાર (A - B) | 42,900 | 16,500 | -42,900 | - 16,500 |
| મળેલ ચોખ્ખા પ્રીમિયમની બાકી | | | 2,27,100 | 2,83,500 |

**પરિશિષ્ટ - 2 ચૂકવેલ દાવા**

| વિગત | તા.31-3-17<br>રૂ. | તા.31-7-18<br>રૂ. |
|---|---|---|
| વર્ષ દરમિયાન ચૂકવેલ દાવા | 51,000 | 92,000 |
| ઉમેરો : વર્ષને અંતે ચૂકવવાના બાકી દાવા | 26,850 | 33,330 |
| | 77,850 | 1,25,330 |
| બાદઃ વર્ષની શરૂઆતમાં ચૂકવવાના બાકી દાવા | 20,550 | 26,850 |
| | 57,300 | 98,480 |
| ઉમેરો : સ્વીકારેલ પુનઃ વીમાના ચૂકવેલ દાવા | 750 | 1,350 |
| | 58,050 | 99,830 |
| બાદ : આપેલ પુનઃ વીમા દાવાની વસૂલાત | 6,000 | 12,000 |
| | 52,050 | 87,830 |

**પરિશિષ્ટ - 4 કમિશન**

| વિગત | તા.31-3-2017<br>રૂ. | 31-3-2018<br>રૂ. |
|---|---|---|
| સીધા ધંધા પર કમિશન | 13,500 | 18,000 |
| ઉમેરો : સ્વીકારેલ પુનઃ વીમા પર કમિશન | 4,500 | 7,500 |
| | 18,000 | 25,500 |
| બાદ : આપેલ પુનઃ વીમા પર કમિશન | 13,200 | 14,400 |
| | 4,800 | 11,100 |

**પરિશિષ્ટ - 4 વહીવટી ખર્ચા / કામગીરી ખર્ચા**

| વિગત | તા.31-3-2017<br>રૂ. | 31-3-2018<br>રૂ. |
|---|---|---|
| ઓડીટ ફી | 3,000 | 3,000 |
| પગાર | 75,000 | 81,000 |
| પ્રિન્ટીંગ અને સ્ટેશનરી | 27,900 | 34,500 |
| સામાન્ય ખર્ચા | 9,300 | 13,500 |
| પરચૂરણ ખર્ચા | 2,250 | 1,350 |
| | 1,17,450 | 1,45,500 |

તા. 31-3-2018 ના રોજની નીચે આપેલી વિગતો પરથી એક વીમા કંપનીના સમુદ્ર વિભાગનું મહેસૂલી ખાતું તૈયાર કરો.

| | | સીધા ધંધા અંગે રૂ. | પુર્નવીમા અંગે રૂ. |
|---|---|---|---|
| **(અ)** | **પ્રિમિયમો :** | | |
| | મળેલ | 92,00,000 | 14,40,000 |
| | મળવાનું બાકી : 1 લી એપ્રિલ | 3,72,000 | 54,000 |
| | 31 મી માર્ચ | 5,24,000 | 51,000 |
| | ચૂકવેલ - | | 9,20,000 |
| | ચૂકવવાનું બાકી : 1 લી એપ્રિલ - | | 56,250 |
| | 31 મી માર્ચ | | 93,000 |
| **(બ)** | **દાવાઓ :** | | |
| | ચૂકવેલ | 47,00,000 | 600,000 |
| | ચૂકવવાના બાકીઃ 1 લી એપ્રિલ | 2,50,000 | 57,000 |
| | 31 માર્ચ | 3,12,000 | 66,000 |
| | મળેલ | - | 2,55,000 |
| | મળવાના બાકી : 1 લી એપ્રિલ | - | 24,000 |
| | 31 મી માર્ચ | - | 34,500 |
| **(ક)** | **કમિશન** | | |
| | સ્વીકારેલ વીમા પર | 4,40,000 | 38,000 |
| | આપેલ પુનર્વીમા પર | - | 39,000 |

**(ડ) અન્ય ખર્ચા અને આવકો**

પગાર રૂ. 4,80,000, ભાડું અને કરવેરા રૂ. 58,000, પોસ્ટેઝ, ટેલિગ્રામ, છપામણી અને સ્ટેશનરી રૂ. 86,000, ચૂકવેલ આવકવેરો રૂ. 6,60,000, વ્યાજ, ડિવિડન્ડ અને મળેલ ભાડું (નેટ) રૂ. 2,80,000 (મૂળ સ્થાને આવકવેરાની કપાત રૂ. 56,000), કાનૂની ખર્ચા (જેમાં રૂ. 36,000 દાવાની પતાવટ અંગેના છે.) રૂ. 80,000

**(ઇ) બાકી જોખમ માટેનું ફંડ :**

તા 1 લી એપ્રિલ, 2017 ના રોજ રૂ. 76,90,000 હતું. જેમાં રૂ. 6,90,000 વધારાનું અનામત હતું.

આ વર્ષના ચોખ્ખા પ્રીમિયમના 5% જેટલી રકમ વધારાના અનામત તરીકે રાખવાની છે.

**(અભ્યાસ માટે જુઓ સ્વાધ્યાયનો દાખલા નંબર 7)**

**જવાબ :**

વીમા કંપનીનું (સમુદ્ર વિભાગનું) તા. 31-3-2018ના રોજ પૂરા થતા વર્ષનું મહેસૂલી ખાતું

| વિગત | | પરિશિષ્ટ નંબર | રૂ. |
|---|---|---|---|
| **આવકો** | | | |
| મળેલ પ્રીમિયમ | | 1 | 71,98,387 |
| વ્યાજ, ડિવિડન્ડ અને ભાડું (ગ્રોસ) | 3,36,000 | | |
| બાદ : મૂળ સ્થાનેથી કપાયેલ આવકવેરો | 56,000 | | 2,80,000 |
| | કુલ (A) | | 74,78,387 |
| **ખર્ચા** | | | |
| ચૂકવેલ દાવાઓ | | 2 | 51,41,500 |
| કમિશન | | 3 | 4,39,000 |
| વહીવટી ખર્ચા / કામગીરી ખર્ચા | | 4 | 6,68,000 |
| અન્ય ખર્ચા | | | |
| ચૂકવેલ આવકવેરો | | | 6,60,000 |
| | કુલ (B) | | 69,08,500 |
| નફો - કામગીરી નફો ન.નુ. ખાતે (A - B) | | | 5,69,887 |

**પરિશિષ્ટ - 1 મળેલ ચોખ્ખું પ્રીમિયમ**

| વિગત | | રૂ. |
|---|---|---|
| **સીધા ધંધા અંગે** | **રૂ.** | |
| વર્ષ દરમિયાન મળેલ પ્રીમિયમ | 92,00,000 | |
| (+) વર્ષને અંતે (31મી માર્ચ) | | |
| મળવાનું બાકી પ્રીમિયમ | 5,24,000 | |
| | 97,24,000 | |
| (-) વર્ષની શરૂમાં (1લી એપ્રિલ) | | |
| મળવાનું બાકી પ્રીમિયમ | 3,72,000 | 93,52,000 |
| ઉમેરો : સ્વીકારેલ પુનર્વીમા અંગે | | |
| મળેલ પ્રીમિયમ | 14,40,000 | |
| (+) વર્ષને અંતે (31મી માર્ચ) | | |
| મળવાનું બાકી પ્રીમિયમ | 51,000 | |
| | 14,91,000 | |
| (-) વર્ષની શરૂમાં (1લી એપ્રિલ) | | |
| મળવાનું બાકી પ્રીમિયમ | 54,000 | +14,37,000 |
| | | 1,07,89,000 |
| બાદઃ આપેલ પુનર્વીમા અંગે | | |
| ચૂકવેલ પ્રીમિયમ | 9,20,000 | |
| (+) વર્ષને અંતે (31મી માર્ચ) | | |
| ચૂકવવાનું બાકી પ્રીમિયમ | 93,000 | |
| | 10,13,000 | |

| | | | |
|---|---|---|---|
| (-) વર્ષની શરૂમાં (1લી એપ્રિલ) | | | |
| ચૂકવવાનું બાકી પ્રીમિયમ | | 56,250 | −9,56,750 |
| **મળેલ ચોખ્ખું પ્રીમિયમ** | | | 98,32,250 |
| બાદ : | | | |
| બાકી જોખમ અંગે અનામત અને વધારાના | | | |
| અનામતમાં ફેરફારનો હવાલો | | | |
| આખરની બાકીઓ | | | |
| બાકી જોખમ અંગે અનામત | | 98,32,250 | |
| વધારાનું અનામત | | 4,91,613 | |
| | | 1,03,23,863 | |
| **(-) શરૂઆતની બાકીઓ** | | | |
| બાકી જોખમ અંગેનું અનામત | 70,00,000 | | |
| વધારાનું અનામત | 6,90,000 | 76,90,000 | −26,33,863 |
| મળેલ ચોખ્ખા પ્રીમિયમની બાકી | | | 71,98,387 |

**પરિશિષ્ટ - 2 ચૂકવેલ દાવા**

| વિગત | | ₹ |
|---|---|---|
| સીધા ધંધા અંગે | | |
| વર્ષ દરમિયાન ચૂકવેલ દાવા | 47,00,000 | |
| (+) વર્ષને અંતે (31મી માર્ચ) ચૂકવવાના | | |
| બાકી દાવા | 3,12,000 | |
| | 50,12,000 | |
| (-) વર્ષની શરૂમાં (1લી એપ્રિલ) ચૂકવવાના | | |
| બાકી દાવા | 2,50,000 | 47,62,000 |
| ઉમેરો : સ્વીકારેલ પુનર્વીમા અંગે | | |
| વર્ષ દરમિયાન ચૂકવેલ દાવા | 6,00,000 | |
| (+) વર્ષને અંતે (31મી માર્ચ)ચૂકવવાના | | |
| બાકી દાવા | 66,000 | |
| | 6,66,000 | |
| (-) વર્ષની શરૂમાં (1લી એપ્રિલ) ચૂકવવાના | | |
| બાકી દાવા | 57,000 | + 6,09,000 |
| | | 53,71,000 |
| **બાદ : આપેલ પુનર્વીમા અંગે મળેલ કે વસૂલ કરેલ દાવા** | | |
| મળેલ દાવા | 2,55,000 | |
| (+) વર્ષના અંતે (31મી માર્ચ) | | |
| મળવાના બાકી દાવા | 34,500 | |
| | 2,89,500 | |
| (-) વર્ષની શરૂમાં (1લી એપ્રિલ) | | |
| મળવાના બાકી દાવા | 24,000 | −2,65,500 |
| | | 51,05,500 |

| | |
|---|---|
| ઉમેરો : દાવા અંગેના કાનૂની ખર્ચા | 36,000 |
| ચૂકવેલ દાવા | 51,41,500 |

**પરિશિષ્ટ - 3 કમિશન**

| **વિગત** | **રૂ.** |
|---|---|
| સીધા ધંધા અંગે ચૂકવેલ કમિશન | 4,40,000 |
| (+) સ્વીકારેલ પુનર્વીમા અંગે ચૂકવેલ કમિશન | 38,000 |
| | 4,78,000 |
| (-) આપેલ પુનર્વીમા પર મળેલ કમિશન | 39,000 |
| | 4,39,000 |

**પરિશિષ્ટ 4 વહીવટી ખર્ચા / કામગીરી ખર્ચા**

| **વિગત** | **રૂ.** |
|---|---|
| પગાર | 4,80,000 |
| ભાડું અને કરવેરા | 58,000 |
| પોસ્ટેજ, ટેલિગ્રામ, છપામણી અને સ્ટેશનરી | 86,000 |
| કાનૂની ખર્ચા (દાવાની પતાવટ સિવાયના) (80,000-36,000) | 44,000 |
| | 6,68,000 |

**ઉદાહરણ - 8 [MCQs]**

નીચે આપેલા પેટા પ્રશ્નોના એક કરતાં વધુ જવાબો આપેલા છે તે પૈકી સાચો જવાબ પસંદ કરો.,

(1) સામાન્ય વીમા અંગેનું મહેસૂલી ખાતું તે વિભાગનું

(અ) નફા-નુકસાન ખાતું જ છે. (બ) આવક જાવક ખાતું જ છે.

(ક) ઊપજ - ખર્ચ ખાતું જ છે. (ડ) એક પણ નહી

**જવાબ (અ) નફા-નુકસાન ખાતું જ છે.**

(2) ભારતમાં સામાન્ય વીમાનું રાષ્ટ્રીયકરણ થયા પછી પુનર્વીમાની ----

(અ) કોઈ શક્યતા રહેતી નથી. (બ) શક્યતા છે.

(ક) ઉપરનામાંથી કોઈપણ નહી. (ડ) કંપની પર નિર્ભર છે.

**જવાબ (અ) કોઈ શક્યતા રહેતી નથી.**

(3) ભારતમાં વીમા ના ધંધાનું નિયમન ---- દ્વારા કરવામાં આવે છે.

(અ) સેબી (બ) રિઝર્વ બેંક

(ક) ઈરડા (ડ) વીમા કંપની

**જવાબ : (ક) ઈરડા**

(4) સામાન્ય વીમામાં પોલીસીની મુદત સામાન્ય રીતે ---- વર્ષની હોય છે.

(અ) એક વર્ષની (બ) બે વર્ષની

(ક) પાંચ વર્ષની (ડ) દસ વર્ષની

**જવાબ (અ) એક વર્ષની**

(5) એક વીમા કંપનીના દરિયાઈ વીમા વિભાગની ચાલુ વર્ષની પ્રીમિયમની ચોખ્ખી આવક રૂ.10,00,000 છે. તો આચાર સંહિતા મુજબ ભાવિ જોખમ અંગેનું અનામત કેટલું રાખવામાં આવશે ?

(અ) રૂ. 5,00,000 (બ) રૂ. 10,00,000

(ક) રૂ. 4,00,000 (ડ) એક પણ નહિ.

**જવાબ (બ) રૂ. 10,00,000**

(6) પરચૂરણ વીમાના ધંધામાં વીમા એજન્ટને વધુમાં વધુ ----- કમિશન આપી શકાય.

(અ) 20 % (બ) 15%

(ક) 10 % (ડ) 5 %

**જવાબ : (બ) 15%**

(7) આગ અને પરચૂરણ વીમાના ધંધામાં ચોખ્ખા પ્રીમિયમની આવકના ---- જેટલું બાકી જોખમ માટેનું અનામત રાખવું પડે છે.

(અ) 100 % (બ) 25 %

(ક) 50 % (ડ) 10 %

**જવાબ : (ક) 50 %**

(8) નીચેના પૈકી કયું પ્રીમિયમ વીમા કંપની માટે ખર્ચ છે ?

(અ) સીધા ધંધા પરનું (બ) આપેલ પુનઃ વીમા પરનું

(ક) સ્વીકારેલ પુનઃ વીમા પરનું (ડ) ઉપરનામાંથી એક પણ નહી

**જવાબ : (બ) આપેલ પુનઃ વીમા પરનું**

(9) પુનઃ વીમો આપનાર કંપની માટે આપેલ પુનઃ વીમા પ્રીમિયમ ----

(અ) આવકનો ઘટાડો છે. (બ) આવકનો વધારો છે.

(ક) (અ) અને (બ) (ડ) કંઈ જ નથી.

**જવાબ : (અ) આવકનો ઘટાડો છે.**

(10) સામાન્ય વીમા કંપનીઓ માટે વધારાનું અનામત રાખવું ફરજિયાત છે ?

(અ) હા (બ) ના

(ક) (અ) અને (બ) (ડ) એક પણ નહિ

**જવાબ : (બ) ના**

(11) નો ક્લેઈમ બોનસ કંઈ રીતે આપવામાં આવે છે ?૦

(અ) બીજા વર્ષે રોકડમાં (બ) બીજા વર્ષે પ્રીમિયમમાં ઘટાડા રૂપે

(ક) બીજા વર્ષે દાવામાં ઉમેરીને (ડ) એક પણ નહિ.

**જવાબ : (બ) બીજા વર્ષે પ્રીમિયમમાં ઘટાડા રૂપે**

(12) પુનઃ વીમા વસૂલાત ----

(અ) દાવાની રકમમાં ઉમેરાય (બ) દાવાની રકમમાંથી બાદ થાય

(ક) પ્રીમિયમમાં ઉમેરાય (ડ) એક પણ નહિ

**જવાબ : (બ) દાવાની રકમમાંથી બાદ થાય.**

(13) સદ્ધર વીમા કંપનીઓ બાકી જોખમના અનામત ઉપરાંત

(અ) વધારાનો વીમો લઈ રાખે છે. (બ) વધારાનું અનામત રાખે છે.

(ક) વધારાનું પ્રીમિયમ વસૂલ કરે છે. (ડ) એક પણ નહિ

**જવાબ : (બ) વધારાનું અનામત રાખે છે.**

(14) વીમા કંપનીઓ દ્વારા દાવાની આવક ---- પર થાય છે.

(અ) સીધા ધંધા　　(બ) સ્વીકારેલ પુનઃ વીમા

(ક) આપેલ પુનઃ વીમા　　(ડ) એક પણ નહિ

**જવાબ : (ક) આપેલ પુનઃ વીમા**

(15) નેશનલ જનરલ ઇન્સ્યોરન્સ કંપનીના દરિયાઈ વિભાગની પાછલા વર્ષની ચોખ્ખી પ્રીમિયમની આવક રૂ. 12,00,000 હતી. તો ચાલુ વર્ષે ભાવિ જોખમ અંગેના અનામતની શરૂઆતની બાકી ---- હશે.

(અ) રૂ. 6,00,000　　(બ) રૂ. 12,00,000

(ક) રૂ. 3,00,000　　(ડ) ઉપરનામાંથી એક પણ નહિ.

**જવાબ (બ) રૂ. 12,00,000**

(16) સ્વીકૃત નિયમો અનુસાર આગવિભાગ અને દરિયાઈ વિભાગના વીમાના ધંધામાં ભાવિજોખમનું અનામત મળેલ પ્રીમિયમના અનુક્રમે ---- અને ---- રાખવામાં આવે છે.

(અ) 50% અને 100%　　(બ) 100% અને 50%

(ક) 100% અને 100%　　(ડ) 50% અને 50%

**જવાબ :** (અ) 50% અને 100%

(17) દરિયાઈ વીમાના ધંધામાં વધારાના બાકી જોખમ માટેનું અનામત ચોખ્ખા પ્રીમિયમના ---- % રાખવામાં આવે છે.

(અ) 25%　　(બ) 50 %

(ક) 100 %　　(ડ) નક્કી નથી.

**જવાબ :** (ડ) નક્કી નથી.

(18) નો ક્લેઈમ બોનસ (પ્રીમિયમમાં ઘટાડા રૂપે બોનસ) કાચા સરવૈયાની બાકી તરીકે આપેલું તો તેની અસર ----

(અ) દાવાની રકમમાં ઉમેરાશે　　(બ) મહેસૂલી ખાતામાં ખર્ચ તરીકે દર્શાવાશે.

(ક) પ્રીમિયમમાં ઉમેરાશે　　(ડ) એક પણ નહી

**જવાબ :** (બ) મહેસૂલી ખાતામાં ખર્ચ તરીકે દર્શાવાશે

(19) વીમા કંપનીઓ માટે કઈ સ્વતંત્ર નિયમનકારી બોડીની રચના કરવામાં આવી છે ?

(અ) IRDA　　(બ) TRAI

(ક) RBI　　(ડ) ઉપરનામાંથી એક પણ નહી

**જવાબ :** (અ) IRDA

(20) એક દરિયાઈ વીમા વિભાગની ચાલુ વર્ષના અંતે બાકી જોખમ અંગેનું અનામત રૂ. 5,00,000 રાખ્યું છે. વધારાનું અનામત પ્રીમિયમના 10 % લેખે રાખે છે. તો વધારાના અનામતની રકમ હશે -----

(અ) રૂ. 5,00,000　　(બ) 2,50,000

(ક) રૂ. 50,000　　(ડ) નક્કી ના થઈ શકે

**જવાબ :** (ક) રૂ. 50,000

(21) નીચેના પૈકી કયું કમિશન વીમા કંપની માટે આવક છે ?

(અ) સીધા ધંધા પરનું કમિશન　　(બ) સ્વીકારેલ પુનઃ વીમા કમિશન

(ક) આપેલ પુનઃ વીમા કમિશન　　(ડ) એક પણ નહિ.

**જવાબ :** (ક) આપેલ પુનઃ વીમા કમિશન

(22) સામાન્ય વીમામાં વીમો ઉતરાવનાર દ્વારા વીમા કંપનીને ચૂકવેલ પ્રીમિયમ એ તેને

(અ) નુકશાન ભરપાઈ કરી આપે છે. (બ) જોખમ સામે રક્ષણ આપે છે.

(ક) (અ) અને (બ) બન્ને (ડ) એક પણ નહિ.

**જવાબ :** (બ) જોખમ સામે રક્ષણ આપે છે.

## MCQ ના જવાબો

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1. | (અ) | 2. | (અ) | 3. | (ક) | 4. | (અ) | 5. | (બ) | 6. | (બ) | 7. | (ક) |
| 8. | (બ) | 9. | (અ) | 10. | (બ) | 11. | (બ) | 12. | (બ) | 13. | (બ) | 14. | (ક) |
| 15. | (બ) | 16. | (અ) | 17. | (ડ) | 18. | (બ) | 19. | (અ) | 20. | (ક) | 21. | (ક) |
| 22. | (બ) | | | | | | | | | | | | |

## સ્વાધ્યાય

**સૈદ્ધાંતિક**

(1) વીમાનો અર્થ આપી તેના લક્ષણો જણાવો.

(2) વીમાના પ્રકારો જણાવો.

(3) જિંદગીના વીમા અને સામાન્ય વીમા વચ્ચેનો તફાવત સમજાવો.

(4) સામાન્ય વીમા કંપનીનું મહેસૂલ ખાતું ઉદાહરણ સહિત તૈયાર કરો.

(5) પુનઃ વીમા (Re-insurance) નો અર્થ આપી આપેલ પુનર્વીમો અને સ્વીકારલ પુનર્વીમો વિગતે સમજાવો.

(6) સામાન્ય વીમાનાં ધંધો કરતી કંપનીઓ માટેના આચારસંહિતાના નિયમો જણાવો.

(7) ટૂંકનોંધ લખો.

(1) પ્રીમિયમના ઘટાડા રૂપે બોનસ (નો ક્લેઇમ બોનસ)

(2) ચોખ્ખું પ્રીમિયમ

(3) ચૂકવેલ દાવા

(4) વધારાનું અનામત

(5) કમિશન

(6) પુનર્વીમાનું કમિશન

(7) પુનર્વીમા પ્રીમિયમ

(8) પુનઃ વીમા વસૂલાત

(9) વીમા કંપનીના વહીવટી કે કામગીરી ખર્ચા

(10) સામાન્ય વીમો

## વ્યાવહારિક

1. એક સામાન્ય વીમા કંપનીના તા.31મી માર્ચ, 2018 ના રોજ પૂરા થતા વર્ષની 'પ્રીમિયમ' અંગેની માહિતી નીચે મુજબ આપવામાં આવી છે તેના પરથી તમારે મહેસૂલી ખાતામાં દર્શાવવાનું કમાયેલ પ્રીમિયમનું પરિશિષ્ટ - 1 તૈયાર કરવાનું છે.

| | રૂ. |
|---|---|
| વર્ષ દરમિયાન સીધા ધંધા અંગે મળેલ પ્રીમિયમ | 8,00,000 |
| વર્ષ દરમિયાન સ્વીકારેલ પુનર્વીમા પ્રીમિયમ | 1,00,000 |
| વર્ષ દરમિયાન આપેલ પુનર્વીમા પ્રીમિયમ | 75,000 |
| તા.31-3-2018ના રોજ સીધા ધંધો અંગે મળવાનું બાકી પ્રીમિયમ | 60,000 |

તા. 31-3-2017ના રોજ સીધા ધંધા અંગે મળવાનું

| | |
|---|---|
| બાકી પ્રીમિયમ | 40,000 |

**(જવાબ : પ્રીમિયમની ચોખ્ખી આવક રૂ. 8,45,000)**

**(સમજૂતી માટે જુઓ ઉદાહરણ - 1)**

2. એક સામાન્ય વીમા કંપની ના તા. 31-3-2018 ના રોજ પૂરા થતા વર્ષને લગતી માહિતી નીચે મુજબ છે.

તેના પરથી મહેસૂલી ખાતામાં દર્શાવાના ચૂકવેલ દાવાનું પરિશિષ્ટ - 2 તૈયાર કરો.

| | રૂ. |
|---|---|
| (1) વર્ષ દરમિયાન સીધા ધંધા અંગે ચૂકવેલ દાવા | 4,00,000 |
| (2) વર્ષ દરમિયાન પુનર્વીમા અંગે મળેલ દાવા | 1,20,000 |
| (3) વર્ષની શરૂઆતમાં મળવાના બાકી દાવા | 20,000 |
| (4) વર્ષની શરૂઆતમાં સીધા વેપાર અંગે ચૂકવવાના બાકી દાવા | 60,000 |
| (5) વર્ષની શરૂઆતમાં પુનર્વીમા અંગે ચૂકવવાના બાકી દાવ | 15,000 |
| (6) વર્ષ આખરે મળવાના બાકી દાવા | 30,000 |
| (7) વર્ષ આખરે સીધા વેપાર અંગે ચૂકવવાના બાકી દાવા | 80,000 |
| (8) વર્ષ આખરે ચૂકવવાના બાકી દાવા - પુનર્વીમા અંગે | 12,000 |
| (9) વર્ષ દરમિયાન પુનર્વીમા અંગે ચૂકવેલ દાવા | 90,000 |
| (10) દાવા અંગે કાનૂની ખર્ચા | 10,000 |

**(જવાબ દાવાની રકમ રૂ. 387000)**

**(સમજૂતી માટે જુઓ ઉદાહરણ - 2)**

3. એક સામાન્ય વીમા કંપનીના ચોપડામાંથી તા. 31-3-2018ના રોજ પૂરા થતા વર્ષની માહિતી નીચે મુજબ હતી તેના પરથી મહેસૂલી ખાતામાં દર્શાવવા માટેનું પરિશિષ્ટ - 3 કમિશન તથા પરિશિષ્ટ - 4 વહીવટી ખર્ચ કે કામગીરી ખર્ચા તૈયાર કરો.

| | **રૂ.** |
|---|---|
| કર્મચારીઓના પગાર | 3,00,000 |
| ઓડીટ ફી | 25,000 |
| છપામણી અને સ્ટેશનરી | 30,000 |
| સીમા ધંધા અંગેનું કમિશન | 1,00,000 |
| જાહેરાત ખર્ચા | 30,000 |
| સ્વીકારેલ પુનર્વીમા કમિશન | 40,000 |
| ભાડુ અને વેરા | 15,000 |
| દાવા સિવાયના કાનૂની ખર્ચા | 5,000 |
| આપેલ પુર્નવીમા કમિશન | 25,000 |

**(જવાબ : કમિશન રૂ. 115000, વહીવટી ખર્ચા રૂ. 405000)**

**(સમજૂતી માટે જુઓ ઉદાહરણ - 3)**

4. નેશનલ ઇન્સ્યુરન્સ કંપની લિમિટેડના આગ વિભાગની નીચેની માહિતી ઉપરથી તમારે 31મી માર્ચ 2018ના રોજ પૂરા થતાં વર્ષનું મહેસૂલી ખાતું તૈયાર કરવાનું છે.

| | |
|---|---|
| તા. 31-3-2017 ના રોજ બાકી જોખમ માટે અનામત | 6,40,000 |
| તા. 31-3-2017 ના રોજ બાકી જોખમ માટેનું વધારાનું અનામત | 2,80,000 |
| તા. 31-3-2017ના રોજ નહિ ચૂકવેલ દાવા અંગેની જવાબદારી | 80,000 |
| તા. 31-3-2018ના રોજ નહિ ચૂકવેલ દાવા અંગેની જવાબદારી | 1,10,000 |
| ચૂકવેલ દાવા | 580,000 |
| પુનર્વીમા વસૂલાત | 75,000 |
| પ્રીમિયમ મળ્યું | 12,50,000 |
| પુનર્વીમા પ્રીમિયમ | 1,20,000 |
| સીધા ધંધા પર કમિશન | 1,00,000 |
| સ્વીકારેલ પુનર્વીમા પર કમિશન | 25,000 |
| આપેલા પુનર્વીમા પર કમિશન | 15,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ (ગ્રોસ) | 1,20,000 |
| ઉપરના પર કપાયેલો આવક વેરો | 24,000 |
| સંચાલન ખર્ચા | 2,20,000 |
| ઘાલખાધ | 2,000 |
| રોકાણ વેચતાં થયેલ નફો | 10,000 |

**અન્ય માહિતી**

(1) બાકી જોખમ માટેનું અનામત આચાર સંહિતા મુજબ રાખવાનું છે. જ્યારે બાકી જોખમ માટેનું વધારાનું અનામત ચોખ્ખા પ્રીમિયમની આવકના 20% જેટલું રાખવાનું છે.

(2) પ્રીમિયમના ઘટાડારૂપે આપેલ બોનસ રૂ. 30000 ની ચોપડે નોંધ થઈ નથી.

**(જવાબ : મહેસૂલી ખાતાનો નફો રૂ. 4,77,000, બાકી જોખમ માટેનું અનામત રૂ. 5,80,000, ચોખ્ખુ પ્રીમિયમ રૂ. 11,60,000, દાવાની રકમ 5,35,000)**

**(સમજૂતી માટે જુઓ ઉદાહરણ - 4)**

5. ધી રિલાયેબલ ઈન્સ્યુરન્સ કંપની લી. તા. 31-3-2018ના રોજ પૂરા થતાં વર્ષની આગ અને દરિયાઈ વિભાગની માહિતી નીચે પ્રમાણે રજૂ કરે છે :

| વિગત | આગ<br>રૂ. | દરિયાઈ<br>રૂ. |
|---|---|---|
| તા. 31-3-2017ના રોજ ભાવિ જોખમ અંગેનું અનામત | 14,00,000 | 18,00,000 |
| વર્ષ દરમિયાન ચૂકવેલ દાવા | 8,00,000 | 6,00,000 |
| દાવા અંગે બાકી જવાબદારી : | | |
| તા. 31-3-2017 | 1,00,000 | 1,20,000 |
| તા. 31-3-2018 | 1,60,000 | 80,000 |
| મળેલ પ્રીમિયમ | 24,00,000 | 16,00,000 |
| સ્વીકારેલ પુનઃ વીમા પ્રિમિયમ | 3,00,000 | 2,00,000 |
| આપેલ પુનઃ વીમા પ્રીમિયમ | 2,00,000 | 1,60,000 |

| | | |
|---|---|---|
| રિ-ઇન્સ્યુરન્સની વસૂલાત | 1,20,000 | 1,00,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ | 1,00,000 | 80,000 |
| વ્યાજ અને ડિવિડન્ડ પર ટેક્સ | 30% | 30% |
| અન્ય આવક | 40,000 | 44,000 |
| કમિશન | 1,40,000 | 1,30,000 |
| સ્વીકારેલ પુનઃ વીમા કમિશન | 60,000 | 40,000 |
| આપેલ પુનઃ વીમા કમિશન | 40,000 | 30,000 |

**અન્ય માહિતી :**

(1) વધારાનું અનામત ભાવિ જોખમના અનામતના 50% દર વર્ષે રાખવામાં આવે છે.

(2) વહીવટી ખર્ચા રૂ. 2,00,000 કાનૂની ખર્ચ રૂ. 80,000 બન્ને વિભાગો વચ્ચે મળેલ પ્રીમિયમના આધારે ફાળવવાના છે.

(3) પ્રીમિયમનાં બાકી લેણાં નીચે મુજબ છે :

| વર્ષ | આગ | દરિયાઈ |
|---|---|---|
| 31-3-2017 | રૂ. 3,00,000 | રૂ. 80,000 |
| 31-3-2018 | રૂ. 2,00,000 | રૂ. 40,000 |

બન્ને વિભાગનાં મહેસૂલી ખાતાં તૈયાર કરો.

**જવાબ : (આગ વિભાગ)**

મહેસૂલી ખાતાનો નફો રૂ. 17,42,000, ચોખ્ખું પ્રીમિયમ રૂ. 24,00,000, દાવાની રકમ રૂ. 7,88,000, કમિશન રૂ. 1,60,000 વહીવટી ખર્ચા રૂ. 1,20,000, ભાવિ જોખમ અંગે અનામત રૂ. 1,20,00,000 વધારાનું અનામત રૂ. 6,00,000

**દરિયાઈ વિભાગ**

મહેસૂલી ખાતાનો નફો રૂ. 12,88,000, ચોખ્ખું પ્રીમિયમ રૂ. 16,00,000, દાવાની રકમ રૂ. 4,92,000, કમિશન રૂ. 1,40,000, વહીવટી ખર્ચા રૂ. 80,000. ભાવિ જોખમ અંગે અનામત રૂ. 16,00,000 વધારાનું અનામત રૂ. 8,00,000)

**(સમજૂતી માટે જુઓ ઉદાહરણ - 5)**

6. જયદીપ વીમા કંપની લિ. ફકત દરિયાઈ વીમાનો ધંધો કરે છે. તેની બે વર્ષની ખાતાવાહીમાંથી નીચેની બાકીઓ મળી છે.

| વિગત | તા. 31-3-08 ના રોજ પૂરા થતાં વર્ષ અંગે રૂ. | તા. 31-3-09 ના રોજ પૂરા થતાં વર્ષ અંગે રૂ. |
|---|---|---|
| ચૂકવેલ દાવાઓ | 58,000 | 63,000 |
| પુનઃ વીમાની વસૂલાત | 7,000 | 10,000 |
| સીધા ધંધા પર કમિશન | 15,600 | 12,600 |
| મળેલ પ્રીમિયમ | 3,25,000 | 3,70,000 |
| સ્વીકારેલ પુનઃ વીમા પર ચૂકવેલ દાવા | 6,500 | 7,500 |
| સ્વીકારેલ પુનઃ વીમા પર કમિશન | 2,500 | 3,500 |
| સ્વીકારેલ પુનઃ વીમા પર પ્રીમિયમ | 37,000 | 48,000 |
| આપેલ પુનઃ વીમા પર કમિશન | 3,500 | 3,300 |
| આપેલ પુનઃ વીમા પર પ્રીમિયમ | 30,000 | 55,000 |

| | | |
|---|---|---|
| સ્ટાફનો પગાર | 32,000 | 42,000 |
| કાયમી મિલકતો પર ઘસારો | 5,500 | 7,200 |
| ઓડીટ ફી | 2,600 | 2,500 |
| દાવા અંગે કાનૂની ખર્ચ | 2,200 | 1,800 |
| પ્રીમિયમમાં ઘટાડા રૂપે આપેલ બોનસ | 6,000 | - |
| સ્ટેશનરી અને છપામણી | 5,300 | 6,800 |
| વહીવટી ખર્ચા | 36,000 | 30,000 |
| ઘાલખાધ | 1,200 | 800 |
| મોટર વેચાણનો નફો | 9,000 | - |
| ફર્નિચર વેચાણ પર નુકસાન | - | 6,000 |

**વધારાની માહિતી**

(1) તા. 31-3-2007, તા. 31-3-2008 અને તા. 31-3-2009ના રોજ ચૂકવવાના બાકી દાવા અનુક્રમે રૂ. 17,000, રૂ. 20,000 અને રૂ. 15,000 હતા.

(2) તા. 31-3-2007 ના રોજ બાકી જોખમ માટેનું અનામત રૂ. 60,000 અને વધારાનું અનામત રૂ. 6,000 હતું.

(3) બાકી જોખમ સામે અનામત જે તે વર્ષના ચોખ્ખા પ્રીમિયમના 100% લેખે રાખવાનું છે અને વધારા અનામત પ્રિમિયમના 10% લેખે રાખવાનું છે.

ઉપરોક્ત વિગતો પરથી તા. 31-3-2008 અને તા.31-3-2009 ના રોજ પૂરા થતા વર્ષ માટે જરૂરી પરિશિષ્ટો તૈયાર કરી દરિયાઈ વિભાગનાં મહેસૂલી ખાતાં તૈયાર કરો.

(જવાબ:મહેસૂલીખાતું:તા. 31-3-2008નીખોટરૂ. 1,24,100, મળેલપ્રીમિયમ રૂ. 3,32,000, ચૂકવેલદાવા, રૂ.62,700, બાકીજોખમમાટેનુંઅનામતરૂ. 3,32,000અનેવધારાનુંઅનામતરૂ. 33,200

યાદ રાખો કે પ્રીમિયમમાં ઘટાડા રૂપે આપેલ બોનસ કાચા સરવૈયાની બાકી તરીકે આપેલું છે. (હવાલામાં નથી આપ્યું) માટે તેની એક જ અસર આવશે જે મહેસૂલી ખાતામાં અન્ય ખર્ચા હેઠળ ખર્ચ તરીકે દર્શાવાશે.

મહેસૂલી ખાતું તા. 31-3-2009 નફો રૂ. 1,63,500 મળેલ પ્રીમિયમ રૂ. 3,63,000, ચૂકવેલ દાવા રૂ. 57,300, બાકી જોખમ માટેનું અનામત કે રૂ. 3,63,000 વધારાનું અનામત રૂ. 36,300)

**(સમજૂતી માટે જુઓ ઉદાહરણ - 6)**

7. તા. 31-3-2012 ના રોજ પૂરા થતા વર્ષની નીચેની માહિતી આગના વીમાનો ધંધો કરતી સીમા વીમા કંપની ની આપેલી છે.

| | વિગત | | સીધા ધંધા અંગે રૂ. | પુનઃ વીમા અંગે રૂ. |
|---|---|---|---|---|
| (1) | પ્રીમિયમ : | મળેલ | 5,00,000 | 4,10,000 |
| | | મળવા પાત્ર (1-4-2011) | 30,000 | 4,000 |
| | | મળવાપાત્ર (31-3-2012) | 50,000 | 5,000 |
| | | ચૂકવેલ | - | 50,000 |
| | | ચૂકવવા પાત્ર (1-4-2011) | | 5,000 |
| | | ચૂકવવા પાત્ર (31-3-2012) | 7,000 | |
| (2) | દાવાઓ : | ચૂકવેલ | 3,20,000 | 40,000 |
| | | ચૂકવવા પાત્ર (1-4-2011) | 40,000 | 3,000 |
| | | ચૂકવવા પાત્ર (31-3-2012) 60,000 | 4,000 | |

| | | | | |
|---|---|---|---|---|
| | | મળેલ | | 30,000 |
| | | મળવાપાત્ર (1-4-2011) | | 4,000 |
| | | મળવા પાત્ર (31-3-2012) | | 3,000 |
| (3) | કમિશન : | ચૂકવેલ | 15,000 | 2,200 |
| | | મળેલ | - | 2,500 |
| (4) | અન્ય ખર્ચાઓ અને આવકો : | | | |
| | | પગાર રૂ. 16,000, સ્ટેશનરી રૂ. 1,200 | | |
| | | ભાડુ રૂ. 4,000, આવકવેરો રૂ. 30,000 | | |
| | | કાનૂની ખર્ચા રૂ. 3,000 (દાવા માટે રૂ. 2,000 સહિત) | | |
| | | મળેલ ચોખ્ખું વ્યાજ અને ડિવિડન્ડ | | 4,000 |
| | | મળેલ ચોખ્ખું ભાડું | | 1,000 |
| (5) | બાકી જોખમ સામે અનામત (1-4-2011) | | | 2,00,000 |
| | વધારાનું અનામત (1-4-2011) | | | 20,000 |
| (6) | ચોખ્ખા પ્રીમિયમના 6% વધારાના અનામત તરીકે રાખવાના છે. | | | |

તા. 31-3-2012 ના રોજ પૂરા થતા વર્ષ માટે IRDA દ્વારા નક્કી થયેલ ઊભા સ્વરૂપનું મહેસૂલી ખાતું તૈયાર કરો.

**જવાબ :**

મહેસૂલી ખાતાનો નફો રૂ. 1,90,860, પ્રીમિયમની ચોખ્ખી આવક રૂ. 8,79,000, ચૂકવેલ દાવા રૂ. 3,54,000, કમિશન રૂ. રૂ. 14,700, સંચાલકીય કે વહીવટી કામગીરી ખર્ચા રૂ. 52,200. બાકી જોખમ અંગેનું અનામત રૂ. 4,39,500. વધારાનું અનમાત રૂ. 52,740)

**(સમજૂતી માટે જુઓ ઉદાહરણ - 7)**

**એકમ 10**

# ડિબેન્ચર મૂડી પરતનાં હિસાબો

## : રૂપરેખા :

**10.1 પ્રસ્તાવના**

**10.2 ડિબેન્ચરનો અર્થ અને વ્યાખ્યા**

**10.3 ડિબેન્ચરનાં લક્ષણો**

**10.4 ડિબેન્ચરનાં પ્રકારો**

**10.5 ડિબેન્ચર બહાર પાડવા અંગેની વિધિ**

**10.6 ડિબેન્ચર બહાર પાડવા અંગેની હિસાબી અસરો**

**10.7 રોકડ સિવાયનાં અવેજથી ડિબેન્ચર બહાર પાડવા**

**10.8 આનુષંગિક જામીનગીરી તરીકે ડિબેન્ચર બહાર પાડવા**

**10.9 ડિબેન્ચર પરત કરતી વખતે થતી હિસાબી નોંધ**

**10.10 ડિબેન્ચરનાં નાણાં પરત કરવા અંગે નાણાંની જોગવાઈ**

**10.11 ડિબેન્ચરનાં નાણાં પરત કરવાની પદ્ધતિઓ**

- **સ્વાધ્યાય**

## 10.1 પ્રસ્તાવના

ધંધો કરતી કંપનીઓને નાણાં ઉછીનાં લેવાની સત્તા આપવામાં આવી છે. આ સત્તાને આધારે કંપની જાહેર પ્રજા પાસેથી નાણાં ઉછીનાં લે છે અને જે વ્યક્તિ કંપની ને ઉછીના નાણાં ધીરે છે ત્યારે કંપની પોતાનાં દેવાનો સ્વીકાર કરતો દસ્તાવેજ બહાર પાડે છે આ બહાર પાડેલ દસ્તાવેજ ને ડિબેન્ચર કહેવામાં આવે છે.

ડિબેન્ચર એ દેવું ઊભું કરતો અને દેવાનો સ્વીકાર કરતો દસ્તાવેજ છે. કંપની ટૂંકા ગાળાનાં ધિરાણો બેન્ક પાસેથી મેળવે છે પરંતુ લાંબા ગાળાના ધિરાણો માટે કંપની પ્રજા પાસેથી જામીનગીરી બહાર પાડી ભંડોળ પ્રાપ્ત કરે છે. કંપની શેર કે ડિબેન્ચર બહાર પાડીને નાણાં મેળવી શકે છે. વ્યાપાર સંગઠનનાં બીજા સ્વરૂપો કરતાં કંપની એક ખાસ રીતે નાણાં ઉછીનાં મેળવી શકે છે. જાહેર પ્રજા પાસેથી મેળવેલ રકમ કે રોકાણ સામે કંપની પોતાનાં દેવાંનો સ્વીકાર કરી જે દસ્તાવેજ બહાર પાડે છે તેમાં કંપનીની સામાન્ય મહોર (Seal) સાથે બહાર પાડવામાં આવે છે. ડિબેન્ચર એ કંપનીનું દેવું દર્શાવતો અને દેવાની સ્વીકૃતિ કરતો દસ્તાવેજ છે. કંપની જ્યારે ડિબેન્ચર બહાર પાડે છે ત્યારે તેમાં ડિબેન્ચર હોલ્ડરનાં નામ, ડિબેન્ચરની સંખ્યા, ડિબેન્ચર દીઠ રકમ, ડિબેન્ચર ક્રમાંક, વ્યાજની ચૂકવણીનો દર અને સમય તેમજ ડિબેન્ચરની રકમ ભવિષ્યમાં ક્યારે પરત કરવામાં આવશે તે દર્શાવવામાં આવે છે.

## 10.2 ડિબેન્ચરનો અર્થ અને વ્યાખ્યા :

**અર્થ :**

કંપનીની સામાન્ય મહોર સાથે, દેવું ઊભો કરતો ને દેવાનો સ્વીકાર કરતો દસ્તાવેજ એટલે ડિબેન્ચર. દરેક કંપનીએ ડિબેન્ચર પર નિયત દરે વ્યાજ ચૂકવવું પડે છે. ડિબેન્ચર એ દેવું છે. આ પ્રકારનાં દેવા ને કંપનીના નફા સાથે કોઈ જ સંબંધ નથી. કંપની ને નફો થાય કે ખોટ, પરંતુ કંપનીએ ચોક્કસ મુદત્ત પછી નિયત દરે વ્યાજ ચૂકવવું જ પડે છે. ડિબેન્ચર બહાર પાડતાં કંપની ની મિલકતો પર તરતો બોજ (Floating charge) ઊભો કરવામાં આવે છે પરંતુ આવા બોજા વગર પણ ડિબેન્ચર બહાર પાડી શકાય છે.

ડિબેન્ચર એ લાંબાગાળાની જવાબદારી છે. જે કંપનીઓને ડિવિડન્ડ ચુકવણી કરવાનો બોજો ન હોય તેવી કંપનીઓ ડિબેન્ચર બહાર પાડે છે. કંપનીના પાકા સરવૈયામાં ડિબેન્ચર ‘બિનચાલુ દેવા’ શીર્ષક હેઠળ ‘લાંબા ગાળાના દેવાં’ તરીકે બતાવવામાં આવે છે. ડિબેન્ચર તારણવાળા કે સાદા ડિબેન્ચર હોઈ શકે છે. ડિબેન્ચર મોટે ભાગે નિશ્ચિત મુદ્દતના હોય છે અને તે મુદત પૂરી થતાં તેના નાણાં પરત કરવામાં આવે છે.

**વ્યાખ્યા :**

**વ્યાખ્યા :** 2013ના કંપનીધારાની કલમ 2(30) મુજબ “ડિબેન્ચરમાં ડિબેન્ચર સ્ટોક, બોન્ડ્ઝ અથવા અન્ય (નાણાકીય) સાધનનો સમાવેશ થાય છે. જે કંપની માટે દેવું ઊભું કરતો અને દેવાંનો સ્વીકાર કરતો દસ્તાવેજ છે અને જેના લીધે કંપની ની મિલકતો પર બોજ ઊભો થાય છે અને ન પણ થાય.”

ઉપરોક્ત વ્યાખ્યા મુજબ ડિબેન્ચરમાં ડિબેન્ચર સ્ટોક, બોન્ડઝ તેમજ અન્ય નાણાકીય સાધોનોનો પણ સમાવેશ થાય છે. ડિબેન્ચર એ કંપની નાં દેવાંનો સ્વીકાર કરતો દસ્તાવેજ હોય છે. કંપનીને નફો ન થયો હોય, તો પણ નિયત દરે ડિબેન્ચર પર વ્યાજ ચુકવવું પડે છે.

કંપનીધારા, 2013 ની કલમ 71(4) મુજબ તથા સેબીની ગાઈલાઈન્સ મુજબ, કંપની જ્યારે ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં તેને બહાર પાડેલાં ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમત ની રકમ ના 25% ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવા પડશે.

કંપની ના નિયમ, 2014 ના નિયમ 18(7) (C) મુજબ, જે નાણાકીય વર્ષના અંતમાં ડિબેન્ચર પરત કરવાના હોય તેની કુલ દર્શનિક કિંમતના ઓછામાં ઓછા 15% જેટલી રકમ વર્ષની શરૂમાં એટલે કે 30મી એપ્રિલ સુધીમાં રોકાણ કરવી પડશે. આ રોકાણો કે ડિપોઝિટનો ઉપયોગ ફક્ત ચાલુ વર્ષે પરત કરવાના થતાં ડિબેન્ચર માટે જ કરવામાં આવશે.

## 10.3 ડિબેન્ચરનાં લક્ષણો

(1) ડિબેન્ચર એ કંપનીનો દેવું દર્શાવતો અને દેવાની સ્વીકૃતિ કરતો, કંપનીની મહોર (Seal) દર્શાવતો દસ્તાવેજ છે.

(2) કંપનીને નફો ન હોય તોપણ ચોક્કસ દરે ડિબેન્ચર પર વ્યાજ ચૂકવવું પડે છે.

(3) જ્યારે કંપની દ્વારા ડિબેન્ચરની પૂરેપૂરી રકમ અરજી વખતે જ મંગાવવામાં આવે ત્યારે તે રકમ ‘ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે’ જમા કરવામાં આવશે.

(4) ડિબેન્ચર પર બાકી હપ્તા હોય ત્યારે તેવા ડિબેન્ચર જપ્ત કરી શકાતા નથી, કારણ કે ડિબેન્ચર એ કંપનીનું દેવું છે.

(5) ડિબેન્ચર બહાર પાડતાં મોટે ભાગે કંપનીની મિલકતો પર તરતો બોજ (Floating Charge) ઊભો કરવામાં આવે છે. કંપની આ પ્રકારનાં બોજા વગર પણ ડિબેન્ચર બહાર પાડી શકે છે.

(6) ડિબેન્ચર તારણવાળા કે સાદા ડિબેન્ચર હોઈ શકે છે.

(7) મોટેભાગે ડિબેન્ચર એ શરતે બહાર પાડવામાં આવે છે કે અમુક મુદ્દત પછી તેનું શેરમાં નિશ્ચિત ભાવે રૂપાંતર થઈ શકે છે.

(8) ડિબેન્ચર ને 'આનુષંગિક જામીનગીરી' (Cotlateral Seaultiry) તરીકે પણ બહાર પાડી શકાય છે.

(9) ડિબેન્ચર પ્રીમિયમ એ કંપનીનો મૂડી નફો છે.

(10) ડિબેન્ચર હોલ્ડર્સને સામાન્ય સભામાં મત આપવાનો અધિકાર હોતો નથી.

(11) કંપની ના પાકાં સરવૈયામાં ડિબેન્ચર 'બિન ચાલુ દેવાં' શીર્ષક હેઠળ 'લાંબા ગાળાનાં દેવાં' તરીકે બતાવવામાં આવે છે.

(12) કંપની ધારામાં ડિબેન્ચર મહત્તમ કેટલા વટાવ થી બહાર પાડી શકાય તે માટે કોઈ નિયંત્રણ નથી.

(13) શેર ની જેમ ડિબેંન્ચરની પણ શેરબજારમાં નોંધણી (listing) કરાવી શકાય છે અને બજાર કિંમતે શેરબજારમાં તેનું ખરીદ-વેચાણ થઈ શકે છે.

(14) ડિબેન્ચર પ્રીમિયમ થી પરત કરવાના હોય તો પરત કરતી વખતે જે પ્રીમિયમ ચુકવવું પડે છે તે પ્રીમિયમ કંપની માટે ખોટ (નુકસાન) છે.

(15) ડિબેન્ચર દેવું હોવાથી જ્યારે કંપની નું વિસર્જન થાય ત્યારે શેરહોલ્ડરોને નાણાં પરત કરતાં પહેલાં ડિબેન્ચરનાં નાણાં પરત કરવા પડે છે.

## 10.4 ડિબેન્ચરના પ્રકારો

કંપની જાહેર પ્રજા પાસે થી લાંબા ગાળા માટે ઉછીની મેળવેલ રકમ સામે રોકાણકારોને દેવાનો સ્વીકાર કરતો જે દસ્તાવેજ આપે છે, તેને ડિબેન્ચર કહે છે.

ડિબેન્ચરનું વર્ગીકરણ મુખ્ય ચાર પ્રકારે કરી શકાય છે.

**(A) જામીનગીરીના આધારે (On the basis of Security)**

(1) સાદા ડિબેન્ચર્સ

(2) ગીરવી ડિબેન્ચર કે તારણવાળા ડિબેન્ચર

**(1) સાદા કે તારણ વગરના ડિબેન્ચર્સ :**

**(Simple or Unsecured or Naked Debentures)**

જ્યારે કંપની કોઈ પણ જામીનગીરી વ્યાખ્યા વગર ડિબેન્ચર બહાર પાડે છે તેને સાદા કે તારણ વગરના ડિબેન્ચર કહેવામાં આવે છે. આ પ્રકારના ડિબેન્ચર રોકાણકારો માટે જોખમી ગણાય છે. ડિબેન્ચર દ્વારા દેવાનો સ્વીકાર કરવામાં આવે છે ત્યારે તે સાદા ડિબેન્ચર કહેવાય છે. આ પ્રકારના ડિબેન્ચર પર પણ વ્યાજ તો નિશ્ચિત તારીખે કંપનીએ આપવું જ પડે છે. કંપનીએ પાકતી મુદતે તેનાં નાણાં પરત કરવા પડે છે.

**(2) ગીરવી ડિબેન્ચર કે તારણવાળા ડિબેન્ચર :**

**(Mortoage or Secured Debentures)**

જ્યારે કંપની દ્વારા ડિબેન્ચર બહાર પાડવામાં આવે છે ત્યારે કંપની ની મિલકતો ગીરો મૂકવામાં આવે છે અથવા એ મિલકતો પર બોજ ઊભો કરવામાં આવે છે. આ પ્રકારનો બોજ સ્થિર કે અસ્થિર હોઈ શકે. આ પ્રકારે ગીરવે મુકેલી મિલકતો કંપની ડિબેન્ચર હોલ્ડરની સંમતિ વિના વેચી શકતી નથી.

**બોજના ક્રમ મુજબ (On the Basis of Priority of Charge)**

**(a) પ્રથમ બોજવાળા ડિબેન્ચર**

**(b) દ્વિતીય બોજવાળા ડિબેન્ચર**

**(a) પ્રથમ બોજવાળા ડિબેન્ચર :** આ પ્રકારનાં ડિબેન્ચર બહાર પાડતાં મિલકતો પર પ્રથમ બોજ ઊભો કરવામાં આવે છે. આવા ડિબેન્ચર હોલ્ડર્સને ગીરો મૂકેલ મિલકત પર નાણાં પરત મેળવવાનો પ્રથમ હક હોય છે.

**(b) દ્વિતીય બોજવાળાં ડિબેન્ચર :** જ્યારે મિલકતો પર બીજા ક્રમાંકનો બોજ ઊભો કરવામાં આવે એટલેકે જ્યારે પ્રથમ ક્રમાંકના બોજવાળા ડિબેન્ચર ચૂકવાઈ જાય પછી બીજા ક્રમાંકના બોજાવાળા ડિબેન્ચર હોલ્ડર્સ ને નાણાં ચૂકવવામાં આવે છે તેને દ્વિતીય બોજવાળા ડિબેન્ચર કહેવામાં આવે છે.

**(B) પરત કરવાની શરત મુજબ (On the basis of Redemption)**

(1) પરત કરી શકાય એવા ડિબેન્ચર

(2) કાયમી ડિબેન્ચર્સ

**(1) પરત કરી શકાય એવાં ડિબેન્ચર**

**(Redemable Dabenture's)**

કંપની ની ટ્રસ્ટડીડ કે ડિબેન્ચરમાં જણાવવામાં આવે છે કે ડિબેન્ચર્સનાં નાણાં નિયત મુદ્દતના અંતે પરત થશે તેવી શરતે બહાર પાડવામાં આવે છે. કંપની નાણાં ક્યારે પરત કરશે તેનો સમય ડિબેન્ચર હોલ્ડર્સને જણાવવામાં આવે છે આ પ્રકારનાં ડિબેન્ચર્સને પરત કરી શકાય તેવા ડિબેન્ચર કહેવામાં આવે છે.

**(2) ઈરરિડીમેબલ કે કાયમી ડિબેન્ચર**

**(Irredeemable Debentures)**

આ પ્રકારના ડિબેન્ચરમાં નાણાં પરત કરવાની મુદ્દત અગાઉ થી નિશ્ચિત હોતી નથી. જ્યાં સુધી કંપની ચાલુ હોય ત્યાં સુધી ડિબેન્ચર હોલ્ડરો ના નાણાં ક્યારે ચૂકવવામાં આવશે તે નક્કી હોતું નથી. તેથી આવા પ્રકારનાં ડિબેન્ચર ને ઈરરિડીમેબલ કે કાયમી ડિબેન્ચર કહેવામાં આવે છે કંપની ડિબેન્ચર હોલ્ડરોને ડિબેન્ચર નાં નાણાં પરત કરવાની મુદ્દત અંગેની બાંયધરી આપતી નથી. કંપની પોતાની ઈચ્છા મુજબ નાણાં પરત કરી શકે છે પરંતુ કંપની ના વિસર્જન સમયે તેને પરત કરવાં ફરજીયાત છે.

**(C) રૂપાંત્રની શરત મુજબ (On the Basis of Conditions and Convesrtilitity)**

**(1) કન્વર્ટિબલ ડિબેન્ચર કે રૂપાંતર પાત્ર ડિબેન્ચર (Converstible Debeures)**

આ પ્રકારનાં ડિબેન્ચરમાં ડિબેન્ચરની કિંમત પૈકી અમુક રકમ કે પૂરેપૂરી રકમ નું અમુક મુદ્દત બાદ ઈક્વિટી શેરમાં કે પ્રેફરન્સ શેરમાં કે અન્ય ડિબેન્ચરમાં રૂપાંતર કરવામાં આવે છે તેને કન્વર્ટિબલ કે રૂપાંતરપાત્ર ડિબેન્ચર કહેવામાં આવે છે.

ઘણીવાર ડિબેન્ચરની દાર્શનિક કિંમત પૈકી અમુક રકમ પૂરતું ડિબેન્ચર નું રૂપાંતર કરવામાં આવે તેને "અંશત : રૂપાંતરિત ડિબેન્ચર" કહેવામાં આવે છે. જ્યારે ડિબેન્ચરની પૂરેપૂરી રકમનું એક સાથે ઇક્વિટી શેર કે અન્ય જામીનગીરીમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે તેવાં પ્રકારનાં ડિબેન્ચરને "સંપૂર્ણ રૂપાંતરિત ડિબેન્ચર" કહેવામાં આવે છે. જાહેર પ્રજામાં "સંપૂર્ણ રૂપાંતરિત ડિબેન્ચર" પ્રકારનાં ડિબેન્ચર વધુ લોકપ્રિય છે કારણ કે કન્વર્ટિબલ ડિબેન્ચર તેના ધારકને જરૂરી રોકડ પ્રવાહિતા રૂપાંતરના સમયે મૂડી વૃદ્ધિનો ફાયદો અને મૂડીની સલામતી આપે છે.

**(2) બિનરૂપાંતરપાત્ર કે નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર (Non - Converstible Debentures)**

આ પ્રકારનાં ડિબેન્ચરનું ઈક્વિટી કે પ્રેફરન્સ શેરમાં રૂપાંતર કરવા અંગે કોઈ શરત હોતી નથી. તેથી તેને બિનરૂપાંતરપાત્ર કે નોન - કન્વર્ટિબલ ડિબેન્ચર કહેવામાં આવે છે પાકયા તારીખે ડિબેન્ચર ને રોકડ અવેજ થી ચૂકવવામાં આવે છે.

**(D) ફેરબદલી ની સગવડ પ્રમાણે (On the basis of Transfea bility)**

**(1) રજિસ્ટર્ડ ડિબેન્ચર (Registered Debentures)**

**(2) બેરર ડિબેન્ચર (Bearer Debentures)**

**(1) રજિસ્ટર્ડ ડિબેન્ચર :** આ પ્રકારનાં ડિબેન્ચરમાં ડિબેન્ચર ની ફેરબદલી માટે કંપની ના રજિસ્ટર માં નાંધણી કરાવી અનિવાર્ય છે. ડિબેન્ચર ની નોંધણી કરવા માટે કંપની માં રજિસ્ટર હોવું જરૂરી છે. આ રજિસ્ટરમાં ડિબેન્ચર હોલ્ડર્સના નામ, સરનામા તેમજ અન્ય વિગતોનો સમાવેશ કરવામાં આવે છે.

**(2) બેરર ડિબેન્ચર :** આ પ્રકારનાં ડિબેન્ચરો ની કંપની ના રજીસ્ટરમાં કોઈ નોંધણી કરવામાં આવતી નથી. આ પ્રકારનાં ડિબેન્ચર ચલણી નોટ જેવાં હોય છે. બેરર ડિબેન્ચર ની ફેરબદલી કરવા માટે ખરીદનારને ફક્ત ડિબેન્ચર આપી નાણાં મેળવી લેવા સિવાય બીજી કોઈ પ્રક્રિયા કરવાની રહેતી નથી. ફેરબદલીની નોંધણી કરવી પણ જરૂરી નથી. માત્ર સાદા હસ્તાંતરણ દ્વારા ડિબેન્ચરની બદલી થઈ શકે છે.

**કેટલાંક વિશિષ્ટ પ્રકારનાં ડિબેન્ચર :**

**(1) ઊંચા વટાવવાળા ડિબેન્ચર (Deep Discount Bond or Debentures)**

આ પ્રકારનાં ડિબેન્ચરની ઇશ્યૂ કિંમત ખૂબ જ નીચી રાખવામાં આવે છે અને મુદ્દત પૂરી થતાં તે મૂળકિંમતે પરત કરવામાં આવે છે. પરિણામે ઈશ્યૂકિંમત અને મૂળ કિંમતના તફાવતની રકમ એટલી હોય છે કે રોકાણકારોને ઊંચું વ્યાજ મળે છે.

**(2) <u>ડિબેન્ચર સ્ટોક :</u>** ડિબેન્ચર સ્ટોક પણ એક પ્રકારનું દેવું છે. ડિબેન્ચર સ્ટોક ફેરબદલી ની સરળતા ખાતર બહાર પાડવામાં આવે છે. ડિબેન્ચર સ્ટોક કોઈ નિશ્ચિત દાર્શનિક કિંમતના હોતા નથી. ગમે તેટલી રકમના ડિબેન્ચર સ્ટોક ની ફેરબદલી થઈ શકે છે. ડિબેન્ચર સ્ટોક ધરાવનાર વ્યક્તિને કંપની તરફથી પ્રમાણપત્ર આપવામાં આવે છે. કોઈપણ ડિબેન્ચર જે નિશ્ચિત દાર્શનિક કિંમત ધરાવે છે તેનું ડિબેન્ચર સ્ટોકમાં રૂપાંતર થઈ શકે છે.

**(3) <u>શૂન્ય - વ્યાજવાળા ડિબેન્ચર (Zero interest Debentures)</u>**

શૂન્ય - વ્યાજવાળાં ડિબેન્ચર પર વ્યાજનો દર શૂન્ય હોય છે એટલે કે કંપની તેના પર વ્યાજ ચૂકવતી નથી. કંપની ડિબેન્ચર ખૂબ નીચી કિંમતે એટલે કે મૂળ કિંમત કરતાં ઊંચા વટાવે બહાર પાડે છે અને પાકયા તારીખે તેની મૂળ કિંમત જેટલાં નાણાં પરત કરે છે. ડિબેન્ચર ની નીચી ઈશ્યૂ કિંમત અને પરત મળેલ મૂળ કિંમત ના તફાવત જેટલી રકમ એ રોકાણકારનું વ્યાજ ગણાય. આ પ્રકારનાં ડિબેન્ચર પર વ્યાજ ચૂકવાતુ ન હોવાથી વ્યાજ કરપાત્ર બનતું નથી. તફાવતની રકમને મૂડી નફો ગણી તેના પર આવકવેરો ભરવો પડે છે. કંપની ને ફાયદો એ છે કે તેણે દર વર્ષે આવા ડિબેન્ચર પર વ્યાજ ચૂકવવું પડતું નથી.

**(4) <u>ઊંચો લાભ આપતાં ડિબેન્ચર (Deep Sain Debentures)</u>**

આવા ડિબેન્ચર પણ ઉપર જણાવેલ ડીપ ડિસ્કાઉન્ટ બોન્ડ જેવાં જ હોય છે. આ પ્રકારના ડિબેન્ચર માં તફાવત એ છે કે તેનાં નાણાં પરત કરતાં ખૂબ ઊંચી રકમ નું પ્રીમિયમ આપવામાં આવે છે.

## 10.5 ડિબેન્ચર બહાર પાડવા અંગે ની વિધિ

ડિબેન્ચર બહાર પાડવાની વિધિ અને તે અંગે કંપની ધારાની જોગવાઈઓ નીચે મુજબ છે:

**(1) <u>ડિરેક્ટર બોર્ડની સભામાં ઠરાવ :</u>**

ડિરેક્ટરને કંપની ની સભામાં જે પ્રકારનાં ડિબેન્ચર્સ બહાર પાડવાનું નક્કી થાય તે અંગે ઠરાવ પસાર કરવામાં આવે છે. આ ઠરાવમાં ડિબેન્ચર્સની સંખ્યા, રકમ અને વ્યાજનાં દરની શરતો સ્પષ્ટ કરવામાં આવે છે.

**(2) <u>વિજ્ઞાપન પત્ર :</u>**

ડિબેન્ચર બહાર પાડવા અંગે કંપનીએ વિજ્ઞાપન પત્ર જારી કરતા પહેલાં ડિબેન્ચર ટ્રસ્ટી નિમણૂક સંલગ્ન નિયમો અને શરતો ને સુસંગત રહી ડિબેન્ચર ટ્રસ્ટી કે ટ્રસ્ટીઓની નિમણૂક કરવાની રહે છે.

**(3) <u>કંપનીધારા અને સેબીની જોગવાઈનું પાલન :</u>**

ડિબેન્ચર પર મળેલા નાણા શિડયુલ્ડ બેન્કમાં રાખવા માટે અલગ ખાતામાં રાખવામાં આવે છે. જાહેર પ્રજા ડિબેન્ચર માટે અરજી કરી શકે છે. ડિબેન્ચર ભરણાંની યાદી બંધ થયા પછી કંપની સેક્રેટરી ડિબેન્ચર મંજૂર થયાની ખબર

અરજદારોને આપે છે. મંજૂર થયેલાં ડિબેન્ચર હોલ્ડર્સ ને 'મંજૂરી પત્ર' આપવામાં આવે છે. જે અરજદારોનાં અરજપત્રો નામંજૂર કરતા હોય તેમને 'દિલગીરી પત્ર' તથા અરજીના નાણાં પરત મોકલવામાં આવે છે. સેબીની માર્ગદર્શિકા મુજબ કંપનીએ બહાર પાડેલ ડિબેન્ચરની કુલ રકમ ના ઓછામાં ઓછી 90% રમકનું ભરણું મળવું જોઈએ.

**(4) <u>અરજી પત્રક</u> :**

કંપનીએ જાહેર જનતાને ડિબેન્ચર ખરીદવા માટે એક અલગ અરજીપત્રક બહાર પાડવાનું હોય છે. ડિબેન્ચર બહાર પાડતી વખતે ડિબેન્ચરનાં પૂરેપૂરાં નાણાં અરજી સાથે જ મંગાવી શકે છે અથવા હપ્તે હપ્તે નાણાં મંગાવી શકાય છે.

**(5) <u>શિડયુલ્ડ બેંકમાં ખાતું</u> :**

ડિબેન્ચરોની અરજીના મળેલ નાણાં સીધા શિડયુલ્ડ બેંકમાં એક અલગ ખાતામાં રાખવામાં આવે છે. ભરણાની તારીખ પૂરી થયા બાદ સેક્રેટરી અરજીપત્રકોની યાદી અને વહેંચણી પત્રકો તૈયાર કરે છે.

**(6) <u>ડિબેન્ચર ની રકમ</u> :**

ડિબેન્ચર મૂળ કિંમતે, વટાવે કે પ્રીમિયમથી બહાર પાડી શકાય છે. વટાવનો કે પ્રીમિયમનો દર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નક્કી કરી શકે છે. કંપની ડિબેન્ચરની રકમ એક સાથે અથવા હપ્તે હપ્તે માંગી શકે છે.

**(7) <u>લઘુત્તમ ભરણું :</u>**

કંપનીધારા 2013 ની જોગવાઈ પ્રમાણે ઓછામાં ઓછું 90% જેટલું ભરણું ભરાવું જરૂરી છે.

**(8) <u>બહાર પાડવાની રીત :</u>**

ડિબેન્ચર મૂળ કિંમતે, વટાવે કે પ્રીમિયમથી બહાર પાડી શકાય છે. વટાવનો કે પ્રીમિયમનો દર બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નક્કી કરે છે. ડિબેન્ચરનું જાહેર ભરણું કે હકનું ભરણું કરતાં તેનું ક્રેડિટ રેટીંગ એટલે શાખનું પ્રમાણ નક્કી કરાવવું પડે છે.

જો ડિબેન્ચરની રકમ અને બીજા ઉછીના લીધેલા નાણાં ની રકમ, કંપનીની ભરપાઈ થયેલી મૂડી અને મુક્ત અનામત ભંડોળથી વધી જાય તો ડિબેન્ચર બહાર પાડવા માટે સામાન્ય સભામાં ઠરાવ પસાર કરવો જરૂરી છે.

## 10.6 ડિબેન્ચર બહાર પાડવા અંગે ની હિસાબી અસરો

કંપની નીચેની બે રીતે ડિબેન્ચર બહાર પાડી જાહેર જનતા પાસેથી નાણાં મેળવી શકે છે. જુદા-જુદા સંજોગોમાં ડિબેન્ચર બહાર પાડવા અંગે કંપનીના ચોપડામાં નીચે પ્રમાણેની હિસાબીનોંધ પસાર કરવામાં આવે છે.

**<u>A ડિબેન્ચર ની રકમ એક સાથે મંગાવવામાં આવે ત્યારે</u>**

કંપની જાહેર જનતા પાસેથી ડિબેન્ચરના નાણા નીચેની ત્રણ રીતે એક સાથે મંગાવી શકે છે.

(1) ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડતી વખતે

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ.<br>તે.........ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર બહાર પાડતા પૂરે/પૂરી રકમ મળી તેના) | | ..... | <br>..... |
| 2 | ........ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>તે........ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજી ના નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના | | ..... | <br>..... |

## (2) ડિબેન્ચર પ્રીમિયમ થી બહાર પાડતી વખતે

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ.<br>તે.........ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર બહાર પાડતા પૂરે/પૂરી રકમ મળી તેના) | | ..... | <br>..... |
| 2 | ........ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે<br>તે.......ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજી ના નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના | | ..... | <br>.....<br>..... |

## (3) ડિબેન્ચર વટાવ થી બહાર પાડતી વખતે

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ.<br>તે.........ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર બહાર પાડતાં પૂરે/પૂરી રકમ મળી તેના) | | ..... | <br>..... |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>ડિબેન્ચર વટાવ ખાતે ઉ. | | .....<br>..... | |

| | | | | |
|---|---|---|---|---|
| | તે.......ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજી ના નાણાં ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે તથા વટાવ ખાતે ઉધારી ડિબેન્ચર ખાતે જમા કર્યા તેના) | | | ..... |

**B** **<u>ડિબેન્ચર ની રકમ હપ્તે હપ્તે મંગાવવામાં આવે ત્યારે</u>**

કંપની જાહેર જનતા પાસેથી ડિબેન્ચરના નાણાં ટુકડે ટુકડે મંગાવે છે. આવા સમયે નીચેની ત્રણ રીતે આમ/નોંધ થાય છે.

### (1) ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડવામાં આવે ત્યારે

કંપની ₹ 100 નો ડિબેન્ચર ₹ 100માં જ બહાર પાડે તેને ત્યારે ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડયા એમ કહે છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચર અરજીનાં નાણાં મળે ત્યારે.....<br>બેંક ખાતે ઉ.<br>તે.........ટકાના ડિબેન્ચર અરજી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજીનાં નાણાં વસુલ કર્યા તેનાં) | | ..... | ..... |
| 2 | ડિબેન્ચર અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ જવામાં આવે ત્યારે.....<br>........ટકાના ડિબેન્ચર અરજી ખાતે ઉ.<br>તે.......ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેંન્ચર મંજૂર કર્યા તેના) | | ..... | ..... |
| 3 | વધારાની અરજી પરત કરવામાં આવે ત્યારે.....<br>.........ટકાના ડિબેન્ચર અરજી ખાતે ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. વધારાની અરજીનાં નાણાં અરજદારો ને પરત કર્યા તેનાં) | | ..... | ..... |
| 4 | સ્વીકારેલ ડિબેન્ચર અરજીનાં વધારા નાં નાણાં મંજૂરી ખાતે લઈ જવામાં આવે ત્યારે.....<br>........ટકાના ડિબેન્ચર અરજી ખાતે ઉ.<br>તે.......ટકાના ડિબેન્ચર મંજૂરી ખાતે<br>(બા.જે. વધારાનાં નાણાં ડિબેંન્ચર મંજૂરી ખાતે લઈ ગયા તેના) | | ..... | ..... |
| 5 | ડિબેન્ચર મંજૂરી ની રકમ મંગાવવામાં આવે ત્યારે...<br>........ટકાના ડિબેન્ચર મંજૂરી ખાતે ઉ.<br>તે.......ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. મંજૂરી ની રકમ મંગાવવામાં આવી તેના) | | ..... | ..... |

| | | | | |
|---|---|---|---|---|
| 6 | ડિબેન્ચર મંજૂરીના નાણાં વસૂલ થાય ત્યારે.....<br>બેંક ખાતે ઉ.<br>તે.......ટકાના ડિબેન્ચર મંજૂરી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર મંજૂરીના નાણાં વસૂલ કર્યા તેના) | | .....| ..... |
| 7 | હપ્તાની રકમ મંગાવવામાં આવે ત્યારે.....<br>.......ટકાના ડિબેન્ચર હપ્તા ખાતે ઉ.<br>તે......ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. હપ્તાની રકમ મંગાવી તેના) | | ..... | ..... |
| 8 | ડિબેન્ચર હપ્તાની રકમ વસૂલ થાય ત્યારે.....<br>બેંક ખાતે ઉ.<br>તે.......ટકાના ડિબેન્ચર હપ્તા ખાતે<br>(બા.જે. ડિબેન્ચર હપ્તાના નાણાં વસૂલ કર્યા તેના) | | ..... | ..... |

**ઉદાહરણ 1**

બ્રિદા લિમિટેડે ₹ 100 નો એક એવા 6,000 ડિબેન્ચર જાહેર જનતા માટે બહાર પાડ્યાં. ડિબેન્ચર પર વાર્ષિક 7% લેખે વ્યાજ આપવાનું છે ડિબેન્ચર દીઠ નીચે મુજબ નાણાં મંગાવવામાં આવ્યા હતા.

અરજી સાથે ₹ 30

મંજૂરી સાથે ₹ 50

હપ્તા વખતે ₹ 20

કંપની ને 7,000 ડિબેન્ચર ની અરજીઓ મળી છે. જેમાંથી કંપનીએ 6,000 ડિબેન્ચર મંજૂર કરી વધારાની ડિબેન્ચર ની અરજીઓ નામંજૂર કરી અરજદારો ને નાણાં પરત કર્યા. ડિબેન્ચર પર મંગાવેલ મંજૂરી અને હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ છે. કંપની ના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**જવાબઃ**

**બ્રિન્દા લિ. ના ચોપડામાં આમ/નોંધ**

| તારીખ | વિગત | ખા. પ | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ.<br>તે 7% ના ડિબેન્ચર અરજી ખાતે<br>(બા.જે. 7,000 ડિબેન્ચર પર ડિબેન્ચર દીઠ ₹ 30 લેખે અરજીનાં નાણાં મળ્યા તેનાં) | | 2,10,000 | 2,10,000 |
| 2 | 7% ના ડિબેન્ચર અરજી ઉ.<br>તે 7%ના ડિબેન્ચર ખાતે<br>તે બેંક ખાતે | | 2,10,000 | 1,80,000<br>30,000 |

| | | | | |
|---|---|---|---|---|
| | (બા.જે. 6,000 ડિબેન્ચર ના નાણાં ડિબેન્ચર ખાતે અને 1,000 ડિબેન્ચર ના નાણાં પરત કર્યા તેના) | | | |
| 3 | 7% ના ડિબેન્ચર મંજૂરી ખાતે ઉ.<br>તે 7% નાં ડિબેન્ચર ખાતે<br>(બા.જે. 6,000 ડિબેન્ચર પર ₹ 50 લેખે મંજૂરી નાં નાણાં મંગાવ્યા તેના) | | 3,00,000 | 3,00,000 |
| 4 | બેંક ખાતે ઉ.<br>તે 7% ના ડિબેન્ચર મંજૂરી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર મંજૂરીનાં નાણાં પૂરે/પૂરાં મળી ગયા તેના) | | 3,00,000 | 3,00,000 |
| 5 | 7% ના ડિબેન્ચર હપ્તા ખાતે ઉ.<br>તે 7%ના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. 6,000 ડિબેન્ચર પર ₹ 20 લેખે હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ તેનાં) | | 1,20,000 | 1,20,000 |
| 6 | બેંક ખાતે ઉ.<br>તે 7% ના ડિબેન્ચર હપ્તા ખાતે<br>(બા.જે. ડિબેન્ચર પર મંગાવેલ હપ્તાની રકમ પૂરે/પૂરી મળી ગઈ તેના) | | 1,20,000 | 1,20,000 |
| | **કુલ સરવાળો** | | **12,60,000** | **12,60,000** |

**(2) ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડવામાં આવે ત્યારે**

કંપની જ્યારે પોતાના ડિબેન્ચર તેની મૂળકિંમત કે દાર્શનિક કિંમત કરતાં વધુ કિંમતે બહાર પાડે ત્યારે તેને ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડ્યા તેમ કહેવાય. દા.ત. કંપની ₹ 100 ની મૂળકિંમત નો ડિબેન્ચર ₹ 110 માં બહાર પાડે તો ₹10 ને પ્રીમિયમ કહેવામાં આવશે.

કંપનીધારા 2013 મુજબ ડિબેન્ચર પ્રીમિયમ ની રકમ ને "જામીનગીરી પ્રીમિયમ અનામત" ખાતે ("Security Premium Reserve A/c) લઈ જવામાં આવે છે. ડિબેન્ચર પ્રીમિયમ ની રકમ મૂડી નફો છે. તેથી તેનો ઉપયોગ ડિબેન્ચર વટાવ, ડિબેન્ચર પરત પ્રીમિયમ, પ્રાથમિક ખર્ચ, પાઘડી, પેટન્ટ વગેરે મિલકતો માંડી વાળવા માટે કરવામાં આવે છે. જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતાં ને કંપનીના પાકાં સરવૈયામાં ઈક્વિટી અને જવાબદારી બાજુ "અનામત અને વધારો" નાં શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે.

**ઉદાહરણ 2**

ગણેશ લિમિટેડે ₹ 100 નો એક એવા 10%ના 8,000 ડિબેન્ચર 10%ના પ્રીમિયમે બહાર પાડ્યા હતા. જેનાં પર ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં હતા.

અરજી સાથે ₹ 30

મંજૂરી સાથે ₹ 40 (પ્રીમિયમ સહિત)

હપ્તા સાથે ₹ 40

કંપનીને 10,000 ડિબેન્ચર માટે અરજીઓ આવી હતી. જેમાંથી 2,000 વધારાની અરજીઓ નામંજૂર કરી તેનાં પરનાં નાણાં પરત કરવામાં આવ્યા હતા. 500 ડિબેન્ચર ધારણ કરનાર શીતલે હપ્તાની રકમ ચૂકવી ન હતી. બાકીના બધા જ ડિબેન્ચર પર સમયસર મંજૂરી અને હપ્તાની રકમ મળી ગયેલ હતી. કંપની ના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

**જવાબ :**

ગણેશ લિમિટેડના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે<br>તે 10% ના ડિબેન્ચર અરજી ખાતે<br>(બા.જે. 10,000 ડિબેન્ચર પર ₹ 30 લેખે અરજીનાં નાણાં મળ્યા તેનાં) | ઉ. | | 3,00,000 | <br>3,00,000 |
| 2 | 10% ના ડિબેન્ચર અરજી ખાતે<br>તે 10%ના ડિબેન્ચર ખાતે<br>તે બેંક ખાતે<br>(બા.જે. 8,000 ડિબેન્ચર ના નાણાં ડિબેન્ચર ખાતે અને 2,000 ડિબેન્ચર ના નાણાં પરત કર્યા તેના) | ઉ. | | 3,00,000 | <br>2,40,000<br>60,000 |
| 3 | 10% ના ડિબેન્ચર મંજૂરી ખાતે<br>તે 10% નાં ડિબેન્ચર ખાતે<br>તે જામીનગીરી પ્રીમિયમ ખાતે<br>(બા.જે. પ્રીમિયમ સહિત મંજૂરી ની રકમ મંગાવી તેના) | ઉ. | | 3,20,000 | <br>2,40,000<br>80,000 |
| 4 | બેંક ખાતે<br>તે 10% ના ડિબેન્ચર મંજૂરી ખાતે<br>(બા.જે. પ્રીમિયમ સહિત મંજૂરીની રકમ પૂરેપૂરી મળી ગઈ તેના) | ઉ. | | 3,20,000 | <br>3,20,000 |
| 5 | 10% ના ડિબેન્ચર હપ્તા ખાતે<br>તે 10%ના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર દીઠ ₹ 40 આખરી હપ્તાના મંગાવ્યા તેના) | ઉ. | | 3,20,000 | <br>3,20,000 |
| 6 | બેંક ખાતે<br>મળવાના બાકી હપ્તા ખાતે<br>તે 10% ના ડિબેન્ચર હપ્તા ખાતે<br>(બા.જે. 500 ડિબેન્ચર પર હપ્તાની રકમ મળી ગઈ તેના) | ઉ.<br>ઉ. | | 3,00,000<br>20,000 | <br><br>3,20,000 |
| | કુલ સરવાળો | | | 18,80,000 | 18,80,000 |

**(3) ડિબેન્ચર વટાવથી બહાર પાડવામાં આવે ત્યારે...**

કંપની ડિબેન્ચર તેની મૂળકિંમત કે દાર્શનિક કિંમત કરતા ઓછી કિંમતે બહાર પાડે ત્યારે તેને ડિબેન્ચર વટાવ થી બહાર પાડયા એમ કહેવામાં આવે છે. દા.ત. ₹ 100ની મૂળ કિંમત નો ડિબેન્ચર ₹ 95 માં બહાર પાડવામાં આવે તો ₹ 5 ને વટાવ કહેવામાં આવે છે.

કંપનીધારા 2013માં ડિબેન્ચર પર મહત્તમ કેટલો વટાવ આપી શકાય તે માટેનાં કોઈ નિયંત્રણ નથી. સામાન્ય રીતે ડિબેન્ચર પરના વટાવ અંગેની નોંધ માટે કોઈ સ્પષ્ટતા ન હોય તો ડિબેન્ચર મંજૂરી સાથે આપવામાં આવે છે.

ડિબેન્ચર વટાવ એ કંપની માટે મૂડીખોટ છે. આથી આ મૂડીખોટ શક્ય હોય તેટલી ઝડપથી માંડી વાળવામાં આવે છે. ડિબેન્ચર વટાવ ને પાકા સરવૈયામા મિલકત બાજુ "અન્ય બિન ચાલુ મિલકત" નાં શીર્ષક હેઠળ દર્શાવવામાં આવે છે. કંપની ધારા 2013 મુજબ ડિબેન્ચર વટાવનો પ્રમાણસર હિસ્સો જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે કે નફા-નુકસાન ખાતે પણ માંડી વાળવામાં આવે છે. ડિબેન્ચર વટાવ માંડી વાળવાનો સમય ડિબેન્ચરના જીવનકાળથી વધુ હોવો જોઈએ નહી.

**ઉદાહરણ 3 :**

ડાબર લિમિટેડે ₹ 100 નો એક એવા 12% ના 20,000 ડિબેન્ચર 10% ના વટાવે જાહેર જનતા માટે બહાર પાડયા. જેના પર ડિબેન્ચર દીઠ નાણાં નીચે મુજબ ભરવાનાં હતા.

અરજી સાથે ₹ 25

મંજૂરી વખતે ₹ 35

પ્રથમ અને આખરી હપ્તા વખતે ₹ 30

કંપની ને બધા જ ડિબેન્ચર માટે અરજીઓ આવી હતી. 1,000 ડિબેન્ચર ધારણ કરનાર યોગેશે મંજૂરી વખતે ડિબેન્ચર ની બધી જ રકમ પૂરેપૂરી ચૂકવી દીધી હતી. જ્યારે 600 ડિબેન્ચર ધારણ કરનાર ઉમંગ મંજૂરી અને હપ્તાની રકમ ચૂકવી શકયા નહીં. બાકીનાં બધાં જ ડિબેન્ચર પર મંજૂરી અને હપ્તાની રકમ મળી ગઈ હતી.

ઉપરના વ્યવહારો ની કંપની ના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

**જવાબ :**

ડાબર કંપનીના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે<br>તે 12% ના ડિબેન્ચર અરજી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજીના નાણાં મળ્યા તેના) | ઉ. | | 5,00,000 | <br>5,00,000 |
| 2 | 12% ના ડિબેન્ચર અરજી ખાતે<br>તે 12%ના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજી નાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના) | ઉ. | | 5,00,000 | <br>5,00,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 3 | 12% ના ડિબેન્ચર મંજૂરી ખાતે ઉ.<br>ડિબેન્ચર વટાવ ખાતે ઉ.<br>તે 12% નાં ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર મંજૂરીના નાણાં વટાવ બાદ ₹ 35 લેખે મંગાવી તેના) | | 7,00,000<br>2,00,000 | <br><br>9,00,000 |
| 4 | બેંક ખાતે ઉ.<br>મળવાના બાકી હપ્તા ખાતે ઉ.<br>તે 12% ના ડિબેન્ચર મંજૂરી ખાતે<br>તે અગાઉથી મળેલ હપ્તા ખાતે<br>(બા.જે. 19,400 ડિબેન્ચર પર મંજૂરીના નાણાં મળ્યા અને 1,000 ડિબેન્ચર પર હપ્તાનાં નાણાં અગાઉથી મળ્યા તેના) | | 7,09,000<br>21,000 | <br><br>7,00,000<br>30,000 |
| 5 | 12% ના ડિબેન્ચરનાં પ્રથમ અને આખરી હપ્તા ખાતે ઉ.<br>તે 12%ના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. હપ્તાની લેણી રકમ મંગાવી તેના) | | 6,00,000 | <br>6,00,000 |
| 6 | બેંક ખાતે ઉ.<br>મળવાના બાકી હપ્તા ખાતે ઉ.<br>અગાઉથી મળેલ હપ્તા ખાતે ઉ.<br>તે 12% ના ડિબેન્ચરનાં પ્રથમ અને આખરી હપ્તા ખાતે<br>(બા.જે. આખરી હપ્તા વખતે 1,000 ડિબેન્ચર પર અગાઉ થી મળેલ હપ્તાની રકમ બાદ કરતા તેમજ 600 ડિબેન્ચર પર હપ્તાની રકમ નહીં ભરાતા બાકીની રકમ મળી ગઈ તેના) | | 5,52,000<br>18,000<br>30,000 | <br><br><br>6,00,000 |

## 10.7 રોકડ સિવાયનાં અવેજ થી ડિબેન્ચર બહાર પાડવામાં આવે ત્યારે (Issue of Debentures for consideration other than cash)

કંપની કેટલીક વખત રોકડ સિવાયનાં અવેજ થી ડિબેન્ચર બહાર પાડતી હોય છે. જેમ કે કંપની કોઈ ધંધાની ખરીદી વખતે ધંધો વેચનાર ને ખરીદ કિંમતના બદલામાં પોતાનાં ડિબેન્ચર આપે છે તેમજ મિલકતોની ખરીદી વખતે રોકડ રકમ ચૂકવવામાં બદલે કંપની ના ડિબેન્ચર આપે છે. કંપની આવાં ડિબેન્ચર વેચનાર ને તેના મૂળકિંમતે, પ્રીમિયમ થી કે વટાવ દ્વારા આપી શકે છે. આવા સમયે નીચે મુજબ આમનોંધ કરવામાં આવે છે.

### A ધંધાની ખરીદીના બદલામા ડિબેન્ચર આપવામાં આવે ત્યારે

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | પરચૂરણ મિલકત ખાતે (લીધેલી મિલકતો) ઉ.<br>તે પરચૂરણ દેવાં ખાતે (સ્વીકારેલ દેવાં)<br>તે ધંધો વેચનાર ખાતે (ધંધાની ખરીદ કિંમત)<br>(બા.જે. ધંધાની ખરીદી કરતાં લીધેલ મિલકતો અને દેવાં ની નોંધ કરી તેના) | | ..... | <br>.....<br>..... |

| | | | | |
|---|---|---|---|---|
| 2 | ધંધો વેચનાર ખાતે ઉ.<br>ડિબેન્ચર વટાવ ખાતે (જો હોય તો) ઉ.<br>તે.....ટકાના ડિબેન્ચર ખાતે<br>તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (જો હોય તો)<br>(બા.જે. ધંધાની ખરીદીનાં બદલામાં ડિબેન્ચર આપ્યાં તેના) | | .....<br>..... | <br><br>.....<br>..... |

**ઉદાહરણ 4 :**

પારલે લિમિટેડે મહેતા બ્રધર્સની મિલકતો ₹ 4,00,000 માં અને પરચૂરણ દેવા ₹ 60,000 માં ખરીદી લીધા. કંપનીએ ખરીદ કિંમત પેટે ₹ 3,40,000 ચૂકવવાનું નક્કી કર્યુ. આ માટે કંપની એ ₹ 100 ની એક એવા 10% ના ડિબેન્ચર મૂળ કિંમતે આપ્યાં. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

પારલે કંપનીના ચોપડામાં આમનોંધ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | પરચૂરણ મિલકત ખાતે ઉ.<br>તે પરચૂરણ દેવા ખાતે<br>તે મહેતા બ્રધર્સ ખાતે<br>(બા.જે. મહેતા બ્રધર્સની મિલકતો અને દેવા ખરીધ્યાં તેના) | | 4,00,000 | <br>60,000<br>3,40,000 |
| 2 | મહેતા બ્રધર્સ ખાતે ઉ.<br>તે 10% ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ખરીદ કિંમત પેટે 3,400 ડિબેન્ચર મૂળ કિંમતે આપ્યાં તેના) | | 3,40,000 | <br>3,40,000 |

## 10.8 આનુષંગિક જામીનગીરી તરીકે ડિબેન્ચર બહાર પાડવામાં આવે ત્યારે (Issue of Debentures as Collateral Security)

કેટલીક વખત કંપની બેંક પાસેથી કે નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન લેતી હોય છે. આવા સમયે કંપની બેંક પાસેથી લોન મેળવે ત્યારે મુખ્ય જામીનગીરી ની સાથે ગૌણ કે (Principal Security) દ્વિતીય જામીનગીરી (Subsidiary or secondary Security) તરીકે પોતાનાં ડિબેન્ચર આપે છે. જેને આનુષંગિક જામીનગીરી તરીકે ડિબેન્ચર બહાર પાડયા એમ કહેવાય છે.

કંપની જો નિયત સમય મર્યાદામાં લોનની રકમ ભરી દે તો બેંક ડિબેન્ચર પરત કરે છે અને આ પરત મળેલાં ડિબેન્ચર કંપની રદ કરે છે. પરંતુ જો કંપની લોનની રકમ નિયત સમય મર્યાદામાં ન ચૂકવે તો બેંક આવા ડિબેન્ચર ને બજારમાં વેચીને પોતાનાં નાણાં વસૂલ કરી શકે છે. આ રીતે બેંકને ડિબેન્ચર હોલ્ડરોની જેમ બધા હકો મળે છે.

કંપની દ્વારા આનુષંગિક જામીનગીરી તરીકે બહાર પાડેલાં ડિબેન્ચરને હિસાબી ચોપડામાં નોંધવાની બે પધ્ધતિ નીચે મુજબ છે.

(1) જામીનગીરી તરીકે નાણાં ધીરનાર સંસ્થાને આપેલ ડિબેન્ચર એ ફક્ત લોનની

સલામતી માટે છે. તેથી હિસાબનાં ચોપડામાં આ અંગેની આમનોંધ કરવામાં આવતી નથી. ફક્ત બેંક લોન અંગેની જ આમનોંધ થાય છે. પાકા સરવૈયામા જવાબદારી બાજુ "બિનચાલુ દેવા કે જવાબદારીઓ"ના શીર્ષક હેઠળ "લાંબાગાળાના દેવા" ની નીચે દર્શાવાય છે.

(2) આ પધ્ધતિમાં આનુષંગિક જામીનગીરી તરીકે આપેલ ડિબેન્ચર નોંધવામાં આવે છે આ હિસાબી નોંધ નીચે મુજબ થશે.

| તારીખ | વિગત | ખા.પા | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચર ઉપલક ખાતે ઉ.<br>તે......... ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. બેંક લોનની સામે જામીનગીરી તરીકે ડિબેન્ચર આપ્યા તેના) | | ..... | <br>..... |

**ઉદાહરણ 5 :**

પતંજલિ કંપનીએ બેંકમાંથી ₹ 1,00,000 ની લોન લીધી છે જેની સામે કંપનીએ બેંકને આનુષંગિક જામીનગીરી તરીકે 10%ના નવા ડિબેન્ચર ₹ 90,000 ના આપ્યા છે. કંપની ના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો (પ્રથમ અને દ્વિતિય પદ્ધતિ મુજબ)

**જવાબ :**

પતંજલિ કંપનીના ચોપડે આમનોંધ (પ્રથમ પદ્ધતિ મુજબ)

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ.<br>તે બેંક લોન ખાતે<br>(બા.જે. બેંકમાંથી લોન લીધી તેના) | | 1,00,000 | <br>1,00,000 |

**(દ્વિતીય પધ્ધતિ મુજબ આમનોંધ)**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ.<br>તે બેંક લોન ખાતે<br>(બા.જે. બેંકમાંથી લોન લીધી તેના) | | 1,00,000 | <br>1,00,000 |
| 2 | ડિબેન્ચર ઉપલક ખાતે ઉ.<br>તે 10% ના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. લોન ના બદલામાં ડિબેન્ચર આપ્યાં તેના) | | 90,000 | <br>90,000 |

## 10.9 ડિબેન્ચર પરત કરતી વખતે થતી હિસાબી નોંધ :

કંપની ડિબેન્ચર બહાર પાડે છે ત્યારે તેને પરત કરવાની મુદ્દત પણ તેમાં આપેલી હોય છે. કંપની ડિબેન્ચર પરત કરે ત્યારે નીચે મુજબ જુદી-જુદી પધ્ધતિએ હિસાબી નોંધ કરે છે.

**A ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડી મૂળ કિંમતે પરત કરવામાં આવે ત્યારે.**

| તારીખ | વિગત | ખા.પા | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| **1** | **ડિબેન્ચર બહાર પાડવામાં આવે ત્યારે**<br>બેંક ખાતે ઉ.<br>તે......... ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર નાં નાણાં વસૂલ કર્યા તેના) | | ..... | ..... |
| **2** | **ડિબેન્ચર અરજી અને મંજૂરી ની રકમ ડિબેન્ચર ખાતે લઈ જવામાં આવે ત્યારે**<br>.....ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>તે......... ટકાના ડિબેન્ચર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજી અને મંજૂરીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના) | | ..... | ..... |
| **3** | **ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરવામાં આવે ત્યારે**<br>.......ટકાના ડિબેન્ચર ખાતે ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે<br>(બા.જે. ડિબેન્ચર પરત કરવાનું નક્કી કર્યુ તેના) | | ..... | ..... |
| **4** | **ડિબેન્ચર પરત કરવામાં આવે ત્યારે**<br>ડિબેન્ચર હોલ્ડર ખાતે ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. ડિબેન્ચર નાં નાણાં પરત કર્યા તેના) | | ..... | ..... |

**ઉદાહરણ 6 :**

સ્વસ્તિક લિમિટેડે ₹ 100 નો એક એવા 10% ના 5,000 ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડ્યા જે મૂળકિંમતે પરત કરવાનાં છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**જવાબ :**

સ્વસ્તિક કંપની ના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે ઉ.<br>તે 10% ના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | 5,00,000 | <br>5,00,000 |
| 2 | 10% ના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>તે 10% ના ડિબેન્ચર ખાતે | | 5,00,000 | <br>5,00,000 |
| 3 | 10% ના ડિબેન્ચર ખાતે ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | 5,00,000 | <br>5,00,000 |
| 4 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે ઉ.<br>તે બેંક ખાતે | | 5,00,000 | <br>5,00,000 |
| | | | 20,00,000 | 20,00,000 |

**B ડિબેન્ચર પ્રીમિયમથી બહાર પાડી મૂળકિંમતે પરત કરવામાં આવે ત્યારે :**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચર બહાર પાડવામાં આવે ત્યારે<br>બેંક ખાતે ઉ.<br>તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | <br>.....<br> | <br><br>..... |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરીનાં નાણાં ડિબેન્ચર ખાતે લઈ જવામાં આવે ત્યારે<br>ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>તે.....ટકાના ડિબેન્ચર ખાતે<br>તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે | | <br>.....<br><br> | <br><br>.....<br>..... |
| 3 | ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરવામાં આવે ત્યારે<br>......ટકાના ડિબેન્ચર ખાતે ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | <br>.....<br> | <br><br>..... |
| 4 | ડિબેન્ચર પરત કરવામાં આવે ત્યારે<br>ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે ઉ.<br>તે બેંક ખાતે | | <br>......<br> | <br><br>..... |

**ઉદાહરણ 7 :**

રાજાણી લિમિટેડે ₹ 200 નો એક એવા 3,000 ડિબેન્ચર 10% ના પ્રીમિયમ થી જાહેર જનતા માટે બહાર પાડ્યા. આ ડિબેન્ચર મૂળ કિંમતે પરત કરવાનાં છે. જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**જવાબ :**

રાજાણી કંપનીના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે (3,000 × 220) | ઉ. | | 6,60,000 | |
| | તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | 6,60,000 |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરીનાં નાણાં | ઉ. | | 6,60,000 | |
| | તે 10% ના ડિબેન્ચર ખાતે (3000 × 220) | | | | |
| | તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (3000 × 220) | | | | 6,60,000 |
| 3 | 10% ના ડિબેન્ચર ખાતે | ઉ. | | 6,60,000 | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | | 6,60,000 |
| 4 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | ઉ. | | 6,00,000 | |
| | તે બેંક ખાતે | | | | 6,00,000 |
| | | | | **14,40,000** | **14,40,000** |

**C ડિબેન્ચર વટાવ થી બહાર પાડી મૂળ કિંમતે પરત કરવામાં આવે ત્યારે :**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે | ઉ. | | ..... | |
| | તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | ..... |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર વટાવ ખાતે | ઉ. | | ..... | |
| | તે.....ટકાના ડિબેન્ચર ખાતે | | | | ..... |
| 3 | .....ટકાના ડિબેન્ચર ખાતે | ઉ. | | ..... | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | | ..... |
| 4 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | ઉ. | | ...... | |
| | તે બેંક ખાતે | | | | ..... |

**ઉદાહરણ 8 :**

સત્યમ્ લિમિટેડે ₹ 100 નો એક એવા 1,000 ડિબેન્ચર 10% ના વટાવે બહાર પાડ્યા. આ ડિબેન્ચર પર વ્યાજ નો દર 15% છે. ડિબેન્ચર મૂળકિંમતે પરત કરવાના છે. જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**જવાબ :**

સત્યમ્ લિમિટેડના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે (1,000 × 90) | ઉ. | | 90,000 | |
| | તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | 90,000 |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે (1,000 × 90) | ઉ. | | 90,000 | |
| | ડિબેન્ચર વટાવ ખાતે (1,000 × 10) | ઉ. | | 10,000 | |
| | તે 15% ના ડિબેન્ચર ખાતે | | | | 1,00,000 |
| 3 | 15% ના ડિબેન્ચર ખાતે | ઉ. | | 1,00,000 | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | | 1,00,000 |
| 4 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | ઉ. | | 1,00,000 | |
| | તે બેંક ખાતે | | | | 1,00,000 |
| | **કુલ સરવાળો** | | | **3,90,000** | **3,90,000** |

**D ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડી પ્રીમિયમથી પરત કરવામાં આવે ત્યારે :**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે | ઉ. | | ..... | |
| | તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | ..... |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે | ઉ. | | ..... | |
| | તે.....ટકાના ડિબેન્ચર ખાતે | | | | ..... |
| | તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે | | | | |
| 3 | .....ટકાના ડિબેન્ચર ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | ..... | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | | ..... |
| 4 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | ઉ. | | ...... | |
| | તે બેંક ખાતે | | | | ..... |

**ઉદાહરણ 9 :**

મહેશ લિમિટેડે ₹ 100 નો એક એવા 12% ના 3,000 ડિબેન્ચર તા. 1/8/2017 ના રોજ મૂળકિંમતે બહાર પાડયા. આ ડિબેન્ચર તા. 31/7/2022ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 120ની કિંમતે પરત કરવાના છે. કંપની ના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**જવાબ :**

મહેશ કંપનીના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1/8/17 | બેંક ખાતે (3,000 × 100) | ઉ. | | 3,00,000 | |
| | તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | 3,00,000 |
| 1/8/17 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે (3,000 × 100) | ઉ. | | 3,00,000 | |
| | ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે (3,000 × 20) | ઉ. | | 60,000 | |
| | તે 12% ના ડિબેન્ચર ખાતે (3,000 × 100) | | | | 3,00,000 |
| | તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (3,000 × 20) | | | | 60,000 |
| 31/7/22 | 12% ના ડિબેન્ચર ખાતે | ઉ. | | 3,00,000 | |
| | ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | 60,000 | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | | 3,60,000 |
| 31/7/22 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | ઉ. | | 3,60,000 | |
| | તે બેંક ખાતે | | | | 3,60,000 |
| | **કુલ સરવાળો** | | | **13,80,000** | **13,80,000** |

**E ડિબેન્ચર પ્રીમિયથી બહાર પાડી પ્રીમિયમથી પરત કરવામાં આવે ત્યારે :**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચર બહાર પાડવામાં આવે ત્યારે... | | | | |
| | બેંક ખાતે | ઉ. | | ..... | |
| | તે ......ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | ..... |
| | (બા.જે. ડિબેન્ચરના નાણાં વસૂલ કર્યા તેના) | | | | |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરીની રકમ ડિબેન્ચર ખાતે લઈ જવામાં આવે ત્યારે... | | | | |
| | .....ટકાના ડિબેન્ચર અરજી અને મંજુરી ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર બહાર પાડતા થયેલ નુકસાન ખાતે | ઉ. | | ..... | |
| | તે.....ટકાના ડિબેન્ચર ખાતે | | | | ..... |
| | તે ડિબેન્ચર પ્રીમિયમ પરત ખાતે જે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે | | | | ..... |
| | બા.જે. ડિબેન્ચર અરજી અને મંજૂરી ના નાણાં ડિબેન્ચર ખાતે લઈ ગયા તેના | | | | |
| 3 | ડિબેન્ચરનાં નાણાં પરત કરવાનું નક્કી કરવામાં આવે ત્યારે... | | | | |
| | ......ટકાના ડિબેન્ચર ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | ..... | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | | ..... |
| | બા.જે. ડિબેન્ચરના નાણાં પરત કરવાનું નક્કી કર્યુ તેના. | | | | |

| | | | | |
|---|---|---|---|---|
| 4 | ડિબેન્ચરના નાણાં પરત કરવામાં આવે ત્યારે... | | | |
| | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે ઉ. | | ...... | |
| | તે બેંક ખાતે | | | ..... |
| | (બા.જે. ડિબેન્ચરનાં નાણાં પરત કર્યા તેના) | | | |

**ઉદાહરણ 10 :**

સોની લિમિટેડે તા. 1/4/2016નાં રોજ ₹ 200 નો એક એવા 13% ના 4,000 ડિબેન્ચર 10%ના પ્રીમિયમ થી બહાર પાડ્યા. જે તા. 31/3/2020 ના રોજ ડિબેન્ચર દીઠ ₹ 210 ની કિંમતે પરત્ કર્યા. કંપની ના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**જવાબ :**

સોની લિમિટેડના ચોપડે આમ નોંધ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1/4/16 | બેંક ખાતે (4,000 × 220) ઉ. | | 8,80,000 | |
| | તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | 8,80,000 |
| 1/4/16 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે (4,000 × 220) ઉ. | | 8,80,000 | |
| | ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે (4,000 × 10) ઉ. | | 40,000 | |
| | તે 13% ના ડિબેન્ચર ખાતે (4,000 × 200) | | | 8,00,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (4,000 × 20) | | | 80,000 |
| | તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (4,000 × 10) | | | 40,000 |
| 31/3/20 | 13% ના ડિબેન્ચર ખાતે (4,000 × 200) ઉ. | | 8,00,000 | |
| | ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (4,000 × 10) ઉ. | | 40,000 | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | 8,40,000 |
| 31/3/20 | ડિબેન્ચર હોલ્ડર ખાતે (4,000 × 210) ઉ. | | 8,40,000 | |
| | તે બેંક ખાતે | | | 8,80,000 |
| | **કુલ સરવાળો** | | **34,80,000** | **34,80,000** |

**F ડિબેન્ચર વટાવથી બહાર પાડી પ્રીમિયમથી પરત કરવામાં આવે ત્યારે :**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે | ઉ. | | ..... | |
| | તે ......ટકાના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | ..... |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર વટાવ ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે | ઉ. | | ..... | |
| | તે.....ટકાના ડિબેન્ચર ખાતે | | | | ..... |
| | તે ડિબંચર પરત પ્રીમિયમ ખાતે | | | | ..... |
| 3 | - ટકાના ડિબેન્ચર ખાતે | ઉ. | | ..... | |
| | ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે | ઉ. | | ..... | |
| | તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | | | ..... |
| 4 | ડિબેન્ચર હોલ્ડર ખાતે | ઉ. | | ...... | |
| | તે બેંક ખાતે | | | | ..... |

**ઉદાહરણ 11 :**

અજંતા લિમિટેડે તા. 1/9/2017નાં રોજ ₹ 300 નો એક એવા 9.5% ના 5,000 ડિબેન્ચર 10%ના વટાવે બહાર પાડયા. તા. 31/8/2022 ના રોજ ડિબેન્ચરનાં નાણા 5% પ્રીમિયમે પરત કરવાના છે. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો. (બાબત જે વગર)

**જવાબ :**

અજંતા લિમિટેડ કંપનીના ચોપડે આમનોંધ

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1/9/17 | બેંક ખાતે (5,000 × 270) | ઉ. | | 13,50,000 | |
| | તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | 13,50,000 |
| | (બા.જે. ડિબેન્ચરના અરજીના અને મંજૂરી ના નાણાં મળ્યા) | | | | |
| 1/9/17 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે (5,000 × 270) | ઉ. | | 13,50,000 | |
| | ડિબેન્ચર વટાવ ખાતે (5,000 × 30) | ઉ. | | 1,50,000 | |
| | ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે (5,000 × 15) | ઉ. | | 75,000 | |
| | તે 9.5% ના ડિબેન્ચર ખાતે (5,000 × 300) | | | | 15,00,000 |
| | તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (5,000 × 15) | | | | 75,000 |
| | (બા.જે. અરજી અને મંજૂરી ના નાણાં ડિબેન્ચર ખાતે લઇ ગયા) | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 31/8/22 | 9.5% ના ડિબેન્ચર ખાતે (5,000 × 300) ઉ.<br>ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (5,000 × 15) ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર ખાતે<br>(બા.જે. ડિબેન્ચરના નાણાં પરત કરવાનું થયું તેના) | | | 15,00,000<br>75,000 | <br><br>15,75,000 |
| 31/8/22 | ડિબેન્ચર હોલ્ડર ખાતે (5,000 × 315) ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. ડિબેન્ચરના નાણાં પરત કર્યા) | | | 15,75,000 | <br>15,75,000 |
| | **કુલ સરવાળો** | | | **60,75,000** | **60,75,000** |

**ઉદાહરણ 12 :**

બાટા લિમિટેડે તા. 1/1/2017નાં રોજ ₹ 500 નો એક એવા 8% ના 8,000 ડિબેન્ચર 10%ના વટાવે બહાર પાડયા. 5 વર્ષ બાદ બધા ડિબેન્ચરના નાણાં 5% પરત પ્રીમિયમ સાથે પરત કરવાના છે. રકમ નીચે મુજબ ચૂકવવાની હતી. અરજી સાથે ડિબેન્ચર દીઠ ₹ 300 મંજૂરી વખતે ડિબેન્ચર દીઠ બાકીની રકમ.

ડિબેન્ચર બહાર પાડવા અંગેની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બાબત જે વગર)

**જવાબ :**

બાટા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે (8,000 × 300)<br>તે 8%ના ડિબેન્ચર અરજી ખાતે | ઉ. | | 24,00,000 | <br>24,00,000 |
| 2 | 8%ના ડિબેન્ચર અરજી ખાતે<br>તે 8%ના ડિબેન્ચર ખાતે | ઉ. | | 24,00,000 | <br>24,00,000 |
| 3 | 8% ના ડિબેન્ચર મંજૂરી ખાતે (8,000 × 150)<br>ડિબેન્ચર વટાવ ખાતે (8,000 × 50)<br>ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે (8,000 × 25)<br>તે 8%ના ડિબેન્ચર ખાતે (8,000 × 200)<br>તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (8,000 × 25) | ઉ.<br><br>ઉ. | | 12,00,000<br>4,00,000<br>2,00,000 | <br><br><br>16,00,000<br>2,00,000 |
| 4 | બેંક ખાતે (8,000 × 150)<br>તે 8%ના ડિબેન્ચર મંજૂરી ખાતે | ઉ. | | 12,00,000 | <br>12,00,000 |

## 10.10 ડિબેન્ચરના નાણાં પરત કરવા અંગે નાણાંની જોગવાઈ :

સામાન્ય રીતે દરેક કંપની ડિબેન્ચર બહાર પાડતી વખતે ડિબેન્ચર અંગેનાં નીતિ - નિયમો ની જાણ ડિબેન્ચર હોલ્ડરને કરતા હોય છે. આ માટે કંપની તેના વિજ્ઞાપનપત્રમાં કેટલી મુદ્દતના ડિબેન્ચર અને કેટલાં વ્યાજવાળા છે તેની માહિતી આપતા હોય છે. કંપની ડિબેન્ચરના નાણાં પરત કરતી વખતે નાણા ની જરૂરિયાત પૂરી કરવા માટે નીચે

દર્શાવેલ સ્રોતનો ઉપયોગ કરતાં હોય છે.

**1. કંપની નવા શેર કે ડિબેન્ચર બહાર પાડીને...**

કંપની ડિબેન્ચરનાં નાણાં પરત કરવા માટે પોતાનાં નવા ઈક્વિટી શેર, પ્રેફરન્સ શેર કે ડિબેન્ચર બહાર પાડીને નાણાં મેળવે છે. આ મેળવેલ રકમ માંથી જૂના ડિબેન્ચરની રકમ પરત કરવામાં આવે છે જેના લીધે કંપની ની કાર્યશીલ મૂડીમાં ફેરફાર થતો નથી.

**2. મૂડીમાંથી ડિબેન્ચર પરત કરવા...**

કંપની ધારા 2013ની કલમ 71(4) પ્રમાણે અને સેબીની માર્ગદર્શિકા મુજબ જ્યારે કંપની મૂડીમાંથી ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં કંપનીના નફા-નુકસાનનાં પત્રક મુજબનાં વધારામાંથી પરત કરવા પાત્ર ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમતના ઓછામાં ઓછી 25% જેટલી રકમ ''ડિબેન્ચર પરત અનામત ખાતે'' લઈ જવી પડે છે અને ત્યાર બાદ બાકીની 75% રકમ નાં ડિબેન્ચર કંપનીની મૂડીમાંથી ચુકવાઈ છે.

**3. ડિબેન્ચર નફામાંથી પરત કરવા**

કંપની ડિબેન્ચર પરત કરવાની હોય ત્યારે આ રકમ ની જોગવાઈ જો નફા નુકસાન નાં પત્રકમાંથી કરે તો તેને નફામાંથી ડિબેન્ચર પરત કર્યા એમ કહેવાય છે. કંપની જ્યારે આ રીતે ડિબેન્ચર પરત કરે ત્યારે ''ડિબેન્ચર પરત અનામત ખાતુ'' ઊભું કરવું પડે છે. જેને પાકા સરવૈયામા ''ઈક્વિટી અને જવાબદારીઓ''નાં શીર્ષક હેઠળ દર્શાવાતાં ''અનામત અને વધારો'' ના મથાળાં હેઠળ આ ખાતું બતાવવામાં આવે છે. જ્યારે ડિબેન્ચરનાં નાણાં પરત થઈ જાય ત્યારે આ ખાતું બંધ કરી સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવે છે. આ સમય નીચે મુજબ આમનોંધ થાય છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ.<br>તે સામાન્ય અનામત ખાતે | | ..... | ..... |

## 10.11 ડિબેન્ચરનાં નાણા પરત કરવાની પધ્ધતિઓ :

કંપનીઓ ડિબેન્ચર દ્વારા જાહેર જનતા પાસેથી ઉછીનાં નાણાં મેળવે છે. જે નિશ્ચિત મુદ્દતના અંતે પરત કરવાનાં હોય છે. આ નાણાં પરત કરવા માટે કંપની નીચેનામાંથી કોઈપણ રીત નો ઉપયોગ કરી નાણાં પરત કરતી હોય છે..

(1) ડિબેન્ચરનાં નાણાં ચોક્કસ તારીખે ભવિષ્યમાં પરત કરવા.

(2) ડિબેન્ચરનાં નાણાં હપ્તે હપ્તે પરત કરવા.

(3) કંપની ખુલ્લાં બજારમાંથી પોતાનાં ડિબેન્ચર ખરીદીને ડિબેન્ચરનાં નાણાં પરત કરવા.

(4) ડિબેન્ચરનું શેરમાં રૂપાંતર કરીને ડિબેન્ચર નાં નાણાં પરત કરવા.

## (1) ડિબેન્ચરનાં નાણાં ચોક્કસ તારીખે ભવિષ્યમાં પરત કરવા.

કંપની દ્વારા ચોક્કસ સમય પૂરો થતાં અથવા કેટલીક વખત નિશ્ચિત સમય પહેલાં ડિબેન્ચરની પૂરેપૂરી રકમ એકી સાથે પરત કરતી હોય છે. 2013 નાં કંપની ધારા ની જોગવાઈઓ તેમજ સેબીની ગાઈડલાઈન્સ મુજબ કંપની ડિબેન્ચરનાં નાણાં મૂળ કિંમતે કે પ્રીમિયમે પરત કરતી હોય છે. આ માટે કંપની દ્વારા નીચેની બે રીતે નાણાં પરત કરવામાં આવે છે.

### (A) ડિબેન્ચરનાં નાણાં પરત કરવા માટેની જોગવાઈ મૂડી માંથી કરવાની હોય ત્યારે...

આ પધ્ધતિ મુજબ નાણાં પરત કરતી વખતે નીચે મુજબ આમનોંધ કરવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચર ની કુલ દાર્શનિક કિંમતના 15% જેટલી રકમનું રોકાણ કરવામાં આવે ત્યારે (તા. 30 એપ્રિલ સુધીમાં)<br>ડિબેન્ચર પરતના રોકાણો ખાતે ઉ.<br>તે બેંક ખાતે | | .....<br> | <br>..... |
| 2 | ડિબેન્ચર પરત કરતી વખતે રોકાણોનું વેચાણ કરવામાં આવે ત્યારે...<br>બેંક ખાતે ઉ.<br>તે ડિબેન્ચર પરતના રોકાણો ખાતે<br>(બા.જે. રોકાણો નું વેચાણ કર્યુ તેના) | | ..... | ..... |
| 3 | કુલ દાર્શનિક કિંમત ની 25% જેટલી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવામાં આવે ત્યોરે...<br>નફા-નુકસાન પત્રકનાં વધારા ખાતે ઉ.<br>તે ડિબેન્ચર પરત અનામત ખાતે<br>(બા.જે. નફા-નુકસાન પત્રકનાં વધારા માંથી જોગવાઈ કરી તેના | | ..... | ..... |
| 4 | ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરવામાં આવે ત્યારે...<br>.....ટકા ના ડિબેન્ચર ખાતે ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર ખાતે<br>(બા.જે. ડિબેન્ચર પરત કરવાનું નક્કી કર્યુ તેના) | | ..... | ..... |
| 5 | ડિબેન્ચર પરત કરવામાં આવે ત્યારે...<br>ડિબેન્ચર હોલ્ડર ખાતે ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. ડિબેન્ચરનાં નાણાં પરત કર્યા તેના) | | ..... | ..... |

| | | | | |
|---|---|---|---|---|
| 6 | ડિબેન્ચર પરત અનામત ખાતાની બાકી બધા જ ડિબેન્ચર પરત કર્યા પછી સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવે ત્યારે...<br>ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ.<br>તે સામાન્ય અનામત ખાતે<br>(બા.જે. ડિબે. પરત અના. ખાતુ સામા અના. ખાતે લઈ ગયા તેના) | | ..... | ..... |

**ઉદાહરણ 13 :**

વિકાસ લિમિટેડે તા. 1/4/2017ના રોજ ₹ 100નો એક એવા ડિબેન્ચર 11% ના 5,000 ડિબેન્ચર 10% ના પ્રીમિયમથી જાહેર જનતા માટે બહાર પાડયા જે તારીખ 31/3/2019ના રોજ 5% પ્રીમિયમે પરત કરવાનાં છે. કંપની ને પૂરેપૂરાં ડિબેન્ચરની અરજીઓ મળી હતી. કંપની નાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ નક્કી કર્યુ કે તા. 31/3/2019ના રોજ જરૂરી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવી અને ડિબેન્ચર્સ મૂડી માંથી પરત કરવા. આ ઉપરાંત જરૂરી રકમનું ડિબેંચર પરત રોકાણ તા. 30/4/2018 ના રોજ કરવું.

કંપનીએ ડિબેન્ચર પરત કરવાની તારીખે બધાં જ રોકાણો વેચી દીધા હતા અને જરૂરી રકમ ડિબેન્ચર હોલ્ડર્સને ચૂકવી દીધી હતી. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો (બાબત જે. વગર)

**જવાબ :** **જરૂરી ગણતરી**

**(1) ડિબેન્ચર પરત રોકાણ**

= 5,00,000 × 15%

= 75,000

**(2) ડિબેન્ચર પરત અનામત**

= 5,00,000 × 25%

= 1,25,000

**(3) ડિબેન્ચર**

= (5,000 × 100)

= 5,00,000

**વિકાસ લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ:**

| **તારીખ** | **વિગત** | **ખા. પા.** | **ઉધાર ₹** | **જમા ₹** |
|---|---|---|---|---|
| 1/4/17 | બેંક ખાતે (5,000 × 110) ઉ.<br>તે 11% ના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | 5,50,000 | <br>5,50,000 |
| 1/4/17 | 11% ના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>તે 11% ના ડિબેન્ચર (5,000 × 100)<br>તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (5,000 × 10) | | 5,50,000 | <br>5,00,000<br>50,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 30/4/18 | ડિબેન્ચર પરતના રોકાણો ખાતે<br>તે બેંક ખાતે | ઉ. | | 75,000 | <br>75,000 |
| 31/3/19 | બેંક ખાતે<br>તે ડિબેન્ચર પરત ના રોકાણો ખાતે | ઉ. | | 75,000 | <br>75,000 |
| 31/3/19 | નફા અને નુકસાન પત્રકના વધારા ખાતે<br>તે ડિબેન્ચર પરત અનામત ખાતે | ઉ. | | 1,25,000 | <br>1,25,000 |
| 31/3/19 | 11%ના ડિબેન્ચર ખાતે (5,000 × 100)<br>ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (5,000 × 5)<br>તે ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | ઉ.<br>ઉ. | | 5,00,000<br>25,000 | <br><br>5,25,000 |
| 31/3/19 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે<br>તે બેંક ખાતે | ઉ. | | 5,25,000 | <br>5,25,000 |
| 31/3/19 | ડિબેન્ચર પરત અનામત ખાતે<br>તે સામાન્ય અનામત ખાતે | ઉ. | | 1,25,000 | <br>12,5,000 |
| | **કુલ સરવાળો** | | | **25,50,000** | **25,50,000** |

ઉ. **ડિબેન્ચર પરત રોકાણ ખાતું**

| **તારીખ** | **વિગત** | **નો.પા.** | **રકમ** | **તારીખ** | **વિગત** | **નો.પા.** | **રકમ જ** |
|---|---|---|---|---|---|---|---|
| 30/4/18 | બેંક ખાતે | | 75,000 | 31/3/19 | બેંક ખાતે | | 75,000 |
| | | | **75,000** | | | | **75,000** |

ઉ. **ડિબેન્ચર પરત અનામત ખાતું**

| **તારીખ** | **વિગત** | **નો.પા.** | **રકમ** | **તારીખ** | **વિગત** | **નો.પા.** | **રકમ જ** |
|---|---|---|---|---|---|---|---|
| 30/3/19 | સામાન્ય અનામત ખાતે | | 1,25,000 | 31/3/19 | નફા-નુકસાન પત્રક ના વધારા ખાતે | | 1,25,000 |
| | | | **1,25,000** | | | | **1,25,000** |

**ઉદાહરણ 14 :**

ઉમિયા લિમિટેડે તા. 1/4/2015ના રોજ ₹ 100નો એક એવ 7%ના 6,000 ડિબેન્ચર 10%ના પ્રીમિયમે બહાર પાડ્યા હતા. આ ડિબેન્ચર તા. 31/3/2020ના રોજ પરત કરવાનાં છે. કંપનીને ડિબેન્ચરની પૂરેપૂરી અરજીઓ મળી ગઈ છે. આ ડિબેન્ચર 5% ના પ્રીમિયમથી પરત કરવાનાં છે.

કંપનીએ કંપનીધારાની જોગવાઈ પ્રમાણેની જરૂરી રકમ 30 એપ્રિલના રોજ 5% ની ગુજરાત સરકારની જામીનગીરીમાં રોકાણ કર્યુ હતુ. ડિબેન્ચર પરત કરવા માટેના નાણાંની જોગવાઈ મૂડીમાંથી કરવાની છે. કંપનીએ પાકતી તારીખે ડિબેન્ચર પરત કર્યા. કંપની ના ચોપડે ડિબેન્ચર બહાર પાડતી વખતની અને ડિબેન્ચર પરત કરતી વખતની જરૂરી આમનોંધ પસાર કરો. (બાબત જે. વગર)

**જવાબ : જરૂરી ગણતરી :**

**1 <u>ડિબેન્ચર પરત રોકાણ :</u>**

= 6,00,000 × 15%

= 90,000

**2 <u>ડિબેન્ચર પરત રોકાણ મળેલ વ્યાજ :</u>**

$= 90,000 \times 5\% \times \frac{11}{12}$

= 4,125

**3 <u>ડિબેન્ચર પરત અનામત :</u>**

= 6,00,000 × 25%

= 1,50,000

**ઉમિયા લિમિટેડ ના ચોપડે જરૂરી આમનોંધ :**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1/4/15 | બેંક ખાતે (6,000 × 110) | ઉ. | | 6,60,000 | |
| | તે 7% ના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | | | 6,60,000 |
| 1/4/15 | 7% ના ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે (6,000 × 110) | ઉ. | | 6,60,000 | |
| | ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે (6,000 × 5) | ઉ. | | 30,000 | |
| | તે 7% ના ડિબેન્ચર ખાતે (6,000 × 100) | | | | 6,00,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ અનામત ખાતે (6,000 × 10) | | | | 60,000 |
| | તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (6,000 × 5) | | | | 30,000 |
| 30/4/18 | ડિબેન્ચર પરત રોકાણ ખાતે | ઉ. | | 90,000 | |
| | તે બેંક ખાતે | | | | 90,000 |
| 31/3/19 | બેંક ખાતે | ઉ. | | 94,125 | |
| | તે ડિબેન્ચર પરત રોકાણ ખાતે | | | | 90,000 |
| | તે મળેલ વ્યાજ ખાતે | | | | 4,125 |
| 31/3/19 | નફા નુકસાન પત્રક ના વધારા ખાતે | ઉ. | | 1,50,000 | |
| | તે ડિબેન્ચર પરત અનામત ખાતે | | | | 1,50,000 |
| 31/3/19 | 7%ના ડિબેન્ચર ખાતે (6,000 × 100) | ઉ. | | 6,00,000 | |
| | ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (6,000 × 5) | ઉ. | | 30,000 | |
| | તે ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | | | | 6,30,000 |
| 31/3/19 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે | ઉ. | | 6,30,000 | |
| | તે બેંક ખાતે | | | | 6,30,000 |

| | | | | |
|---|---|---|---|---|
| 31/3/19 | ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ.<br>તે સામાન્ય અનામત ખાતે | | 1,50,000 | 1,50,000 |
| 31/3/19 | મળેલ વ્યાજ ખાતે ઉ.<br>તે નફા નુકસાન ના પત્રક ખાતે | | 4,125 | 4,125 |
| | **કુલ સરવાળો** | | **30,98,250** | **30,98,250** |

**(B) ડિબેન્ચરના નાણાં પરત કરવા માટે નફામાંથી જોગવાઈ કરવામાં આવે ત્યારે...**

કંપની ડિબેન્ચરનાં નાણાં પરત કરવા માટે નફામાંથી જોગવાઈ કરવાનું નક્કી કરે ત્યારે ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમત જેટલી પૂરેપૂરી રકમ નફા-નુકસાન પત્રકના વધારા ખાતેથી કરે છે.

**ઉદાહરણ 15 :**

નેશનલ લિમિટેડે તા. 31/3/2020નાં રોજ ₹ 10,00,000 ની મૂળ કિંમતના 8%ના ડિબેન્ચર 5% ના પ્રીમિયમથી પરત કર્યા હતા. આ માટે કંપની એ નફામાંથી ડિબેન્ચર પરત કરવા માટે નાણાંની જોગવાઈ કરવાનું નક્કી કર્યું હતું. અને તે મુજબ કંપનીએ જરૂરી રકમ નું રોકાણ તા. 30/4/2019ના રોજ કર્યુ હતું. કંપની ધારા 2013ની તથા સેબી ની ગાઈડલાઈન્સનું પૂરેપૂરું પાલન કરે છે તેવી ધારણા સાથે ડિબેન્ચર પરત કરવા અંગેની જરૂરી આમનોંધ પસાર કરો.

**જવાબ : ગણતરી :**

**1 ડિબેન્ચર પરત રોકાણ :**

= 10,00,000 × 15%

= 1,50,000

**2 ડિબેન્ચર પરત અનામત :**

= 10,00,000 × 100%

= 10,00,000

**નેશનલ કંપનીના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 30/4/19 | ડિબેન્ચર પરત રોકાણ ખાતે ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. ₹ 10,00,000 ના 15% મુજબ રોકાણ કર્યુ તેના) | | 1,50,000 | 1,50,000 |
| 31/3/20 | બેંક ખાતે ઉ.<br>તે ડિબેન્ચર પરત રોકાણ ખાતે<br>(બા.જે. ડિબેન્ચર પરત નાં રોકાણો વેચ્યા તેના) | | 1,50,000 | 1,50,000 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 31/3/20 | નફા-નુકસાન પત્રકના વધારા ખાતે ઉ.<br>તે ડિબેન્ચર પરત અનામત ખાતે<br>(બા.જે. દાર્શનિક કિંમત જેટલી રકમ થી ડિબેન્ચર પરત અનામ ખાતુ ઊભું કર્યું તેના) | | 10,00,000 | 10,00,000 |
| 31/3/20 | 8% ના ડિબેન્ચર ખાતે ઉ.<br>ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (10,00,000 × 5%)<br>તે ડિબેન્ચર હોલ્ડર્સ<br>(બા.જે. ડિબેન્ચર પ્રીમિયમ સાથે પરત કરવાનું નક્કી કર્યુ તેના) | | 10,00,000<br>50,000 | 10,50,000 |
| 31/3/20 | ડિબેન્ચરર્સ હોલ્ડર્સ ખાતે ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. ડિબેન્ચરનાં નાણાં પરત કર્યા તેના) | | 10,50,000 | 10,50,000 |
| 31/3/20 | ડિબેન્ચર પરત અનામત ખાતે ઉ.<br>તે સામાન્ય અનામત ખાતે<br>(બા.જે. ડિબેન્ચર પરત અનામતની બાકી સામાન્ય અનામત ખાતે લઈ ગયા તેના) | | 10,00,000 | 10,00,000 |
| | **કુલ સરવાળો** | | **44,00,000** | **44,00,000** |

**(2) ડિબેન્ચરનાં નાણાં હપ્તે હપ્તે પરત કરવા માટે ડિબેન્ચરનો અમુક ભાગ જ ઉપાડવામાં આવે :**

કંપની કેટલીક વખત ડિબેન્ચરનાં નાણાં એક સાથે પરત કરવાનાં બદલે દર વર્ષે હપ્તે હપ્તે પરત કરવાનું નક્કી કરે છે. દા.ત. જો કંપનીએ ₹ 10,00,000 ના ડિબેન્ચર બહાર પાડેલાં હોય તો તેમાંથી ₹ 2,00,000 ના ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે છે. કંપની આ માટે ડિબેન્ચરની કુલ રકમ માંથી દર વર્ષે ક્યા નંબરના ડિબેન્ચર પરત કરવા લોટરી પધ્ધતિ થી નક્કી કરે છે. કંપની દ્વારા ડિબેન્ચર મૂળ કિંમત કે પ્રીમિયમ થી પરત કરવામાં આવે છે કંપની ડિબેન્ચર પરત કરવા માટે સૌ પ્રથમ જરૂરી રકમ ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જાય છે.

**(3) કંપની ખુલ્લા બજારમાંથી પોતાના ડિબેન્ચર ખરીદીને ડિબેન્ચરનાં નાણાં પરત કરે ત્યારે..**

કંપની ડિબેન્ચરનાં નાણાં પરત કરવા માટે ખુલ્લિા બજારમાંથી પોતાનાં ડિબેન્ચર ખરીદી શકે છે. કંપની ધારા 2013ની જોગવાઈ મુજબ કંપનીના આર્ટિકલ્સ ઓફ એસો સિએશનમાં આ પધ્ધતિએ નાણાં પરત કરવાની મંજૂરી આપવામાં આવી હોય તો જ તેનો ઉપયોગ કરી શકે છે. કંપની સામાન્ય રીતે આ પધ્ધતિનો ઉપયોગ બજારમાં ડિબેન્ચરનો ભાવ ઓછો હોય ત્યારે કરતી હોય છે. ખુલ્લાં બજારમાં ડિબેન્ચર ખરીધ્યાં બાદ નાણાં પરત કરવામાં આવે ત્યારે નીચેની બે રીતનો ઉપયોગ થાય છે.

**(A) કંપની પોતાના ડિબેન્ચર ખુલ્લા બજારમાંથી ખરીદીને તરત જ રદ કરે ત્યારે...**

**ઉદાહરણ 16 :**

નિરમા લિમિટેડે ₹ 100નો એક એવા 1000 ડિબેન્ચર બજારમાંથી ડિબેન્ચર દીઠ ₹ 96ના ભાવે ખરીદ્યા અને આ ડિબેન્ચર ખરીધ્યાં બાદ તરતજ રદ કરવામાં આવ્યા જરૂરી આમ નોંધ લખો.

**જવાબ :**

**નિરમા લિમિટેડના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | પોતાના ડિબેન્ચર ખાતે (1000 × 96)<br>તે બેંક ખાતે<br>(બા.જે. બજારમાંથી ડિબેન્ચર ખરીધ્યાં તેના) | ઉ. | | 96,000 | <br>96,000 |
| 2 | ડિબેન્ચર ખાતે (1000 × 100)<br>તે પોતાના ડિબેન્ચર ખાતે (1000 × 96)<br>તે ડિબેન્ચર પરત કરતાં નફા ખાતે (1000 × 4)<br>(બા.જે. પોતાનાં ખરીદેલાં ડિબેન્ચર પરત કર્યા તેના) | ઉ. | | 1,00,000 | <br>96,000<br>4,000 |
| | **કુલ સરવાળો** | | | **1,96,000** | **1,96,000** |

**નોંધ :** કંપની જ્યારે મૂળ કિંમત કરતાં ઓછી કિંમતે ડિબેન્ચર ખરીદે ત્યારે થયેલ નફાને મૂડી નફો કહે છે. જેનો મૂડી ખોટ માંડી વાળવા માટે ઉપયોગ થાય છે. પરંતુ જો કંપની દાર્શનિક કિંમત કરતાં વધુ કિંમતે ડિબેન્ચર બજારમાંથી ખરીદે તો ચૂકવેલ વધારાની રકમ ને મૂડી ખોટ કહે છે.

**(B) કંપની પોતાના ડિબેન્ચર બજારમાંથી ખરીદીને પોતાની પાસે રાખી મુકે ત્યારે...**

કંપની ઘણી વખત પોતાનાં ડિબેન્ચર રદ કરવાનાં બદલે રોકાણ તરીકે પોતાની પાસે રાખી મુકે છે. આ સમયે કંપની ને પોતાનાં જ ડિબેન્ચર બજારમાંથી મૂળ કિંમત કરતાં ઓછી કિંમતે મળી જાય છે. તેમજ કંપનીને આ ડિબેન્ચર્સ પર વ્યાજ ચુકવવું પડતું નથી. જે કંપની માટે ફાયદાકારક છે.

**ઉદાહરણ 17 :**

એક કંપનીએ 7% ના ₹ 1,00,000 ના પોતાનાં ડિબેન્ચર્સ ખુલ્લાં બજારમાંથી ₹ 80,000 માં ખરીદ્યાં છે અને કંપની આ ડિબેન્ચર રોકાણ તરીકે પોતાની પાસે રાખી મૂકે છે. આમનોંધ લખો.

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | પોતાનાં ડિબેન્ચરમાં રોકાણ ખાતે<br>તે બેંક ખાતે<br>(બા.જે. ₹ 1,00,000નાં ડિબેન્ચર્સ ₹ 80,000માં ખરીધ્યાં તેના) | ઉ. | | 80,000 | <br>80,000 |

કંપની પોતાનાં ડિબેન્ચર્સમાં કરેલ રોકાણનો ભવિષ્યમાં નીચે મુજબ નિકાલ કરી શકે છે.

**(I) કંપની પોતાનાં ડિબેન્ચરમાં કરેલ રોકાણોનો ઉપયોગ કરી ડિબેન્ચર રદ કરે ત્યારે...**

સામાન્ય રીતે કંપની ડિબેન્ચરની દાર્શનિક કિંમત અને બજાર કિંમત વચ્ચેનાં તફાવત ને લીધે થયેલાં નફા કે નુકસાન ને ડિબેન્ચર પરત નાં નફા કે નુકસાન ખાતે લઈ જાય છે અને આ ડિબેન્ચર પરતનાં નફા કે નુકસાનને મૂડી અનામત ખાતે લઈ જવામાં આવે છે.

**ઉદાહરણ 18 :**

એક કંપનીએ ₹ 5,00,000 નાં 10% ના ડિબેન્ચર બહાર પાડેલાં હતાં. કંપનીએ આ ડિબેન્ચર્સ ₹ 4,80,000 માં બજારમાંથી ખરીદી ને તેમાં રોકાણ કર્યુ હતું. કંપની એ બહાર પાડેલ ડિબેન્ચર ને રદ કરવા માટે આ ડિબેન્ચર રોકાણનો ઉપયોગ કર્યો હતો. ડિબેન્ચર રદ કરવાની આમનોંધ પસાર કરો.

**જવાબ : કંપનીનાં ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| 1 | 10%ના ડિબેન્ચર્સ ખાતે | ઉ. | | 5,00,000 | |
| | તે પોતાનાં ડિબેન્ચર્સમાં રોકાણ ખાતે | | | | 4,80,000 |
| | તે ડિબેન્ચર પરત ના નફા ખાતે | | | | 80,000 |
| | (બા.જે. ડિબેન્ચર રદ કરવાનું નક્કી કર્યુ તેના) | | | | |
| 2 | ડિબેન્ચર પરતના નફા ખાતે | ઉ. | | 20,000 | |
| | તે મૂડી અનામત ખાતે | | | | 20,000 |
| | (બા.જે. ડિબેન્ચર પરતનો નફો મૂડી અનામત ખાતે લઈ ગયા તેના) | | | | |
| | **કુલ સરવાળો** | | | **5,20,000** | **5,20,000** |

**(II) કંપની પોતાનાં ડિબેન્ચરમાં કરેલ રોકાણોનું બજારમાં ફરીથી વેચાણ કરે ત્યારે...**

કંપની ડિબેન્ચર પરત રોકાણમાં કરેલાં ડિબેન્ચર્સ બજારમાં ફરીથી વેચે ત્યારે તેમાં થયેલ નફો કે નુકસાન મહેસુલી નફો કે નુકસાન ગણી નફા નુકસાન પત્રક ખાતે લઈ જવામાં આવશે. જો ડિબેન્ચર બજારમાં વેચતા નફો થાય તો તેને નફા નુકસાનના પત્રકમાં ''અન્ય આવકો'' (Other in come) નાં મથાળાં હેઠળ દર્શાવાય છે અને જો ડિબેન્ચર વેચતા ખોટ જાય તો તેને નફા નુકસાનના પત્રક માં ''અન્ય ખર્ચાઓ'' (Other Expenses) ના મથાળાં હેઠળ દર્શાવવામાં આવે છે.

**ઉદાહરણ 19 :**

રામ લિમિટેડે ₹ 300 નો એક, એવાં 10% ના 2,000 ડિબેન્ચર જાહેર જનતા માટે બહાર પાડ્યા હતા. કંપનીએ બહાર પાડેલાં પોતાનાં 1,000 ડિબેન્ચર, ડિબેન્ચર દીઠ ₹ 250 ની બજાર કિંમતે બજારમાંથી ખરીધ્યાં હતા. આ ડિબેન્ચર થોડાંક મહિનાઓ બાદ કંપનીએ ડિબેન્ચર દીઠ ₹ 310 ના ભાવે બજારમાં વેચી દીધા હતા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો. (બાબત જે. વગર)

**જવાબ : રામ લિમિટેડના ચોપડે આમ નોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | બેંક ખાતે (2000 × 300) ઉ.<br>તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | 6,00,000 | <br>6,00,000 |
| 2 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે ઉ.<br>તે 10%ના ડિબેન્ચર ખાતે | | 6,00,000 | <br>6,00,000 |
| 3 | પોતાના ડિબેન્ચરમાં રોકાણ ખાતે (1000 × 250) ઉ.<br>તે બેંક ખાતે | | 2,50,000 | <br>2,50,000 |
| 4 | બેંક ખાતે (1000 × 310) ઉ.<br>તે પોતાનાં ડિબેન્ચરમાં રોકાણ ખાતે (1000 × 250)<br>તે રોકાણ વેચતા થયેલ નફા ખાતે (1000 × 60) | | 3,10,000 | <br>2,50,000<br>60,000 |
| 5 | રોકાણ વેચતા થયેલ નફા ખાતે (1000 × 60) ઉ.<br>તે નફા નુકસાનના પત્રક ખાતે | | 60,000 | <br>60,000 |
| | **કુલ સરવાળો** | | **18,20,000** | **18,20,000** |

## <u>(4) ડિબેન્ચરનું શેરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે...</u>

કંપની અમુક નિશ્ચિત સમયના અંતે ડિબેન્ચરનાં બદલામાં ઈક્વિટી શેર કે પ્રેફરન્સ શેર આપશે એવી શરતોએ ડિબેન્ચર બહાર પાડે છે. આવાં ડિબેન્ચરને કન્વર્ટિબલ ડિબેન્ચર કહેવામાં આવે છે. આવા સમયે નીચે મુજબ આમનોંધ કરવામાં આવે છે.

| તારીખ | વિગત | ખા.પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | ડિબેન્ચરનું શેરમાં રૂપાંતર કરવાનું નક્કી કરવામાં આવે ત્યારે...<br>......ટકા ના ડિબેન્ચર ખાતે ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | <br>..... | <br><br>..... |
| 2 | ડિબેન્ચરનું શેરમાં રૂપાંતર કરવામાં આવે ત્યારે...<br>ડિબેન્ચર હોલ્ડર ખાતે ઉ.<br>તે ઈક્વિટી શેરમૂડી ખાતે<br>અથવા<br>તે પ્રેફરન્સ શેરમૂડી ખાતે | | <br>..... | <br><br><br><br>..... |

<u>**નોંધ:**</u> કંપનીધારા 2013ની જોગવાઈ મુજબ ડિબેન્ચરનું શેરમાં મૂળકિંમતે કે પ્રીમિયમે રૂપાંતર કરી શકાય છે. પરંતુ આવાં ડિબેન્ચરનાં બદલામાં શેર વટાવ થી બહાર પાડી શકાતાં નથી.

**ઉદાહરણ 20 :**

શાયોનાં લિમિટેડે તા. 1/4/2017નાં રોજ 8%ના 5000 કન્વર્ટીબલ ડિબેન્ચર ₹ 150ના બજાર ભાવે બહાર પાડ્યા. કંપની એ ડિબેન્ચર બહાર પાડતી વખતે નક્કી કરેલ શરત મુજબ પાંચ વર્ષ પછી ડિબેન્ચર ની મૂળ કિંમત ના બદલામાં ₹ 10નો એક એવા ઈક્વિટી શેર 25% ટકા ના પ્રીમિયમ થી આપવામાં આવશે.

તા. 1/4/22 નાં રોજ નક્કી કરેલ શરત મુજબ બધાં જ ડિબેન્ચરનું ઈક્વિટી શેરમાં રૂપાંતર કરવામાં આવ્યું. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.(બાબત જે. વગર)

**જવાબ : શાયોના લિમિટેડના ચોપડે જરૂરી આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1/4/17 | બેંક ખાતે (5000 × 150) ઉ.<br>તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે | | 7,50,000 | <br>7,50,000 |
| 1/4/17 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે (5000 × 150) ઉ.<br>તે 8%ના ડિબેન્ચર ખાતે | | 7,50,000 | <br>7,50,000 |
| 1/4/22 | 8%ના ડિબેન્ચર ખાતે (5000 × 150) ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | 7,50,000 | <br>7,50,000 |
| 1/4/22 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે (5000 × 150) ઉ.<br>તે ઈક્વિટી શેરમૂડી ખાતે (60,000 × 10)<br>તે જામીનગીરી પ્રીમિયમ ખાતે (60,000 × 2.5) | | 7,50,000 | <br>6,00,000<br>1,50,000 |
| | **કુલ સરવાળો** | | **30,00,000** | **30,00,000** |

**જવાબ : ગણતરી :**

**<u>1</u> <u>ડિબેન્ચર પરતની રકમ :</u>**

= 5,000 × 150

= 7,50,000

**<u>2</u> <u>ઈક્વિટી શેરની સંખ્યા :</u>**

ઇ. શેરની મૂળ કિંમત = 10.00

+ જામીનગીરી પ્રીમિયમ = 2.50

બજાર કિંમત = 12.50

શેર ની સંખ્યા = $\frac{૭,૫૦,૦૦૦}{૧૨.૫}$

= 60,000

● **ડિબેન્ચર જુદાં જુદાં અવેજ દ્વારા પરત કરવામાં આવે ત્યારે...**

કંપની ડિબેન્ચરનાં નાણાં પરત કરે ત્યારે સામાન્ય રીતે રોકડ ચુકવતી હોય છે. પરંતુ કેટલીક વાર કંપની રોકડ સિવાય જુદાં - જુદાં અવેજ આપીને ડિબેન્ચર હોલ્ડર્સને નાણાં પરત કરતી હોય છે. જેમાં કંપની દ્વારા ડિબેન્ચરના બદલામાં નવા શેર કે નવા ડિબેન્ચર આપતી હોય છે.

**ઉદાહરણ 21 :**

આર.કે. લિમિટેડે તા. 1/1/2016 નાં રોજ ₹ 100 નો એક એવાં 7.5% ના 10,000 ડિબેન્ચર જાહેર જનતા માટે બહાર પાડયા. આ ડિબેન્ચર પાંચ વર્ષ પછી ગમે ત્યારે છ માસની મુદ્દત ની નોટિસ આપી ને 5% પ્રીમિયમે પરત કરવાનાં હતા. અને તેનાં બદલામાં કંપની ડિબેન્ચર હોલ્ડરો ને રોકડ અથવા કંપનીનાં ઈક્વિટી શેર અથવા કંપનીનાં નવા ડિબેન્ચર એ ત્રણેયમાંથી ડિબેન્ચર્સ હોલ્ડર્સની મરજી મુજબ અવેજ આપી નાણાં ચુકવવાનાં હતા. તા. 1/3/2021નાં રોજ કંપનીએ ડિબેન્ચર્સ હોલ્ડર્સ ને જરૂરી નોટિસ આપીને તા. 1/9/2021નાં રોજ ડિબેન્ચરનાં નાણાં પરત કરવાનો પોતાનો ઈરાદો જણાવ્યો. આ અંગે કંપનીએ ત્રણ વિકલ્પો ડિબેન્ચર્સ હોલ્ડર્સને સૂચવ્યાં

(1) નાણાં રોકડમાં આપવામાં આવશે.

(2) ₹ 10 નો એક એવા ઈક્વિટી શેર 25% પ્રીમિયમથી આપવામાં આવશે.

(3) ₹ 100 નો એક એવા 12% નાં નવાં ડિબેન્ચર 4% વટાવે આપવામાં આવશે.

3000 ડિબેન્ચર ધરાવનારે ઈક્વિટી શેર સ્વીકાર્યા 4000 ડિબેન્ચર ધરાવનારાંઓ એ નવાં ડિબેન્ચર્સ સ્વીકાર્યા અને બાકીનાએ રોકડ સ્વીકારી.

કંપનીધારા 2013ની જોગવાઈ તેમજ સેબી ની ગાઈડલાઈન્સ નું પાલન કર્યુ હશે તેમ માની કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**જવાબ : ગણતરી :**

**1** **ઈક્વિટી શેરની સંખ્યા**

**ડિબેન્ચર પરતની રકમ**

= 3,000 × 105

= 3,15,000

ઇ.શેરની મૂળ કિંમત = 10.00

+ જામીનગીરી પ્રીમિયમ = 2.50

બજાર કિંમત = 12.50

$$\text{ઇ. શેરની સંખ્યા} = \frac{3,15,000}{12.5}$$

= 25,200

**2** **ડિબેન્ચર ની સંખ્યા :**

ડિબેન્ચર પરત ની રકમ

= 4,000 × 105

= 4,20,000

નવા ડિબેન્ચરની મૂળકિંમત = 100

(-) વટાવ = - 4

બજાર કિંમત = 96

$$\text{નવા ડિબેન્ચરની સંખ્યા} = \frac{૪,૨૦૦,૦૦૦}{૯૬}$$

= 4,375

**3 બાકીના ડિબેન્ચર**

| | |
|---|---|
| કુલ ડિબેન્ચર | = 10,000 |
| (-) નવા ઈક્વિટી શેર સ્વીકારનાર | = 3,000 |
| (-) નવા ડિબેન્ચર સ્વીકારનાર | = 4,000 |
| રોકડ સ્વીકારી | = 3,000 |

**આર.કે. લિમિટેડના ચોપડે આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1/1/16 | બેંક ખાતે (10,000 × 100) ઉ.<br>તે ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે<br>(બા.જે. ડિબેન્ચર અરજીનાં નાણાં મળ્યા તેના) | | 10,00,000 | <br>10,00,000 |
| 1/1/16 | ડિબેન્ચર અરજી અને મંજૂરી ખાતે (10,000 × 100) ઉ.<br>ડિબેન્ચર બહાર પાડતાં થયેલ નુકસાન ખાતે (10,000 × 5)<br>તે 7.5% ના ડિબેન્ચર ખાતે (10,000 × 100)<br>તે ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (10,000 × 5)<br>(બા.જે. ડિબેન્ચર અરજીનાં નાણાં ડિબેન્ચર ખાતે અને પરત પ્રીમિયમ ખાતે લઈ ગયા તેના) | | 10,00,000<br>50,000 | <br><br>10,00,000<br>50,000 |
| 1/9/21 | 7.5%ના ડિબેન્ચર ખાતે (10,000 × 100) ઉ.<br>ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતે (10,000 × 5) ઉ.<br>તે ડિબેન્ચર હોલ્ડર ખાતે | | 10,00,000<br>50,000 | <br><br>10,50,000 |
| 1/9/21 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે (3000 × 105) ઉ.<br>તે ઈક્વિટી શેરમૂડી ખાતે (25,200 × 10)<br>તે જામીનગીરી પ્રીમિયમ ખાતે (25,200 × 2.5)<br>(બા.જે. 3,000 ડિબેન્ચર હોલ્ડર્સ ને ઈક્વિટી શેર પ્રીમિયમ થી આપ્યાં તેનાં) | | 3,15,000 | <br>2,52,000<br>63,000 |
| 1/9/21 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે (4000 × 105) ઉ.<br>ડિબેન્ચર વટાવ ખાતે (4,375 × 4)<br>તે 12%ના ડિબેન્ચર ખાતે (4,375 × 100)<br>(બા.જે. 4,000 ડિબેન્ચર હોલ્ડર્સે નવાં ડિબેન્ચર્સ વટાવ થી સ્વીકાર્યા તેના) | | 4,20,000<br>17,500 | <br><br>4,37,500 |
| 1/9/21 | ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે (3000 × 105) ઉ.<br>તે બેંક ખાતે<br>(બા.જે. 3,000 ડિબેન્ચર હોલ્ડર્સે રોકડાં સ્વીકાર્યા તેના) | | 3,15,000 | <br>3,15,000 |
| | **કુલ સરવાળો** | | **41,67,500** | **41,67,000** |

## ● સ્વાધ્યાય

### (A) બહુ વિકલ્પીય પ્રશ્નો

(1) ડિબેન્ચર એ કંપની માટે..........છે.

(A) મૂડી દર્શાવતો દસ્તાવેજ
(C) દેવું દર્શાવતો દસ્તાવેજ
(B) લેણું દર્શાવતો દસ્તાવેજ
(D) મિલકત દર્શાવતો દસ્તાવેજ

જ : —> (C)

(2) ડિબેન્ચર હોલ્ડર એ કંપનીના...........છે.

(A) માલિક
(C) લેણદાર
(B) સંચાલક
(D) લિક્વિડેટર

જ : —> (C)

(3) કંપની ને નફો થાય કે ખોટ ડિબેન્ચર પર વ્યાજ ચૂકવવું તે.............છે.

(A) ઈચ્છનીય
(C) ફરજીયાત
(B) મરજીયાત
(D) જરૂરી નથી

જ : —> (C)

(4) ક્યા ડિબેન્ચર ચલણી નોટ જેવાં છે ?

(A) બેરર ડિબેન્ચર
(C) રજીસ્ટર્ડ ડિબેન્ચર
(B) તારણવાળા ડિબેન્ચર
(D) રિડીમેબેલ ડિબેન્ચર

જ : —> (A)

(5) જે ડિબેન્ચર નું ઇક્વિટી શેરમાં આપોઆપ રૂપાંતર થાય તેવી શરતો વાળાં ડિબેન્ચરને............કહેવામાં આવે છે.

(A) રિડીમેબલ ડિબેન્ચર
(C) કન્વર્ટિબલ ડિબેન્ચર
(B) ઈર રિડિમેબલ ડિબેન્ચર
(D) નોન-કન્વર્ટિબલ ડિબેન્ચર

જ : —> (C)

(6) ક્યા પ્રકારનાં ડિબેન્ચરો રોકાણકારોની દૃષ્ટિએ જોખમી છે ?

(A) બેરર ડિબેન્ચર
(C) રજીસ્ટર્ડ ડિબેન્ચર
(B) સાદાં ડિબેન્ચર
(D) રૂપાંતર પાત્ર ડિબેન્ચર

જ : —> (B)

(7) કંપનીધારા, 2013 મુજબ કોઈ પણ કંપની કેટલાં વર્ષ થી વધુ મુદ્દત ના ડિબેન્ચર બહાર પાડી શકે નહિ ?

(A) 20 વર્ષ
(C) 3 વર્ષ
(B) 5 વર્ષ
(D) 10 વર્ષ

જ : —> (D)

(8) 'ડિબેન્ચર પરત પ્રીમિયમ ખાતુ' કંપની માટે શું છે ?

(A) મૂડી આવક (C) મૂડી ખોટ

(B) દેવું (D) મિલકત

જ : —> (B)

(9) ડિબેન્ચર પરતના નુકસાનનું ખાતું કંપની માટે શું છે ?

(A) મૂડી ખોટ (C) મહેસૂલી ખોટ

(B) આવક (D) લેણું

જ : —> (A)

(10) કંપની વધુમાં વધુ કેટલા ટકા વટાવે ડિબેન્ચર બહાર પાડી શકે છે ?

(A) 10% (C) 5%

(B) 20% (D) કોઈ નિયંત્રણ નથી

જ : —> (D)

(11) ડિબેન્ચર એ કંપનીની કેવી મૂડી છે ?

(A) ટૂંકા ગાળાની (C) ઉછીની

(B) માલિકીની (D) સરકારની

જ : —> (C)

(12) ક્યા પ્રકારના ડિબેન્ચરો કંપનીના વિસર્જન સુધી પરત કરી શકાતા નથી ?

(A) રિડીમેબલ (C) કન્વર્ટિબલ

(B) કાયમી ડિબેન્ચર (D) કન્વર્ટિબલ ડિબેન્ચર

જ : —> (B)

(13) ક્યા પ્રકારનાં ડિબેન્ચર પર ડિબેન્ચર સર્ટિફિકેટ સાથે વ્યાજની કુપનો આપવામાં આવે છે ?

(A) રજિસ્ટર્ડ ડિબેન્ચર (C) બેરર ડિબેન્ચર

(B) ઈરરિડીમેબલ (D) નોન કન્વર્ટિબલ ડિબેન્ચર

જ : —> (C)

(14) પ્રીમિયમે ડિબેન્ચર બહાર પાડવામાં આવે ત્યારે મળેલ પ્રીમિયમ ની રકમ..........ખાતે લઈ જવામાં આવે છે. ?

(A) ડિવિડન્ડ સમતુલા અનામત

(B) મૂડી અનામત

(C) જામીનગીરી પ્રીમિયમ

(D) નફા - નુકસાન

જ : —> (C)

(15) જ્યારે કંપની મૂડીમાંથી ડિબેન્ચર પરત કરવાનું નક્કી કરે તે પહેલાં કંપની એ તેણે બહાર પાડેલાં ડિબેન્ચરની કુલ દાર્શનિક કિંમત ની રકમના ..........ટકા ડિબેન્ચર પરત અનામત ખાતે લઈ જવા પડશે.

(A) 20 (C) 10

(B) 25 (D) 15

જ : —> (B)

-----------------------------------------------------------------

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર જવાબ આપો.**

(1) ડિબેન્ચર એટલે શું ? ડિબેન્ચર નાં લક્ષણો સમજાવો

(2) ડિબેન્ચરના વિવિધ પ્રકારો સમજાવો

(3) ડિબેન્ચર બહાર પાડવાની વિધિ જણાવો

(4) ડિબેન્ચર બહાર પાડવા અંગેની હિસાબી અસરો સમજાવો

(5) ડિબેન્ચરના વિશિષ્ટ પ્રકારો સમજાવો.

**ટૂંકનોંધ લખો :**

(1) ડિબેન્ચરનો અર્થ અને વ્યાખ્યા

(2) ડિબેન્ચરના લક્ષણો

(3) ડિબેન્ચરના પ્રકારો

(4) ડિબેન્ચર બહાર પાડવા અંગે ની વિધિ

(5) ડિબેન્ચર બહાર પાડવા અંગેની હિસાબી અસરો.

(6) શૂન્ય વ્યાજવાળાં ડિબેન્ચર્સ

(7) ડિબેન્ચર સ્ટોક

(8) પ્રથમ બોજવાળા અને દ્વિતીય બોજવાળાં ડિબેન્ચર્સ

(9) ઊંચા વટાવવાળા ડિબેન્ચર્સ

(10) કન્વર્ટિબલ ડિબેન્ચર કે રૂપાંતરપાત્ર ડિબેન્ચર

**વ્યાવહારિક પ્રશ્નો :**

1 વિશ્વાસ લિમિટેડે ₹ 200 નો એક એવા 5,000 ડિબેન્ચર જાહેર જનતા માટે બહાર પાડ્યા. ડિબેન્ચર દીઠ નીચે મુજબ નાણાં મંગાવવામાં આવ્યા હતા.

| | |
|---|---|
| અરજી સાથે | ₹ 90 |
| મંજૂરી સાથે | ₹ 50 |
| પ્રથમ હપ્તા સાથે | ₹ 30 |

આખરી હપ્તા સાથે બાકીની રકમ

કંપની ને 5,500 ડિબેન્ચર માટે અરજીઓ મળી હતી. વધારાની અરજીઓ કંપનીએ નામંજૂર કરી નાણાં પરત કર્યા. ડિબેન્ચર પર મંગાવેલ મંજૂરી અને હપ્તાની રકમ પૂરેપૂરી મળી ગઈ છે. કંપની ના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરી.

(જવાબ : કંપનીને મળેલ રકમ - અરજી સાથે ₹ 4,95,000 મંજૂરી સાથે ₹ 2,50,000 પ્રથમ હપ્તા સાથે ₹ 1,50,000 આખરી હપ્તા સાથે ₹ 1,50,000)

2 નીચેનાં વ્યવહારોની ડિબેન્ચર બહાર પાડવાની અને પરત કરવા અંગેની આમનોંધ લખો.

(A) ₹ 100 ની મૂળ કિંમતના 10%ના 5,000 ડિબેન્ચર મૂળ કિંમતે બહાર પાડ્યા જે મૂળ કિંમતે પરત કરવાનાં છે.

(B) ₹ 100 ની મૂળ કિંમતના 8% ના 8,000 ડિબેન્ચર, 10% વટાવે બહાર પાડ્યા જે મૂળકિંમતે પરત કરવાનાં છે.

(C) ₹ 150 ની મૂળકિંમતના 12 % ના 4,000 ડિબેન્ચર 10% પ્રીમિયમે બહાર પાડ્યા જે મૂળકિંમતે પરત કરવાના છે.

(જવાબ : સમજૂતી માટે ઉદાહરણ 6,7 અને 8 જુઓ)

3. રાધે લિમિટેડે તા. 1/4/16 ના રોજ ₹ 100 નો એક એવા 8% ના 5,000 ડિબેન્ચર 10% ના પ્રીમિયમે બહાર પાડ્યા હતાં જે તા. 31/3/21 નાં રોજ પરત કરવાના છે. કંપની એ ડિબેન્ચર 5% ના પ્રીમિયમથી પરત કરવાનાં છે.

કંપનીએ કંપનીધારાની જોગવાઈ પ્રમાણેની જરૂરી રકમનું 30 એપ્રિલનાં રોજ 7% ની દિલ્હી સરકારની જામીનગીરીમાં રોકાણ કર્યુ હતું. ડિબેન્ચર પરત કરવા માટેનાં નાણાંની જોગવાઈ મૂડીમાંથી કરવાની છે. કંપનીએ પાકતી તારીખે ડિબેન્ચર પરત કર્યા કંપનીના ચોપડે જરૂરી આમનોંધ પસાર કરો.

(જવાબ : સમજૂતી માટે ઉદાહર 14 જુઓ)

4 કૃષ્ણા લિમિટેડે ₹ 200 નો એક એવા 6% ના 3000 ડિબેન્ચર્સ જાહેર જનતા માટે બહાર પાડ્યા હતા. કંપનીએ બહાર પાડેલાં પોતાનાં 1000 ડિબેન્ચર ડિબેન્ચર દીઠ ₹ 150ની બજાર કિંમતે ખરીદ્યાં હતા. આ ડિબેન્ચર થોડાંક મહિનાઓ બાદ ડિબેન્ચર દીઠ ₹ 180 ના ભાવે બજારમાં વેંચી દીધા હતા. કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(જવાબ : સમજૂતી માટે ઉદાહરણ 19 જુઓ)

5 સીતા લિમિટેડે તા. 1/1/2016નાં રોજ ₹ 100 નો એક એવાં 10,000 ડિબેન્ચર જાહેર જનતા માટે બહાર પાડ્યાં. આ ડિબેન્ચર 5 વર્ષ પછી ગમે ત્યારે 6 માસની નોટિસ આપીને 2% ના પ્રીમિયમે પરત કરવાનાં હતા. અને તેનાં બદલામાં ડિબેન્ચર હોલ્ડરોને રોકડ અથવા કંપનીના શેર અથવા નવા ડિબેન્ચર્સ આ ત્રણમાંથી પોતાની મરજી મુજબ અવેજ આપી નાણાં ચૂકવવાનાં હતા.

તા. 1/3/2021નાં રોજ કંપનીએ ડિબેન્ચર હોલ્ડર્સને જરૂરી નોટિસ આપી તા. 1/9/21ના રોજ ડિબેન્ચરનાં નાણાં પરત કરવાનો પોતાનો ઈરાદો જણાવ્યો. આ અંગે કંપનીએ ત્રણ વિકલ્પો ડિબેન્ચર્સ હોલ્ડર્સને સૂચવ્યાં.

1 નાણાં રોકડમાં આપવામાં આવશે.

2 ₹ 100 નો એક એવા 10% ના પ્રેફરન્સ શેર 20% ના પ્રીમિયમે આપવામાં આવશે.

3 ₹ 100 નો એક એવા 8% ના ડિબેન્ચર ₹ 98ના ભાવે આપવામાં આવશે.

2,000 ડિબેન્ચર ધરાવનારાઓ એ પ્રેફરન્સ શેર સ્વીકાર્ય. 4,900 ડિબેન્ચર ધરાવનારાઓ એ 15% ના નવાં ડિબેન્ચર્સ સ્વીકાર્યા અને બાકીનાંએ રોકડ સ્વીકાર્યા. કંપનીધારાની 2013ની જોગવાઈઓનું તેમજ સેબીની માર્ગદર્શિકાઓ અનુસરવામાં આવી હશે. તેમ માનીને કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

(જવાબ : સમજૂતી માટે જુઓ ઉદાહરણ 21)

-------------×-------------

# એકમ 11 કંપનીઓનું વિલીનીકરણ અને કંપનીના ધંધાની ખરીદી (કંપનીના સંયોજનના હિસાબો)

## : રૂપરેખા :


ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 કંપનીઓનું વિલીનીકરણ અને ધંધાની ખરીદીનો અર્થ

11.3 કંપનીઓના સંયોજન અને સમાવેશ સ્વરૂપે વિલીનીકરણ અને ધંધાની ખરીદીના હેતુઓ

11.4 વિલીનીકરણ અને ધંધાની ખરીદી સ્વરૂપે થતા સંયોજન અને સમાવેશની વિધિ-પ્રક્રિયા

11.5 વિલીનીકરણ અને ધંધાની ખરીદી અંગે કંપનીધારા - 2013 ની જોગવાઈઓ તથા ભારતીય હિસાબીધોરણ - 14 મુજબ સમજૂતી :

- 11.5.1 સંયોજન જોડાણ અંગે 2013ના કંપનીધારા મુજબ વિવિધ જોગવાઈઓ
- 11.5.2 સંયોજન સમાવેશ વિધિ / પ્રક્રિયા
- 11.5.3 ભારતીય હિસાબી ધોરણ - 14 મુજબ વિવિધ પારિભાષિક શબ્દોની સમજ
- 11.5.4 ભારતીય હિસાબી ધોરણ 14 અનુસાર સંયોજનનું સ્વરૂપ
- 11.5.5 ધંધાની ખરીદ કિંમત
- 11.5.6 ચોખ્ખી મિલકતો
- 11.5.7 હિસાબી ધોરણ 14 મુજબ ડિબેન્ચર્સ અંગે સ્પષ્ટતા :
- 11.5.8 વેચનાર કંપનીની પ્રેફરન્સ શેર મૂડી અંગે સમજૂતી
- 11.5.9 ભારતીય હિસાબીધોરણ - 14 મુજબ હિસાબી નોંધ અંગે માર્ગદર્શન :
  - (A) ધંધો વેચનાર કંપનીના ચોપડામાં હિસાબીનોંધ
  - (B) ધંધો ખરીદનાર કંપનીના ચોપડે સંયોજન સ્વરૂપ મુજબ હિસાબીનોંધ

11.6 સંયોજનમા આંતરકંપની વ્યવહારો

11.7 વ્યાવહારિક ઉદાહરણો (1 થી 12)

- સારાંશ હિસાબી ધોરણ-14 અને ભારતીય કંપનીધારા 2013 મજબ
- સ્વાધ્યાય સૈદ્ધાંતિક પ્રશ્નો હેતુલક્ષી પ્રશ્નો અને વ્યાવહારિક પ્રશ્નો-MCQS

## ઉદ્દેશો

- કંપનીકક્ષાએ થતાં જોડાણો - સંયોજનો - સમાવેશ અંગે જ્ઞાન માહિતી પ્રાપ્ત કરી શકશો.
- કંપનીઓના વિલીનીકરણ અને ધંધાની ખરીદીના અર્થ અને હેતુઓ વિશે સમજૂતી મેળવી શકશો.
- કંપનીધારા - 2013 મુજબ વિલીનીકરણ અને કંપનીના ધંધાની ખરીદી સંબંધી કાનૂની જોગવાઈઓ - વિધિ વિશે સંક્ષિપ્ત જાણકારી મેળવી શકશો.
- કંપનીઓના સંયોજન - સમાવેશ સંબંધી વિધિને આધારે ઉદ્ભવતા હિસાબી મુદ્દા અને હિસાબી નોંધ અંગે ભારતીય હિસાબીધોરણ - 14 મુજબનું માર્ગદર્શન મેળવી શકશો.
- કંપનીઓના વિલીનીકરણ જોડાણ મુજબ સંયોજન સમાવેશને લીધે જે કંપનીઓના હિસાબ તૈયાર કરવાના થાય તેને બે ભાગમાં હિસાબી પ્રક્રિયાને આધારે બંધ થતી કંપનીના ચોપડે આમનોંધ - હિસાબી ખાતાં વિશે તેમજ નવી કંપનીના ચોપડે આમનોંધ - ખાતાં તેમ જ નવું પાકું સરવૈયું તૈયાર કરવા વિશે જ્ઞાન-સમજ પ્રાપ્ત કરી શકશો.
- વિવિધ વ્યવહારું ઉદાહરણોનો ક્રમશ : અભ્યાસ કરવાથી સંયોજન સમયે તેમ જ સમાવેશ સમયે વિશિષ્ટ મુદ્દાની હિસાબી અસર વિશે જ્ઞાન સમજ મેળવી શકશો.
- સંપૂર્ણ સૈદ્ધાંતિક તેમ જ દાખલાના વ્યવહારું ઉદાહરણોના અભ્યાસને આધાર બનાવીને સ્વાધ્યાયના પ્રશ્નોનાં ઉકેલ મેળવવા પ્રયત્નશીલ બની શકશો.

## 11.1 પ્રસ્તાવનાઃ

કંપનીકક્ષાએ પરિવર્તનો સહજ છે. કંપનીઓમાં જોડાણો અને કંપની હસ્તગત કરવાની ઘટનાઓ જોવા મળે છે. હરીફાઈ, પરસ્પર આગળ વધવાની નીતિ અને વ્યૂહરચનાઓ વગેરે પરિસ્થિતિ કંપની કક્ષાએ મળવા પાત્ર લાભો-ફાયદાની તુલનાએ નુકસાન વધારે એવી સ્થિતિ નિર્માણ થતી હોય ત્યારે યુદ્ધના માર્ગને બદલે સહકારનો માર્ગ અખત્યાર કરી અરસપરસ સમજૂતી વડે કંપનીઓ સહકાર સાધી સમાધાન વડે એકબીજા સાથે જોડાણનો નિર્ણય કરે છે. કંપનીધારા અનુસાર નિર્ધારિત ગતિ-વિધિનું વ્યાવસાયિક પરિપાલન કરીને કંપનીઓ વિલીનીકરણ વડે નવા સ્વરૂપની પ્રાપ્તિ કરે છે. પ્રસ્તુત એકમમાં આપણે કંપનીઓના વિલીનીકરણ અને કંપનીના ધંધાની ખરીદી એટલે શું ? તેના હેતુઓ, તે અંગે કંપની કાનૂની માર્ગદર્શન, હિસાબી માવજત જે ભારતીય હિસાબીધોરણ -14 મુજબ છે, તેની વિગતવાર સૈદ્ધાંતિક અને વ્યવહારું સમજૂતી મેળવીશું.

## 11.2 કંપનીઓનું વિલીનીકરણ અને ધંધાની ખરીદીનો અર્થ ?

વિલીનીકરણ એટલે જોડાવું જેને સંયોજન કહે છે. જ્યારે કોઈ કંપની બીજી કંપનીમાં સમાવેશ પામે તો તે પણ એક પ્રકારનું ખરીદી સ્વરૂપનું સંયોજન - સમાવેશ છે તેથી બન્નેનો અર્થ નીચ મુજબ જોઈએ:

''સંયોજન, એટલે બે કે તેથી વધુ કંપનીઓ પોતાના ચાલુ ધંધાનું વિસર્જન કરીને એક નવી જ કંપનીની રચના કરે તેવી પરિસ્થિતિ. નવી કંપની, સંયોજિત થતી જૂની કંપનીઓનો ધંધો ખરીદી લે છે. ખરીદ કિંમત સામે જૂની કંપનીઓની મિલકતો - દેવાં સમેત ધંધાની ખરીદી સામે જૂની કંપનીઓના શેર હોલ્ડર્સને તેઓના શેર સામે નવી કંપની પોતાના શેર વગેરે આપે છે.'' જે કંપનીઓના વિલીનીકરણ તરીકે ઓળખાય છે.

''સમાવેશ, એટલે કંપનીઓ વચ્ચે થતા વિલીનીકરણ જોડાણનું એક સ્વરૂપ જે સમાવેશ તરીકે જાણીતું છે. સમાવેશમાં એક સદ્ધર કંપની બીજી એક કે તેથી વધુ નબળી કંપનીને પોતાનામાં સમાવી લે છે. સદ્ધર કંપની બીજી કંપનીના ધંધાને ખરીદી લે છે.''

''કંપનીઓના ધંધાની ખરીદી એટલે પરસ્પર બે કે તેથી વધુ કંપનીએ કરાર સમજૂતી સાધીને કંપની કાનૂન પ્રમાણે સંયોજન સમાવેશ પ્રક્રિયા વડે કંપનીઓ જે ધંધો વેચનાર છે તેઓના ધંધાની જે પ્રાપ્તિ કરે છે તે ભારતીય હિસાબીધોરણ-14ના માર્ગદર્શન હેઠળ થતી ધંધાની ખરીદી.''

## 11.3 કંપનીઓના સંયોજન અને સમાવેશ સ્વરૂપે વિલીનીકરણ અને ધંધાની ખરીદીના હેતુઓ /કારણો :

સંયોજન અને સમાવેશનો માર્ગ અખત્યાર કરવા પાછળ કંપનીઓના હેતુ નીચે મુજબ હોય છે જેને કારણો તરીકે પણ દર્શાવી શકાય :

(1) બે સમાન ધંધો કરતી કંપની મૂડીની અછત અનુભવતી હોય તો પણ સંયોજન દ્વારા તે દૂર કરી શકાય છે. નાનાં એકમો ભેગાં મળી મોટું એકમ ઊભું કરે તો મોટા કદના લાભ પણ મેળવી શકે છે

(2) બે સરખો જ ધંધો કરતી કંપનીઓ હરીફાઈ કરતી હોય તો બંનેને ખર્ચ વધે છે અને નફો ઘટે છે. વળી, બજાર પરની તેમની પકડ પણ ઢીલી થાય છે. જો તેઓ સંપીને સંયોજન કરે તો બજાર પર અસરકારક કાબૂ મેળવી, ખર્ચ ઘટાડી મહત્તમ લાભ મેળવી શકાય છે. આ હેતુ કંપનીઓ સંયોજન કરે છે.

(3) ખર્ચ ઘટાડવાના કે અંકુશ ધંધાને વધારવાન ઉદ્દેશથી પણ સંયોજન થાય છે. આવા સંયોજનથી કેન્દ્રીકરણના લાભો મેળવી કરકસર કરી શકાય છે.

(4) એક બીજી કંપનીઓ પાસે વિશિષ્ટ જ્ઞાન અને આવડત - ધરાવતા સંચાલકો, અધિકારીઓ કે સંશોધકો હોય તો તેમની સામૂહિક શક્તિનો લાભ લેવા માટે પણ સંયોજન કરવામાં આવે છે.

ટૂંકમાં પરસ્પર સહકાર સાધીને મહત્તમ લાભ લેવો એ સંયોજન અને સમાવેશનો મુખ્ય હેતુ છે.

## 11.4 વિલીનીકરણ અને ધંધાની ખરીદી સ્વરૂપે થતાં સંયોજ અને સમાવેશની વિધિ પ્રક્રિયા કંપનીઓના વિલીનીકરણ અને કંપનીઓના ધંધાન

કંપનીઓના વિલિનીકરણ અને કંપનીઓના ધંધાની ખરીદીરૂપે સંયોજન અને સમાવેશ અંગે નીચેની વિવિધ પ્રક્રિયા કરવામાં આવે છે :

1. સૌ પ્રથમ આ માટે સંબંધોની સંચાલન મંડળ દ્વારા સંયોજન જોડાણ માટેની પૂર્વશરતો - સમજૂતીઓ તૈયાર કરવામાં આવે છે.

2. સંયોજન-જોડાણની યોજના તૈયાર કરી સંબંધિત ટ્રિબ્યુનલને મંજૂરી અર્થે રજૂ કરવામાં આવે છે.

3. કંપની ધારાની જોગવાઈઓ અને મેમોરેન્ડમ ઓફ એસોશિયેશન મુજબ સંયોજન શરતો - યોજનાઓને સંબંધિત ઘટક કંપનીઓની માન્યતા મંજૂરી આપે છે.

4. ભારતના સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (SEBI) ની મંજૂરી મેળવવામાં આવે છે.

5. ફેરબદલી આપનાર (વેચનાર) કંપનીનું વિસર્જન થાય છે અને તેની બધી મિલકતો તથા દેવાં / જવાબદારીઓ ફેરબદલ લેનાર (ખરીદનાર) કંપની હસ્તગત કરે છે/ સંભાળે છે.

6. ફેરબદલી આપનાર (વેચનાર) કંપનીનાં શેરહોલ્ડર્સને રચાયેલી નવી કંપની જરૂરિયાત મુજબ પોતાના શેર ઇસ્યુ કરે છે.

## 11.5 વિલીનીકરણ અને ધંધાની ખરીદી અંગે કંપની ધારા, 2013ની જોગવાઈઓ તથા ભારતીય હિસાબી ધોરણ-14 મુજબ સમજૂતી

કંપનીના વિલીનીકરણ અને ધંધાની ખરીદીની પ્રક્રિયામાં બે કે વધુ કંપનીઓ એકત્ર થઈ ત્રીજી નવી કંપનીની સ્થાપના કરે તેને સંયોજન કહે છે.




આ રીતે, નવી સ્થાપિત કંપની જૂની કંપનીઓના ધંધાની ખરીદી કરે છે. આ ખરીદી દ્વારા તે મિલકતો અને દેવાં નક્કી કરેલી કિંમતે લઈ લે છે. જૂની કે વેચનાર કંપનીમાં ચોપડા બંધ કરવાને લગતી અને નવી કંપનીમાં ધંધાની ખરીદીને લગતી આમનોંધો પસાર કરવાની રહે છે. આ મુદ્દાને આપણે હિસાબી ધોરણ -14 મુજબ વિગતવાર સમજીશું.

### 11.5.1 સંયોજન - જોડાણ અંગે 2013ના કંપનીધારા મુજબ વિવિધ જોગવાઈઓ.

કંપનીઓના જોડાણ વિલીનીકરણ તેમ જ ધંધાની ખરીદીરૂપે થતા સંયોજન-જોડાણ અંગે 2013ના નવા કંપની ધારાની કલમ મુજબ જોગવાઈઓની સંક્ષિપ્તમાં સમજૂતી નીચે મુજબ છે :

(1) કલમ - 230, 231 અને 232 અનુસાર કંપની દેવાં અંગે લેણદારો, ડિબેન્ચર હોલ્ડર્સ અથવા સભ્યો અથવા લેણદારના વર્ગ કે સભ્યો સાથે સમાધાન અથવા ગોઠવણી કરી શકાશે.

(2) કલમ -231 (1) મુજબ (i) બે અથવા વધુ નાની કંપનીઓ અથવા (ii) શાસક કંપની અને પૂર્ણ રીતે તેની માલિકીની ગૌણ કંપની અથવા (iii) અમુક ચોક્કસ વર્ગ કે વર્ગોવાળી નિર્દિષ્ટ થઈ શકે તેવી કંપનીઓ વચ્ચે જોડાણ - સંયોજન થશે.

(3) કલમ- 232 મુજબ સંયોજન - જોડાણ યોજનાને કાનૂની માન્યતા મંજૂરી મળશે.

(4) કલમ - 234 મુજબ કેન્દ્ર સરકારના નિયમ અને RBI સાથે નિષ્ણાતપણા મુજબ વિદેશી કંપની સાથે ભારતીય કંપની સંયોજન-જોડાણ અપનાવી શકે છે.

(5) કલમ - 235 મુજબ 90% થી ઓછા શેરહોલ્ડર્સની અથવા તેના વારસદારની અસહમતી અંગે શેર ફેરબદલી માટે લાગુ થાય છે.

(6) કલમ - 236 ગૌણ કંપનીમાં શેર રોકાણ ખરીદીને લાગુ પડે છે.

(7) કલમ - 237 જાહેર હિતમાં કંપનીઓના સંયોજન અંગે હુકમ કરવા અંગેની કેન્દ્ર સરકારને સત્તા-અધિકાર અંગે છે.

(8) 2013ના કંપની એક્ટમાં ''ફાસ્ટ-ટ્રેક'' મર્જર / સંયોજનનો નવો ખ્યાલ સમાવવામાં આવેલ છે. જેમાં શરતોને અધીન 30 દિવસમાં આ વિધિ પૂર્ણ થાય છે.

આ ઉપરાંત સંયોજન - સમાવેશ વિધિ બાદ નવી કંપનીના ચોપડે રજૂ થતા હિસાબોમાં પાકું સરવૈયું નવા કંપની ધારા, 2013 મુજબ સૂચવાયેલા પરિશિષ્ટ - 3 પ્રમાણે ઊભા નમૂના મુજબ આવરી લેતી વિગતો સાથે તૈયાર કરવું.

### 11.5.2 ભારતીય હિસાબી ધોરણ 14 મુજબ સંયોજન - સમાવેશ વિધિ પ્રક્રિયા :

સ્પર્ધાત્મક સ્થિતિ, મૂડી, ટેક્નોલોજી, માનવસંસાધન વગેરે આથી જોડાણ માટે તૈયાર થતી કંપનીઓ પોતાના શેરહોલ્ડર્સની સામાન્ય સભામાં મરજિયાત વિસર્જનનો ઠરાવ રજૂ કરે છે. જે શેરહોલ્ડર્સ ઠરાવ સામે અસંમત હોય તેમના શેર ખરીદી લેવાય છે. વિસર્જિત કંપનીઓની મિલકતો અને દેવાં નવી ઊભી થતી કંપની સંભાળી લે છે. ખરીદકિંમતની ગણતરી કરી તેના બદલામાં નવી કંપની જૂની કંપનીઓના લિક્વિડેટરને રોકડ, શેર સ્વરૂપમાં તેની ચુકવણી કરે છે. લિક્વિડેટર જૂની કંપનીઓના શેરહોલ્ડર્સને ફાળે આવતી રકમ રોકડ, શેર સ્વરૂપમાં વહેંચી આપે છે. હવે નવા કંપની ધારા, 2013 અન્વયે 2016થી ફેરફાર કરાયેલ (સુધારાયેલ) હિસાબી ધોરણ - 14 મુજબ ગણતરી અને આમનોંધ / હિસાબીનોંધ થાય છે. આ હિસાબીધોરણ ભારતની સી.એ. સંસ્થાએ પ્રથમ 1983માં બહાર પાડેલ જે પાછું ખેંચી લીધેલ. ઓક્ટોબર 1994માં હિસાબી ધોરણ - 14 સંયોજનના હિસાબો (Accounting Standard. - 14 : Accounting for Amalgamation) બહાર પાડેલ છે. તા. 1-4-1995થી અમલી બને તે રીતે કંપનીના નિયમાનુસાર તેને સંયોજનના હિસાબો કેવી રીતે લખવા તેની જોગવાઈ મુજબ ફરજિયાત સ્વરૂપ અપાયેલ છે. આથી હવે વ્યવહારું રીતે થતા કંપનીઓના સંયોજનો હિસાબી ધોરણ 14 મુજબ હિસાબી કામગીરી માટે 2013ના કંપની ધારાની કલમ-230 થી 237 મુજબ મિલકતો - દેવાની ફેરબદલીની સંયોજન વિધિ કરશે.

''નેશનલ એડવાઈઝરી કમિટી ઑન એકાઉન્ટીંગ સ્ટાન્ડર્ડ'' (NACAS) સાથે પરામર્શ કર્યા બાદ, AS-14 ની અમુક જોગવાઈઓમાં સુધારા કરેલા છે. જે કંપનીઓ (હિસાબી ધોરણો) સુધાર રૂલ્સ, 2016 મુજબ છે અને 30 માર્ચ, 2016થી લાગુ થયેલ છે. જેમાં નીચેની બાબતોને એ લાગુ થાય તે રીતે દર્શાવેલ છે.

### 11.5.3 ભારતીય હિસાબીધોરણ - 14 મુજબ વિવિધ પારિભાષિક શબ્દોની સમજ :

ભારતીય હિસાબી ધોરણ -14 મુજબ નીચેની વિગતે વિવિધ શબ્દોના અર્થઘટન કરેલા છે :

**(1) સંયોજન (Amalgamation) :**

2013નો કંપની ધારો અથવા અન્ય બીજો કોઈ પણ કાયદો કે જે કંપનીને માટે લાગુ પડતો હોય તેની જોગવાઈ મુજબ કંપની સંયોજન - જોડાણ સહિત અનુસરણ થશે.

**(2) ફેરબદલી આપનાર કંપની (Transferor Company) :**

એટલે એવી કંપની કે જે બીજી કંપનીમાં સંયોજિત થતી કંપની તે ધંધો, વિલીનીકરણ કર્તા કે ધધો વેચનાર કંપની ગણાય.

**(3) ફેરબદલી લેનાર કંપની (Transferor Company) :**

એટલે એવી કંપની કે જેમાં ફેરબદલ થતી કંપની સંયોજિત થતી હોય તે ધંધો ખરીદનાર કંપની ગણાય.

**(4) અનામત (Reserve) :**

સાહસનો અન્ય વધારો અથવા કમાણીનો આવકોનો અથવા અન્ય વધારાનો (મૂડી અથવા મહેસૂલી સ્વરૂપ) એવો ભાગ અથવા હિસસો કે જે ઘસારાની જોગવાઈ કે મિલકતોના મૂલ્યમાં થતા જતા ઘટાડા સામે કે કોઈ જાણીતી જવાબદારી સામેની જોગવાઈ/ ફાળવણી સિવાય સાહસના સંચાલકો એ કરેલ સામાન્ય અથવા વિશિષ્ટ હેતુ માટેની ફાળવીને રકમ, અનામત તરીકે ગણાશે.

(5) **વાજબી મૂલ્ય** એટલે એવી રકમ કે જે રકમ જાણકારી પ્રાપ્ત ખરીદનાર અને વેચનાર વચ્ચે એક મિલકત તરીકે બદલી થવા પ્રાપ્ત હોય અને તેનાં વ્યવહાર પૂર્તિ અર્થે હોય છે.

## 11.5.4 ભારતીય હિસાબી ધોરણ 14 અનુસાર સંયોજનનું સ્વરૂપ :

નીચેના બે સ્વરૂપ અથવા પદ્ધતિએ કંપનીઓ સંયોજન - સમાવેશ કરે છે

સંયોજન / સ્વરૂપ

| | |
|---|---|
| (I) વિલીનીકરણ સ્વરૂપનું સંયોજન<br>(હિતોનાજોડાણની રીત / પદ્ધતિ)<br>(Amalgamation in the nature of Merger<br>(Poolling of Interest Method) | (II) ખરીદ સ્વરૂપનું સંયોજન<br>(Amalgamation in the nature of purchase (Purchse Method) |

આ બન્ને સ્વરૂપના સંયોજનના અર્થઘટન અને સંયોજનની શરતો અનુસાર ખરીદકિંમત અને હિસાબી નોંધ અંગે આ ધોરણમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

**(I) વિલીનીકરણ (હિતોના જોડાણ) સ્વરૂપનું સંયોજન :** (Amalgamation in the nature of merger) :

આ પ્રકારનું વિલીનીકરણ બે ધંધાઓનું સંપૂર્ણપણે સંયોજનાત્મક જોડાણ ગણાય છે. તેમાં સંયોજિત થતી કંપનીઓની મૂડી, અનામતો, મિલકતો, દેવાં -જવાબદારી તેમ જ શેરહોલ્ડર્સનાં હિતોનું જોડાણ થતું હોય છે. તેથી આવા જોડાણ પૂર્ણ શુદ્ધ જોડાણ છે. આથી આવા જોડાણરૂપ સંયોજનના હિસાબોમાં સંયોજિત થતી કંપનીના મૂડી-અનામતો મિલકતો અને દેવાં જવાબદારી સંબંધી આંકડા જ હિસાબીનોંધના મુખ્ય મુદ્દા બને છે.

અહી પરસ્પર બન્ને કંપનીઓના, હિતોનું જોડાણ થતું હોય છે. વિલીનીકરણ સ્વરૂપનું સંયોજન નીચે દર્શાવ્યા મુજબની વિવિધ શરતોના પાલનથી અમલમાં આવે છે.



**(1)** **બે પક્ષકાર :** એક ફેરબદલી આપનાર (વેચનાર કંપની) અને બીજી ફેરબદલી લેનાર કંપની (ખરીદનાર કંપની) જયારે ફેરબદલી આપનાર કંપનીની બધી જ મૂડી - મિલકતો અને દેવાં - જવાબદારી ફેરબદલી લેનાર નવી કંપનીમાં સંયોજન બાદ ફેરબદલ થતા હોવા જોઈએ. અને તેને આધારે ફેરબદલી લેનાર કંપનીની તે મૂડી - મિલકતો અને દેવાં - જવાબદારી બની જાય.

**(2)** ફેરબદલી કરનાર એટલે કે કંપની વેચનારના 90% ઉપરાંતના ઈક્વિટી શેરના દાર્શનિક કિંમત મુજબના શેરહોલ્ડર્સ, સંયોજનને લીધે ફેરબદલી લેનાર એટલે કે કંપની ખરીદનારના શેરહોલ્ડર્સ બનવા જોઈએ.

**(3)** સંયોજન સંદર્ભે અવેજ નક્કી થાય તેનું સ્વરૂપ નવી કંપનીના શેર રૂપે જ હોવો જોઈએ. તેથી કંપની વેચનાર પોતાના જે તે ઈક્વિટી શેરહોલ્ડરને નવી કંપની કે જે કંપની ખરીદનાર છે તેના શેર હોલ્ડર્સ બનવાનું સ્વીકાર્યા બાદ સંયોજન રૂપે તેઓને મળવા પાત્ર અવેજ ફરબદલી લેનાર કંપની એટલે કે કંપની ખરીદનાર સંપૂર્ણ રીતે પોતાના ઈક્વિટી શેર બહાર પાડીને શેર સ્વરૂપે ચૂકવે. જો આ સંજોગોમાં જૂની કું. (કંપની ફેરબદલી કરનાર કે વેચનાર) ના શેર અપૂર્ણ ભરપાઈ હોય અને બદલામાં રોકડ આપી શકાશે.

**(4)** સંયોજન બાદ ધંધો ખરીદનાર કંપની અથવા ફેરબદલી લેનાર કંપની, વેચનાર કંપનીનો કે ફેરબદલી કરનાર કંપનીનો ધંધો ચાલુ રાખવાની ઇચ્છા રાખશે અથવા આવો તેનો ઇરાદો હોવો જોઈએ.

**(5)** વેચનાર કંપનીની મિલકતો અને દેવાં - જવાબદારી જયારે ખરીદનાર કંપનીના હિસાબી ચોપડે નોંધવાના હોય ત્યારે તે મિલકતો અને દેવાં / જવાબદારીની ચોપડા કિંમત જ ધ્યાને લેવી જોઈએ. તે સંબંધી કોઈ ફેરફાર કે હવાલાઓ કરવાનો ઇરાદો કે પ્રયાસ ન થવો જોઈએ. પરંતુ હિસાબ નીતિ, એકવાક્યતા માટે, સમાનતા માટે આવશ્યકતા હોય, તો ફેરફારો કરી શકાય.

આ પ્રકારના સંયોજનની ખાસ વિશિષ્ટતા એ છે કે ચોપડા કિંમતે મિલકતો અને દેવાંની બાકી આગળ ખેંચવામાં આવે છે અને એ રીતે જાળવી રાખેલ કમાણી પણ આગળ ખેંચવામાં આવે છે, વધારામાં ફેરબદલી કરનાર કંપનીના શેરહોલ્ડર્સને ફેરબદલી લેનાર કંપનીમાં પ્રમાણસર રીતે ચાલુ રાખવામાં આવે છે.

**(II) ખરીદીના સ્વરૂપનું સંયોજન (Amalgamation in the nature of purchase) :**

જો ઉપરોક્ત વિલીનીકરણ સ્વરૂપના સંયોજન સંબંધી શરતોમાંથી એક અથવા તેની વધુ શરતોનું પાલન ન થાય તો સંયોજનનું સ્વરૂપ ખરીદી સ્વરૂપનું ગણાય છે. આમ ખરીદીન! સ્વરૂપના સંયોજન મુજબ,

**(1)** વેચનાર કે કેરબદલી આપનાર કંપનીની મિલકતો અને દેવાં ચોપડા કિંમતે જ અથવા જે રીતે દશવિલ છે તે કિંમતે જ ખરીદનાર કે લેનાર કંપનીએ પોતાના ચોપડે નોંધવા જરૂરી નથી. જો ફેરફાર કે હવાલા આવશ્યક હોય તો નવી કિંમતે ખરીદ કિંમત નક્કી કરીને યોગ્ય ફેરફારો કરવામાં આવે છે.

**(2)** એ જ રીતે ધંધો વેચનાર કે આપનાર કંપનીના 90% ઉપરાંત શેરહોલ્ડર્સ નવી કંપનીમાં પણ ચાલુ રહેવા જોઈએ એ પણ જરૂરી નથી.

(3) વળી ધંધાની ખરીદીકિંમત પેટે નવી કંપની પોતાના ઇક્વિટી શેર જ આપે અન્ય નહિ, એ શરતને બદલે તે પોતાના શેર ઉપરાંત ડિબેન્ચર અથવા રોકડ સ્વરૂપે પણ ખરીદ કિંમતનો અવેજ ચુકવણી માટે આપી શકે છે.

(4) ખરીદનાર કંપનીએ વેચનાર કંપનીનો ધંધો લેનાર કંપની તરીકે સંયોજિત કરીને ચાલુ રાખવો એવો ઇરાદો પણ આ પ્રકારના સંયોજનમાં જરૂરી નથી.

સંયોજનના સ્વરૂપ સંબંધી શરતો સંતોષાતી ન હોય કે કોઈ સૂચના ન હોય તો ખરીદી સ્વરૂપનું સંયોજન ગણવું.

### 11.5.5 ધંધાની ખરીદ કિંમત : ભારતીય હિસાબી ધોરણ નં. 14 ની સૂચના મુજબ નીચેની પદ્ધતિએ નક્કી કરવામાં આવે છે. :

**(1) ચોખ્ખી મિલકત પદ્ધતિ (Net Asset Method) :**

ધંધો વેચનાર કંપનીની જુદી જુદી મિલકતો તથા દેવાં અમુક કિંમતે લેવાનું ખરીદનાર કંપની અહીં નક્કી કરે છે તેથી અહીં ખરીદ કિંમત - નક્કી કરેલ કિંમતે લીધેલ મિલકતો - સંભાળેલ કે લીધેલાં દેવાંની રકમ -ખરીદ કિંમત માટેની ચોખ્ખી મિલકતો. આમ અહીં ચોખ્ખી મિલકતો એટલે જ ખરીદ કિંમત એવો અર્થ થશે. સામાન્ય રીતે આ સંજોગોમાં પાઘડી તરીકે અમુક રકમ ચૂકવાશે એવું જણાવવામાં આવતું હોય છે.

**(2) અવેજ પદ્ધતિ (Payment Method or Consideration Method) :**

જ્યારે ધંધો ખરીદનાર કંપની ધંધો વેચનાર કંપનીની મિલકતો અને જવાબદારીની ચુકવણી પેટે કુલ કેટલી રકમ ચૂકવશે એ નક્કી કરીને ખરીદ કિંમત પેટે અમુક શેર અથવા રોકડ આપવાનું નક્કી કરે ત્યારે સરવાળારૂપે બન્નેની જે ચોખ્ખી કિમત (રકમ) નક્કી થાય તેને અવેજ કહે છે. તેથી અહીં અવેજ પદ્ધતિનો ખરીદ કિંમત નક્કી કરવા માટે ઉપયોગ થયો ગણાશે. અવેજ પદ્ધતિ મુજબ ખરીદકિંમત નક્કી કરતી વખતે ખરીદનાર કંપની કોઈ પણ હેતુ માટે વેચનાર કંપનીના શેરહોલ્ડર્સને કોઈપણ અવેજ આપે તો તેનો સમાવેશ ખરીદકિંમતમાં થાય છે. પરંતુ જૂની કંપનીનાં ડિબેન્ચર પેટે ખરીદનાર કંપની, પોતાના નવા ડિબેન્ચર આપે તો તેનો સમાવેશ ખરીદકિંમતમાં થશે નહિ. તેમ છતાં આ નવા (નવા ન હોય તો જૂના) ડિબેન્ચર, ચોખ્ખી મિલકત શોધતી વખતે મિલકતોમાંથી દેવાં તરીકે બાદ થશે. જૂની કું. ના શેરહોલ્ડર્સને ખરીદનાર કંપની ગમે તે રીતે શેર + રોકડ આપે તેનો સમાવેશ ખરીદ કિંમતમાં થશે. પરંતુ વિસર્જન ખર્ચમાં ખરીદનાર કંપની અમુક રકમ રોકડમાં તેનો સમાવેશ ખરીદ કિંમતમાં થશે. પરંતુ વિસર્જન ખરીદ પદ્ધતિ એ વિસર્જન ખર્ચ જેટલી રકમ પાઘડી ગણાશે એ પાઘડી ખાતે ઉ., બેંક ખાતે જમા થશે. હિતોના જોડાણ મુજબ વિસર્જન ખર્ચ, સામાન્ય અનામત, નફાનુકસાન ખાતે ઉ. રોકડ / બેંક ખાતે જમા થાય. એ જ રીતે અવેજ સ્વરૂપમાં શેર હોય ત્યારે બને ત્યાં સુધી જે શેર પટેની ભરપાઈ કિંમત જ ધ્યાનમાં લેવાય. પરંતુ ભરપાઈ શેરની વિગત અપૂર્ણ હોય છતાં નવી કંપની પૂર્ણ ભરપાઈ શેર આપે તો પણ (ખાસ ગણતરી સ્પષ્ટ કરવી) અવેજ ભરપાઈ આધારે જ ગણવો. પરંતુ ભરપાઈ શેરની વિગત ન આપેલ હોય અને નવી શેરદીઠ કિંમત આપેલ હોય તો શેર સંખ્યા × બજાર શેરદીઠ દાર્શનિક કિંમત મુજબ નવી કિંમત મુજબ નવી કિંમત ગણવી. પરતુ ખરીદી સ્વરૂપનું સંયોજન હોય અને બજાર કિંમત પણ ઉપલબ્ધ હોય અને તે અંગે સૂચના હોય તો શેર સંખ્યા × બજાર કિંમત

કરવામાં આવશે. અપૂર્ણાંક શેર માટે અપૂર્ણાંક શેરની બજાર કિંમત લેવી અને તે મુજબ ખરીદ કિંમત રોકડેથી ચૂકવાય છે તેમ ધારવું.

જો દાખલામાં ખરીદકિંમતનો આંકડો ન આપ્યો હોય તો 'ચોખ્ખી મિલકત' એ જ ખરીદકિંમત છે.

ચોખ્ખી મિલકત = નક્કી કિંમતે લીધેલ મિલકતો - સંભાળેલ દેવાં. તેથી ખરીદ કિંમત = ચોખ્ખી મિલકતની રકમ હોય છે.

**(3) આપેલ કુલ રકમની પદ્ધતિ (Total Amount Given Method)**

જ્યારે પ્રશ્નમાં ખરીદ કિંમતની રકમ નક્કી કરી આપી હોય ત્યારે આ પદ્ધતિનો ઉપયોગ થયો ગણાય.

જો નવી કંપની જૂની કંપનીને શેર કે રોકડના સ્વરૂપમાં તેના શેરહોલ્ડર્સને ચુકવણી કરતી હોય તો તેનો સરવાળો તે ખરીદકિંમત ગણાય. આ ખરીદકિંમત નવી કંપનીની દષ્ટિએ ચોખ્ખી મિલકત કરતાં વધુ હોય તો તફાવત એ પાઘડી ગણાય. ઓછી હોય તો તફાવત એ મૂડી અનામત ગણાય. (સંયોજનના ખરીદ સ્વરૂપ વખતે)

ખરીદ કિંમત - ચોખ્ખી મિલકત -- પાઘડી

અને ચોખ્ખી મિલકત - ખરીદ કિંમત - મૂડી અનામત

વિલીનીકરણ સ્વરૂપ વખતે પાઘડી કે મૂડી અનામત નક્કી કરવાને બદલે "અનામત ખાતે" રકમ લઈ જવાય છે.

ખરીદ સ્વરૂપનાં સંયોજન અંગે,

દાખલામાં ખરીદ કિંમત આપી હોય કે ન આપી હોય, ચોખ્ખી મિલકત તો ગણવી જ પડે, કારણ કે તેને આધારે જ પાઘડી કે મૂડી અનામત નક્કી થઈ શકે; ખરીદ કિંમત આપી ન હોય તો ચોખ્ખી મિલકત એ જ ખરીદકિંમત ગણાય માટે પણ તેની ગણતરી તો કરવી જ પડે.

### 11.5.6 ચોખ્ખી મિલકતો : ધંધો ફેરબદલ કરનાર (વેચનાર) કંપની ચોખ્ખી મિલકતની ગણતરી કરતી વખતે નીચેના મુદ્દા ધ્યાનમાં રાખો :

(1) અવાસ્તવિક મિલકતો ગણતરીમાં ન લેવાય. દા.ત., શેર, વટાવ, ડિબેન્ચર વટાવ, બાંયધરી કમિશન, પ્રાથમિક ખર્ચ, ન.નું. ખાતાની ઉધાર બાકી, જાહેરાત ઉપલક ખાતું, ઉપલક ખાતું, અન્ય પ્રસારિત ખર્ચા વગેરે.

(2) વાસ્તવિક મિલકતોની પણ નવી કંપનીએ કબૂલેલી કિંમતો જે ધ્યાનમાં લેવાય. વળી, જે મિલકતો નવી કંપનીએ લીધી હોય તે જ ધ્યાનમાં લેવાય. રોકડ અને બેંક સિલક ન લીધી હોય તો ગણતરીમાં ન આપે.

(3) કોઈપણ મિલકતની સાથે જ વિશિષ્ટ અનામત કે ફંડ હોય અને કહ્યું હોય કે મિલકત ચોપડા કિંમતે લીધી છે તો મિલકત અને અનામત બંને સાથે જ લીધેલાં ગણાય. દા.ત., દેવાદાર ₹ 25,000 અને ઘાલખાધ અનામત ₹ 2,000 તો મિલકતોમાં દેવાદારની ચોખ્ખી કિંમત ₹ 23,000 જ ગણાય. રોકાણ સામે રોકાણ વધઘટ અનામત હોય તો તે બાદ થાય.

**દેવા અંગે:**

(1) શેરહોલ્ડર્સની માલિકીની રકમોનો દેવામાં સમાવેશ ન થાય. દા.ત., શેરમૂડી અનામતો, પ્રેફન્સ કે ડિબેંચર પરતનિધિ, નફાનુકસાન ફાળવણી ખાતાની જમા બાકી વગેરે.

(2) બીજાં દેવામાંથી પણ ખરીદનાર કંપની જેટલાં દેવાં જે કિંમતે લેતી હોય તેની જ ગણતરી થાય. જો ખરીદનાર કું. માત્ર મિલકતો જ લેતી હોય અને દેવું ન લેતી હોય તો ફક્ત મિલકતોનો સરવાળો જ ધ્યાને લેવાશે.

(3) ત્રાહિત પક્ષને ચૂકવવાના ભંડોળ કે ફંડ દેવાં જ ગણાય. દા.ત., કારીગર નફાભાગે ભંડોળ, કારીગર બચત બેંક ખાતું, કારીગર - અકસ્માત વળતર ફંડ વગેરે. આ ભંડોળમાંથી ચૂકવવાપાત્ર ન હોય તેવી રકમો નફો જ ગણાય. ચૂકવવા પાત્ર રકમો જ દેવું ગણાય. આ અંગે દાખલાની સૂચના ધ્યાનમાં રાખવી.

(4) મિલકત સાથેની વિશિષ્ટ અનામત દેવાંની ગણતરીમાં ઉમેરાય અને મિલકતમાંથી ઉપરના મિલકતના મુદ્દા નં.3 મુજબ બાદ થાય, જે મિલકતમાંથી સીધી બાદ ન કરી હોય તો દેવામાં ગણવી. દેવાંનો સરવાળો મિલકતના સરવાળામાંથી બાદ થવાનો જ છે.

(5) જો મિલકતની ચોપડા કિંમત કરતાં નવી કંપનીએ કબૂલ કરેલી કિંમત વધુ હોય તો મિલકત સાથેનું અનામત ધ્યાનમાં ન લેવાય.

## 11.5.7 હિસાબી ધોરણ - 14 મુજબ ડિબેન્ચર્સ અંગે સ્પષ્ટતા :

હિસાબી ધોરણ - 14 મુજબ ખરીદનાર નવી કંપની સંયોજિત થતી જૂની કંપનીઓમાં ડિબેન્ચરના દેવાંની રકમ અંગે નીચે મુજબની વિગત - શરત મુજબ હિસાબી વ્યવસ્થા કરે છે.

**(1) જો નવી ખરીદનાર કંપની જૂની કંપનીનાં ડિબેન્ચરનાં દેવાં લઈ લે તો :**

આ સંજોગોમાં જૂના ડિબેન્ચર નવા સ્વરૂપે નવી ખરીદનાર કંપનીના ચોપડે દર્શાવવામાં આવશે અને જૂની કંપનીએ તે ડિબેન્ચર હવે ચૂકવવાના નહિ રહે. આથી સંયોજન મુજબ ચોખ્ખી મિલકતો શોધતી વખતે ડિબેન્ચરની રકમ દેવાં તરીકે મિલકતોમાંથી બાદ થશે. જૂની કંપની પોતાના ડિબેન્ચર ખાતે ઉધારીને માલ - મિલકત નિકાલ ખાતે જમા લઈને ડિબેન્ચર ખાતું બંધ કરી દેશે. નવી કંપની આ ડિબેન્ચર્સ પા.સ. માં દેવાં તરીકે દર્શાવાશે.

**(2) જો નવી ખરીદનાર કંપની જૂની કંપનીના ડિબેન્ચરની સામે બદલા રૂપે અવેજ આપે તો:**

હિસાબી ધોરણ - 14 મુજબ આ સંજોગોમાં એવું અર્થઘટન સ્પષ્ટ કરવામાં આવેલ છે, નવી ખરીદનાર કંપની, જૂની કંપનીના ડિબેન્ચરનું દેવું લઈ લેતી નથી, પરંતુ જૂના ડિબેન્ચર, ખરીદનાર કંપની લઈ લે છે અને તેની સામે (બદલા રૂપે) નવા ડિબેન્ચર આપે છે એમ માનવાનું રહે છે. તેથી જો જૂની કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સને રોકડરૂપે, નવા ડિબેન્ચરરૂપે કે શેર ક અવેજ આપવામાં આવતો હોય તે સંજોગોમાં ખરીદ કિંમત નક્કી કરતી વખતે કોઈ પણ ડિબેન્ચરનો સમાવેશ, ખરીદ કિંમતમાં ન જ કરવો, પરંતુ ચોખ્ખી મિલકતોની ગણતરી વખતે નવા ડિબેન્ચર દેવાં તરીકે બીજા અન્ય દેવાં સાથે જ બાદ કરવામાં આવશે.

આ રીતે ધંધો વેચનાર (સંયોજિત થતી) જૂની કંપની પોતાના ચોપડા બંધ કરતી વખતે, જૂના ડિબેન્ચરનાં બદલામાં જે અવેજ મળતો હોય તેને ધ્યાને લીધા વગર, ડિબેન્ચર ખાતું ઉધારી માલમિલક્ત નિકાલ ખાતું જમા કરી, ડિબેન્ચર ખાતું બંધ કરી દેશે.

અહીં જૂના ડિબેન્ચર ઉપરાંત, તેનું ચઢત વ્યાજ, વ્યાજનો દર વગેરે મુજબ, નવી કંપની નવા ડિબેન્ચર કેવી રીતે આપે છે તે મુદ્દો ખાસ ધ્યાને લઈને ગણતરી થતી હોય છે.

**(3) જૂની કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સને નુક્સાન અંગે :**

જૂની કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સને, નવો ધંધો ખરીદનાર કંપની તરફથી મૂળ રકમ કરતાં ઓછી (વટાવ) રકમ મળે ત્યારે ડિબેન્ચરનો હિસાબ વટાવથી થયેલ છે તેમ માનીને ચોખ્ખી - મિલકતોની ગણતરી વખતે ડિબેન્ચરની નવી કિંમત બાદ કરવી. વટાવ મા.મિ.નિ. ખાતે જમા થશે અને ડિબેન્ચર હોલ્ડર્સ ખાતે ઉધારશે.

**(4) ધંધો ખરીદનાર કંપની જૂની કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સને પ્રીમિયમથી ફાયદા આપે તે અંગે :**

જ્યારે ધંધો ખરીદનાર કંપની, જૂની કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સને તેની દાર્શનિક કિંમતથી વધુ રકમ ચૂકવવાનું નક્કી કરે ત્યારે ડિબેન્ચરની રકમ પ્રીમિયમ સહિત નક્કી કરવાની હોય છે. નવી કંપની ડિબેન્ચર પ્રીમિયમ સહિત ડિબેન્ચરની નોંધ પોતાના હિસાબોમાં દર્શાવશે. પ્રીમિયમ મા.મિ.નિ. ખાતે ઉધારી, ડિબેન્ચર્સ હોલ્ડર્સ ખાતે જમા થશે.

(5) ડિબેન્ચર સંબંધી અગત્યના ગણતરીના હિસાબી મુદ્દાની ચર્ચા ઉદાહરણોમાં દર્શાવે છે. તે મુજબ ગણતરી સમજવી.

### 11.5.8 વેચનાર કંપનીની પ્રેફરન્સ શેરમૂડી અંગે સમજૂતી :

પ્રેફરન્સ શેરમૂડી, શેરહોલ્ડર્સનું ખાતું અને નફા-નુકસાન અંગે સમજૂતી નીચે મુજબ છે :

જ્યારે ધંધો વેચનાર કંપનીમાં પ્રેફરન્સ શેરમૂડીનો પણ ઉલ્લેખ હોય ત્યારે તેની ચોપડામાં દર્શાવેલી વિગત ઉપરથી પ્રેફરન્સ શેરનો ડિવિડન્ડ દર, સંખ્યા દાર્શનિક કિંમત વગેરે સામે નવી કંપની કેવી રીતે પ્રેફરન્સ શેરમૂડી રાખવાની શરત રાખે છે તેની વિગત ધ્યાને લઈ પ્રેફરન્સ શેરહોલ્ડર્સનું ખાતું તૈયાર કરવું અને પ્રેફરન્સ શેરમૂડી ખાતે જમા દર્શાવાશે.

જ્યારે વેચનાર કંપનીના પ્રેફરન્સ શેરહોલ્ડર્સને તેમની પ્રેફરન્સ શેરમૂડી દાર્શનિક કિંમત કરતાં ઓછી રકમ (સંયોજનની શરત તરીકે) મળશે તેવી વિગત હોય ત્યારે ઓછી રકમ (સંયોજનની શરત તરીકે) મળશે તેવી વિગત હોય ત્યારે ઓછી રકમને લીધે થતું નુકસાન પ્રેફરન્સ શેરહોલ્ડર્સ માટે ખોટ ગણાશે. તેથી પ્રેફરન્સ શેરહોલ્ડર્સના ખાતે ઉધારીને, માલમિલકત નિકાલ ખાતે જમા કરવામાં આવશે.

પરંતુ જ્યારે નવી કંપની વડે નક્કી થતી ખરીદ કિંમત મુજબ પ્રેફરન્સ શેરહોલ્ડર્સને અમુક દરે પ્રીમિયમથી રકમ નક્કી કરીને ચુકવવામાં આવશે તેવી વિગત દશવિલ હોય ત્યારે પ્રીમિયમ મુજબ શેરમૂડી ઉપરની વધારાની રકમ નફો ગણીને વેચનાર કંપની માલમિલકત નિકાલ ખાતે ઉધારવામાં આવે છે અને પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે જમા કરવામાં આવે છે. જ્યારે પ્રેફરન્સ શેરની દાર્શનિક કિંમત જેટલી રકમ ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે લઈ જવામાં આવશે.

## 11.5.9 ભારતીય હિસાબી ધોરણ - 14 મુજબ હિસાબીનોંધ અંગે માર્ગદર્શન :

નીચે દર્શાવેલા (A) અને (B) મુદ્દા મુજબ વિસ્તૃત ચર્ચા - સમજૂતી આપેલ છે.

**(A) ધંધો વેચનાર કંપનીના ચોપડામાં હિસાબી નોંધ :**

ભારતીય હિસાબી ધોરણ નં. 14 અને 2013ના નવા કંપની કાયદા અંતર્ગત હિસાબી ધોરણો સુધારા રૂલ્સ, 2016 પ્રમાણે સંયોજનની સ્થિતિ મુજબ ધંધો વેચનાર કંપનીના ચોપડામાં હિસાબી ધોરણ - 14 મુજબ નવી રીતે વિશેષ કોઈ ફેરફાર આમનોંધ કે હિસાબી નોંધ કરવા સંબંધી નથી, પરંતુ અમુક ખાસ મુદ્દા સહિત હિસાબી નોંધ કરવાની વિગતવાર ચર્ચા હવે પછી આગળ ઉપર કરેલ છે. પંરતુ ધંધો ખરીદનાર (નવી) કંપની માટે ખરીદ કિંમત અંગે અભિગમ બદલાય છે તેથી પ્રથમ તે સંબંધી ચર્ચા અને સ્પષ્ટતા નીચે મુજબની વિગતે કરેલ છે.

અહી નોંધપાત્ર બાબત એ છે કે, ભારતીય હિસાબી ધોરણ નં.-14 મુજબ ધંધો ખરીદનાર કંપનીના હિસાબો અંગે લાગુ થાય છે. વેચનાર કંપની માટે તો જૂની પદ્ધતિ પ્રમાણે જ હિસાબી ચોપડા બંધ કરવામાં આવે છે.

ધંધો વેચનાર કંપનીના ચોપડે નીચે મુજબ ક્રમશઃ સમજૂતી છે :

**બંધ થતી કંપનીના ચોપડે આમનોંધ :**

(ધંધો ફેરબદલ આપનાર/ધંધો વેચનાર કંપની ગણાય છે.)

સંયોજનમાં મરજિયાત રીતે ફડચામાં જતી કંપનીના ચોપડા બંધ કરવા માટે માલમિલક્ત નિકાલ ખાતું શેરહોલ્ડર્સનું ખાતું, ધંધો ખરીદનાર કાં.નું ખાતું, ખરીદનાર કંપનીના શેરનું ખાતું, તેમ જ રોકડ /બૅંક ખાતું ખોલવામાં આવે છે. તે અંગેની આમનોંધ નીચે પ્રમાણે થાય છેઃ

(1) માલ-મિલકતોનાં ખાતાં બંધ કરવાની આમનોંધ :

ખરીદી અંગેના કરાર મુજબ દશ્ય અને વાસ્તવિક મિલકતો નવી કંપનીને સોંપવાની હોય કે ન હોય તે મિલકતોનાં ખાતાં બંધ કરવા માટે મિલકતોની ચોપડા કિંમત માલમિલકત નિકાલ ખાતે ઉધારાય છે અને જે તે મિલકતો ખાતે જમા કરાય છે.

આમનોંધ : માલમિલકત નિકાલ ખાતે ઉ....

તે જે તે મિલકતો ખાતે ....

(2) દેવાં - જવાબદારીઓનાં ખાતાં બંધ કરવાની આમનોંધ :

સંયોજનના ખરીદ અંગેના જે દેવાં અને જવાબદારી નવી કંપની સંભાળી લેતી હોય કે ન લેતી હોય તે ચોપડે દશ વિલ કિંમતે જે તે દેવાં અને જવાબદારી ખાતે ઉધાર થાય છે અને માલમિલકત નિકાલ ખાતે જમા થાય છે. જો દેવાં કે જવાબદારી અંગે દાખલામાં કાંઈ ઉલ્લેખ ન હોય તો નવી કંપની ચોપડા કિંમતે સંભાળી લે છે તેમ ધારવું.

આમનોંધ : જે તે દેવાં કે જવાબદારી ખાતે ઉ..

તે માલિક નિકાલ ખાતે....

મહત્ત્વની નોંધ : દેવાં/જવાબદારીઓનાં ખાતા ઉપરાંત વિશિષ્ટ - અનામતો જોગવાઈઓ - ઘાલખાધ અનામત, કાયમી મિલકતોનું ઘસારા ભંડોળ વગેરેના ખાતા મા.મિ.નિ. ખાતે જમા દર્શાવવા. પાઘડી, વિશિષ્ટ મિલકતોનાં ખાતાં પણ મા.મિ.નિ. ખાતે ઉધારીને બંધ કરવા. જો ધંધો ખરીદનાર "સમગ્ર ધંધો" કે રોકડ/બેંક સહિત ધંધો ખરીદી લેતી હોય તો રોકડ/બૅંક સિલક પણ મા.મિ.નિ. ખાતે ઉધારવામાં આવશે. નફા સંબંધી અનામતો કે નફાની બાકીઓ તેમ જ માલિકીનાં ભંડોળ જેવી રકમો મા.મિ.નિ. ખાતે લઈ જવામાં આવતી નથી. અકસ્માત વળતર ભંડોળ પૈકી જવાબદારી હોય તે મા.મિ.નિ. ખાતે જમા બાજુ લઈ જવી.

(3) ખરીદકિંમત અંગેની આમનોંધ :

મિલકતો અને દેવાં નોંધ (1) અને (2) મુજબ માલમિલકત નિકાલ ખાતે નોંધાય છે. આથી તેના બદલામાં મળતી ખરીદકિંમત પણ સૌપ્રથમ માલમિલકત નિકાલ ખાતે જ નોંધવી જોઈએ.

આમનોંધ : ખરીદનાર નવી કંપની ખાતે ઉ....

તે માલમિલકત નિકાલ ખાતે....

(4) નવી કંપની ન સંભાળે તે મિલકતો અંગે આમનોંધ :

નવી કંપની સ્વીકારતી કે સંભાળતી ન હોય તેવી મિલકતોની નોંધ કરવાની (અ) અને (બ) બે વૈકલ્પિક રીતો છે :

**(અ) મિલકતોનો નિકાલ માલ-મિલકત નિકાલ ખાતા મારફત જ કરવો :**

આ રીતમાં નોંધ (1) મુજબ સૌ પ્રથમ મિલકતો માલમિલકત નિકાલ ખાતે ઉધારી જે તે મિલકત ખાતે જમા કરવામાં આવે છે. મિલકત વેચતાં ઊપજતી રકમ રોકડ / બેંક ખાતે ઉધારી માલમિલકત નિકાલ ખાતે જમા કરાય છે. પરોક્ષ રીતે નફો કે નુક્સાન માલમિલકત નિકાલ ખાતે નોંધાઈ જ જાય છે.

આમનોંધ : (1) માલ-મિલકત નિકાલ ખાતે ઉ....

તે મિલકત ખાતે..... ચ ો પ ડ ા

કિંમત

(2) રોકડ કે બેંક ખાતે ઉ....

તે માલ-મિલક્ત નિકાલ ખાતે.... ઊપજ કિંમત

**(બ) મિલકતોની બારોબાર વ્યવસ્થા :**

મિલકતો બારોબાર વેચી નાખવામાં આવે છે. મળતી રકમ રોકડ કે બેંક ખાતે ઉધારાય છે અને મિલકત ખાતે જમા લેવાય છે. જો મિલકત વેચાણમાં નુકસાન ગયું હોય તો તે માલમિલકત નિકાલ ખાતે ઉધારી જે તે મિલકત ખાતે જમા કરાય છે. જો મિલકત વેચાણમાં નફો થયો હોય તો તે માલમિલકત ખાતે ઉધારી માલમિલકત નિકાલ ખાતે જમા કરાય છે.

આમનોંધ : (1) બેંક ખાતે ઉ.... (ઉપજ કિંમત)

તે મિલકત ખાતે....

(2) માલ-મિલકત નિકાલ ખાતે ઉ....

તે મિલકત ખાતે.... (નુકસાન)

(3) મિલકત ખાતે ઉ....

તે માલમિલકત નિકાલ ખાતે.... (નફો)

**(5) નવી કંપની ન સંભાળે તે દેવાં અંગે આમનોંધ :**

નવી કંપની સ્વીકારતી કે સંભાળતી ન હોય તેવી જવાબદારીઓ કે દેવાંની નોંધ કરવાની પણ (અ) અને (બ) બે વૈકલ્પિક રીતો છે.

**(અ) દેવાંની વ્યવસ્થા માલ-મિલકત નિકાલ ખાતા મારફત જ કરવી :**

આ રીતમાં નોંધ નં. (2) મુજબ ચોપડે દર્શાવેલ કિંમતે દેવા ખાતું ઉધારાય છે અને માલ-મિલકત નિકાલ ખાતું જમા કરવામાં આવે છે. ચુકવણી કરવામાં આવે તે રકમ માલ-મિલકત ખાતે ઉધારાય છે અને રોકડ / બેંક ખાતે જમા કરાય છે.

આમનોંધ : (1) દેવાં ખાતે ઉ....

તે માલ-મિલકત નિકાલ ખાતે.... (ચોપડા કિંમત)

(2) માલ-મિલકત નિકાલ ખાતે ઉ.... (ચૂકવાતી રકમઃ)

તે રોકડ / બેંક ખાતે....

આ રીતમાં દેવાંની ચુકવણીમાં થતો ફાયદો કે ખોટ પરોક્ષ રીતે માલમિલકત ખાતે નોંધાઈ જ જાય છે. જો આકસ્મિક કે સંભવિત દેવું ચૂકવવાનું થાય તો પણ ઉપર મુજબ જ આમનોંધ કરવી.

**(બ) દેવાંની બારોબાર વ્યવસ્થા :** દેવાં બારોબાર ચૂકવી દેવામાં આવે છે. જે તે દેવાં ખાતે ઉધાર અને રોકડ કે બેંક ખાતે જમા થાય છે. જો દેવાંની ચુકવણીમાં લાભ થતો હોય તો જે તે દેવાં ખાતે ઉધારી માલ-મિલકત નિકાલ ખાતે જમા કરાય છે. જો દેવાંની ચોપડા કિંમત કરતાં વધુ ચુકવણી થતી હોય તો તે નુક્સાન માલ-મિલકત નિકાલ ખાતે ઉધારી જે તે દેવાં ખાતે જમા કરાય છે.

આમનોંધઃ (1) દેવાં ખાતે ઉ..... (ચુકવાતી રકમ)

તે રોકડ-બેંક ખાતે ....(રકમ)

(2) દેવાં ખાતે ઉ..... (લાભ

તે માલ-મિલકત નિકાલ ખાતે.... . (ચોપડા કિંમત કરતાં ઓછી ચૂકવવાની રકમ)

(3) માલ-મિલકત નિકાલ ખાતે ઉ..... (ચો. કિંમત કરતાં વધુ)

તે દેવાં પાતે.... (ચુકવણી નુકસાન)

નં. (4) અને (5) માં વૈકલ્પિક રીતે બન્નેમાં (અ) મિલકતો નિકાલ અને દેવાંની વ્યવસ્થા મા.મિ. ખાતા મારફત કરવાની રીત વધુ પ્રચલિત છે.

**(6) વિસર્જન ખર્ચની નોંધ :**

બંધ થતી કંપનીનું વિસર્જન ખર્ચ કોણ ભોગવે છે અને કોણ ચૂકવે છે તેના આધારે નીચે દર્શાવેલ ચારમાંથી કોઈ એક રીતે નોંધ થાય છે :

| પરિસ્થિતિ | આમનોંધ |
|---|---|
| (1) ફડચામાં જતી કંપની ભોગવે અને ચૂકવે તો | માલમિલકત નિકાલ ખાતે.....<br>તે રોકડ / બેંક ખાતે.... |
| (2) ફડચામાં જતી કંપની ચુકવણી કરે, પરંતુ ભોગવવાનું ખરીદનાર કંપનીએ હોય તો : પ્રથમ નોંધ જૂની કંપની આ ખર્ચ ચૂકવે તેની કરવી અને બીજી નોંધ તે નવી કંપની પાસેથી વસૂલ કરે તેની કરવી. | (i) ખરીદનાર કંપની ખાતે ઉ....<br>તે રોકડ / બેંક ખાતે....<br>(ii) રોકડ / બેંક ખાતે ઉ....<br>તે ખરીદનાર કં. ખાતે..... |
| (3) ખરીદનાર કંપનીએ જ ચૂકવવાનું અને ભોગવવાનું હોય તો : | વિસર્જન ખર્ચની ખરીદનાર કંપનીના ચોપડે નોંધ ન થાય. |

**(7) ખરીદનાર કંપની વિસર્જિત કંપનીના લિક્વિડેટરને ખ.કિં. ની ચુકવણી કરે ત્યારે :**

આમનોંધ : કંપનીના ઇક્વિટી શેર ખાતે ઉ....

ખરીદનાર કંપનીના પ્રેફરન્સ શેર ખાતે ઉ....

ખરીદનાર કંપનીના રોકડ / બેંક ખાતે ઉ....

તે ખરીદનાર કંપની ખાતે...

**(8) માલિકીના ભંડોળ અને અનામતોનાં ખાતાં બંધ કરવાની આમનોધ :**

મિલકતો અને દેવાં માલ-મિલકત નિકાલ ખાતે લઈ જવાય છે, પરંતુ માલિકીની રકમો તો શેરહોલ્ડર્સના ખાતે જ જમા કરવી પડે.

આમનોંધ : ઇક્વિટી શેરમૂડી ખાતે ઉ....

જામીનગીરી પ્રીમિયમ ખાતે ઉ....

મૂડી અનામત ખાતે ઉ.....

સામાન્ય અનામત ભંડોળ ખાતે ઉ....

નફાનુકસાન ખાતે ઉ..

કારીગર અકસ્માત ભંડોળ ખાતે ઉ....

તે ઈક્વિટી શેરહોલ્ડર્સને ખાતે.....

**(9) પ્રેફરન્સ શેરમૂડી ખાતું બંધ કરતાં :**

આમનોંધ : પ્રેફરન્સ શેરમૂડી ખાતે ઉ....

તે પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે....

**(10) અદશ્ય અને અવાસ્તવિક મિલકતો તથા નફાનુકસાન (ઉ.બાકી) નાં ખાતાનાં બંધ કરવાની આમનોંધ :**

આવી મિલકતોની કોઈ ઊપજ કિંમત હોતી નથી. તે નુકસાન જ છે. શેરહોલ્ડર્સ ખાતે ઉધારાય છે અને જે તે મિલકત ખાતે જમા કરાય છે.

આમનોંધ : ઓર્ડિનરી શેરહોલ્ડર્સને ખાતે ઉ....

તે શેર વટાવ ખાતે....

તે જાહેરાત ઉપલક ખાતે....

તે પ્રાથમિક ખર્ચ ખાતે....

તે બાંયધરી કમિશન દલાલી ખાતે....

તે નફા-નુકસાન (ઉ.) બાકી ખાતે....

**(11) માલ-મિલકત નિકાલ ખાતું બંધ કરવાને લગતી આમનોંધ :**

ઉપર દર્શાવેલ નોંધો થયા બાદ માલ-મિલકત નિકાલ ખાતું નફો કે નુક્સાન દર્શાવશે જે ઓર્ડિનરી શેરહોલ્ડર્સના ખાતે લઈ જવાશે.

આમનોંધઃ (1) માલ-મિલકત નિકાલ ખાતે ઉ....

તે શેરહોલ્ડર્સ ખાતે.... નફો

(2) શેરહોલ્ડર્સ ખાતે ઉ....

તે માલ-મિલકત નિકાલ ખાતે.... નુકસાન

**(2) શેરહોલ્ડર્સ ખાતું બંધ કરવાની આમનોંધ :**

અંતે, શેરહોલ્ડર્સને નવી કંપની તરફથી રોકડ, શેર મળ્યા હોય તે પ્રમાણસર ચૂકવી આપવામાં આવે છે. આથી તેમનું ખાતું બંધ થાય છે.

આમનોંધ : શેરહોલ્ડર્સ ખાતે ઉ....

તે નવી કંપનીના ઈક્વિટી શેર ખાતે....

તે નવી કંપનીના પ્રેફરન્સ શેર ખાતે....

તે રોકડ / બેંક ખાતે

**ખાતાંના નમૂના :**

ધંધો વેચનાર કંપની નીચેના ખાતાંઓ તેયાર કરે છે.

### (1) માલમિલકત નિકાલ ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| (1) અદશ્ય-દશ્ય અને વાસ્તવિક મિલકતો ખાતે | ..... | (1) બધાં જ દેવાં અને જવાબદારી ખાતે (ડિબેન્ચર સહિત) | ..... |
| (2) લેણદારવટાવ ખાતે | ..... | (2) ઘાલખાધ અનામત ખાતે | ..... |
| (3) રોકડ/બેંક ખાતે દેવું અને જવાબદારીની ચુકવણી. | ..... | (3) રોકાણ અનામત ખાતે | ..... |
| (4) રોકડ/બેંક ખાતે વિસર્જન ખાતે | ..... | (4) ખરીદનાર કંપની ખાતે (ખરીદ કિંમત) | ..... |
| (5) ખરીદનાર કંપની ખાતે ખર્ચ. | ..... | (5) રોકડ/ બેંક ખાતે વેચેલ મિલકતોની ઊપજ | ..... |
| (6) નવી કંપનીના શેર ખાતે વેચતાં થતું નુકસાન | ..... | (6) નવી કંપનીના શેર ખાતે-વેચતા થતો નફો | ..... |
| (7) શેરહોલ્ડર્સ ખાતે નફો હોય તો | ..... | (7) શેરહોલ્ડર્સ ખાતે-ખોટ હોય તો તે | ..... |

વ્યવહારમાં દાખલામાં મિલકતોનાં નામ આપ્યાં હોય તો તે લખવામાં આવે છે. સામાન્ય રીતે માલમિલકત નિકાલ ખાતામાં ઉપર મુજબની વિગતો આવે. જે નફો બતાવે, અથવા તો ખોટ અથવા તો સરભર સ્થિતિ - (હિ નફો નહિ નુકસાન) દર્શાવે છે.

### (2) શેરહોલ્ડર્સનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી હપતા ખાતે | ..... | ઈક્વિટી શેરમૂડી ખાતે | ..... |
| અવાસ્તવિક મિલકતો ખાતે | ..... | મૂડી અનામત ખાતે | ..... |
| માલમિલકત નિકાલ ખાતેથી | ..... | સામાન્ય અનામત ખાતે | ..... |
| જો ખોટ હોય તો તે | ..... | શેરપ્રીમિયમ ખાતે | ..... |
| નવી કંપનીના ઓર્ડિનરી શેર ખાતે | ..... | શેર જપ્તી ખાતે | ..... |
| નવી કંપનીના પ્રેફરન્સ શેર | ..... | ન.નું ફાળવણી ખાતે | ..... |
| રોકડ/બેંક ખાતે | ..... | અકસ્માત વળતર ફંડ ખાતે | ..... |
| | | માલમિલકત નિકાલ ખાતેથી નફો હોય તો | ..... |

આ સિવાય બંધ થતી કંપનીના ચોપડામાં નીચેનાં ખાતાં પણ ખોલવામાં આવે છે :

### (3) ખરીદનાર કંપનીનું ખાતું

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| માલમિલકત નિકાલ ખાતે (ખરીદ કિંમત) | ..... | ખરીદનાર કંપનીના ઈક્વિટી શેર ખાતે | ..... |
| રોકડ / બેંક ખાતે (વિસર્જન ખર્ચ વસૂલતા) | ..... | ખરીદનાર કંપનીના પ્રેફરન્સ શેર ખાતે | ..... |
| | ..... | રોકડ / બેંક ખાતે | ..... |

**(4) નવા (ખરીદનાર કંપનીના) શેરનું ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| ખરીદનાર કંપની ખાતે | ..... | શેરહોલ્ડર્સ ખાતે | ..... |
| (શેર મળ્યા) | | (શેર આપ્યા) | |
| | ..... | | ..... |

**(4) નવા (ખરીદનાર કંપનીના) શેરનું ખાતું**

ઉ. જ.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બાકી લાવ્યા (ખરીદનાર કંપનીએ ન લીધો હોય તો) | ..... | માલમિલકત નિકાલ ખાતે દેવાં ચૂકતે | ..... |
| માલમિલકત નિકાલ ખાતે | ..... | માલમિલકત નિકાલ ખાતે | ..... |
| મિલકતોની ઉપજ | ..... | વિસર્જન ખાતે | ..... |
| ખરીદનાર કંપનીના શેર | ..... | શેરહોલ્ડર્સ ખાતે ચૂકતે | ..... |
| ખાતે ઉપજ | ..... | | |
| ખરીદનાર કંપની ખાતે (મળેલી રોકડ) | ..... | | |

**(B) ધંધો ખરીદનાર કંપનીના ચોપડે સંયોજન સ્વરૂપ મુજબ હિસાબી નોંધ :**

હિસાબી ધોરણ - 14 મુજબ સ્પષ્ટતા કરવામાં આવે છે કે ધંધાની ફેરબદલી લેનાર કંપનીએ સંયોજનની બે પદ્ધતિ જેની ચર્ચા આપણે આગળ કરેલ છે તેને આધારે જે તે પદ્ધતિ મુજબ હિસાબી નોંધ કરવામાં આવે છે. આ પદ્ધતિ નીચે મુજબ છે :

**(I) વિલીનીકરણ સ્વરૂપના સંયોજન મુજબ હિતોના જોડાણની રીતે હિસાબી નોંધ (Pooling of Interest Method - According to Amalgamation in the Nature of Merger) :**

આ પદ્ધતિમાં વેચનાર કંપનીની શેરમૂડી, અનામતો, નફા-નુકસાન ખાતાની બાકી જવાબદારી- દેવાં, મિલકતો વિશે નીચે મુજબ હિસાબી નોંધો થાય છે.

**(1) મિલકતો, જવાબદારી અને અનામતો અંગે ફેરબદલી (વેચનાર) કરનાર કંપનીની જે ચોપડે કિંમત હોય તે જ કિંમતે નવી કંપનીના ચોપડે દર્શાવાય છે.**

જો આ અંગે બંને કંપનીની હિસાબી નીતિમાં ફેરકાર હોય તો સંયોજન વખતે સમાન હિસાબી પદ્ધતિ અપનાવવામાં આવે છે અને તે ફેરફારનો નફા-નુકસાન પર થતી અસર મુજબ હિસાબી પત્રકોમાં વિગતો જણાવવામાં આવે છે. આવી બન્ને કંપનીની હિસાબી નીતિમાં ઘસારા અંગે, સ્ટોક મૂલ્યાંકનની પદ્ધતિ સંબંધી, ઘાલખાધની જોગવાઈ સંબંધી વગેરેનો સમાવેશ થાય છે.

**(2) ચોપડે રહેલ વિવિધ અનામતો અંગે:**

ધંધો વેચનાર કંપનીની અનામતો અંગેની રકમ ચોપડે કિંમતે જ ધંધો ખરીદનાર કંપની

પોતાના ચોપડામાં સમાવશે. એટલે કે એ જ કિંમતે પોતાના નાણાકીય પત્રકમાં દર્શાવશે. સામાન્ય અનામત, મૂડી અનામત મિલકતોનું પુનઃ મૂલ્યાંકનથી ઊભું થયેલું અનામત વગેરે જે રીતે રકમથી ધંધો ખરીદનાર કંપનીના ચોપડે દર્શાવાશે. આ પ્રકારના અનામતોની રકમનો "ડિવિડન્ડ વહેંચણી સંબંધી ખાસ ઉપયોગનો લાભ" સંયોજન બાદ પણ નવી કંપની કે જે ધંધો ખરીદનાર છે તેને પણ મળવાનું ચાલુ રહેશે.

**(3) પાઘડી અથવા મૂડી અનામતની દષ્ટિએ તફાવત અંગે :**

હિતોના જોડાણની પદ્ધતિ અનુસાર ચોખ્ખી મિલકતો અને ખરીદકિંમત વચ્ચેના તફાવતને મૂડી અનામત કે પાઘડી સ્વરૂપે દર્શાવવાને બદલે સામાન્ય અનામત ખાતે લઈ જવામાં આવે છે. સંયોજન મુજબ પાઘડી દર્શાવવી ન હોય તેને માંડી વાળવાનો મુદ્દો નથી. આવો "તફાવત" સામાન્ય રીતે ધંધો ખરીદનાર કંપનીએ આપેલા શેરની રકમ અને ધંધો વેચનાર કંપનીના શેરની રકમના તફાવતને વેચનાર ફાં. ના અનામત / ન.નું. ખાતાની બાકી સામે સરખાવતા બાકી રહેતી રકમનો હોય છે. વિલીનીકરણ મુજબ અહીં પાઘડી કે મૂડી અનામતની ગણતરી કે હિસાબી નોંધ કરવાની રહેતી નથી.

**(4) નફા-નુકસાન ખાતાની બાકી અંગે :**

આ રીતે થતું વિલીનીકરણ વાસ્તવમાં હિતો અથવા લાભો માટેનું જોડાણ ગણાતું હોવાથી ધંધો ફેરબદલ કરનાર કંપનીના નફા નુકસાન ખાતાની બાકી, ધંધો ફેરબદલી લેનારના ચોપડાની નફા-નુકાસન ખાતાની બાકીમાં અથવા સામાન્ય અનામત ખાતામાં નોંધીને સમાવી લેવાની રહે છે.

**(II) ખરીદ સ્વરૂપના સંયોજન મુજબ ખરીદ પદ્ધતિ**

**(Purchase Method / Consideration According to Amalgamation in the Nature of Purchase) :**

વિલીનીકરણ સ્વરૂપના સંયોજનની વિવિધ શરતોમાંથી એક અથવા વધુ શરતો સંતોષાતી ન હોય કે તેનું પાલન ન થતું હોય ત્યારે સંયોજનનું સ્વરૂપ ખરીદીનું સ્વરૂપ બને છે. તેથી સંયોજનના હિસાબની ખરીદનાર કંપનીના ચોપડે ખરીદ પદ્ધતિ મુજબ હિસાબી નોંધ થાય છે જેમાં નીચેની વિગતો મુજબ નોંધ કરવામાં આવે છે :

**(1) મિલકતો અને દેવાં / જવાબદારીની કિંમત / રકમ અંગેઃ**

ધંધો ફેરબદલી કરનાર જેને હવે અહીં ધંધો વેચનાર તરીકે જ ઓળખાવશે, તે કંપનીના ચોપડે રહેલી વિવિધ મિલકતો અને દેવાં / જવાબદારીની કિંમતોમાં ફેરફાર મુજબ નવી કિંમતો નક્કી કરીને ધંધાની ખરીદ કિંમત નક્કી થાય છે.

**(2) ધંધો વેચનાર કંપનીના અનામતો અંગે :**

ધંધો ખરીદનાર કંપની ધંધો વેચનાર કંપની પાસેથી ધંધો ખરીદે છે તેથી અહીં ધંધો વેચનાર કંપનીના અનામતોની અલગ ઓળખ ગુમાવશે. આથી વેચનાર કંપનીની કોઈ અનામતો ખરીદનાર કંપનીના ચોપડે ફેરબદલીના રૂપે દર્શાવતી નથી. પરંતુ જો કોઈ કંપની કાનૂન મુજબનું અનામત હોય, જેમ કે નિકાસ અનામત, વિકાસ ભથ્થા અનામત, રોકાણ ભથ્થા અનામત (કન્ટીજન્સી અનામત જેમ જ) આવકવેરાના કાયદા પ્રમાણે અમુક ચોક્કસ હિસાબી વર્ષ સુધી હિસાબી ચોપડે દર્શાવીને રાખી મૂકવામાં આવે છે.

આ પ્રકારનું અનામત કંપની યંત્ર - મશીનરી જેવી મિલકતની કિંમતના નક્કી કરેલા દરે ગણીને નફા-નુકાસન ખાતે ઉધારીને અનામત ખાતે જમા દર્શાવવામાં આવતું હોય છે. આવા પ્રકારનું કોઈ અનામત કાનૂન મુજબતું ગણીને ધંધો વેચનારના ચોપડે પાકા સરવૈયામાં રહેલી તેની કિંમતથી ધંધો ખરીદનાર કંપની પોતાના ચોપડે લઈ જશે. તે માટે ખરીદનાર કંપની ''સંયોજન હવાલા ખાતું'' (Amalgamation Adjustment Account) ઉધારે છે અને જે તે અનામત ખાતે જમા કરે છે. કાનૂની સમયગાળા મુજબ જ્યારે આવા અનામતની મુદત ચાલુ હોય ત્યાં સુધી ખરીદનાર કંપનીના ચોપડે ''સંયોજન હવાલા ખાતું'' (Amalgamation Adjustment Account) ઉધારે છે અને જે તે અનામત ખાતે જમા કરે છે. કાનૂની સમયગાળા અનુસાર જ્યારે આવા અનામતની મુદત ચાલુ હોય ત્યાં સુધી ખરીદનાર કંપનીના ચોપડે સંયોજન હવાલા ખાતું 'પરચૂરણ ખર્ચ'ના શીર્ષક નીચે દર્શાવાશે. જે હવે નવા પાકા સરવૈયા -કંપની ધારા, 2013 ના ફોર્મ મુજબ પરચૂરણ ખર્ચના શીર્ષકની જોગવાઈ નથી તેથી અનામત વધારો શીર્ષક નીચે સામાન્ય અનામતમાંથી બાદ દર્શાવાશે. જ્યારે મુદત પુરી થાય ત્યારે જે તે અનામત ખાતે ઉધારીને સંયોજન હવાલા અનામત ખાતું જમા કરે છે . અન્ય અનામતો (કાનૂની સિવાયના) ની બાકી, શેરહોલ્ડર્સના ખાતે લઈ જઈ ખાતું બંધ કરવામાં આવશે.

**(3) ખરીદ કિંમત અને ચોખ્ખી મિલકતો મુજબ પાઘડી કે મૂડી અનામત અંગેઃ**

ખરીદ કિંમત નવી કિંમતો પ્રમાણે નક્કી કર્યા બાદ તેની ચુકવણી ખરીદનાર કંપનીએ પોતાના ઇક્વિટી શેર સ્વરૂપે જ આપવી જોઈએ. તેવું વિલીનીકરણ સ્વરૂપના સંયોજનમાં સ્પષ્ટ છે. પરંતુ ખરીદ પદ્ધતિમાં ખરીદનાર કંપની પોતાના ઇક્વિટી શેર ઉપરાંત રોકડ સ્વરૂપે પણ વેચનાર કંપનીને અવેજ આપી શકે છે. એ જ રીતે આ પ્રકારનું સંયોજન એક પ્રકારનું ખરીદ - વેચાણ સ્વરૂપ છે. તેથી ગણતરીની કરેલ રીત મુજબ ચોખ્ખી મિલકતો કરતાં ખરીદકિંમત વધુ હોય તો પાઘડી ઉદ્દભવે છે તેમ માની પાઘડી ખાતે લઈ જવામાં આવે છે . જ્યારે તેનાથી વિરુદ્ધ ચોખ્ખી મિલકતોની રકમ ખરીદ કિંમત કરતાં વધુ હોય તો મૂડી અનામત ઉદ્દભવે છે. એમ માનીને મૂડી અનામત ખાતે તફાવત લઈ જવામાં આવે છે.

**(4) વેચનાર કંપનીના નફા-નુકસાન ખાતાની બાકી અંગે :**

અહી પણ અનામતોની જેમ એવું અર્થઘટન કરવામાં આવે છે કે વેચનાર કંપનીના નફા- નુક્સાન ખાતાની ઉધાર / જમા બાકી પોતાની ઓળખ ગુમાવે છે. વળી તે વેચનાર કંપનીના શેરહોલ્ડર્સની માલિકી ગણાય તેથી નફાની બાકી વેચનાર કંપનીના શેરહોલ્ડર્સના ખાતે લઈ જઈને તે ખાતું બંધ કરવામાં આવે છે.

**(5) ખરીદકિંમત મુજબ ''પાઘડી'' ઉદ્ભવેલ હોય ત્યારે :**

ખરીદ પદ્ધતિ મુજબ ''પાઘડી'' ઉદ્દભવે ત્યારે પાઘડી ખાતે ઉધારીને હિસાબી નોંધ થાય છે. હિસાબી ધોરણ - 14 મુજબ પાઘડીના સ્વભાવ મુજબ તેની ઉપયોગી જિંદગી વાજબી ચોક્કસતા અને સાથે અંદાજો બાંધવાનું અવારનવાર મુશ્કેલ બને છે. તેથી સંયોજન વખતે ઉદ્દભવેલ પાઘડીનું ઉપયોગી આયુષ્યને અસર કરતાં પરિબળો આધારિત પાઘડી દર્શાવવાનું નક્કી થાય છે.

**ધંધો ખરીદનાર નવી કંપનીના ચોપડે આમનોંધ : (ધંધો ફેરબદલ લેનાર કંપની)**

ખરીદનાર કંપની જે કોઈ મિલકતો જે કિંમતે સ્વીકારે છે તે કિંમતે જે તે મિલકતોનું ખાતું

ઉધાર કરે છે. જે દેવાં લેવાનું કબૂલે છે તે કબૂલેલી કિંમતે દેવાં ખાતે જમા કરે છે. નક્કી કરેલી ખરીદ કિંમત ફડચામાં જતી કંપનીને જમા આપે છે. ચુકવણી કરે ત્યારે ફડચામાં જતી કંપની ખાતે કે બંધ થતી કંપની ખાતે ઉધારે છે અને શેરમૂડી, ડિબૅંચર કે રોકડ / બેંક ખાતે જમા કરે છે.

આમનોંધ નીચે મુજબ થાય છે. :

(1) સંયોજનની શરતો વિગતો મુજબ ''ખરીદકિંમત'''' નક્કી થતાં :

ધંધાની ખરીદ ખાતે ઉ.

તે ધંધો વેચનાર કંપનીના લિકિવડેટર ખાતે

(2) ખરીદકિંમત મુજબ ''પાઘડી કે મૂડી અનામત'' - સહિત જૂની કંપનીની મિલકતો - દેવાં લઈ લેતી નોંધ :

સ્વીકારેલી મિલકતો ખાતે ઉ.

પાઘડી ખાતે ઉ. (સામાન્ય અનામત / ન.નું. ખાતે ઉ.)

તે સ્વીકારેલ દેવાં ખાતે

તે મૂડી અનામત (સામાન્ય અનામત ખાતે / ન.નું . ખાતે)

તે ધંધાની ખરીદ ખાતે

- જો વિલીનીકરણ સ્વરૂપનું સંયોજન હોય તો હિતોના જોડાણની રીતે ખરીદકિંમત મુજબ ''પાઘડી કે મૂડી અનામત'', ચોખ્ખી મિલકતો સામે નક્કી ન કરતા, ખરીદ કિંમત સામે ચોખ્ખી મિલકતોનો ''તફાવત'' માત્ર સામાન્ય અનામત ખાતે અથવા નફા-નુકસાન ખાતે દર્શાવવામાં આવે છે. જયારે ખરીદ સ્વરૂપના સંયોજન મુજબ ''ખરીદ પદ્ધતિ'' અનુસાર ''પાઘડી કે મૂડી અનામત'' નક્કી થાય છે. જુઓ આમનોંધ (2)

(3) ''ખરીદ કિંમત'' ચૂકવતાં :

ધંધા વેચનાર કું. ના લિક્વિડેટર ખાતે ઉ.

તે ઇક્વિટી શેરમૂડી ખાતે

તે પ્રેફન્સ શેરમૂડી ખાતે.

તે જામીનગીરી પ્રીમિયમ ખાતે

તે રોકડ/ બેંક ખાતે

(4) જો વેચનાર કુાં. જ તેનો વિસર્જન ખર્ચ ચૂકવી આપે તો નવી ફાં. ના ચોપડે નોંધ ન થાય. પરંતુ, જો ધંધો ખરીદનાર નવી કંપની, વેચનાર (જુની) કંપનીનો વિસર્જન ખર્ચ ભોગવે / ચૂકવે તો, સંયોજનનાં સ્વરૂપ મુજબ તેની નીચે પ્રમાણે હિસાબીનોધ થશે.

(A) વિલીનીકરણ સ્વરૂપ મુજબ હિતોના જોડાણની રીતે સંયોજન હોય ત્યારે.

(i) નફાનુકસાન ખાતે ઉ.

તે રોકડ / બેંક ખાતે (વિસર્જન ખર્ચ)

(ii) જો વેચનાર કંપની પ્રથમ તે ચૂકવે અને ખરીદનાર પાસેથી વસૂલે તો. ખરીદનાર

માટે નીચેની બે નોંધ થાય.

(A) નફાનુકસાન ખાતે ઉ.

તે વેચનાર ફાં ખાતે

(B) વેચનાર કંપની ખાતે ઉ.

તે રોકડ / બેંક ખાતે

(B) ખરીદ સ્વરૂપે ખરીદ પદ્ધતિ મુજબ સંયોજન હોય તો,

(i) ખરીદનાર કંપની વિસર્જન ખર્ચ ચૂકવે છે તો,

પાઘડી / મૂડી અનામત ખાતે ઉ.

તે રોકડ / બેંક ખાતે .

(ii) જો વેચનાર કંપની પ્રથમ તે ચૂકવે અને ખરીદનાર પાસેથી વસૂલે તો, નીચેની બે નોંધ થાય.

(A) પાઘડી / મૂડી અનામત ખાતે ઉ.

તે વેચનાર કંપની ખાતે

(B) વેચનાર કંપની ખાતે ઉ.

તે રોકડ / બેંક ખાતે

નોંધઃ કોઈ પણ સંજોગોમાં હિસાબી ધોરણ નં. 14 મુજબ વિસર્જન ખર્ચ પેટે રોકડ (બેંક, ખરીદ કિંમતમાં ઉમેરાશે નહિ.)

(5) નવી ફાં નો સ્થાપના ખર્ચ, સંયોજન ખર્ચ, શેર/ ડિબેંચર વટાવ, બાંયધરી કમિશન વગેરે વિશાળ અર્થમાં પ્રાથમિક સ્વરૂપનો ખર્ચ ગણીને નીચે મુજબ બે નોંધ વડે દર્શાવાશે.

(i) આવા ખર્ચ ચૂકવાશે ત્યારે -

પ્રાથમિક ખર્ચ ખાતે ઉ.

તે રોકડ / બેંક ખાતે

(ii) આ પ્રકારનો ખર્ચ પાકા સરવૈયામાં રજૂ કરવા અંગે :

અનામત / ન.નુ. ખાતે ઉ.

તે પ્રાથમિક ખર્ચ ખાતે

અથવા અનામત / ન.તુ. ખાતે રકમ ન હોય તો, જામીનગીરી પ્રીમિયમ / મૂડી અનામત વગેરેનો ઉપયોગ આ ખર્ચ સામે થશે. પરંતુ 2013નાં નવી કંપનીનું કાનૂન મુજબ આવો ખર્ચ પાકા સરવૈયામાં ''પરચૂરણ ખર્ચ''નામનું શીર્ષક જ હવે ન હોવાથી તે મુજબ રજૂ કરવામાં આવશે નહિ.

પાકા સરવૈયા ''અનામત વધારો'' શીર્ષકમાં ઉક્ત નોંધ વડે બાદ દર્શાવો.

(6) સંયોજન વખતે કોઈ જૂની કંપનીના કાનૂની અનામત સ્વરૂપ હોય તે નવી ફાં. એ ભવિષ્ય માટે અમુક વર્ષે જાળવી રાખવાની સૂચના હોય તો, નીચેની બાબત ધ્યાનમાં લેવી.

(A) વિલીનીકરણ સ્વરૂપમાં સંયોજન વખતે આવા અનામતોની બાકીઓ, નવી કં. માં આગળ ખેંચીને નવા સંયોજન બાદના પાકા સરવૈયામાં માત્ર તેની રકમ સાથે ભેળવીને રજૂ થશે.

(B) ખરીદી સ્વરૂપમાં સંયોજન મુજબ આવા અનામતો માટે ''સંયોજન હવાલા ખાતું'' ઊભું થાય છે. તેની બે નોંધ નીચે મુજબ થશે :

(i) સંયોજન હવાલા ખાતું ઊભું કરતાં -

સંયોજન હવાલા ખાતે ઉ.

તે કાયદેસરના કાનૂની અનામતો ખાતે (નામ સ્પષ્ટ આપેલ હોય છે.)

(ii) સંયોજન હવાલા ખાતું - પા.સ., માં ''અનામત - વધારો'' શીર્ષકમાં ''બાદ'' દર્શાવવું.

(અગાઉ તે પરચૂરણ ખર્ચ તરીકે મિલકતમાં દર્શાવતું હવે તેમ દર્શાવાશે નહિ 2013ના નવા પા.સ.નાં નમૂના મુજબ)

**ખરીદનાર કંપનીનું નવું પાકું સરવૈયું 2013ના કંપનીધારા મુજબ ફોર્મઃ**

બંધ થતી કંપનીઓની મિલકતો અને દેવાં સંભાળી લીધા બાદ ખરીદનાર કંપનીનું નવું પાકું સરવૈયું (કંપની ધારા, 2013 મુજબ નવા ફોર્મમાં) તૈયાર કરવાનું છે. તે માટે નીચેના મુદ્દા મહત્ત્વના છે :

(1) કંપની ધારા એ નિયત કરેલા ફોર્મમાં જ આવું સરવૈયું તૈયાર કરવાનું રહે છે.

(2) જેટલી મિલકતો જે મતે સ્વીકારેલ હોય તે મિલકતોનાં યોગ્ય મથાળા નીચે દર્શાવાય છે.

(3) જેટલાં દેવા જે કિંમતે સ્વીકારેલા હોય તે દેવાના શીર્ષકનાં યોગ્ય મથાળાં, નીચે દર્શાવાય છે.

(4) ખરીદ કિંમત પેટે આપેલ શેર, 'શેરમૂડી'ના મથાળા નીચે દર્શાવાય છે. જો જાહેર જનતાને શેરની વેચણી કરી હોય તો તે પણ 'શેરમૂડી'ના મથાળા નાચે જુદાં દર્શાવાય છે. તેટલે અંશે ચાલુ મિલકતમાં રોકડ / બેક સિલક વધે છે.

(5) ડિબેન્ચર પેટે ડિબેન્ચર આપેલ હોય તો તે બિન ચાલુ દેવાં તરીકે ઉછીની રકમનાં મથાળા નીચે દર્શાવાય છે :

**કંપનીધારા 2013 મુજબ પરિશિષ્ટ - 111 માં આપેલ પાકા સરવૈયાનો નમૂનો**

| વિગત | નોંધ નં. | ચાલુ વર્ષે રકમ ₹ | પાછલા વર્ષે રકમ ₹ |
|---|---|---|---|
| (1) ઇક્વિટી અને દેવાં : | | | |
| (i) શેરહોલ્ડર્સ ભંડોળ : | | ✓ | ✓ |
| (અ) શેરમૂડી | | | |
| (બ) અનામત અને વધારો | | | |
| (ક) શેર વોરન્ટ્સ સામે મળેલ નાણાં | | | |

| | | | |
|---|---|---|---|
| (2) શેર અરજીના નાણાં વહેંચણી માટે બાકી રહેલ : | | ✓ | ✓ |
| (3) બિનચાલુ દેવાં : | | ✓ | ✓ |
| (અ) લાંબાગાળાના ઉછીના | | | |
| (બ) પ્રસારિત કર જવાબદારીઈઓ | | | |
| (ક) અન્ય લાંબાગાળાના દેવાં | | | |
| (ડ) લાંબાગાળાની જોગવાઓ | | | |
| (4) ચાલુ દેવાં : | | ✓ | ✓ |
| (અ) ટૂંકાગાળાના ઉછીના | | | |
| (બ) વેપારી દેવાં / ચૂકવવા પાત્ર | | | |
| (ક) અન્ય ચાલુ દેવાં | | | |
| (ડ) ટૂંકાગાળાની જોગવાઈઓ | | | |
| **કુલ** | | ✓ | ✓ |
| (II) મિલકતોઃ | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | ✓ | ✓ |
| (અ) કાયમી મલિકતો : | | | |
| (i) દશ્ય મિલકતો | | | |
| (ii) અદશ્ય મિલકતો | | | |
| (iii) ચાલુ કામ ખાતે મૂડી | | | |
| (iv) વિકાસ હેઠળ રહેલી અદશ્ય મિલકતો | | | |
| (b) બિનચાલુ રોકાણો | | | |
| (c) પ્રસારિત કર મિલકતો | | | |
| (d) લાંબાગાળાની લોન અને ધિરાણો | | | |
| (e) અન્ય બિનચાલુ મિલકતો | | | |
| (2) ચાલુમિલક્તોઃ | | ✓ | ✓ |
| (a) ચાલુ રોકાણો (ટૂંકાગાળાના) | | | |
| (b) માલસામગ્રી - સ્ટોક | | | |
| (c) વેપારી લેણાંઓ (દેવાદારો / લેણી હુંડીઓ) | | | |
| (d) રોકડ અને રોકડ માન તથા (બેંક વગેરે) | | | |
| (e) ટૂંકાગાળાની લોન અને ધિરાણો | | | |
| (f) અન્ય ચાલુ મિલકતો | | | |
| **કુલ** | | ✓ | ✓ |

નોંધ : ઉપરોક્ત નમૂના મુજબના પા.સ. ની વિગતો અને રકમો માટેના બે ખાનામાં આપણે ચાલુ વર્ષની રકમો જ દર્શાવીશું અને વિગતો જે તે પ્રશ્નના જવાબને અનુરૂપ હોય તે

વિગતો અને તેની રકમો સાથે રજૂ કરવામાં આવે છે. રકમ ન હોય તે વિગતો દરેક પાકા સરવૈયામાં જવાબના ભાગરૂપે રજૂ કરવી જરૂરી નથી.

## 11.6 સંયોજનમાં આંતર કંપની વ્યવહારો :

(1) અરસપરસનાં દેવાં - લેણાં : મરજિયાત રીતે ફડચામાં જતી કંપની બીજી કંપની પાસે ચોક્કસ રકમ માંગતી હોય તો સંયોજન વખતે અરસપરસનાં દેવાં - લેણાં તરીકે રદ ગણવામાં આવે છે. દા.ત. અ કંપની બ કંપની પાસે ₹ 15,000 માંગે છે. આ રકમ અ ના દેવાદારમાં અને 'બ' ના લેણદારમાં હશે. ક કંપની અ અને બ કંપનીના મિલકત - દેવા સંભાળી લેતી હોય તો 'ક' કંપનીને આ ₹ 15,000 મળવાના કે ચૂકવવાના નથી. આથી ક કંપની નીચે મુજબ આમનોંધ કરશે.

| | | |
|---|---|---|
| લેણદારો ખાતે | ઉ. 15,000 | |
| તે દેવાદારો ખાતે | | 15,000 |

(2) અરસપરસની હુંડીઓ : ધારો કે ઉપરના ઉદાહરણમાં છે. તેમ જ ₹ 15,000ની અરસપરસ હૂંડી લખાણી અને સ્વીકારેલી હોય તો ક કંપનીને લેણીહુડીનાં નાણાં મળવાનાં નથી કે દેવી હૂંડીના નાણાં ચૂકવવાનાં નથી. આથી ક કંપની તે હુંડીઓ રદ કરવા નીચે મુજબ આમનોંધ કરશે :

| | | |
|---|---|---|
| દેવીહુંડી ખાતે | ઉ. 15,000 | |
| તે લેણી હુંડી ખાતે | | 15,000 |

(3) અરસપરસ ખરીદેલ માલ સ્ટોકઃ માની લો કે 'અ' કંપનીએ 'બ' કંપનીને ₹ 10,000નો માલ 25% નફો 'બ' કંપની ને વેચેલ છે. ધારી લો કે 'બ' કંપનીના સ્ટોકમાં આ માલ વેચાયા વગરનો પડ્યો છે. 'ક' કંપની 'અ' અને "બ" કંપનીને મિલકતો - દેવાં ખરીદી લે છે. સ્ટોક જે 'બ' ની મિલકતોમાં છે. તેની કિંમત તે ₹. 10,000 જ ગણે છે. તો ₹ 2500નું નુકસાન કયા ખાતે ઉધારવું તે પ્રશ્ન ઊભો થાય. ધંધો વેચનાર કંપની એ નુક્સાન ભોગવવાનું હોય તો 'ક' કંપની નીચે મુજબ આમનોંધ કરશે :

| | | |
|---|---|---|
| વેચનાર કંપની ખાતે | ઉ. 2,500 | |
| તે માલ સ્ટોક ખાતે | | 2,500 |

જો આ નુકસાન ધંધો ખરીદનાર કંપનીએ જ ભોગવવાનું હોય તો નીચે પ્રમાણે આમનોંધ થશેઃ

| | | |
|---|---|---|
| પાઘડી ખાતે | ઉ. 2500 | |
| અથવા | | |
| મૂડીઅનામત ખાતે | ઉ. 2,500 | |
| તે માલ સ્ટોક ખાતે | | 2,500 |

(4) અરસપરસ શેરમાં રોકાણ : માની લો કે અ - અને બ - કંપનીનું મરજિયાત વિસર્જન થાય છે. ક - કંપની તેમનો ધંધો ખરીદી લે છે. અ - એ બ - ના અને બ - એ અ કંપનીના શેર ખરીદેલા છે. આ રોકાણની કિંમત અરસપરસ બાદ થાય. પરંતુ તે માટે રોકાણોની આંતરિક કિંમત અરસપરસ બાદ થાય, પરંતુ તે માટે રોકાણોની આંતરિક કિંમત નક્કી કરવી પડે ગાણિતીક સૂત્રો દ્વારા તે નક્કી કરી શકાય.

સૌ પ્રથમ શેરમૂડીમાં રોકાણનો ભાગ કેટલો છે તે નક્કી કરાય છે. ધારો કે અ - કંપની એ બ - કંપનીના 10,000 શેરમાંથી 2,000 શેરની ખરીદી કરી છે તો 1/5 ભાગનું રોકાણ ગણાય. બ ની મિલકતને X ગણીએ તો 1/5 ભાગનાં રોકાણો x /5 તરીકે બતાવાય. આ જ રીતે સામેની કંપની પણ રોકાણોનું પ્રમાણ નક્કી કરે છે. ત્યારબાદ દરેક કંપનીની ચોખ્ખી મિલકતો નક્કી કરાય છે. તેમાં રોકાણોની પુનઃ મૂલ્યાંકન કરેલી કિંમત જ ધ્યાનમાં લેવાય છે. ગાણિતીક પ્રક્રિયા દ્વારા ધારેલી ચોખ્ખી મિલકતના અક્ષરોની કિંમત નક્કી કરાય છે. ચોખ્ખી મિલકતના આધારે રોકાણોની આંતરિક કિંમત મળે છે. X ની કિંમત પરથી X /5 ની પણ કિંમત મળે.

ચૂકવવાપાત્ર રકમમાંથી અરસપરસનાં રોકાણોની કિંમત બાદ થાય છે. ગણતરી થોડી અટપટી છે.

## 11.7 વ્યાવહારિક ઉદાહરણો :

**(હિસાબી ધોરણ - 14 મુજબ અને કંપની ધારા 2013 મુજબ)**

**ઉદા.1** શ્રી K અને P લિ.નું તા. 31-3-2017ના રોજનું કાચું સરવૈયું. નીચે મુજબ હતું :

**શ્રી K લિ.નું કાચું સરવૈયું**

| વિગત | ઉધારબાકી ₹ | જમા બાકી ₹ |
|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી દરેક ₹ 10નો છે. | - | 2,10,000 |
| 9% ના રિડીમેબલ પ્રેફરન્સ શેર દરેક ₹ 100 નો | - | 90,000 |
| શેર પ્રીમિયમ | - | 10,500 |
| મૂડીઘટાડા ભંડોળ | - | 30,000 |
| સામાન્ય અનામત | - | 59,300 |
| 8% ના ડિબેન્ચર્સ | - | 60,000 |
| પાઘડી | 25,000 | - |
| પ્લાન્ટ | 3,00,000 | - |
| ફિક્ષ્ચર્સ | 15,000 | - |
| વાહન | 10,000 | - |
| સ્ટોક | 1,00,000 | - |
| દેવાદારો | 80,000 | - |
| ધિરાણ | 30,000 | - |
| રોકડ અને બેંક | 40,000 | - |
| લેણદારો | - | 1,20,000 |
| | **6,00,000** | **6,00,000** |

**શ્રી P લિમિટેડનું કાચું સરવૈયું**

| વિગત | ઉધારબાકી ₹ | જમા બાકી ₹ |
|---|---|---|
| ઇક્વિટી શેરમૂડીનું દરેક શેર ₹ 10 નો છે. | - | 1,50,000 |
| સામાન્ય અનામત | - | 75,000 |
| 8%ના ડિબેન્ચર્સ | - | 90,000 |
| જમીન | 80,000 | - |
| મકાન | 1,25,000 | - |
| પ્લાન્ટ | 85,000 | - |
| ફિક્ચર્સ | 5,000 | - |
| વાહન | 25,000 | - |
| સ્ટોક | 25,000 | - |
| દેવાદારો | 50,000 | - |
| ધિરાણ | 35,000 | - |
| રોકડ સિલક અને બૅંક સિલક | 20,000 | - |
| લેણદારો | 1,35,000 | - |
| | 4,50,000 | 4,50,000 |

તા. 1 લી એપ્રિલ - 2017 ના રોજ નીચેની શરતો સાથે 'N' લિમિટેડની રચના, K લી અને P લિ.નું જોડાણ કરીને કરવામાં આવી.

(1) K લિ. ના ડિબેન્ચર હોલ્ડર્સને ₹ 1,000 નો એક તેવા 60 ડિબેન્ચર 10% ના N લિ. ના આપવા.

(2) P લિ. ના ડિબેન્ચર હોલ્ડર્સએ 9,000 N લિ. ના ઇક્વિટી શેર દરેક ₹ 10નો મેળવવાનો આગ્રહ રાખ્યો.

(3) K લિ. ના પ્રેફરન્સ શેરહોલ્ડર્સને ₹ 100 નો એક એવા 17% ના 900 પ્રેફરન્સ શેર N લિ. ના આપવા.

(4) K લિ. ના 7 ઇક્વિટી શેરકના બદલામાં 10 N લિ. ના ઇક્વિટી શેર દરેક ₹ 10નો આપવો.

(5) P લિ. ના ઇક્વિટી શેરહોલ્ડર મેળવશે -

(A) 5 શેરના બદલામાં 6 N લિ.ના શેર (B) P લિ. ના એક શેરદીઠ ₹ 2 રોકડા વિસર્જન - ખર્ચ ₹ 10,000 કંપની દીઠ થયો. જે નવી કંપની ચૂકવશે.

ઉપરની વિગત પરથી K લિ. ને અને P લિ. ને ખરીદ કિંમત તરીકે N લિમિટેડ શું ચૂકવવું પડશે તેની ગણતરી કરો.

**જવાબઃ 1**

ભારતીય હિસાબી ધોરણ નં. 14 મુજબ વિસર્જન ખર્ચ નવી કંપની ચૂકવે તો પણ તેનો સમાવેશ ખરીદ કિંમતમાં થશે નહિ. તે અલગથી નવી કંપની ચુકવશે તેની નોંધ થશે.

K લિ. ને ખરીદ કિંમતના બદલામાં ચૂકવવાની વિગત દર્શાવતી ગણતરી

| **વિગત** | **રકમ ₹** |
|---|---|
| 900, 11%ના પ્રેફરન્સ શેર દરેક ₹ 100 ની કિંમતનો | 90,000 |
| K લિ. ના 7 શેર ના બદલામાં ₹ 10નો એક તેવા 10 શેર | |
| N લિ. ના આપતા | |
| શેર : શેર | |
| 7 : 21,000 $= \frac{21000 \times 10}{7}$ | |
| 10 : (?) $= 30,000$ શેર | |
| 30,000 ઈ. શેર × દરેક ₹ 10 લેખે | 3,00,000 |
| કુલ ચુકવણી = ખરીદ કિંમત | 3,90,000 |

P લિ. ને ખરીદ કિંમતના બદલામાં ચૂકવવાની વિગત દર્શાવતી ગણતરી

| **વિગત** | | **રકમ ₹** |
|---|---|---|
| P લિ. ના 5 શેરના બદલામાં N લિ. ના 6 શેર | | |
| P લિ. ની શેરમૂડી ₹ 1,50,000 જે ₹ 10 ના શેરમાં છે. | | |
| P લિ. ના શેરની સંખ્યા $\left(\frac{1,50,000}{10}\right) = 15,000$ | | |
| 5 P લિ. નાશેર = 6 N લિ. ના શેર | | |
| 5:15,000 6 = (?) | | |
| $\frac{6 \times 15,000}{5} = 18,000$ | | |
| દરેક ₹ 10 નો | | |
| 18,000 × 10 = 1,80,000 | 1,80,000 | |
| 15,000 × 2 = રૂ.30,000 | 30,000 | |
| કુલ ચૂકવણી = ખરીદ કિંમત = | | 2,10,000 |

**ડિબેન્ચર માટે નોંધ :**

ડિબેન્ચર હોલ્ડર્સને ડિબેન્ચરના બદલામાં ડિબેન્ચર / શેર આપેલ છે. જે ખરીદ કિંમતની ગણતરીમાં ધ્યાનમાં લેવાય નહીં, પરંતુ નવી કું. ડિબેન્ચરને દેવાં તરીકે લઈ લેશે.

**ઉદા.2** તા.31-3-2017 ના રોજના / લિ. અને A લિ. અને B લિ. નાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે.

| જવાબદારી અને શેરમૂડી | A લિ. ₹ | B લિ. ₹ | મિલકતો અને લેણાં | A લિ. ₹ | B લિ. ₹ |
|---|---|---|---|---|---|
| ઓરડિનેરી શેરમૂડી | | | જમીન અને મકાન | 30,000 | - |
| (દરેક શેર રૂ.100 નો) | 1,00,000 | 60,000 | મશીનરી | 1,10,000 | 50,000 |
| 8%ના ડિબેન્ચર્સ | | | સ્ટોક | 16,000 | 8,000 |
| દરેક ₹ 10 નો | 20,000 | - | દેવાદારો | 14,000 | 9,000 |
| અનામત | 34,000 | - | રોકડસિલક | 3,000 | 1,000 |
| ડિવિડન્ડ સમતુલા | | | | | |
| ભંડોળ | 4,000 | | | | |
| કર્મચારી પ્રો.ફંડ | 3,000 | | | | |
| ધંધાના લેણદારો | 10,000 | 8,000 | | | |
| ન.નું. ખાતું | 2,000 | - | | | |
| | **1,73,000** | **68,000** | | **1,73,000** | **68,000** |

તા, 31-3-2017ના રોજ બંને કંપની સહમત થઈ અને બન્ને કંપનીનું C ની સ્થાપના કરવામાં આવી, જૂની કંપનીની મિલકતો, જવાબદારી નવા લઈ લેશે. નવી C લિ. ની સત્તાવાર શેરમૂડી ₹ 10,00,000 રહેશે જે 1,00,000 ઈક્વિટી શેર દરેક ₹ 10 વહેંચાયેલી રહેશે.

A લિ. ની ખરીદ કિંમત ₹ 1,20,000 અને 1 લિ. ની ખરીદ કિંમત ₹ 60,000 નક્કી કરવામાં આવી.

ખરીદ કિંમતની ચૂકવણી નવી કંપનીના સંપુર્ણ ભરપાઈ થયેલ છે. શેરમાં કરવાનું આપવાનું નક્કી થયું છે.

A લિ. ના ડિબેન્ચર હોલ્ડર્સને તેટલી જ રકમના નવી કંપની ý લિ. ના ડિબેન્ચર્સ આપવાનું નક્કી થાય છે.

A લિ. અને B લિ. ના ચોપડામાં ચોપડા બંધ કરવા માટે માલમિલકત નિકાલ ખાતા બનાવો અને જરૂરી આમનોંધ પસાર કરો તેમ જ નવી કંપની C લિ. ના ચોપડામાં A અને B લિ. ની મિલકતો દેવાં ખરીદીની જરૂરી આમનોંધ લખો તેમ જ C લિ. ના ચોપડે ઊઘડતું પાકું સરવૈયું બનાવો.

જવાબ : ખરીદકિંમત બન્ને કંપની માટે આપેલ છે. જેની ચૂકવણી પૂર્ણ ભરપાઈ ઈ. શેર માં કરવાની છે. બન્ને સંયોજિત થતી કંપની એની ખરીદકિંમત પ્રશ્નમાં આપી દીધી છે. તેથી માલમિલકત નિકાલ અને અન્ય વ્યવહારોની આમનોંધ થશે.

બંધ થતી A લિ. અને B લિ. ના ચોપડે, સંયુક્ત રીતે

## માલમિલકત નિકાલ ખાતા

ઉ. જ.

| વિગત | A લિ. ₹ | B લિ. ₹ | વિગત | A લિ. ₹ | B લિ. ₹ |
|---|---|---|---|---|---|
| જમીન-મકાન ખાતે | 30,000 | - | 8% ડિબેન્ચર | 20,000 | - |
| પ્લાન્ટ - મશીનરી | | | કર્મચારી પ્રો.ફંડ | 3,000 | - |
| ખાતે | 1,10,000 | 50,000 | વ્યાપારી લેણદારો | 10,000 | 8,000 |
| સ્ટોક ખાતે | 16,000 | 8,000 | C લિ. ખાતે | 1,20,000 | 90,000 |
| દેવાદાર ખાતે | 14,000 | 9,000 | ખોટઃ પરચૂરણ | | |
| રોકડ ખાતે | 3,000 | 1,000 | શેરહોલ્ડર ખાતે | 20,000 | - |
| | **1,73,000** | **68,000** | | **1,73,000** | **68,000** |

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| (1) | માલ-મિલકત નિકાલ ખાતે ઉ. | | 1,73,000 | |
| | તે જમીન-મકાન ખાતે | | | 30,000 |
| | તે પ્લાન્ટ અને મશીનરી ખાતે | | | 110,000 |
| | તે સ્ટોક ખાતે | | | 16,000 |
| | તે દેવાદારો ખાતે | | | 14,000 |
| | તે રોકડ ખાતે | | | 3,000 |
| | (બા.જે. જે તમામ મિલકતો લેણાં મા.મિ. નિ. ખાતે લઈ જઈ ખાતાં બંધ કર્યા.) | | | |
| (2) | 8 % ડિબેન્ચર ખાતે ઉ. | | 20,000 | |
| | કર્મચારી પ્રોવિડન્ડ ફંડ ખાતે ઉ. | | 3,000 | |
| | ધંધાના લેણદારો ખાતે ઉ. | | 10,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | 33,000 |
| | (બા.જે. જે તમામ જવાબદારીઓનાં ખાતાં માલ-મિલકત નિકાલ ખાતે લઈ જઈ બંધ કર્યા) | | | |
| (3) | ઈક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | 1,00,000 | |
| | અનામત ખાતે ઉ. | | 34,000 | |
| | ડિવિડન્ડ સમતુલા ભંડોળ ખાતે ઉ. | | 4,000 | |
| | નફા-નુકસાન ખાતે ઉ. | | 2,000 | |
| | તે પરચૂરણ ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે | | | |

| | | | | |
|---|---|---|---|---|
| | (બા.જે. ઈક્વિટી શેરમૂડી ખાતું, અનામત ખાતું, ન.નું. ખાતાની જમા બાકી ખાતાં બંધ કરી ઈક્વિટી શેર હોલ્ડર્સ ખાતે લઈ ગયા.) | | | |
| (4) | C લિ. કંપની ખાતે ડિક | | 1,20,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | 1,20,000 |
| | (બા.જે. ખરીદ કિંમત C લિ. ખાતે મળવાપાત્ર થતાં તેના ખાતે ઉધારી.) | | | |
| (5) | પરચૂરણ ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે ઉ. | | 20,000 | |
| | તે માલ-મિલકત નિકાલ ખાતે | | | 20,000 |
| | (બા.જે. મા.મિ. ખાતે થયેલું નુકસાન ઈક્વિટી શેરહોલ્ડર ખાતે લઈ ગયા તેની નોંધ) | | | |
| (6) | C લિ. કંપનીના શેર ખાતે ઉ. | | 1,20,000 | |
| | તે C લિ. ખાતે | | 1,20,000 | |
| | (બા.જે ખરીદ કિંમતના બદલામાં નવી કંપનીના ઈક્વિટી શેર મળ્યા.) | | | |
| (7) | પરચૂરણ ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે ઉ. | | 1,20,000 | |
| | તે C લિ. ખાતે | | 1,20,000 | |
| | (બા.જે. C લિ. ના મળેલા શેર શેરહોલ્ડર્સ વચ્ચે વહેંચી આપ્યા) | | | |

**8 ના ચોપડામાં જરૂરી આમનોંધ**

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| (1) | માલ-મિલકત નિકાલ ખાતે ઉ. | | 68,000 | |
| | તે પ્લાન્ટ અને મશીનરી ખાતે | | | 50.000 |
| | તે સ્ટોક ખાતે | | | 8,000 |
| | તે દેવાદાર ખાતે | | | 9,000 |
| | તે રોકડ ખાતે | | | 1,000 |
| | (બા.જે. મિલકતો - લેણાંના રોકડનાં ખાતાઓ મા.મિ.નિ. ખાતે લઈ ગયા.) | | | |
| (2) | ધંધાના લેણદાર ખાતે ઉ. | | 8,000 | |
| | તે મા.મિ. નિ. ખાતે | | | 8,000 |
| | (બા.જે. ધંધાના લેણદારોનાં ખાતાં મા.મિ.નિ. ખાતે લઈ જઈ બંધ કર્યા.) | | | |
| (3) | ઈક્વિટી શેરમૂડી ખાતે ઉ. | | 80,000 | |
| | તે પરચૂરણ ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે | | | 80,000 |
| | (બા.જે. શેરમૂડી શેર હોલ્ડર્સ ખાતે લઈ ગયા.) | | | |

| | | | | |
|---|---|---|---|---|
| (4) | C લિ. કંપની ખાતે ઉ. | | 60,000 | |
| | તે મા.મિ. નિ. ખાતે | | | 60.000 |
| | (બા.જે. કંપનીની ખરીદ કિંમત C લિ. ખાતે ઉધારી.) | | | |
| (5) | C લિ. ના શેર ખાતે ઉ. | | 60.000 | |
| | તે C લિ. કંપની ખાતે | | | 60,000 |
| | (બા.જે. ખરીદ કિંમતના બદલામાં C લિ. પાસેથી શેર મળ્યા.) | | | |
| (6) | પરચૂરણ ઇક્વિટી શેર હોલ્ડર્સ ખાતે ઉ. | | 60,000 | |
| | તે C લિ. ના શેરખાતે | | | 60,000 |

## C લિ. (નવી કંપની) ના ચોપડામાં જરૂરી આમનોંધ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 2017 | ધંધાની ખરીદ ખાતે ઉ. | | 1,80,000 | |
| 31-3 | તે A લિ. ના લિક્વિડેર ખાતે | | | 1,20,000 |
| (1) | તે B લિ. ના લિક્વિડેર ખાતે | | | 60,000 |
| | (બા.જે. ધંધાની ખરીદકિંમત A અને B લિ. ના લિક્વિડેટર ખાતે જમા આપી અને ધંધાની ખરીદ ખાતે ઉધારી.) | | | |
| (2) | જમીન અને મકાન ખાતે ઉ. | | 30,000 | |
| | પ્લાન્ટ અને યંત્રો ખાતે ઉ. | | 1,10,000 | |
| | સ્ટોક ખાતે ઉ. | | 16.000 | |
| | દેવાદારો ખાતે ઉ. | | 14,000 | |
| | રોકડખાતે ઉ. | | 3,000 | |
| | તે 8% A નાં લિ, ડિબે. ખાતે | | | 20,000 |
| | તે ધંધાના લેણદારો ખાતે | | | 10,000 |
| | તે અનામત ખાતે (નોંધ) | | | 14,000 |
| | તો પ્રો. ફંડ ખાતે | | | 3,000 |
| | તે ન. નુ. ખાતે | | | 2,000 |
| | તે ડિવિડન્ડ સમતુલા ફંડ | | | 4,000 |
| | તે ધંધાની ખરીદ મળે | | | 1,20,000 |
| | (A લિ. ની મિલકતો, લેણાં-દેવાં, ન.નુ. ખાતું, અનામત તફાવત ધંધા ખરીદ ખાતે લઈ ગયા તેની નોંધ) | | | |
| (3) | પ્લાન્ટ અને મશીનરી ખાતે ઉ. | | 50,000 | |
| | સ્ટોક ખાતે ઉ. | | 8,000 | |

| | | | | |
|---|---|---|---|---|
| | દેવાદારો ખાતે ઉ. | | 9,000 | |
| | રોકડ ખાતે ઉ. | | 1,000 | |
| | તે ધંધાના લેણદારો ખાતે | | | 8,000 |
| | તે ધંધાના ખરીદ ખાતે | | | 60,000 |
| | (બા.જે. 8 લિ. ની મિલકતો-દેવાં ખરીદ્યા તફાવત ખરીદ ખાતે જમા કર્યો) | | | |
| (4) | A કંપની લિ. ના લિક્વિડેટર ખાતે ઉ. | | 1,20,000 | |
| | B કંપની લિ. ના લિક્વિડેટર ખાતે ઉ. | | 60,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 1,80,000 |
| | (બા.જે. 18000 ઇક્વિટી શેર ધંધા ખરીદીના બદલામાં A અને B લિ. ના લિક્વિડેટર ને ચૂકવવા તેની નોંધ) | | | |
| (5) | 8%/ Aના, ડિબેન્ચર ખાતે ઉ. | | 20,000 | |
| | તે 8% ડિબેન્ચર ખાતે | | | 20,000 |
| | (બા.જે. A લિ. ના ડિબેન્ચર હોલ્ડર્સને કંપનીના ડિબેન્ચર બદલામાં ચૂકવ્યા) | | | |

નોંધ -1 : અનામત, ડિવિડન્ડ સમતુલા ફંડ ન.નું. ખાતું જમા બાકી જે C લિ. ના ચોપડામાં લઈ જવાશે. 1,20,000 શેર A લિ. ના શેરહોલ્ડર્સને આપ્યા ત્યારે તેમના શેર 1 ,00,000 છે જે તફાવત ₹ 20,000 નીચે મુજબ સરભર કરેલ છે.

| વિગત | નવા શેર |
|---|---|
| A લિ. ના શેર હોલ્ડર્સને શેરમૂડી | 1,20,000 |
| બાદઃ A લિ. ની શેરમૂડી | 1,00,000 |
| તફાવત અનામત ખાતે | 20,000 |

| | |
|---|---|
| અનામત A લિ. | 34,000 |
| બાદ : ઉપરની ગણતરી મુજબ તફાવત | 20,000 |
| અનામત ખાતાની બાકી | 14,000 |

જે C લિ. ના પાકાં સરવૈયામાં મૂડી-દેવાં બાજુ દર્શાવેલ છે.

**સંયોજન બાદ C લિ. નું 1 -4 - 2017 ના રોજનું**
**(2013 ના કંપની ધારા મુજબનું) પાકું સરવૈયું**

| વિગત | | નોંધ નં. | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|---|
| **(1)** | **ઇક્વિટી અને દેવાંઃ** | | | |
| (1) | શેર હોલ્ડર્સ ભંડોળ : | | | |
| | (અ) શેરમૂડીઃ | | | |

| | | | |
|---|---|---|---|
| સત્તાવાર શેર થાપણ : 1,00,000 | | | |
| ઈક્વિટી શેર દરેક રૂ.10 લેખે | - | - | 10,00,000 |
| બહાર પાડેલી અને ભરપાઈ થયેલી શેરમૂડી : | | | |
| 18,000 ઈ.શેર દરેક ₹ 10 પૂર્ણ ભરપાઈ | | | |
| (ધંધાની ખરીદ કિંમતના અવેજરૂપે) | - | - | 1,80,000 |
| (બ) અનામત અને વધારો : | | | |
| અનામત (નોંધ - 1) | | - | 14,000 |
| નફા-નુકસાન ખાતું | - | 2,000 | |
| ડિવિડન્ડ સમતુલા ખાતું | - | 4,000 | |
| **(2) બિનચાલુ દેવા :** | | | |
| (અ) લાંબાગાળાનાં ઉછીનાં નાણાં : | | | |
| (i) 6%નાં ડિબેન્ચર્સ | - | - | 20,000 |
| (3) ચાલુદેવાંઃ | | | |
| વેપારી લેણદારો | - | 18,000 | |
| કર્મચારી પ્રોવિડન્ડ કંડ | - | 3,000 | |
| | | | 21,000 |
| **કુલ** | - | - | **2,41,000** |
| **II મિલકતોઃ** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| (અ) કાયમી દશ્ય મિલકતો : | | | |
| જમીન - મકાન | | 30,000 | |
| પ્લાન્ટ - મશીનરી | | 1,60,000 | |
| | | | 1,90,000 |
| (બ) બિનચાલુ રોકાણો | - | - | - |
| (2) ચાલુ મિલકતો | | | |
| સ્ટોક | - | 24,000 | |
| દેવાદારો | | 23,000 | |
| રોકડસિલક | - | 4,000 | |
| | | | **51,000** |
| **કુલ** | | | **2,41,000** |

**બંધ થતી કંપનીના ચોપડે જરૂરી ખાતા બનાવવાનો મુદ્દો**

ઉદા. 3 તા. 1-4-2017 ના રોજ નું M લિ. અને N લિ. નું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| દેવાં | M લિ. ₹ | N લિ. ₹ | મિલકતો | M લિ. ₹ | N લિ. ₹ |
|---|---|---|---|---|---|
| ઇક્વિટી શેરમૂડી | | | પ્લાન્ટ-મશીનરી | 2,30,000 | 1,10,000 |
| દરેક રૂ.10નો | 1,50,000 | 1,00,000 | સ્ટૉક | 80,000 | 90,000 |
| 10% ડિબેન્ચર્સ | 50,000 | - | દેવાદારો | 30,000 | 20,000 |
| 12% ડિબેન્ચર્સ | - | 1,00,000 | રોકડ અને બેંક | 60,000 | 80,000 |
| ન.નુ. ખાતું | 30,000 | 60,000 | | | |
| અનામત | 70,000 | - | | | |
| લેણદારો | 1,00,000 | 40,000 | | | |
| | **4,00,000** | **3,00,000** | | **4,00,000** | **3,00,000** |

ઉપરની બન્ને કંપનીનું સંયોજન કરવાનું નક્કી કર્યું અને નવી M લિ. કંપનીની સ્થાપના કરી. શરતો નીચે મુજબ નક્કી થઈ.

(1) જૂની કંપનીના 5 શેરના બદલામાં M લિ. ના 6 શેર આપવા.

(2) 90% જૂની કંપનીના શેરહોલ્ડર્સ એ શેર સ્વીકાર્યા બાકી 10 % ને રોકડ રકમ આપી ચૂક્તે કર્યા.

(3) તમામ મિલકતો અને દેવાં ચોપડે કિંમતે નવી કંપની લઈ લે છે.

**તમે તૈયાર કરો:**

(1) ખરીદ કિંમતની ગણતરી કરી બતાવો.

(2) ચોપડા બંધ કરવા બન્ને જૂની કંપનીના ચોપડે જરૂરી ખાતાઓ.

**જવાબ - 3** ખરીદ કિંમતની ગણતરી :

(1) M લિ. ને ચૂકવશે : ₹

ઇક્વિટી શેર 15,000 × 90% × × 10 = 1,62,000

રોકડ-15,000 10% × × 10 = 18,000

ખરીદ કિંમત કુલ = 1,80,000

(2) N લિ. ની ચૂકવાશે :

ઇક્વિટી શેર 10,000 × 90% × ×10 = 1,08,000

રોકડ 10,000 × 10% × ×10 = 12,000

ખરીદ કિંમત કુલ = 1,20,000

## M લિ. ના ચોપડામાં જરૂરી ખાતાઓ

### (1) માલ-મિલકત નિકાલ ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---:|---|---:|
| પ્લાન્ટ - મશીનરી | | ડિબેન્ચર ખાતે | 50,000 |
| ખાતે | 2,30,000 | લેણદારો ખાતે | 1,00,000 |
| સ્ટોક ખાતે | 80,000 | 0 લિ. ખાતે | 1,80,000 |
| દેવાદારો ખાતે | 30,000 | પરચૂરણ શેર | |
| રોકડ-બેંક ખાતે | 60,000 | હોલ્ડર્સ ખાતે | 70,000 |
| | **4,00,000** | | **4,00,000** |

### (2) '0' લિ. નું ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---:|---|---:|
| મા.મિ.નિ. ખાતે | 1,80,000 | ઈક્વિટી શેર | |
| | | 0 લિ. ખાતે | 1,62,000 |
| | | રોકડ ખાતે | 18,000 |
| | **18,000** | | **1,80,000** |

### (3) '0' લિ. ના ઈક્વિટી શેરનું ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---:|---|---:|
| '0' લિ. ખાતે | 1,62,000 | પરચૂરણ ઈક્વિટી | |
| | | શેરહોલ્ડર્સ ખાતે | 1,62,000 |
| | **1,62,000** | | **1,62,000** |

### (4) રોકડ ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---:|---|---:|
| '0' લિ. ખાતે | 18,000 | પરચૂરણ ઈક્વિટી | |
| | | શેરહોલ્ડર્સ | |
| | **18,000** | | **18,000** |

**(5) પરચૂરણ ઈક્વિટી શેરહોલ્ડર્સનું ખાતું**

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| મા.મિ. નિ. ખાતે | 70,000 | ઈક્વિટી શેરમૂડી ખાતે | 1,50,000 |
| 0લિ.નાઈક્વિટી | | અનામત ખાતે | 70,000 |
| શેર ખાતે | 1,62,000 | ન.નુ. ખાતે | 30,000 |
| રોકડ ખાતે | 18,000 | | |
| | **2,50,000** | | **2,50,000** |

**Z કંપની લિ. ના ચોપડામાં જરૂરી ખાતાં**

**(1) માલમિલકત નિકાલ ખાતું**

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| પ્લાન્ટ અને મશીનરી ખાતે | 1,10,000 | 12% ના ડિબેન્ચર | 1,00,000 |
| સ્ટૉક ખાતે | 90,000 | લેણદારો ખાતે | 40,000 |
| દેવાદાર ખાતે | 20,000 | '0' લિ. ખાતે | 1,20,000 |
| રોકડ ખાતે | 80,000 | ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે | 40,000 |
| | **3,00,000** | | **3,00,000** |

**(2) "0' લિ. નું ખાતું**

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| માલ-મિલકત નિકાલ ખાતે | 1,20,000 | ઈક્વિટી શેર 0 લિ. ખાતે | 1,08,000 |
| | | રોકડ ખાતે | 12000 |
| | **1,20,000** | | **1,20,000** |

**(3) '0' લિ. ના ઈક્વિટી શેર ખાતું**

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| '0' લિ. ખાતે | 1,08,000 | પરચૂરણ ઈકિ. શેર હોલ્ડર્સ ખાતે | 1,08,000 |
| | **1,08,000** | | **1,08,000** |

### (4) રોકડ ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| '0' લિ. ખાતે | 12,000 | પરચૂ. ઈક્વિટી શેર હોલ્ડર્સ ખાતે | 12,000 |
| | **12,000** | | **12,000** |

### (5) પરચૂરણ ઈક્વિટી શેરહોલ્ડર્સનું ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| માલ-મિલકત નિકાલ ખાતે | 40,000 | ઈક્વિટી શેરમૂડી ખાતે | 1,00,000 |
| '0' લિ. ના ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે | 1,08,000 | નફા-નુકસાન ખાતે | 60,000 |
| રોકડ ખાતે | 12,000 | | |
| | **1,60,000** | | **1,60,000** |

**ઉદા. 4**

ઉપરોક્ત ઉદાહરણ નં. 3 ના પ્રશ્નની વિગત ધ્યાનમાં લઈને બન્ને સંયોજન થતી કંપનીઓને ચૂકવવાની ખરીદ કિંમત નક્કી કરી, ધંધો ખરીદનાર "0' લિ. ના ચોપડે જરૂરી આમનોંધ લખો અને ધંધાના સંયોજન બાદનું પાકુ સરવૈયું બનાવો.

**જવાબઃ** ઉદાહરણ નં. 3 ના જવાબ મુજબ બન્ને કંપનીઓની ખરીદ કિંમત નક્કી કરી નીચેના જવાબ તૈયાર કરવા.

(1) 0 લિ. ના ચોપડે જરૂરી આમનોંધ (તા. 31-3-2017)

| ક્રમ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 | M લિ. ને ખરીદ કિંમત ચૂકવવાનું નક્કી થતાં : | | | |
| | ધંધાની ખરીદ ખાતે | ઉ. | 1,80,000 | |
| | તે M લિ. ના લિક્વિડેટર ખાતે | | | 1,80,000 |
| 2 | M લિ. ની મિલકતો - દેવાં (તફાવત **સહિત લઈલેતાઃ** | | | |
| | પ્લાન્ટ - મશીનરી ખાતે | ઉ. | 2,30,000 | |
| | સ્ટોક ખાતે | ઉ. | 80,000 | |

| | | | | |
|---|---|---|---|---|
| | દેવાદારો ખાતે ઉ. | | 30,000 | |
| | રોકડ અને બેંક ખાતે ઉ. | | 60,000 | |
| | તે M લિ. ના 10 % ડિબેન્ચર ખાતે | | | 50,000 |
| | તે અનામત ખાતે (તફાવત) | | | 40,000 |
| | તે નફા-નુક્સાન ખાતે | | | 30,000 |
| | તે લેણદારો ખાતે | | | 1,00,000 |
| | તે ધંધાની ખરીદ ખાતે | | | 1,80,000 |
| 3 | M લિ. ને 'ખરીદ કિંમત' ચૂકવતાં : | | | |
| | M લિ. ના લિક્વિડેટર ખાતે ઉ. | | 1,80,000 | |
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 1,62,000 |
| | તે રોકડ - બેંક ખાતે | | | 18,000 |
| 4 | N લિ. ના ડિબેન્ચર સામે નવા ડિબેન્ચર આપતાં : | | | |
| | N લિ. ના 10 % ના ડિબેન્ચર ખાતે | ઉ. | 50,000 | |
| | તે 10 %ના નવા ડિબેન્ચર ખાતે | | | 50,000 |
| ૫ | N લિ. ને ખરીદ કિંમત ચૂકવવાનું નક્કી થતા : | | | |
| | ધંધાની ખરીદ ખાતે | ઉ. | 1,20,000 | |
| | તે N લિ. ના લિક્વિડેટર ખાતે | | | 1,20,000 |
| 6 | N લિ. ના મિલકતો - દેવાં (તકાવત સહિત) લઇ લેતાં : | | | |
| | પ્લાન્ટ મશીનરી ખાતે | ઉ. | 1,10,000 | |
| | સ્ટૉક ખાતે | ઉ. | 90,000 | |
| | દેવાદારો ખાતે | ઉ. | 20,000 | |
| | રોકડ અને બેંક ખાતે | ઉ. | 80,000 | |
| | તે N લિ. ના 12% ના ડિબેન્ચર ખાતે | | | 1,00,000 |
| | તે નફા - નુકસાન ખાતે (તફાવત) | | | 40,000 |
| | તે લેણદારો ખાતે | | | 40,000 |
| | તે ધંધાની ખરીદ ખાતે | | | 1,20,000 |
| 7 | N લિ. ને ખરીદ કિંમત ચૂકવતાં : | | | |
| | N લિ. ના લિક્વિડેટર ખાતે | ઉ. | 1,20,000 | |

| | | | | |
|---|---|---|---|---|
| | તે ઇક્વિટી શેરમૂડી ખાતે | | | 1,08,000 |
| | તે રોકડ અને બેંક ખાતે | | | 12,000 |
| 8 | N લિ. ના 12% ના ડિબેન્ચર સામે નવા<br>ડિબેન્ચર આપતા :<br>N લિ. ના 12%ના ડિબેન્ચર ખાતે | ઉ. | 1,00,000 | |
| | તે 12%ના નવા ડિબે. ખાતે | | | 1,00,000 |

**(2) સંયોજન બાદનું O લિ. નું. તા. 1-4-2017 ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | | નોંધ નં. | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|---|
| **(1)** | **ઈક્વિટી અને દેવાં:** | | | |
| (1) | શેર હોલ્ડર્સ ભંડોળ : | | | |
| | (અ) શેરમુડી: | | | |
| | બહાર પાડેલ, ભરપાઈ થયેલ : | | | |
| | 27,000 ઈ.શેર દરેક ₹ 10 (સંયોજન | | | |
| | કરાર મુજબ દરેક પૂર્ણ ભરપાઈ શેર ચૂકવણી) | - | 2.70.000 | 2.70.000 |
| | (બ) અનામત અને વધારો : | | | |
| | અનામત | | 40,000 | |
| | ન.નુ. ખાતું (30,000 + 40,000) | | 70,000 | 1,10,000 |
| (2) | બિનચાલુ દેવાં : | | | |
| | 10% ના ડિબેન્ચર્સ | | 50,000 | |
| | 12% ના ડિબેન્ચર્સ | | 100,000 | 1,50,000 |
| **(3)** | **ચાલુદેવાં:** | | | |
| | લેણદારો (1,00,000 + 40,000) - | - | 1,40,000 | 1,40,000 |
| | **કુલ** | - | - | **6,70,000** |
| **II** | **મિલકતો:** | | | |
| (1) | બિનચાલુ મિલકતો : | | | |
| | (અ) કાયમી દશ્ય મિલકતો : | | | |
| | પ્લાન્ટ - મશીનરી | | | |
| | (2,30,000 + 1,10,000) | | | 3,40,000 |
| | (બ) અદશ્ય કાયમી મિલકતો | - | - | - |
| | (ક) બિન ચાલુ રોકાણો | - | - | - |
| (2) | ચાલુ મિલકતો | | | |
| | સ્ટોક (80,000 90,000) | - | 1,70,000 | |

| | | | | |
|---|---|---|---|---|
| | દેવાદારો (30,000 + 20,000) | - | 50,000 | |
| | રોકડ/બેંક (60,000-18,000 + 80,000-12,000) | - | | |
| | | - | **1,10,000** | **3,30,000** |
| **કુલ** | | - | - | **6,70,000** |

**ઉદા.5** P લિ. અને Q લિ. જોડાણ માટે તા. 31-3-2017 ના રોજ સહમત થઈને ₹ 10,00,000 ની સત્તાવાર મૂડી, દરેક રૂ.100 નો એક શેર સાથે નવી કંપની R લિ. ની રચના કરે છે. નવી કંપની, બન્ને કંપનીઓની મિલકતો અને જવાબદારીઓ લઈ લેશે. P લિ. ને રૂ.6,00,000 ના પૂર્ણ ભરપાઈ શેર અને Q લિ. ને 2,000 પૂર્ણ ભરપાઈ શેર દરેક ₹ 100 નો એક લેખે તથા ₹ 50,000 રોકડ, ખરીદ કિંમત તરીકે આપશે . નવી કંપની ₹ 5,000 નો વિસર્જન ખર્ચ ભોગવશે. સંયોજનનો ખર્ચ ₹ 10,000 નો થશે.

**સંયોજન તારીખે પા.સ. નીચે મુજબ હતાં.**

| | P લિ. | | Q લિ. | |
|---|---|---|---|---|
| **વિગત** | **ઉ. ₹** | **જ. ₹** | **ઉ. ₹** | **જ.₹** |
| શેરમૂડી | - | 4,00,000 | - | -2,00,000 |
| કાયમી મિલકતો | 5,00,000 | - | 2,75,000 | - |
| 7% નાડિબેન્ચર્સ | - | 50,000 | - | 50,000 |
| બેંક | 1,75,000 | - | 15,000 | - |
| સામાન્ય અનામત | - | 2,00,000 | - | 40,000 |
| નફા-નુકસાન ખાતું | - | 25,000 | - | - |
| | **6,75,000** | **6,75,000** | **2,90,000** | **2,90,000** |

બધા વ્યવહારો પૂર્ણ થયા હતા તેવી માહિતી પરથી, બન્ને કંપનીઓની નક્કી થયેલી ખરીદ કિંમતને આધારે યોગ્ય ગણતરી બાદ નવી કંપનીના ચોપડે નીચેની બન્ને રીતે આમનોંધ લખો અને સંયોજન બાદ પાકું સરવૈયું બનાવો.

(I) હિતોના જોડાણની રીતે (વિલીનીકરણ સ્વરૂપનું સંયોજન)

(II) ખરીદ પદ્ધતિ મુજબ (ખરીદ સ્વરૂપનું સંયોજન)

**જવાબ -5**

**નોંધ :** (1) ખરીદ કિંમતને આધારે મૂડી અનામત અથવા પાઘડીની ગણતરી :

| **વિગત** | **P લિ. ₹** | **Q લિ. ₹** |
|---|---|---|
| મિલકતો | 5,00,000 | 275,000 |
| બેંક | 1,75,000 | 15,000 |
| કુલ મિલકતો | 6,75,000 | 2,90,000 |
| - દેવાં / જવાબદારી (ડિબેન્ચર) | 50,000 | 50,000 |
| ચો.મિ. | 6,25,000 | 2,40,000 |

| | | |
|---|---|---|
| - ખરીદ કિંમત<br>P લિ. ને 6,00,000 ₹ ની શેરમૂડી<br>Q લિ. ને 2,000 ઈ.શેર દરેક ₹ 100<br>ઉપરાંત ₹ 50,000 રોકડ | 6,00,000 | 2,50,000 |
| પાઘડી / મૂડી અનામત (ખરીદ પદ્ધતિ મુજબ)<br>નોંધ : હિતોનાં જોડાણ મુજબ મૂડી અનામત<br>કે પાઘડીને બદલે ''અનામત' અથવા<br>ન.નુ. ખાતે દર્શાવશે (નોંધ (2), (3) જુઓ) | 25,000<br>(મૂડી અનામત) | 10,000<br>(પાઘડી) |

**નોંધ (2):** હિતોનાં જોડાણની રીતે આમનોંધ વખતે P લિ.નું અનામત / ન.નું ખાતાની જમા બાકી :

પા.સ. મુજબ (અનામત ₹ 2,00,000 + ન.નુ ખાતું ₹ 25,000) મુજબ

અનામત / ન.નું ખાતું ₹ 2,25,000 - (ખ.કિં. રૂપે શેર ₹ 6,00,000 - જૂની શેરમૂડી ₹ 4,00,000)

અનામત /ન.નું ખાતું = 2,25,000 - 2,00,000 = 25,000 જમા ગણાય.

**નોંધ (3):** હિતોના જોડાણની રીતે આમનોંધ વખતે Q લિ.નું

અનામત / ન.નુ ખાતું ₹ 40,000 - (ખ.કિં. 2,50,000 બાદ જૂની શેરમૂડી 2,00,000)

= 40,000 - 50,000 = 10,000 ન.નુ. ખાતાની ઉધાર બાકી ગણાય.

**(2) હિતોના જોડાણની રીતે 'R' લિ. નવી કંપનીના ચોપડે આમનોંધ (તા. 31-3-2017) :**

| ક્રમ | વિગત | | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|---|
| (1) | સંયોજનની શરત મુજબ ખરીદ કિંમત નક્કી થતાં : | | | | |
| | ધંધાની ખરીદી ખાતે | ઉ. | | 8,50,000 | |
| | તે P લિ. ના લિક્વિડેટર ખાતે | | | | 6,00,000 |
| | તે Q લિ. ના લિક્વિડેટર ખાતે | | | | 2,50,000 |
| (2) | P લિ. ની મિલકતો - જવાબદારી લેતાં અને તફાવતના નફા -નુકસાન ખાતે ફેરબદલી કરતાં : | | | | |
| | કાયમી મિલકતો ખાતે | ઉ. | | 5,00,000 | |
| | બેંક ખાતે | ઉ. | | | 1,75,000 |
| | તે 7%ના ડિબેન્ચર્સ ખાતે | | | | 50,000 |
| | તે ધંધાની ખરીદી ખાતે | | | | 6,00,000 |
| | તે નફા-નુકસાન ખાતે (નોંધ-2) | | | | 25,000 |
| (3) | P લિ. ને ખરીદી કિંમત ચૂકવતાં : | | | | |
| | P લિ. ના લિકિવેડર ખાતે | ઉ. | | 6,00,000 | |

| | | | | |
|---|---|---|---|---|
| | તે શેરમૂડી ખાતે | | | 6,00,000 |
| (4) | Q લિ. ની મિલકતો - જવાબાદારી લેતાં | | | |
| | અને તફાવત ન.નુ. ખાતે લઈ જતાં : | | | |
| | કાયમી મિલકતો ખાતે ઉ. | | 2,75,000 | |
| | બેંક ખાતે ઉ. | | | 15,000 |
| | નફા-નુકસાન ખાતે (નોંધ - 3) ઉ. | | 10,000 | |
| | તે 7 % ના ડિબેન્ચર ખાતે | | | 50,000 |
| | તે ધંધાની ખરીદી ખાતે | | | 2,50,000 |
| (5) | Q લિ. ને ખરીદ કિંમત ચૂકવતાં : | | | |
| | Q લિ. લિક્વિડેટર ખાતે ઉ. | | 2,50,000 | |
| | તે શેરમૂડી ખાતે | | | 2,00,000 |
| | તે બેંક ખાતે | | | 50,000 |
| (6) | વિસર્જન ખર્ચ અને સંયોજનનો ખર્ચ ચૂકવતા : | | | |
| | વિસર્જન ખર્ચ ખાતે ઉ. | | 5,000 | |
| | સંયોજનના ખર્ચ ખાતે ઉ. | | 10,000 | |
| | તે બેંક ખાતે | | | 15,000 |
| (7) | વિસર્જન ખર્ચ અને સંયોજન ખર્ચ નુ ખાતે માંડી વાળતાં : | | | |
| | નફા-નુકસાન ખાતે ઉ. | | 15,000 | |
| | તે વિસર્જન ખર્ચ ખાતે | | | 5,000 |
| | તે સંયોજન ખર્ચ ખાતે | | | 10,000 |

**R કપની લિ. સંયોજન બાદનું (હિતોના જોડાણની રીતે વિલીનીકરણ બાદનું) 31-3-2017 ના રોજનું પાકું સરવૈયું.**

| | વિગત | નોંધ નં. | રકમ ₹ | રકમ ₹ |
|---|---|---|---|---|
| **(1)** | **ઈક્વિટી અને દેવાં :** | | | |
| (1) | શેર હોલ્ડર્સ ભંડોળ : | | | |
| | (અ) શેરમૂડી : | | | |
| સત્તાવાર : 10.000 ઈ.શેર દરેક ₹ 100 | | - | - | 10,00.000 |
| બહાર પાડેલી અને ભરપાઈ થયેલ 8,000 | | | | |
| ઈ.શેર દરેક ₹ 100 | | - | - | 8,00,000 |
| (6.000 + 2.000 ઈ.શેર , ખ.કિં. નાં રોકડ સિવાયના અવેજ તરીકે) | | | | |
| (બ) | અનામત અને વધારો : | | | |
| P લિ. મુજલ મિ. દેવા. સામે | | | | |
| | - ખ.કિ. (તફાવત) =25,000 | | | |
| Q લિ. મુજબ મિ. દેવા. | | | | |

| | | | |
|---|---|---|---|
| ખ.કિં. (તકાવત) = - 10,000 | | | |
| 15,000 | | | |
| - વિસર્જન ખર્ચ -5,000 | | | |
| સંયોજન ખર્ચ -10,000 | | | |
| (2) બિનચાલુ દેવાં : | | | |
| લાંબા ગાળાનાં ઉછીનાં | | | |
| 7 % ના ડિબેન્ચર્સ | | | 1,00,000 |
| **(3) ચાલુ દેવાંઃ** | | | |
| **કુલ** | - | - | **9,00,000** |
| **II મિલકતોઃ** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| (અ) દશ્ય મિલકતો : | | | |
| કાયમી મિલકતો | - | - | 7,75,000 |
| (બ) કાયમી મિલકતો | - | - | - |
| (ક) બિન ચાલુ રોકાણો | - | - | - |
| (2) ચાલુ મિલકતો | | | |
| બેંક (1,75,000 + 15,000) = | | 1,90,000 | |
| - વિ. ખર્ચ 5,000 + સંયોજન ખર્ચ | | | |
| 10,000 તેમ જ ખ.કિં.માં રોકડ ₹ 50,000 | - | -65,000 | 1,25,000 |
| **કુલ** | - | - | **9,00,000** |

**(3) ખરીદ સ્વરૂપનાં સંયોજન મુજબ ખરીદ પદ્ધતિથી R કું નાંચોપડે આમનોંધ (તા-31-3-2017)**

| ક્રમ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| (1) | સંયોજનની શરત મુજબ ખરીદ કિંમત નક્કી થતાં : | | | |
| | ધંધાની ખરીદી ખાતે ઉ. | | 8,50,000 | |
| | તે P લિ. ના લિક્વિડેટર ખાતે | | | 6,00,000 |
| | તે Q લિ. ના લિક્વિડેટર ખાતે | | | 2,50,000 |
| (2) | P લિ.ની મિલકતો અને જવાબદારીઓ લઈ લેતા : | | | |
| | પરચૂરણ મિલકતો ખાતે ઉ. | | 5,00,000 | |
| | બેંક ખાતે ઉ. | | 1,75,000 | |
| | તે 7%ના ડિબેન્ચર્સ ખાતે | | | 50,000 |
| | તે ધંધાની ખરીદી ખાતે | | | 6,00,000 |
| | તે મૂડી અનામત ખાતે (નોંધ-1) | | | 25,000 |

| | | | | |
|---|---|---|---|---|
| (3) | P લિ. ને ખરીદી કિંમત ચૂકવતાં : | | | |
| | P લિ. ના લિકિવેડર ખાતે ઉ. | | 6,00,000 | |
| | તે શેરમૂડી ખાતે | | | 6,00,000 |
| (4) | Q લિ. ની મિલકતો - જવાબદારીઓ લઈ લેતાં : | | | |
| | પરચૂરણ મિલકતો ખાતે ઉ. | | 2,75,000 | |
| | બેંક ખાતે ઉ. | | 15,000 | |
| | પાઘડી ખાતે (નોંધ - 1) ઉ. | | 10,000 | |
| | તે 7 % ના ડિબેન્ચર ખાતે | | | 50,000 |
| | તે ધંધાની ખરીદી ખાતે | | | 2,50,000 |
| (5) | Q લિ. ને ખરીદ કિંમત ચૂકવતાં : | | | |
| | Q લિ. ના લિક્વિડેટર ખાતે ઉ. | | 2,50,000 | |
| | તે શેરમૂડી ખાતે | | | 2,00,000 |
| | તે બેંક ખાતે | | | 50,000 |
| (6) | વિસર્જન ખર્ચ અને સંયોજનનો ખર્ચ ચૂકવતા : | | | |
| | વિસર્જન ખર્ચ ખાતે ઉ. | | 5,000 | |
| | સંયોજનના ખર્ચ ખાતે ઉ. | | 10,000 | |
| | તે બેંક ખાતે | | | 15,000 |
| (7) | મૂડી અનામત સામે, પાઘડી, વિસર્જન ખર્ચ તથા સંયોજન ખર્ચ માંડી વાળતા : ? | | | |
| | મૂડી અનામત ખાતે ઉ. | | 25,000। | |
| | તે પાઘડી ખાતે | | | 10,000 |
| | તે વિસર્જન ખાતે | | | 5,000 |
| | તે સંયોજન ખર્ચ ખાતે | | | 10,000 |

નોંધ : મિત્રો, અહીં ખરીદ સ્વરૂપના સંયોજન મુજબના પા.સ. માટે ઉપરોક્ત વિલીનીકરણ મુજબ પાકા સરવૈયાની વિગતો આવશે. ''અનામત વધારો'' શીર્ષક નીચે કોઈ ગણતરી રકમ દર્શાવાશે નહિ.

**R લિ. ના ચોપડે ખરીદ સ્વરૂપનાં સંયોજન બાદનું પા.સ. તા. 31-3-2017**

| | **વિગત** | **નોંધ નં.** | **રકમ ₹** | **રકમ ₹** |
|---|---|---|---|---|
| **(1)** | **ઇક્વિટી અને દેવાં:** | | | |
| (1) | શેર હોલ્ડર્સ ભંડોળ : | | | |
| | સત્તાવાર થાપણ : 10,000 ઇ.શેર દરેક ₹ 10 | - | - | 10,00.000 |
| | બહાર પાડેલી અને ભરપાઈ થયેલ 8,000 ઇ.શેર દરેક ₹ 100 | - | - | 8,00,000 |
| | (6.000 + 2.000 શેર મુજબ) | | | |

| | | | | |
|---|---|---|---|---|
| (2) | અનામત અને વધારો : | | | |
| (3) | બિનચાલુ દેવાં : | | | |
| | 7 % ના ડિબેન્ચર્સ | | | 1,00,000 |
| **(4)** | **ચાલુ દેવાં:** | | | |
| | **કુલ** | - | - | **9,00,000** |
| **II** | **મિલકતો:** | | | |
| (1) | બિનચાલુ મિલકતો : | | | |
| | (અ) દશ્ય કાયમી મિલકતો : | | | |
| | પરચૂરણ મિલકતો | - | - | 7,75,000 |
| (2) | ચાલુ મિલકતો | | | |
| | બેંક (આગળ દર્શાવેલ મુજબ) | | | 1,25,000 |
| | **કુલ** | - | - | **9,00,000** |

નવી કંપનીના ચોપડે જરૂરી ખાતાં અને પા.સ. બનાવવાનો મુદ્દો :

**ઉદા.6**

G કંપની અને H કંપનીએ ‘I’ કોર્પોરેશન નામે નવી કંપનીની રચના કરવા માટે સંયોજન કરવાનું નક્કી કર્યું નથી. કંપનીની સામાન્ય શેરમૂડી ₹ 60,00,000 ની 3,00,000 ઈક્વિટી શેર દરેક ₹ 20 લેખે રાખવાનું નક્કી થયેલ. ‘I’ કોર્પોરેશન આ બન્ને કંપનીઓની મિલકતો અને જવાબદારીઓ ખરીદી લેશે, અને બદલામાં ₹ 20 નો એક શેર લેખે 6 કંપનીને ₹ 40,00,000 ના ઈક્વિટી શેર અને 11 કંપનીને ₹ 20 નો એક શેર લેખે ₹ 15,00,000 ના ઈક્વિટી શેર ચૂકવશે.

1 કોર્પોરેશન 0 કંપનીનો વિસર્જન ખર્ચ ₹ 18,000 અને 11 કંપનીનો વિસર્જન ખર્ચ ₹ 12,000 પણ ચૂકવશે. 1 કોર્પોરેશનનો પ્રાથમિક ખર્ચ ₹ 36,000 થશે.

નીચે બન્ને કંપનીઓના સંક્ષિપ્ત પા.સ. તા. 31-3-2017ની વિગત આપેલ છે.

| **વિગત** | G લિ. | | H લિ. | |
|---|---|---|---|---|
| | ઉ. ₹ | જ. ₹ | ઉ. ₹ | જ.₹ |
| શેરમૂડી | - | 30,00,000 | - | 15,00,000 |
| પાઘડી | 5,00,000 | - | 2,00,000 | - |
| ફ્રિહોલ્ડ મિલકતો | 19,12,000 | - | 9,05,600 | - |
| પ્લાન્ટ - મશીનરી | 7,05,000 | - | 4,31,200 | - |
| સ્ટૉક | 3,75,200 | - | 2,53,700 | - |
| દેવાદારો | 2,53,100 | - | 1,30,500 | - |
| બૅંકમાં રોકડ | 5,52,100 | - | 62,600 | - |
| લેણદારો | - | 1,72,400 | - | 1,13,600 |
| સામાન્ય અનામત | - | 10,00,000 | - | 1,00,000 |

| | | | | |
|---|---|---|---|---|
| સલામત લોન (તારણ) | - | - | - | 2,00,000 |
| નફા-નુકસાન ખાતું | - | 1,25,000 | - | 70,000 |
| | **42,97,400** | **42,97,400** | **19,83,600** | **19,83,600** |

આ સંયોજન વિધિ પૂર્ણ થયેલ 'I' કોર્પોરેશને સંયોજન બાદ સલામત લોન (તારણ) ની ચુકવણી કરી આપેલ. તમારે તૈયાર કરવાના છે :

(1) રોકડ ખાતા સહિત જરૂરી ખાતાઓ નવી કંપની 'I' કોપરિશનના ચોપડામાં ....

(2) સંયોજન બાદનું 'I' કોર્પોરેશનનું પા.સ.

**જવાબ 6** જરૂરી ગણતરી :

**(1) બન્ને કંપનીઓની ખરીદી કિંમત :**

| **વિગત** | **G કં.** | **H કં.** |
|---|---|---|
| દરેક ₹ 20 લેખે ઇક્વિટી શેર; (રોકડ સિવાય પૂર્ણ ભરપાઈ થયેલ) | 40,00,000 | 15,00,000 |
| બેંક - રોકડ ખાતે | 18,000 | 12,000 |
| H કં. ની સલામત (તારણ સહિત) ની લોન સામે રોકડ વ્યવસ્થા | - | 2,00,000 |
| **ખરીદ કિંમત** | **40,18,000** | **17,12,000** |

**(2) બન્ને કંપનીની ચોખ્ખી મિલકતો :**

| **વિગત** | **G કં.** | **H કં.** |
|---|---|---|
| ફ્રિ હોલ્ડ મિલકતો | 19,12,000 | 9,05,600 |
| પ્લાન્ટ - મશીનરી | 7,05,000 | 4,31,200 |
| સ્ટોક્સ | 3,75,200 | 253,700 |
| દેવાદારો | 2,53,100 | 1,30,500 |
| રોકડ (બેંકમાં) | 5,52,000 | 62,600 |
| કુલ મિલકતો | 37,97,400 | 17,83,600 |
| **બાદ : દેવાં / જવાબદારી :** | | |
| લેણદારો (G કં ના ) | 1,72,400 | - |
| સલામત (તારણ સહિત) લોન | | 2,00,000 |
| લેણદારો (11. કં.ના ) | - | 1,13,600 |
| **ચોખ્ખી મિલકતો** | **36,93,000** | **2,42,000** |

**(3) પાઘડી અથવા મૂડી અનામત :**

| **વિગત** | **G કં.** | **H કં.** |
|---|---|---|
| ખરીદ કિંમત | 40,18,000 | 17.12.000 |
| - ચોખ્ખી મિલકતો | 36,25,000 | 4,70,000 |
| પાઘડી | 3,93,200 | 2,42,700 |

## નવી કંપની I કોર્પોરેશન ચોપડામાં જરૂરી ખાતાંઓ

### (1) ફ્રિહોલ્ડ મિલકતોનું ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| G લિ. ના ધંધાની | | બાકી આગળ લઈ ગયા | 28,17,600 |
| ખરીદ ખાતે | 19,12,000 | | |
| H લિ. ના ધંધાની ખરીદ | | | |
| ખાતે | 9,05,600 | | |
| | **28,17,600** | | **28,17,600** |

### (2) પ્લાન્ટ - મશીનરી ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| G લિ. ના ધંધાની | | બાકી આગળ લઈ ગયા | 11,36,200 |
| ખરીદ ખાતે | 7,05,000 | | |
| H લિ. ના ધંધાની ખરીદ | | | |
| ખાતે | 4,31,200 | | |
| | **11,36,200** | | **11,36,200** |

### (3) સ્ટોક ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| G લિ. ના ધંધાની | | બાકી આગળ લઈ ગયા | 6,28,900 |
| ખરીદ ખાતે | 3,75,200 | | |
| H લિ. ના ધંધાની ખરીદ | | | |
| ખાતે | 2,53,700 | | |
| | **6,28,900** | | **6,28,900** |

### (4) પરચૂરણ દેવાદારોનું ખાતું

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| G લિ. ના ધંધાની | | બાકી આગળ લઈ ગયા | 3,83,600 |
| ખરીદ ખાતે | 2,53,100 | | |
| H લિ. ના ધંધાની ખરીદ | | | |
| ખાતે | 1,30,500 | | |
| | **3,83,600** | | **3,83,600** |

**(5) બેંક (રોકડ) ખાતું**

ઉ. જ.

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---:|---|---:|
| G લિ. ના ધંધાની ખરીદ ખાતે | 5,52,100 | G કં. ના લિ. કિં. ખાતે | 18,000 |
| | | H કં. ના લિ. કિં. ખાતે | 2,12,000 |
| H લિ. ના ધંધાની ખરીદ ખાતે | 62,600 | લોનખાતે | 2,00,000 |
| | | પ્રાથમિક ખર્ચ ખાતે | 36,000 |
| | | બાકી લઈ ગયા (?) | 1,48,700 |
| | **6,14,700** | | **6,14,700** |

(1) A લિ. ના દરેક શેરના બદલામાં નવી કંપની 4 ઇક્વિટી શેર અને B લિ. ના દરેક શેરના બદલામાં નવી કંપની 3 ઇક્વિટી શેર, દરેક ₹ 25 ની નક્કી કરેલ કિંમતે આપશે. નવી કંપનીના ઇક્વિટી શેરની મૂળ કિંમત ₹ 10 છે.

(2) બન્ને કંપનીના પ્રેફરન્સ શેરના બદલામાં તેટલી જ સંખ્યામાં 14% ના નવી કંપનીના પ્રેફરન્સ શેર ₹ 125ના ભાવે આપશે.

(3) બન્ને કંપનીના ડિબેન્ચર હોલ્ડર્સને નવી કંપનીના 15% ના ડિબેન્ચર તેટલી સંખ્યામાં આપવા કે જેથી તેમને મળતા વ્યાજની રકમ જળવાઈ રહે.

(4) રોકાણોનું એલાઉન્સ અનામત બીજા 5 વર્ષ સુધી જાળવવાનું છે.

તમારે T લિ. ના ચોપડામાં પાકું સરવૈયું તમામ ગણતરી સાથે, જો સંયોજન વિલીનીકરણ 'મર્જર' ના ફોર્મમાં થયું હોય તેમ માની તૈયાર કરો.

જવાબ અને સમજૂતી

સંયોજનનું સ્વરૂપ મર્જર પ્રકારનું છે. એટલે કે હિતોના જોડાણની રીતે અને હિસાબી ધોરણ-14 ધ્યાનમાં લેવાશે.

| | | |
|---|---|---|
| (i) | A લિ. ની ખરીદ કિંમત | ₹ 19,04,000 |
| (ii) | B લિ. ની ખરીદ કિંમત | ₹ 11,76,000 |
| (iii) | A લિ. ની ચોખ્ખી મિલકતો (અનામતો સહિત) | ₹ 14,12,000 |
| (iv) | B લિ. ની ચોખ્ખી મિલકતો (અનામતો સહિત) | ₹ 10,84,480 |
| (v) | ખરીદ કિંમતનો કુલ વધારો (4,96,000 + 91,52) | ₹ 5,87,520 |
| (vi) | કુલ સામાન્ય વધારો (2,88,000 + 1,92,000) | ₹ 4,80,000 |

નીકળી જશે. તેમજ ન.નું ખાતાની બાકીમાં કરવાનો ઘટાડો

= 5,87,520 - 4,80,000 = 1,07,520

(vii) નવા પાકા સરવૈયામાં દર્શાવવાનું ન.નું. ખાતું ₹ 44.3830

(90,000 + 62,000 = 1,5 400 - 1,07,520)

(viii) પાકા સરવૈયાનો સરવાળો - ₹ 33,70,000)

**પ્ર.10 ઉપરોક્ત પ્રશ્ન નં. 9 મુજબ વિગતો ધ્યાન લઈને જો આ સંયોજનનું 'ખરીદ સ્વરૂપનું' હોય તો જરૂરી ગણતરી સાથે 'T' લિ. નું પાકું સરવૈયું બનાવો.**

**જવાબ અને સમજૂતી :**

- સયાજનનું 'ખરીદ' પ્રકાર નવું સ્વરૂપ તથા હિસાબી ધોરણ - 14 ધ્યાનમાં લેતા

| | | |
|---|---|---|
| (i) | A લિ. ની ખરીદ કિંમત | ₹ 19,08,000 |
| | A લિ. ની ચોખ્ખી મિલકત | ₹ 20,00,000 |
| | મૂડી અનામત ₹ 92,000 | |
| (ii) | B લિ. ની ખરીદ કિંમત | ₹ 11,76,000 |
| | B લિ. ની ચોખ્ખી કિંમત | ₹ 14,70,880 |
| | મૂડી અનામત ₹ 2,94,880 | |

(iii) કુલ મૂડી અનામત ₹ 3,80,880

(iv) સંયોજન હવાલા ખાતે ₹ 96,000 જે અનામત વધારો શીર્ષક નીચે પા.સ. માં બાદ દર્શાવવામાં આવે છે.

(v) પાકા સરવૈયાંનો સરવાળો ₹ 38,70,000)

**પ્ર.11** V લિ. અને B લિ. નાં કાચાં સરવૈયા નીચે આપેલ છે :

તા. 31-3-2017ના રોજનાં કાચાં સરવૈયાં

| વિગત | ઉધાર બાકી | | જમા બાકી | |
|---|---|---|---|---|
| | V લિ. ₹ | B લિ. ₹ | V લિ. ₹ | B લિ. ₹ |
| ઈ.શેરમૂડી દરેક ₹ 10 | - | - | 6,30,000 | 4,50,000 |
| 9%ના રીડીમેબલ પ્રેફ. | | | | |
| શેર, દરેક ₹ 100 | - | - | 2,70,000 | - |
| સામાન્ય અનામત | - | - | 1,48,000 | 2,25,000 |
| શેર પ્રીમિયમ | - | - | 31,500 | - |
| મૂડી પરત અનામત | - | - | 1,80,000 | - |
| 8%ના ડિબેન્ચર્સ | - | - | 1,80,000 | 2,70,000 |
| લેણદારો | - | - | 3,60,000 | 4,05,000 |
| પાઘડી | 45,000 | - | - | - |
| જમીન મકાન | - | 3,15,000 | - | - |
| પ્લાન્ટ | 9,00,000 | 4,05,000 | - | - |
| ફિક્ષ્ચર્સ | 15,000 | 45,000 | | |
| વાહન | 30,000 | 45,000 | | |
| સ્ટોક | 3,60,000 | 2,25,000 | | |
| દેવાદારો | 2,40,000 | 1,50,000 | | |
| લોન-ધિરાણ | 1,50,000 | 1,05,000 | | |
| રોકડ અને બેંક | 60,000 | 60,000 | | |
| | **18,00,000** | **13,50,000** | **18,00,000** | **13,50,000** |

તા. 1-4-2017ના રોજ નીચેની શરતો મુજબ બન્ને કંપનીઓનું જોડાણ કરીને M કંપનીની રચના કરવામાં આવી.

(1) M લિ. ના 7 ઈ. શેર ના બદલામાં 10 S લિ.ના ઈ. શેર, શેરદીઠ ₹ 10 લેખે આપવા.

(2) B લિ. ના 5 ઈ.શેરના બદલામાં 6 M લિ. ના ઈ.શેર, શેરદીઠ ₹ 10 લેખે આપવા ઉપરાંત દર 1 શેરદીઠ ₹ 2 રોકડા આપવા.

(3) V લિ. નારી. પ્રેફ. શેર હોલ્ડરને ₹ 100 નો એક એવા 11%ના 2,700 પ્રેફરન્સ શેર લિ. એ આપવા.

(4) V લિ. ના ડિબેન્ચર હોલ્ડર્સને ₹ 1,000નો એક એવા 120 ડિબેન્ચર 10%ના લિ. એ આપવા.

(5) B લિ.ના ડિબેન્ચર હોલ્ડર્સને ₹ 10નો એક લેખે 18,000 M લિ. ના ઈ. શેર આપવા.

આ માહિતી પરથી M લિ. એ બન્ને કંપનીઓને ચૂકવવાની - ખરીદ કિંમત નક્કી કરી. ત્રણેય કંપનીના ચોપડે આમનોંધ લખો.

**જવાબ અને સમજૂતી :**

V લિ. અને B લિ. ની ખરીદ કિંમતની ગણતરી :

(1) V લિ. ને ખરીદ કિંમતના બદલામાં ચૂકવવાની રકમ :

| વિગત - ગણતરી | ₹ |
|---|---|
| (i) 7 ઈ. શેર સામે 10 ઈ. શેર.<br>63,000 શેર સામે = ?<br>$= \frac{63,000 \times 10}{7}$ = 90,000 ઈ.શેર દરેક ₹ 10 | 9,00,000 |
| (ii) રી. પ્રેફ. શેર 2,700. દરેક ₹ 100 | 2,70,000 |
| **કુલ ખરીદ કિંમત** | **11,70,000** |

(2) B લિ. ને ખરીદ કિંમતના બદલામાં ચૂકવવાની રકમ :

| વિગત - ગણતરી | ₹ |
|---|---|
| (i) 5 ઈ. શેર સામે 6 ઈ. શેર.<br>45,000 શેર સામે = ?<br>$= \frac{45,000 \times 6}{5}$ = 54,000 ઈ.શેર દરેક ₹ 10 | 5,40,000 |
| (ii) શેરદીઠ રોકડ, જૂના 45,000 શેર 2 ₹ શેરદીઠ | 90,000 |
| **કુલ ખરીદ કિંમત** | **63,00,000** |

**મિત્રો, ત્રણેય કંપની માટે આમનોંધ જાતે લખવી**

**બહુવિકલ્પવાળા પ્રશ્નો (MCQs) (Multiple Choice Question)**

નીચે આપેલ દરેક પ્રશ્ન નીચે ચાર વિકલ્પો જવાબરૂપે આપેલ છે. તેમાંથી તમારે સાચા જવાબ સામે ✓ નિશાની કરવાની છે.

(1) વિલીનીકરણ સ્વરૂપનાં સંયોજન મુજબ સંયોજન અંગે જે ખરીદ કિંમતનો અવેજ નક્કી થાય તેનું સ્વરૂપ-----

(અ) ઈ. શેર, ડિબેન્ચર્સ સ્વરૂપે હોવું જોઈએ. ☐

(બ) પ્રેક. શેર સ્વરૂપે જ હોવું જેઈએ. ☐

(ક) શેર સ્વરૂપે જ હોવું જોઈએ. ☐

(ડ) આમાંથી એકપણ નહિ. ☐

(2) ખરીદ સ્વરૂપનાં સંયોજનમાં ખરીદ કિંમત મુજબ "પાઘડી" ઉદ્ભવેલ હોય ત્યારે જો કોઈ લાંબો સમયગાળો નક્કી ન થયો હોય, તો તેની માંડવાળ માટે હિસાબી ધોરણ - 14માં કેટલો સમય ફરજિયાત દર્શાવેલ છે ?

(અ) કોઈ જ સમયગાળો નિશ્ચિત નથી કરેલ ☐

(બ) સંયોજન તારીખથી 5 વર્ષ સુધીમાં પાઘડી માંડી વાળવી ☐

(ક) લાગુ પડતાં પરિબળો મુજબ સમયગાળો ☐

(ડ) આમાંથી એકપણ નહિ. ☐

(3) જો વિલીનીકરણ સ્વરૂપના સંયોજન સંબંધી શરતોમાંથી એક અથવા તેથી વધુ શરતોનું પાલન ન થાય તો સંયોજનનું સ્વરૂપ----છે.

(અ) સમાવેશ સ્વરૂપનું ☐

(બ) પુનઃરચના સ્વરૂપનું ☐

(ક) ખરીદ સ્વરૂપનું સંયોજન ☐

(ડ) આમાંથી એકપણ નહિ. ☐

(4) વિલીનીકરણ સ્વરૂપના સંયોજન મુજબ ફેરબદલી કરનારનાં કેટલાં ટકા ઉપરાંતનાં ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત મુજબના શેરહોલ્ડર્સ, સંયોજનને લીધે ફેરબદલી લેનારનાં શેરહોલ્ડર્સ બનવા જોઈએ.

(અ) 90% ઉપરાંતના ☐

(બ) 51% ઉપરાંતના ☐

(ક) 71% ઉપરાંતના ☐

(ડ) આમાંથી એક પણ નહિ ☐

(5) સંયોજન વખતે ધંધો વેચનાર કંપનીના ચોપડે પ્રેકરન્સ મૂડીની મૂળ રકમ ક્યા ખાતે લઈ જવામાં આવે છે ?

(અ) મૂડી અનામત ખાતે ☐

(બ) ઈક્વિટી શેરમૂડી ખાતે ☐

(ક) પ્રેકરન્સ શેરહોલ્ડર્સ ખાતે ☐

(ડ) માલ-મિલકત નિકાલ ખાતે ☐

(6) સંયોજન વખતે ધંધો વેચનાર કંપનીના ચોપડે માલિકી ભંડોળ અને અનામતોનાં ખાતાં બંધ કરી નીચી પૈકી ક્યા ખાતે જમા કરવામાં આવે છે ?

(અ) વેચનાર કંપની ખાતે ☐

(બ) ઈક્વિટીશેર હોલ્ડર્સ ખાતે ☐

(ક) ખરીદનાર કંપની ખાતે ☐

(ડ) નફાનુકસાન ખાતે ☐

(7) બે કંપનીઓના સંયોજનમાં એવી માહિતી આપેલ છે કે કંપની X અને કંપની Y ની ખરીદ કિંમત અનુક્રમે ₹ 500000 અને ₹ 600000 છે. આ કિસ્સામાં ધંધાની ખરીદ કિંમત નીચે પૈકી કઈ પદ્ધતિએ ગણેલી ગણાય ?

(અ) ઉચ્ચક / ઉઘડી રકમથી ☐
(બ) અવેજ પદ્ધતિથી ☐
(ક) ચોખ્ખી મિલકત પદ્ધતિથી ☐
(ડ) કુલ મિલકત પદ્ધતિ ☐

(8) ''સંયોજન હવાલા ખાતું'' ક્યા પ્રકારનાં સંયોજન વખતે હિસાબો તૈયાર કરનાર (ધંધો ખરીદનાર કું) તૈયાર કરે છે ?

(અ) ખરીદ સ્વરૂપનાં સંયોજન વખતે ☐
(બ) હિતોના જોડાણ સ્વરૂપે ☐
(ક) વિલીનીકરણ સ્વરૂપનાં સંયોજન ખાતે ☐
(ડ) આમાંથી એકપણ નહિ ☐

(9) વિલીનીકરણ સ્વરૂપનાં સંયોજનમાં ધંધો ફેરબદલ આપના કું. ના.ન.નું. ખાતાની બાકી, કેવી રીતે દર્શાવાય છે ?

(અ) પોતાના અનામત ખાતે જમા કરીને ☐
(બ) ધંધો ફેરબદલ લેનારના ન.નુ. ખાતાની બાકીમાં અથવા તેનાં સામાન્ય અનામતમાં સમાવીને નોંધાય છે. ☐
(ક) પુનઃ મૂલ્યાંકન અનામત ઊભું કરીને ☐
(ડ) આમાંથી એકપણ નહિ ☐

(10) 'પાઘડી' અથવા 'મૂડી અનામત' ગણતરી નીચે પૈકી ક્યારે થતી નથી.

(અ) વિલીનીકરણ સ્વરૂપમાં સંયોજનમાં ☐
(બ) ખરીદ સ્વરૂપના સંયોજનમાં ☐
(ક) ભા.હિ. ધો. - 14 મુજબ સંયોજન હોય તો ☐
(ડ) આમાંથી એકપણ નહિ ☐

(11) સંયોજન વખતે ધંધો ફેરબદલ કરનાર (વેચનાર) કું. ના ચોપડે 5% નાં 8000 ડિબેન્ચર દરેક ₹ 100ના લેખે છે જેના પર ચાલુ વર્ષનું વ્યાજ ચઢત છે. જો નવી કું. (ધંધો ફેરબદલ લેનાર અથવા ખરીદનાર) આ 1ડિબેન્ચર હોલ્ડર્સને પોતના 8% નાં નવા ડિબેન્ચર્સ ચઢત વ્યાજ જેટલી રકમનાં પ્રીમિયમે આપે છે તો નવી કું. એ ડિબેન્ચર હોલ્ડર્સને કેટલા ટકા પ્રીમિયમે આપેલ હોય ?

(અ) 10% ☐ (બ) 8% ☐
(ક) 5% ☐ (ડ) 13% ☐

(12) સંયોજન વખતે જૂની કું (ધંધા વેચનાર) ના ચોપડે રહેલી ''ડિવિડન્ડ સમીકરણ ભંડોળ'' ની બાકી વેચનાર નીચે પૈકી કઈ રીતે નોંધાશે ?

(અ) નવી કંપની ખાતે જમા ☐

(બ) ડિવિડન્ડ ખાતે જમા ☐

(ક) માલમિલકત નિકાલ ખાતે જમા ☐

(ડ) ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે જમા ☐

(13) ભારતીય હિસાબી ધોરણ નં. 14 મુજબ વિલીનીકરણ સ્વરૂપનાં સંયોજનમાં હિતોનાં જોડાણની રીતે ખરીદ કિંમત સામે ચોખ્ખી મિલકતો સરખાવતાં તફાવત આવે તો તેને નીચે પૈકી કયા ખાતે લઈ જવામાં આવે છે ?

(અ) પાઘડી ખાતે ☐

(બ) સામાન્ય અનામત અથવા ન.નુ. ખાતે ☐

(ક) મૂડી અનામત ખાતે ☐

(ડ) ઈક્વિટી શેરહોલ્ડર્સ ખાતે ☐

(14) ભા.હિ. ધો. નં. 14 મુજબ ચોખ્ખી મિલકતો નક્કી કરતી વખતે જૂની કું . (ધંધો વેચનાર)ના ડિબેન્ચરની રકમ માટે શું થાય છે ?

(અ) જવાબદારીમાંથી બાદ ☐

(બ) આ રકમ ધ્યાનમાં જ નથી લેવાતી ☐

(ક) ધંધાની મિલકતોમાંથી દેવા તરીકે બાદ ☐

(ડ) શેરમૂડીમાંથી બાદ ☐

(15) ભારતીય હિસાબી ધોરણ નં. 14 મુજબ ખરીદ કિંમત નક્કી કરતી વખતે જૂની કું. (ધંધો વેચનાર) નાં ડિબેન્ચરનો સમાવેશ નીચે પૈકી શેમાં નથી કરાતો ?

(અ) ખરીદ કિંમતમાં ☐

(બ) ચોખ્ખી મિલકતમાં ☐

(ક) પાઘડીમાં ☐

(ડ) નવી કું.માં ☐

(16) ધંધો ખરીદનાર ચો.મિ. ઉપરાંત વિસર્જન ખર્ચની રકમ વેચનારને ચૂકવે ત્યારે તેને -------- ઉધારે છે.

(અ) વિસર્જન ખાતે ☐

(બ) રોકડ / બેંક ખાતે ☐

(ક) વેચનાર કું. ખાતે ☐

(ડ) પાઘડી ખાતે/ મૂડી અનામત ☐

**જવાબો : [MCQ]**

(1) (ક) શેર સ્વરૂપે જ હોવું જોઈએ.

(2) (બ) સંયોજન તારીખથી 5 વર્ષ સુધીમાં પાઘડી માંડી વાળવી

(3) (ક) ખરીદી સ્વરૂપનું સંયોજન

(4) (અ) 90% ઉપરાંતના

(5) (ક) પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ખાતે

(6) (બ) ઇક્વિટી શેરહોલ્ડર્સ ખાતે

(7) (અ) ઉચ્ચક / ઉઘડી રકમથી

(8) (અ) ખરીદ સ્વરૂપના સંયોજન વખતે

(9) (બ) ધંધો ફેરબદલ લેનાર ન.નુ ખાતાની બાકીમાં અથવા તેનાં સામાન્ય અનામતમાં સમાવીને નોંધાય છે.

(10) (અ) વિલીનીકરણ સ્વરૂપનાં સંયોજનમાં

(11) (ક) 5%

(12) (ડ) ઇક્વિટી શેરહોલ્ડર્સ ખાતે

(13) (બ) સામાન્ય અનામત અથવા ન.નુ. ખાતે

(14) (ક) ધંધાની મિલકતોમાંથી દેવાં તરીકે બાદ

(15) (અ) ખરીદ કિંમતમાં

(16) (ડ) પાઘડી ખાતે

# એકમ 12 કંપનીઓનું વિલીનીકરણ અને કંપનીના ધંધાની ખરીદી (કંપનીના સમાવેશના હિસાબો)

-: રૂપરેખા :-

**12.0** સંયોજન અને સમાવેશ તફાવત

**12.1** સમાવેશ સંબંધી વિશિષ્ટ મુદ્દાઓ

- **12.1.1** શૅરની બજાર કિંમત વિશે
- **12.1.2** શૅરની આંતરિક કિંમત ધ્યાનમાં લેવા અંગે
- **12.1.3** સમાવેશ વખતે આંતર કંપની વ્યવહારોની અસર

**12.2** સારાંશ

**12.3** વ્યાવહારિક ઉદાહરણો (ઉદા. 1 થી 20)

(હિસાબી ધોરણ -14 અને ભારતીય કંપનીધારા 2013માં દર્શાવેલ માર્ગદર્શનના આધારે પૂર્ણ જવાબ સાથે)

❖ સ્વાધ્યાય

➢ સૈદ્ધાંતિક પ્રશ્નો

➢ હેતુલક્ષી પ્રશ્નો

➢ વ્યાવહારિક પ્રશ્નો (માર્ગદર્શક સમજૂતી-ટૂંકા ઉત્તરો સાથે)

➢ બહું વિકલ્પવાળા પ્રશ્નો (MCQS) જવાબ સાથે

## 12.0 સંયોજન અને સમાવેશ - તફાવત :

સંયોજન અને સમાવેશમાં ઘણું સામ્ય હોવા છતાં તેમાં નીચે દર્શાવિલ તફાવતો પણ જોવા મળે છે.

| સંયોજન | સમાવેશ |
|---|---|
| 1. સંયોજનરૂપી જોડાણમાં સામેલ થતી બધી જ કંપનીઓનું મરજિયાત વિસર્જન કરવામાં આવે છે. | 1. સમાવેશરૂપી જોડાણમાં સામેલ થતી કંપનીઓમાં ની કોઈએક કંપની યથાવત રહે છે. બાકીની કંપનીઓનું મરજિયાત વિસર્જન થાય છે. |
| 2. અહીં, સંયોજનની શરત મુજબ બંધ થતી કંપનીઓની મિલકતો અને દેવાં-ધંધો ખરીદી લેવા માટે નવી કંપની ઊભી કરવામાં આવે છે. | 2. સમાવેશમાં શરત મુજબની કોઈ એક કંપની યથાવત્ ચાલુ રહે છે તેથી નવી કંપની સ્થાપવાની કોઈ જરૂર રહેતી નથી. ચાલુ રહેતી કંપની અન્ય કંપનીઓનો ધંધો ખરીદી લે છે. |
| 3. સંયોજન મુજબ નવી કંપનીની સ્થાપના થાય છે તેથી ખરીદકિંમતની ચુકવણી પેટે આપવાના થતાં શૅરમાં બજારકિંમત નો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતોં નથી. | 3. અહીં જે કંપની ચાલુ હોય છં. તેજ ધંધો ખરીદે છે. આથી ખરીદકિંમતની ચુકવણી પેટે જે શૅર આપવામાં આવે છે તેની બજાર કિંમત ગણાય છે અને ધ્યાનમાં લેવાય છે. |

## 12.1 સમાવેશ સંબંધી વિશિષ્ટ મુદ્દા :

સમાવેશ વખતે બન્ને કંપનીઓ વચ્ચે નીચેના મુદ્દાઓ ખાસ ધ્યાનમાં લેવા.

**(1) શૅરની બજાર કિંમત અંગે :-**

સમાવેશમાં જે કંપની ચાલુ રહીને બીજું કંપનીનો ધંધો પોતાનામાં સમાવીને સંભાળી લેતી હોય તે સદ્ધર અને પ્રતિષ્ઠિત કંપની હોય તો તેના શૅરનો બજારભાવ ઊંચો બોલાતો હોય છે. ખરીદકિંમત પેટે આ કંપની બંધ થતી કંપનીને શૅર આપે તો સ્વાભાવિક રીતે જ તે શૅરનો બજારભાવ ધ્યાનમાં લે. આથી બજારભાવને ધ્યાનમાં રાખી શૅરની સંખ્યા નક્કી થાય. દાર્શનિક કિંમત કરતાં વધુ ભાવની નોંધ પ્રીમિયમ તરીકે થાય છે.

**(2) શૅરની આંતરિક કિંમત ધ્યાનમાં લેવા અંગે :-**

કેટલાંક સંજોગોમાં ખરીદ કિંમત પેટે કેટલા શૅર આપવા જોઈએ તેનું પ્રમાણ નક્કી કરવાનું હોય છે. શૅરની બજારકિંમત ન આપી હોય તો શૅરની આંતરિક કિંમત નક્કી કરવી પડે છે. જે નીચેનાં સૂત્રને આધારે ગણવામાં આવે છે.

$$\text{શૅરની આંતરિક કિંમત} = \frac{\text{ચોખ્ખી મિલકતો}}{\text{ઈક્વિટી શૅરની કુલ સંખ્યા}}$$

શૅરની આંતરિક કિંમત સમાવેશ કરતી કંપની અને સમાઈ જતી કંપની એમ બંને કંપની માટે નક્કી કરવામાં આવે છે. જો શૅરની કિંમતનું ચોક્કસ પ્રમાણ ન મળે તો વધારાની રકમ રોકડમાં આપવાની ગોઠવણ કરવામાં આવે છે.

દા.ત., ધંધાની ખરીદ કિંમત ₹. 4,80.000

બંધ થતી કંપનીના શૅરની આંતરિક કિંમત ₹. 320

સમાવેશ કરતી કંપનીના શૅરની આંતરિક કિંમત ₹. 640

હોય તો સમાવેશ કરનાર કંપની $\frac{480000}{640}$ =750 શૅર ₹.640 લેખે આપે. બંધ થતી કંપનીને 2 શૅરના બદલામાં 1 શૅર મળે. જો અહિ પૂર્ણાંક આંકડો ન આવે તો ખૂટતી રકમ રોકડરૂપે પણ અપાય છે.

**(3) સમાવેશ વખતે આંતર કંપની વ્યવહારોની અસર :-**

**(i) અરસપરસના દેવાં લેણાં :-**

જ્યારે સમાવેશ મુજબ બંધ થતી કંપની પાસે સમાવેશ કરનાર કંપનીનો અમુક રકમ લેણી હોય તો સમાવેશ વખતે તે અસરપરસના દેવાં-લેણાં તરીકે રદ ગણવામાં આવે છે. દા.ત. અ-કંપની બ-કંપની પાસે ₹.98,000 માગે છે. આ રકમ અ-ના દેવાદારોમાં અને બ-ના લેણદારોમાં હશે. અ-કંપની બ-કંપનીના મિલકત - દેવા સંભાળી લેતી હોય તો અ-કંપનીને આ ₹.98,000 મળવાના કે ચૂકવવાના નથી આથી અ- કંપની નીચે મુજબ આમનોંધ કરશે.

| | | | |
|---|---|---|---|
| લેણદાર ખાતે | ઉ. | 98,000 | |
| તે દેવાદારો ખાતે | | | 98,000 |

**(ii) અસરપરસની હૂંડીઓ અંગે :-**

ઉપરના ઉદાહરણમાં છે તે જ પ્રમાણે ₹.35,000ની અરસપરસ હૂંડી લખાયેલી અને

સ્વીકારાયેલી હોય તો અ - કંપનીને લેણી હૂંડીના નાણાં મળવાનો નથી કે દેવી હૂંડીના નાણાં ચુકવવાના નથી. આથી અ - કંપની તે હૂંડીઓ રદ કરવા નીચે મુજબ આમનોંધ કરશે.

| | | | |
|---|---|---|---|
| દેવી હૂંડી ખાતે | ઉ. | 35,000 | |
| તે લેણી હૂંડી ખાતે | | | 35,000 |

**(iii) અસરપરસ ખરીદેલ માલ-સ્ટોક અને તેમાં નફા-નુકસાન અંગે :-**

જેમ કે અ- કંપની એ બ - કંપનીને ₹.80,000નો માલ ૨૫ ટકા નફાથી વેચેલ છે. ધારી લો કે બ- કંપનીના સ્ટોકમાં આ માલ વેચાયા વગરનો પડેલો છે અ- કંપની બ- કંપનીની મિલકતો અને દેવાં ખરીદી લે છે. સ્ટોક જે બ- ની મિલકતોમાં છે તેની કિંમત તે ₹.80,000 જ ગણે છે. તો ₹.20,000નું નુકસાન ક્યા ખાતે ઉધારવું તે પ્રશ્ન ઊભો થાય. તેથી વેચનાર કંપનીએ નુકસાન ભોગવવાનું હોય તો અ - કંપની નીચે મુજબ આમ નોંધ કરશે.

| | | | |
|---|---|---|---|
| વેચનાર કંપની ખાતે | ઉ. | 20,000 | |
| તે માલ સ્ટોક ખાતે | | | 20,000 |

જો નુકસાન ધંધો ખરીદનાર કંપની એ ભોગવવાનું હોય તો નીચે પ્રમાણે આમનોંધ થશે

| | | | |
|---|---|---|---|
| પાઘડી ખાતે ઉ. અથવા | | | |
| મૂડી અનામત ખાતે | ઉ. | 20,000 | |
| તે માલ સ્ટોક ખાતે | | | 20,000 |

**(iv) આંતરકંપની શૅર રોકાણ અંગે :-**

સમાવેશમાં સામેલ કંપનીઓના અરસપરસની પરિસ્થિતિ મુજબના જે સમાવેશ કરનાર છે તે અને સમાવેશ પામતી કંપની છે. તે બંને એકબીજાના શૅર ધરાવતી હોય અથવા બેમાંથી એક કંપની બીજું કંપનીના શૅર ધરાવતી હોય તે સંજોગોમાં ખરીદકિંમત અને તેની ચુકવણી મહત્ત્વનો મુદ્દો બને છે. તેથી નીચે મુજબ તેની હિસાબી અસર આપી શકાય :

**(A) સમાવેશ કરનાર (ખરીદ કરનાર) કંપની પાસે બંધ થતી (વેચનાર) કંપનીના શૅર હોય તે સંજોગોમાં :-**

જેમ કે અ- કંપનીમાં બ- કંપનીનો સમાવેશ થાય છે. બ- કંપનીના કુલ 2,000 શૅરમાંથી 200 શૅર અ - કંપની ધરાવતી હોય તો અ - કંપની 1/10 ભાગનાં શૅર ધરાવે છે. ખરીદકિંમત ₹.2,00,000 નક્કી થઈ હોય તો તેનો 1/10 ભાગ તો અ - કંપનીને જ મળે. ખરીદ કિંમત શૅરમાં ચૂકવાય તો અ- કંપની પ્રથમ શૅર આપે છે અને વળી પોતે જ પોતાના શૅર મેળવે તેવી સ્થિતિ ઊભી થાય કંપનીધારાની જોગવાઈ મુજબ કંપની પોતે જ પોતાના શૅર ખરીદી શકે નહિ. આથી સમાવેશ કરનાર કંપની નીચેના બે વૈકલ્પિક માર્ગોમાંથી ગોઠવણ કરે છે :

(1) શૅર હોલ્ડર તરીકે મેળવવાનો ભાગ ખરીદકિંમતમાંથી બાદ કરી વધતી રકમની જ ચુકવણી કરવામાં આવે. ઉપરના ઉદાહરણમાં ₹.2,00,000 બદલે ₹.1,80,000 જ ચૂકવે.

(2) ખરીદકિંમત પૂરી ગણાય, પરંતુ ચુકવણી વખતે વિરોધી અસર આપી તેટલી ઓછી રકમ ચૂકવાય.

**(B) સમાવેશ કરનાર (ખરીદનાર) કંપનીના શૅર બંધ થતી (વેચનાર) કંપની પાસે હોય તે સંજોગોમાં :-**

અહીં પણ કંપનીએ પોતાના શૅર ખરીદવાની સ્થિતિ ઊભી થાય. આ સ્થિતિ નિવારવા સમાવેશ કરનાર કંપની બંધ થતી કંપનીના શૅર રોકાણ સિવાયની મિલકતો લે છે. બંધ થતી કંપની રોકાણો બજારમાં વેચી શકે અથવા શૅરહોલ્ડર્સને પ્રમાણસર આપી શકે. આમ જાતે જ શૅરની ખરીદી ન થાય તે નિયમનું પાલન થાય છે.

**(C) બંને કંપની અરસપરસ શૅર ખરીદી વડે શૅર ધારણ કરતાં હોય તે સંજોગોમાં :-**

જ્યારે સમાવેશ કરનાર (ખરીદનાર) અને સમાવેશ થનાર (વેચનાર), બંને કંપનીઓએ એકબીજાની કંપનીમાં અરસપરસ શૅર રોકાણ વ્યવસ્થા મુજબ શૅર ખરીદ્યા હોય ત્યારે બંને કંપનીના શૅરની કિંમતની ગણતરી વખતે એક કંપનીના શૅરની કિંમત બીજું કંપનીના શૅરની કિંમત ઉપર અસર કરનારું રોકાણ તત્ત્વ હોય, તેને ધ્યાનમાં રાખીને ખરીદકિંમત નક્કી કરવી જોઈએ.

## 12.2 સારાંશ :

(1) સંયોજન - જોડાણનું એક અન્ય સ્વરૂપ સમાવેશ છે જે મુજબ, સમાવેશમાં સદ્ધર કંપની બીજું કંપનીના ધંધાની ખરીદી કરી લે છે. અ + બ = અ કંપની એટલે સમાવેશ

(2) સમાવેશનો મુખ્ય હેતુ હરીફાઈ ઘટાડી બજારની પરિસ્થિતિનો મહત્તમ લાભ લેવાનો છે.

(3) અરસપરસના વ્યવહારો અને શૅર રોકાણોના મુદ્દાનો ખાસ અભ્યાસ કરો.

(4) સમાવેશ કરનાર કંપની શરૂઆતની આમનોંધ લખે છે. મિલકતો ઉધારે છે. દેવાં જમા કરે છે. ખરીદકિંમત વેચનાર જમા આપે છે. ચૂકવે ત્યારે વેચનાર કંપનીને ઉધારી રોકડ, બેંક, ડિબેંચર કે શૅરમૂડી ખાતે જમા લે છે. ફેરફાર પછીનું પાકું સરવૈયું 2013ના કંપની ધારા મુજબ જ તૈયાર કરવામાં આવે છે.

(5) સમાવેશ બાદના નવા પા.સ. માં 'મિલકતો'ના શીર્ષક નીચે પ્રાથમિક ખર્ચ, સ્થાપના ખર્ચ, સંયોજન સમાવેશ અંગે ચૂકવેલ ખર્ચ, સંયોજન હવાલા ખાતું વગેરે બાકીઓ ન દર્શાવતાં આ બાકીઓ ઈક્વિટી દેવામાં 'અનામત વધારો' શીર્ષક નીચે સામાન્ય અનામત / નફાનુકસાન ખાતામાંથી બાદ કરવી.

(6) સંયોજન તેમજ સમાવેશના કારણો તેમજ હેતુઓ ધ્યાનમાં લેવા.

(7) તફાવત : સંયોજન અને સમાવેશમાં મુખ્ય ત્રણ તફાવત છે.

  (1) સંયોજનમાં બધી કંપનીઓનું વિસર્જન, સમાવેશમાં એક કંપની ચાલુ રહે

  (2) સંયોજનમાં નવી કંપની સ્થાપવી જરૂરી, સમાવેશમાં તે જરૂરી નથી.

  (3) સંયોજનમાં શૅરની બજારકિંમતનો પ્રશ્ન નથી, સમાવેશમાં છે.

(8) આપેલા સમજૂતી દર્શક સંપૂર્ણ જવાબવાળા ઉદાહરણોનો અભ્યાસ સ્વાધ્યાયના પ્રશ્નો માટે કરશો.

## 12.3 વ્યાવહારિક ઉદાહરણો :

❖ **ઉદાહરણ : 1**

➢ **સમાવી લેતી કંપનીના ચોપડે નવું પાકું સરવૈયુનો મુદ્દો :**

'G' લિ. ને કાના લિ. એ નીચેની શરતોએ તેના નીચે દર્શાવેલ પા.સ.ની માહિતી મુજબ સમાવી લેવાનું નક્કી કર્યું. કંપની ધારા, 2013ની જોગવાઈને અનુસરીને કાના લિ.નું પાકું સરવૈયું બનાવો.

**'G' લિ. નું તા. 31-03-2017ના રોજનું પાકું સરવૈયું :**

| મૂડી દેવાં | રકમ ₹. | મિલકત-લેણાં | રકમ ₹. |
|---|---|---|---|
| 10% પ્રેફ મૂડી (દરેક ₹.10) | 5,00,000 | પ્લાન્ટ - મશીનરી | 5,00,000 |
| ઈક્વિટી શૅરમૂડી (દરેક ₹.10) | 10,00,000 | જમીન - મકાન | 10,00,000 |
| સામાન્ય અનામત | 3,00,000 | રોકાણો | 2,00,000 |
| નફા-નુકસાન ખાતું | 2,00,000 | દેવાદારો | 4,00,000 |
| ડિબેન્ચર | 3,00,000 | સ્ટોક | 3,00,000 |
| લેણદારો | 2,00,000 | રોકડ | 10,000 |
| | | બૅંક | 90,000 |
| | 25,00,000 | | 25,00,000 |

❖ **અન્ય માહિતી :**

(1) G કં.લિ.ના ઈક્વિટી શૅરહોલ્ડર્સને 6% પ્રીમિયમે કાના લિ. ના ઈક્વિટી શૅરના સ્વરૂપમાં ખરીદકિંમત પેટે ચૂકવવા.

(2) G લિ. ના પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને દર 9 શૅરના બદલામાં કાના લિ. ના 1 પ્રેફરન્સ શૅર આપવા. બંને કંપનીઓના પ્રેફરન્સ શૅરની દાર્શનિક કિંમત સરખી છે.

(3) મિલકતોની બજારકિંમત નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્લાન્ટ - મશીનરી | ₹. 4,00,000 |
| જમીન - મકાન | ₹. 17,00,000 |
| રોકાણો | ₹. 1,00,000 |

દેવાદારો ચોપડા કિંમત કરતાં 10% ઓછા ગણવા.

**જવાબ : 13**

**(1) ખરીદકિંમત :-**

ઈક્વિટી શૅરમૂડી ₹.10,00,000 + 6% પ્રીમિયમ = 10,60,000

+ પ્રેફ. શૅરમૂડી ₹.$50,000 \times \frac{9}{5}$ = 90,000 × 10 = 9,00,000

ખરીદ કિંમત 19,60,000

**(2) ચોખ્ખી મિલકત :-** **₹.**

| | |
|---|---|
| પ્લાન્ટ - મશીનરી | 4,00,000 |
| જમીન - મકાન | 17,00,000 |

| | | |
|---|---|---|
| રોકાણો | 1,00,000 | |
| દેવાદારો | 4,00,000 | |
| રોકડ | 10,000 | |
| બેંક | 90,000 | |
| કુલ મિલકતો | 27,00,000 | |
| બાદ : દેવાં / જવાબદારી : | | |
| ઘાલખાદ્ય અનામત | 40,000 | |
| લેણદારો | 3,00,000 | |
| ડિબેન્ચર | 2,00,000 | 5,40,000 |
| **ચોખ્ખી મિલકતો** | | **21,60,000** |

**(3)** **મૂડી અનામત** = ચોખ્ખી મિલકત - ખરીદ કિંમત
= 21,60,000 - 19,60,000
= 2,00,000

**કાના લિ. નું તા. 31-03-2017ના રોજનું સમાવેશ બાદનું પાકું સરવૈયું**

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને દેવાં :** | | | |
| (1) શૅર હોલ્ડર્સ ભંડોળ : | - | | |
| (અ) શૅરમૂડી | | | |
| ઈ.શૅર 1,00,000 દરેક ₹.10 લેખે | - | 10,00,000 | |
| 10% ના પ્રેફ. શૅર 90,000 દરેક ₹.10 લેખે | - | 9,00,000 | 19,00,000 |
| (ઈ.શૅર અને પ્રેફ. શૅર સંયોજન કરાર મુજબ ખ.કિં.ના અવેજ સ્વરૂપે) | | | |
| (બ) અનામત અને વધારો : | | | |
| જામીનગીરી પ્રીમિયમ (1,00,000 ઈ.શૅર દરેક ₹.0.60 લેખે) | - | 60,000 | |
| મૂડી અનામત | - | 2,00,000 | 2,60,000 |
| (2) બિનચાલુ દેવાં : | - | | |
| લાંબાગાળાનાં ઉછીનાં-ડિબેન્ચર્સ | | | 2,00,000 |
| (3) ચાલુ દેવાં : | | | |
| લેણદારો | - | - | 3,00,000 |
| **કુલ** | | | **26,60,000** |
| **(II) મિલકતો :** | | | |
| (1) બિન ચાલુ મિલકતો : | | | |
| (અ) દૃશ્ય મિલકતો : | | | |
| જમીન - મકાન | - | 17,00,000 | |
| પ્લાન્ટ - મશીનરી | - | 4,00,000 | 21,00,000 |
| (બ) અદૃશ્ય મિલકતો : | | | |

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| (ક) બિનચાલુ રોકાણો (રોકાણો) | - | - | 1,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | | |
| દેવાદારો 4,00,000 | | | |
| - બાદ ઘા. અનામત 40,000 | | 3,60,000 | |
| રોકડ | | 10,000 | |
| બેંક | | 90,000 | 4,60,000 |
| **કુલ** | - | - | **26,60,000** |

❖ **ઉદાહરણ : 2**

➢ **સમાવેશ પામતી અને સમાવેશ કરતી કંું. ના ચોપડે આમનોંધ તથા આંતરિક કિંમતનો મુદ્દો :**

તા. 31 માર્ચ રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે :

**તા. 31-03-2017ના રોજના પાકાં સરવૈયાં**

| મૂડી-દેવાં | D લિ.₹. | M લિ. ₹. | મિલકત - લેણાં | D લિ. ₹. | M લિ. ₹. |
|---|---|---|---|---|---|
| શૅરમૂડી | | | પાઘડી | 2,00,000 | |
| 50,000 ઈ. શૅર દરેક | | | | | |
| ₹.100 લેખે | 50,00,000 | - | કાયમી મિલકતો | 83,00,000 | 1,60,00,000 |
| 8,00,000 ઈ. શૅર દરેક | | | રોકાણો | 17,00,000 | |
| ₹.10 લેખે | - | 80,00,000 | | | |
| મૂડી અનામત | 10,00,000 | - | ચાલુ મિલકતો | 69,00,000 | 1,68,00,000 |
| સા. અનામત | 36,00,000 | 1,00,00,000 | | | |
| તારણવાળી લોન | - | 40,00,000 | | | |
| તારણ વગરની લોન | 22,00,000 | - | | | |
| પરચૂરણ લેણદારો | 42,00,000 | 46,00,000 | | | |
| કર જોગવાઈ | 11,00,000 | 52,00,000 | | | |
| ડિવિડન્ડની જોગવાઈ | - | 10,00,000 | | | |
| | 1,71,00,000 | 3,28,00,000 | | 1,71,00,000 | 3,28,00,000 |

➢ તા. 31 માર્ચ રોજ D કંપનીનું M કંપનીમાં નીચેની શરતો મુજબ સમાવેશ કરવામાં આવ્યું :

સમાવેશના હેતુસર પાઘડી કે જે D લિ. ના હિસાબમાં દર્શાવેલ છે તેનું મૂલ્ય કંઈ ગણવું નહિં. એજ રીતે D લિ. નો ₹.4,00,000 ચઢત ઘસારો પણ છે. તે ધ્યાનમાં ન લેવો. D કંપનીના શૅરહોલ્ડર્સને M કંપનીએ પોતાના એ મુજબના સમાન પ્રમાણ વડે અનુક્રમિત આંતરિક કિંમત આપીને તેઓની તે સંબંધી શૅરહોલ્ડર્સની માંગણીને સંતોષવી અને તે રીતે બંને કંપનીઓની નવી શૅરમૂડી રાખવી.

બંને કંપનીના ચોપડામાં હિસાબી ધોરણ 14 ખરીદ પદ્ધતિ મુજબ વ્યવહારોની હિસાબી અસર આપીને આમનોંધ આપો.

**જવાબ : 2**

હિસાબી ધોરણ 14 મુજબ ધંધો ફેરબદલી લેનાર સમાવેશ પામતી કંપની માટે ખરીદ કિંમતની ગણતરી તેના **શૅરની આંતરિક કિંમત** ગણીને નક્કી કરવામાં આવશે.

**(1) D કંપનીના શૅરનું મૂલ્યાંકન : ચોખ્ખી માલિકી ભંડોળની રકમ મુજબ :-**

| **વિગત** | **₹.** | **₹.** |
|---|---|---|
| શૅરમૂડી | - | 50,00,000 |
| મૂડી અનામત | - | 10,00,000 |
| સામાન્ય અનામત | - | 36,00,000 |
| માલિકી ભંડોળ | - | 96,00,000 |
| બાદ : પાઘડી | 2,00,000 | |
| ચઢત ઘસારો | 4,00,000 | -6,00,000 |
| ઈક્વિટી શૅરહોલ્ડર માટે ચોખ્ખી માલિકીભંડોળની રકમ | | 90,00,000 |

❖ **નોંધ : ચોખ્ખી માલિકીની ભંડોળની રકમ** = ઈ શૅર હોલ્ડર્સ માટેની ચોખ્ખી મિલકતો ગણાય.

$$\text{શૅરની આંતરિક કિંમત} = \frac{\text{ઈ.શૅરહોલ્ડર્સ માટે ચોખ્ખી મિલકત}}{\text{ઈક્વિટી શૅરની કુલ સંખ્યા}}$$

**(2) M લિ. ના શૅરનું મૂલ્યાંકન : ચોખ્ખી માલિકી ભંડોળની રકમની રકમ મુજબ**

| | |
|---|---|
| શૅરમૂડી | 80,00,000 |
| સામાન્ય અનામત | 1,00,00,000 |
| ઈક્વિટી શૅરહોલ્ડર્સ માટે ચોખ્ખી માલિકી ભંડોળની રકમ | 1,80,00,000 |

$$\text{શૅરની આંતરિક કિંમત} = \frac{1,80,00,000}{8,00,000} = 22.50 \text{ ₹.}$$

**(3) M લિ. દ્વારા આપવાના શૅર સંખ્યાની ગણતરી :**

D લિ. ના શૅરહોલ્ડર્સને ચૂકવવાની રકમ ચોખ્ખી મિલકત = ખ. કિંમ. ₹.90,00,000 જે શૅરદીઠ ખરીદકિંમત ₹.22.50 લેખે ગણતાં.

$$\text{શૅર સંખ્યા} = \frac{90,00,000}{22.50} = 4,00,000 \text{ ઈ. શૅર સંખ્યા)}$$

❖ **નોંધ : M લિ. ના શૅરની દાર્શનિક કિંમત ₹.10 છે જ્યારે આંતરિક કિંમતે નવી શૅરદીઠ કિંમત ₹.22.50 છે. તેથી શૅરદીઠ પ્રીમિયમ ₹.12.50 ગણાશે.**

**(4) સમાવેશ પામતી D કું. ના ચોપડે આમનોંધ :**

(નોંધ : હિસાબી ધોરણ 14 મુજબ ધંધો સમાવેશ પામતી એટલે કે, ફેરબદલી આપનાર કંપનીના ચોપડે જૂની પદ્ધતિ મુજબ જ સમાવેશ રૂપી સંયોજન અંગેની હિસાબી નોંધ કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.)

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર ₹. | જમા ₹. |
|---|---|---|---|---|
| (1) | મિલકતો માલ-મિલકત નિકાલ ખાતે લઈ જતાં : | | | |
| | માલમિલકત નિકાલ ખાતે ઉ. | - | 1,71,00,000 | |
| | તે કાયમી મિલકતો ખાતે | | | 83,00,000 |
| | તે ચાલુ મિલકતો ખાતે | | | 69,00,000 |
| | તે રોકાણો ખાતે | | | 17,00,000 |
| | તે પાઘડી ખાતે | | | 2,00,000 |
| (2) | પરચૂરણ જવાબદારીઓ મા.મિ.નિ. ખાતે લઈ જતાં : | | | |
| | તારણ વગરની લોન ખાતે ઉ. | | 22,00,000 | |
| | પરચૂરણ લેણદારો ખાતે ઉ. | | 42,00,000 | |
| | કર જોગવાઈ ખાતે ઉ. | | 11,00,000 | |
| | તે માલમિલકત નિકાલ ખાતે | | | 75,00,000 |
| (3) | સંયોજન-કરાર મુજબ ખરીદ-કિંમતની નોંધ: | | | |
| | M લિ. ખાતે ઉ. | | 90,00,000 | |
| | તે માલમિલકત ખાતે | | | 90,00,000 |
| (4) | ખરીદ કિંમત સામે શૅર મળતાં :) | | | |
| | M લિ. ના શૅર ખાતે ઉ. | | 90,00,000 | |
| | તે M લિ. ખાતે | | | 90,00,000 |
| (5) | સામાન્ય અનામત અને મૂડી અનામત : શૅરહોલ્ડર્સ ખાતે લઈ જતાં : | | | |
| | સામાન્ય અનામત ખાતે ઉ. | | 36,00,000 | |
| | મૂડી અનામત ખાતે ઉ. | | 10,00,000 | |
| | તે શૅરહોલ્ડર્સ ખાતે | | | 46,00,000 |
| (6) | શૅરહોલ્ડર્સ ખાતે (વિસર્જનનું નુકસાન ઉધારતાં) ઉ. | | 6,00,000 | |
| | તે માલમિલકત નિકાલ ખાતે | | | 6,00,000 |
| (7) | M લિ. ના શૅર, શૅરહોલ્ડર્સ વચ્ચે વહેંચી દેતાં: | | | |
| | શૅરહોલ્ડર્સ ખાતે ઉ. | | 90,00,000 | |
| | તે M લિ. ના શૅર ખાતે | | | 90,00,000 |

**(5) ખરીદનાર M લિ. ના ચોપડે આમનોંધ :**

હિસાબી ધોરણ - 14 મુજબ ધંધાની ફેરબદલી લેનાર (સમાવેશ રૂપે ધંધો ખરીદનાર) કંપની દ્વારા ખરીદ કિંમત મુજબ તથા સમાવેશ રૂપી સંયોજનનું સ્વરૂપ ધ્યાને લેતા ખરીદી સ્વરૂપનું સમાવેશ છે તેથી નીચે મુજબ આમનોંધ થશે.

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર ₹. | જમા ₹. |
|---|---|---|---|---|
| (1) | 'D' કંાું ને સમાવેશ મુજબ ખરીદકિંમત અંગે | | | |
| | ધંધાની ખરીદ ખાતે ઉ. | | 90,00,000 | |
| | તે 'D' કંાું. ના લિક્વિડેટર ખાતે | | | 90,00,000 |
| (2) | 'D' કંાું પાસેથી મિલકતો અને જવાબદારી લેતાં. | | | |
| | કાયમી મિલકતો ખાતે (ઘસારા બાદ) ઉ. | | 79,00,000 | |
| | ચાલુ મિલકતો ખાતે ઉ. | | 69,00,000 | |
| | રોકાણો ખાતે ઉ. | | 17,00,000 | |
| | તે તારણ વગરની લોન ખાતે | | | 22,00,000 |
| | તે પરચૂરણ લેણદારો ખાતે | | | 42,00,000 |
| | તે કર જોગવાઈ ખાતે | | | 11,00,000 |
| | તે ધંધાની ખરીદ ખાતે | | | 90,00,000 |
| (3) | 400000 ઈ.શૅર દરેક ₹.10 નો ₹.22.50 ની કિંમતે Dલિ. ના લિક્વિડેટરને ખ.કિં. તરીકે આપતો : | | | |
| | D લિ. ના લિક્વિડેટર ખાતે ઉ. | | 90,00,000 | |
| | તે શૅરમૂડી ખાતે | | | 40,00,000 |
| | તે જામીનગીરી પ્રીમિયમ ખાતે | | | 50,00,000 |

❖ **ઉદાહરણ : 3**

➢ **A અને B લિ. ના પાકા સરવૈયા તા. 31-03-2018ના રોજના નીચે મુજબ છે :**

| જવાબદારીઓ | A લિ.₹. | B લિ. ₹. | મિલકતો | A લિ.₹. | B લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ઈકિ. શૅરમૂડી | | | જમીન - મકાન | 29,00,000 | 12,00,000 |
| (દરેક ₹. 10) | 50,00,000 | 20,00,000 | પ્લાન્ટ - મશીનરી | 45,00,000 | 18,00,000 |
| 14% ની પ્રેફરન્સ | | | ફર્નિચર | 5,00,000 | 2,00,000 |
| શૅરમૂડી | | | સ્ટોક | 15,00,000 | 5,00,000 |
| (₹. 100) | 20,00,000 | 10,00,000 | દેવાદારો | 10,00,000 | 7,00,000 |
| સા. અનામત | 8,00,000 | 2,00,000 | બેંકમાં રોકડ | 5,00,000 | 3,00,000 |
| રો. ભ. અના. | 7,00,000 | 3,00,000 | | | |
| ન.નુ. ખાતે | 10,00,000 | 5,00,000 | | | |
| 12% ડિબે. | | - | | | |
| (₹.100) | 5,00,000 | 2,00,000 | | | |
| લેણદારો | 5,00,000 | 3,00,000 | | | |
| અન્ય ચાલુ | | | | | |
| દેવાઓ | 4,00,000 | 2,00,000 | | | |
| | **1,09,00,000** | **47,00,000** | | **1,09,00,000** | **47,00,000** |

A લિ. એ B લિ. ને નીચેની શરતોએ સમાવી લીધી.

(1) B લિ. નાં ઈક્વિટી શૅરહોલ્ડર્સને 2,00,000 ઈક્વિટીશૅર ₹.10 નો એક એવા ₹.12.50 ની કિંમતે ખરીદકિંમત પેટે આપવા.

(2) Bલિ. ના પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને A લિ. ના 15% પ્રેફન્સ શૅર ₹.100 ની કિંમતે આપવા.

(3) Bલિ. નાં ડિબેન્ચર હોલ્ડર્સને તેટલી જ કિંમતના Aલિ. ના ₹.100નો એક એવા ડિબેન્ચર આપવા.

(4) રોકાણ ભથ્થા અનામત Bલિ. નું બે વર્ષ સુધી જાળવી રાખવાનું છે.

(5) પ્લાન્ટ અને મશીનરી બજારકિંમત ₹.15,00,000 નક્કી થઈ.

હિસાબી ધોરણ - 14 મુજબ વિલીનીકરણ સ્વરૂપના સમાવેશની રીતે A લિ.ના ચોપડે શરૂઆતની આમનોંધ અને પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ :**

(1) વિલીનીકરણ સ્વરૂપના સમાવેશ મુજબ હિતોના જોડાણની રીતે ખરીદ કિંમતની ગણતરી :

| | ₹. |
|---|---|
| ઈક્વિટી શૅર = 2,00,000 × 10.00 | = 20,00,000 |
| ઈક્વિટીશૅર પ્રીમિયમ = 2,00,000 શૅર × 2.50 | = 5,00,000 |
| પ્રેફરન્સ શૅર = 10,000 × 100 | = 10,00,000 |
| ખરીદ કિંમત | = 35,00,000 |

મિલકતો : (વિલીનીકરણ મુજબ પ્લાન્ટ મશીનરી સહિત, મિલકતો - દેવાં ચોપડા કિંમતે જ લેવાય.)

| | | | |
|---|---|---|---|
| જમીન - મકાન | 12,00,000 | લેણદારો | 3,00,000 |
| પ્લાન્ટ - મશીનરી | 18,00,000 | અન્ય ચાલુ દેવાં | 2,00,000 |
| ફર્નિચર | 2,00,000 | 12% ના ડિબેંન્ચર | 2,00,000 |
| સ્ટોક | 5,00,000 | કુલ દેવાં = | 7,00,000 |
| દેવાદાર | 7,00,000 | | |
| હાથ પર રોકડ | 3,00,000 | | |
| કુલ મિલકતો = | 47,00,000 | | |

નોંધ : ભારતીય હિસાબી ધોરણ - 14 મુજબ : વિલીનીકરણ સ્વરૂપના સમાવેશ વખતે નીચેની બે નોંધ ધ્યાનમાં લેવી :

(1) મિલકતોનો વધારો - ઘટાડો સામાન્ય અનામત ખાતે સીધો ફેરબદલ કરવો. ખરીદકિંમતમાં તેની અસર આપવી નહિં. (આમનોંધ - 2 જુઓ)

(2) ધંધો ફેરબદલ આપનાર (વેચનાર) કંપનીનું રોકાણ ભથ્થા અનામત અને નફા-નુકસાન ખાતું ખરીદનાર કંપની ખાતે ટ્રાન્સફર થશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતાં ધંધો ફેરબદલ લેનાર A લિ. ના ચોપડે - આમ નોંધ :

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર ₹. | જમા ₹. |
|---|---|---|---|---|
| (1) | ધંધાની ખરીદ કિંમત નક્કી થતાં : | | | |
| | ધંધાની ખરીદ ખાતે ઉ. | | 35,00,000 | |
| | તે 'B' લિ. ના લિક્વિડેટર ખાતે | | | 35,00,000 |
| (2) | B લિ. ની મિલકતો, જવાબદારી અનામતો અને વધારાની ચોપડા કિંમતે નોંધ : | | | |
| | જમીન - મકાન ખાતે ઉ. | | 12,00,000 | |
| | પ્લાન્ટ - મશીનરી ખાતે ઉ. | | 18,00,000 | |
| | ફર્નિચર ખાતે ઉ. | | 2,00,000 | |
| | સ્ટોક ખાતે ઉ. | | 5,00,000 | |
| | દેવાદાર ખાતે ઉ. | | 7,00,000 | |
| | બેંક / રોકડ ખાતે ઉ. | | 3,00,000 | |
| | **સામાન્ય અનામત ખાતે (તફાવત)(?)** ઉ. | | 3,00,000 | |
| | તે લેણદાર ખાતે | | | 3,00,000 |
| | તે અન્ય ચાલુ દેવાં ખાતે | | | 2,00,000 |
| | તે 12%ના ડિબેન્ચર ખાતે | | | 2,00,000 |
| | તે રોકાણ ભથ્થા અનામત ખાતે | | | 3,00,000 |
| | તે નફા-નુકસાન ખાતે | | | 5,00,000 |
| | તે ધંધાની ખરીદ ખાતે | | | 35,00,000 |
| (3) | ખરીદ કિંમત ચૂકવતાં : | | | |
| | B લિ. ના લિક્વિડેટર ખાતે ઉ. | | 35,00,000 | |
| | તે ઇક્વિટી શૅરમૂડી ખાતે | | | 20,00,000 |
| | તે ઇક્વિટી શૅર પ્રીમિયમ ખાતે | | | 5,00,000 |
| | તે પ્રેફરન્સ શૅરમૂડી ખાતે | | | 10,00,000 |
| (4) | જૂના ડિબેન્ચરનું નવા ડિબેન્ચરમાં રૂપાંતર કરતાં | | | |
| | 12% ના ડિબેન્ચર (B લિ.)ના ખાતે ઉ. | | 2,00,000 | |
| | તે 12% ના ડિબે. (A લિ.) ખાતે | | | 2,00,000 |

A લિ. નું વિલીનીકરણ સ્વરૂપ B લિ. ના સમાવેશ બાદનું :

**તા. 01-04-2017ના રોજના પાકું સરવૈયું**

| | વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|---|
| **(I)** | **ઈક્વિટી અને દેવાં :** | | | |
| (1) | શૅર હોલ્ડર્સ ભંડોળ : | - | | |
| (અ) | શૅરમૂડી | | | |
| | 7,00,000 ઈ. શૅર દરેક ₹.10 | - | 70,00,000 | |
| | (જે પૈકી 2,00,000 શૅર ધંધાની ખરીદ કિંમતના ઈ.શૅર અવેજ તરીકે) | - | | 70,00,000 |

| વિગત | | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|---|
| | 15% ના 10,000 પ્રેફ. શૅર દરેક ₹.100 | | - | 10,00,000 |
| | (ધંધાની ખરીદ કિંમતના પ્રેફ. શૅર અવેજ તરીકે) | | | |
| | (14% ના 20,000 પ્રેફ. શૅર દરેક ₹.100) | - | 20,00,000 | 30,00,000 |
| (બ) | અનામત અને વધારો : | | | |
| | સામાન્ય અનામત : 8,00,000 | | | |
| | - આમ નોંધ નં.2 મુજબ : 3,00,000 | - | 5,00,000 | |
| | નફા-નુકસાન ખાતું | - | 15,00,000 | |
| | (10,00,000 + 5,00,000) | | | |
| | રોકાણ ભથ્થા અનામત | - | 10,00,000 | |
| | (7,00,000 + 3,00,000) | | | |
| | જામીનગીરી પ્રીમિયમ | - | 5,00,000 | |
| | (2,00,000 શૅર × 2.50 ₹. | | | 35,00,000 |
| (2) | બિનચાલુ દેવાં : | | | |
| | લાંબા ગાળાના ઉછીના : | | | |
| | 12%ના ડિબેન્ચર્સ | - | - | 7,00,000 |
| (3) | ચાલુ દેવાં : | - | - | |
| | લેણદારો | - | - | 8,00,000 |
| | અન્ય ચાલુ દેવાં | - | - | 6,00,000 |
| | **કુલ** | | | **1,56,00,000** |
| **(II)** | **મિલકતો :** | | | |
| (1) | બિનચાલુ મિલકતો : | | | |
| (અ) | દશ્ય - મિલકતો : | | | |
| | જમીન - મકાન | - | 41,00,000 | |
| | પ્લાન્ટ - મશીનરી | - | 63,00,000 | |
| | ફર્નિચર | - | 7,00,000 | 1,11,00,000 |
| (2) | ચાલુ મિલકતો : | | | |
| | સ્ટોક | - | 20,00,000 | |
| | દેવાદારો | - | 17,00,000 | |
| | બેંક | - | 8,00,000 | |
| | | | | 45,00,000 |
| | **કુલ** | | | **1,56,00,000** |

❖ **ઉદાહરણ : 4**

➢ **ઉપરોક્ત ઉદા.3** ની તમામ વિગતો ધ્યાનમાં લઈને જો સમાવેશ ખરીદ સ્વરૂપે ખરીદ પદ્ધતિથી હોય તો, 'A'લિ. નવા ચોપડે સમાવેશરૂપે ધંધાની ખરીદ કિંમત ગણો, આમનોંધ લખો અને 'B'લિ.ના સમાવેશ બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : 4 જરૂરી ગણતરીઓ :**

**(1) ચોખ્ખી મિલકતો ખરીદ સ્વરૂપનાં સમાવેશ માટે ગણતરીઓ :-**

આ પદ્ધતિમાં દરેક મિલકતો અને જવાબદારીઓ બજાર કિંમતે જો હોય તો તે જ લેવામાં આવે છે.

| **મિલકતો** | **₹.** | **₹.** |
|---|---|---|
| જમીન - મકાન | - | 12,00,000 |
| પ્લાન્ટ - યંત્રો (બજાર કિંમતે) | - | 15,00,000 |
| ફર્નિચર | - | 2,00,000 |
| સ્ટોક | - | 5,00,000 |
| દેવાદાર | - | 7,00,000 |
| બેંક | - | 3,00,000 |
| | કુલ મિલકતો | 44,00,000 |
| બાદ : દેવાં - લેણદારો | 3,00,000 | |
| 12%ના ડિબે. | 2,00,000 | |
| અન્ય ચાલુ દેવાં | 2,00,000 | 7,00,000 |
| ચોખ્ખી મિલકતો | | 37,00,000 |

**(2) ધંધાની ખરીદ કિંમત :-**

| | |
|---|---|
| ઈક્વિટી શૅર 2,00,000 × 10 ₹. | = 20,00,000 |
| જામીનગીરી પ્રીમિયમ 2,00,000 × 2.50 | = 5,00,000 |
| 15% પ્રેફ. શૅર 10,000 × 100 ₹. | = 1,00,000 |
| = ખરીદ કિંમત | 35,00,000 |

**(3) મૂડી અનામત** = ચોખ્ખી મિલકત - ખરીદકિંમત

= 37,00,000 - 35,00,000 = 2,00,000

ખરીદકિંમત અને ચોખ્ખી મિલકતો વચ્ચેનો તફાવત પાઘડી કે મૂડી અનામત ગણાય. અહીં એ મુજબ મૂડી અનામત છે.

(4) જે અનામત આગળ ખેંચવાના હોય તે અનામતો માટે એક ખાસ ખાતું **'સંયોજન હવાલા'** ખાતું ખોલવામાં આવે છે.

(5) A લિ. ફેરબદલ લેનારના ચોપડે આમનોંધ નીચે મુજબ થશે :

| ક્રમ | વિગત | | ખા.પા. | ઉધાર ₹. | જમા ₹. |
|---|---|---|---|---|---|
| (1) | બજાર કિંમતે B લિ. ની મિલકતો જવાબદારી અને મૂડી અનામતની નોંધ | | | | |
| | જમીન - મકાન ખાતે | ઉ. | | 12,00,000 | |
| | પ્લાન્ટ - મશીનરી ખાતે | ઉ. | | 15,00,000 | |
| | ફર્નિચર ખાતે | ઉ. | | 2,00,000 | |
| | સ્ટોક ખાતે | ઉ. | | 5,00,000 | |
| | દેવાદારો ખાતે | ઉ. | | 7,00,000 | |
| | બેંક ખાતે | ઉ. | | 3,00,000 | |
| | તે લેણદારો ખાતે | | | | 3,00,000 |
| | તે અન્ય ચાલુ દેવાં ખાતે | | | | 2,00,000 |

| ક્રમ | વિગત | ખા.પા. | ઉધાર ₹. | જમા ₹. |
|---|---|---|---|---|
| | તે 12%ના ડિબેન્ચર ખાતે | | | 2,00,000 |
| | તે મૂડી અનામત ખાતે | | | 2,00,000 |
| | (ગણતરી (iii) મુજબ) | | | |
| | તે B લિ. ના લિક્વિડેટર ખાતે (ખ.કિં.) | | | 35,00,000 |
| (2) | ખરીદકિંમત અવેજ મુજબ ચૂકવતાં : | | | |
| | B લિ. ના લિક્વિડેટર ખાતે ઉ. | | 35,00,000 | |
| | તે ઈક્વિટી શૅરમૂડી ખાતે | | | 20,00,000 |
| | તે ઈક્વિટી શૅર પ્રીમિયમ ખાતે | | | 5,00,000 |
| | તે પ્રેફરન્સ શૅરમૂડી ખાતે | | | 10,00,000 |
| (3) | રોકાણ ભથ્થા અનામત સંયોજન હવાલા ખાતે લઈ જતાં : | | | |
| | સંયોજન હવાલા ખાતે ઉ. | | 3,00,000 | |
| | તે રોકાણ ભથ્થા અનામત ખાતે | | | 3,00,000 |
| (4) | જૂની કં. ના ડિબેન્ચર સામે ડિબેન્ચર હોલ્ડરને નવા ડિબેન્ચર આપતાં : | | | |
| | 12 % ના ડિબેન્ચર (B લિ.) ખાતે ઉ. | | 2,00,000 | |
| | તે 12 % ના ડિબેન્ચર (A લિ.) ખાતે | | | 2,00,000 |

**VI. A લિ. નું ખરીદી સ્વરૂપના સમાવેશ બાદનું તા. 01-04-2017ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને દેવાં :** | | | |
| (1) શૅર હોલ્ડર્સ ભંડોળ : | - | | |
| (અ) શૅરમૂડી | | | |
| 7,00,000 ઈ. શૅર દરેક ₹.10 | - | 70,00,000 | |
| (જે પૈકી 2,00,000 શૅર ધંધાની ખરીદ કિંમતના ઈ.શૅર અવેજ તરીકે) | | | |
| 15% ના 10,000 પ્રેફ. શૅર દરેક ₹.100 ધંધાની ખરીદકિંમતના અવેજ રૂપે) | | - | 10,00,000 |
| (14% ના 20,000 પ્રેફ. શૅર દરેક ₹.10) | | - | <u>20,00,000</u> |
| 1,00,00,000 | | | |
| (બ) અનામત અને વધારો : | | | |
| સામાન્ય અનામત : | - | 8,00,000 | |
| - સંયોજન હવાલા ખાતું | - | <u>-3,00,000</u> | |
| | | 5,00,000 | |
| રોકાણ ભથ્થા અનામત | - | 10,00,000 | |

| | | | | |
|---|---|---|---|---|
| | (7,00,000 + 3,00,000) | | | |
| | **વિગત** | **નોંધ નં.** | **રકમ ₹.** | **રકમ ₹.** |
| | જામીનગીરી પ્રીમિયમ (2,00,000 ઈ.શૅર × દરેક ₹. 2.50) | - | 5,00,000 | |
| | + મૂડી અનામત (નોંધ (iii)) | - | 2,00,000 | |
| | નફા નુકસાન ખાતું (10,00,000 + 5,00,000) | - | 15,00,000 | 32,00,000 |
| (2) | બિનચાલુ દેવાં : | | | |
| | લાંબા ગાળાના ઉછીના : | - | | |
| | 12%ના ડિબેન્ચર્સ | - | - | 7,00,000 |
| (3) | ચાલુ દેવાં : | | | |
| | વેપારી દેવાં - લેણદારો | - | 8,00,000 | |
| | અન્ય ચાલુ દેવાં | - | 6,00,000 | 14,00,000 |
| | **કુલ** | **-** | **-** | **1,53,00,000** |
| **(II)** | **મિલકતો :** | | | |
| (1) | બિનચાલુ મિલકતો : | | | |
| (અ) | દૃશ્ય - મિલકતો : | | | |
| | જમીન - મકાન | - | 41,00,000 | |
| | પ્લાન્ટ - મશીનરી | - | 60,00,000 | |
| | ફર્નિચર | - | 7,00,000 | 1,08,00,000 |
| (2) | ચાલુ મિલકતો : | | | |
| | સ્ટોક | - | 20,00,000 | |
| | દેવાદારો | - | 17,00,000 | |
| | બેંક | - | 8,00,000 | |
| | | | | 45,00,000 |
| | **કુલ** | | | **1,53,00,000** |

❖ **ઉદાહરણ : 5**

➢ **તા. 31-03-2017** ના રોજ K લિ. અને P લિ.નું સંયોજન એવી રીતે કરવામાં આવે છે કે જે મુજબ K લિ. અને P લિ. નો ધંધો લઈ લે છે. બંને કંપનીના પાકા સરવૈયા આ તારીખે નીચે મુજબ છે :

**તા. 31-03-2017 ના રોજના પાકાં સરવૈયાં**

| જવાબદારીઓ | K લિ.₹. | P લિ. ₹. | મિલકત-લેણાં | K લિ.₹. | P લિ. ₹. |
|---|---|---|---|---|---|
| 12%ની પ્રેફ. શૅરમૂડી દરેક ₹. 100 | 6,00,000 | 4,00,000 | મકાન-ફેક્ટરી | 12,00,000 | 5,00,000 |
| ઈ. શૅરમૂડી દરેક ₹. 10 | 18,00,000 | 7,00,000 | પ્લાન્ટ-મશીનરી | 8,00,000 | 4,00,000 |
| સામાન્ય અનામત | 3,00,000 | 2,00,000 | ફર્નિચર | 3,00,000 | 2,00,000 |

| જવાબદારીઓ | K લિ.₹. | P લિ. ₹. | મિલકત-લેણાં | K લિ.₹. | P લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ન.નું. ખાતું | 1,00,000 | 1,30,000 | રોકાણો | 3,40,000 | 3,00,000 |
| વિકાસ અનામત | 1,00,000 | 50,000 | સ્ટોક | 3,10,000 | 1,80,000 |
| રોકાણ ભથ્થા અનામત | 60,000 | 80,000 | રોકડ/બેંક | 2,00,000 | 1,90,000 |
| 14% ના ડિબે. દરેક ₹.100 | 2,00,000 | 90,000 | | | |
| પરચૂરણ લેણદારો | 1,40,000 | 1,00,000 | | | |
| અન્ય ચાલુ દેવાં | 50,000 | 20,000 | | | |
| | **33,50,000** | **17,70,000** | | **31,50,000** | **17,70,000** |

**નીચે મુજબની સમાવેશરૂપી સંયોજનની ખરીદકિંમતે K લિ. અને P લિ.નો ધંધો તા.01-04-2017ના રોજ લેવામાં આવેલ.**

(1) P લિ.ના પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને શૅરદીઠ ₹.10ના પ્રીમિયમે નાણા ચૂકવવા માટે ₹.100નો એક એવા 15%ના પ્રેફરન્સ શૅર આપ્યા.

(2) ₹.10નો એક એવા 80,000 ઈક્વિટી શૅર P લિ. ના ઈક્વિટી શૅરહોલ્ડર્સને આપવા.

(3) P લિ.ના કાયદા મુજબનાં કાનૂની અનામતો તા.31-03-2021 સુધી રાખવાની જોગવાઈ છે.

(4) K લિ. P લિ. ના ડિબેન્ચરોને પોતાના ડિબેન્ચર્સમાં ફેરવી નાખવા ધંધો ફેરબદલી લેનાર કંપનીના ચોપડામાં વિલીનીકરણ સ્વરૂપનું સંયોજન સમાવેશ મુજબ જરૂરી ગણતરીઓ બાદ પાકું સરવૈયું તૈયાર કરો.

જવાબ : **5** વેલીનીકરણ સ્વરૂપનાં સમાવેશના સંજોગોમાં ખરીદકિંમત અને હિસાબીનોંધના મુદ્દાની ગણતરી નીચે મુજબ અગત્યની છે :

**(1) વિલીનીકરણ સ્વરૂપના સંયોજન મુજબ ખરીદકિંમતની ગણતરી :-**

K લિ. P લિ.ને આપેલ શૅરમૂડીની ગણતરી :

| | |
|---|---|
| 15% પ્રેફરન્સ શૅર દાર્શનિક કિંમત | 4,00,000 |
| +10% પ્રીમિયમ | 40,000 |
| | 4,40,000 |
| + ઈક્વિટી શૅર 80,000 દરેક ₹.10 લેખે. | 8,00,000 |
| કુલ P લિ. ને ચૂકવવાની ખરીદ કિંમત | 12,40,000 |

**(2) નવી કંપનીની શૅરમૂડીની ગણતરી :-**

| | |
|---|---|
| K લિ. ની ઈક્વિટી શૅરમૂડી | 18,00,000 |
| +80,000 નવા ઈક્વિટી શૅર (દરેક ₹.10) | 8,00,000 |
| કુલ ઈક્વિટી શૅરમૂડી | 26,00,000 |
| K લિ. પ્રેફરન્સ શૅરમૂડી | |
| 12% ની પ્રેફરન્સ શૅરમૂડી દરેક ₹.100 લેખે | 6,00,000 |
| +15% ની પ્રેફરન્સ શૅરમૂડી દરેક ₹.11 લેખે. | 4,40,000 |
| કુલ પ્રેફરન્સ શૅરમૂડી | 10,40,000 |

**(3) નવા પા.સ.માં સામાન્ય અનામતની બાકી :-**

| | |
|---|---|
| K લિ. નું સામાન્ય અનામત | 3,00,000 |
| +P લિ. ની સામાન્ય અનામતની | |
| બાકી નીચે કરેલ ગણતરી મુજબના બાકી | 60,000 |
| P લિ.નું સામાન્ય અનામત 2,00,000-(ખ.કિ. રૂપે પ્રેફ. મૂડી) | |
| તથા ઈ.મૂડી બાદ P લિ.ની જૂની પ્રેફ. મૂડી તથા ઈ.મૂડી) | |
| 2,00,000-(ખ.કિ. રૂપે શૅરમૂડી 12,40,000) | |
| - જૂની શૅરમૂડી 11,00,000) | |
| 2,00,000 - 1,40,000 = 60,000 સા. અનામત બાકી નવા પા.સ.માં જશે. | <u>3,60,000</u> |

**K લિ. નું સમાવેશ બાદ નવું પાકું સરવૈયું (તા.01-04-2021)**

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને દેવાં :** | | | |
| (1) શૅર હોલ્ડર્સ ભંડોળ : | | | |
| (અ) શૅરમૂડી | | | |
| 12% ની પ્રેફ. શૅરમૂડી, દરેક ₹.10 લેખે 60,000 પ્રેફરન્સ શૅર | 1 | 6,00,000 | |
| 15% ની પ્રેફ. શૅરમૂડી, દરેક ₹.10 લેખે 40,000 પ્રેફ. શૅર | 1 | 4,00,000 | |
| ઈ.શૅરમૂડી (1,80,000 + 80,000)= 2,60,000 ઈ. શૅર દરેક ₹.10 | 2 | 26,00,000 | 36,00,000 |
| (ધંધાની ખરીદકિંમત પેટે 80,000 ઈક્વિટી શૅર સહિત) | | | |
| (બ) અનામત અને વધારો : | | | |
| જામીનગીરી પ્રીમિયમ | 1 | 40,000 | |
| (40,000 પ્રેફ. શૅર × ₹.1 લેખે) | | | |
| સામાન્ય અનામત : | | | |
| વિકાસ અનામત (50,000 + 1,00,000) | | 1,50,000 | |
| રોકાણ ભથ્થાં અનામત (60,000 + 80,000) | | 1,40,000 | |
| નફા નુકસાન ખાતું (1,30,000 + 1,00,000) | | 2,30,000 | 9,20,000 |
| (2) બિનચાલુ દેવાં : | | | |
| લાંબાગાળાનાં ઉછીનાં | | | |
| 15% ડિબેન્ચર્સ | | | 2,90,000 |
| (3) ચાલુ દેવાં : | | | |
| વેપારી દેવાં લેણદારો (1,00,000 + 1,40,000) | | <u>2,40,000</u> | |
| અન્ય ચાલુ દેવાં (20,000 + 50,000) 70,000 | | | 3,10,000 |
| **કુલ** | | | **<u>51,20,000</u>** |

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| **(II) કુલ મિલકતો :** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |
| (અ) દૃશ્ય મિલકતો : | | | |
| જમીન - મકાન | | 17,00,000 | |
| પ્લાન્ટ - મશીનરી | | 12,00,000 | |
| ફર્નિચર | | 5,00,000 | 34,00,000 |
| (બ) બિનચાલુ રોકાણો : | | | |
| (2) ચાલુ મિલકતો : | | | 5,00,000 |
| દેવાદારો | | 3,40,000 | |
| સ્ટોક | | 4,90,000 | |
| રોકડ અને બેંક | | 3,90,000 | 12,20,000 |
| **કુલ** | | | **51,20,000** |

❖ **ઉદાહરણ : 6**

➢ **ઉપરોક્ત ઉદા.5**ની વિગતો ધ્યાનમાં લઈને ખરીદ સ્વરૂપના સમાવેશ મુજબ જરૂરી ગણતરી, આમનોંધ અને પાકું સરવૈયું K લિ.ના ચોપડે બનાવો.

**જવાબ : 6**

**(1) ખરીદકિંમત :-**

ઉદાહરણ - 17 મુજબ ગણેલી ખરીદકિંમત ₹.12,40,000

**(2) ચોખ્ખી મિલકત :-**

| | | |
|---|---|---|
| P લિ.ની બધી જ મિલકતો (વાસ્તવિક) | | =17,70,000 |
| બાદ : 14% ડિબેન્ચર્સ | 90,000 | |
| પરચુરણ લેણદારો | 1,00,000 | |
| અન્ય ચાલુ દેવાં | 20,000 | 2,10,000 |
| ચોખ્ખી મિલકતો | | 15,60,000 |

**(3) મૂડી અનામત** = ચોખ્ખી મિલકત - ખરીદકિંમત

= 15,60,000 - 12,40,000

= 3,20,000

પા. સ.માં આ રીતે મૂડી અનામત ખાતે રકમ લઈ જવામાં આવશે.

**(4) હિસાબી ધોરણ - 14 મુજબ ડિબેન્ચર મૂડી અંગે સમજ :**

સમાવેશ સંયોજનની શરત મુજબ આ પ્રશ્નમાં P લિ. ના ડિબેન્ચરના બદલામાં K લિ. પોતાના નવા ડિબેન્ચર આપે છે. તેથી ખરીદકિંમતના અવેજરૂપે ખરીદનાર કંપની જે રકમ ચૂકવશે તેમાં ડિબેન્ચરના બદલામાં જે નવા ડિબેન્ચર આપવામાં આવશે તેનો સમાવેશ ન થાય. પરંતુ વેચનાર કંપનીના ડિબેન્ચરને ચોખ્ખી મિલકતો વખતે દેવાં તરીકે બાદ કરેલ છે, કારણ કે તે હવે ખરીદનાર કંપનીએ લીધેલું દેવું ગણાશે. તેથી ખરીદનાર કંપની આ ડિબેન્ચરને પોતાના ચોપડે દેવાં તરીકે નોંધીને ડિબેન્ચર હોલ્ડર્સને પોતાના ડિબેન્ચર આપી દેવું ચૂકવી દેશે.

**(5) વિકાસ અનામત અને રોકાણ ભથ્થાં અનામત મુજબ ''સંયોજન હવાલા ખાતું'' ઊભું કરવાની ગણતરી અને આમનોંધ સમજો :**

ગણતરી = બંને કંપનીનાં પાકાં સરવૈયામાં દર્શાવેલા ઉપરોક્ત બંને અનામત કાયદા મુજબ કાનૂની અનામત ગણાશે. વળી તે તા. 31-03-2021 સુધી રાખવાના છે. આથી બંને વિશે નીચે મુજબ આમનોંધ વડે કુલ રકમ 50,000 + 80,000 અનુક્રમ મુજબ કુલ ₹.1,30,000 થી સંયોજન હવાલા ખાતું ઉધારવું.

| | | |
|---|---|---|
| આમ નોંધ : સંયોજન હવાલા ખાતે | ઉ. | 1,30,000 |
| તે વિકાસ ખાતે | | 50,000 |
| તે રોકાણ ભથ્થાં અનામત ખાતે | | 80,000 |

આમ રકમ ₹.1,30,000 નવી કંપનીના પાકા સરવૈયામાં શીર્ષક 'અનામત વધારો' નીચે સામાન્ય અનામતમાંથી બાદ તરીકે દર્શાવાશે.

**K લિ. નું વિલીનીકરણ સ્વરૂપ મુજબના સમાવેશ બાદનું**
**તા. 01-04-2017 ના રોજનું પાકું સરવૈયું**

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| (1) શૅર હોલ્ડર ભંડોળ : | | | |
| (અ) શૅરમૂડી : | 1 | | |
| ઈ.શૅર 2,60,000 દરેક ₹.10 લેખે | | 26,00,000 | |
| (1,80,000 શૅર + 80,000 ઈ.શૅર) | | | |
| 12% ના 600 પ્રેફ. શૅર દરેક ₹.100 | - | 6,00,000 | |
| 15% ના 40,000 પ્રેફ. શૅર દરેક ₹.10 | - | 4,00,000 | 36,00,000 |
| (બ) અનામત અને વધારો : | | | |
| સામાન્ય અનામત 3,00,000 | - | | |
| - સંયોજન હવાલા ખાતું (-1,30,000 | 5 | 1,70,000 | |
| (નોંધ - 5) | | | |
| મૂડી અનામત (નોંધ 3) | 3 | 3,20,000 | |
| જામીનગીરી પ્રીમિયમ (નોંધ-1) | 1 | 40,000 | |
| વિકાસ અનામત | 5 | 1,50,000 | |
| રોકાણ ભથ્થા અનામત | 5 | 1,40,000 | |
| નફા-નુકસાન ખાતું | - | 1,00,000 | 9,20,000 |
| (2) બિનચાલુ દેવાં : | | | |
| લાંબાગાળાના ઉછીના : | | | |
| 15 % ડિબેન્ચર્સ | 4 | | 2,90,000 |
| (3) ચાલુ દેવાં : | | | |
| પરચૂરણ લેણદારો | - | 2,40,000 | |
| અન્ય ચાલુ દેવાં | - | 70,000 | 3,10,000 |
| **કુલ** | | | **51,20,000** |
| **(II) કુલ મિલકતો :** | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | |

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| (અ) દૃશ્ય મિલકતો : | | | |
| જમીન - મકાન | | 17,00,000 | |
| પ્લાન્ટ - મશીનરી | | 12,00,000 | |
| ફર્નિચર | | 5,00,000 | 34,00,000 |
| (બ) બિનચાલુ રોકાણો : | | | 5,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | | |
| દેવાદારો | | 3,40,000 | |
| સ્ટોક | | 4,90,000 | |
| રોકડ અને બેંક | | 3,90,000 | 12,20,000 |
| કુલ | | | **51,20,000** |

❖ **ઉદાહરણ : 7**

➢ અ - લિમિટેડ **તા. 31-03-2017** ના રોજ બ - લિમિટેડનો ધંધો પોતાના સમાવી લીધો. તે તારીખે બંને કંપનીઓનાં પાકાં સરવૈયાં નીચે મુજબ હતાં.

**તા. 31-03-2017 ના રોજના પાકાં સરવૈયાં**

| મૂડી - દેવા | અ - લિ. ₹. | બ - લિ. ₹. | મિલકત લેણાં | અ - લિ. ₹. | બ - લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી | | | પાઘડી | 50,000 | 25,000 |
| દરેકના ₹. 10 પૂરા | | | જમીન-મકાન | 1,50,000 | 1,00,000 |
| ભરપાઈ | 3,00,000 | 2,00,000 | યંત્રો | 1,50,000 | 1,40,000 |
| 10% ની પ્રેફરન્સ | | | સ્ટોક | 1,00,000 | 75,000 |
| શૅરમૂડી દરેક | | | દેવાદારો | 1,50,000 | 1,00,000 |
| ₹. 100ના પૂરા | 1,00,000 | 1,00,000 | લેણીહૂંડીઓ | 30,000 | 20,000 |
| ભરપાઈ | 1,00,000 | 40,000 | બેંક સિલક | 60,000 | 30,000 |
| સામાન્ય અનામત | 50,000 | 40,000 | પ્રા. ખર્ચા | 10,000 | 10,000 |
| ન.નું. ખાતું | 25,000 | 20,000 | | | |
| બેંક લોન | 25,000 | 15,000 | | | |
| લેણદારો | 10,000 | 85,000 | | | |
| | **7,00,000** | **5,00,000** | | **7,00,000** | **5,00,000** |

અ - લિ. એ નીચેની શરતોએ બ- લિ. ને સમાવી લીધી છે :

(1) ખરીદ કિંમત અંગે બ - લિ. ના પ્રેફરન્સ શૅરના બદલામાં તેટલી જ રકમના અ - લિ.ના 10% ના પ્રેફરન્સ શૅર પૂરા ભરાયેલા આપવા તથા **₹.**11,500 રોકડા આપવા. બાકીની રકમના અ - લિ.ના ઈ. શૅર દરેક **₹.**10 નો 20% પ્રીમિયમથી આપવા.

(2) બ-લિ. ના ડિબેન્ચર્સ હોલ્ડર્સને ૨૫% પ્રીમિયમ મળે તેટલી રકમના અ - લિ.ના ડિબેન્ચર્સ આપવાના છે.

(3) બ લિ. ના યંત્રોની કિંમત 20% વધારે, સ્ટોકની કિંમત 10% ઓછી ગણવી. દેવાદારો ઉપર 10% લેખે ઘાલખાદ અનામત રાખવી. પાઘડીની કિંમત ₹.50,000 ગણવી. બીજું મિલકત-દેવા ચોપડે કિંમતે લઈ લેવાં.

ભા.હિ. ધો 14 મુજબ ખરીદ સ્વરૂપે સમાવેશ મુજબ અ - લિ.ના ચોપડે જરૂરી ગણતરીઓ કરો અને બ - લિ.ના સમાવેશ પછીનું અ - લિનું નવું પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ : 7**

ખરીદ સ્વરૂપના સમાવેશ માટે ચો.મિ. શોધીને તેને ખરીદ કિંમત વડે દર્શાવી બાકીની રકમ ઈ.શૅર પ્રીમિયમ સહિત નક્કી કરવા.

**'બ' લિ. ની ચોખ્ખી મિલકતો**

| વિગત | | ₹. | ₹. |
|---|---|---|---|
| (1) | યંત્રો : ચોપડા કિંમત | 1,40,000 | |
| | + 20 % વધારો | 28,000 | 1,68,000 |
| (2) | સ્ટોક : ચોપડા કિંમત | 75,000 | |
| | બાદ : 10 % ઘટાડો | 7,500 | 67,500 |
| (3) | દેવાદારો : ચોપડા કિંમત | 1,00,000 | |
| | બાદ : 10 % ઘાલખાધ અનામત | 10,000 | 90,000 |
| (4) | જમીન - મકાન | | 1,00,000 |
| (5) | લેણી હૂંડીઓ | | 20,000 |
| (6) | બેંક સિલક | | 30,000 |
| (7) | પાઘડી | | 50,000 |
| | **કુલ મિલકતો** | | **5,25,500** |
| | બાદ દેવાઓ (1) બેંક લોન | 15,000 | |
| | (2) લેણદારો | 85,000 | |
| | (3) ડિબેન્ચર+પ્રીમિયમ | 50,000 | 1,50,000 |
| | **ચોખ્ખી મિલકતો** | | **3,75,500** |

**નોંધ :** ચો.મિ. = 3,75,500 ને ખરીદ કિંમત તરીકે દર્શાવીને તેમાંથી નીચે મુજબ ગણતરીથી પ્રેફ શૅર મૂડી તથા રોકડ રૂપે ખરીદ કિંમતનો અવેજ બાદ કરવાથી "બાકીની રકમના ઈ શૅર + પ્રીમિયમ નક્કી થઈ શકશે."

**(2) ખરીદ કિંમત :-** કુલ ચો.મિ. મુજબ = 3,75,500

| | | | | |
|---|---|---|---|---|
| (1) | પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને | | | |
| (i) | નવા 10% ના પ્રેફ. શૅર | -1,10,000 | | |
| (ii) | રોકડ | -11,500 | | -1,11,500 |
| | **બાકીની રકમ** | | 2,64,000 | |
| (2) | બાકીની રકમના ઈક્વિટી શૅરહોલ્ડર્સને : | | | |
| | ઈક્વિટી શૅરમૂડી (દા.કિ.) | | | |

| | | | |
|---|---|---|---|
| (i) | ઈક્વિટી શૅરમૂડી | | |
| | (22,000 શૅર × ₹.10) | 2,20,000 | |
| (ii) | શૅર પ્રીમિયમ | | |
| | (22,000 શૅર × ₹.2) | 44,000 | 2,64,000 |

**(3) ડિબેન્ચર અંગે :-**

અ - લિ., બ - લિ.ના ડિબે. હોલ્ડર્સને (40,000 + તેના 25% મુજબ, 10,000) કુલ ₹.50,000ના નવા ડિબેન્ચર્સ આપે છે. તેને તે દેવાં તરીકે ચો.મિ. વખતે બાદ કરશે. તેમજ નવા પા.સ.માં આ નવા ડિબે. ₹.50,000 + પોતાના ડિબે. 1,00,000 સાથે ઉમેરીને દર્શાવશે.

**ખરીદ સ્વરૂપના સમાવેશ બાદનું અ - કું લિ. નું પાકું સરવૈયું**

| વિગત | | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને દેવાં :** | | | | |
| (1) શૅરહોલ્ડર્સ ભંડોળ : | | | | |
| (અ) શૅરમૂડી : | | | | |
| 10% ના 2,000 પ્રેફ. શેર્સ દરેક ₹.100 | | - | 2,00,000 | |
| 52,000 ઈ. શેર્સ ₹.10 દરેક | | - | 5,20,000 | 7,20,000 |
| (બ) અનામત અને વધારો : | | | | |
| સામાન્ય અનામત | 50,000 | - | | |
| - પ્રાથમિક ખર્ચા | 10,000 | - | 40,000 | |
| જામીનગીરી પ્રીમિયમ | | - | 44,000 | |
| નફા-નુકસાન ખાતું | | - | 25,000 | 1,09,000 |
| (2) બિનચાલુ દેવાં : | | | | |
| લાંબાગાળાના ઉછીના : | | | | |
| 10% ના ડિબેન્ચર્સ (1,00,000 + 50,000) | | | - | 1,50,000 |
| (1,00,000 + 50,000) | | | | |
| બેંક લોન (25,000 + 15,000) | | - | 40,000 | 1,90,000 |
| (3) ચાલુ દેવાં : | | | | |
| વેપારી દેવા : લેણદારો | | - | - | 1,85,000 |
| (10,000 + 85,000) | | | | |
| **કુલ** | | **-** | **-** | **12,04,000** |
| **(I) મિલકતો :** | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | |
| (અ) દશ્ય મિલકતો : | | | | |
| જમીન - મકાન | | - | 2,50,000 | |
| (1,50,000 + 1,68,000) | | - | 3,18,000 | 5,68,000 |
| (બ) અદશ્ય મિલકતો : | | | | |
| પાઘડી (50,000 + 50,000) | | - | - | 1,00,000 |

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| (2) ચાલુ મિલકતો : | | | |
| સ્ટોક (1,00,000 + 67,500) | - | 1,67,500 | |
| વેપારી લેણાં : દેવાદારો | - | 2,40,000 | |
| (1,50,000 + 1,00,000 - 10,000 ઘા. અના.) | | | |
| લેણીહૂંડી (30,000 + 20,000) | - | 50,000 | |
| બેંક સિલક (60,000-11,500=48,500+30,000) | - | 78,500 | 5,36,000 |
| કુલ | - | - | **12,04,000** |

**અરસપરસના વ્યવહારોની હિસાબી નોંધનો મુદ્દો**

❖ **ઉદાહરણ : 8**

➢ વિનય લિ. અને વિનય લિ. નાં તા. 31-03-2017ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે :

| મૂડી - દેવાં | વિનય લિ. ₹. | વિનય લિ. ₹. | મિલકત લેણાં | વિનય લિ. ₹. | વિનય લિ. ₹. |
|---|---|---|---|---|---|
| શૅરમૂડી | 5,00,000 | 4,00,000 | પાઘડી | 3,00,000 | 1,50,000 |
| સામાન્ય અનામત | 1,25,000 | 3,00,000 | મશીનરી | 6,00,000 | 7,80,000 |
| ડિબે. ડૂબતનિધિ | 75,000 | 2,00,000 | રોકાણો | 1,00,000 | 1,00,000 |
| નફાનું ખાતું | - | 1,00,000 | સ્ટોક | 1,00,000 | 2,50,000 |
| ડિબેન્ચર્સ | 6,00,000 | 5,00,000 | પ. દેવાદારો | 3,25,000 | 2,75,000 |
| પ. લેણદારો | 2,50,000 | 1,50,000 | લેણીહૂંડી | 75,000 | 1,00,000 |
| દેણીહૂંડી | 50,000 | 50,000 | રોકડ | 1,00,000 | 45,000 |
| | **16,00,000** | **17,00,000** | | **16,00,000** | **17,00,000** |

તા. 01-04-2017ના રોજથી લાગુ થાય તે રીતે વિનય લિ. નો ધંધો વિનય લિ. એ સંભાળી લેવા માટે સમાવેશની યોજના બનાવી વિજય લી. નો ઈક્વિટી શૅર ₹.100 નો પરંતુ ₹.40 મંગાવેલ મુજબ અને વિનય લિ. નો ઈક્વિટીનો શેર ₹.100 નો પરંતુ ₹.50 મંગાવેલ રકમ હતી. સમાવેશની શરતો નીચે મુજબ હતી.

(1) વિનય લિ. એ વિનય લિ. શૅરહોલ્ડર્સને શૅર એવી રીતે આપવા કે જેનાથી બંને કંપનીઓ શૅરની કુલ આંતરિક કિંમત એક સમાન થઈ શકે બંને કંપનીઓની ભરપાઈ શૅરમૂડી ઉપરોક્ત પા.સ. મુજબ હતી.

(2) વિનય લિ. ના દેવાદારોમાં ₹.50,000 ના વિનય લિ. ના લેણાં સમાયેલ છે.

(3) વિનય લિ. સ્ટોકમાં ₹.50,000નો સ્ટોક વિનય લિ. પાસેથી ખરીદેલ માલનો સમાવેશ થાય છે. વિનય લિ. સ્ટોકનું મૂલ્યાંકન +25% નફા મુજબ ખરીદેલ માલની વેચાણ કિંમત હતી.

(4) વિનય લિ. ની બધી જ દેવીહૂંડીઓ વિનય લિ. દ્વારા લાખાયેલી છે.
તમારે દરેક ગણતરી કરીને વિનય લિ. ના ચોપડે વિનય લી. ની ખરીદી સંબંધી જરૂરી આમનોંધ લખવાની છે અને સમાવેશ બાદનું તેનું પાકું સરવૈયું તૈયાર કરવાનું છે.

**જવાબ : 8**

**(1) બંને કંપનીઓના શૅરની આંતરિક કિંમત શોધવી :**

| **વિગત** | **વિનય લિ. ₹.** | **વિનય લિ. ₹.** |
|---|---|---|
| કુલ મિલકતો : (પા.સ. મુજબ ચોપડે કિંમત) | 16,00,000 | 17,00,000 |
| બાદ : દેવાં / જવાબદારી (કુલ) | - | - |
| (વિનય લિ.= ડિબે.+લેણદારો+દેવી હૂંડી) | 9,00,000 | |
| (વિનય લિ.= ડિબે.+લેણદારો+દેવી હૂંડી) | | 7,00,000 |
| ચોખ્ખી મિલકતો | 7,00,000 | 10,00,000 |

$$\text{શૅરની આંતરિક કિંમત} = \frac{\text{ચોખ્ખી મિલકત}}{(\text{ભરપાઈ મૂડી} \div \text{શૅરદીઠ ભરપાઈ})}$$

$$\text{વિનય લી.} = \frac{7,00,000}{(5,00,000 \div 50)} = 70 \text{ ₹.}$$

$$\text{વિજય લી.} = \frac{10,00,000}{(4,00,000 \div 40)} = 100 \text{ ₹.}$$

વિજય લિ. વિનય લિ. નો સમાવેશ કરી ધંધો સંભાળે છે તેથી, આંતરિક કિંમતનું પ્રમાણ = 100 : 70 શૅર ખરીદવા માટે ગણાય.

**(2) ખરીદ કિંમત : અને વિનય લિ. નવા પા.સ. માં શૅરમૂડી અંગે :**

વિનય લિ. ને ઉપરોક્ત ગણતરી મુજબ શૅરદીઠ આંતરિક કિંમતોની રકમો ધ્યાનમાં લેતાં 100 શૅર ધારણકર્તાઓને વિનય લિ. ના 70 શૅર મળી શકે. તેથી વિનય લિ. ના 10,000 શૅરની સામે વિનય લિ. ના 7,000 શૅર મળે જેની કુલ કિંમત ₹.7,00,000 (7,000 × 100) થશે. અહીં વિનય લિ. નવી આંતરિક કિંમત ₹.100 છે જ્યારે વિનય લિ. ના શૅરની ભરપાઈ કિંમત શૅરદીઠ ₹.40 છે. તે ધ્યાને લેતાં ₹.60 શૅરદીઠ પ્રીમિયમ ગણાશે. જેથી.

ઈક્વિટી શૅરમૂડી ખાતે ₹.2,80,000 (શૅર 7000 × ₹.40) અને જામીનગીરી પ્રીમિયમ ખાતે ₹.4,20,000 (શૅર 7,000 × ₹.60) જમા લઈ જવામાં આવશે. દા.કિં. + પ્રીમિયમ મુજબ = ખરીદકિંમત ₹.7,00,000

વિનય લિ. (નવી કં.)ના હવે કુલ શૅર ગણાશે : 10,000 + 7,000 = 17,000 દરેક ₹.100 પરંતુ ₹.40 ભરપાઈ મુજબ ₹.6,80,000

**(3) બંને કંપનીના અરસપરસ લેણાં - દેવાં અંગે :**

અહીં ધંધો ખરીદનાર વિનય લિ. ના દેવાદારોમાં ₹.50,000 છે તેમાં ધંધો વેચનાર વિનય લિ. ના વિનય લિ. પાસે તેટલા જ લેણાંનો સમાવેશ થાય છે.
આમનોંધ મુજબ અસર જોઈએ તો ધંધો ખરીદનાર વિનય લિ. પોતાના ચોપડે,

| | | |
|---|---|---|
| પરચૂરણ લેણદારો ખાતે | ઉ. | 50,000 |
| તે પરચૂરણ દેવાદારો ખાતે | | 50,000 |

આમનોંધ અસર રૂપે વિનય લિ. દ્વારા લખાયેલી ₹.50,000 થી ઘટી જશે અને વિનય લિ.ના લેણદારો પણ ₹.50,000 થી ઘટી જશે.

**(4) દેવીહૂંડીઓ અંગે :**

અહીં ધંધો ખરીદનાર વિનય લિ. દ્વારા લખાયેલી વિનય લિ. ની બધી જ હૂંડીઓ અંગે અરસપરસના વ્યવહારોની નોંધ નીચે મુજબ થશે :

| | | | |
|---|---|---|---|
| દેવીહૂંડીઓ ખાતે | ઉ. | 50,000 | |
| તે લેણીહૂંડીઓ ખાતે | | | 50,000 |

આ આમ નોંધની અસરરૂપે વિજય લી. ની લેણી હૂંડીઓ ₹.50,000 થી ઘટી જશે અને વિનય લિ.માં હવે રકમ દેવીહૂંડી તરીકે ન રહેતા વિનય લિ. ની ₹.50,000 દેવીહૂંડી માત્ર પા.સ. માં દર્શાવાશે.

**(5) સ્ટોક અંગે અરસપરસના વ્યવહારો મુજબ નહિ મળેલ નફો :**

અહીં વેચનાર વિનય લિ. ના સ્ટોકમાં ₹.50,000 નો સ્ટોક ખરીદનાર વિનય લિ. પાસેથી ખરીદેલ માલના સ્ટોક તરીકે છે. વિનય લિ.એ માલ પર 25% નફો ચઢાયેલ છે. કં. ના સમાવેશ મુજબ હવે આ સ્ટોક વિનય લિ. નો ગણાય. તેમાં તેમણે ચઢાવેલ 25% નફો, નહિ મળેલ નફો છે. હવાલા નોંધ વડે આ નહિ મળેલ નફા જેટલી રકમ પાઘડી ખાતે ઉધારીને સ્ટોક ખાતે જમા થશે. આમ સ્ટોક સંબંધી બે નોંધ થશે. વેચનારનાં દેવાં-મિલકતો લઈ લેતા (1) સ્ટોક ખાતે ઉધારવામાં આવશે, જેમાં સ્ટોકની રકમ વેચનારના પા.સ. મુજબ હશે, જ્યારે (2) નહિ મળેલ નફાની રકમની હવાલાનોંધ કરવામાં આવશે અને સમાવેશ બાદના ખરીદનારના પા.સ. માં વેચનાનો સ્ટોક નહિ મળેલ નફો બાદ કરીને પોતાના સ્ટોક સહિત દર્શાવાશે.

**(7) વિનય લિ. ના ચોપડે વિનય લિ. ધંધાના સમાવેશ મુજબ આમનોંધ :**

(i) ખરીદકિંમત નક્કી થતાં :

| | | | |
|---|---|---|---|
| ધંધાની ખરીદ ખાતે | ઉ. | 7,00,000 | |
| તે વિનય લિ.ના લિક્વિડ ખાતે | | | 7,00,000 |

(ii) વિનય લિ. ના મિલકત - દેવાં લઈ લેતાં :

| | | | |
|---|---|---|---|
| પાઘડી ખાતે | ઉ. | 3,00,000 | |
| મશીનરી ખાતે | ઉ. | 6,00,000 | |
| રોકાણો ખાતે | ઉ. | 2,00,000 | |
| સ્ટોક ખાતે | ઉ. | 2,00,000 | |
| દેવાદારો ખાતે | ઉ. | 3,25,000 | |
| લેણીહૂંડીઓ ખાતે | ઉ. | 75,000 | |
| રોકડ ખાતે | ઉ. | 1,00,000 | |
| તે ડિબેન્ચર ખાતે | | | 6,00,000 |
| તે લેણદારો ખાતે | | | 2,50,000 |
| તે દેવીહૂંડી ખાતે | | | 2,50,000 |
| તે ધંધાની ખરીદ ખાતે | | | 7,00,000 |

(નોંધ : અરસપરસ વ્યવહારો અહી આમનોંધ વખતે ધ્યાને ન લેવાં)

(iii) ખરીદકિંમત રૂપે અવેજ આપવામાં આવે ત્યારે :

| | | | |
|---|---|---|---|
| વિનય લિ. ના લિક્વિડેટર ખાતે | ઉ. | 7,00,000 | |
| તે શૅરમૂડી ખાતે | | | 2,80,000 |
| તે શૅરપ્રીમિયમ ખાતે | | | 4,20,000 |

(iv) અરસપરસની લેણી રકમ આપવામાં આવે ત્યારે :

| | | | |
|---|---|---|---|
| વિનય લિ. ના લિક્વિડેટર ખાતે | ઉ. | 7,00,000 | |
| તે શૅરમૂડી ખાતે | | | 2,80,000 |
| તે શૅરપ્રીમિયમ ખાતે | | | 4,20,000 |

(v) અરસપરસની લેણી રકમ રદની નોંધ :

| | | | |
|---|---|---|---|
| પરચૂરણ લેણદારો ખાતે | ઉ. | 50,000 | |
| તે પરચૂરણ દેવાદારો ખાતે | | | 50,000 |

(vii) સ્ટોકમાં નહિ મળેલ નફાની હવાલા નોંધ :

| | | | |
|---|---|---|---|
| પાઘડી ખાતે | ઉ. | 12,500 | |
| તે સ્ટોક ખાતે | | | 12,500 |

**(7) વિનય લિ. ના સમાવેશ બાદનું તા.01-04-2017 ના રોજનું વિનય લિ. નું પાકું સરવૈયું :**

| વિગત | | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|---|
| **(I) ઈક્વિટી અને દેવાં :** | | | | |
| (1) શૅરહોલ્ડર્સ ભંડોળ : | | | | |
| (અ) શૅરમૂડી : | | | | |
| બહાર પાડેલ, ભરપાઈ થયેલ થાપણ 17,000 ઈ.શેર્સ ₹.100 જેના પર ₹.40 ભરપાઈ થયેલ | | - | - | 6,80,000 |
| (બ) અનામત અને વધારો : | | | | |
| જામીનગીરી પ્રીમિયમ | | - | 4,20,000 | |
| સામાન્ય અનામત | | - | 3,00,000 | |
| ડિબેન્ચર ડૂબતનિધિ | | - | 2,00,000 | |
| નફાનુકસાન ખાતું | | - | 1,00,000 | 10,20,000 |
| (2) બિનચાલુ દેવા : | | | | |
| લાંબાગાળાના ઉછીનાં : | | | | |
| ડિબેન્ચર્સ (6,00,000 + 5,00,000) | | - | | 11,00,000 |
| (3) ચાલુ દેવાં : | | | | |
| વેપારી દેવાં : પરચૂરણ | | | | |
| લેણદારો : | 2,50,000 | - | | |
| બાદ : અરસપરસના રદ | 50,000 | | | |
| | 2,00,000 | | | |
| + પોતાના | 1,50,000 | | 3,50,000 | |
| દેવીહૂંડી (પોતાની) | | | 50,000 | 4,00,000 |
| **કુલ** | | **-** | **-** | **32,00,000** |
| **(II) કુલ મિલકતો :** | | | | |
| (1) બિનચાલુ મિલકતો : | | | | |
| (અ) દશ્ય મિલકતો : | | | | |
| મશીનરી | | - | | 13,80,000 |
| (બ) અદશ્ય મિલકતો | | | | |

| વિગત | નોંધ નં. | રકમ ₹. | રકમ ₹. |
|---|---|---|---|
| પાઘડી | - | 1,50,000 | |
| + વિનય લી. ની પાઘડી | - | 3,00,000 | |
| + સ્ટોકમાં નહિ મળેલ નફા રૂપે | - | 12,500 | 4,62,500 |
| (ક) બિનચાલુ રોકાણો | | | |
| (1,00,000 + 1,00,000) | - | - | 2,00,000 |
| (2) ચાલુ મિલકતો : | | | |
| સ્ટૉક (2,50,000 + 1,00,000 | | | |
| નહિ મળેલ નફાનો હવાલો 12,500) | - | 3,37,500 | |
| વેપારી દેવાં : દેવાદારો | - | 5,50,000 | |
| (2,75,000+3,25,000 અરસપરસના | | | |
| રદ 50,000) | | | |
| લેણીહૂંડી (1,00,000 + 75,000 - | | | |
| અરસપરસના રદ 50,000) | | 1,25,000 | |
| રોકડ (1,00,000 + 45,000) | - | 1,45,000 | 11,57,500 |
| **કુલ** | - | - | **32,00,000** |

❖ **સ્વાધ્યાય :**

**(I) સૈદ્ધાંતિક પ્રશ્નો :-**

1. સંયોજન અને સમાવેશનો તફાવત વર્ણવો.

2. સમાવેશ અંગે કંપનીની ખરીદકિંમતમાં શૅરની આંતરિક કિંમતની સમજૂતી અને ગણતરી વિશે સમજાવો.

3. સમાવેશ વખતે આંતરકંપની વ્યવહારો ઉપર સ-ઉદાહરણ ચર્ચા કરો.

4. સમાવેશ અંગે આમનોંધ (1) સમાવેશ પામતી અને (2) સમાવેશ કરતી કંપનીના ચોપડે લખો.

**(II) હેતુલક્ષી પ્રશ્નો :-**

1. ‘અ’ કંપની અને ‘બ’ કંપની વિશે સમાવેશ કરવામાં આવે છે ત્યારે ‘અ’ કંપની ‘બ’ કંપનીને પોતાનામાં સમાવી લે છે. ત્યારે અસરપરસની હૂંડી અંગે આમનોંધ લખો.

   [**જવાબ :** દેવી હૂંડી ખાતે ઉ. તે લેણી હૂંડી ખાતે]

2. એક ધંધાનો સમાવેશ કરતી વખતે કંપની શૅરની આંતરિક કિંમતનો સહારો લે છે તો શૅરની આંતરિક કિંમત નક્કી કરવાનું સૂત્ર આપો.

   [**જવાબ :** શૅરની આંતરિક કિંમત $= \frac{\text{ચોખ્ખી મિલકતો}}{\text{ઈ. શૅર સંખ્યા}}$]

3. સમાવેશ સમયે ‘અ’ કંપની એ ‘બ’ કંપનીને ₹.1,60,000
   નોસ્ટોક 25% નફાથી વેચેલ. આ સ્ટોક ‘બ’ પાસે વેચાવા વગરનો પડી રહેલ છે. તો ₹.40,000 નું નુકસાન જે ‘બ’ કંપનીની મિલકતોમાં ‘અ’ કંપનીને છે તેની નુકસાની ધંધો વેચનાર કંપની (સમાવેશ પામતી કંપની) ભોગવે તો ‘અ’ કંપનીના ચોપડે આમનોંધ આપો.

[જવાબ : વેચનાર કંપની ખાતે ઉ. ₹.40,000 તે માલ સ્ટોક ખાતે ₹.40,000]

4. જો ઉક્ત પ્રશ્ન (3) મુજબ આનું નુકસાન ધંધો ખરીદનાર કંપની ભોગવે છે તો આમનોંધ આપો.

[જવાબ : પાઘડી અથવા મૂડી અનામત ખાતે ઉ. ₹.40,000 તે માલ સ્ટોક ખાતે]

5. સંયોજન-સમાવેશ સ્વરૂપે હોય તો 'સમાવેશ હવાલા ખાતું' તૈયાર કરતી વખતે જો વિકાસ અનામત ₹.1,00,000 રોકાણ ભથ્થા અનામત ₹.2,00,000 છે તો કેટલી રકમનું સંયોજન સમાવેશ હવાલાખાતું દર્શાવશો.

[જવાબ : ₹.3,00,000]

6. સમાવેશ હવાલાખાતું અંગે ઉક્ત પ્રશ્ન (5) મુજબ આમ નોંધ લખો.

[જવાબ : સંયોજન સમાવેશ હવાલાખાતે ઉ. ₹.3,00,000 તે વિકાસ અનામત ખાતે ₹.1,00,000 તે રોકાણ ભથ્થા અનામતખાતે ₹.2,00,000]

7. જો સમાવેશ ખરીદી સ્વરૂપનું હોય તો નીચે વિગતો માટે મૂડી અનામત અથવા પાઘડી નક્કી કરો. કુલ મિલકતો ₹.7,00,000 કુલ દેવાં ₹.2,00,000 અને ધંધાની ખરીદ કિંમત ₹.4,50,000 છે.

[જવાબ : મૂડી અનામત ₹.50,000 ગણાય.]

8. સમાવેશ વખતે ખરીદ કિંમત માટે શૅરની આંતરિક કિંમત નક્કી કરવાની છે. સમાવેશ કરનાર કં઼ું ની મિલકતો ₹.7,50,000 અને દેવાં ₹.1,50,000 ઇ.શૅરમૂડી ₹.5,00,000 દરેક ₹.100 લેખે છે. શૅરની આંતરિક કિંમત નક્કી કરો.

[જવાબ : ઈ. શૅરની આંતરિક કિંમત = ₹.120]

**(III) વ્યાવહારિક પ્રશ્નોઃ-**

**પ્રશ્ન-1.** તા.31-03-2013ના રોજનું સુવાસ લિમિટેડનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| જવાબદારીઓ | રકમ ₹. | મિલકતો | રકમ ₹. |
|---|---|---|---|
| શૅરમૂડી | | પાઘડી | 80,000 |
| 8 % ના 2,000 પ્રેફ. શૅર દરેક | | મકાન | 5,00,000 |
| ₹.100 નો એક એવા | 2,00,000 | યંત્રો | 2,50,000 |
| 6,000 ઈક. શૅર દરેક | | રોકાણ | 1,00,000 |
| ₹.100 નો એક એવા | 6,00,000 | સ્ટોક | 70,000 |
| સામાન્ય અનામત | 50,000 | દેવાદારો | 25,000 |
| ન.નુ. ખાતું | 40,000 | રોકડ - બેંક સિલક | 25,000 |
| 10 % નું ડિબેંચર | 1,50,000 | ડિબેંચર વટાવ | 10,000 |
| લેણદારો | 60,000 | પ્રાથમિક ખર્ચા | 40,000 |
| | **11,00,000** | | **11,00,000** |

તા. 01-04-2017ના રોજ સુવિધા લિમિટેડ સુવાસ લિ. ને નીચેની શરતોએ સમાવેશ કરવાનું કરાવ્યું :

(1) સુવિધા લિમિટેડ રોકડ, બેંક સિલક તથા રોકાણો સિવાયની દશ્ય મિલકતો લીધી લેણદારો પણ લીધા.

(2) ઈક્વિટી શૅરહોલ્ડર્સને સુવિસ લિ. માં ધારણ કરેલા એક શૅરના બદલામાં સુવિધા લિ. માં ₹.10 નો એક એવા પાંચ ઇક્વિટી શૅર શૅરદીઠ ₹.12 ની બજાર કિંમતે આપવાના છે. લિક્વિડેશન (વિસર્જન) ખર્ચ ₹.7,000 થયો છે જે સુવિધા કંપનીએ ચૂકવવાનો છે.

(3) પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને સુવાસ લિ. માં ધારણ કરેલા એક શૅરના બદલામાં સુવિધા લિ.ના ₹.10 નો એક એવા 8 ઈક્વિટી શૅરદીઠ ₹.12 ની બજારકિંમતે આપવાના છે.

(4) રોકાણો ₹.82,000માં વેચ્યા

(5) ડિબેંચર હોલ્ડર્સને સુવિધા લિમિટેડના 10% ના ડિબેંચર્સ એવી રીતે આપવાના હતા જેથી તેમને 20% પ્રીમિયમ મળે.

(6) સુવિધા લિમિટેડ સ્ટોક ₹.62,000, યંત્રો ₹.2,10,000 ની કિંમતે ગણશે. દેવાદારો પર 5% ઘાલખાધ અનામતની જોગવાઈ કરવાની છે.

સુવાસ લિમિટેડના ચોપડે માલ-મિલકત નિકાલ ખાતું, ઈક્વિટી શૅરહોલ્ડરનું ખાતું, પ્રેફરન્સ શૅરહોલ્ડરનું ખાતું, ડિબેંચર હોલ્ડરનું ખાતું, બેંક ખાતું બનાવો. ઉપરાંત સુવિધા લિમિટેડના ચોપડે પાકું સરવૈયું તૈયાર કરો.

(જવાબ અને સમજૂતી : (1) ખરીદ કિંમત (i)ઈક્વિટી શૅરહોલ્ડર્સને ₹.3,60,000(ii) પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને ₹.1,92,000 = કુલ ₹.5,52,000. (2) ચોખ્ખી મિલકતો ₹.5,55,750 તેથી મૂડી અનામત ₹.3,750 (3) પાઘડી = 7,000 વિસર્જન ખરાં રૂપે બાદ મૂડી અનામત ₹.750 = ચોખ્ખી પાઘડી ₹.250(4)મા. મિ. ની. ખાતાનું નુકસાન ₹.1,81,000 જે પૈકી ઈક્વિટી શૅરહોલ્ડર્સ ખાતે ₹.1,73,000 અને પ્રેફ. શૅર હોલ્ડર ખાતે ₹.8,000 ઉધારો. (5) ઈક્વિટી શૅરહોલ્ડર્સને બેંક ખાતેથી આખરી ચુકવણી ₹.1,07,000 (6) બેંક ખાતાનો સરવાળો ₹.1,07,000 (7) સુવિધા લિ. ના સમાવેશ બાદના પા.સ. નો સરવાળો ₹.7,99,000 પાઘડી ₹.3,250 સહિત તથા વિસર્જન ખર્ચ ₹.7,000ની ચુકવણી બેંક ઓવરડ્રાફ્ટ તરીકે દર્શાવાશે.)

**પ્રશ્ન-2.** શેલજા લિ. નું તા. 31-03-2018ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| દેવાં | રકમ ₹. | મિલકતો | | રકમ ₹. |
|---|---|---|---|---|
| ઓર્ડિનરી શૅરમૂડી | | પાઘડી | | 12,000 |
| દરેક ₹.10 નો | 1,50,000 | મકાન-યંત્રો | | 1,85,000 |
| 12% ની ક્યુ. પ્રેફ | | ફર્નિચર | | 12,000 |
| શૅરમૂડી દરેક ₹.10નો | 60,000 | પેટન્ટ્સ | | 4,000 |
| 15% ના ડિબેંચર | 50,000 | સ્ટોક | | 25,000 |
| લેણદારો | 30,000 | દેવાદારો | 32,000 | |

| દેવાં | રકમ ₹. | મિલકતો | | રકમ ₹. |
|---|---|---|---|---|
| સંશયિત દેવું : | | બાદ : | | |
| પ્રેફ. શૅરનું ડિવિડન્ડ | | ઘા.અના. | 1,000 | 31,000 |
| ₹.14,400 | | રોકડ-બેંક | | 6,000 |
| | | ન.નુ. ખાતું | | 15,000 |
| | **2,90,000** | | | **2,90,000** |

નિરજા લિ. માં શૈલજા લિ. નો સમાવેશ નીચેની શરતો એ કરવામાં આવ્યો :

(1) ઓર્ડિનરી શૅરહોલ્ડર્સને તેમના દરેક પાંચ શૅરના બદલામાં નિરજા લી. ના ચાર ઓર્ડિનરી શૅર, દરેક ₹.10 નો આપવા.

(2) ક્યુ. પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને તેમના દરેક ચાર શૅરના બદલામાં નિરજા લિ. ના ત્રણ 12%ના નોનક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શૅર દરેક ₹.10નો આપવા. તેમજ 2 વર્ષના ચઢેલા ડિવિડન્ડ પેટે ચૂકતે હિસાબે ₹.6,000 રોકડા નિરજા લિમિટેડે આપવા.

(3) ડિબેંચર્સ હોલ્ડર્સને અગાઉ મળતું હતું તેટલું જ વાર્ષિક વ્યાજ ઉત્પન્ન કરી આપે તેટલી રકમના નિરજા લિ. ના 12%ના ડિબેંચર આપવા.

(4) શેલજા લિ. નો લિક્વિડેશન ખર્ચ નિરજા લિ. એ ચૂકવવાનો છે.

(5) નિરજા લિ. એ શૈલજા લિ. ની એક સિલક સહિતની તમામ મિલકતો અને ડિબેંચર સિવાયના તમામ દેવાં લઈ લેવાં.

(6) કબૂલેલ ખરીદ કિંમતની ગણતરી વખતે નિરજા લિ. ના ડિરેક્ટરોએ મકાન યંત્રોની કિંમત ₹.1,65,000 અને દેવાદારો ચોપડે દર્શાવેલ કિંમતે 5% લિ. શકમંદ લેણાંની જોગવાઈને અધીન કિંમતની આંકરણી કરેલ છે. પેટન્ટ કિંમત વગરના છે. શૈલજા લિ. નો લિક્વિડેશન ખર્ચ ₹.1,900 થયો હતો. ઉપરની વિગતો પરથી તૈયાર કરો.

નિરજા લિ. ના ચોપડે, શૈલજા લિ. નો ધંધો ખરીદવા અંગેની જરૂરી આમનોંધ લખો.

(જવાબ અને સમજૂતી : ખરીદ કિંમત ₹.1,71,000 (જેમાં 1,20,000 ઈક્વિટી શૅર + 45,000ના ક્યુ પ્રેફરન્સ શૅર + 6,000 રોકડા ડિવિડન્ડ પેટે) (2) ચોખ્ખી મિલકતો ₹.1,45,000 (3) પાઘડી ₹.2,51,000 + લિક્વિડેટર ખર્ચ 1,900 મુજબ ₹.27,000)

| દેવાં | સ્લિમ લિ. ₹. | સ્ટીવ લિ. ₹. | મિલકતો | સ્લિમ લિ. ₹. | સ્ટીવ લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શૅર | | | પરચૂરણ | | |
| દરેક ₹.100 ના | 5,00,000 | 3,00,000 | મિલકતો | 7,50,000 | 3,50,000 |
| અનામતો | 1,00,000 | 55,000 | સ્લિમ લિ.ના | | |
| લેણદારો | 1,50,000 | 95,000 | 1000 શેર્સ. | - | 1,00,000 |
| | **7,50,000** | **4,50,000** | | **7,50,000** | **4,50,000** |

શૅરની આંતરિક કિંમતના આધારે સ્લિમ લિ. સ્ટીવ લિ. ને સમાવે છે. ખરીદકિંમતના પૂરા ભરાયેલા ઈક્વિટી શૅરમાં ચૂકવાય છે. આમ નોંધો દાર્શનિક કિંમતના આધારે જ કરવાની છે. સ્લિમ લિ. ના દેવામાં ₹.20,000 સ્ટીવ લિ.ના છે. સ્ટીવ લિ.ના સ્ટોકમાં 30,000 સ્લિમ લિ. પાસેથી પડતર વતા 20% લેખે ખરીદેલ માલ અંગેના છે. બંને કંપનીઓના ચોપડે આમનોંધો લખો તથા સમાવેશ થયા પછીનું સ્લિમ લિ. નું પાકું સરવૈયું તૈયાર કરો.

(**જવાબ અને સમજૂતી :** સ્લિમ લિ. શૅરની આંતરિક કિંમત 6,00,000 ÷ 5,000 = 120. સ્વિટ લિ. ₹.125 ચોખ્ખી મિલકતો સ્ટીવ લિ. ની ₹.3,55,000 + લેણદારોમાં સ્લિમ લી. ના દેવાદારો ₹.20,000 રદ કરતાં ₹.3,75,000 શૅરની સંખ્યા ₹.3,75,000/ 120 = 3, 125 શૅર તેમાંથી 1,000 શૅર × 120 = 1,20,000 સ્લિમને મળશે. 2,125 શૅર × 120 = 2,55,000 અન્ય શૅરહોલ્ડર્સને મળશે. સ્ટોકમાં નફો ₹.5,000 તેથી સ્ટોકની પડતર ₹.25,000 પાઘડી ₹.20,000 સ્ટોકનો નફો દૂર કરતાં કુલ પાઘડી ₹.25,000 સ્લિમ લિ. ના પાકા સરવૈયાનાં સરવાળો ₹.12,00,000)

**પ્રશ્ન-4.** ધી શિવ લિમિટેડ અને ધી પાર્વતી લિમિટેડના તા.31-03-2018ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે :

| જવાબદારીઓ | શિવ લિ. ₹. | પાર્વતી લિ. ₹. | મિલકતો | શિવ લિ. ₹. | પાર્વતી લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ₹.200 નો એવા ઈક્વિટી શૅર, શૅરદીઠ ₹.150 ભરાયેલ | 15,00,000 | - | કાયમી મિલકતો | 16,50,000 | 12,50,000 |
| ₹.100નો તેવા ઈક્વિટી શૅર, શૅરદીઠ ₹.80 ભરાયેલ | - | 12,00,000 | દેવાદારો | 80,000 | 50,000 |
| સામાન્ય અનામત | 2,00,000 | 1,50,000 | લેણીહૂંડી | 40,000 | 20,000 |
| 6% ના ડિબેંચર | 1,00,000 | - | સ્ટોક | 1,00,000 | 1,00,000 |
| લેણદારો | 70,000 | 80,000 | બેંક સિલક | 30,000 | 30,000 |
| દેવીહૂંડીઓ | 30,000 | 20,000 | | | |
| | **19,00,000** | **14,50,000** | | **19,00,000** | **14,50,000** |

ધી શિવ લિમિટેડની કાયમી મિલકતોમાં પેટન્ટ્સ સમાયેલ છે. પેટન્ટ્સની કિંમત ₹.1,00,000 માંડી વાળવાની છે.

ધી શિવ લિમિટેડનો ધંધો, ધી પાર્વતી લિમિટેડે સમાવી લીધો કરાર મુજબ ધી શિવ લિમિટેડના ચાર શૅર ધરાવનારને ધી પાર્વતી લિમિટેડના સાત શૅર આપવા અને બંને કંપનીઓના શૅરની આંતરિક કિંમતને આધારે ખૂટતી રકમ રોકડમાં ચૂકવવી.

ધી શિવ લિમિટેડના દેવાદારોમાં, ધી પાર્વતી લિમિટેડ પાસેના લેણાં ₹.10,000 સમાયેલ છે. ધી પાર્વતી લિ. ની ₹.15,000 દેવી હૂંડીઓ. ધી શિવ લિમિટેડે લખી હતી.

ધી પાર્વતી લિમિટેડને ચોપડે ધંધાની ખરીદની નોંધો લખો અને પાકું સરવૈયું તૈયાર કરો.

**જવાબ અને સમજૂતી :**

| **વિગત** | | **શિવ લી. ₹.** | **પાર્વતી લી. ₹.** |
|---|---|---|---|
| (1) શૅરની આંતરિક કિંમત = | $\frac{\text{ચોખ્ખી મિ.}}{\text{ઈ. શૅરની સંખ્યા}}$ = | $\frac{16,00,000}{10,000}$ = | $\frac{13,50,000}{15,000}$ |
| | | = ₹. 160 | = ₹. 90 |

(2) શિવ લિ. ના 4 શૅર સામે પાર્વતી લિ. ના 7 શૅર આપવામાં આવે છે. તેથી શિવ લિ. ના 10,000 શૅર સામે પાર્વતી લિ. ના 17,500 શૅર આપવામાં આવશે. શિવ લિ. ના શૅરની કિંમત ₹.16,00,000 છે. જ્યારે પાર્વતી લિ. ના શૅરની કિંમત ₹.15,75,000 છે. તેથી પાર્વતી લિ. ને ₹.25,000 રોકડ આપવામાં આવશે. (3) ખરીદ કિંમત ₹.16,00,000 (4) પાર્વતી લિ. ના પાકા સરવૈયાનો સરવાળો ₹.32,00,000 (5) આંતર કંપની દેવાં-લેણાં તરીકે દેવાદારો અને લેણદારોમાંથી ₹.10,000 તથા લેણીહૂંડી અને દેવી હૂંડીમાંથી ₹.15,000 બાદ કરવા)

**પ્રશ્ન-5.** અર્જુન લિ. અને ક્રિષ્ન લિ. ના તા. 31-03-2018ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે :

| **જવાબદારીઓ** | **અર્જુન લિ. ₹.** | **ક્રિષ્ન લિ. ₹.** | **મિલકતો** | **અર્જુન લિ. ₹.** | **ક્રિષ્ન લિ. ₹.** |
|---|---|---|---|---|---|
| શૅરમૂડી | 1,00,000 | 80,000 | પાઘડી | 60,000 | 30,000 |
| અનામતો | 25,000 | 60,000 | યંત્રો | 1,20,000 | 1,56,000 |
| ડિવિડન્ડ | | | રોકાણો | 20,000 | 20,000 |
| સમતુલા ફંડ | 15,000 | 40,000 | સ્ટોક | 20,000 | 50,000 |
| ન.નુ. ખાતું | - | 20,000 | દેવાદારો | 65,000 | 55,000 |
| 14% ના ડિબેંચર | 1,20,000 | 1,00,000 | રોકડ | 20,000 | 9,000 |
| લેણદારો | 50,000 | 30,000 | લેણીહૂંડી | 15,000 | 20,000 |
| દેવી હૂંડી | 10,000 | 10,000 | | | |
| | **3,20,000** | **3,40,000** | | **3,20,000** | **3,40,000** |

આ તારીખે અર્જુન લિ. નો ધંધો ક્રિષ્ન લિ. એ પોતાનામાં સમાવી લેવાનો કરાર કર્યો. આ કરાર મુજબ ક્રિષ્ન લિ. ના શૅર અર્જુન લિ. ના શૅર હોલ્ડર્સને એ રીતે આપવાના હતા. કે જેથી બંને કંપનીઓના કુલ શૅરની આંતરિક કિંમત સરખી થાય. અર્જુન લિ. ના શૅરની દાર્શનિક કિંમત શૅરદીઠ ₹.10 છે. જેના પર શૅરદીઠ ₹.5 ભરપાઈ થયા છે. ક્રિષ્ન લિ. નો શૅર ₹.10 ની દાર્શનિક કિંમતનો છે. જેના પર શૅરદીઠ ₹.4 ભરપાઈ થયા છે. ક્રિષ્ન લિ. ના દેવાદારોમાં ₹.10,000 અર્જુન લિ. પાસેન લેણાંનો સમાવેશ થાય છે. અર્જુન લિ. ની બધી દેવીહૂંડીઓ ક્રિષ્ન લિ. એ લખેલી છે. અર્જુન લિ. ના સ્ટોકમાં ₹.10,000 નો માલ ક્રિષ્ન લિ. પાસેથી ખરીદેલ છે. તેનો સમાવેશ થાય છે, જેના પર વેચાણકિંમત પર 25% નફો મળે તે રીતે વેચેલ છે.

ક્રિષ્ન લિ. ની આમનોંધ લખો અને તેનું શરૂઆતનું સરવૈયું તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી :**

(1) ચોખ્ખી મિલકતો : અર્જુન લિ. ₹.1,40,000 અને ક્રિષ્ન લિ. ₹.2,00,000 (2)

શૅરની આંતરિક કિંમત : અર્જુન લિ. ₹.7 અને ક્રિષ્ન લિ. ₹.10 નો. (3) અર્જુન લિ. ના ₹.10 શૅર ધરાવનારને ક્રિષ્ન લિ. ના 7 શૅર મળશે. અર્જુન લિ. ના 20,000 શૅરના બદલામાં ક્રિષ્ન લિ. ના 14,000 શૅર દરેક ₹.10 નો તેવા 1,40,000 ની કિંમતે ખરીદ કિંમત પેટે મળશે (4) અર્જુન લિ. ના ચોપડે દર્શાવેલ પાઘડી ₹.60,000 ની ગણતરી ચોખ્ખી મિલકતોના એક ભાગ તરીકે કરેલી છે. (5) ખરીદ કિંમત ₹.1,40,000 પેટે 14,000 શૅર × ₹.4 = ₹.56,000 શૅરમૂડી તથા બાકીના ₹.84,000 શૅર પ્રીમિયમ ગણાશે નવી કંપનીમાં ઈ. શૅર (20,000 + 14,000) = 34,000 શૅર દરેક ₹.4 લેખે ભરપાઈ (6) સ્ટોકમાં રહેલોં નહિ કમાયેલ નફો ₹.25,00 પાઘડી ખાતે ઉધારી સ્ટોક ખાતે જમા કરાવો. (7) આંતર કંપની દેવાં-લેણાં નીચે ₹.10,000 ની હૂંડીઓ રદ કરો (8) સમાવેશ બાદના પાકા સરવૈયામાં કુલ પાઘડી ક્રિષ્ન લિ. ની. ₹.30,000 + અર્જુન લિ. ની ₹.60,000 + નહિ કમાયેલ નફાના ₹.2,500 = 92,500 (9) સમાવેશ બાદના પાકા સરવૈયાનો સરવાળો ₹.6,40,000)

**પ્રશ્ન-6.** A લિ. અને B લિ. નાં તા.31મી માર્ચ, 2018ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે :

| જવાબદારીઓ | A લિ. ₹. | B લિ. ₹. | મિલકતો | A લિ. ₹. | B લિ. ₹. |
|---|---|---|---|---|---|
| શૅરમૂડી | | | કાયમી મિલકતો | 21,35,000 | 8,91,000 |
| ₹.10 નો એક એવા | | | સ્ટોક | 5,00,000 | 1,94,000 |
| ઈ.શૅર પૂરેપૂરા ભરાયેલા | 16,00,000 | 6,00,000 | દેવાદારો | 2,50,000 | 1,20,000 |
| 12% ના પ્રેફ. શૅર | - | 2,00,000 | બેંક સિલક | 50,000 | 80,000 |
| (દરેક ₹.10 નો) | - | | દેવાદારો | 65,000 | 55,000 |
| સામાન્ય અનામત | 9,22,000 | 1,96,000 | | | |
| રોકાણ વળતર | | | | | |
| અનામત | 78,000 | 25,000 | | | |
| નફા-નુકસાન ખાતે | 1,12,600 | 71,000 | | | |
| 12%ના ડિબેંચર | - | 50,000 | | | |
| લેણદારો | 2,00,000 | 1,40,000 | | | |
| દેવીહૂંડી | 87,400 | 58,000 | | | |
| | **30,00,000** | **13,40,000** | | **30,00,000** | **13,40,000** |

1 લી એપ્રિલ, 2018 નો રોજ A લિ. એ B લિ. એ નીચેની શરતોએ સમાવી લેવાનું નક્કી કર્યું.

(1) A લિ. B લિ.ના ઈક્વિટી શૅરહોલ્ડર્સને ₹.10 નો એક એવા 70,000 ઈ.શૅર પૂરેપૂરા ભરપાઈ થયેલા આપશે.

(2) A લિ. B લિ.ના પ્રેફ. શૅરહોલ્ડર્સને ₹.100 નો એક એવા 2,200 12% ના પ્રેફ. શૅર આપશે.

(3) B લિ. ના ડિબેન્ચરના બદલામાં A લિ. ના નવા 15% ના ડિબેન્ચર એ રીતે આપવામાં આવશે કે જેથી તેમને અગાઉ જેટલી આવક થાય.

(4) રોકાણ વળતર અનામતને હજુ બીજા 2 વર્ષ માટે રાખવું જરૂરી છે. ઉપરની વિગતોને

આધારે નીચેના સંજોગોમાં પછીનું A લિ. નું પાકું સરવૈયું બનાવો.

(i) જો સમાવેશ વિલીનીકરણ સ્વરૂપનું હોય.

(ii) જો સમાવેશ ખરીદી સ્વરૂપનું હોય.

**જવાબ અને સમજૂતી :**

(અ) સમાવેશ વિલીનીકરણ સ્વરૂપનું હોય તે મુજબ : ખરીદ કિંમત અને તેના અવેજ પેટે :

| | |
|---|---|
| ઈક્વિટી શૅર | ₹.7,00,000 |
| 12% પ્રેફ. શૅર | ₹.2,20,000 |
| કુલ ખ. કિ. | ₹.9,20,000 |
| - લીધેલ શૅરમૂડી | ₹.8,00,000 |
| તફાવત (અનામત) | ₹.1,20,000 |
| બન્ને કંપની. નું સામાન્ય અનામત : | |
| A લિ. | ₹.9,22,000 |
| +B લિ. | ₹.1,96,000 |
| કુલ | ₹.11,18,000 |
| - ખ. કિ. મુજબ તફાવત | ₹.1,20,000 |
| | ₹.9,98,000 |
| + નવા ડિબેંચરનો નફો | ₹.10,000 |
| નવી કંપનીમાં સામાન્ય અનામત | ₹.10,08,000 |
| નવી ડિબેંચરની રકમ | ₹.40,000 |
| તેની સામે જૂના ડિબેંચર | ₹.50,000 |
| તેથી તેનો તફાવત અનામત ખાતે જશે. | |
| સમાવેશ બાદ પા.સ. નો સરવાળો | ₹.43,20,000 |

(બ) **સમાવેશ ખરીદ સ્વરૂપનું હોય તે મુજબ :**

| | |
|---|---|
| ખરીદ કિંમત | ₹.9,20,000 |
| કુલ મિલકતો | ₹.13,40,000 |
| -દેવાં - જવાબદારી ₹.50,000 ના ડિબેંચર સહિત | ₹.2,48,000 |
| ચોખ્ખી મિલકતો | **₹.10,92,000** |

મૂડી અનામત = 10,92,000 - 9,20,000 = 1,72,000 તેમાં ડિબેંચરમાં થતો નફો ₹.10,000 ઉમેરતાં કુલ બાકી ₹.1,82,000 થશે.

B લિ. નું રોકાણ વળતર અનામત સંયોજન હવાલા ખાતે ₹.25,000 મુજબ લઈ જવાશે અને સામાન્ય અનામતમાંથી બાદ થશે સમાવેશ બાદ પા.સ. નો સરવાળો ₹.43,45,000)

**પ્રશ્ન-7.** તા. 1 લી એપ્રિલ 2018 ના રોજથી અરુણ લિમિટેડ બાદલ લિ. નો ધંધો સમાવી લે છે. સમાવેશ પહેલાંના બંને કંપનીઓમાં પાકા સરવૈયા નીચે મુજબ છે :

**પાકા સરવૈયા (રકમ ₹.1000 (હજાર)માં છે.**

| દેવાં | અરૂણ લિ. ₹. | બાદલ લિ. ₹. | મિલકતો | અરૂણ લિ. ₹. | બાદલ લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી : | | | કાયમી મિલકતો | 6,325 | 3,600 |
| (દરેક ₹.10 નો) | 5,000 | 3,000 | રોકાણો | 700 | 500 |
| 13% ની પ્રેફરન્સ | | | ચાલુ મિલકતો | 2,875 | 2,500 |
| શૅરમૂડી (દરેક ₹.100 ના) | 2,200 | 1,700 | | | |
| સામાન્ય અનામત | 500 | 250 | | | |
| નિકાસ નફાનું અના. | 300 | 200 | | | |
| રોકાણ વળતર અના. | - | 100 | | | |
| ન.નું. ખાતું | 750 | 500 | | | |
| 12%ના ડિબેંચર | 500 | 350 | | | |
| (દરેક ₹.100 ના) | | | | | |
| ચાલુ દેવાં | 650 | 500 | | | |
| | **9,900** | **6,600** | | **9,900** | **6,600** |

અરૂણ લિમિટેડ ખરીદ કિંમત નીચે મુજબ ચૂકવી છે.

(1) ₹.10 નો એક એવા 3,50,000 ઈ.શેર્સ, મૂળ કિંમતે બાદલ લિ. ના ઈ. શૅરહોલ્ડર્સ માટે આપ્યા.

(2) બાદલ લિમિટેડના પ્રેફ. શૅરહોલ્ડર્સને 10% ના પ્રીમિયમે નાણાં ચૂકવવા માટે 100 નો એક એવા 14% ના પ્રેફ. શેર્સ મૂળ કિંમતે આપ્યા.

(3) બાદલ લિ. ના ડિબેન્ચરોની અવેજમાં એટલી જ સંખ્યામાં અરૂણ લિ. ના ડિબેન્ચર્સ બદલી આપવામાં આવશે.

(4) બાદલ લિ. ની કાનૂની અનામતો હજુ 2 વર્ષ ચાલુ રાખવાની છે.

સમાવેશ પછીનું અરુણ લિ. નું પાકું સરવૈયું નીચે મુજબ ધારણાઓ હેઠળ તૈયાર કરો.
(અ) જો સમાવેશ વિલીનીકરણ સ્વરૂપનું હોય.
(બ) જો સમાવેશ ખરીદી સ્વરૂપનું હોય.

**જવાબ અને સમજૂતી :**

(અ) જો સંયોજન (સમાવેશ) વિલીનીકરણ સ્વરૂપનું હોય તો :

| | ₹. |
|---|---|
| ઈ. શૅર રૂપે ખરીદ અવેજ | 35,00,000 |
| પ્રેફરન્સ શૅર રૂપે (17,000 × 110) | 18,70,000 |
| ખરીદ કિંમત | 53,70,000 |
| સામે લીધેલ શૅરમૂડી (30,00,000 + 17,00,000) | 47,00,000 |

| | | |
|---|---|---|
| | તફાવત (સામાન્ય અનામત ખાતે) | 6,70,000 |
| | જૂનું સામાન્ય અનામત બન્ને કં. નું | |
| | (5,00,000 + 2,50,000) | 7,50,000 |
| | - તફાવત (ઉપર મુજબનો) | 6,70,000 |
| | નવા પા.સ. માં જશે. | 80,000 |
| | નવા ડિબેન્ચરની રકમ | 8,50,000 |
| | (કુલ બન્ને કં. ની) | |
| | પા.સ. નો સરવાળો ₹.1,65,00,000 | |
| | (મિલકતો બન્ને કં.ની ચોપડા કિંમતે લેવાય છે.) | |
| (બ) | જો સંયોજન (સમાવેશ) ખરીદી સ્વરૂપનું હોય તો : | ₹. |
| | કુલ મિલકત | 66,00,000 |
| | બાદ : દેવાં | 8,50,000 |
| | ચો.મિ. (ચોપડા કિંમત) | 57,50,000 |
| | ખરીદ કિંમત | 53,70,000 |
| | મૂડી અનામત | 3,80,000 |

નવા પા.સ. માં રોકાણ નિકાસ નફાનું અનામત ₹.2,00,000 (કાનૂની અનામત) મુજબ હજુ બે વર્ષ બતાવવાનું હોવાથી તેને સંયોજન હવાલા ખાતે લઈ જઈને સામાન્ય અનામતમાંથી બાદ દર્શાવાશે. તેથી નવા પાકા સરવૈયાનો કુલ સરવાળો ₹.1,66,00,000)

**પ્રશ્ન-8.** તા. 31 મી માર્ચ 2018 ના રોજ રાજા લિમિટેડનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે :

| જવાબદારીઓ | રકમ ₹. | મિલકતો | રકમ ₹. |
|---|---|---|---|
| શૅરમૂડી : | - | પ્લાન્ટ અને મશીનરીઓ | 16,00,000 |
| 1,50,000 ઈ.શૅર દરેક | - | ફર્નિચર | 2,50,000 |
| ₹.10 નો | 15,00,000 | સ્ટોક | 7,00,000 |
| શૅર પ્રીમિયમ | 2,00,000 | દેવાદારો | 2,00,000 |
| સામાન્ય અનામત | 6,50,000 | બેંકમાં સિલક | 1,75,000 |
| નફાનુકસાન ખાતું | 2,00,000 | | |
| લેણદારો | 3,75,000 | | |
| | **29,25,000** | | **29,25,000** |

**તા.31 મી માર્ચ, 2018ના રોજનું રાણી લિ. નું પાકું સરવૈયું.**

| જવાબદારીઓ | રકમ ₹. | મિલકતો | રકમ ₹. |
|---|---|---|---|
| શૅરમૂડી : | | મશીનરી | 6,00,000 |
| 60,000 ઈ.શૅર | 6,00,000 | ફર્નિચર | 1,50,000 |
| મૂડી અનામત | 13,000 | સ્ટોક | 3,00,000 |
| વિદેશ પ્રોજેક્ટ અનામત | 9,700 | દેવાદારો | 1,30,000 |
| સામાન્ય અનામત | 75,300 | બેંકમાં સિલક | 1,20,000 |
| નફાનુકસાન ખાતું | 25,000 | | |
| 4,000 (12% ના) | | | |
| ડિબેંચર દરેક ₹.100 નો | 4,00,000 | | |
| લેણદારો | 1,77,000 | | |
| | **13,00,000** | | **13,00,000** |

આ તારીખ રાજા લિમિટેડ રાણી લિ. નો ધંધો ₹.6,60,000 ની કિંમતે લઈ (સમાવી) લીધો અને જેની ચુકવણી રાજ લિ.ના ₹.10 ના પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર્સમાં દાર્શનિક કિંમતે કરવાની છે. રાણી લિ. ના શૅરહોલ્ડર્સ રાજા લિ. ના ₹.110 શૅર રાણી લિ. માં ધારણ કરેલ 100 શૅરના બદલામાં મેળવશે. યોજનામાં એવી પણ જોગવાઈ કરવામાં આવી છે કે રાણી લિ. ના 4,000 12% ના ડિબેન્ચરના બદલામાં એટલ જ સંખ્યામાં રાજા લિ.ના 12% ના ડિબેન્ચર દરેક ₹.100 નો એક એવા આપવાના છે.

તમને જણાવવામાં આવે છે કે -

(1) ખરીદનાર કંપનીના ચોપડે કાયદેસરના અનામતોની નીચે જણાવેલ સંજોગોમાં હિસાબી અસર શું થશે ?

- જ્યારે સંયોજન - સમાવેશ વિલીનીકરણ સ્વરૂપનું હોય

- જ્યારે સંયોજન - સમાવેશ ખરીદી સ્વરૂપનું હોય.

(2) વિલીનીકરણના સંજોગોમાં તબદીલ થનાર કંપનીના (વેચનાર)નહીં વહેંચાયેલ નફાની હિસાબી અસરો તબદીલી મેળવનાર (ખરીદનાર) કંપનીના ચોપડે કેવી રીતે આપશો ? શા માટે ?

(**જવાબ અને સમજૂતી :** બન્ને સંજોગોનુસાર ખરીદકિંમત ₹.6,60,000 રહેશે. ધારણ કરેલ શૅર જે રાણી લિ. દ્વારા છે તેની સામે રાજા લિ. એ શૅરદીઠ ₹.10 વધુ ચૂકવવા પડે તે 6,60,000 - 6,00,000 = ₹.60,000 સામાન્ય અનામત ખાતે સરભર કરી લેવાશે નવા પા.સ. માં સામાન્ય અનામતની બાકી ₹.28,300 દર્શાવાશે. (કારણ કે 75,300 ની બાકીમાં મૂડી અનામત જે પા.સ.માં રહે છે. તે ₹.13,000 ઉમેરતાં બાકી ₹.88,300 થશે તેમાંથી 60,000 ખરીદ કિંમતનાં રોકાણ સંબંધી શૅર પેટેના માંડી વાળતા બાકી ₹.28,300 રહેશે.) પા.સ. નો સરવાળો ₹.42,25,000 થશે. વિદેશી પ્રોજેક્ટ અનામત સંયોજન વિલીનીકરણનું હોય ત્યારે ચાલુ રાખવામાં આવશે. ખરીદ સ્વરૂપમાં તેનું સંયોજન હવાલા ખાતું ખુલશે. નહિ વેચાયેલ નફો વિલીનીકરણના સંજોગોમાં નવી કં. ને સોંપવામાં આવશે તેનો ઉપયોગ ખરીદકિંમતમાં રહેલ શૅર રોકાણની રકમ માંડી વાળવા માટે થશે.)

**પ્રશ્ન-9.** કુબેર લિ. અને લક્ષ્મી લિ. નાં 31-03-2018ના રોજનાં પાકાં સરવૈયાં નીચે મુજબ છે. રકમ ₹.900 (નવસો)માં દર્શાવેલી છે.

| જવાબદારીઓ | કુબેર લિ. ₹. | લક્ષ્મી લિ. ₹. | મિલકતો | કુબેર લિ. ₹. | લક્ષ્મી લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ઈક. શૅરમૂડી | | | જમીન - મકાન | 2,500 | 1,550 |
| દરેક ₹.10 નો તેવા | | | કમ્પ્યૂટર્સ | 3,250 | 1,700 |
| શૅરમાં | 5,000 | 3,000 | ફર્નિચર | 575 | 350 |
| 4% ની પ્રેફરન્સ શૅર | | | રોકાણો | 1,250 | 950 |
| મૂડી ₹.100નો | | | સ્ટોક | 900 | 1,030 |
| શૅર | 2,200 | 1,700 | દેવાદારો | 725 | 520 |
| સામાન્ય અનામત | 500 | 250 | રોકડ અને બેંક | 700 | 500 |
| નિકાસના નફાનું અનામત | 300 | 200 | | | |
| ઈન્વેસ્ટમેન્ટ | | | | | |
| એલાઉન્સ રિઝર્વ | - | 100 | | | |
| ન.નું. ખાતું | 750 | 500 | | | |
| 4% ના ડિબેન્ચર્સ | | | | | |
| દરેક ₹.100નો | 500 | 350 | | | |
| ચાલુ જવાબદારી | 650 | 500 | | | |
| | **9,900** | **6,600** | | **9,900** | **6,600** |

કુબેલ લિ. એ તા.01-04-2018ના રોજ લક્ષ્મી લિ. ને ખરીદી લીધી. ખરીદ કિંમત નીચે મુજબ ચૂકવવી.

(1) લક્ષ્મી પલિ. ના ઈક્વિટી શૅર હોલ્ડર્સને દ. ₹.10 નો તેવા 35,000 ઈ. શૅર ભાવોભાવ આપવા.

(2) લક્ષ્મી લિ. ના 4% ના પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને કુબેર લિ. ના 4% પ્રેફરન્સ દ ₹.100 નો એવી રીતે આપવા કે જેથી લક્ષ્મી લિ. ના પ્રેફરન્સ શૅરહોલ્ડર્સ ને 10% પ્રીમિયમ મળે.

લક્ષ્મી લિ. ના ડિબેન્ચર્સના બદલામાં તેટલી જ રકમના કુબેર લિ. ના ડિબેન્ચર્સ આપવા લક્ષ્મી લિ. ના ઈન્વેસ્ટમેન્ટ, એલાઉન્સ રિઝર્વ અને નિકાસના નફાનું અનામત હજી 3 વર્ષ સુધી જાળવી રાખવાનું જરૂરી છે.

નીચેના બન્ને સંજોગોમાં કુબેર લિ. નું પા.સ. તૈયાર કરો.

(1) જો વિલીનીકરણ સ્વરૂપનું સંયોજન થયું હોય.

(2) જો ખરીદ સ્વરૂપનું સંયોજન થયું હોય.

(**જવાબ અને સમજૂતી :** ખ. કિ. ₹.5,37,000 (₹.3,50,000 + ₹.1,87,000)પા.સ. સરવાળો (1) વિલીનીકરણ મુજબ = ₹.16,50,000 અને (2) ખરીદ સ્વરૂપ મુજબ = ₹.30,000 સંયોજન હવાલા ખાતાની બાકી સામાન્ય અનામતમાંથી બાદ કરવી.)

**પ્રશ્ન-10.** અમર લિ. અને સીમા લિ. ના તા.31-03-2018ના રોજનાં પાકાં સરવૈયાં :

| મૂડી દેવા | અમર લિ. ₹. | સીમા લિ. ₹. | મિલકત-લેણાં | અમર લિ. ₹. | સીમા લિ. ₹. |
|---|---|---|---|---|---|
| શૅરમૂડી : | | | મકાન | 7,00,000 | 2,00,000 |
| ઈક્વિટી દરેક ₹.10 | 5,00,000 | 2,00,000 | યંત્રો | 2,00,000 | 1,00,000 |
| 12% ના પ્રેફ. શૅર | | | સ્ટોક | 1,00,000 | 80,000 |
| દરેક ₹.100 | 2,00,000 | 1,00,000 | દેવાદારો | 20,000 | 40,000 |
| સામાન્ય અનામત | 80,000 | 20,000 | રોકડ - બેંક | 60,000 | 50,000 |
| રોકાણ ભંડોળ | | | | | |
| અનામત | 70,000 | 30,000 | | | |
| નફાનુકસાન ખાતું | 1,00,000 | 50,000 | | | |
| 10% ના ડિબેંચર | 50,000 | 20,000 | | | |
| લેણદારો | 80,000 | 50,000 | | | |
| | **10,80,000** | **4,70,000** | | **10,80,000** | **4,70,000** |

અમર લિ. એ સીમા લિ. ને નીચેની શરતો ને સમાવી લીધી.

(1) સીમા લિ. ના ઈક્વિટી શૅરહોલ્ડર્સને 20,000 ઈક્વિટી શૅર દરેક ₹.10 નો તેવા ₹.12.50ની કિંમતે ખરીદકિંમત પેટે આપવા.

(2) સીમા લિ. ના પ્રેફ. શૅરહોલ્ડર્સને અમર લિ. ના 15% ના પ્રેફ. શૅર દરેક ₹.100 ની કિંમતે આપવા.

(3) સીમા લિ. ના ડિબેંચર હોલ્ડર્સને એટલી જ કિંમતના અમર લિ. ના ડિબેંચર દરેક ₹.100 નો એક એવા આપવા.

(4) યંત્રોની કિંમત ₹.80,000 ગણવી.

(5) સીમા લિ.ના રોકાણ ભંડોળ અનામત ભવિષ્યમાં ચાલુ રાખવું.

અમર લિ.ના ચોપડે શરૂઆતની આમનોંદ અને પાકું સરવૈયુ હિસાબી ધોરણ - 14 મુજબ :

(1) વિલીનીકરણ સ્વરૂપના સંયોજન

(2) ખરીદ સ્વરૂપના સંયોજન મુજબ તૈયાર કરો.

(**જવાબ :** સીમા લિ. ખ.કિ. ₹.3,50,000 (જેમાં ઈ. મૂડી 2,00,000 + જા.પ્રી. 50,000, પ્રેફ. મૂડી 10,000) પા.સ. નો સરવાળો ₹.15,30,000 બન્ને રીત મુજબ પા.સ. સમાન સરવાળો છે ખરીદ પદ્ધતિમાં સંયોજન હવાલા ખાતું ₹.30,000 સામાન્ય અનામતમાંથી બાદ કરવું.)

**પ્રશ્ન-11.** ભાગ્ય કંપની લિ. અને ઉદય કંપની લિ. ના તા.31-03-2018નાં રોજનાં પાકાં સરવૈયા નીચે મુજબ છે :

| જવાબદારીઓ | ભાગ્ય લિ. ₹. | ઉદય લિ. ₹. | મિલકતો | ભાગ્ય લિ. ₹. | ઉદય લિ. ₹. |
|---|---|---|---|---|---|
| ઈક્વિટી શૅરમૂડી : | | | જમીન - મકાન | 30,00,000 | 15,00,000 |
| દરેક ₹.100 ના શૅરમાં | 60,00,000 | 40,00,000 | પ્લાન્ટ - મશીનરી | 80,00,000 | 40,00,000 |

| જવાબદારીઓ | ભાગ્ય લિ. ₹. | ઉદય લિ. ₹. | મિલકતો | ભાગ્ય લિ. ₹. | ઉદય લિ. ₹. |
|---|---|---|---|---|---|
| 12% ની પ્રેફ. શૅરમૂડી | | | ફર્નિચર | 4,00,000 | 2,00,000 |
| દરેક ₹.100ના શૅરમાં | 40,00,000 | 20,00,000 | સ્ટોક | 20,00,000 | 16,00,000 |
| સામાન્ય અનામત | 14,00,000 | 8,50,000 | દેવાદારો | 10,00,000 | 4,00,000 |
| રોકાણ ભથ્થા અનામત | 6,00,000 | 50,000 | બેંક સિલક | 6,00,000 | 3,00,000 |
| નફા-નુકસાન ખાતું | 8,00,000 | 1,00,000 | | | |
| 15% ના ડિબેન્ચર્સ | 10,00,000 | - | | | |
| 12% ના ડિબેન્ચર્સ | - | 5,00,000 | | | |
| લેણદારો | 10,00,000 | 4,00,000 | | | |
| દેવીહૂંડીઓ | 2,00,000 | 1,00,000 | | | |
| | **1,50,00,000** | **80,00,000** | | **1,50,00,000** | **80,00,000** |

ભાગ્ય કંપની લિ. એ ઉદય કંપની લિ. ને નીચેની સમાવી લીધી.

(1) ઉદય લિ. ના ઈક્વિટી શૅરહોલ્ડર્સને ભાગ્ય લિ. ના 40,000 ઈક્વિટી શૅર દરેક ₹.100ના એક એવા દરેક ₹.120ના ભાવે આપવા.

(2) ઉદય લિ. ના પ્રેફ. શૅરહોલ્ડર્સને ભાગ્ય લિ. ના 20,000, 12 % ના પ્રેફ. શૅર દરેક ₹.100ના એક એવા ₹.105ના ભાવે આપવા.

(3) ડિબેન્ચર હોલ્ડર્સને ભાગ્ય લિ. ના 15%ના ડિબેન્ચર એટલી સંખ્યામાં આપવા કે જેથી તેમની વ્યાજની આવક તેટલી જ રહે.

(4) રોકાણ ભથ્થા અનામત બીજા પાંચ વર્ષ માટે જાળવવાનું છે.

ઉપરોક્ત માહિતી પરથી ભાગ્ય લિ.ના ચોપડામાં

(અ) વિલીનીકરણ સ્વરૂપનું સમાવેશ (બ) ખરીદી સ્વરૂપનું સમાવેશ એમ બંને પ્રકારનાં પાકાં સરવૈયા સમાવેશ બાદના, જરૂરી ગણતરી સાથે તૈયાર કરો.

**(જવાબ :** ઉદય કું : (અ) વિલીનીકરણ સ્વરૂપ સંયોજન :

| **વિગત** | **₹.** | | **₹.** |
|---|---|---|---|
| ખરીદ કિંમત | 69,00,000 | ડિબેન્ચરમાં ઘટાડો | 1,00,000 |
| (શૅરમૂડી બન્ને) | -60,00,000 | | |
| મૂડીમાં વધારો = | 9,00,000 | નવા પા.સ.નો સરવાળો | 2,30,000 |
| સામાન્ય અનામત | 8,50,000 | | |
| + ડિબેંચર ઘટાડો | 1,00,000 | (બ) ખરીદ સ્વરૂપનું સંયોજન હોય તો | |
| | 9,50,000 | | |

| | | | |
|---|---|---|---|
| - મૂડીમાં વધારો | 9,00,000 | ખ. કિ. | = 73,00,000 |
| = સા. અનામત | | | |
| (નવા પા.સ. માં) | 50,000 | ચો.મિ. | = 75,00,000 |
| પા. સ. સરવાળો = | 23,00,000 | મૂડી અનામત | = 2,00,000 |

બહુવિકલ્પવાળા પ્રશ્નો (MCQs) (Multiple Choice Question)

❖ નીચે આપેલ દરેક પ્રશ્ન નીચે ચાર વિકલ્પો જવાબરૂપે આપેલ છે. તેમાંથી તમારે સાચો જવાબ સામે ✓ નિશાની કરવાની છે.

(1) ધંધો વેચનાર એક્સ કું. ના પાકા સરવૈયામાં બાંયધરી કમિશનની રકમ ₹.12000 મિલકતો બાજુએ દર્શાવી છે સમાવેશ વખતે રકમનું ખાતું કેવી રીતે બંધ થશે ? આમનોંધ જણાવો.

(અ) ઈક્વિટી શૅરહોલ્ડર્સ ખાતે ઉધાર, તે બાંયધરી કમિશન ખાતે ☐

(બ) બાંયધરી કમિશન ખાતે ઉધાર, તે ઈક્વિટી શૅરહોલ્ડર્સ ખાતે ☐

(ક) ઈક્વિટી શૅરહોલ્ડર્સ ખાતે ઉધાર, તે ધંધો ખરીદનાર કું. ખાતે ☐

(ડ) ધંધો ખરીદનાર કું ખાતે ઉધાર, તે બાંયધરી કમિશન ખાતે ☐

(2) એક કું. ની ચાલુ મિલકતો ₹.2,00,000, દશ્ય મિલકતો ₹.7,00,000, અવાસ્તવિક મિલકતો ₹.1,00,000 છે. દેવામાં લેણદારો અને બેંક ઓવરડ્રાફ્ટ અનુક્રમે ₹.1,75000 અને ₹.25,000 છે. કું. ની ચો.મિ. કેટલી ?

(અ) ₹.9,00,000 ☐ (બ) ₹.11,00,000 ☐

(ક) ₹.8,00,000 ☐ (ડ) ₹.7,00,000 ☐

(3) એક કંપનીની ઈ.શૅર સંખ્યા 25,000 છે. ખરીદ કિંમત પેટે તેને દરેક શૅર ₹.12 લેખે, હાલના 5 ઈ.શૅરના બદલામાં 4 ઈ.શૅર મળે છે. શૅરદીઠ દાર્શનિક કિંમત ₹.10 છે. ઈ.શૅરના અવેજ રૂપે તેને ખરીદ કિંમત કેટલી મળશે ?

(અ) ₹.2,00,000 ☐ (બ) ₹.3,00,000 ☐

(ક) ₹.2,40,000 ☐ (ડ) ₹.3,20,000 ☐

(4) પાઘડી + ચોખ્ખી મિલકતો = ____________

(અ) દેવાં / જવાબદારી ☐ (બ) ખરીદ કિંમત ☐

(ક) મૂડી અનામત ☐ (ડ) રોકડ/ બેંક ☐

(5) ખરીદ કિંમત, ચોખ્ખી મિલકત કરતાં ઓછી હોય તો તફાવતની રકમ_________ગણાય.

(અ) મૂડી અનામત ☐ (બ) પાઘડી ☐

(ક) અવેજ ☐ (ડ) વિસર્જન ખર્ચ ☐

(6) ખરીદ સ્વરૂપમાં સમાવેશ ધંધાની ચોખ્ખી મિલકત બાદ મૂડી અનામત ?

(અ) ચોખ્ખા દેવાં (જવાબદારી) ☐ (બ) પાઘડી ☐

(ક) વિસર્જન ખર્ચ ☐ (ડ) ધંધાની ખરીદ કિંમત ☐

(7) સમાવેશમાં ખરીદ કિંમત પેટે વેચનાર કંપનીને ખરીદનાર કંપનીના શૅર, બજાર ભાવે સામાન્ય રીતે આપીને શું નક્કી થતું હોય છે.

(અ) વટાવની રકમ ☐ (બ) દાર્શનિક કિંમત ☐

(ક) શૅર સંખ્યા ☐ (ડ) પ્રીમિયમ ☐

(8) _________માં બે કે તેથી વધુ કંપનીઓમાંથી કોઈ એક કંપની ચાલુ રાખવામાં આવે અને બાકીની કંપનીઓનું વિસર્જન કરી જોડાણનો માર્ગ અપનાવવામાં આવે છે ?

(અ) બાહ્ય પુનઃ રચના ☐ (બ) સંયોજન ☐

(ક) આંતરિક પુનઃ રચના ☐ (ડ) સમાવેશ ☐

(9) ચોખ્ખી મિલકતો ÷ ઈક્વિટી શૅરની કુલ સંખ્યા =__________

(અ) શૅરની આંતરિક કિંમત ☐ (બ) શૅરની ઉપજ કિંમત ☐

(ક) શૅરની બાહ્ય કિંમત ☐ (ડ) શૅરની દાર્શનિક કિંમત ☐

(10) સમાવેશ વખતે ખરીદ કિંમત પેટે આપવાના શૅરની બજાર કિંમત ન આપી હોય તો શૅરની__________નક્કી કરવી પડે છે.

(અ) વાજબી કિંમત ☐ (બ) આંતરિક કિંમત ☐

(ક) દાર્શનિક કિંમત ☐ (ડ) ઊપજ કિંમત ☐

(11) એક કંપનીના સમાવેશ વખતે તેને ખરીદનાર કંપનીએ રોકડ ઉપરાંત ઈ.શૅર 16,000 દરેક ₹.100 નો 10% પ્રીમિયમે આપેલ. જો વેચનાર કું. નીચે ચોખ્ખી મિલકત ₹.2,00,000 ખરીદ કિંમત તરીકે હોય તો બાકીની રકમ (રોકડ) કેટલી ?

(અ) ₹.40,000 ☐ (બ) ₹.56,000 ☐

(ક) ₹.42,000 ☐ (ડ) ₹.2,40,000 ☐

## MCQ ના જવાબો

❖ **કંપનીઓનું વિલીનીકરણ અને કંપનીના ધંધાની ખરીદી :**

(1) (ક) ઈક્વિટી શૅરહોલ્ડર્સ ખાતે ઉધાર, તે બાંયધરી કમિશન ખાતે

(2) (ડ) ₹.7,00,000

(3) (ક) ₹.2,40,000

(4) (બ) ₹. ખરીદકિંમત

(5) (અ) મૂડી અનામત

(6) (ડ) ધંધાની ખરીદી કિંમત

(7) (ક) શૅરની સંખ્યા

(8) (ડ) સમાવેશ

(9) (અ) શૅરની આંતરિક કિંમત

(10) (બ) આંતરિક કિંમત

(11) (ડ) ₹. 2,40,000

*******************

# એકમ 13

# કંપનીના બાહ્ય પુનઃ રચનાના હિસાબો

-: રૂપરેખા :-

**13.0 પ્રસ્તાવિક : અર્થ અને હેતુઓ**

**13.1 પુનઃરચનાના પ્રકારો : આંતરિક અને બાહ્ય પુનઃ રચના**

**13.2 પુનઃરચનાના હિસાબો (હિસાબી ધોરણ-14, કંપની એક્ટ, 2013 મુજબ) બંધ થતી કંપનીના ચોપડે ખાતાં અને આમનોંધો, ધંધો ખરીદ કરતી કંપનીના ચોપડે આમનોંધ અને શરૂઆતનું પાકું સરવૈયું**

**13.4 ખાસ મુદ્દાઓ :**

**13.4 (1) પ્રેફરન્સ શૅર પરનું બાકી ડિવિડંડ અંગે**

**13.4 (2) પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને ફાળે આવતી ખોટ અંગે**

**13.4 (3) પુનઃરચના યોજના સાથે અસંમત શૅરહોલ્ડરને ચુકવણી અંગે**

**13.5 વ્યાવહારિક ઉદાહરણો : (પ્રથમ રીત) (હિ.ધો.14 મુજબ)**

**13.6 પુનઃરચના ખાતાની બીજી રીતે હિસાબો અને તેનાં ઉદાહરણો (હિ. ધો. 14 મુજબ)**

**13.7 સંક્ષિપ્ત પ્રકરણસાર :**

- **સ્વાધ્યાય :**

  **(I) સૈદ્ધાંતિક પ્રશ્નો, (II) હેતુલક્ષી પ્રશ્નો અને MCQ[s] (III) વ્યાવહારિક પ્રશ્નો-વિશિષ્ટ પ્રશ્નો સહિત (હિ. ધો. 14 મુજબ) (ટૂંકા જવાબ અને સમજૂતી સાથે)**

## 13.0 પ્રસ્તાવિા : અર્થ-હેતુઓ :

જ્યારે કંપની નાણાકીય મુશ્કેલીમાં હોય અને જરૂરી નફો કરી શકતી ના હોય ત્યારે તેને બંધ ને બદલે પ્રયોગાત્મક રીતે તે તેની પુનઃ રચના કરવામાં આવે છે. પુનર્રચનાનો હેતુ સંયોજનનો નથી, પરંતુ પાછલાં વર્ષની ખોટને કારણે કંપની જે મૂડીની અછત અનુભવે છે તેને કારણે મૂડીની પુનર્રચના કરવા નવી કંપની સ્થાપવામાં આવે છે.

આમ, પુનઃરચના એ કંપનીઓના કથળેલા આર્થિક આરોગ્યને સુધારવાનો એક સુંદર ઉપાય છે. કંપનીની આર્થિક તબિયત દિનપ્રતિદિન બગડતી જતી હોય ત્યારે તેવી માંદી કંપનીને બેઠી કરવા માટે શાણા સંચાલકો પુનઃચનાની યોજના ઘડી કાઢતા હોય છે. તબીબ જેમ ઑપરેશન દ્વારા રોગને દૂર કરે છે તેમ સંચાલકો પુનઃરચના દ્વારા કંપનીનો આર્થિક રોગ દૂર કરવાનો પ્રયત્ન કરે છે.

નીચેના હેતુઓ પૂર્ણ કરવા માટે પુનઃરચનાનું પગલું લેવામાં આવતું હોય છે :

(1) કાર્યશીલ મૂડી કે ચાલુ મૂડીની ખૂબ અછત વર્તાતી હોય તો તેની પ્રાપ્તિ માટે.

(2) કંપનીના ચાલુ શૅરહોલ્ડર્સ વધારાની નવી મૂડી આપી શકે એમ ન હોય ત્યારે.

(3) કંપનીની પ્રતિષ્ઠા કે આબરુને અસર થઈ હોય અને નવા નામ દ્વારા તે સુધારવાની તાતી જરુરિયાત હોય ત્યારે.

## 13.1 પુનઃરચનાના પ્રકારો : આંતરિક અને બાહ્ય પુનઃ રચના

પુનઃરચનાના મુખ્ય બે પ્રકાર છે : (1) આંતરિક પુનઃરચના અને (2) બાહ્ય પુનઃરચના. જે પૈકી અહીં બાહ્ય પુનઃરચના અંગે અભ્યાસ કરીશું.

મૂડીઘટાડાની યોજના દ્વારા જયારે કંપનીની આર્થિક પરિસ્થિતિ સુધારવાની હોય ત્યારે કંપની યથાવત્ ચાલુ રાખવામાં આવે છે અને શૅરહોલ્ડર્સને ત્યાગ કરવાનું જણાવી, મૂડીઘટાડા ભંડોળ દ્વારા મિલકતોની માંડવાળ કરી કંપનીને નવું સ્વરૂપ આપવામાં આવે. તેને કંપનીની પુનઃરચના કહે છે.

જો કંપની ખૂબ નાણાકીય તકલીફો ભોગવીને એવી સ્થિતિમાં આવી હોય કે તેના મૂડીમાળખામાં ફેરફાર કરવાથી તે ભવિષ્યમાં વાજબી દરે ડિવિડન્ડ વહેંચી શકે તો તેની પુનઃ રચના કરવામાં આવે છે.

પુનઃ રચનાના નીચે મુજબ બે પ્રકાર છે :

(1) આંતરિક પુનઃ રચના, (2) બાહ્ય પુનઃ રચના.

(1) આંતરિક પુનઃ રચના (Internal Reconsturuction): આંતરિક પુનઃ રચના એક એવી વ્યવસ્થા છે, જેમાં હયાત કંપની પોતાના જ નામે ધંધો ચાલુ રાખે છે, પરંતુ પોતાની મૂડીમાં ઘટાડો કરે છે. મૂડી ઘટાડો કરીને પાછલી ખોટ લખી વાળે છે. મિલકતોની કિંમત વધુ પડતી હોય તો તેમાં ઘટાડો કરે છે, જેને 'મૂડી ઘટાડો' (Capital Reduction) કહે છે.

(2) બાહ્ય પુનઃ રચના (External Reconstruction) : અહિં મુશ્કેલી અનુભવતી કંપનીનું વિસર્જન કરવામાં આવે છે અને તેનો ધંધો ખરીદી લેવા જુદાં નામ સાથે, એ જ શૅરહોલ્ડર્સવાળી નવી કંપની સ્થાપવામાં આવે છે. બાહ્ય પુનઃ રચનાનો ઉદ્દેશ પાછલી ખોટ માંડી વાળી પૂરતી કાર્યશીલ મૂડી પ્રાપ્ત કરવાનો છે.

મૂડીઘટાડા સિવાયનાં બીજાં પગલાં લેવાની પણ જરૂર હોય ત્યારે બાહ્ય પુનઃ રચનાનું પગલું લેવામાં આવે છે. તેમાં કંપનીને સ્વૈચ્છિક ફડચામાં લઈ જવાય છે. તેની મિલકતો અને દેવાંની ખરીદી કરવા માટે નવા નામ હેઠળ નવી કંપની ઊભી કરવામાં આવે છે. આ કંપની નવા શૅર બહાર પાડીને કે બીજી રીતે વધુ મૂડી ઊભી કરી શકે છે. કાર્યશીલ મૂડીની જરૂરિયાતોને પહોંચી વળવા જૂના શૅરહોલ્ડર્સ વધુ મૂડી કાઢી શકે તેમ ન હોય ત્યારે તેમજ નામ કે પ્રતિષ્ઠા સુધારવાની જરૂર હોય ત્યારે બાહ્ય પુનઃ રચના હાથ ધરવામાં આવે છે.

બાહ્ય પુનઃ રચનામાં જૂની કંપનીનું વિસર્જન થાય છે અને નવી કંપનીની સ્થાપના થાય છે. આથી વિસર્જન ખર્ચ અને સ્થાપના ખર્ચ બંને ભોગવવાં પડે છે.

## 13.2 પુનઃ રચનાના હિસાબો (હિ.ધો. 14 - કંપની ધારો 2013)

પુનઃ રચનામાં પણ જૂની કંપની બંધ થાય છે અને નવી કંપની ઊભી થાય છે, બંધ થતી અને નવી ઊભી થતી કંપનીના ચોપડે આમનોંધો પસાર કરવાની હોય છે અને નવી કંપનીનું પાકું સરવૈયું બનાવવામાં આવે છે.

**(અ) બંધ થતી કંપનીના ચોપડે સંયોજન અને સમાવેશ પ્રમાણેનીજ રીતે ચોપડા બંધ થાય છે :**

પ્રથમ ખરીદકિંમત શોધવામાં આવે છે ; ચોખ્ખી મિલકતો શોધવામાં આવે છે ?

(1) ચોપડા બંધ કરવા માલમિલકત નિકાલ ખાતું, શૅહોલ્ડર્સનું ખાતું, નવી કંપનીનું ખાતું અને નવી કંપનીના શૅરનું ખાતું ખોલાય છે.

(2) આપેલ પાકા સરવૈયાની બધી મિલકતો ચોપડે કિંમતે મા.મિ.નિ. ખાતે ઉધાર બાજુ લઈ જવામાં આવે છે અને દેવાં મા.મિ.નિ. ખાતાની જમા બાજુ લઈ જવામાં આવે છે.

(3) શૅરમૂડી ખાતું બંધ કરી શૅરહોલ્ડર્સના ખાતે લઈ જવાય છે. નફાની બાકીઓનાં ખાતાં (દા.ત., સામાન્ય અનામત, નકાનુકસાન ખાતું વગેરે) શૅરહોલ્ડર્સના ખાતાની જમા બાજુ લઈ જવાય છે. તે ઉપરાંત ખોટ કે અવાસ્તવિક મિલકતો શૅરહોલ્ડર્સના ખાતાની ઉધાર બાજુ લઈ જવામાં આવે છે.

(4) હવે ખરીદકિંમતની બે નોંધો થાય છે : પહેલી નોંધ ખરીદકિંમત લેણી થાય તેની. આ માટે નવી કંપનીનું ખાતું ઉધારી મા.મિ.નિ. ખાતું જમા કરવામાં આવે છે. બીજી નોંધ ખરીદકિંમત મળી જાય તેની કરવામાં આવે છે.

(5) જો કોઈ મિલકત નવી કંપનીએ લીધી ન હોય તો તે વેચવાની નોંધ થાય છે. કોઈ દેવું નવી કંપનીએ લીધું ન હોય તો તે ચૂકવવાની નોંધ ઘાય છે અને છેવટે વિસર્જન ખર્ચ ચૂકવવા અંગેની નોંધ થાય છે.

(6) માલમિલકત નિકાલ ખાતું જે નકો કે નુકસાન બતાવે તે ઇક્વિટી શૅરહોલ્ડર્સ ખાતે લઈ જવામાં આવે છે.

(7) છેવટે ઇક્વિટી શૅરહોલ્ડર્સને વધેલી રોકડ તથા નવી કંપનીના શૅર કે ડિબેન્ચર આપવામાં આવે છે, જે માટે શૅરહોલ્ડર્સનું ખાતું ઉધારવામાં આવે છે. આ નોંધ કરવાથી શૅરહોલ્ડર્સનું ખાતું બંધ થઈ જાય છે.

**(બ) નવી કંપનીના ચોપડે નોંધ :**

આ કંપનીના ચોપડે સામાન્ય રીતે નીચે મુજબ નોંધો થાય છે :

(1) ધંધાનું ખરીદ ખાતું ખરીદકિંમતથી ઉધારીને વેચનાર કં.ના લિકિવડૅટર ખાતે જમા કરવામાં આવે છે

(2) જૂની કંપનીની મિક્તકતોનાં ખાતાં સ્વીકારેલી નવી કિંમતે ઉધારવાં અને કબૂલેલી કિંમતે દેવાં- જવાબદારીનાં ખાતાં જમા કરવાં, તેમજ ઘંધાનું ખરીદ ખાતું જમા કરવું.

(3) ધંધાની ખરીદ કિંમત ચૂકવતાં વેચનાર કં.ના લિકિવડેટર ખાતે ઉધારીને ખરીદ કિંમતના અવેજનાં ખાતાંઓ જમા કરવાં.

(4) જો નવી કં. એ નવા શૅર બહાર પાડેલા હોય તો તેની નોંધ રોકડ/બેન્ક ખાતે ઉ. ને જે તે શૅરમૂડી ખાતે જમા કરવામાં આવશે.

(5) પુનઃરચના બાદનું નવી કંપનીનું પાકું સરવૈયું, 2013ના કંપની એક્ટ મુજબ દર્શાવેલ નિયત નમૂના મુજબ તૈયાર કરવું.

ટૂંકમાં, સમાવેશ કે સંયોજન જેવી આમનોંધો પુનઃરચનામાં પણ થાય છે અને નવેસરથી પાકું સરવૈયું તૈયાર કરાય છે. આ આમનોંધોનો આપણે અગાઉના પ્રકરણમાં વિગતે અભ્યાસ કરેલો જ છે તેથી અહીં તેનું બિનજરૂરી પુનરાવર્તન નથી કરતા.

## 13.3 ખાસ મુદ્દાઓ

પુનઃ રચનામાં નીચે દશવિલ ખારા મુદ્દાઓની ચર્ચા જરૂરી છે :

### 13.3. (1) પ્રેફરન્સ શૅર પરનું બાકી ડિવિડન્ડ અંગે :

જો ડિવિડન્ડ જાહેર કરેલું હોય અને છતાં તે ન ચૂકવાય તો તે ખરેખર દેવું બને છે, પરંતુ જો ડિવિડન્ડ જાહેર ન કર્યું હોય તો તે દેવું બનતું નથી. સામાન્ય રીતે પ્રેફરન્સ શૅરહોલ્ડર્સ ઈક્વિટી શૅરહોલ્ડર્સ કરતાં ડિવિડન્ડ અને મૂડી પરત બાબતમાં પસંદગીનો અગ્રહક્ક ધરાવતા હોય છે.

કંપનીની જયારે પુનઃ રચના કરવામાં આવતી હોય ત્યારે ઈક્વિટી શૅરહોલ્ડર્સની જેમ પ્રેફરન્સ શૅરહોલ્ડર્સની સંમતિ પણ જરૂરી છે. જો તેઓને છેલ્લાં કેટલાંક વર્ષોનું ડિવિડન્ડ ન ચૂકવાયું હોય તો સમાધાન માટે ડિવિડન્ડના અમુક ટકા રકમ રોકડી કે શૅરના સ્વરૂપમાં આપવી પડે છે. તેનો જેટલો આંકડો નક્કી થાય છે તેટલું નુકસાન વધે આથી તે નોંધવું પડે છે.

**નોંધ :** જે સ્વરૂપમાં ડિવિડન્ડની સાથે ચુકવણી થોય તે આમનોધ થાય.

### 13.3. (2) પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને ફાળે આવતી ખોટ અંગે :

બાહ્ય પુનઃરચનાનો એક ઉદ્દેશ મૂડી ઘટાડવાનો અને તેને લીધે ઉપસ્થિત થતા ભંડોળ દ્વારા મિલકતોની ઘટી ગયેલી કિંમત કે અવાસ્તવિક મિલકતો માંડી વાળવાનો હોય છે. કેટલાક સંજોગોમાં બધું જ નુકસાન જોખમી મૂડીરોકાણ ધરાવતા ઈક્વિટી શૅરહોલ્ડર્સને ફાળે ન પણ આવે. પ્રેફરન્સ શૅરહોલ્ડર્સ, લેણદારો અને ઈક્વિટી શૅરહોલ્ડર્સને ત્યાગ કે ભોગ આપવાનું જણાવાય અને તેઓ સહમત પણ થાય.

પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને ફાળે કેટલું નુકસાન આવે છે તેની સ્પષ્ટ વિગતો પ્રશ્નમાં ઘણીવાર નથી આપવામાં આવતી. આવા પ્રસંગે નફો કે નુકસાન તેમને ફાળે કેટલું છે તે કેમ જાણવું ? ઉત્તર સરળ છે. બંધ થતી કંપનીના વિસર્જન પહેલાંના પાકા સવૈયામાં પ્રેફરન્સ શૅરમૂડી કેટલી છે તે જુઓ. તેની સામે તેમને આપવામાં આવતી રકમ જો વધુ હોય તો તફાવત એ નફો છે. જો આપવામાં આવતી રકમ ઓછી હોય તો તફાવત એ નુકસાન છે.

(1) જો તેઓ નુકસાન ભોગવતા હોય તા :

પ્રેફરન્સ શૅરહોલ્ડર્સ ખાતે ઉ...

તે માલમિલકત નિકાલ ખાતે ....

(2) જો તેઓ નકો મેળવતા હોય તોઃ

માલમિલકત નિકાલ ખાતે ઉ...

તે પ્રેફરન્સ શૅરહોલ્ડર્સ ખાતે....

આ પ્રકારની આમનોંધ પસાર કરવામાં આવે છે.

પ્રેફરન્સ શૅરહોલ્ડર્સના ખાતે નુકસાન ઉધાર કર્યા બાદ બાકી રહેતું નુક્સાન ઈક્વિટી શૅરહોલ્ડર્સએ જ ભોગવવાનું હોય છે. જો નફો આ રીતે બાકી રહેતો હોય તો તેનો લાભ પણ ઈક્વિટી શૅરહોલ્ડર્સને જ મળે છે.

## 13.3. (3) પુનઃરચના યોજના સાથે અસહમત (અસંમત) શૅરહોલ્ડર્સને ચુકવણી અંગે :

કંપનીધારાની જોગવાઈ મુજબ પુનઃરચનાની યોજના જ્યારે અમલમાં મૂકવાની હોય ત્યારે તે સમગ્ર યોજનાને ખાસ ઠરાવ દ્વારા મંજૂરી મળવી જરૂરી છે. ખાસ ઠરાવમાં 75 ટકા મત ઠરાવની તરફેણમાં પડવા જોઈએ. જો લઘુમતી શૅરહોલ્ડર્સ પુનઃરચનાની યોજના સાથે પોતાની અસંમતિ જાહેર કરે તો વિસર્જન અધિકારીએ આવા શૅરહોલ્ડર્સના હિતની ખરીદી કરી બજારકિંમત અથવા સમજૂતીથી નક્કી થાય તે કિંમતની ચુકવણી લઘુમતી શૅરહોલ્ડર્સને કરવી જોઈએ.

આવી ચુકવણી વખતે પ્રેફરન્સ શૅરમૂડી ખાતું ઉધારી રકમ પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને જમા આપવામાં આવે છે. ખરેખર ચુકવણી થાય ત્યારે પ્રેફરન્સ શૅરહોલ્ડર્સનું ખાતું ઉધારવામાં આવે છે અને રોકડ/બેંક ખાતું જમા કરવામાં અવે છે.

## 13.4 વ્યાવહારક ઉદાહરણો (પ્રથમ રીત)

**ઉદાહરણ-1.** નીચે રાજ લિ.નું પા. સ. આપેલ છે.

| વિગત | ₹ | વિગત | ₹ |
|---|---|---|---|
| બહાર પાડેલ અને | | મુક્ત મિલકતો | 1,20,000 |
| ભરપાઈ થયેલ મૂડી : | | પેટન્ટ્સ | 49,000 |
| 10,000, 6.5%ના પ્રેફ. | | દેવાદારો | 20,000 |
| શૅર દરેક ₹ 10 | | સ્ટોક | 40,000 |
| પૂર્ણ ભરપાઈ | 1,00,000 | બૅન્ક સિલક | 1,000 |
| 12,000 ઈ. શૅર દરેક | | ન.નું. ખાતું | 30,000 |
| ₹ 10નો પૂર્ણ ભરપાઈ | 1,20,000 | | |
| 5%ના ડિબેન્ચર | 20,000 | | |
| ડિબેન્ચરનું ચઢત વ્યાજ | 4,000 | | |
| વેપારી લેણદારો | 16,000 | | |
| | 2,60,000 | | 2,60,000 |

પુનઃરચના અંગે નીચેની યોજના પૂર્ણરૂપે પસાર કરવામાં આવી હતી.

(1) રાજ લિ.નો ધંધો નીલ લિ. નામની નવી કંપની રચીને લઈ લેવો.

(2) રાજ લિ.ના દરેક 3 ઇ. શૅર સામે નીલ લિ.નો ઇ. શૅર ₹ 5 ની પૂર્ણ ભરપાઈ કિંમત આપવા.

(3) રાજ લિ.ના દરેક 5 પ્રેફ. શૅર સામે નીલ લિ.ના 3 ઈ. શૅર ₹ 5 ની પૂર્ણ ભરપાઈ કિંમતે અપવા.

(4) નીલ. લિ.એ ડિબેન્ચર હોલ્ડર્સને પૂરેપૂરા ચૂકવી આપવા.

(5) રાજ લિ.ના લેણદારોને 80 રકમ વડે નીલ લિ. ના પૂર્ણ ભરપાઈ ઈ. શૅર દરેક ₹ 5 લેખે આપીને પૂરેપુરા ચુકવી આપવા.

(6) પેટન્ટ્સ અને નફાનુકસાન ખાતાની ઉ. બાકી માંડી વાળવી.

(7) પ્રેફરન્સ શૅરનું બાકી ડિવિડન્ડ હાલના દરેક 20 શૅર સામે નીલ લિ. નો 1 શૅર ₹ 5 લેખે પૂર્ણ ભરપાઈ આપીને ચૂકતે કરવી.

(8) જો કોઈ બાકી રકમ આ યોજના અંતર્ગત રહે તો તેનો ઉપયોગ મુક્ત મિલકતોની માંડવાળ કરવા માટે કરવો.

રાજ લિ. ના ચોપડા બંધ કરવા માટે જરૂરી અમાનોંધ આઓ અને માલમિલકત નિકાલ ખાતું, પ્રેફરન્સ શૅરહોલ્ડર્સનું ખાતું અને ઈ. શૅરહોલ્ડર્સનું ખાતુ બનાવો.

**ઉત્તર-1. (1) ખરીદ મતની ગણતરી :** ₹

**(i) રાજ લિ.ના પ્રેફ. શૅરહોલ્ડર્સને**

જૂના 5 શૅર સામે નવા 3 ઇ. શૅર,

તેથી 10,000 શૅર સામે - (?)

$\frac{3 \times 10,000}{5}$ = 6.000 ઇ. શૅર × 5 ₹ પૂર્ણ ભરપાઈ 30,000

**(ii) પ્રેફરન્સ શૅર ડિવિડન્ડ પેટે શૅર**

જૂના 20 શૅર સામે નવા l ઈ. શૅર

$\therefore$ 10,000 શૅર સામે - (?)

$= \frac{10,000 \times 1}{20}$ = 500 શૅર × 5 ₹ પૂર્ણ ભરપાઈ 2,500

**(iii) ઈ. શૅર હો. ને**

જૂના 3 ઇ. શૅર સામે l નવો ઇ. શૅર

$\therefore$ 12,000 શૅર સામે = (?)

$= \frac{12,000 \times 1}{3}$ = 4,000 ઈ. શૅર $\therefore$ 5 ₹ પૂર્ણ ભરપાઈ 20,000

**ખરીદ કિંમત** **52,500**

**રાજ લિ.ના ચોપડે આમનોંધથી**

| **તારીખ** | **વિગત** | **ખા.પા.** | **ઉધાર ₹** | **જમા ₹** |
|---|---|---|---|---|
**(જવાબ અને સમજૂતી :** (1) ખરીદકિંમત : પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને ₹ 2,50,000 + ઇક્વિટી શૅરહોલ્ડર્સ ₹ 2,40,000 = 4,90,000 (2) માલમિલકત ખાતાનું નુકસાન ₹ 15,000 (3) પુનઃરચના ખાતાનો નફો ₹ 12,000 (4) ઇક્વિટી શૅરહોલ્ડર્સને નવી કંપનીના ₹ 2,40,000ના ઇક્વિટી શૅર તથા ₹ 72,000 રોકડ મળશે. અહિં જૂની કંપનીનાં ચોપડે વિસર્જન ખર્ચની કોઈ નોંધ ન થાય.)

**3. દિપક લિ.નું તા. 1લી એપ્રિલ 2020ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

| મૂડી-દેવાં | ₹ | મિલકત-લેણાં | ₹ |
|---|---|---|---|
| બહાર પાડેલી શૅરમૂડી : | | પાઘડી | 1,10,000 |
| ₹100નો એક એવા 6%ના | | જમીન-મકાન | 1,79,000 |
| 1,000 ક્યુ. પ્રેફ. શૅર | 1,00,000 | પ્લાન્ટ-યંત્રો | 1,50,000 |
| ₹ 100નો એક એવા | | રોકડ | 1,000 |
| 3,000 ઇક્વિટી શૅર | 3,00,000 | ન.નુ. ખાતું | 60,000 |
| 5%ના ડિબેંચર | 60,000 | | |
| લેણદારો | 30,000 | | |
| દેવીહૂંડીઓ | 10,000 | | |
| | 5,00,000 | | 5,00,000 |

પુનઃરચના અંગેની યોજના નીચે મુજબ મંજૂર થઈ.

(1) ₹ 100નો એક એવા 6,500 ઇક્વિટી શૅર, ધી કિરણ લિ.નામની એક નવી કંપની સ્થાપવી.

(2) જૂની કંપનીના દરેક ઓર્ડિનરી શૅર પેટે નવી કંપનીનો એક ઇક્વિટી શૅર આપવો, જેના પર શૅરદીઠ ₹ 50 ભરપાઈ થયેલ ગણવાના છે.

(3) જૂની કંપનીના દરેક પ્રેફરન્સ શૅરના બદલામાં નવી કંપ્રીના બે ઇક્વિટી શૅર આપવા, જેના પર શૅરદીઠ ₹ 50 ભરપાઈ થયેલ ગણવાના છે.

(4) જૂની કંપનીનાં ડિબેંચર ધારકોને નવી કંપનીના પરેપૂરા ભરપાઈ થયેલા 600 ઇક્વિટી શૅર આપવા.

(5) નવી કંપનીએ જૂની કંપનીના લેણદારો અને દેવીહૂંડીઓ લઈ લેવાની છે.

(6) બાકીના બહાર નહિ પાડેલ શૅર સંચાલકોએ લઈ લેવા અને તેનાં નાણાં ચૂકવી આપવા.

(7) નવી કંપનીએ જૂની કંપનીની મિલકતો નીચેની શરતોએ લઈ લેવી.

(અ) પ્લાન્ટ-યંત્રોમાં ₹ 70,000 માંડી વાળવા.

(બ) જરૂર મુજબ પાઘડીનો હવાલો નાખવો.

**તમારે તૈયાર કરવાનાં છે :** (અ) ખરીદકિંમતની ગણતરી દશવિતું પત્રક (બ) દિપક લિ.ના ચોપડે (1) માલમિલકત નિકાલ ખાતું અને (2) ઇક્વિટી શૅર ધારકોનુ ખાતું (ક) કિરણ લિ.ના ચોપડે શરૂઆતની આમનોંધો અતે (ડ) કિરણ લિ.નું પાકું સરવૈયું.

**જવાબ અને સમજૂતા :** (1) ખરીદકિંમત : ઇક્વિટી શૅરહોલ્ડર્સને : ઇક્વિટી શૅર (3,000 શૅર × ₹ 50) 1,50,000 + પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને : ઇક્વિટી શૅર (2,000 શૅર × ₹ 15) 10,00,000 = કુલ 2,50,000 (2) ચોખ્ખી મિલકતો : કુલ મિલકતો ₹ 2,60,000 બાદ : દેવાં ડિબેન્ચર સહિત ₹ 1,00,000 = ₹ 1,60,000 (3) પાઘડી ₹ 90,000 (4) માલમિલકત નિકાલ ખાતાનું નુક્સાન ₹ 90,000 (5) ઇક્વિટી શૅરહોલ્ડર્સને ₹ 1,50,000ના કિરણ લિ.ના ઇક્વિટી શૅર મળશે. (6) કિરણ લિ.ના પાકા સરવૈયાનો સરવાળો ₹ 4,40,000. જેમાં રોકડ અને બેંક સિલક ₹ 91,000.)

**4. સદા નિરાશા લિમિટેડની તા..31-3-2020ના રોજની આર્થિક સ્થિતિ નીચે મુજબ છે :**

| દેવાં | ₹ | મિલકત | ₹ |
|---|---|---|---|
| સત્તાવાર અને બહાર | | પાઘડી | 1,00,000 |
| પાડેલી મૂડી : | | પરચૂરણ મિલકતો | 2,50,000 |
| ₹ 25નો એક એવા 6%ના | | રોકડ | 10,000 |
| 3,000 ક્યુ. પ્રેફ. શૅર | 75,000 | નફા-નુકસાન ખાતું | 1,90,000 |
| ₹ 50નો એક એવા 8,000 ઇક્વિટી શૅર | 4,00,000 | | |
| 10%ના ડિબેન્ચર | 50,000 | | |
| લેણદારો | 25,000 | | |
| | 5,50,000 | | 5,50,000 |

પ્રેફરન્સ શૅર પર છેલ્લા બે વર્ષથી ડિવિડન્ડ ચૂકવવામાં આવ્યું નથી. પુનઃરચના અંગેની નીચેની યોજના મંજૂર થઈ :

(1) ₹ 100નો એક એવા ₹ 5,00,000ની અધિકૃત ઇક્વિટી મૂડી સાથે નિત્ય **આશા લિમિટેડ** નામની એક નવી કંપની સ્થાપવી.

(2) જૂની કંપનીના દરેક 3 પ્રેફરન્સ શૅરના બદલામાં નવી કંપનીનો ₹ 100નો એક એવો 1 ઇક્વિટી શૅર પૂરેપૂરો ભરપાઈ થયેલો આપવો.

(3) જૂની કંપનીના 4 ઇક્વિટી શૅરના બદલામાં નવી કંપનીનો એક એવો 1 ઇક્વિટી શૅર પૂરેપૂરો ભરપાઈ થયેલો આપવો.

(4) પ્રેફરન્સ શૅર પરનું બાકી ડિવિડન્ડ રદ કરવું.

(5) સદા નિરાશા લિમિટેડના ડિબેન્ચર ધારકોએ આશા લિમિટેડના પૂરેપૂરા ભરપાઈ થયેલાં. 500 ઇક્વિટી શૅર સ્વીકારવા.

(6) નિત્ય આશા લિમિટેડે લેણદારો લઈ લેવાં અને તરત ચૂકવી આપવા.

(7) નવી કંપનીએ બાકીના ઇક્વિટી શૅર જાહેર જનતા માટે બહાર પાડવાં.

(8) પરચૂરણ મિલકતોની પુનઃઆંકણી કિંમત ₹ 2,65,000 ને આધીન ગણી નવી કંપનીએ જૂની કંપનીની મિલકતો લઈ લેવી.

**તૈયાર કરો :** (1) નિરાશા લિમિટેડના ચોપડામાં જરૂરી ખાતાંઓ (2) જાહેર જનતા માટે બહાર પાડેલા ઇક્વિટી શૅરો પૂરા ભરાઈ ગયા છે, એમ માની આશા લિમિટેડના ચોપડામાં આમનોંધ (3) આશા લિમિટેડનું પાકું સરવૈયું.

**(જવાબ અને સમજૂતી :** (1) ચોખ્ખી મિલકતો ₹ 2,00,000 (2) ખરીદ કિંમત 3,000 ઇક્વિટી શૅર દરેક ₹ 100નો - ₹ 3,00,000 (3) પાઘડી ₹ 1,00,000 (4) માલ-મિલકત નિકાલ ખાતેથી પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને નફો (પરત પ્રીમિયમ) ₹ 25,000 (5) મા.મિ. નિકાલ ખાતાનું નુકસાન ઇક્વિટી શૅરહોલ્ડર્સ : ખાતે ₹ 10,000 (6) નવી કંપનીની રોકડ / બેંક સિલક ₹ 1,35,000 (7) નવી કંપનીના પા. સ. નો સરવાળો ₹ 5,00,000.)

**5. તા. 31મી માર્ચ 2020ના રોજનું જે. બી. લિ.નું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

| દેવાં | ₹ | મિલકત | ₹ |
|---|---|---|---|
| શૅરમૂડી : | | પાઘડી | 7,500 |
| 8%ના ક્યુ. પ્રેફ. શૅર | | કાયમી મિલકતો | 3,85,500 |
| દરેક ₹ 10નો તેવા | 75,000 | સ્ટોક | 90,900 |
| 36,000 ઇક્વિટી શૅર | | દેવાદારો | 75,000 |
| દરેક ₹ 10નો તેવા | 3,60,000 | બેંક સિલક | 600 |
| 8%ના ડિબેંચર્સ | 1,50,000 | પ્રાથમિક ખર્ચાઓ | 5,000 |
| ડિબેંચર પર ચઢેલું વ્યાજ | 12,000 | ન.નુ. ખાતું | 1,80,000 |
| લેણદારો | 1,50,000 | ડિબેંચર પર વટાવ | 2,500 |
| | 7,47,000 | | 7,47,000 |

**નોંધ :** 8 ટકાના ક્યુ. પ્રેફરનસ્સ- શૅર પર ચઢેલું ડિવિડન્ડ ₹ 18,000 બાહ્ય પુનઃરચના માટે નીચે મુજબની યોજના પસાર છે :

(1) એક નવી કંપની વી. જે. લિ. ₹ 5,00,000ની ઇક્વિટી શૅરમૂડીવાળી ₹ 10નો એક એવા 50,000 ઇક્વિટી શૅરમાં વહેંચાયેલીની રચના કરવી.

(2) વી. જે. લિ., જે. બી. લિ.ની મિલકતો અને જવાબદારીઓ રોકડ, ડિબેંચર્સ

અને ઇક્વિટી શૅરથી નીચે મુજબ લઈ લેશે :

(અ) જે. બી. લિ.ના ડિબેંચરોના બદલામાં વી. જે. લિ.ના તેવા જ ડિબેંચર્સ એવી રીતે આપવાના હતા કે જેથી તેમને 10% પ્રીમિયમ મળે અને ડિબેંચર બાકી વ્યાજના ₹ 100 દીઠ 10 ઇક્વિટી શૅરો આપવા.

(બ) લેણદારોને દરેક ₹ 100ના બદલામાં 9 ઇક્વિટી શૅરો દરેક ₹ 10નો તેવા આપવા.

(ક) 8%ના ક્યુ. પ્રેફરન્સ શૅરહોલ્ડર્સને 10 શૅરના બદલામાં 9 ઇક્વિટી શૅર્સ દરેક ₹ 10નો તેવા આપવા. ચઢેલા ડિવિડન્ડ અંગે દરેક ₹ 100ના બદલામાં 5 ઇક્વિટી શૅર્સ દરેક ₹ 10નો તેવા આપવા.

(ડ) જે. બી. લિ.ના ઇક્વિટી શૅરહોલ્ડર્સને 3 ઇક્વિટી શૅરના બદલામાં 2 ઇક્વિટી શૅરો આપવા.

(ઈ) જે. બી. લિ.ના વિસર્જન ખર્ચ અંગે ₹ 6,000 રોકડા વી. જે. લિ.એ આપવા.

(3) ચાલુ મિલક્તો ચોપડે દશવિલી કિંમતે લેવાની છે. સિવાય કે સ્ટોક જે ₹ 4,500 જેટલો ઓછો કરવાનો છે. પાઘડી કાઢી નાખવાની છે અને ખરીદકિંમતની બાકીની રકમ કાયમી મિલકતો અંગે ગણવાના છે. ઉપરોક્ત યોજના અમલમાં મૂકવામાં આવી. વી. જે. લિમિટેડના ઇક્સિટી શૅર્સ બહાર પાડવામાં આવ્યા અને પૂરેપૂરા ભરપાઈ થયા તૈયાર કરો :

(અ) જે. બી. લિમિટેડના ચોપડામાં (i) માલમિલકત ખાતું (ii) ઇક્વિટી શૅરહોલ્ડર્સનું ખાતું (iii) 8%ના પ્રેફ. શૅરહોલ્ડર્સનું ખાતું (iv) ડિબેંચર હોલ્ડર્સનું ખાતું (v) લેણદારોનું ખાતું (બ) વી. જે. લિ.ના ચોપડામાં (i) જરૂરી આમનોંધ લખો. (ii) શરૂઆતનું પાકું સરવૈયું કંપની ધારા, 2013 મુજબનું.

**(જવાબ અને સમજૂતી :** (1) ચોખ્ખી મિલકતો ₹ 3,76,500 (2) ખરીદકિંમત ₹ 4,63,500 જે પૈકી કુલ 46,350 ઇક્વિટી શૅર દરેક ₹ 10નો ₹ 4,63,500 (3) કાયમી મિલકતોની કિંમત પાઘડી જેટલી ₹ 87,000 થી વધારીને ₹ 3,85,500 + ₹ 87,000 = ₹ 4,72,500 કરવી જોઈએ. (4) માલમિલક્ત નિકાલ ખાતાનો નકો ₹ 67,500 ઇક્વિટી શૅરહોલ્ડર્સ ખાતે જમા કરો અને માલમિલકત નિકાલ ખાતાનું નુક્સાન ₹ 7,500 પ્રેફ. શૅરહોલ્ડર્સ ખાતે ઉધારો. (5) ઇક્વિટી શૅરહોલ્ડર્સના ખાતાનો સરવાળો ₹ 4,27,500 (6) વી. જે. લિ.ના (પુનઃરચના બાદનું) પા.સ.ના સરવાળો. ₹. 6,65,009 જેમાં પાઘડી (વિસર્જન ખર્ચની રકમ) ₹ 6,000 છે અને બેંક સિલક ₹ 31,100)

**6. વિકાસ વિલાસ લિ.નું તા. 1-4-2005ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| શૅરમૂડી 12% 6,000 ક્યુ | | પાઘડી | 40,000 |
| પ્રેફ. શૅર દર ₹ 10 | 60,000 | મકાનો | 90,000 |
| 14,000 ઇક્વિટી શૅર | | પ્લાન્ટ | 47,500 |
| દરેક ₹ 10 | 1,40,000 | દેવાદારો | 11,730 |
| 12%ના ડિબેં. 18,000 | | સ્ટોક | 30,410 |
| ચૂકવવાનું બાકી | | રોકડ/બેક | 420 |
| વ્યાજ 2,160 | 20,160 | ન.નુ. ખાતું | 24,481 |
| લેણદારો | 24,381 | | |
| | 2,44,541 | | 2,44,541 |

નોંધ : પ્રેફરન્સ શૅરનું ત્રણ વર્ષનું ડિવિડન્ડ ચૂકવી શકાયું નથી.

કપનાંની પરિસ્થિતિ ધાનમાં લઈ નીચે પ્રમાણેની યોજના મંજૂર થઈ.

(1) એક નવી કંપની વિકાસ લિ.ની ₹ 3,00,000ની સત્તાવાર થાપણ જે દરેક ₹ 10ના ઇક્વિટી શૅરમાં વહેંચાયેલી છે તે સ્થાપવી.

નીચે આપેલ યોજનાઓના અમલ બાદ જરૂરી શૅર આપી જૂની કંપનીને ધંધાની ખરીદકિંમત ચુકવવી.

(2) જૂની કંપનીના દરક ઇક્વિટી શૅરના બદલામાં નવી કંપનીના ₹ પાંચ ભરપાઈ થયેલ ઇક્વિટી શૅર આપવો.

(3) જૂની કંપનીના બે પ્રેકરન્સ શૅરના બદલામાં નવી કંપનીના ₹ પાંચ ભરપાઈ થયેલ ત્રણ ઇક્વિટી શૅર આપવા.

(4) પ્રેફરન્સ શૅર ડિવિડન્ડની ફક્ત અડધી રકમ નવી કંપનીતા ₹ પાંચ ભરપાઈ થયેલ ઇક્વિટી શૅરમાં આપવી.

(5) ડિબેંચરહોલ્ડર્સને તેમના ડિબેંચર અને વ્યાજની રકમ માટ નવી કંપનીના પૂર્ણા ભરપાઈ થયેલ દરેક ₹ દસના શૅર આપવા.

(6) લેણદારો લઈ લેવા અને તેમને નવી કંપનીએ તાત્કાલિક પૂરેપૂરી રકમ ચૂકવી આપવી.

(7) નવી કંપનીના બાકીના શૅર ડિરેક્ટર્સએ પૂર્ણ ભરપાઈ થયેલા તરીકે લઈ લેવા અને પૂરી રકમ તેમણે ચૂકવી આપવી.

(8) જૂની કંપનીની મિલકતોની કિંમતમાં નીચે પ્રમાણે પુનઃમૂલ્યાંકન કરી નવી કંપનીએ લઈ લેવી.

(અ) મકાનની કિંમત ₹ 10,000 ઘટાડવી. (બ) પ્લાન્ટના કિમત ₹ 30,000 અને સ્ટોકની કિંમત ₹ 25,400 સુધી ઘટાડવી. (ક) નફાનુકસાન ખાતાની ઉધાર બાકી માંડી વાળવી. (ડ) જરૂર પ્રમાણે પાઘડીની કિંમતનો મેળ બેસાડો.

**તૈયાર કરો :** (1) માલમિલકત નિકાલ ખાતું - જૂની કંપનીના ચોપડામાં (2) શરૂઆતની આમનોંધ અને રોકડ વ્યવહારોની આમનોંધ નવી કંપનીના ચોપડામાં (3) નવી કંપનીનું શરૂઆતનું પાકું સરવૈયું.

**(જવાબ અને સમજૂતી :** ખરીદકિંમતમાં ઇક્વિટીને ₹ 70,000, પ્રેક. શૅરના ₹ 45,000 પ્રેફરન્સ ડિવિડંડના ₹ 10,800, મળી કુલ ખરીદરકિંમત ₹ 1,25,800 તેની સામે ચોખ્ખી મિલકતો ₹ 1,03,009 તેથી પાઘડી ₹ 22,791 મા.મિ.નિ. ખાતું ₹ 60,519ની ખોટ દર્શાવશે, જેમાંથી ₹ 45,519 ઓડિનરી શૅરહોલ્ડર્સ ખાતે અને ₹ 15,000 પ્રેફ, શૅર ખાતે ઉધારો. નવા પા. સ.માં લેણદારો ન આવે. રોકડ/બેંક સિલક ₹ 4,279 દર્શાવો. તવા પા.સ.નો સરવાળો ₹ 1,74,200.)

**7. આશા લિ.નું તા, 31-3-2005ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| શૅરમૂડી | | પાઘડી | 1,00,000 |
| 72,000 ઇક્વિટી શૅર | | જમીન-મકાન | 2,80,400 |
| દરેક ₹ 10નો | 7,20,000 | પ્લાન્ટ-મશીનરી | 4,41,400 |
| સામાન્ય અનામત | 1,69,000 | ફર્નિચર | 41,200 |
| ન. નુ. ખાતું | 3,000 | સ્ટોક | 1,45,600 |
| 10%ના ડિબેંચર | 2,00,000 | દેવાદારો | 1,20,000 |
| પરચૂરણ લેણદારો | 80,000 | રોકડ બેંકમાં | ૫ 33,400 |
| | | ડિબેંચર વટાવ | 10,000 |
| | 11,72,000 | | 11,72,000 |

નવી સ્થપાયેલ ન્યુ આશા લિ. એ આશા લિ.ની મિલકતો (રોકડ સિવાય) દેવાદારો અને લેણદારો સિવાય લઈ લીધી તેમ છતાં તેણે લેણું વસૂલ કરવાનું અને લેણદારો ચૂકવવાનું આશા લિ. વતી સ્વીકાર્યું. ખરીદકિંમત પેટે નીચે મુજબ રકમ ચૂકવવામાં આવી.

(1) આશા લિ.માં 5 ઇક્વિટી શૅર ધરાવનારને છ ઇક્વિટી શૅર અધિક આશા લિ.ના આપવા.

(2) આશા લિ.ના ડિબેંચરહોલ્ડર્સને 10% પ્રીમિયમ મળે તે રીતે 9%ના અધિક આશા લિ.ના ડિબેંચર આપવા.

(3) વિસર્જન ખર્ચ ₹ 6,500 થયો.

(4) ₹ 6,000ના દેવાદારો પાસેથી કાંઈ મળ્યું નહિ, બાકીના દેવાદારોને 2% વટાવ આપવામાં આવ્યો. લેણદારોને 3% વટાવે રકમ ચૂકવવામાં આવી. અધિક આશા લિ.ને દેવાદારો પાસેથી વસૂલ આવેલ રકમ 1% લેખે કમિશન આપવાનું છે.

આશા લિ.ના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી :** (1) પાઘડી ₹ 1,75,400 (2) ખરીદકિંમત ₹ 8,64,000 ખરીદકિંમત પેટે 8,64,000ના શૅર (3) ચોખ્ખી મિલકતો ₹ 6,88,600 (4) દેવાદારો પાસેથી વસૂલ આવેલ રકમ ₹ 1,11,720 આ શૅર ઉપર 1 ટકા લેખે કમિશન ₹ 1, 117 (5) લેણદારોને ચૂકવવામાં આવલ રકમ ₹ 77,600 (6) મા.મિ.નિ. ખાતાનો નફો ₹ 41 ,903 (7) રોકડની રકમ મળ્યા પછી અધિક આશા ઉપલક ખાતાની બાકી ₹ 33,003 (8) ઇક્વિટી શૅરહોલ્ડર્સને ચૂકવવામાં આવેલ રકમ નવી કંપનીના શૅર ₹ 8,64,000 + રોકડ ₹ 59 ,903.)

**8. ગ્રીન લિ, નું તા. 31-12. 2010ના. રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

**પાકું સરવૈયું**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| સત્તાવાર બહાર પાડેલ | | પાઘડી | 82,500 |
| થાપણ : | | પરચૂરણ મિલકતો | 2,46,750 |
| દરેક ₹ 10નો એક એવા | | રોકડ | 750 |
| 22,500 ઇક્વિટી શૅર | 2,25,000 | નફા-નુકસાન ખાતું | 45,000 |
| 8%ના 750 ક્યુ. પ્રેફ. | | | |
| શૅર દરેક ₹ 100નો એક | 75,000 | | |
| 10%ના ડિબેન્ચર્સ | 30,000 | | |
| પરચૂરણ લેણદારો | 20,000 | | |
| દેવીહૂંડી | 15,000 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 10,000 | | |
| | 3,75,000 | | 3,75,000 |

પ્રેફરન્સ શૅર પર ચાર વર્ષાનું ડિવિડન્ડ બાકી છે. પુનઃરચના અંગેની નીચેની યોજના સ્વીકારી છે

(1) એવરગ્રીન લિ.નામની નથી કંપનીની સ્થાપના ₹ 10નો એક એવા 50,000 ઇક્વિટી શૅરની સત્તાવાર મૂડીથી કરવી.

(2) નવી કંપનીનો એક ઇક્વિટી શૅર (₹ 5 ભરપાઈ) જૂની કંપનીના એક ઇક્વિટી શૅરના બદલામાં આપવી.

(3) જૂની કંપનીના એક પ્રેફરન્સ શૅરના બદલામાં નવી કંપનીના 20 ઇક્વિટી શૅર (₹ 5 ભરપાઈ) આપવા.

(4) પ્રેફરન્સ શૅરના બાકી ડિવિડન્ડની ફક્ત 25% રકમના નવી કંપનીના પૂર્ણ ભરપાઈ થયેલ શૅર આપવા.

(5) ગ્રીન લિ.ના ડિબેન્ચર હોલ્ડર્સને નવી કંપનીના 2,500 ઇક્વિટી શૅર પૂર્ણ ભરપાઈ થયેલ આપવા.

(6) જૂની કંપનીના તમામ દેવાં નવી કંપનીએ લઈ લેવાં. પ્રોવિડન્ટ ફંડ સિવાયનાં દેવાં નવી કંપનીએ તાત્કાલિક ચૂકવી આપવા.

(7) એવરગ્રીન લિ.ના બાકી બહાર ન પાડેલ શૅર સંચાલકોએ પૂર્ણ ભરપાઈ શૅર તરીકે ખરીદી લેવા.

(8) જુની કંપનીની પરચુરણ મિલકતો ₹ 60,000 માંડી વાળવી. પાઘડીમાં જરૂરી ફેરફાર કરવા.

(અ) ગ્રીન લિમિટેડના ચોપડે : (1) માલ-મિલકત નિકાલ ખાતું (2) ઈક્વિટી શૅરહોલ્ડરનું ખાતું

(બ) એવરગ્રીન લિમિટેડના ચોપડે : (1) જરૂરી આમનોંધ લખો. (2) શરૂઆતનું પાકું સરવૈયું બનાવો

**(જવાબ અને સમજૂતી :** (1) ચોખ્ખી મિલકતો ₹ 1,17,500 (ડિબેન્ચરનાં દેવાં સહિત કુલ દેવાં ₹ 70,000, કુલ મિ. ₹ 1,87,500 માંથી બાદ કરતાં) (2) ખરીદ કિંમત ₹ 1,93,500 (ઇ. શે. હો.ને ₹ 1,12,500 પ્રેફ. શૅર હો.ને 6,000ના ઇ. શૅર સહિત ₹ 81,000 (3) પાઘડી ₹ 76,000 (4) માલમિલકત નિકાલ ખાતાનું નુકસાન ₹ 67,500 (5) ઇક્વિટ ને ₹ 1,12,500 ના શૅર અપાશે. (6) એવરગ્રીન લિ.ના પાકા સરવૈયાનો ₹ 3,22.300.)

**9. ધી જીનલ લિમિટેડનું તારીખ 31મી માર્ચ, 2015ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| શૅરમૂડી : | | પાઘડી | 2,00,000 |
| ₹ 100નો એક એવા | | પ્લાન્ટ અને યંત્રો | 4,00,000 |
| પૂરેપૂરા ભરપાઈ થયેલા | | ફર્નિચર | 2,00,000 |
| 2,000 12 %ના પ્રેફ. શૅર | 2,00,000 | મોટર વાહનો | 2,50,000 |
| ₹ 100નો એક એવા | | સ્ટોક | 1,30,000 |
| પૂરેપૂરા ભરપાઈ થયેલા | | દેવાદારો 1,50,000 | |
| 6,000 ઈ. શૅર | 6,00,000 | -ઘા. અ. 13,000 | 1,35,000 |
| મૂડી અનામત | 75,000 | લેણીહૂંડી | 80,000 |
| સામાન્ય અનામત | 1,15,000 | રોકડ-બેન્ક | 445,000 |
| નફાનુકસાન ખાતું | 1,50,000 | પ્રાથમિક ખર્ચ | 60,000 |

| | | | |
|---|---|---|---|
| 11 %ના ડિબેન્ચર્સ | 2,00,000 | બાંયધરી કમિશન | 20,000 |
| લેણદારો | 1,40,000 | શૅર પર વટાવ | 30,000 |
| દેવીહૂંડી | 70,000 | | |
| | 15,50,000 | | 15,50,000 |

ધી ન્યુ જીનલ એન્ડ કં. લિમિટેડ નામની નવી કંપની સ્થાપવામાં આવી, જે ધી જીનલ લિ.નો ધંધો રોકડ અને બેન્ક સિલક ચસિવાય ખરીદી લશે.

(1) ધી જીનલ લિ.ના 3 ઇ. શૅરના બદલામાં ધી ન્યુ જીનલ એન્ડ કં. લિમિટેડના ₹ 100નો એક એવા 4 ઇ. શૅર આપવા.

(2) ધી જીનલ લિ.ના 12 %ના 2 પ્રેફ. શૅરના બદલામાં ધી ન્યુ જીનલ એન્ડ કં.ના 3 ઇ. શૅર આપવા.

(3) ધી જીનલ લિ.ના 11 %ના ડિબેન્થર હોલ્ડરોને ધી ન્યુ જીનલ એન્ડ કંપની લિ.ના 11 % ના એટલા ડિબેન્ચર આપવા કે જેથી તેમન 20 % પ્રીમિયમ મળે.

(4) વિસર્જન ખર્ચ ₹ 25,000 ન્યુ જીનલ એન્ડ કં. એ ભોગવવાનો છે અને ચૂકવવાનો છે.

(5) લેણીહૂંડીઓ અને દેવીહૂંડીઓ નવી કંપનીમાં લેવાની નથી લેણીહૂંડીના ₹ 70,000 મળ્યા, જયારે દેવીહુંડીના ₹ 65,000 ચૂકવ્યા.

ઉપરની વિગતો પરથી ધી ન્યુ જીનલ એન્ડ કં. લિ.ના ચોપડે -

(1) માલ-મિલકત નિકાલ ખાતું (2) પુનઃરચના ખાતું અને (3) ઇક્વિટી શૅરહોલ્ડર્સનું ખાતું તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી :** પુનઃરચના ખાતુ બનાવવાનો હિસાબી મુદ્દે છે. ધંધાની ખરીદકિંમત ₹ 11,00,000. વિસર્જન ખર્ચ ₹ 25,000 નવી કંપની ચૂકવે છે ભોગવે છે તેથી જૂની કંપનાના ચોપડે નોંધ ન થાય. જેમાં ઇક્વિટી શૅરમૂડીના ₹ 8,00,000 + પ્રેફ. શૅરમૂશ ₹ 3,00, 000ના સમાવેશ થશ. મા. મિ. નિ. ખાતા સુધીનો નફો ₹ 1,65,000 પુનાર રચના ખાતે લઈ ગળા બાદ પુનઃરચના ખાતાનો નફો ₹ 2,50,000 થશે. ઇ. શૅરહોલ્ડર્સને ₹ 50,000 રોકડા અને ₹ 8,00,000ના શૅર ચૂકવાશે.)

**10. અમર કંપની લ.નું તા તા. 31-3-2019ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :**

| જવાબદારીઓ | ₹ | મિલકતો | ₹ |
|---|---|---|---|
| ઇક્વિટી શૅરમૂડી દરેક | | પાઘડી | 30,000 |
| ₹ 100નાં શૅરમાં | 5,00,000 | જમીન-મકાન | 2,20,000 |
| 12%ની પ્રેફ. શૅરમૂડી | | પ્લાન્ટ-મશીનરી | 3,70,000 |
| દરેક ₹ 100નાં શૅરમાં | 3,75,000 | સ્ટોક | 2,55,000 |
| અનામત ભંડોળ | 20,000 | દેવાદારો | 1,50,000 |
| નફા-નુકસાન ખાતું | 55,000 | લેણીહૂંડીઓ | 50,000 |
| 15%ના ડિબેન્ચર | 50,000 | રોકડ-બેન્ક સિલક | 25,000 |
| લેણદારો | 1,00,000 | પ્રાથમિક ખર્ચા | 18,750 |
| દેવીહૂંડીઓ | 25,000 | શૅર બાંયધરી કમિશ | 6,250 |
| | 11,25,000 | | 11,25,000 |

અધિક અમર કંપની લિ.નાં નામની નવી કંપની સ્થાપવામાં આવી, જે અમર કંપની લિ.નો ધંધો રોકડ અને બેન્ક સિલક તથા લેણીહૂંડી સિવાય ખરીદા લેશે. પુનઃસ્થાપનાની અન્ય શરતો નીચે મૂજબ છે.

(1) અમર લિ.નાં ચાર ઈક્વિટી શૅરનાં બદલામાં નવી કંપનીનાં પાંચ ઇક્વિટી શૅર દરેક ₹ 100નો તેવા શૅરદીઠ ₹ 80ની ભરપાઈ કિંમતે આપશે.

(2) અમર લિ.નાં ત્રણ પ્રેફ. શૅરનાં બદલામાં નવી કંપનીનાં દરેક ₹ 100નો તેવા ચાર ઇક્વિટી શૅર શૅરદીઠ ₹ 80 ભરપાઈ કિંમતે આપશે.

(3) અમર લિ.નાં ડિબેન્ચર હોલ્ડર્સને નવી કંપનીનાં 10% ડિબેન્ચર એટલી સંખ્યામાં આપવા કે જેથી તેમને 25% પ્રીમિયમ મળી રહે.

(4) ₹ 7,000 અમર લિ.ને રોકડા આપવા.

(5) લેણીહૂંડીનાં 80% ચૂકતે હિસાબે મળ્યા.

(6) વિસર્જન ખર્ચ ₹ 8,000 થયો.

(7) અધિક અમર લિ.નાં ઇક્વિટી શૅરહોલ્ડર્સ પાસેથી બાકી હપતાની સ્કમ મંગાવી જે પૂરેપૂરી મળી ગઈ.

(અ) અમર લિ.નાં ચોપડામાં માલમિલકત નિકાલ ખાતું, પુનઃ રચના ખાતું, ઇક્વિટી શૅરહોલ્ડર ખાતું, અધિક અમર લિ.નું ખાતું અને બેન્ક ખાતું તૈયાર કરો.

(બ) અધિક અમર લિ.ના ચોપડે પુનઃરચના બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.

**(જવાબ અને સમજૂતી :**

(1) ચો.મિ. ₹ 8,20,000 (કુલ મિ. ₹ 9.95,000 બાદ કુલ દેવા ₹75.000). ખ. કિં. 9,07,000 તેથી પાઘડી ₹ 87,000. અમર લિ.ની ખ. કિં. ₹ 9,07,000 (જેમાં ઇ. શૅરમૂડી) ₹ 5,00,000 + પ્રેફ. શૅરમૂડી 4,00,000 + રોકડ 7,000) (2) મા. મિ. નિ. ખાતાનો નફો ₹ 49,000 (3) પુનઃરચના ખાતાનો નફો ₹ 64,000 ઇ. શૅર હો. ખાતે. (4) પુનઃરચના ખાતાની ઉ. બાજુએ પ્રેફ. શૅર હો. ખાતે નફો (પ્રીમિયમ) ₹ 25,000. (5) ઇ. શૅર હો.ના ખાતાનો સરવાળો ₹ 5,64,000 (6) પ્રેક. શૅર હો.નાં ખાતાનો સરવાળો ₹ 4,00,000 (7) રોકડ/બેંક ખાતાનાં સરવાળો ₹ 72,000 (8) લેણીહૂંડી ખાતાની જમા બાજુએ રોકડમેળ ₹ 40,000 અને પુનઃરચના ખાતે ₹ 10,000 નોંધવા. (9) અધિક અમર લિ.નું નવું પા. સ.નૉ સરવાળો ₹ 13,12,500.)

-------------×-------------

**એકમ 14**

# લિક્વિડેટરના હિસાબો

## : રૂપરેખા :

14.1 પ્રસ્તાવના

14.2 વિસર્જનની રીતો (પદ્ધતિઓ)

 14.2.1 નેશનલ લૉ ટ્રિબ્યુનલ દ્વારા ફરજિયાત વિસર્જન

 14.2.2 સ્વૈચ્છિક વિસર્જન

14.3 લિક્વિડેટરની નિમણૂક અને મહેનતાણું

14.4 લિક્વિડેટરની સત્તા અને ફરજો

14.5 લિક્વિડેટરના આવક જાવકનું પત્રક

14.6 લિક્વિડેટરની આવકો અને જાવકો

14.7 મૂડી તૂટની ગણતરી

14.8 અગત્યનાં ઉદાહરણો

8.9 ધ્યાનમાં રાખવાના મુદ્દા

- સ્વાધ્યાય
  - સૈદ્ધાંતિક (થીયરી)
  - વ્યવહારિક (દાખલાઓ)
- હેતુલક્ષી પ્રશ્નો (MCQ's)

### 14.1 પ્રસ્તાવના :

સામાન્ય રીતે એકાકી વેપારી પેઢી અને ભાગીદારી પેઢીની વિસર્જનની પ્રક્રિયા સરળ હોય છે. એકાકી વેપારી પેઢીમાં માલિક ઈચ્છે ત્યારે ધંધો બંધ કરી શકે છે અને ભાગીદારી પેઢીમાં માલિક ઈચ્છે ત્યારે ધંધો બંધ કરી શકે છે અને ભાગીદારી પેઢીમાં 1932ની ભારતીય ભાગીદારી કાયદાની જોગવાઈ અનુસાર સરળ રીતે તેનું વિસર્જન કરી શકાય છે. પરંતુ કંપનીના વિસર્જન માટે કંપની ધારા પ્રમાણે તથા કંપની ધારાની કલમ 433 અનુસાર ચોક્કસ નીતિ નિયમો અને અદાલતની દેખરેખ હેઠળ વિસર્જનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

કંપનીએ કાયદાથી સર્જિત એક કૃત્રિમ વ્યક્તિ છે, જે રીતે કંપનીનો જન્મ (સ્થાપના)કંપની ધારા અનુસાર કરવામાં આવે છે. તે જ રીતે કંપનીનું વિસર્જન પણ કંપની ધારાની ચોક્કસ જોગવાઈ ઓ હેઠળ જ કરવામાં આવે છે.

કંપનીના વિસર્જન માટે અદાલત દ્વારા એક જવાબદાર વ્યક્તિની નિમણૂક કરવામાં આવે છે જે કંપનીના વિસર્જનની સંપૂર્ણ કાર્યવાહી સંભાળે છે. જેને લિક્વિડેટર તરીકે ઓળખવામાં આવે છે.

વિસર્જનની સામાન્ય કાર્યવાહીમાં કંપનીનો ધંધો બંધ કરવામાં આવે છે એટલે કે કંપનીની મિલકતો વેચી દેવામાં આવે છે અને આ મિલક્તોની ઉપજમાંથી અગ્રતાના ક્રમ મુજબ દેવાંની ચૂકવણી કરી નાણાં વધે તો તેના શેરહોલ્ડર્સને (સભ્યોને) પરત કરવામાં આવે છે.

વિસર્જનનો સામાન્ય અર્થ એવો કાઢવામાં આવે છે કે કંપની નાદાર થઈ ગઈ અને તેનાં દેવાં ચૂકવવા અસમર્થ છે તેથી કંપનીનું વિસર્જન થાય છે પરંતુ હંમેશાં એમ બનતું નથી. કેટલીકવાર સારી પ્રતિષ્ઠિત કંપનીનું પણ વિસર્જન કરવામાં આવે છે અથવા કેટલીકવાર કંપની પોતાની પુર્નરચના કરવાના હેતુસર પણ ચાલુ કંપનીનું વિસર્જન કરી નવી કંપનીની સ્થાપના કરે છે.

કંપનીનું વિસર્જન કરવા માટેનાં નીચેનાં કારણો હોઈ શકે :

(1) કંપની સતત ખોટમાં ચાલતી હોય કે તેની નાણાંકીય પરિસ્થિતિ એટલી ખરાબ થઈ જાય કે કંપની નાદાર થઈ જાય છે.

(2) કંપનીની સ્થાપના જે હેતુ માટે કરવામાં આવી હોય તે હેતુ પૂરો થઈ ગયો હોય.

(3) કોઈ કારણસર કંપનીની પુનર્રચના કરવામાં આવે.

(4) સરકારી કારણોસર ધંધો ચાલુ રાખવો મુશ્કેલ હોય.

(5) કંપની પાસે મૂડી તૂટ ઊભી થાય તો તે તેનો ધંધો બીજી કંપનીને વેચી દેવા માટે કંપનીનું વિસર્જન કરવામાં આવે.

## 14.2 વિસર્જનની રીતો (પદ્ધતિઓ)

કંપનીનું વિસર્જન કરવા માટેની મુખ્ય બે રીતો (પદ્ધતિઓ) છે :

(અ) અદાલત (ટ્રિબ્યુનલ) દ્વારા ફરજિયાત વિસર્જન

(બ) સ્વૈચ્છિક કે મરજિયાત વિસર્જન

### 14.2.1 અદાલત (ટ્રિબ્યુનલ) દ્વારા ફરજિયાત વિસર્જન :

કંપની ધારાની કલમ 433 મુજબ અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા ફરજિયાત વિસર્જન નીચેના સંજોગોમાં થાય છે :

(1) કંપનીએ જો પોતાના ખાસ ઠરાવ હેઠળ કંપનીનું અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા ફરજિયાત વિસર્જન કરવા જણાવ્યું હોય.

(2) કંપનીએ પોતાની પ્રાથમિક સભા ભરી ન હોય કે તે પ્રાથમિક સભા ભરવામાં ઢીલ કરી હોય તથા કંપનીના રજિસ્ટ્રાર (નોંધણી અધિકારી) ને પ્રાથમિક અહેવાલ મોકલ્યો ન હોય.

(3) કંપનીએ નોંધણી થયા પછી એક વર્ષ સુધી ધંધો બંધ રાખ્યો હોય કે નોંધણી તારીખથી એક વર્ષ સુધી ધંધો બંધ રાખ્યો હોય કે નોંધણી તારીખથી એક વર્ષ સુધીમાં ધંધો શરૂ જ ન કર્યો હોય.

(4) જો કંપની જાહેર કંપની હોય તો સભ્ય સંખ્યા 7 થી ઓછી થઈ હોય અને ખાનગી કંપની હોય તો સભ્ય સંખ્યા 2 થી ઓછી થઈ હોય.

(5) જો કંપનીના દેવામાં એટલો વધારો થઈ ગયો હોય કે તે દેવાં ચૂકવી શકાય તેમ ન હોય.

(6) જો કંપની એ સતત પાછલા પાંચ વર્ષ માટેના નાણાકીય પત્રકો રજિસ્ટ્રાર સમક્ષ રજૂ ન કર્યાં હોય.

(7) અદાલત કે ટ્રિબ્યુનલને વિસર્જન અંગે ન્યાયી અને વાજબી કારણ લાગે.

ઉપરોક્ત સંજોગોમાં અદાલત કે ટ્રિબ્યુનલ દ્વારા કરવામાં આવતા ફરજિયાત વિસર્જન માટેની અરજી નીચેનામાંથી કોઈપણ કરી શકે છે :

(1) કંપનીનો શેરહોલ્ડર

(2) કંપનીના લેણદાર

(3) કંપનીનો રજિસ્ટ્રાર (નોંધણી અધિકારી) વગેરે.

અદાલતને કંપની તરફથી વિસર્જન અંગેની મળેલ અરજી વાજબી લાગે ત્યારે અદાલત કંપનીના વિસર્જનનો હુકમ કરે છે. અને કંપનીના વિસર્જનની તમામ કાર્યવાહી (સત્તા અને જવાબદારી) અદાલત દ્વારા નિમાયેલા લિક્વિડેટરને સોંપવામાં આવે છે.

### 14.2.2 સ્વૈચ્છિક કે મરજિયાત વિસર્જન :

કંપનીનું સ્વૈચ્છિક વિસર્જન કરવા માટે સંજોગો નીચે મુજબ છે :

(1) કંપનીનું જે હેતુ માટે સ્થાપવામાં આવી હોય અને તે હેતુ પૂરો થાય.

(2) કંપનીની સ્થાપના અમૂક ચોક્કસ મુદત પૂરતી જ કરવામાં આવી હોય અને તે મુદત પૂરી થાય.

(3) કંપનીના આર્ટિકલ્સ ઑફ એસોશિયનમાં એવી જોગવાઈ કરવામાં આવી હોય કે અમૂક સંજોગો કે બનાવ ઊભો થાય ત્યારે કંપનીનું વિસર્જન કરવું અને એવા સંજોગો કે બનાવ બને.

(4) કંપની ધારાની કલમ 484 અનુસાર કંપનીના સભ્યો (શેર-હોલ્ડર્સ) કંપનીના મરજિયાત વિસર્જન અંગેનો ઠરાવ કરી શકે છે જો કે આવો ઠરાવ પસાર થયા તારીખથી 14 દિવસ ઑફિશિયલ ગેઝેટમાં તથા કંપની જે જિલ્લામાં આવી હોય તે જિલ્લામાં પ્રતિષ્ઠિત અખબારમાં આ ઠરાવની નોટિસ આપવી જોઈએ.

સ્વૈચ્છિક વિસર્જન કંપનીના સભ્યો દ્વારા થઈ શકે. કંપની એ પોતાનું સદ્ધરતાનું નિવેદન રજિસ્ટ્રારને આપવું પડે જો કંપની પોતાના સદ્ધરતાનું નિવેદન રજિસ્ટ્રારને આપી શકે તેમ ન હોય તો શેરહોલ્ડર્સ એ ફરજિયાત વિસર્જન કર્યું ગણાય. આ સંજોગોમાં કંપનીના સંચાલકોએ કંપનીની સભામાં એવી જાહેરાત કરવી પડે કે તેમણે કંપનીની આર્થિક પરિસ્થિતિ ચકાસી છે અને કંપનીનાં કોઈ દેવા છે નહી અને જો કોઈ દેવા બાકી હોય તો વિસર્જન પછીના ત્રણ વર્ષમાં ચૂકવી આપવામાં આવશે. આ અંગેની એફિડેવિટ (સોગંદનામું) ડિરેક્ટર્સએ પાંચ અઠવાડિયામાં નોંધાવવું જરૂરી બને છે. વળી કંપનીમાં બે થી વધુ ડિરેક્ટર્સ હોય તો બહુમતી ડિરેક્ટર્સ એ આ રીતે જાહેરનામું આપવું પડે.

## 14.3 લિક્વિડેટરની નિમણૂક અને મહેનતાણું :

- **નિમણૂંક :**

કંપનીના વિસર્જન સમયે કંપનીના વિસર્જનની સંપૂર્ણ કામગીરી માટે અદાલત દ્વારા એક અધિકારીની નિમણૂક કરવામાં આવે છે, જેને લિક્વિડેટર કે કડવા અધિકારી કહેવાય છે. લિક્વિડેટરની નિમણૂક કંપનીની મિલકતોનો નિકાલ કરવા અને તેની ઉપજમાંથી કંપનીના દેવા ચૂકવવા અને વધલે નાણાં તેનાં શેરહોલ્ડર્સને પરત કરવા માટે કરવામાં આવે છે.

ફરજિયાત વિસર્જન સમય અદાલત (ટ્રિબ્યુનલ) દ્વારા લિક્વિડેટરની નિમણૂક કરવામાં આવે છે અને મરજિયાત વિસર્જનના સંજોગોમાં શેરહોલ્ડર્સની સામાન્ય સભામાં ઠરાવ પસાર કરીને લિક્વિડેટરની નિમણૂક કરવામાં આવે છે.

જ્યારે લિક્વિજેટરની નિમણૂક થાય તે તારીખથી કંપનીના તમામ સંચાલકોની સત્તા પૂરી થાય છે. અને લિક્વિડેટરને તેની નિમણૂક તારીખથી જ સત્તા આપવામાં આવે છે. લિક્વિડેટર એ કંપની અને તેના લેણદારો માટે એક ત્રાહિત પક્ષકાર છે. તેનું કંપનીમાં કોઈપણ પ્રકારનું હિત હોતું નથી.

- **મહેનતાણું :**

લિક્વિડેટરનું મહેનતાણું જ્યારે તેની નિમણૂક થાય છે ત્યારે જ નક્કી કરવામાં આવે છે અને એક વાર તેનું મહેનતાણું નક્કી થઈ જાય ત્યાર પછી કોઈપણ સંજોગોમાં તેમાં વધારો થઈ શકતો નથી.

## 14.4 લિક્વિડેટરની સત્તા અને ફરજો :

- **સત્તા :**

જ્યારે લિક્વિડેટરની નિમણૂક થાય તે તારીખથી કંપનીના તમામ સંચાલકોની સત્તા પૂરી થાય છે અને લિક્વિડેટરને તેની નિમણૂક તારીખથી જ સત્તા આપવામાં આવે છે. લિક્વિડેટર એ કંપની અને તેના લેણદારો માટે એક ત્રાહિત પક્ષકાર છે. તેનું કંપનીમાં કોઈપણ પ્રકારનું હિત હોતું નથી.

- **ફરજો :**

લિક્વિડેટરની ફરજો નીચે મુજબ છે :

(1) કંપનીની મિલકતોનો યોગ્ય રીતે નિકાલ કરી તેની કિંમત ઉપજાવી તેમાંથી નાણાં મેળવવા.

(2) લેણદારોને તેમના અગ્રતાના ક્રમ મુજબ નાણાં ચૂકવવાં.

(3) વિસર્જનનો ખર્ચ, તેનું પોતાનું મહેનતાણું અને લેણદારોને નાણાં ચૂકવી દીધા બાદ નાણાં વધે તો કંપનીના શેરહોલ્ડર્સને પરત કરવાં.

(4) મિલકતોની ઉપજ અને લેણદારોને કરેલ ચૂકવણી અંગેના (આવક-જાવકના) હિસાબો તૈયાર કરવા અને આ હિસાબો શેરહોલ્ડર્સ અને લેણદારો સમક્ષ રજૂ કરવા અને રજિસ્ટ્રાર સમક્ષ આ હિસાબો ફાઈલ કરવા.

(5) સ્વૈચ્છિક વિસર્જનના સંજોગોમાં લિક્વિડેટર એ કંપનીનો પગારદાર એજન્ટ ગણાય છે. તેથી કંપનીના સભ્ય દ્વારા વિસર્જનમાં તે લેણદારોને જવાબદાર ગણાય છે.

(6) લિક્વિડેટર મિલકતની ઉપજમાંથી કે લેણદારોને ચૂકવણી સમયે કોઈ છૂપો નફો કરી શકે નહિ.

(7) લિક્વિડેટરને મિલકતની મળેલ ઉપજમાંથી રકમ એક અલગ બેંક ખાતામાં જમા કરાવવી.

(8) જો લિક્વિડેટરને પાસે રૂા. 500 થી વધુ રકમ હાથ પર હોય તો તે 10 દિવસથી વધુ સમય માટે રાખી શકે નહિ.

(9) જ્યારે વિસર્જનની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થાય ત્યારે લિક્વિડેટર છેવટનું આવક જાવકનું પત્રક રજૂ કરવું.

## 14.5 લિક્વિડેટરનું આવક - જાવકનું પત્રક :

લિક્વિડેટરની નિમણૂક કંપનીની મિલકતોનો નિકાલ કરીને તેનાં નાણાં લેણદારોને યોગ્ય અગ્રતાના ક્રમમાં ચૂકવવા માટે તથા વધેલ નાણાં તેના સભ્યોને પરત કરવા માટે કરવામાં આવે છે. લિક્વિડેટરનું કંપનીમાં કોઈ હિત હોતું નથી. તે એક જવાબદાર વ્યક્તિ છે તે કંપની તરફથી નાણાંની લેવડ-દેવડ કરે છે. તેથી તેણે નાણાંની આવક અને જાવક અંગેના ચોક્કસ અને યોગ્ય રીતે હિસાબો રાખવા જોઈએ. આ માટે લિક્વિડેટરે દર વર્ષે આવક જાવકના હિસાબ કંપનીના શેરહોલ્ડર્સ સમક્ષ રજૂ કરવા પડે છે અને જ્યારે વિસર્જનની સંપૂર્ણ કામગીરી પૂર્ણ થાય ત્યારે "છેવટનું આવક-જાવકનું પત્રક" રજૂ કરવું પડે છે.

કંપની કોર્ટ રૂલ્સ 1959ના નિયમ 329માં દર્શાવવામાં આવ્યું છે કે કંપનીના સ્વૈચ્છિક વિસર્જન વખતે શેરહોલ્ડર્સની અંતિમ સભામાં લિક્વિડેટરે વિસર્જનના હિસાબ ફોર્મ નં. 156 મુજબ રજૂ કરવા.

આમ સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડિયા (કોર્ટ રૂલ્સ) 1959 ના રૂલ નં. 329માં જણાવવામાં આવેલ લિક્વિડેટરનું આવક જાવકનું નિયત ફોર્મ નં. 156 નીચે મુજબ દર્શાવેલ છે :

**ફોર્મ નં. 156**

**વિસર્જનમાં લિક્વિડેટરનું હિસાબી પત્રક**

**(સભ્યો દ્વારા / લેણદારો દ્વારા)**

**(કલમ 497 / 509 મુજબ)**

- જે લાગુ પડતું ન હોય તે છેકી નાંખો.

અહીં જણાવો કે વિસર્જન સભ્યો દ્વારા, લેણદારો દ્વારા, સ્વૈચ્છિક વિસર્જન છે કે અદાલતની દેખરેખ હેઠળનું વિસર્જન છે જો અદાલતની દેખરેખ હેઠળનું વિસર્જન હોય તો અરજીમાં આ અંગે ઑર્ડર થયો છે તો અરજીનો નંબર જણાવો અને ઓર્ડરની તારીખ જણાવો.

(1) કંપનીનું નામ : ...................................................... લિમિટેડ

(2) કાર્યવાહીનો પ્રકાર : ..........................................................

(3) વિસર્જન શરૂ થયાની તારીખ : ..................................................

(4) લિક્વિડેટરનું નામ અને સરનામું : ............................................

**કંપનીની વિસર્જનની કાર્યવાહી કેવી રીતે થઈ અને**

**કંપનીની મિલકતોનો નિકાલ કેવી રીતે થયો તે**

**દર્શાવતું પત્રક**

તા. : ....... થી (વિસર્જન શરૂ થયા તારીખ) તા. : ....... (વિસર્જન પૂરું થયા તારીખ)

| આવક | અંદાજી કિંમત (રૂા.) | ઉપજેલ રકમ (રૂા.) | ચૂકવણી (રૂા.) | રકમ (રૂા.) | ચૂકવણી |
|---|---|---|---|---|---|
| મિલકતો : | ✓ | ✓ | કાનૂની ખર્ચાઃ | | |
| બેંકમાં સિલક | ✓ | ✓ | લિક્વિડેટરનું | | |
| હાથ પર રોકડ | ✓ | ✓ | મહેનતાણું (જ્યાં | ✓ | ✓ |
| વેચાણલાયક જામીનગીરીઓ | ✓ | ✓ | લાગુ પડે ત્યાં) | ✓ | ✓ |
| લેણીહુંડીઓ | ✓ | ✓ | રૂા.....ની ઉપજ | | |
| પરચૂરણ દેવાદારો | ✓ | ✓ | પર .... % | | |
| લોન અને ધિરાણ | ✓ | ✓ | રૂા. .... ની વહેંચણી | | |
| ધંધાનો સ્ટોક | ✓ | ✓ | પર .... % | | |
| અર્ધ તૈયાર માલ | | | કુલ | ✓ | ✓ |
| ફ્રિહોલ્ડ મિલકતો | ✓ | ✓ | (કોણે નક્કી કરેલ...) | | |
| પટ્ટે રાખેલ મિલકતો | ✓ | ✓ | હરાજી કરનાર અને | | |
| સાંચા અને યંત્રો | ✓ | ✓ | વેલ્યુઅર્સનો ખર્ચ | ✓ | ✓ |
| ફર્નિચર, ફિટિંગ્સ વગેરે | ✓ | ✓ | એસ્ટેટનો ખર્ચ | ✓ | ✓ |
| પેટન્ટ્સ અને ટ્રેડમાર્ક | ✓ | ✓ | મેળવવાનો અને | | |
| વેચવા લાયક રોકાણો | ✓ | ✓ | નિભાવ ખર્ચ | ✓ | ✓ |
| (જામીનગીરી સિવાયના) | ✓ | ✓ | ગેઝેટ અને વર્તમાન | | |
| જામીનગીરી પૈકી વધારો | ✓ | ✓ | પત્રોમાં નોટિસ | | |
| વિસર્જન વખતે હિસ્સેદારો | | | આપવાનો ખર્ચ | ✓ | ✓ |
| પાસે મંગાવેલ હપ્તા પર | | | આનુષંગિક ખર્ચા | | |
| મળેલી રકમો | ✓ | ✓ | (વહીવટી ખર્ચા | | |
| વેપાર ખાતા મુજબ | ✓ | ✓ | અને અન્ય વિસર્જન | | |
| આવકો | ✓ | ✓ | ખર્ચ) | ✓ | ✓ |
| અન્ય મિલકતો જેવી કે | | | કુલ ખર્ચા : | ✓ | ✓ |
| ✓ | | | (i) ડિબેન્ચર હોલ્ડર્સનેઃ | | |
| ✓ | | | રૂા.... ના ડિબેંચર્સ અને | | |
| બાદ : ✓ | | | રૂા.... લેખે ચૂકવણી | ✓ | ✓ |
| જામીનગીરી છોડવવા | | | રૂા.... ના ડિબેંચર પર | | |
| કરેલ ચૂકવણી-બજવણી | | | રૂા.... લેખે ચૂકવણી | ✓ | ✓ |
| અંગેના ખર્ચા | | | (ii) લેણદારોને : | | |
| વેપાર ખાતાં મુજબ | | | - પ્રેફરન્શિયલ (સંખ્યા) | ✓ | ✓ |
| ચૂકવણી | | | - બિનસલામત (સંખ્યા) | ✓ | ✓ |
| | | | રૂા..... પર રૂપિયે | | |
| | | | (ડિવિડન્ડ માટે જે | | |
| | | | રકમ અંગે ચૂકવણી | | |
| | | | કરવી પડશે એવી | | |
| | | | રકમનો અંદાજ) | | |
| | | | (iii) હિસ્સેદારોને પરતઃ | | |
| | | | - શેર (દાર્શનિક કિંમત) | | |
| | | | પર રૂપિયા .... પૈસા | ✓ | ✓ |
| | | | - શેર (દાર્શનિક કિંમત) | | |
| | | | પર રૂપિયા .... પૈસા | ✓ | ✓ |
| | | | ઉમેરો : | | |
| **ચોખ્ખી ઉપજ** | | | **બાકી :** | | |

| | |
|---|---|
| (1) | નીચેની મિલકતો જે રૂા..... ની કિંમતે અંદાજવામાં આવી હતી તેની કોઈ રકમ ઉપજી શકી નહીં. (જે મિલકતોની કોઈ ઊપજ થઈ શકી નહીં તે અંગેની વિગતો આપો.) |
| (2) | (અ) વિસર્જન વખતે લેણદારોને ચૂકવવાનું નહીં મંગાવેલ ડિવિડન્ડ રૂા.... |
| | (બ) વિસર્જન વખતે અન્ય નહિ મંગાવેલ રકમની વહેંચણી રૂા.... |
| | (ક) વિસર્જન શરૂ થતાં પહેલાં કોઈ વ્યક્તિને કંપનીના સભ્યો તરીકે જે રકમ ડિવિડન્ડ તરીકે કે અન્ય રીતે ચૂકવવાની હોય તે અંગે કંપનીએ ટ્રસ્ટમાં રાખેલાં નાણાં ...... |
| (3) | અહીં લિક્વિજેટરને યોગ્ય લાગે તે રિમાર્ક (નોંધ) ઉમેરવી. |
| | તા.............. વર્ષ .............. નવા રોજ તૈયાર કર્યું. |
| | (સહી) લિક્વિડેટર |
| | ઉપરનું પત્રક સાચું છે અને વિસર્જન શરૂ થયું ત્યારથી તેનો અંત આવ્યો ત્યાં સુધી તે પૂરો અને સાચો અહેવાલ આપે ચે એવું જાહેરનામુ આપો. |
| | તા.............. વર્ષ .............. નવા રોજ તૈયાર કર્યું. |
| | (સહી) લિક્વિડેટર |

**વિદ્યાર્થીઓ માટે અગત્યની નોંધ :**

સુપ્રિમ કોર્ટ ઑફ ઇન્ડિયાના કોર્ટ રૂલ્સ 1959ના રૂલ નં. 329માં જણાવવામાં આવેલ ઉપર મુજબ દર્શાવેલ લિક્વિડેટરના આવક જાવકના પત્રકમાં પ્રથમ ડિબેન્ચર હોલ્ડર્સને ચૂકવણી બતાવી છે. ત્યારબાદ પસંદગીના (પ્રેફરન્શિયલ) લેણદારોને ચૂકવણી બતાવવામાં આવી છે.

પરંતુ કંપની ધારાની કલમ 530ની જોગવાઈ અનુસાર દર્શાવવામાં આવ્યું છે કે પ્રેફરન્શિયલ લેણદારોને પ્રથમ ચૂકવણી કરવી અને ત્યારબાદ તરતા બોજધારી ડિબેન્ચર્સને ચૂકવણી કરવી.

આ ઉપરાંત કંપનીના ફરજિયાત વિસર્જનમાં સ્થિતિદર્શક પત્રકનો નમૂનો આપવામાં આવ્યો છે તેમાં પ્રથમ પ્રેફરન્શિયલ લેણદારો દર્શાવ્યા છે ત્યારબાદ તરતા બોજધારી ડિબેન્ચર હોલ્ડર્સની ચૂકવણી દર્શાવી છે.

ઉપરોક્ત બાબતો ધ્યાનમાં લઈને લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક ટૂંકમાં નીચે મુજબ દર્શાવી છે :

**લિક્વિડેટરનું આવક જાવકનું પત્રક**

| આવક | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|
| (1) રોકડ અને બેંકમાં સિલક | ✓ | (1) સંપૂર્ણ સલામત લેણદારો (કામદારો પ્રત્યેનું બાકી લેણું.) | ✓ |
| (2) મિલકતોની ઊપજ કિંમત | ✓ | (2) વિસર્જન ખર્ચ (કાનૂની ખર્ચ) લિક્વિડેટરનું મહેનતાણું | ✓ |
| (3) સંપૂર્ણ સલામત લેણદારો પાસેથી વધારો | ✓ | (3) પ્રેફરન્શિયલ (પસંદગીના લેણદારો | ✓ |
| (4) અપૂર્ણ ભરપાઈ શેર પર મળેલા હપ્તા | ✓ | (4) તરતા બોજધારી લેણદારો ડિબેન્ચર + બાકી વ્યાજ) | ✓ |
| | | (5) બિન સલામત લેણદારો | ✓ |
| | | (6) પ્રેફરન્સ શેર હોલ્ડર્સ (બાકી પ્રેફ. ડિવિ.) | ✓ |
| | | (7) વધારો ઇક્વિટી શેર હોલ્ડર્સને પરત કર્યા. | ✓ |
| | ✓ | | ✓ |

ઉપર દર્શાવેલ લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક એક પ્રકારનું રોકડ ખાતા જેવું છે જે જેની ડાબી બાજુ આવકો અને જમણી બાજુ જાવકો (ચૂકવણી) દર્શાવવામાં આવે છે તે ખાતાના સ્વરૂપમાં હોવા છતાં તે ખાતું નથી એક પત્રક જ છે.

## 14.6 લિક્વિડેટરની આવકો અને જાવકો :

(A) લિક્વિડેટરની આવકો :

(1) વિસર્જનની તારીખે કંપની પાસે રહેલી રોકડ અને બેંકમાં સિલક

(2) કંપનીની મિલકતોની ઉપજ કિંમત :

(જો સંપૂર્ણ સલામત લેણદારો પાસે કોઈ મિલકત તારણ પર હોય અને સંપૂર્ણ સલામત લેણદારો મિલકત જાતે વેંચી દે તો તેઓ પોતાનું લેણુ વસૂલ કરીને જે વધારો લિક્વિડેટરને સુપરત કરે તે રકમ)

(3) અપૂર્ણ ભરપાઈ ઈક્વિટી શેર પર મંગાવેલા બાકી હપ્તાની રકમ (જરૂરિયાત ઊભી થાય ત્યારે)

(4) સંચાલકો બેદરકારીને કારણે કંપનીને થયેલ નુકસાન બદલ લિક્વિડેટરે વસૂલ કરેલ રકમ.

(B) લિક્વિડેટરની જાવકો :

લિક્વિડેટરે મિલકતની ઊપજ કિંમત અને અન્ય મળેલ આવકોમાંથી કંપનીના દેવા અને શેરહોલ્ડર્સને પરત કરવાની રકમની ચૂકવણીઓ નીચેના ક્રમમાં કરવાની હોય છે :

(1) સંપૂર્ણ સલામત લેણદારો અને કામદારોનું લેણું.

(2) વિસર્જન ખર્ચ અને લિક્વિડેટરનું મહેનતાણું

(3) પસંદગીના લેણદારો

(4) તરતા બોન્ડધારી લેણદારો

(5) બિનસલામત લેણદારો

(6) પ્રેફરન્સ શેરહોલ્ડર્સ

(7) ઈક્વિટી શેર હોલ્ડર્સ

**(1) સંપૂર્ણ સલામત લેણદારો અને કામદારોનું લેણું :**

સંપૂર્ણ સલામત લેણદારો એટલે એવાં લેણદારો કે જેમની પાસે તેમના બાકી લેણાં જેટલી કે તેથી વધુ રકમની મિલકત તારણ પર હોય. સંપૂર્ણ સલામત લેણદારોને ચૂકવણી બે રીતે કરી શકાય.

(i) સામાન્ય રીતે સંપૂર્ણ સલામત લેણદારો પોતાની પાસે તારણ હોય તે મિલકત જાતે જ વેચી દે ચે અને વધારો લિક્વિડેટરને પરત કરે છે. આ સંજોગોમાં લિક્વિડેટરના આવક જાવકના પત્રકમાં ફક્ત વધારો જ આવક તરીકે દર્શાવવો.

(ii) કેટલીકવાર સંપૂર્ણ સલામત લેણદારો પોતાની પાસે તારણ હોય તે મિલકત લિક્વિડેટરને સોંપી દે છે. આ સંજોગોમાં લિક્વિડેટર તે મિલકતનો નિકાલ કરીને તેની ઉપજમાંથી સંપૂર્ણ સલામત લેણદારોને તેમના લેણાં જેટલી રકમ ચૂકવી આપે છે. આ પરિસ્થિતિમાં લિક્વિડેટરના આવક જાવકના પત્રકમાં મિલકતની ઉપજ આવક તરીકે દર્શાવવી અને સંપૂર્ણ સલામત લેણદારોને કરેલ ચૂકવણી જાવક તરીકે દર્શાવવી.

(નોંધ : જો દાખલામાં સંપૂર્ણ સલામત લેણદારો એ મિલકત વેંચી છે તેવી કોઈ સ્પષ્ટતા કરેલ ન હોય ત્યારે મિલકતની ઉપજ લિક્વિડેટરે કરી છે અને તેની રકમ લેણદારોને ચૂકવી આપી છે તેમ સમજવું.)

જો કોઈ લેણદાર પાસે તેના લેણાં કરતાં ઓછી રકમની મિલકત તારણ પર ધરાવતો હોય તો અપૂર્ણ સલામત લેણદાર કહેવાય. આ સંજોગોમાં મિલકતની જે કિંમત ઉપજે તેટલે અંશે તે સલામત ગણાય અને બાકીની રકમના લેણાં માટે તે બિન સલામત લેણદાર ગણાશે.

- **કામદારોનું લેણું :**

કંપની ધારા 1985ની જોગવાઈમાં થયેલ સુધારામાં જણાવવામાં આવ્યું છે કે કામદારોનું લેણું એ સંપૂર્ણ સલામત લેણદારોની જેમ સમાન કક્ષા એ અન્ય દેવાં કરતાં અગ્ર ક્રમમાં ચૂકવવામાં આવશે એટલે કે કામદારોનું લેણું અને સંપૂર્ણ સલામત લેણદારોને કરવામાં આવતી ચૂકવણીનો ક્રમ સરખો રહેશે.

કામદારોના લેણાં નીચેનો સમાવેશ કરવામાં આવ્યો છે :

(i) કામદારોની તમામ મજૂરી કે પગાર.

(ii) રજાનો ચઢેલો પગાર

(iii) કામદારોના પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ, પેન્શન ફંડની બાકી ચૂકવણી

(iv) કામદાર વળતરના કાયદા હેઠળ બાકી ચૂકવણી.

**(2) વિસર્જન ખર્ચ અને લિક્વિડેટરનું મહેનતાણું :**

સંપૂર્ણ સલામત લેણદારો અને કામદારોનું લેણું ચૂકવ્યા બાદ અન્ય કોઈપણ પ્રકારની ચૂકવણી કરતા પહેલાં વિસર્જન ખર્ચ અને લિક્વિડેટરનું મહેનતાણું ચૂકવવું પડે.

વિસર્જન ખર્ચ કે લિક્વિડેશન ખર્ચમાં કાનૂની ખર્ચ, હરાજી કરનાર અને વેલ્યુઅરનો ખર્ચ, ગેઝેટ અને વર્તમાનપત્રોની નોટિસ ફી વગેરેનો સમાવેશ થાય છે.

વિસર્જન ખર્ચ ચૂકવાઈ ગયા પછી લિક્વિડેટરનું મહેનતાણું ચૂકવવામાં આવે છે. લિક્વિડેટરનું મહેનતાણું ચોક્કસ રકમ તરીકે હોઈ શકે અથવા મિલકતોની ઉપરજના અમૂક ટકા બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમના અમૂક ટકા કે શેર હોલ્ડર્સને ચૂકવેલ રકમના અમૂક ટકા લેખે ચૂકવવાનું હોઈ શકે છે.

**(3) પસંદગીના (પ્રેફરન્શિયલ) લેણદારો :**

કંપની ધારાની કલમ 530 અનુસાર નીચે જણાવેલ લેણદારોની પસંદગીના લેણદારો ગણાય છે જેમની ચૂકવણી બિનસલામત લેણદારોને ચૂકવતાં પહેલાં કરવામાં આવે છે જો કે પસંદગીના લેણદારો એક પ્રકારના બિનસલામત લેણદારો જ છે પરંતુ તેમને નાણાં ચૂકવવાનો પ્રથમ હક્ક મળ્યો છે.

(1) સરકાર કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાને ચૂકવવાના તમામ પ્રકારના વેરા જે વિસર્જનની તારીખ અગાઉના 12 માસ દરમિયાન ચૂકવવાના થયા હોય.

(2) કંપનીના કોઈ પણ કર્મચારી ચૂકવવાના પગારની રકમ જેમાં કર્મચારી દીઠ 4 માસનો પગાર અથવા રૂા. 20,000 પૈકી ઓછી રકમ (વિસર્જન તારીખથી અગાઉના 12 માસ દરમિયાન ચૂકવવાની થતી રકમ)

(3) નોકરીમાંથી છૂટા થયેલા કર્મચારીઓનો રજાઓનો ચઢેલો પગાર.

(4) વિસર્જન તારીખથી અગાઉના 12 માસ દરમિયાન કર્મચારી રાજ્ય વીમા યોજનાનો કંપનીએ આપવાનો ફાળો (કંપની સ્વૈચ્છિક ફડચામાં જતી હોય તે સિવાયના સંજોગોમાં)

(5) કામદાર વળતર ધારા હેઠળ લેણી નીકળતી રકમ.

(6) પ્રોવિડન્ટ ફંડ, પેન્શન ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ તથા કર્મચારી કલ્યાણ ફંડ અંગે કર્મચારીની લેણી નીકળતી રકમ.

(7) કંપની ધારાની કલમ 235 કે 237 હેઠળ કરવામાં આવેલ તપાસ અંગે ચૂકવવાનો બાકી ખર્ચ

પસંદગીના લેણદારો

(1) સરકાર કે સ્થાનિક કરવેરા (પાછલા 12 માસ સુધીના)

(2) કર્મચારીનો પગાર (ખરેખર અથવા 4 માસનો અથવા રૂા.20,000 પૈકી ઓછી રકમ)

(3) કર્મચારીનો રજાનો ચઢેલો પગાર

(4) કર્મચારીનું પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઈટી ફંડ, પેન્શન ફંડ

(5) કર્મચારી રાજ્ય વીમા યોજનામાં કંપનીનો ફાળો (પાછલા 12 માસ સુધીનો)

**(4) તરતા બોજધારી લેણદારો :**

તરતા બોજધારી લેણદારો સામાન્ય રીતે ડિબેન્ચર હોલ્ડર્સનો સમાવેશ થાય છે. કંપનીની મિલકતો પર તરતો બોજ ધરાવનાર ડિબેન્ચર હોલ્ડર્સનો કંપનીની મિલકતો પર હક હોય છે. તરતા બોજ ધારી ડિબેન્ચર હોલ્ડર્સને બિનસલામત લેણદારો કરતા ચૂકવણીમાં અગ્ર હક મળે છે. આવા ડિબેન્ચર હોલ્ડર્સને તેમની મુદ્દલ રકમ તથા વિસર્જન તારીખ પછી જે તારીખે (મોડી) ચૂકવણી કરવામાં આવી હોય તે તારીખ (ચૂકવણી તારીખ) સુધીનું બાકી વ્યાજ પણ ચૂકવવા પાત્ર બને છે. પરંતુ જો કંપની પાસે બિનસલામત લેણદારોને ચૂકવવા માટે પૂરતી રકમ ન હોય તો આવું ચૂકવણી તારીખ સુધીનું વ્યાજ ડિબેન્ચર હોલ્ડર્સને ચૂકવવા પાત્ર બનતું નથી.

**(5) બિન સલામત લેણદારો :**

ઉપરોક્ત તમામ દેવાની ચૂકવણી કર્યા પછી બિનસલામત લેણદારોની ચૂકવણીનો ક્રમ આવે છે. આ એવાં લેણદારો છે કે જેમની પાસે કંપનીની કોઈ જામીનગીરી હોતી નથી. બિનસલામત લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(i) પરચૂરણ લેણદારો, ચૂકવવાના બાકી ખર્ચા, બેંક ઓવરડ્રાફટ, દેવી હુંડી, નહિ મંગાવેલ ડિવિડન્ડ, કેશક્રેડિટ, ડિરેક્ટર્સની લોન વગેરે.

(ii) શેરહોલ્ડર્સના અગાઉથી મળેલ હપ્તા.

(iii) અંશતઃ સલામત લેણદારોની તેમની જામીનગીરીની રકમ બાદ કરતા બાકી રહેલ રકમ.

(iv) પસંદગીના લેણદારોની તેમની હદ કરતાં વધુ રકમ.

જો લિક્વિડેટર પાસે બિનસલામત લેણદારોને ચૂકવવા પૂરતી રકમ ન હોય તો તેમના પ્રમાણમાં રકમ ચૂકવી આપવામાં આવે છે.

**(6) પ્રેફરન્સ શેર હોલ્ડર્સ :**

બિન સલામત લેણદારોને ચૂકવણી કર્યા પછી પ્રેફરન્સ શેર હોલ્ડર્સને તેમની મૂડી પરત કરવામાં આવે છે સામાન્ય રીતે પ્રેફરન્સ શેર હોલ્ડર્સને મૂડી પરત કરવાની બાબતમાં ઈક્વિટી શેર હોલ્ડર્સ કરતાં અગ્ર હક મળે છે.

જો ઈક્વિટી શેર અપૂર્ણ ભરપાઈ હોય અને પ્રેફરન્સ શેર હોલ્ડર્સને તેમની મૂડી પરત કરતાં નાણાં ખૂટે તો ઈક્વિટી શેર હોલ્ડર્સ પાસેથી બાકી હપ્તાની રકમ મંગાવીને પ્રેફરન્સ શેરમૂડી પરત કરવામાં આવે છે.

**(7) ઈક્વિટી શેરમૂડી :**

પ્રેફરન્સ શેરમૂડીની રકમ પરત કર્યા પછી લિક્વિડેટર પાસે નાણાં વધે તો બાકીની બધી જ રકમ ઈક્વિટી શેરહોલ્ડર્સને ચૂકવી આપવામાં આવે છે. ઈક્વિટી શેરહોલ્ડર્સને તેમની મૂડી કરતાં વધુ કે ઓછી રકમ પણ મળી શકે છે. પરંતુ જો આર્ટિકલ્સમાં એવી જોગવાઈ કરવામાં આવી હોય કે પ્રેફરન્સ શેર હોલ્ડર્સને વધારાની મિલકતમાં ભાગ લેવાનો અધિકાર છે તો બંને પ્રકારના શેરહોલ્ડર્સ (ઈક્વિટી અને પ્રેફરન્સ ) વચ્ચે આ વધારો વહેંચી આપવામાં આવે છે.

**ઉદાહરણ (1) : પસંદગીના લેણદારો અને બિનસલામત લેણદારો શોધવા અંગે :**

તા.31-12-2012 ના રોજ "કમનશીબ લિ." ફડચામાં ગઈ નીચે આપેલી વિગતો પરથી પસંદગીના લેણદારો તથા બિનસલામત લેણદારો શોધો.

(1) ત્રણ કારકુન છેલ્લા 3 માસનો પગાર રૂા. 30,000

(2) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ રૂા. 12,000

(3) મ્યુનિસિપલ કરવેરા :

વર્ષ 2012 માટે રૂા. 4,500

વર્ષ 2011 માટે રૂા. 3,000

(4) પરચૂરણ લેણદારો રૂા. 60,000

(5) ડિરેક્ટરનો 4 માસનો પગાર રૂા. 15,000

જવાબ પસંદગીના અને બિનસલામત લેણદારોની ગણતરી :

| **વિગત** | **પસંદગીના લેણદારો રૂ.** | **બિનસલામત લેણદારો રૂ.** |
|---|---|---|
| (1) ત્રણ કારકુનનો પગાર | 30,000 | - |
| (2) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ | 12,000 | - |
| (3) મ્યુનિસિપલ કરવેરા : વર્ષ 2012 | 4,500 | |
| વર્ષ 2011 | | 3,000 |
| (4) પરચૂરણ લેણદારો | | 60,000 |
| (5) ડિરેક્ટરનો 4 માસ પગાર | | 15,000 |
| કુલ | 46,500 | 78,000 |

સમજૂતી :

(1) કારકુનના પગારમાં કારકુન દીઠ રૂા. 20,000, ખરેખર ચૂકવેલ (3 માસ) અને 4 માસના પગાર પૈકી ઓછી રકમ પસંદગીના લેણદારમાં ગણાય.

| | |
|---|---|
| 20,000 × 3 | ખરેખર (3 માસ) |
| રૂા. 60,000 | રૂા. 30,000 પૈકી ખરેખર ચૂકવેલ |

રૂા. 30,000 પૂરેપૂરા પસંદગીના લેણદાર ગણાય.

(2) મ્યુનિસિપલ કરવેરામાં પાછલા 12 માસ સુધીના (વર્ષ 2012) રૂા. 4,500 પસંદગીના લેણદાર ગણાય જ્યારે અગાઉના (વર્ષ 2011) રૂા. 3,000 બિન સલામત લેણદાર ગણાય.

(3) પરચૂરણ લેણદારો અને ડિરેક્ટરનો પગાર બિનસલામત લેણદાર ગણાય.

ઉદાહરણ (2) : તા. 31-3-2013ના રોજ એક કંપની ફડચામાં ગઈ તે તારીખે નીચેની માહિતી આપવામાં આવી છે જેના પરથી પસંદગીના લેણદારો અને બિનસલામત લેણદારો શોધો.

(1) 2 કારકુનનો છેલ્લાં 6 માસનો પગાર રૂા. 48,000 દરેકને માસિક રૂા. 4,000 લેખે પગાર ચૂકવવામાં આવે છે.

(2) મ્યુનિસિપલ કરવેરા રૂા. 10,000 (જે પૈકી રૂા. 3,000 તા 31-3-2012ના રોજ પૂરા થતાં વર્ષ અંગેના ચૂકવવા પાત્ર છે.)

(3) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ રૂા. 8,000

(4) લેણદારો (ધંધાના) રૂા. 22,000

(5) બેંક ઓવર ડ્રાફ્ટ રૂા. 6,000

(6) ડિરેક્ટર બાકી ફી રૂા. 3,000

(7) કંપનીના ડિરેક્ટરે કર્મચારીઓનો છેલ્લા 3 માસનો પગાર ચૂકવવા કંપનીને રૂા. 15,000 ઉછીના આપેલ છે.

(જવાબ : પસંદગીના અને બિનસલામત લેણદારોની ગણતરી :

| વિગત | પસંદગીના લેણદારો રૂ. | બિનસલામત લેણદારો રૂ. |
|---|---|---|
| (1) બે કારકુનનો પગાર | 32,000 | 16,000 |
| (2) મ્યુનિસિપલ કરવેરા | 7,000 | 3,000 |
| (3) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ | 8,000 | - |
| (4) ધંધાના લેણદારો | - | 22,000 |
| (5) બેંક ઓવરડ્રાફ્ટ | - | 6,000 |
| (6) ડિરેક્ટર બાકી ફી | - | 3,000 |
| (7) ડિરેક્ટર આપેલ ઉછીની રકમ (કર્મચારીઓનો પગાર ચૂકવવા) | 15,000 | - |
| **કુલ** | **62,000** | **50,000** |

**સમજૂતી :**

(1) કારકુનનો પગાર : (બે કારકુન)

| | | |
|---|---|---|
| રૂા. 20,000 × 2 કારકૂન | ખરેખર (6 માસનો) | વધુમાં વધુ (4 માસનો) |
| રૂા. 40,000 | રૂા. 48,000 | 4,000 × 4 માસ × 2 કારકૂન = રૂા. 32,000 |

પૈકી ઓછી રકમ પસંદગીના લેણદાર ગણાય રૂા. 32,000, જ્યારે બાકીના (રૂા.48,000 - રૂા.32,000) રૂા. 16,000 બિનસલામત ગણાય.

(2) મ્યુનિસિપલ કરવેરામાં રૂા. 3,000, 12 માસ અગાઉના છે તેથી તેટલી રકમ બિનસલામત ગણાય.

(3) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ પસંદગીના લેણદાર ગણાય.

(4) લેણદારો બેંક ઓવરડ્રાફ્ટ અને ડિરેક્ટર ફી બિન સલામત દેવું છે.

(5) કર્મચારીનો પગાર ચૂકવવા માટે ડિરેક્ટરે આપેલ ઉછીની રકમ પસંદગીના લેણદાર ગણાય.

ઉદાહરણ (3) 'અકાલ' લિ. નું તા. 31મી જુલાઈ 2013 ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું તે દિવસે તે કંપનીની કુલ જવાબદારી રૂા. 2,36,000 હતી. જે જવાબદારીઓમાં નીચેનાનો સમાવેશ થાય છે. આપેલ કુલ જવાબદારીનું પસંદગીના લેણદારો તથા બિનસલામત લેણદારોમાં વર્ગીકૃત કરો.

| | | |
|---|---|---|
| (1) | પરચૂરણ લેણદારો | રૂા. 47,500 |
| (2) | 4 કારકૂનનો છેલ્લા 5 માસનો પગાર. દરેકનો માસિક રૂા. 2000 લેખે. | 40,000 |
| (3) | ડિરેક્ટરનો છેલ્લા 3 માસનો પગાર | રૂા. 12,000 |
| (4) | વર્ષ 2010 - 11, 2011-12 અને 2012-13 ના આકારણી વર્ષનો ચૂકવવા પાત્ર વેરો અનુક્રમે રૂા. 8,000, રૂા. 9,000 અને રૂા. 20,000 | રૂા.37,000 |
| (5) | વેચાણ વેરો (જે પૈકી રૂા. 5,000 નાણાંકીય વર્ષ 2011-12નો ચૂકવવા પાત્ર છે.) | રૂા. 12,000 |
| (6) | મ્યુનિસિપલ કરવેરા ચૂકવવાપાત્ર તા. 1 લી ઓગષ્ટ 2012ના રોજ રૂા. 4,800 અને તા. 1 લી ફેબ્રુઆરી 2017 ના રોજ રૂા.5200 | રૂા.10,000 |
| (7) | કર્મચારીઓનો રજાનો ચઢેલો પગાર | રૂા. 13,000 |
| (8) | ત્રણ કર્મચારીઓના છેલ્લા 5 વર્ષનો પ્રોવિડન્ટ ફંડની રકમ | રૂા. 40,500 |
| (9) | કંપનીના ડિરેક્ટરે કર્મચારીઓનો છેલ્લા 2 માસનો પગાર ચૂકવવા કંપનીએ આપેલ એડવાન્સ રકમ | રૂા. 10,000 |

(10) કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ ચૂકવવા પાત્ર રકમ

(ચાલુ વર્ષના રૂા. 6,000, અગાઉના બે વર્ષની રૂા. 8,000) રૂા. 14,000

કુલ જવાબદારી રૂા. 2,36,000

(જવાબ : પસંદગીના અને બિનસલામત લેણદારોની ગણતરી

| | વિગત | પસંદગીની લેણદારો રૂા. | બિનસલામત લેણદારો રૂા. | કુલ લેણદારો રૂા. |
|---|---|---|---|---|
| (1) | પરચૂરણ લેણદારો | - | 47,500 | 47,500 |
| (2) | 4 કારકૂનનો પગાર | 32,000 | 8,000 | 40,000 |
| (3) | ડિરેક્ટરનો છેલ્લા 3 માસનો પગાર | - | 12,000 | 12,000 |
| (4) | ચૂકવવા પાત્ર વેરો | 20,000 | 17,000 | 37,000 |
| (5) | વેચાણવેરો | 7,000 | 5,000 | 12,000 |
| (6) | મ્યુનિસિપલ કરવેરા ચૂકવવા પાત્ર | 10,000 | - | 10,000 |
| (7) | કર્મચારીઓનો રજાનો ચઢેલો પગાર | 13,000 | - | 13,000 |
| (8) | કર્મચારીઓનું પ્રોવિડન્ટ ફંડ | 40,500 | - | 40,500 |
| (9) | કર્મચારીઓનો પગાર ચૂકવવા ડિરેક્ટરે આપેલ એડવાન્સ | 10,000 | - | 10,000 |
| (10) | કામદાર રાજ્ય વીમા યોજના હેઠળ ચૂકવવા પાત્ર રકમ | 6,000 | 8,000 | 14,000 |
| | | **1,38,500** | **97,500** | **2,36,000** |

**સમજૂતી :**

(1) પરચૂરણ લેણદારો અને ડિરેક્ટરનો પગાર બિનસલામત લેણદાર ગણાય.

(2) 4 કારકૂનનો પગાર :

| | | |
|---|---|---|
| રૂા. 20,000 (કારકૂનદીઠ) | ખરેખર (5 માસનો) | 4 માસનો પગાર |
| રૂા. 20,000 × 4 | | રૂા. 2,000 × 4 × 4 |
| રૂા. 80,000 | રૂા. 40,000 | રૂા. 32,000 |

પૈકી ઓછી રકમ રૂા. 32,000 પસંદગીના લેણદાર ગણાય.જ્યારે બાકીના

(રૂા. 40,000 - રૂા. 32,000) 8,000 બિનસલામત ગણાય.

(3) ચૂકવવા પાત્ર વેરામાં ફક્ત પાછલા 12 માસ સુધીના વર્ષ 2012-13નાં રૂા. 20,000 પસંદગીના ગણાય જ્યારે બાકીના રૂા. 9,000 + રૂા. 8,000 = રૂા. 17,000 12 માસથી જૂના હોવાથી બિન સલામત ગણાય.

(4) વેચાણ વેરા પૈકી વર્ષ 2011-12નો રૂા. 5000 ચૂકવવા પાત્ર બિન સલામત ગણાય. બાકીના પસંદગીના લેણદાર ગણાય.

(5) મ્યુનિસિપલ કરવેરા કુલ (રૂા. 4,800 + રૂા. 5,200) વિસર્જન અગાઉના 12 માસ દરમિયાનમાં જ ચૂકવવા પાત્ર બનતા હોવાથી પસંદગીના લેણદાર ગણાય.

(6) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ, રજાનો પગાર તથા ડિરેક્ટરે કર્મચારી પગાર ચૂકવવા આપેલ એડવાન્સ પસંદગીના લેણદારમાં ગણાય.

(7) કામદાર રાજ્ય વીમા યોજનામાં 12 માસ અગાઉના રૂા. 8,000 બિનસલામત ગણાય જ્યારે ચાલુ વર્ષના રૂા. 6,000 પસંદગીના લેણદારમાં ગણાય.

ઉદાહરણ (4) : ચૂકવણીનો સરળ ક્રમ દર્શાવતો દાખલો

આલિયા લિ. તા. 31-3-2013ના રોજ ફચડામાં ગઈ તે દિવસનું તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

**તા. 31-3-2013ના રોજનું પાકું સરવૈયું**

| મૂડી - દેવાં | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| ઈક્વિટી શેર દરેક રૂા. 10 નો | | જમીન - મકાન | 3,00,000 |
| એવા 30,000 શેર | | સાંચા - યંત્રો | 2,75,000 |
| પૂરા ભરપાઈ | 3,00,000 | ફર્નિચર | 39,750 |
| 8%ની પ્રેફરન્સ શેર મૂડી | | રોકાણો | 1,00,000 |
| દરેક રૂા. 100 એવા | | સ્ટોક | 80,000 |
| 2,000 પ્રેફરન્સ શેર | 2,00,000 | દેવાદારો | 1,60,000 |
| શેર પ્રીમિયમ | 15,000 | રોકડ હાથ પર | 10,000 |
| સામાન્ય અનામત | 20,750 | બેંક સિલક | 12,000 |
| 10 ટકાના તરતા બોજ | | | |
| વાળા ડિબેન્ચર્સ | 1,50,000 | | |
| ડિબેન્ચર પર બાકી વ્યાજ | 15,000 | | |
| તારણવાળી લોન (સ્ટોકના | | | |
| તારણ પર) | 50,000 | | |
| પરચૂરણ લેણદારો | 1,16,000 | | |
| દેવીહૂંડીઓ | 10,000 | | |
| કર્મચારી પ્રોવિડન્ટ ફંડ | 60,000 | | |
| કર્મચારીનો બાકી પગાર | | | |
| (5 કારકૂનનો 4 માસનો) | 40,000 | | |
| | 9,76,750 | | 9,76,750 |

લોનના લેણદારોએ સ્ટોક રૂા. 70,000 વેચીને પોતાનું લેણું વસૂલ કર્યું અને વધારો લિક્વિડેટરને સુપરત કર્યો. અન્ય મિલકતોની ઉપજ નીચે મુજબ થઈ :

| | |
|---|---|
| જમીન મકાન | રૂા.5,10,000 |
| સાંચા યંત્રો | રૂા.2,10,000 |
| ફર્નિચર | રૂા.30,000 |
| રોકાણો | રૂા.80,000 |
| દેવાદારો | રૂા. 1,50,000 |

લિક્વિડેટરને તેણે ઉપજાવેલ કુલ રકમ (સ્ટોકના વધારા સહિત) પર 10% કમિશન આપવાનું છે વિસર્જન ખર્ચ રૂા. 10,000 થયો. પ્રેફરન્સ શેર પર પાછલા 1 વર્ષનું ડિવિડન્ટ ચૂકવવાનું બાકી છે. પ્રેફરન્સ શેર કમ્યુલેટિવ છે. જ્યારે ડિબેન્ચર હોલ્ડર્સને તા. 31-7-2013નો રોજ નાણાં ચૂકવી આપ્યા છે. લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

(જવાબ : સૌ પ્રથમ આપણે જરૂરી ગણતરી કરી લઈએ

- પસંદગીના લેણદારો :

| | રૂા. |
|---|---|
| પ્રોવિડન્ટ ફંડ | 60,000 |
| કર્મચારીનો પગાર (પૂરેપૂરી રકમ) | 40,000 |
| કુલ પસંદગીના લેણદારો | 1,00,000 |

- બિનસલામત લેણદારો :

| | રૂા. |
|---|---|
| પરચૂરણ લેણદારો | 1,16,000 |
| દેવીહુંડીઓ | 10,000 |
| કુલ બિનસલામત લેણદારો | 1,26,000 |

**લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક**

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ બેંક સિલક : | | | (1) સંપૂર્ણ સલામત લેણદારો : | | |
| રોકડ હાથ પર | 10,000 | | (તેઓએ જાતે જ રકમ વસૂલ કરી છે.) | | - |
| બેંક સિલક | 12,000 | 22,000 | (2) વિસર્જનખર્ચ | | 10,000 |
| (2) મિલકતોની ઉપજ : | | | લિક્વિડેટરનું મહેનતાણું | | |
| જમીન-મકાન | 5,10,000 | | (મિલકતોની કુલ | | |
| સાંચા - યંત્રો | 2,10,000 | | ઉપજ રૂા. 10,00,000ના 10%) | | 1,00,000 |
| ફર્નિચર | 30,000 | | | | |
| રોકાણો | 80,000 | | | | |
| દેવાદારો | 1,50,000 | | (3) પસંદગીના લેણદારો : | | 1,00,000 |
| સ્ટોકનો વધારો (70,000 | | | (4) તરતા બોજધારી લેણદારો : | | |
| - 50,000) | 20,000 | 10,00,000 | 10% ડિબેન્ચર્સ | 1,50,000 | |
| | | | + બાકી વ્યાજ | 15,000 | |
| | | | + ચૂકવણી તારીખ | | |
| | | | સુધીનું વ્યાજ | | |
| | | | (4 માસ) | 5,000 | 1,70,000 |
| | | | (5) બિનસલામત લેણદારો | | 1,26,000 |
| | | | (6) પ્રેફરન્સ સેર હોલ્ડર્સ : | | |
| | | | 8% ની પ્રેફ. શેરમૂડી | રૂા.2,00,000 | |
| | | | + બાકી ડિવિડન્ટ | 16,000 | 2,16,000 |
| | | | (7) ઈક્વિટી શેર | | |
| | | | હોલ્ડર્સ (વધેલા નાણાં) | | 3,00,000 |
| | | **10,22,000** | | | **10,22,000** |

**સમજૂતી :**

(1) તારણવાળી લોનના (સંપૂર્ણ સલામત) લેણદારો સ્ટોક રૂા. 70,000માં વેચીને પોતાની રૂા.50,000ની લેણી રકમ વસૂલ કરીને રૂા. 20,000 વધારો લિક્વિડેટરને પરત કર્યો છે. જે મિલકતની ઉપજમાં સમાવિષ્ટ છે.

(2) ડિબેન્ચર હોલ્ડર્સને જે તારીખે ચૂકવણી કરવામાં આવે ત્યાં સુધીનું બાકી વ્યાજ (જો બિન સલામત લેણદારોને નાણાં ચૂકવવા પુરતી રોકડ હોય તો) ચૂકવવું પડે અહીં ડિબેન્ચર હોલ્ડર્સને બાકી વ્યાજ વિસર્જન તારીખ - 31-3-2013થી ચૂકવણી તારીખ 31-7-2013 સુધીના 4 માસનું

વ્યાજ રૂા. 5,000 પણ ચૂકવાશે.

(3) પ્રેફરન્સ હોલ્ડર્સને 8% લેખે રૂા. 2,00,000 ની શેરમૂડી પર એક વર્ષનું રૂા. 16,000 ડિવિડન્ડ બાકી છે જે પૂરેપૂરું ચૂકવવામાં આળશે.

(4) લિક્વિડેટરનું મહેનતાણું ગણતાં મિલકતોની ઉપમાં સંપૂર્ણ સલામત લેણદારોએ પરત કરેલ રકમ ઉમેરવી.

- લિક્વિડેટરનું મહેનતાણું ગણતાં ધ્યાનમાં રાખવાના મુદ્દા :

**(1) મિલકતની ઉપજ પર અમૂક ટકા લેખે :**

લિક્વિડેટર મિલકતોથી ઉપજાવેલી રકમના અમૂક ટકા લેખે કમિશન આપવા મિલકતની ઉપજ પર કમિશન ગણવું પરંતુ સંપૂર્ણ સલામત લેણદારોને પોતાની પાસેની રહેલી તારણવાળી મિલકતો વેચે અને વધારો લિક્વિડેટરને સોંપે તો આ વધારના પર કમિશન ગણવું કે નહિ તે અંગે બે મત પ્રવર્તે છે. પ્રથમ મત અનુસાર સંપૂર્ણ સલામત લેણદારો પાસેથી મળેલ વધારા પર કમિશન ગણવું નહીં તેવું સ્વીકરવામાં આવ્યું છે જે ગુજરાત રાજ્યની શૈક્ષણિક સંસ્થાઓએ તેનો સ્વીકાર્ય કર્યો છે. બીજા મત અનુસાર લેણદારો પાસેથી મળેલ વધારા પર કમિશન ગણવું એવો સ્વીકાર કરવામાં આવ્યો છે આ મત રાષ્ટ્રીય કક્ષાએ તેમજ CA ની સંસ્થાએ પણ સ્વીકાર્યો છે વાજબી રીતે જોઈએ તો સંપૂર્ણ સલામત લેણદારો પાસેથી મળેલ વધારો એ લિક્વિડેટર પાસેની એક ઊપજ જ ગણી શકાય. તેથી આ પુસ્તકમાં વધારા સહિત કમિશન ગણવામાં આવ્યું છે.

પરંતુ જો દાખલામાં એવી સ્પષ્ટ સૂચના આપવામાં આવી હોય કે લિક્વિડેટરને તેણે પોતે ઉપજાવેલી મિલકત પર અમૂક ટકા લેખે કમિશન આપવું તો આ સંજોગોમાં લિક્વિડેટરનું કમિશન ગણતાં સંપૂર્ણ સલામત લેણદારો પાસેથી મળેલ વધારા કમિશન ગણવું નહી.

**(2) બિનસલામત લેણદારને ચૂકવેલ રકમના અમૂક ટકા લેખે :**

જ્યારે બિનસલામત લેણદારને ચૂકવેલ રકમના અમૂક ટકા લેખે લિક્વિડેટરને કમિશન આપવું તેમ જણાવ્યું હોય ત્યારે બિનસલામત લેણદારો અને પસંદગીના લેણદારો એમ બંને પ્રકારના કુલ લેણદારોને ચૂકવેલ રકમ પર લિક્વિડેટરનું મહેનતાણું ગણવું. કારણ કે પસંદગીના લેણદારો એક પ્રકારના બિનસલામત લેણદારો જ છે.

**(3) શેરહોલ્ડર્સનું ચૂકવેલ રકમ પર અમૂક ટકા લેખે :**

જ્યારે શેરહોલ્ડર્સને ચૂકવેલ રકમ પર અમૂક ટકા લેખે કમિશન આપવાનું જણાવ્યું હોય ત્યારે લિક્વિડેટરે તે શેરહોલ્ડર્સને છેવટે ચૂકવવાની રકમ તથા તે ચૂકવણી પર કમિશન એમ બંને ચૂકવણી એક સાથે કરવાની હોય છે આ સંજોગોમાં કમિશનની ગણતરી નીચે મુજબ કરવી.

$$\text{લિક્વિડેટરે પાસે વધેલી રકમ} \times \frac{\text{કમિશનનો દર}}{100 + \text{કમિશનનો દર}}$$

(4) પાકા સરવૈયામાં આપેલ રોકડ અને બેંક સિલક પર લિક્વિડેટરનું મહેનતાણું ગણવું નહિં

(5) લિક્વિડેટર અપૂર્ણ ભરપાઈ શેર પર બાકી હપ્તા મંગાવ્યા હોય ત્યારે આ મંગાવેલ બાકી હપ્તા પર લિક્વિડેટરનું મહેનતાણું ગણવું નહીં.

**ઉદાહરણ - 5** ''નાદુરસ્ત''લિમિટેડ તા. 31-12-2012ના રોજ ફડચામાં ગઈ. તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| જવાબદારીઓ | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| રૂા.10 નો એક એવા | | પાઘડી | 40,000 |
| 40,000 ઇક્વિટી શેર | | જમીન મકાન | 3,90,000 |
| પૂર્ણ ભરપાઈ | 4,00,000 | મશીનરી | 3,00,000 |
| 8% ના પ્રે.શેર રૂા. 100 | | રોકાણો | 12,000 |
| નો એક એવા | 2,00,000 | ફર્નિચર | 23,000 |

| | | | |
|---|---|---|---|
| અનામત એક ભંડોળ | 5,000 | સ્ટોક | 2,00,000 |
| નફાનુકસાન ખાતું | 1,000 | દેવાદારો | 2,35,000 |
| 8 ટકાના ડિબેન્ચર | 1,00,000 | રોકડ સિલક | 20,000 |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 8,000 | | |
| ધંધાના લેણદારો | 2,80,000 | | |
| ચૂકવવાનો બાકી ખર્ચ | 14,000 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 3,000 | | |
| ત્રણ કારકુનો પગાર (છેલ્લા 2 માસનો) | 9,000 | | |
| બેંક ઓવર ડ્રાફ્ટ | 2,00,000 | | |
| | **12,20,000** | | **12,20,000** |

(1) વિસર્જન ખર્ચ રૂા. 2,000 થયો.

(2) મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

| | | | |
|---|---|---|---|
| જમીન મકાન | રૂા. 3,20,000 | ફર્નિચર | રૂા. 22,000 |
| મશીનરી | રૂા. 3,50,000 | સ્ટૉક | રૂા. 1,50,000 |
| રોકાણો | રૂા. 10,000 | દેવાદારો | રૂા. 1,58,000 |

(3) લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમ પર 5 ટકા આપવાનું છે અને ઈક્વિટી શેરહોલ્ડરને ચૂકવેલ રકમ પર 10 ટકા અને પસંદગીના લેણદારોને ચૂકવેલ રકમ પર 5 ટકા ગણવાનું છે.

(4) ડિબેન્ચર હોલ્ડર્સને તા. 30-6-2013ના રોજ ચૂકવણી કરી છે. લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

જવાબ : જરૂરી ગણતરી :

| | |
|---|---|
| - પસંદગીના લેણદારો : | રૂા. |
| પ્રોવિડન્ટ ફંડ | 3,000 |
| ત્રણ કારકૂનનો પગાર | 9,000 |
| કુલ પસંદગીનો લેણદારો | 12,000 |
| - બિનસલામત લેણદારો | રૂા. |
| ધંધાના લેણદારો | 2,80,000 |
| ચૂકવવાનો બાકી ખર્ચ | 14,000 |
| બેંક ઓવર ડ્રાફ્ટ | 2,00,000 |
| કુલ બિન સલામત લેણદારો | 4,94,000 |

**લિક્વિડેટરનું છેવટનું આવક-જાવક પત્રક**

| આવક | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|
| (1) રોકડ સિલક | 20,000 | (1) સંપૂર્ણ સલામત લેણદારો | - |
| (2) મિલકતોની ઉપજ : | | (2) વિસર્જન ખર્ચ | 2,000 |
| જમીન - મકાન રૂ. 3,20,000 | | લિક્વિડેટરનું મહેનતાણું : | |
| મશીનરી રૂ. 3,50,000 | | મિલકતની ઉપજના 5% 50,500 | |
| રોકાણો રૂ. 10,000 | | પસંદગીના લેણદારો | |
| ફર્નિચર રૂ. 22,000 | | પર 5% 600 | |

| | | | | |
|---|---|---|---|---|
| સ્ટોક રૂ. 1,50,000 | | | ઈક્વિટી શેરહોલ્ડર્સને | |
| દેવાદારો રૂ. 1,58,000 | 10,10,000 | | ચૂકવણીના 10% 14,445 | 65,545 |
| | | | (3) પસંદગીના લેણદારો | 12,000 |
| | | | (4) તરતા બોજધારી લેણદારો : | |
| | | | 8%ના ડિબેન્ચર્સ 1,00,000 | |
| | | | + વ્યાજ 8,000 | |
| | | | + ચૂકવણી તારીખ | |
| | | | સુધીનું વ્યાજ (6 માસ) 4,000 | 1,12,000 |
| | | | (5) બિનસલામત લેણદારો | 4,94,000 |
| | | | (6) પ્રેફરન્સ શેરહોલ્ડર્સ | 2,00,000 |
| | | | (7) ઈક્વિટી શેરહોલ્ડર્સને | |
| | | | (1,58,000 × 100/110) | 1,44,455 |
| | **10,30,000** | | | **10,30,000** |

સમજૂતી :

(1) ડિબેન્ચર હોલ્ડર્સને તા. 30-6-2013ા રોજ ચૂકવ્યા છે જેથી ચૂકવણી તારીખ સુધીનું (6 માસ) નું વ્યાજ પણ ચૂકવાશે.

(2) પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે રૂા.1,58,000 વધે છે. જેમાંથી ઈક્વિટી શેર હોલ્ડર્સને તથા લિક્વિડેટરને ઈક્વિટી શેર હોલ્ડરને ચૂકવેલ રકમ પર 10% લેખે કમિશન ચૂકવવાનું છે.

ધારો કે ઈ.શેર્સને ચૂકવેલ રકમ 100 રૂા.

+ લિક્વિડેટરનું મહેનતાણું (10%) 10 રૂા.

કુલ રકમ 110 રૂા.

આમ લિક્વિડેટરને ચૂકવેલ રકમ = 1,58,900 × 10/110 = 14,445

ઈક્વિટી શેરહોલ્ડર્સને ચૂકવેલ રકમ = 1,58,900 × 100/110 = 14,4445

**ઉદાહરણ - 6 :** સંગમ લિમિટેડનું તા. 31-3-2013ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું તે દિવસે તેનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| મૂડી - દેવાં | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| ઈ.શેર મૂડી દરેક રૂા. 10 ના | | જમીન-મકાન | 3,33,000 |
| પૂર્ણ ભરપાઈ | 6,00,000 | મશીનરી | 1,11,000 |
| 12% ના પ્રેફરન્સ શેર | | સ્ટોક | 51,000 |
| દરેક રૂા.100નો | 3,00,000 | રોકાણો | 72,000 |
| ગીરો લોન (સ્ટોકના | | દેવાદારો | 84,000 |
| તારણ પર) | 66,000 | રોકડ સિલક | 7,80,000 |
| બેંક ઓવર ડ્રાફ્ટ | | | |
| (રોકાણો તારણ પર) | 39,000 | | |
| ડિબેન્ચર્સ | 2,22,000 | | |
| પરચૂરણ લેણદારો | 90,000 | | |
| બાકી ભાડું (2 માસ) | 3,000 | | |
| 5 કર્મચારીનો 3 માસનો | | | |

| | | | |
|---|---|---|---|
| બાકી પગાર | 75,000 | | |
| કામદારનો 2 માસનો | | | |
| બાકી પગાર | 36,000 | | |
| | **14,31,000** | | **14,31,000** |

**વધારાની માહિતી :**

(1) મિલકતો નીચે મુજબ ઉપજ્યાં :

| | |
|---|---|
| જમીન - મકાન | રૂા. 4,87,000 |
| મશીનરી | રૂા. 1,89,500 |
| સ્ટોક | રૂા. 54,000 |
| દેવાદારો | રૂા. 73,500 |
| કુલ | રૂા. 8,04,000 |

(2) વિસર્જન ખર્ચ રૂા. 9,240 થયો.

(3) પરચૂરણ લેણદારોના પ્રોવિડન્ટ ફંડના રૂા. 45,000 સમાયેલા છે.

(4) પ્રેફેરન્સના શેર પર 1 વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું છે.

(5) બેંક ઓવરડ્રાફ્ટના લેણદારોએ રોકાણો રૂા.75,000માં વેચી દીધાં, જ્યારે વધારાની રકમ લિક્વિડેટરની પરત કરી.

(6) લિક્વિડેટરનું મહેનતાણું નીચે પ્રમાણે ગણવું :

(i) લિક્વિડેટરે ઉપજાવેલ રકમ પર 5%

(ii) પસંદગીના લેણદારોને ચૂકવેલ રકમ પર 4%

(iii) પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 3%

(iv) પ્રેફરન્સ શેરહોલ્ડર્સને ચૂકવેલ રકમ પર 2%

(v) ઈક્વિટી શેરહોલ્ડર્સને ચૂકવેલ રકમ પર 1%

(7) આર્ટિકલ્સ ઑફ એસોસિએશનમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે ઇક્વિટી શેરમૂડી પરત કર્યા બાદ જો વધારો રહે તો તે વધારાનો 20% ભાગ પ્રેફરન્સ શેર હોલ્ડર્સ મેળવવા હક્કદાર છે.

જવાબ :

| | | |
|---|---|---|
| - | બિનસલામત લેણદારો : | રૂા. |
| | પરચૂરણ લેણદારો | 90,000 |
| | બાદ : સમાયેલ પ્રોવિડન્ટ ફંડ | 45,000 |
| | અન્ય બિનસલામત લેણદારો | 45,000 |
| | + બાકી ભાડું | 3,000 |
| | + ગીરો લોનની બીન સલામત રકમ | |
| | (66,000 - સ્ટોકની ઉપજ 54,000) | 12,000 |
| | કુલ બિન સલામત લેણદારો | 60,000 |
| - | પસંદગીના લેણદારો : | રૂા. |
| | પ્રોવિડન્ટ ફંડ (લેણદારોમાં સમાયેલ) | 45,000 |
| | 5 કર્મચારીનો પગાર 3 માસનો | |
| | (કર્મચારીદીઠ રૂા. 20,000 પસંદગીના) | 75,000 |

| | | |
|---|---|---|
| | કુલ પસંદગીના લેણદારો | 1,20,000 |
| - | સંપૂર્ણ સલામત લેણદારો : | રૂા. |
| | ગીરો લોનના લેણદારો | |
| | (સ્ટોકના ઉપજ કિંમત જેટલી રકમ) | 54,000 |
| | કામદારોનો બાકી પગાર | 36,000 |
| | કુલ સંપૂર્ણ સલામત લેણદારો | 90,000 |

બેંક ઓવરડ્રાફ્ટના લેણદારોએ જાતે જ રોકાણો વેચીને વધારો લિક્વિડેટરને પરત કર્યા છે જેથી ફક્ત વધારો જ ધ્યાનમાં લેવો.

**લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક**

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ સિલક | | 7,80,000 | (1) સંપૂર્ણ સલામત લેણદારો | | 90,000 |
| (2) મિલકતોની ઉપજ : | | | (2) વિસર્જન ખર્ચ | | 9,240 |
| જમીન - મકાન | 4,87,000 | | લિક્વિડેટરનું મહેનતાણું : | | |
| મશીનરી | 1,89,500 | | ઉજાવેલ રકમ | | |
| સ્ટૉક | 54,000 | | રૂા. 8,40,000ના 5% 42,000 | | |
| દેવાદારો | 73,500 | | પસંદગીના લેણદાર | | |
| રોકાણનો વધારો | | | પર 4% | 4,800 | |
| (75,000 - 39,000) | | | બિનસલા.લેણદાર | | |
| | 36,000 | 8,40,000 | પર 3% | 1,800 | |
| | | | પ્રેફ. શેરહોલ્ડર્સ પર | | |
| | | | 2% | 6,720 | |
| | | | ઈક્વિટી શેરહોલ્ડર્સ | | |
| | | | પર 1% | 6,000 | |
| | | | વધારા પર મહેનતાણું | 1,440 | 62,760 |
| | | | (3) પસંદગીના લેણદારો | | 1,20,000 |
| | | | (4) તરતા બોજ ધારી લેણદારો : | | |
| | | | ડિબેન્ચર હોલ્ડર્સ | | 2,22,000 |
| | | | (5) બિનસલામત લેણદારો | | 60,000 |
| | | | (6) પ્રેફરન્સ શેર હોલ્ડર્સ : | | |
| | | | પ્રે. શેર મૂડી | 3,00,000 | |
| | | | પ્રેફ. ડિવિડન્ડ | 36,000 | 3,36,000 |
| | | | (7) ઈક્વિટી શેરહોલ્ડર્સ | | 6,00,000 |
| | | | (8) વધારો : | | |
| | | | (અ) પ્રેફ. શેરહોલ્ડર્સને | | |
| | | | (24,480 × 100/102) | | 24,000 |
| | | | (બ) ઈક્વિટી શેરહોલ્ડર્સને | | |
| | | | (96,960 × 100/101) | | 96,000 |
| | | **16,20,000** | | | **16,20,000** |

**સમજૂતી :**

(1) ઈક્વિટી શેરહોલ્ડર્સને ચૂકવ્યા પછી છેવટે વધારો રૂા. 1,21,440 જેમાંથી ઈક્વિટી શેરહોલ્ડર્સ તથા પ્રેફ શેરહોલ્ડર્સને ભાગ આપવાના છે. વળી જેના પર લિક્વિડેટરનું કમિશન પણ ગણાશે.

વધારા પર પ્રેફરન્સ શેરહોલ્ડર્સને 20% ભાગ

ઈક્વિટી શેરહોલ્ડર્સને 80% ભાગ મળે.

લિક્વિડેટરનું મહેનતાણું પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવેલ રકમ પર 2% છે.

પ્રે.શેર હોલ્ડર્સને ચૂકવેલ 20 + 2% કમિશન 0.40 = 20.40

ઈક્વિટી શેર હોલ્ડર્સને ચૂકવેલ 80 + 1% કમિશન 0.80 = 80.80

ચૂકવણીનું પ્રમાણ 20.40 : 80.80

204 : 808 = 51 : 202

| | | |
|---|---|---|
| - | પ્રેફરન્સ શેરહોલ્ડર્સને 1,21,440 × 51/253 = રૂા. 24,480 (કમિશન સહિત) | |
| | બાદ : લિક્વિડેટરનું કમિશન (24,480 × 2/102) = | 480 |
| | પ્રેફરન્સ શેરહોલ્ડરને વધારો | રૂા. 24,000 |
| - | ઈક્વિટી શેરહોલ્ડરને 1,21,440 × 202/253 = (કમિશન સહિત) | 96,960 |
| | બાદ : લિક્વિડેટરનું કમિશન (96,960 × 1/101) = | રૂા. 960 |
| | ઈક્વિટી શેર હોલ્ડરને વધારો | રૂા. 96,000 |
| | આમ, લિક્વિડેટરને વધારા પર કમિશન 480 + 960 = | રૂા. 1,440 |

## 14.7 મૂડીતૂટની ગણતરી :

જ્યારે કંપની પાસે એક કરતાં વધુ પ્રકારના ઈક્વિટી શેર હોય અને આ જુદા જુદા શેર પૈકી અધૂરા ભરાયેલ શેર હોય તો જરૂર જણાય ત્યાં લિક્વિડેટરને અપૂર્ણ ભરપાઈ શેર પર બાકી હપ્તા મંગાવવાનો અધિકાર છે.

જો પ્રેફરન્સ શેરહોલ્ડર્સને તેમની મૂડી પરત કરવા લિક્વિડેટર પાસે પૂરતાં નાણાં ન હોય તો અધૂરા ભરાયેલ ઈક્વિટી શેર પર બાકી હપ્તાની રકમ મંગાવવી પડે.

સૌથી અગત્યનો પ્રશ્ન રહે છે બાકી હપ્તાની રકમ મંગાવવી કેવી રીતે ? બાકી હપ્તા એવી રીતે મંગાવવા જોઈએ કે જેથી જરૂરિયાત કરતા વધુ ન હોય અને દરેક પ્રકારના ઈક્વિટી શેર હોલ્ડર્સને સરખું જ નુકસાન થાય. ખાસ કરીને ''મૂડીતૂટ''ના સંજોગોમાં બાકી હપ્તાની રકમ મંગાવવી પડે છે. હવે આપણે મૂડીતૂટ અને તેની ગણતરી વિશે સમજીએ.

વિસર્જન સમયે મિલકત ઉપજમાંથી ક્રમસર દેવાની ચૂકવણી કરતાં લિક્વિડેટર પાસે નાણાં ખૂટે તો તેને મૂડીતૂટ કહેવાય. આ સંજોગોમાં ઈક્વિટી શેરહોલ્ડર્સ પાસેથી હપ્તા મંગાવવાના બાકી હોય તો ઈક્વિટીશેર હોલ્ડર્સ પાસે યોગ્ય મૂડીતૂટની ગણતરી દ્વારા બાકી હપ્તાની રકમ મંગાવવાનું નક્કી કરવામાં આવે છે.

કયા સંજોગોમાં મૂડીતૂટની ગણતરી કરવી.

જ્યારે (i) બિનસલામત લેણદારોને અથવા

(ii) પ્રેફરન્સ શેરહોલ્ડર્સને અથવા

(iii) ઈક્વિટી શેર હોલ્ડર્સને નાણાં ચૂકવવા લિક્વિડેટર પાસે પૂરતા નાણાં ન હોય ત્યારે મૂડીતૂટની ગણતરી કરવી.

- **મૂડીતૂટની ગણતરી :**

મૂડીતૂટની ગણતરી કરતા નીચેના સ્ટેપ ધ્યાનમાં લેવાં :

**(1) વધારો નક્કી કરો :**

અત્યાર સુધી ચૂકવણી કરતાં લિક્વિડેટર પાસે કેટલાં નાણાં વધ્યા છે તે શોધવું.

વધારો = કુલ આવક - અત્યાર સુધીની ચૂકવણી

**(2) પરત કરવાની બાકી રકમ શોધવી :**

હવે લિક્વિડેટરે કુલ કેટલી રકમ ચૂકવવાની કે પરત કરવાની બાકી છે તે નક્કી કરો

પરત કરવાની બાકી રકમ = બિન સલામત લેણદારો

+ પ્રેફરન્સ શેર મૂડી

+ ઈક્વિટી શેર મૂડી (બધા જ પ્રકારની)

**(3) મૂડીતૂટ શોધવી :**

મૂડીતૂટ = પરત કરવાની બાકી રકમ - વધારો.

(4) મૂડીતૂટ વહેંચણી :

હવે, ઉપર મુજબ શોધેલ મૂડીતૂટ જુદા જુદા પ્રકારના ઈક્વિટી શેર હોલ્ડર્સ વચ્ચે વહેંચણી કરવી જે માટે નીચેના બે મુદ્દા ધ્યાનમાં લેવા:

(અ) જો દરેક પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક સરખી હોય તો તેમના શેરની સંખ્યાના પ્રમાણમાં મૂડીતૂટની વહેંચણી કરવી.

(બ) જો દરેક પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત જુદી જુદી હોય તો કુલ ભરપાઈ મૂડી (શેરની સંખ્યા × દાર્શનિક કિંમત) ના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચવી.

**(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :**

હવે ક્યા પ્રકારના ઈક્વિટી શેર હોલ્ડર પાસે રકમ મંગાવવાની બાકી છે કે કોને પરત કરવાની છે તે શોધવું.

દરેક પ્રકારના ઈક્વિટી શેરની વસૂલ આવેલ રકમમાંથી તેના ભાગે આવેલ મૂડી તૂટ બાદ કરવી જો જવાબ (+) આવે તો તેટલી રકમ પરત કરવી અને જવાબ (-) આવે તો તેટલી રકમ મંગાવવી.

પરત કે મંગાવવાની રકમ = વસૂલ આવેલી શેરમૂડી - ભાગે આવેલ મૂડીતૂટ

(+) રકમ પરત કરવી.

(-) રકમ મંગાવવી.

**ઉદાહરણ - 7 : મૂડીતૂટની ગણતરી સમજાવતો દાખલો :**

આશિયાના લિમિટેડનું તા. 31-3-2013નો રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું.

બિન સલામત લેણદારોને નાણાં ચુકવ્યા બાદ લિક્વિડેટર પાસે રૂા. 40,000 રોકડા છે. અને શેરમૂડીની વિગતો નીચે મુજબ હતી :

(1) રૂા. 100 નો એક એવા 10%ના 1250 પ્રેફરન્સ શેર પૂરા ભરપાઈ.

(2) રૂા. 100 નો એક એવા 2500 "A" ઈક્વિટી શેર પૂરા ભરપાઈ.

(3) રૂા. 50નો એક એવા 5,000 "B" ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 25 ભરપાઈ.

(4) રૂા. 40નો એક એવા 5,000 "C" ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 16 ભરપાઈ.

(5) રૂા. 12.50નો એક એવા 4000 "D" ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 7.50 ભરપાઈ.

(6) રૂા. 5 નો એક એવા 10,000 "E" ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 3 ભરપાઈ.

મૂડીતૂટની ગણતરી દ્વારા દર્શાવો કે કયા પ્રકારના શેરહોલ્ડર પાસેથી કેટલી રકમ પરત કરવી પડશે ? આ ઉપરાંત લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક પણ તૈયાર કરો.

જવાબ : મૂડી તૂટની ગણતરી :

(1) વધારો રૂા.2,40,000

**(2) પરત કરવાની બાકી રકમ :**

| | | |
|---|---|---|
| 10% ની પ્રેફરન્સ શેરમૂડી | 1,250 × 100 રૂા. | = 1,25,000 |
| "A" ઈક્વિટી શેર | 2,500 × 100 રૂા. | = 2,50,000 |
| "B" ઈક્વિટી શેર | 5,000 × 25 રૂા. | = 1,25,000 |
| "C" ઈક્વિટી શેર | 5,000 × 16 રૂા. | = 80,000 |
| "D" ઈક્વિટી શેર | 4,000 × 7.50 રૂા. | = 30,000 |
| "E" ઈક્વિટી શેર | 10,000 × 3 રૂા. | = 30,000 |
| કુલ પરત કરવાની બાકી રકમ | | = 6,40,000 |

**(3) મૂડી તૂટ = પરત કરવાની બાકી રકમ - વધારો**

= 6,40,000 - 2,40,000

= 4,00,000

**(4) મૂડીતૂટ વહેંચણી :**

મૂડીતૂટ દરેક પ્રકારના ઈક્વિટી શેર વચ્ચે વહેંચાશે.

અહીં, દરેક પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત જુદી-જુદી હોવાથી તેમની કુલ ભરપાઈ શેરમૂડીના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચવી.

**કુલ ભરપાઈ મૂડીનું પ્રમાણ :**

| A ઈક્વિટી શેર | B ઈક્વિટી શેર | C ઈક્વિટી શેર | D ઈક્વિટી શેર | E ઈક્વિટી શેર |
|---|---|---|---|---|
| 25,000 × 100 | 5,000 × 50 | 5,000 × 40 | 4,000 × 12.50 | 10,000 × 5 |
| 2,50,000 | 2,50,000 | 2,00,000 | 50,000 | 50,000 |
| 5 : | 5: | 4 : | 1 : | 1 |

A ઈક્વિટી શેરના ભાગે આવતી મૂડીતૂટ = 4,00,000 × 5/16 = રૂા.1,25,000

B ઈક્વિટી શેરના ભાગે આવતી મૂડીતૂટ = 4,00,000 × 5/16 = રૂા.1,25,000

C ઈક્વિટી શેરના ભાગે આવતી મૂડીતૂટ = 4,00,000 × 4/16 = રૂા.1,00,000

D ઈક્વિટી શેરના ભાગે આવતી મૂડીતૂટ = 4,00,000 × 1/16 = રૂા.25,000

E ઈક્વિટી શેરના ભાગે આવતી મૂડીતૂટ = 4,00,000 × 1/16 = રૂા.25,000

**(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :**

| ઈક્વિટીશેર | વસૂલ આવેલી મૂડી - (રૂા.) | ભાગે આવેલ મૂડીતૂટ (રૂા.) | = પરત કરવી / મંગાવવી. (રૂા.) |
|---|---|---|---|
| A | 2,50,000 | 1,25,000 | = રૂા. 1,25,000 (+) પરત કરવા |
| B | 1,25,000 | 1,25,000 | - (પરત કરવા કે મંગાવવા નહીં) |
| C | 80,000 | 1,00,000 | = રૂા. 20,000 (-) મંગાવવી. |
| D | 30,000 | 25,000 | = રૂા. 5,000 (+) પરત કરવા |
| E | 30,000 | 25,000 | = રૂા. 5,000 (+) પરત કરવા |

### લિક્વિડેટરનું છેવટનું આવક-જાવક પત્રક

| આવક | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|
| રોકડ સિલક (વધેલ) | 2,40,000 | પ્રેફ. શેર હોલ્ડર્સને | 1,25,000 |
| મંગાવેલ રકમ (હપ્તો) | | પરત કરવાની રકમ : | |
| "C" ઈક્વિટી શેરહોલ્ડર્સ | | A ઈક્વિટી શેર હોલ્ડર્સને | 1,25,000 |
| પાસેથી હપ્તો મંગાવ્યો | 20,000 | D ઈક્વિટી શેર હોલ્ડર્સને | 5,000 |
| | | E ઈક્વિટી શેર હોલ્ડર્સને | 5,000 |
| | **2,60,000** | | **2,60,000** |

## 8.8 અગત્યના ઉદાહરણો :

**ઉદાહરણ - 8 :** ચાંદની કંપની લિ. તા. 31-3-2013 ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ તે તારીખે કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| દેવાં | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| 12% ના ક્યું. પ્રેફ. શેર | | જમીન-મકાન | 1,09,500 |
| રૂા. 100 ના એક એવા | | સાંચા-યંત્રો | 2,03,000 |
| 2,000 શેર | 2,00,000 | ફર્નિચર | 37,000 |
| રૂા.10નો એક એવા | | રોકાણો | 39,000 |
| 10,000 A ઈક્વિટી શેર | 75,000 | સ્ટોક | 78,600 |
| રૂા. 7.50 લેખે ભરપાઈ | | દેવાદારો | 87,900 |
| રૂા.10નો એક એવા | | રોકડ બેંક | 30,000 |
| 30,000 B ઈક્વિટી | | નફાનુકસાન ખાતું | 1,30,000 |
| શેર રૂા. 6 લેખે ભરપાઈ | 1,80,000 | | |
| 15% ના ડિબેન્ચર્સ | 1,00,000 | | |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 15,000 | | |
| પરચુરણ લેણદારો | 1,32,800 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 12,200 | | |
| | **7,15,000** | | **7,15,000** |

**વધારાની માહિતી :**

(1) પરચૂરણ લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(i) જમીન-મકાન પર ગીરો હક ધરાવતી લોન રૂા. 25,000

(ii) પાંચ કારકુનનો છેલ્લા 4 માસનો પગાર દરેકને માસિક રૂા. 100 લેખે.

(iii) મ્યુનિસિપલ કરવેરા છેલ્લા 12 માસ દરમિયાનના રૂા. 800

(2) લિક્વિડેટરને મિલકતની ઊપજના 3 ટકા લેખે અને પસંદગીના લેણદારો સિવાયના બિન સલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 6 ટકા લેખે મહેનતાણું ચૂકવવાનું છે.

(3) પ્રેફરન્સ શેર પર છેલ્લા બે વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે.

(4) વિસર્જન ખર્ચ રૂા. 9,802 થયો.

(5) મિલકતો નીચે પ્રમાણે ઉપજ્યા :

| | | | |
|---|---|---|---|
| જમીન મકાન | રૂા. 1,28,200 | રોકાણો | રૂા. 50,920 |
| સાંચા - યંત્રા | રૂા. 1,87,000 | સ્ટોક | રૂા. 75,800 |
| ફર્નિચર | રૂા. 35,000 | દેવાદારો | રૂા. 87,000 |

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

(જવાબ : જરૂરી ગણતરી :

| | | |
|---|---|---|
| **- બિનસલામત લેણદારો :** | **રૂા.** | |
| કુલ પરચૂરણ લેણદારો | | 1,32,800 |
| બાદ : ગીરોલોન (જમીન-મકાન પર) | રૂા. 25,000 | |
| 5 કારકૂનનો પગાર | | |
| (100 × 4 માસ × 5) | રૂા. 2,000 | |
| મ્યુનિસિપલ કરવેરા (12 માસના) | રૂા. 800 | 27,800 |
| બિનસલામત લેણદારો | | 1,05,000 |

| | |
|---|---|
| - પસંદગીના લેણદારો : | રૂા. |
| પ્રોવિડન્ટ ફંડ | 12,200 |
| 5 કારકૂનનો પગાર | 2,000 |
| મ્યુનિ. કરવેરા | 800 |
| કુલ પસંદગીના લેણદારો | 15,000 |

- જમીન મકાન પર ગીરો લોન રૂા. 25,000 સંપૂર્ણ સલામત લેણદાર છે.

**લિક્વિડેટર છેવટનું આવક-જાવકનું પત્રક**

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ બેંક | | 30,000 | (1) સંપૂર્ણ સલામત લેણદારો : | | |
| (2) મિલકતોની ઉપજ: | | | ગીરોલોન | | 25,000 |
| જમીન - મકાન | 1,28,200 | | (2) વિસર્જન ખર્ચ | | 9,802 |
| સાંચા-યંત્રો | 1,87,000 | | લિક્વિડેટરની મહેનતાણું : | | |
| ફર્નિચર | 35,000 | | મિલકતની ઉપજના | | |
| રોકાણો | 50,920 | | 3 % લેખે | 16,918 | |
| સ્ટોક | 75,800 | | બિનસલામત લેણદાર | | |
| દેવાદારો | 87,000 | 5,63,920 | પર 2 % લેખે | 2,100 | 19,018 |
| | | | (3) પસંદગીના લેણદારો : | | 15,000 |
| | | | (4) તરતા બોજધારી લેણદારો : | | |
| | | | 15% ડિબેન્ચર્સ | 1,00,000 | |
| | | | + બાકી વ્યાજ | 15,000 | 1,15,000 |
| | | | (5) બિનસલામત લેણદારો | | 1,05,000 |
| | | | (6) પ્રેફરન્સ શેરહોલ્ડર્સ : | | |
| | | | 12%ના પ્રેફરન્સ શેર | 2,00,000 | |
| | | | + પ્રેફ. ડિવિ. 2 વર્ષનું | 48,000 | 2,48,000 |
| | | | (7) ઈક્વિટી શેર હોલ્ડર્સને : | | |
| | | | A ઈક્વિટી શેર | | 25,525 |
| | | | B ઈક્વિટી શેર | | 31,575 |
| | | **593920** | | | **5,93,920** |

- **મૂડીતૂટની ગણતરી :**

પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવ્યા પછી ઈક્વિટી શેર હોલ્ડર્સને નાણાં ચૂકવવા ખૂટે છે. તેથી મૂડી તૂટની ગણતરી કરવી પડશે.

(1) વધારો = કુલ આવક - અત્યાર સુધીની ચૂકવણી

= 5,93,920 - 5,36,820

= રૂા. 57,100

**(2) ચૂકવવાની બાકી રકમ :**

| | રૂા. |
|---|---|
| A ઈક્વિટી શેર મૂડી (10,000 × 7.50) | 75,000 |
| B ઈક્વિટી શેરમૂડી (30,000 × 6) | 180,000 |
| ચૂકવવાની બાકી રૂા. | 2,55,000 |

(3) મૂડીતૂટ = ચૂકવવાની બાકી રકમ - વધારો

= 2,55,000 - 57,100

= રૂા. 1,97,900

**(4) મૂડીતૂટની વહેંચણી :**

બંને પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત રૂા. 10 ની સરખી હોવાથી શેરની સંખ્યાના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચાશે.

| | A | B |
|---|---|---|
| શેરની સંખ્યાનું પ્રમાણ | 10,000 શેર | 30,000 શેર |

A ઈક્વિટી શેરના ભાગે મૂડીતૂટ = 1,97,900 × 1/4= રૂા. 49,475

B ઈક્વિટી શેરના ભાગે મૂડીતૂટ = 1,97,900 × 3/4= રૂા. 1,48,425

**(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :**

| ઈક્વિટીશેર | વસૂલ આવેલી મૂડી - (રૂા.) | ભાગે આવેલ મૂડીતૂટ (રૂા.) | = પરત કરવી / મંગાવવી. (રૂા.) |
|---|---|---|---|
| A | 75,000 | - 49475 | = રૂા. 25,525 (+) પરત કરવા. |
| B | 1,80,000 | - 148425 | = રૂા. 31,575 (+) પરત કરવા. |

**ઉદાહરણ - 9 :** તા 31-12-2012ના રોજ "ચાલુ" લિમિટેડ સ્વૈચ્છિક વિસર્જન કરવાનું નક્કી કર્યું. તે દિવસે તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું.

| જવાબદારીઓ | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| 60,000 ઈક્વિટી શેર, | | પાઘડી | 1,00,000 |
| દરેક રૂા.10 નો શેરદીઠ | | જમીન-મકાન | 3,60,000 |
| રૂા. 7.50 ભરપાઈ | 4,50,000 | યંત્રો | 4,00,000 |
| 40,000 ઈક્વિટી શેર, | | રોકાણો | 1,60,000 |
| દરેક રૂા.10 નો શેરદીઠ | | સ્ટોક | 1,50,000 |
| રૂા. 5 ભરપાઈ | 2,00,000 | દેવાદારો | 1,76,000 |
| 4,000 10% ના | | રોકડ બેંક | 24,000 |
| પ્રેફરન્સ શેર,દરેક રૂા. | | નફા-નુકસાન ખાતું | 1,90,500 |
| 100નો પુરા ભરાયેલા | 4,00,000 | | |
| 7% નો ડિબેન્ચર્સ | 1,50,000 | | |

| | | | |
|---|---|---|---|
| ડિબેન્ચર બાકી વ્યાજ | 10,500 | | |
| રોકાણોના તારણ પર લોન | 1,20,000 | | |
| બેંક ઓવરડ્રાફ્ટ (સ્ટોક ના તારણ પર) | 1,24,000 | | |
| પરચૂરણ લેણદારો | 88,400 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 17,600 | | |
| | **15,60,500** | | **15,60,500** |

પરચૂરણ લેણદારોમાં નીચેની રકમોનો સમાવેશ થાય છે :

(1) ચૂકવવાનો બાકી સ્ટેશનરી ખર્ચ રૂા. 4,200

(2) ચાર કર્મચારીનો છેલ્લા 4 માસનો બાકી પગાર, દરેકને માસિક રૂા. 400 લેખે

(3) રજાઓનો ચઢેલો પગાર રૂા. 1,600

(4) સ્થાનિક કરવેરા :

વર્ષ 2011ના રૂા. 1,500

વર્ષ 2012ના રૂા. 2,000

મિલકતોના નીચેના મુજબ ઉપજ્યા :

| | | | |
|---|---|---|---|
| જમીન - મકાન | રૂા.2,80,000 | સ્ટોક | રૂા.1,18,000 |
| યંત્રો | રૂા.2,75,600 | દેવાદારો | રૂા. 96,800 |

લોનના લેણદારોએ રોકાણો રૂા. 1,50,000 માં વેચ્યા અને વધારો લિક્વિડેટરને પરત કર્યો.

ડિબેન્ચર હોલ્ડર્સને તા. 30-4-2013ના રોજ ચૂકવ્યા.

લિક્વિડેટરને તેણે મિલકતોની ઉપજાવેલી રકમ પર 1 ટકા લેખે અને પસંદગીના લેણદારો સહિતના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 2 ટકા લેખે મહેનતાણું ચૂકવવાનું છે.

વિસર્જન ખર્ચ રૂા. 10,456 થયો.

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

જવાબ : જરૂરી ગણતરી :

| | | |
|---|---|---|
| - **બિન સલામત લેણદારો :** | | **રૂા.** |
| પરચૂરણ લેણદારો | | 88,400 |
| બાદ : સમાયેલ પસંદગીના લેણદારો : | | |
| 4 કર્મચારીનો પગાર (400 × 4 × 4) | 6,400 | |
| રજાનો પગાર | 1,600 | |
| મ્યુનિ. વેરા (વર્ષ 2012-13) | 2,000 | 10,000 |
| | | 78,400 |
| + બેન્ક ઓવરડ્રાફ્ટની બિનસલામત રકમ | (1,24,000 - 1,18,000) | 6,000 |
| | કુલ બિનસલામત લેણદારો | 84,400 |
| - **પસંદગીના લેણદારો :** | | **રૂા.** |
| પરચૂરણ લેણદારોમાં સમાયેલ | | 10,000 |
| પ્રોવિડન્ટ ફંડ | | 17,600 |
| | પસંદગીના લેણદારો | 27,600 |

સ્ટોકના તારણ પર બેંક ઓવરડ્રાફ્ટ રૂા. 1,24,000 છે જેની સામે સ્ટોકના રૂા. 1,18,000 ઉપજ્યા છે તેથી બેંક ઓવરડ્રાફ્ટની સલામત રકમ રૂા. 1,18000 ગણાય જ્યારે બાકીના (1,24,000 - 1,18,000) રૂા. 6,000 બિનસલામત ગણાય.

લોનના લેણદારોએ રોકાણો રૂા. 1,50,000 માં વેચી પોતાનું લેણું રૂા. 1,20,000 વસૂલ કરી, વધારો રૂા. 30,000 લિક્વિડેટરને પરત કર્યો છે.

**લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક**

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ બેંક | | 24,000 | (1) સંપૂર્ણ સલામત લેણદારો : | | |
| (2) મિલકતની ઉપજ : | | | બેંક ઓવરડ્રાફ્ટ | | 1,18,000 |
| જમીન મકાન | 2,80,000 | | (2) વિસર્જન ખર્ચ | | 10,456 |
| યંત્રો | 2,75,600 | | લિક્વિડેટરનું મહેનતાણું | | |
| સ્ટોક | 1,18,000 | | મિલકતની ઉપજ પર 1 % | 7,704 | |
| દેવાદારો | 96,800 | 7,70,400 | પસંદગીના લેણદાર | | |
| (3) રોકાણોનો વધારો | | | પર 2% | 552 | |
| (1,50,000 – 1,20,000) | | 30,000 | બિનસલામત લેણદાર | | |
| (4) B ઈક્વિટી શેરહોલ્ડર્સ | | | પર 2% | 1,688 | 9,944 |
| પાસેથી હપ્તો મંગાવ્યો | | 56,000 | (3) પસંદગીના લેણદારોઃ | | 27,600 |
| | | | (4) તરતા બોજ ધારી લેણદારો : | | |
| | | | 7% ના ડિબેંચર્સ | 1,50,000 | |
| | | | + બાકી વ્યાજ | 10,500 | |
| | | | + ચુક. તા. સુધીનુંવ્યાજ | 3,500 | 1,64,000 |
| | | | (4 માસનું) | | |
| | | | (5) બિન સલામત લેણદારો | | 84,400 |
| | | | (6) પ્રેફરન્સ શેરહોલ્ડર્સને | | 4,00,000 |
| | | | (7) ઈક્વિટી શેરહોલ્ડર્સને : | | |
| | | | A ઈક્વિટી શેર હોલ્ડર્સને પરત કર્યા | | 66,000 |
| | | **8,80,400** | | | **8,80,400** |

- **મૂડીતૂટની ગણતરી :**

પ્રેફરન્સ શેરહોલ્ડર્સને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે રૂા. 10,000 રોકડા વધે છે તેથી ઇક્વિટી શેર હોલ્ડર્સને ચૂકવવા માટે નાણાં ખૂટતાં હોવાથી મૂડીતૂટની ગણતરી કરવામાં આવશે.

(1) વધારો = કુલ આવક - અત્યાર સુધીની ચૂકવણીઓ

= 8,24,400 - 8,14,400

= રૂા. 10,000

(2) ચૂકવવાની બાકી રકમ :

| | રૂા. |
|---|---|
| A ઈક્વિટી શેર (60,000 × 7.50) | 4,50,000 |
| B ઈક્વિટી શેર (40,000 × 5) | 2,00,000 |
| ચૂકવવાની બાકી કુલ રકમ રૂા. | 6,50,000 |

(3) મૂડીતૂટ = ચૂકવવાની બાકી રકમ - વધારો

= 6,50,000 - 10,000

= રૂા. 6,40,000

**(4) મૂડીતૂટની વહેંચણી :**

બંને પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત સરખી હોવાથી મૂડીતૂટ તેમના શેરની સંખ્યાના પ્રમાણમાં વહેંચાશે.

| | A ઈક્વિટી શેર | B ઈક્વિટી શેર |
|---|---|---|
| શેરની સંખ્યા | 60,000 | 40,000 |
| | 3 : 2 | |

A ઈક્વિટી શેરના ભાગે મૂડીતૂટ= 6,40,000 × 3/5 = રૂા. 3,84,000

B ઈક્વિટી શેરના ભાગે મૂડીતૂટ= 6,40,000 × 2/5 = રૂા. 2,56,000

**(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :**

ઈક્વિટી શેર વસૂલ આવેલ - ભાગે આવેલ = પરત કરવાની/ મંગાવવાની રકમ રૂા. મૂડીતૂટ (રૂા.)

| | મૂડી (રૂા.) | મૂડીતૂટ (રૂા.) |
|---|---|---|
| A | 4,50,000 - 3,84,000 | = 66,000 (+) પરત કરવા. |
| B | 2,00,000 - 2,56,000 | = 56,000 (-) મંગાવવા. |

(નોંધ : દાખલામાં લિક્વિડેટરે તેણે ઉપજાવેલ મિલકતની રકમ પર 1 ટકા મહેનતાણું ગણવાનું જણાવ્યું છે તેથી મિલકતની ઉપજમાં રોકાણોનો વધારો ધ્યાનમાં લીધો નથી.)

ઉદાહરણ-10 : પાલનહાર લિ. નું તા.31-3-2013ના રોજ સ્વૈચ્છિક વિસર્જન થયું તે તારીખે કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| દેવાં | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| 'A' ઈક્વિટી શેર રૂા. | | મકાન | 9,99,000 |
| 100નો એવા 2,400 | | મશીનરી | 4,00,000 |
| ઈ.શેર પુરા ભરપાઈ | 2,40,000 | ફર્નિચર | 2,40,000 |
| 'B' ઈક્વિટી શેર | | રોકાણો | 4,80,000 |
| રૂા. 100 નો એવા 3,600 | | દેવાદારો | 1,21,000 |
| ઈ.શેર રૂા. 60 ભરપાઈ | 2,16,000 | સ્ટોક | 4,00,000 |
| રૂા.100નો એક એવા | | રોકડ અને બેંક | 1,32,000 |
| 3,600 10% ના પ્રેફ. શેર | 3,60,000 | | |
| 15% ના ડિબેન્ચર્સ | 4,80,000 | | |
| પરચૂરણ લેણદારો | 10,40,000 | | |
| ડિરેક્ટરની લોન | 400,000 | | |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 36,000 | | |
| | **27,72,000** | | **27,72,000** |

**વધારાની માહિતી :**

(1) મિલકતોની ઉપજ નીચે પ્રમાણે થઈ :

| | | | |
|---|---|---|---|
| મકાન | રૂા. 6,48,200 | રોકાણો | રૂા.1,56,000 |

| | | | |
|---|---|---|---|
| મશીનરી | રૂા. 2,22,200 | દેવાદારો | રૂા. 89,800 |
| ફર્નિચર | રૂા. 1,68,000 | સ્ટોક | રૂા. 1,91,800 |

લિક્વિડેટરે ગીરો મિલકતો સહિતની મિલકતોનું વેચાણ કરેલ છે.

(2) લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(i) પ્રોવિડન્ટ પંડ રૂા. 24,000

(ii) પાણી અને વીજળીના બિલો રૂા. 23,800

(iii) છ કારકુનનો છેલ્લો બે માસનો માસિક પગાર રૂા. 8,000 લેખે.

(iv) આવકવેરો ચૂકવવાપાત્ર :

| | | |
|---|---|---|
| આકારણી વર્ષ | 31-3-2012 | રૂા. 30,000 |
| 31-3-2013 | રૂા. 24,000 | |

(v) રોકાણો સામે ગીરોલોન રૂા. 1,92,000 તથા ફર્નિચર સામે ગીરો લોન રૂા. 60,000

(3) ડિબેન્ચર હોલ્ડર્સને તા. 30-4-2013 ના રોજ ચૂકવણી કરેલ છે.

(4) વિસર્જન ખર્ચ રૂા. 12,000 થયો.

(5) લિક્વિડેટરને તેણે ઉપજાવેલ મિલકતની કિંમત પર 4% લેખે તથા પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 2% મહેનતાણું આપવાનું છે.

ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈ તમારે લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરવાનું છે.

જવાબ : જરૂરી ગણતરી :

| | | | |
|---|---|---|---|
| - | **સંપૂર્ણ સલામત લેણદારો :** | | **રૂા.** |
| | રોકાણો સામે ગીરો લોન (રોકાણોની ઊપજ કિંમત જેટલી) | | 1,56,000 |
| | ફર્નિચર સામે ગીરોલોન | | 60,000 |
| | કુલ સંપૂર્ણ સલામત લેણદારો | | 2,16,000 |
| - | બિનસલામત લેણદારો : | | **રૂા.** |
| | પરચુરણ લેણદારો | | 10,40,000 |
| | બાદ : સમાયેલા પસંદગીના લેણદારો : | | |
| | પ્રોવિડન્ટ ફંડ | રૂા. 24,000 | |
| | છ કારકુનનો પગાર (8,000 × 2 × 6) | રૂા. 96,000 | |
| | આવકવેરો (31-3-2013) | રૂા. 24,000 | 1,44,000 |
| | | | 8,96,000 |
| | બાદઃ સમાયેલા સંપૂર્ણ સલામત લેમદારો (ઉપર મુજબ | | 2,16,000 |
| | બાકીના બિન સલામત લેણદારો | | 6,80,000 |
| | + ડિરેક્ટરની લોન (બિનસલામત ગણાય) | | 4,00,000 |
| | કુલ બિન સલામત લેણદારો | | 10,80,000 |
| | - પસંદગીના લેણદારો : (ઉપર મુજબ) | | 1,44,000 |

**લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક**

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ - બેંક સિલક | | 1,32,000 | (1) સંપૂર્ણ સલામત લેણદારો | | 2,16,000 |
| (2) મિલકતોની ઉપજ : | | | (2) વિસર્જન ખર્ચ | | 12,000 |
| મકાન | 6,48,200 | | લિક્વિડેટરનું મહેનતાણું | | |
| મશીનરી | 2,22,200 | | મિલકતની ઉપજ | | |
| ફર્નિચર | 1,68,000 | | પર 4% | 59,040 | |
| રોકાણો | 1,56,000 | | બિનસલામત પર 2% | 15,784 | 74,824 |
| દેવાદારો | 89,800 | | (3) પસંદગીના લેણદારો | | 1,44,000 |
| સ્ટોક | 1,91,800 | 14,76,000 | (4) તરતાબોજ ધારી લેણદારો : | | |
| (3) B ઈક્વિટી શેર પાસેથી | | | ડિબેન્ચર | 4,80,000 | |
| હપ્તો મંગાવ્યો | | | + બાકી વ્યાજ | 36,000 | 5,16,000 |
| (3,600 × 40) | | 1,44,000 | (5) બિન સલામત લેણદારોને | | 7,89,176 |
| | | **17,52,000** | | | **17,52,000** |

સમજૂતી :

ડિબેન્ચર હોલ્ડર્સને ચૂકવણી તારીખ સુધીનું બાકી 1 માસનું વ્યાજ ચૂકવાશે નહીં. કારણકે ડિબેંચર હોલ્ડર્સને ચૂકવ્યા બાદ બિનસલામત લેણદારોને ચૂકવવા માટે લિક્વિડેટર પાસે ફક્ત રૂા. 6,60,960 રોકડા વધે છે જ્યારે બિનસલામત લેણદારોની રકમ રૂા.10,80,000 છે.

વળી, લિક્વિડેટરને બિનસલામત લેણદારોની ચૂકવણી પર 2% કમિશન પણ ચૂકવવાનું બાકી છે.

તેથી અહીં મૂડીતૂટની ગણતરી થશે નહીં પરંતુ 'B' પ્રકારના ઈક્વિટી શેર પર બાકી હપ્તો રૂા. 40 લેખે મંગાવવામાં આવશે જેથી બિન સલામત લેણદારો તથા લિક્વિડેટરના મહેનતાણા તરીકે જરૂરી રકમ ચૂકવી શકાય.

'B' ઈક્વિટી શેર પર મંગાવવાનો હપ્તો

3,600 × રૂા. 40 = રૂા. 1,44,000

'B' ઈક્વિટી શેર પર હપ્તો મંગાવ્યા પછી લિક્વિડેટર પાસે વધેલ કુલ રકમ = (6,60,960 + 1,44,000) = રૂા. 8,04,960 જેમાંથી બિનસલામત લેણદારો તથા લિક્વિડેટરને મહેનતાણા તરીકે ચૂકવાશે.

ધારો કે બિન સલામત લેણદારોને

ચૂકવવાની રકમ = રૂા. 100

+ લિક્વિડેટરનું મહેનતાણું

(બિનસલામત લેણદારને ચૂકવવાની રકમ 2%) રૂા. 2

કુલ ચૂકવવાની રકમ રૂા. 102

બિનસલામત લેણદારને ચૂકવવાની રકમ

= 8,04,960 × 100/102 = 7,89,176

લિક્વિડેટરનું મહેનતાણું = 8,04,960 × 2/102= 15,784

ઉદાહરણ (11) : MRT લિમિટેડ તા.31-3-2013ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવાનું નક્કી કરે છે. તે દિવસે તેનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| જવાબદારી | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| 'અ' ઈક્વિટી શેર 4,000 | | પાઘડી | 32,000 |
| દરેક રૂા. 50 નો શેરદીઠ | | જમીન - મકાન | 8,00,000 |
| રૂા. 25 ભરપાઈ | 1,00,000 | રોકાણો | 70,000 |
| 'બ' ઈક્વિટી શેર 8,000 | | સ્ટોક | 2,32,000 |
| દરેક રૂા. 20નો શેરદીઠ | | રોકડ | 12,000 |
| રૂા. 8 ભરપાઈ | 64,000 | ફર્નિચર | 2,000 |
| 'ક' ઈક્વિટી શેર 4,000 | | | |
| દરેક રૂા. 10નો શેરદીઠ | | | |
| રૂા. 6 ભરપાઈ | 24,000 | | |
| 12% ની પ્રેફરન્સ શેરમૂડી | 2,00,000 | | |
| 12% ની ડિબેન્ચર્સ | 2,00,000 | | |
| રોકાણો પર ગીરોલોન | 1,00,000 | | |
| ધંધાકીય લેણદારો | 4,00,000 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 60,000 | | |
| | **11,48,000** | | **11,48,000** |

**મિલકતોની ઉપજ :**

જમીન મકાન રૂા. 6,80,000, રોકાણો રૂા. 80,000, સ્ટોક રૂા. 2,36,000 અને ફર્નિચર રૂા. 4,000

લિક્વિડેટર રોકડ સિવાયની મિલકતોની ઊપજ પર 2% લેખે મહેનતાણું તેમજ બિનસલામત લેણદારોને (પસંદગીના લેણદારો સહિત) ચૂકવેલ રકમ પર 1 % લેખે મહેનતાણું આપવાનું છે. ડિબેન્ચર હોલ્ડર્સને તા. 30-6-2013ના રોજ નાણાં ચુકવ્યા તેમજ વિસર્જન ખર્ચ રૂા. 19,200 થશે.

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

**જવાબ :** લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક :

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ | | 12,000 | (1) સંપૂર્ણ સલામત લેણદારો | | |
| (2) મિલકતોની ઉપજ : | | | (રોકાણો પર ગીરોલોન રોકાણોની | | |
| જમીન-મકાન | 6,80,000 | | ઉપજ જેટલી રકમ) | | 80,000 |
| રોકાણો | 80,000 | | (2) વિસર્જન ખર્ચ | | 19,200 |
| સ્ટોક | 2,36,000 | | લિક્વિડેટરનું મહેનતાણું : | | |
| ફર્નિચર | <u>4,000</u> | 10,00,000 | મિલકતની ઊપજ | | |
| (3) 'બ' ઈક્વિટી શેર | | | પર 2% | 20,000 | |
| હોલ્ડર્સ પાસેથી હપ્તો | | 10,400 | પસંદગીના લેણદારો | | |
| મંગાવ્યો | | | પર 1% | 600 | |
| | | | બિનસલામત લેણદારો | | |
| | | | પર 1% | <u>4,200</u> | 24,800 |
| | | | (3)પસંદગીના લેણદારો : | | |
| | | | પ્રોવિડન્ટ ફંડ | | 60,000 |

| આવક | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|
| | | (4) તરતા બોજધારી લેણદારો : | | |
| | | 12%ના ડિબેન્ચર્સ | 2,00,000 | |
| | | + ચૂકવવાની તારીખ | | |
| | | સુધીનું વ્યાજ | 6,000 | 2,06,000 |
| | | (5) બિનસલામત લેણદારોઃ | | |
| | | ધંધાકીય લેણદારો | 4,00,000 | |
| | | અપૂર્ણ ગીરોલોન | 20,000 | 4,20,000 |
| | | (6) પ્રેફરન્સ શેરહોલ્ડર્સઃ | | |
| | | 12% નો પ્રેફ. શેરમૂડી | | 2,00,000 |
| | | (7) ઈક્વિટી શેર હોલ્ડર્સને | | |
| | | પરત કર્યા : | | |
| | | 'અ' ઈ. શેર | 7,000 | |
| | | 'બ' ઈ. શેર | 5,400 | 12,400 |
| | **10,22,400** | | | **10,22,400** |

- **મૂડી તૂટની ગણતરી :**

  પ્રેફરન્સ શેર હોલ્ડર્સ ને ચુકવ્યા પછી લિક્વિડેટરપાસે રૂા. 2,000 રોકડા વધે છે. ઇક્વિટી શેર હોલ્ડર્સને નાણાં ચૂકવતાં ખૂટે છે તેથી મૂડીતૂટની ગણતરી કરવી પડશે.

(1) વધારો = કુલ આવક - અત્યાર સુધીની ચૂકવણીઓ

= 10,12,000 - 10,10,000

= રૂા. 2,000

(2) ચૂકવણી બાકી રકમ :

| | |
|---|---|
| 'અ' ઈક્વિટી શેરમૂડી (4,000 × 25) | 1,00,000 |
| 'બ' ઈક્વિટી શેરમૂડી (8,000 × 8) | 64,000 |
| 'ક' ઈક્વિટી શેરમૂડી (4,000 × 6) | 24,000 |
| પરત કરવાની બાકી રકમ | 1,88,000 |

(3) મૂડીતૂટ = ચૂકવવાની રકમ - વધારો

= 1,88,000 - 2,000

= 1,86,000 રૂા.

(4) મૂડીતૂટની વહેંચણી :

અહી દરેક પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત જુદી જુદી હોવાથી કુલ ભરપાઈ શેરમૂડીના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચાશે.

| કુલ ભરપાઈ મૂડી | 'અ' ઈ. શેર | 'બ' ઈ. શેર | 'ક' ઈ. શેર |
|---|---|---|---|
| | 4,000 × 50 | 8,000 × 20 | 4,000 × 10 |
| | રૂા. 2,00,000 | 1,60,000 | 40,000 |
| | 5 : | 4: | 1: |

'અ' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,86,000 × 5/10 = રૂા. 93,000

'બ' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,86,000 × 4/10 = રૂા. 74,400

'ક' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,86,000 × 1/10 = રૂા. 18,600

ઈક્વિટી શેર વસૂલ આવેલ - ભાગે આવેલ = પરત કરવાની / મંગાવવાની રકમ રૂા.

મૂડી (રૂા.)　　　　મૂડીતૂટ (રૂા.)

A 1,00,000 - 93,000 = રૂા. 7,000 (+) પરત કરવા.

B 64,000 - 74,400 = રૂા. 10,400 (-) મંગાવવા.

C 24,000 - 18,600 = રૂા. 5,400 (+) પરત કરવા.

(નોંધ : રોકાણો પર ગીરોલોન રૂા. 1,00,000 છે. જ્યારે રોકાણોની ઊપજ કિંમત રૂા. 80,000 તેથી ગીરોલોનની રૂા. 80,000 ની રકમ સલામત ગણાશે જ્યારે, બાકીના રૂા. 20,000 બિન સલામત ગણાશે.)

**ઉદાહરણ 12:** તા 31-3-2013ના રોજથી જય પ્રકાશ લિ.નું સ્વૈચ્છિક વિસર્જન કરવાનું નક્કી કર્યું તે દિવસનું તે કંપનીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| મૂડી-દેવાં | રકમ રૂ. | મિલકત લેણાં | | રકમ રૂ. |
|---|---|---|---|---|
| 12 1/2% ના પ્રેફરન્સ શેર | | કાયમી મિલકતો | | 1,40,000 |
| દરેક રૂા. 100નો એવા | 40,000 | ફર્નિચર | | 40,000 |
| 'A' ઈક્વિટી શેર રૂા. 100 | | દેવાદારો | 63,000 | |
| નો એવા રૂા. 60 ભરપાઈ | 60,000 | બાદ : ઘાલખાધ | 3,000 | |
| 'B' ઈક્વિટી શેર રૂા. 10નો | | | 60,000 | |
| એવા રૂા. 7.50 ભરપાઈ | 75,000 | બાદ ઘા. અનામત | 3,000 | 57,000 |
| કાયમી મિલકત પર ઘસારા | | સ્ટોક | | 40,000 |
| ફંડ | 15,000 | રોકડ - બેંક સિલક | | 40,000 |
| 12%ના ડિબેંચર્સ | 50,000 | નફાનુકસાન ખાતું | | 1,09,000 |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 6,000 | | | |
| બેંક લોન (સ્ટોકના તારણ પર) | 50,000 | | | |
| ડિરેક્ટરની લોન | 15,000 | | | |
| લેણદારો | 1,00,000 | | | |
| પ્રોવિડન્ટ ફંડ | 15,000 | | | |
| | **4,26,000** | | | **4,26,000** |

**વધારાની માહિતી :**

(1) લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે.

(i) કર્મચારી વીમા યોજના હેઠળ છેલ્લા 12 માસનું પ્રીમિયમ રૂા. 3,000

(ii) રૂા. 20,000ના લેણદારો જેની પાસે 50% ફર્નિચર ગીરો છે.

(iii) પાણી અને વીજળીના બિલ છેલ્લા 12 માસના રૂા. 10,000.

(2) લિક્વિડેટર દેવાદારોના 25% ઓછા અને બાકીની મિલકતોની ચોપડે કિંમત ઉપજાવી.

(3) ડિરેક્ટરની લોન, 5 કર્મચારીઓનો છેલ્લા 5 માસનો પગાર ચૂકવવા લીધેલ છે.

(4) વિસર્જન ખર્ચ રૂા. 4,000 થયો.

(5) લિક્વિડેટરને મિલકતોની ઊપજ પર 4 ટકા તથા બિન સલામત લેણદારોને ચૂકવેલ રકમના 5% મહેનતાણું આપવાનું છે.

(6) પ્રેફરન્સ શેર પર 1 વર્ષનું ક્યુમ્યુલેટિવ ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે.

(7) ડિબેન્ચર હોલ્ડર્સને તા. 31-3-2013ના રોજ ચૂકવ્યા લિક્વિડેટરનું છેવટનું આવક - જાવકનું પત્રક તૈયાર કરો.

જવાબ : જરૂરી ગણતરી :

**નોંધ :** ડિરેક્ટરની લોન 5 કર્મચારીઓનો છેલ્લા 5 માસનો પગાર ચૂકવવા લીધેલ છે તેથી તે પૈક 4 માસના પગાર જેટલી રકમ (જે કર્મચારી દીઠ રૂા. 20,000 થી વધુ નહી તે રીતે પસંદગી લેણદારોમાં સમાવવા આવશે. જ્યારે બાકીની રકમ બિન સલામત લેણદારમાં ગણાશે.)

**ડિરેક્ટરની લોન રૂા. 15,000**

| પસંદગીના લેણદારમાં (4 માસ) | બિનસલામત લેણદારમાં (1 માસ) |
|---|---|
| 15,000 × 4/5 | 15,000 × 1/5 |
| રૂા. 12,000 | રૂા. 3,000 |

- **બિન સલામત લેણદારો :**

| | રૂા. |
|---|---|
| કુલ લેણદારો | 100,000 |
| બાદઃ ફર્નિચરના તારણ પર લેણદારો (સલામત લેણદારો) | 20,000 |
| | 80,000 |
| બાદ : કર્મચારી વીમા યોજના હેઠળ પ્રીમિયમ (પસંદગીના લેણદાર) | 3,000 |
| | 77,000 |
| + ડિરેક્ટરની લોન (બિનસલામત) | 3,000 |
| + ગીરોલોન (બિનસલામત) | 10,000 |
| બિન સલામત લેણદારો | 90,000 |

ગીરોલોન (સ્ટોક સામે તારણ) રૂા. 50,000 જ્યારે સ્ટોક રૂા. 40,000 છે. જેની ઉપજ પણ રૂા. 40,000 છે તેથી બાકીની ગીરો લોનની રકમ રૂા. 10,000 બિન સલામત ગણાશે.

- પસંદગીના લેણદારો

| | રૂા. |
|---|---|
| પ્રોવિડન્ટ ફંડ | 15,000 |
| ડિરેક્ટરની લોન (4 માસના પગાર જેટલી) | 12,000 |
| કર્મચારી વીમા યોજના હેઠળ પ્રીમિયમ | 3,000 |
| પસંદગીના લેણદારો | 30,000 |

- સંપૂર્ણ સલામત લેણદારો

| | રૂા. |
|---|---|
| ફર્નિચર તારણ પર લેણદારો | 20,000 |
| સ્ટોકના તારણ પર ગીરો લોન | 40,000 |
| સંપૂર્ણ સલામત લેણદારો | 60,000 |

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1)રોકડ બેંક સિલક | | 40,000 | (1) સંપૂર્ણ સલામત લેણદારો : | | 60,000 |
| (2) મિલકતોની ઉપજ : | | | (2) વિસર્જન ખર્ચ | | 4,000 |
| કાયમી મિલકતો : | | | લિક્વિડેટરનું મહેનતાણું : | | |
| (1,40,000 – | | | મિલકતની ઉપજ પર | | |
| પ.ફં. 15,000) | 1,25,000 | | 4 % | 10,000 | |
| ફર્નિચર | 40,000 | | પસંદગીના લેણદાર | | |
| દેવાદારો | | | પર 5% | 1,500 | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (60,000 - 25% | | | બિન સલામત લેણદારો | | |
| ઓછા) | 45,000 | | પર 5% | 4,500 | 16,000 |
| સ્ટોક | 40,000 | 2,50,000 | (3) પસંદગીના લેણદારો | | 30,000 |
| (3) ઈક્વિટી શેર હોલ્ડર્સ | | | (4) તરતા બોજધારી લેણદારોઃ | | |
| પાસેથી હપ્તો મંગાવ્યો : | | | | | |
| 'A' ઈક્વિટી શેર | 15,250 | | 12% ના ડિબેંચર્સ | 50,000 | |
| 'B' ઈક્વિટી શેર | 250 | 15,500 | + બાકી વ્યાજ | 6,000 | |
| | | | ચૂકવણી તારીખ સુધી | | |
| | | | નું વ્યાજ (9 માસ) | 4,500 | 60,500 |
| | | | (5) બિન સલામત લેણદારો | | 90,000 |
| | | | (6) પ્રેફરન્સ શેર હોલ્ડર્સ : | | |
| | | | 12.5% પ્રેફ. શેરમૂડી | 40,000 | |
| | | | + પ્રેફ. ડિવિ. | 5,000 | 45,000 |
| | | **3,05,500** | | | **3,05,500** |

- મૂડીતૂટની ગણતરી :

બિનસલામત લેણદારોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે રૂા. 29,500 રોકડા વધે છે તેથી પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવતાં નાણાં ખૂટતાં હોવાથી મૂડીતૂટની ગણતરી થશે.

(1) વધારો = કુલ આવકો - અત્યાર સુધીની ચૂકવણીઓ

= 2,90,000 - 2,60,500

= રૂા. 29,500

(2) ચૂકવવાની બાકી રકમ :

| | |
|---|---|
| પ્રેફરન્સ શેરમૂડી | 40,000 |
| + પ્રેફરન્સ ડિવિડન્ડ | 5,000 |
| 'A' ઈક્વિટી શેરમૂડી | 60,000 |
| 'B' ઈક્વિટી શેરમૂડી | 75,000 |
| ચૂકવવાની બાકી રકમ | 1,80,000 |

(3) મૂડીતૂટ = ચૂકવવાની રકમ - વધારો

= 1,80,000 - 29,500

= રૂા. 1,50,500

(4) મૂડીતૂટની વહેંચણી :

અહીં બંને પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત જુદી જુદી હોવાથી કુલ ભરપાઈ મૂડીના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચાશે.

| | | |
|---|---|---|
| કુલ ભરપાઈ મૂડી | 'અ' ઈ. શેર | 'બ' ઈ. શેર |
| | 1,000 × 100 | 10,000 × 10 |
| | રૂા. 1,00,000 | 1,00,000 |
| | 1 : 1 | |

'અ' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,50,500 × 1/2 = રૂા. 75,250

'બ' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,50,500 × 1/2 = રૂા. 75,250

**(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :**

ઈક્વિટી શેર વસૂલ આવેલ - ભાગે આવેલ = પરત કરવાની કે / મંગાવવાની રકમ રૂા.

મૂડી (રૂા.) મૂડીતૂટ (રૂા.)

A 60,000 - 75,250 = રૂા. 15,250 (-) મંગાવવા

B 75,000 - 75,250 = રૂા. 250 (-) મંગાવવા.

**ઉદાહરણ - 13 :** નિરાધાર કંપની લિમિટેડ તા. 31-3-2013ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ. તે દિવસ તેનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| જવાબદારી | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| 12% ની પ્રેફરન્સ શેરમૂડી | 1,00,000 | જમીન મકાન | 5,30,000 |
| 'A' ઈક્વિટી શેર દરેક | | સ્ટોક | 22,000 |
| રૂા. 50નો એવા 2,000 | | રોકડ | 27,500 |
| શેર રૂા. 25 લેખે ભરપાઈ | 50,000 | નફાનુકસાન ખાતું | 27,500 |
| 'B' ઈક્વિટી શેર દરેક | | | |
| રૂા. 20 નો એવા 4,000 | | | |
| શેર રૂા. 8 લેખે ભરપાઈ | 32,000 | | |
| 'C' ઈક્વિટી શેર રૂા. 10નો | | | |
| એક એવા 2,000 ઈ.શેર | | | |
| રૂા.6 લેખે ભરપાઈ | 12,000 | | |
| 12% ના ડિબેન્ચર્સ | 1,50,000 | | |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 9,000 | | |
| લેણદારો (સ્ટોકના તારણ પર) | 30,000 | | |
| અન્ય લેણદારો | 2,24,000 | | |
| | **6,07,000** | | **6,07,000** |

**અન્ય માહિતી :**

(1) ઉપરોક્ત અન્ય લેણદારોમાં સમાયેલ છે :

(i) કર્મચારી આકાશને માસિક રૂા. 9,000 લેખે ત્રણ માસનો પગાર રૂા. 27,000

(ii) કર્મચારી પ્રકાશને માસિક રૂા. 4,000 લેખે છ માસનો પગાર રૂા. 24,000

(iii) કર્મચારી વિકાસને માસિક રૂા. 7,000 લેખે બે માસનો પગાર રૂા. 14,000

(iv) કર્મચારી વીમા યોજના હેઠળનો ફાળો રૂા. 6,000

(v) કામદારો (workmen's) નું પ્રોવિડન્ટ ફંડ દ્વારા રૂા.24,000

(2) મિલકતોની ઉપજ :

| | |
|---|---|
| જમીન મકાન | રૂા. 4,70,000 |
| સ્ટોક | રૂા. 30,000 |
| કુલ | રૂા. 5,00,000 |

(3) લિક્વિડેટરનું મહેનતાણું :

(i) રોકડ સિવાયની મિલકતની ઉપજ પર 1/5%

(ii) પસંદગી સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 2%

(iii) ઈક્વિટી શેર હોલ્ડર્સની કાયદેસરની વધુમાં વધુ જવાબદારીમાંથી થયેલી બચત પર 25%

(4) લિક્વિડેશન ખર્ચ રૂા. 3120

(5) પ્રેફરન્સ શેર પર એક વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે.

(6) તમામ ચૂકવણીઓ તા. 30-4-2013 ના રોજ કરવામાં આવી હતી.

લિક્વિડેટરનું છેવટ આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

જવાબ : જરૂરી ગણતરી :

| | | | |
|---|---|---|---|
| - | **બિનસલામત લેણદારો :** | | |
| | **અન્ય લેણદારો** | | 2,24,000 |
| બાદ : સમાયેલ પસંદગીના લેણદારો : | | | |
| | આકાશનો પગાર | રૂા. 27,000 | |
| | (વધુમાં વધુ રૂા.20,000) | રૂા. 20,000 | |
| | પ્રકાશનો પગાર (4,000 × 4 માસ) | રૂા. 14,000 | |
| | વિકાસનો પગાર | રૂા. 6,000 | 56,000 |
| | | | 1,68,000 |
| | બાદ : સમાયેલ સંપૂર્ણ સલામત લેણદારો : | | |
| | કામદારોનું પ્રોવિડન્ટ ફંડ | | 24,000 |
| | બિન સલામત લેણદારો | | 1,44,000 |
| - | **પસંદગી લેણદારો :** | | |
| | ઉપરોક્ત અન્ય લેણદારમાં સમાયેલા | | 56,000 |
| - | **સંપૂર્ણ સલામત લેણદારો :** | | **રૂા.** |
| | કામદારોનું પ્રોવે. ફંડ (ઉપર સમાયેલા) | | 24,000 |
| | લેણદારો (સ્ટોકના તારણપર) | | 30,000 |
| | સંપૂર્ણ સલામત લેણદારો | | 54,000 |

નોંધ : કામદારોનું પ્રોવિડન્ટ ફંડ સપૂર્ણ સલામત લેણદાર ગણાય જ્યારે કર્મચારી પ્રોવિડન્ટ ફંડનો સમાવેશ પસંદગીના લેણદારમાં થાય.

**લિક્વિડેટરનું છેવટનું આવક -જાવક પત્રક :**

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ | | 27,500 | (1) સંપૂર્ણ સલામત લેણદારો | | 54,000 |
| (2) મિલકતની ઉપજ : | | | (2) વિસર્જન ખર્ચ | | |
| જમીન મકાન | 470,000 | | લિક્વિડેટરનું મહેનતાણું | | 3,120 |
| સ્ટૉક | 30,000 | 5,00,000 | મિલકતની ઉપજ | | |
| (3) ઈક્વિટી શેર પર હપ્તો | | | રૂા. 1/5% | 1,000 | |
| મંગાવ્યો : | | | બિન સલામત લેણદારો | | |
| A ઈક્વિટી શેર | 10,000 | | પર 2 % | 2,880 | |
| B ઈક્વિટી શેર | 16,000 | 26,000 | ઈક્વિટી શેર હો. ની | | |
| | | | બચત પર 25% | 20,000 | 23,880 |
| | | | (3) પસંદગીના લેણદારો | | 56,000 |
| | | | (4) તરતા બોજધારી લેણદારો : | | |
| 12% ના ડિબેન્ચર્સ | | 1,50,000 | | | |

| | | | |
|---|---|---|---|
| | | + બાકી વ્યાજ 9,000 | |
| | | + ચૂકવણી તારીખ | |
| | | સુધીનું વ્યાજ (1 માસ) 1,500 | 1,60,500 |
| | | (5) બિન સલામત લેણદારો | 1,44,000 |
| | | (6) પ્રેફરન્સ શેરહોલ્ડર્સ : | |
| | | પ્રેફ. શેરહોલ્ડર્સ 1,00,000 | |
| | | + પ્રેફ. ડિવિડન્ડ 12,000 | 1,12,000 |
| | **5,53,500** | | **5,53,500** |

**લિક્વિડેટરનું મહેનતાણું :**

(ઈક્વિટી શેર હોલ્ડરની કાયદેસરની વધુમાં વધુ જવાબદારીમાંથી થયેલી બચત પર 25%)

અહીં લિક્વિડેટરનું મહેનતાણું ગણવા ઈ.શેર હોલ્ડર્સની કાયદેસરની વધુમાં વધુ જવાબદારીમાંથી કેટલી બચત થાય છે તે શોધવું પડશે.

ઈક્વિટી શેરહોલ્ડર્સની વધુમાં વધુ જવાબદારી એટલે તેમની પાસે મંગાવવાના બાકી હપ્તાના સહીતની જવાબદારી એટલે કે ઈક્વિટી શેર હોલ્ડર્સ પાસેથી બાકી હપ્તા મંગાવ્યા બાદ લિક્વિડેટર પાસે (ઈ.શેર હોલ્ડર્સને) ચૂકવવા માટે વધેલી રકમ.

હવે, ઈક્વિટી શેર હોલ્ડર્સની કાયદેસરની વધુમાં વધુ જવાબદારીમાંથી થયેલી બચત શોધીએ.

| | | રૂા. |
|---|---|---|
| કુલ આવકો (રોકડ + મિલકતની બોજ) | | 5,27,500 |
| બાદ : બિનસલામત લેણદારો સુધી ચૂકવણી : | | |
| સંપૂર્ણ સલામત લેણદારો | 54,000 | |
| વિસર્જન ખર્ચ | 3,120 | |
| લિક્વિડેટરનું મહેનતાણું | | |
| (1,000 + 2,880) | 3,880 | |
| પસંદગીના લેણદારો | 56,000 | |
| તરતા બોજધારી લેણદારો | 1,60,500 | |
| બિન સલામત લેણદારો | 1,44,000 | 4,21,500 |
| લિક્વિડેટર પાસે વધેલ રોકડ | | 1,06,000 |
| + ઈક્વિટી શેર હોલ્ડર પાસે નહીં મંગાવેલ હપ્તા : | | |
| 'A' ઈ.શેર (2,000 × 25) | 50,000 | |
| 'B' ઈ. શેર (4,000 × 12) | 48,000 | |
| 'C' ઈ. શેર (2,000 × 4) | 8,000 | 1,06,000 |
| ઈક્વિટી શેરહોલ્ડર્સની કાયદેસરની વધુમાં વધુ જવાબદારી | | 2,12,000 |
| બાદ : પ્રેફ શેરમૂડી | 100,000 | |
| પ્રેફ. ડિવિ. | 12,000 | 1,12,000 |
| કાયદેસરની જવાબદારીમાંથી બચત | | 1,00,000 |

જેના પર 25% લેખે લિક્વિડેટરનું મહેનતાણું

$= 1,00,000 \times 25/125 =$ રૂા. 20,000

નોંધ : લિક્વિડેટરનું મહેનતાણું બાકી વધેલ રકમ પર ગણવાનું હોવાથી મહેનતાણાની ગણતરી 100 + 25 = 125 લેખે ગણાશે.

- **મૂડીતૂટની ગણતરી :**

બિનસલામત લેણદારોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે રૂા. 86,000 રોકડા વધે છે. પ્રેફ શેર હોલ્ડર્સને ચૂકવતાં નાણાં ખૂટે છે મૂડીતૂટની ગણતરી નીચે મુજબ થશે :

(1) વધારો = કુલ આવક - અત્યાર સુધીની ચૂકવણીઓ

= 5,27,500 - 4,41,500

= 86,000 રૂા.

(2) ચૂકવવાની રકમ :

| | રૂા. |
|---|---|
| પ્રેફરન્સ શેરમૂડી | 1,00,000 |
| પ્રેફરન્સ ડિવિડન્ટ | 12,000 |
| 'A' ઈક્વિટી શેર | 50,000 |
| 'B' ઈક્વિટી શેર | 32,000 |
| 'C' ઈક્વિટી શેર | 12,000 |
| | 20,60,00 |

(3) મૂડીતૂટ = ચૂકવવાની બાકી રકમ - વધારો

= 2,06,000 - 86,000

= રૂા. 1,20,000

**(4) મૂડીતૂટની વહેંચણી :**

અહીં, દરેક પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત જુદી જુદી હોવાથી કુલ ભરપાઈ મૂડીના પ્રમાણમાં મૂડીતૂટે વહેંચાશે.

**કુલ ભરપાઈ મૂડી :**

| 'A' ઈ.શેર | 'B' ઈ. શેર | 'C' ઈ. શેર |
|---|---|---|
| રૂા. 20,000 × 50 | 4,000 × 20 | 2,000 × 10 |
| રૂા. 1,00,000 | 80,000 | 20,000 |
| 5 : | 4: | 1: |

'A' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,20,000 × 5/10 = રૂા. 60,000

'B' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,20,000 × 4/10 = રૂા. 48,000

'C' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,20,000 × 1/10 = રૂા. 12,000

(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :

| | મૂડી (રૂા.) | મૂડીતૂટ (રૂા.) | |
|---|---|---|---|
| A | 50,000 | - 60,000 | = રૂા. 10,000 (-) મંગાવવા. |
| B | 32,000 | - 48,000 | = રૂા. 16,000 (-) મંગાવવા. |
| C | 12,000 | - 12,000 | = .......... |

ઉદાહરણ - 14 : અનુરાધા લિમિટેડનું તા. 31-10-2012 ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું તે દિવસનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| મૂડી-દેવાં | રકમ રૂા. | મિલકત-લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| 'A' ઈક્વિટી શેર દરેક રૂા. 100 નો એવા 1,200 શેર રૂા. 80 ભરપાઈ | 96,000 | કાયમી મિલકતો | 3,06,000 |
| 'B' ઈક્વિટી શેર દરેક રૂા. 100 નો 900 શેર 60 ભરપાઈ | 54,000 | રોકાણો | 45,000 |
| 'C' ઈક્વિટી શેર દરેક રૂા. 100 નો 600 શેર રૂા. 40 ભરપાઈ | 24,000 | ચાલુ મિલકતો (રોકડ સિવાય) | 78,780 |
| 12 ટકાના પ્રેફરન્સ શેર દરેક રૂા. 100 નો 1,200 શેર | 1,20,000 | રોકડ સિલક | 17,220 |
| લોન રોકાણકારોના તારણ પર | 45,000 | પ્રાથમિક ખર્ચા | 15,000 |
| 10% ના ડિબેંચર્સ | 1,20,000 | નફાનુકસાન ખાતું | 48,000 |
| ડિબેંચર બાકી વ્યાજ | 6,000 | | |
| લેણદારો | 45,000 | | |
| | **5,10,000** | | **5,10,000** |

(1) મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

| | |
|---|---|
| કાયમી મિલકતો | રૂા. 2,16,300 |
| ચાલુ મિલકતો | રૂા. 60,900 |

(2) કુલ લેણદારોમાં રૂા. 6,000 પસંદગીના છે. રૂા. 15,000ના લેણદારોને 20% ઓછા તથા રૂા.9,000 લેણદારોને 30% ઓછા ચૂકવ્યા બાકીનાને પૂરેપૂરા ચૂકવ્યા.

(3) લોનના લેણદારોએ રોકાણો રૂા. 46,800માં વેચ્યા અને વધારો લિક્વિડેટરને સોંપ્યો.

(4) વિસર્જન ખર્ચ રૂા. 3,414 થયો. લિક્વિડેટરને તેણે ઉપજાવેલ રકમના 1% (સલામત લેણદારો પાસેથી મળેલ વધારા સિવાયની) અને પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોએ ચૂકવેલ રકમના 2% લેખે મહેનતાણું આપવાનું છે.

(5) ડિબેંચર હોલ્ડર્સને તા. 30-4-2013 ના રોજ ચૂકવ્યાં .

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવક નું પત્રક તૈયાર કરો.

**જવાબ : જરૂરી ગણતરી :**

**બિન સલામત લેણદારો :**

| | |
|---|---|
| કુલ લેણદારો | 45,000 |
| બાદ : પસંદગીના લેણદારો (સમાયેલ) | 6,000 |
| બિન સલામત લેણદારો | 39,000 |

બિન સલામત લેણદારોને ચૂકવેલ રકમ :

કુલ બિનસલામત લેણદારો

રૂા. 39,000

| | | |
|---|---|---|
| રૂા.15,000ના લેણદારો | રૂા. 9,000ના લેણદારો | રૂ. 15,000 બાકીના લેણદારો |
| બાદ <u>રૂા. 3000</u> | 20% ઓછા <u>રૂા. 2,700</u> | 30% ઓછા પુરા ચૂકવ્યા. |
| રૂા. 12,000 ચૂકવ્યા | રૂા.6,300 ચૂકવ્યા | <u>રૂા. 15,000</u> ચૂકવ્યા |

બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ રૂા. 33,300

- પસંદગીના લેણદારો રૂા. 6,000
- સંપૂર્ણ સલામત લેણદારો : રોકાણોના તારણ પર ગીરોલોન રૂા. 45,000 જેમણે રોકાણો રૂા. 46,800 માં વેચીને વધારો રૂા. 1,800 લિક્વિડેટરને સોંપ્યો છે જેથી આવક બાજુ ફક્ત વધારાની નોંધ કરવી જેના પર સૂચના મુજબ લિક્વિડેટરનું મહેનતાણું ગણાશે નહિ.

**લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક**

| આવક | | રકમ રૂા. | જાવક | | રકમ રૂા. |
|---|---|---|---|---|---|
| (1) રોકડ સિલક | | 17,220 | (1) સંપૂર્ણ સલામત લેણદારો | | - |
| (2) મિલકતોની ઊપજ | | | (જાતે વસૂલ કર્યા છે) | | |
| કાયમી મિલકતો | 2,16,300 | | (2) વિસર્જન ખર્ચ | | 3,414 |
| ચાલુ મિલકતો | 60,900 | 2,77,200 | લિક્વિડેટરનું મહેનતાણું : | | |
| (3) રોકાણોનો વધારો | | | મિલકતની ઊપજ | | |
| (46,800 - 45,000) | | 1,800 | પર 1% | 2,772 | |
| | | | બિન સલા. લેણદાર | | |
| | | | પર 2% | 666 | 3,438 |
| (4) ઈક્વિટી શેરહોલ્ડર્સ | | | (3) પસંદગીના લેણદારો | | 6,000 |
| પાસેથી હપ્તા મંગાવ્યો : | | | (4) તરતા બોજધારી લેણદારો : | | |
| 'B' ઈક્વિટી શેર | 4,644 | | 10% ના ડિબેંચર્સ | 1,20,000 | |
| 'C' ઈક્વિટી શેર | 15,096 | 19,740 | + બાકી વ્યાજ | 6,000 | |
| | | | + ચૂકવણી તારીખ | | |
| | | | સુધીનું વ્યાજ (6 માસ) | 6,000 | 1,32,000 |
| | | | (5) બિનસલામત લેણદારો : | | 33,300 |
| | | | (6) પ્રેફરન્સ શેર હોલ્ડર્સને : | | 1,20,000 |
| | | | (7) ઈ. શેર હોલ્ડર્સને પરત | | |
| | | | 'A' ઈક્વિટી શેર | | 17,808 |
| | | **3,15,960** | | | **3,15,960** |

- **મૂડીતૂટની ગણતરી :**

બિન સલામત લેણદારોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે રૂા.1,18,068 રોકડા વધે છે જે પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવતાં ખૂટે છે મૂડીતૂટની ગણતરી નીચે મુજબ થશે :

(1) વધારો = કુલ આવક - અત્યાર સુધીની ચૂકવણી

= 2,96,220 - 1,78,152

= રૂા. 1,18,068

(2) ચૂકવવાની રકમ :

| | રૂા. |
|---|---|
| 12% પ્રેફરન્સ શેર | 1,20,000 |
| 'A' ઈક્વિટી શેર | 96,000 |
| 'B' ઈક્વિટી શેર | 54,000 |
| 'C' ઈક્વિટી શેર | 24,000 |
| ચૂકવવાની બાકી રકમ | 2,94,000 |

(3) મૂડીતૂટ = ચૂકવવાની રકમ - વધારો
= 2,94,000 - 1,18,068
= રૂા. 1,75,932

**(4) મૂડીતૂટની વહેંચણી :**

અહીં, દરેક પ્રકારના શેરની દાર્શનિક કિંમત સરખી હોવાથી મૂડીતૂટ દરેક ઈ.શેર વચ્ચે તેમની સંખ્યાના પ્રમાણમાં વહેંચાશે.

| શેરની સંખ્યાનું પ્રમાણ | 'A' ઈ. શેર | 'B' ઈ. શેર | 'C' ઈ. શેર |
|---|---|---|---|
| શેરની સંખ્યા | 1,200 | 900 | 600 |
| શેરની સંખ્યા | 4 : | 3 : | 2 |

'A' ઈ. શેરના ભાવે મૂડીતૂટ = 1,75,932 × 4/9 = રૂા. 78,192

'B' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,75,932 × 3/9 = રૂા. 58,644

'C' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 1,75,932 × 2/9 = રૂા. 39,096

**(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :**

| ઈક્વિટી શેર | વસૂલ આવેલ મૂડી (રૂા.) - ભાગે આવેલ મૂડીતૂટ (રૂા.) = પરત કરવાની કે / મંગાવવાની રકમ રૂા. |
|---|---|
| 'A' | 96,000 - 78,192 = રૂા. 17,808 (+) પરત કરવો. |
| 'B' | 54,000 - 58,644 = રૂા. 4,644 (-) મંગાવવો. |
| 'C' | 24,000 - 39,096 = રૂા. 15,096 (-) મંગાવવો. |

**ઉદાહરણ - 15 :** સરિતા કંપની લિમિટેડ તા. 31-3-2013 ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ તે સમયે તેની સ્થિતિ નીચે મુજબ હતી :

(1) શેરમૂડી : (અ) 2,500, 9% ના પ્રેફ. શેર દરેક રૂા. 100નો
(બ) 2,500 ઈક્વિટી શેર, દરેક રૂા.100નો પૂરા ભરાયેલા.
(ક) 2,000 ઈક્વિટી શેર, દરેક રૂા. 100નો રૂા. 80 ભરપાઈ.
(ડ) 1,750 ઈક્વિટી શેર, દરેક રૂા. 100 નો રૂા. 70 ભરપાઈ.

(2) લેણદારો : સલામત રૂા. 50,000 પસંદગીના રૂા. 12,500 અને બિનસલામત રૂા.2,00,000

(3) વિસર્જન (લિક્વિડેશન) ખર્ચ રૂા. 7,500

(4) લિક્વિડેટરનું મહેનતાણું (મિલકતોની ઊપજના 2 ટકા લેખે) રૂા. 10,000

જવાબ :

**લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.**

| આવક | | રકમ રૂા. | જાવક | રકમ રૂા. |
|---|---|---|---|---|
| (1) મિલકતોની ઊપજ | | | (1) સલામત લેણદારો | 50,000 |
| (લિક્વિડરના મહેનતાણાં | | | (2) વિસર્જન ખર્ચ | 7,500 |
| પરથી) | | | લિક્વિડેટનું મહેનતાણું | 10,000 |
| (10,000 × 100/2) | | 5,00,000 | (3) પસંદગીના લેણદારો | 12,500 |
| (2) ઈક્વિટી શેરહોલ્ડર્સ પાસે | | | (4) તરતા બોજધારી લેણદારો | - |
| હપ્તો મંગાવ્યો | | | (5) બિનસલામત લેણદારો | 2,00,000 |
| 'B' ઈ. શેર | 20,000 | | (6) પ્રેફરન્સ શેરહોલ્ડર્સએ | 2,50,000 |
| 'C' ઈ. શેર | 35,000 | 55,000 | (7) ઈક્વિટી શેરહોલ્ડર્સને | |
| | | | A ઈક્વિટી શેર | 25,000 |
| | | **5,55,000** | | **5,55,000** |

- મૂડીતૂટની ગણતરી :

  બિનસલામત લેણદારોને ચૂકવ્યા પછી લિક્વિડેટર પાસે રૂા.2,20,00 વધે છે. તેથી મૂડીતૂટની ગણતરી નીચે મુજબ થશે :

(1) વધારો = કુલ આવક - અત્યાર સુધીની ચૂકવણી

= 5,00,000 - 2,80,000

= રૂા. 2,20,000

(2) ચૂકવવાની બાકી રકમ :

| | | |
|---|---|---|
| પ્રેફ. શેર મૂડી | (2,500 × 100) | 2,50,000 |
| ઈક્વિટી શેરમૂડી | (2,500 × 100) | 2,50,000 |
| | (2,000 × 80) | 1,60,000 |
| | (1,700 × 70) | 1,22,500 |
| | ચૂકવવાની બાકી રકમ | 7,82,500 |

(3) મૂડીતૂટ = ચૂકવવાની બાકી રકમ - વધારો

= 7,82,500 - 2,20,000

= રૂા. 5,62,500

(4) મૂડીતૂટની વહેંચણી :

દરેક પ્રકારના ઈક્વિટી શેરની દાર્શનિક કિંમત સરખી હોવાથી શેરની સંખ્યાના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચાશે.

**શેરની સંખ્યા**

| | | |
|---|---|---|
| 2,500 શેર | 2,000 શેર | 1,750 શેર |
| 10 : | 8: | 7 |

'A' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 5,62,500 × 10/25 = રૂા. 2,25,000

'B' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 5,62,500 × 8/25 = રૂા. 1,80,000

'C' ઈ. શેરના ભાગે મૂડીતૂટ = 5,62,500 × 7/25 = રૂા. 1,57,500

(5) પરત કરવાની કે મંગાવવાની રકમ :

ઈક્વિટી શેર મૂડી (રૂા.)   વસૂલ આવેલ - ભાગે આવેલ મૂડીતૂટ (રૂા.) = પરત કરવાની કે મંગાવવાની રકમ રૂા.

A 2,50,000 - 2,25,000 = રૂા.25,000 (+) પરત કરવો.

B 1,60,000 - 1,80,000 = રૂા.20,000 (-) મંગાવવા.

A 1,22,500 - 1,57,500 = રૂા.35,000 (-) મંગાવવા.

**હિસ્સેદારો "B" ("B" પ્રકારના હિસ્સેદારો) ની યાદી :**

કંપનીના વિસર્જન સમયે કંપનીના હિસ્સેદારો (શેરહોલ્ડર્સ)ને બે વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે જે શેરહોલ્ડર્સ કંપનીના વિસર્જન સમયે શેરહોલ્ડર્સ તરીકે ચાલુ રહ્યા હોય તેવા હિસ્સેદારોને લિસ્ટ 'A' માં દર્શાવવામાં આવે છે. જ્યારે જે શેર હોલ્ડર્સ કંપનીના વિસર્જન થયા તારીખથી એક વર્ષના સમયગાળા દરમિયાન કંપનીના સભ્ય પદમાંથી (મૃત્યુ સિવાયના કારણથી) છૂટા થાય એટલે કે શેર હોલ્ડર્સ તરીકે બંધ થાય ત્યારે આ પ્રકારના શેર હોલ્ડર્સને લિસ્ટ "B" પ્રકારના શેર હોલ્ડર્સ માટે નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવી છે :

(1) જ્યારે "B" પ્રકારના શેરહોલ્ડર સભ્યપદેથી છૂટા થાય ત્યાર પછીના દેવાં અંગેતેઓ જવાબદાર નથી.

(2) જો “A” પ્રકારની યાદીમાં આવતા હોય તેમની પાસેથી અધુરા ભરાયેલ શેર પરના હપ્તા મંગાવ્યા પછી કંપનીનું દેવું ચૂકવાઈ જતું હોય તો “B” પ્રકારના શેરહોલ્ડર્સ પાસેથી અધૂરી ભરાયેલ શેર પરના હપ્તા મંગાવવામાં આવતા નથી.

(3) બધા દેવાં ચૂકવાઈ ગયા પછી ‘A’ પ્રકારના ચાલુ શેર હોલ્ડર્સને તેમની મૂડી પરત કરવા માટે ‘B’ પ્રકારના શર હોલ્ડર પાસેથી નાણાં મંગાવવામાં આવતા નથી.

(4) જે તારીખે ‘B’ પ્રકારના શેર હોલ્ડર્સ સભ્ય પદેથી છૂટા થાય તે તારીખનું દેવું ચૂકવી શકાય તેમ હોય તો આવા શેરહોલ્ડર્સ પાસેથી હપ્તો મંગાવી શકાય નહીં.

## 14.9 ધ્યાનમાં રાખવાના મુદ્દા :

(1) વિસર્જનની રીતો : કંપનીના વિસર્જનની મુખ્ય બે રીતો છે :

(i) અદાલત દ્વારા ફરજિયાત વિસર્જન અને

(ii) સ્વૈચ્છિક (મરજિયાત) વિસર્જન

**(2) લિક્વિડેટરનું મહેનતાણું ગણવા :**

(i) મિલકતની ઉપજ પર અમૂક ટકા લેખે મહેનતાણું ગણવાનું હોય તો સંપૂર્ણ સલામત પાસેથી મળેલ વધારો પણ ધ્યાનમાં લેવો., પરંતુ જો દાખલામાં સ્પષ્ટ જણાવ્યું હોય કે લિક્વિડેટરને તેણે ઉપજાવેલી રકમ પર અમૂક ટકા કમિશન ગણવું ત્યારે સલામત લેણદારોનો વધારો ધ્યાનમાં લેવો નહી.

(ii) બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર અમૂક ટકા કમિશન ગણવાનું હોય તો બિનસલામત લેણદારો ઉપરાંત પસંદગીના લેણદારોને ચૂકવેલ રકમ પર પણ કમિશન ગણવું કારણ કે પસંદગીના લેણદારો પણ એક પ્રકારના બિનસલામત લેણદારો જ છે. પરંતુ જ્યારે પસંદગીના સિવાયના બિનસલામત લેણદારો પર કમિશન ગણવાનું જણાવ્યું હોય તો ફક્ત બિનસલામત લેણદારો પર કમિશન ગણવાનું જણાવ્યું હોય તો ફક્ત બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર જ કમિશન ગણવું.

**(3) સલામત દેવાદારો :**

સલામત લેણદારો એટલે એવા લેણદારો કે જેમના લેણાં કરતાં વધુ રકમની જામીનગીરીઓ ધરાવતા હોય.

કામદારો પ્રત્યેનું કોઈપણ લેણું સલામત લેણદાર કહેવાય.

જેમ કે કામદારોનો પગાર, મજૂર, પ્રો.ફંડ, ગ્રેચ્યુ. ફંડ વગેરે

**સલામત લેણદારોનો નિકાલ બે રીતે :**

(i) લેણદારો જાતે જામીનગીરી વેચીને પોતાનું લેણું વસૂલ કરે અને વધારો લિક્વિડેશન પરત કરે ત્યારે ફક્ત વધારાની આવક બાજુ નોંધ કરવી.

જ્યારે લિક્વિડેટર જામીનગીરી વેચીને સલામત લેણદારોને ચૂકવે ત્યારે જામીનગીરી મિલકતની ઉપજ આવક બાજુ અને સલામત લેણદારોને ચૂકવણી જાવક બાજુ દર્શાવવી.

**(4) પસંદગીના લેણદારોમાં નીચેનાનો સમાવેશ :**

(i) સરકારી દેવું (છેલ્લા 12 માસનુ)

(ii) કમર્ચારીનો પગાર (ખરેખર / 4 માસનો / રૂા. 20,000 પૈકી ઓછી રકમ)

(iii) કર્મચારીનો રજાનો પગાર

(iv) કર્મચારી પ્રો. ફંડ ગ્રેચ્યુ. ફંડ વગેરે.

(v) કર્મચારી રાજ્ય વીમા યોજનાનો ફાળો.

**(5) મૂડીતૂટની ગણતરી :**

જો બિનસલામત લેણદારો, પ્રેફરન્સ શેર હોલ્ડર્સ કે ઈક્વિટી શેર હોલ્ડર્સને ચૂકવતાં નાણાં ખૂટે ત્યારે જ મૂડીતૂટની ગણતરી કરવી.

**મૂડીતૂટની વહેંચણી :**

(i) જો દરેક પ્રકારના ઈ. શેરની દાર્શનિક કિંમત સરખી હોય તો ઈ. શેરની સંખ્યાના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચવી

(ii) જો દરેક પ્રકારના ઈ. શેરની દાર્શનિક કિંમત જુદી જુદી હોય તો કુલ ભરપાઈ મૂડી (શેરની સંખ્યા × દાર્શનિક કિંમત) ના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચવી.

**(6) ડિબેન્ચર બાકી વ્યાજ :**

ડિબેન્ચર હોલ્ડર્સને તેમના લેણાં ઉપરાંત વિસર્જન તારીખ સુધીનું બાકી ચઢેલ વ્યાજ પણ ચૂકવી આપવામાં આવે છે. આ ઉપરાંત વિસર્જન તારીખથી ચૂકવણી તારીખ સુધીનું બાકી વ્યાજ (જો લિક્વિડેટર પાસે બિનસલામત લેણદારોને નાણાં ચૂકવવા પૂરતાં નાણાં હોય તો) પણ ચૂકવી આપવું જોઈએ પરંતુ જો લિક્વિડેટર પાસે બિન સલામત લેણદારોને ચૂકવવા પૂરતાં નાણાં ન હોય તો ચૂકવણી તારીખ સુધીનું વ્યાજ આપી શકાય નહીં.

## 14.10 સ્વાધ્યાય

### 14.10.1 સૈદ્ધાંતિક (થીયરી) :

(1) કંપનીનું વિસર્જન એટલે શું ? તે કયાં કારણોસર થઈ શકે ?

(2) કંપનીનાં વિસર્જનની રીતો જણાવી તે પૈકી કોઈ એક સમજાવો.

(3) સમજાવો : અદાલત દ્વારા ફરજિયાત વિસર્જન.

(4) મરજિયાત કે સ્વૈચ્છિક વિસર્જન કયાં કારણોસર થઈ શકે ?

(5) કંપનીના વિસર્જન સમયે લિક્વિડેટરની નિમણૂક શા માટે કરવામાં આવે છે ? તેની ફરજો કઈ કઈ છે ? તે જણાવો.

(6) લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક કાલ્પનિક આંકડાઓ સાથે તૈયાર કરો.

(7) "B" પ્રકારના શેરહોલ્ડર્સ (હિસ્સેદારો) અંગે કંપનીધારાની જોગવાઈઓ જણાવો.

(8) પસંદગીના (પ્રેફરન્શીયલ) લેણદારો એટલે શું ? તેમાં કોનો-કોનો સમાવેશ થાય છે.

(9) કંપની ધારાના 1985 ના થયેલ સુધારા અનુસરા "કામદારોનાં લેણાં" અંગે ચર્ચા કરો.

(10) સંપૂર્ણ સલામત લેણદારો એટલે શું ? વિસર્જન સમયે તેન ચૂકવણી કેવી રીતે થઈ શકે ?

(11) લિક્વિડેટરની આવકો તેમજ જાવકો જણાવો.

(12) કંપનીના વિસર્જન સમયે મૂડીતૂટની વહેંચણી કયાં સંજોગો હેઠળ કરવામાં આવે છે ? તે જણાવી મૂડીતૂટ ગણતરી સમજાવો.

**(13) ટૂંકનોંધ લખો :**

(1) કંપનીનું વિસર્જન

(2) અદાલત દ્વારા ફરજિયાત વિસર્જન

(3) કંપનીનું સ્વૈચ્છિક કે મરજિયાત વિસર્જન

(4) સંપૂર્ણ સલામત લેણદારો

(5) તરતા બોજ ધારી લેણદારો

(6) પસંદગીના (પ્રેફરન્શિયલ) લેણદારો

(7) બિનસલામતના લેણદારો

(8) લિક્વિડેટરનું મહેનતાણું

(9) લિક્વિડેટરની ફરજો

(10) લિક્વિડેટરનું આવક-જાવકનું પત્રક

(11) મૂડીતૂટની ગણતરી

(12) વિસર્જન ખર્ચ અને લિક્વિડેટરનું મહેનતાણું

## 14.11 બહુવિકલ્પી પ્રશ્નોનાં જવાબ આપો

(1) લિક્વિડેટરે આવક-જાવકનું છેવટનું પત્રક ક્યારે રજૂ કરવાનું હોય છે ?

(અ) દર વર્ષે (બ) દર ત્રણ વર્ષે

**(ક) જ્યારે વિસર્જનનું કામ સંપૂર્ણ થાય ત્યારે**

(ડ) દર બે વર્ષે

(2) લિક્વિડેટરનું હિસાબી પત્રક એ ફક્ત ______ છે.

**(અ) રોકડ ખાતું** (બ) ખાતાવહી

(ક) રોજમેળ (ડ) ઉપરનામાંથી કોઈ નહિ

(3) કંપનીની વિસર્જન માટે નીચેના પૈકી કોણ અરજી ન કરી શકે ?

(અ) કંપની પોતે (બ) લેણદાર

(ક) હિસ્સેદાર **(ડ) દેવાદાર**

(4) કયા વિસર્જનને ફરજિયાત વિસર્જન કહેવાશે ?

**(અ) ટ્રિબ્યૂનલ દ્વારા** (બ) સ્વૈચ્છિક

(ક) અદાલતની દેખરેખ હેઠળ (ડ) ઉપરનામાંથી કોઈ નહિ

(5) નીચેના પૈકી કઈ આવક લિક્વિડેટરના આવક-જાવકના પત્રકમાં દર્શાવાશે નહિ ?

(અ) મિલકત વેચાણ (બ) સલામત લેણદારોનો વધારો

**(ક) શેર પ્રીમિયમ** (ડ) અંશતઃ ભરાયેલ શેરના મંગાવેલ હપ્તા

(6) લિક્વિડેટર પાસે લેણદારોને ચૂકવવા માટે ફક્ત રૂ. 52,500 છે. લિક્વિડેટરનું લેણદારોને ચૂકવેલ રકમ પર ૫% મહેનતાણું –

(અ) રૂ. 2,625 (બ) રૂ. 2,375

**(ક) રૂ. 2,500** (ડ) રૂ. 3,000

**જવાબ :** (ક) રૂ. 2,500 $(52{,}500 \times \frac{5}{105})$

(7) લિક્વિડેટર કંપની વતી મળેલા નાણાં રૂ. 500 થી વધુ હોય તો, _________ થી વધુ સમય માટે રાખી શકે નહિ.

(અ) 100 દિવસો **(બ) 10 દિવસો**

(ક) 5 દિવસો (ડ) 30 દિવસો

(8) નીચેનામાંથી કઈ રકમનો પસંદગીના લેણદારોમાં સમાવેશ થતો નથી ?

(અ) પ્રોવિડન્ટ ફંડ (બ) સરકારના વેરા

**(ક) દેવી હુંડી** (ડ) ઉપરનામાંથી કોઈ નહિ

(9) ચાર કારકુનનો છેલ્લા બે મહિનાનો, દરેકનો માસિક પગાર રૂ. 15000 લેખે ચૂકવવાનો બાકી છે. તો વિસર્જન વખતે તેમાંથી પસંદગીના લેણદારો કેટલા થયા ?

(અ) રૂ. 1,20,000 (બ) રૂ. 60,000

(ક) રૂ. 1,80,000 **(ડ) રૂ. 80,000**

(10) નીચેનામાંથી કયા લેણદારો 'બિનસલામત' ગણાય છે ?

(અ) સ્થાનિક સરકારના બાકી કરવેરા (બ) કર્મચારીઓની ગ્રેજ્યુઈટી

(ક) કર્મચારીઓનું પ્રોવિડન્ટ ફંડ **(ડ) ચૂકવવાના બાકી ખર્ચા**

- **પસંદગીના (પ્રેફરન્શિયલ) લેણદારો અને બિનસલામત લેણદારો શોધવા અંગે :**

(1) તા. 31-3-2013ના રોજ નિરાધાર લિ. સ્વૈચ્છિક ફડચામાં ગઈ નીચે આપેલી વિગતો પરથી પસંદગીના લેણદારો તથા બિનસલામત લેણદારો નોંધો.

(1) ત્રણ કારકુનનો છેલ્લા ત્રણ માસનો પગાર રૂા. 45,000

(2) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ રૂા. 18,000

(3) મ્યુનિસિપલ કરવેરા :

વર્ષ 2011-12 માટે રૂા. 6,000

વર્ષ 2012-13 માટે રૂા. 3,000

(4) પરચૂરણ લેણદારો રૂા. 90,000

(5) ડિરેક્ટરનો છેલ્લા 4 માસનો પગાર રૂા. 15,000

**(જવાબ :** પસંદગીના લેણદારો રૂા.66,000 અને બિનસલામત લેણદારો રૂા. 1,11,000

**સમજૂતી :** પસંદગીના લેણદારોમાં ત્રણ કારકુનનો પગાર રૂા. 45,000 + કર્મ. પ્રોવિડન્ટ ફંડ રૂા. 18,000 + મ્યુનિ. વેરા (વર્ષ 2012-13) રૂા. 3,000 = રૂા. 66,000 અને બિનસલામત લેણદારોમાં મ્યુનિ. વેરા (વર્ષ 2011-12) રૂા. 6,000 + પરચૂરણ લેણદારો રૂા. 90,000 અને ડિરે. ના પગાર રૂા. 15,000 = રૂા.1,11,000)

(2) તા. 30-9-2-2012ના રોજ કપૂર લિ. નું વિસર્જન કરવામાં આવ્યું જે દિવસે તેના દેવાં નીચે મુજબ હતાં :

(1) સ્થાનિક કરવેરા ચૂકવવા પાત્ર :

તા. 1-11-2011ના રોજ રૂા. 1,000

તા. 1-4-2012ના રોજ રૂા. 1,500

(2) ચાર કારકુનનો છેલ્લા 6 માસનો પગાર દરેકને માસિક રૂા. 3,000 લેખે.

(3) ધંધાના લેણદારો રૂા. 36,000

(4) કર્મચારીઓનો છેલ્લા 3 માસનો પગાર ચૂકવવા ડિરેક્ટર પાસેથી મેળવેલ એડવાન્સ રૂા. 15,000

(5) છૂટાં કરેલ કર્મચારીઓનો રજાનો ચઢેલો પગાર રૂા. 9,000

(6) કર્મચારીઓની છેલ્લા 7 વર્ષની પ્રોવિડન્ટ ફંડની જમા રકમ રૂા. 15,500

(7) મેનેજિંગ ડિરેક્ટરનો છેલ્લા 4 માસનો પગાર રૂા. 12,000

પસંદગીના લેણદારો અને બિનસલામત લેણદારોમાં વર્ગીકરણ કરો.

**જવાબ :** પસંદગીના લેણદારો રૂા. 90,000 અને બિનસલામત લેણદારો રૂા. 72,000)

**સમજૂતી :** પસંદગીના લેણદારોમાં સ્થાનિક કરવેરા (12 માસ દરમિયાનના) (1,000 + 1,500) રૂા. 2,500 + ચાર કારકૂનનો 4 માસનો પગાર (3,000 × 4 × 4) રૂા. 48,000 + કર્મ. નો પગાર ચૂકવવા ડિરેક્ટર પાસેથી એડવાન્સ રૂા. 15,000 + રજાનો ચઢેલો પગાર રૂા. 9,000 + પ્રોવિડન્ટ ફંડ રૂા. 15,500 = રૂા. 90,000 જ્યારે બિનસલામત લેણદારોમાં ચાર કારકૂનનો બાકીનો 2 માસનો બિનસલામત પગાર (3,000 × 4 × 2) રૂા. 24,000 + ધંધાના લેણદારો રૂા. 36,000 + મેનેજિંગ ડિરેક્ટરનો પગાર રૂા. 12,000 = રૂા. 72,000)

(3) તા. 31-3-2013ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ તે તારીખે તેના દેવાની સ્થિતિ નીચે મુજબ હતી. તેના પરથી પસંદગીના લેણદારો અને બિનસલામત લેણદારોમાં વર્ગીકરણ કરો.

(1) 2 કારકુનનો છેલ્લા 6 માસનો પગાર રૂા. 42,000, દરેકને માસિક રૂા. 35,00 લેખે.

(2) મ્યુનિસિપલ કરવેરા રૂા. 14,000 (જે પૈકી રૂા. 5,000 તા. 31-3-2012 ના રોજ પૂરા થતાં વર્ષના ચૂકવવાપાત્ર છે.)

(3) કર્મચારી પ્રોવિડન્ટ ફંડ રૂા. 12,500

(4) ધંધાકીય લેણદારો રૂા. 23,500

(5) બેંક ઓવર ડ્રાફ્ટ રૂા. 10,500

(6) ડિરેક્ટર ફી (બાકી) રૂા. 7,000

(7) કંપનીના ડિરેક્ટરે કર્મચારીઓનો છેલ્લા 3 માસનો પગાર ચૂકવવા કંપનીને રૂા.15,000 ઉછીના આપેલ છે.

**જવાબ :** પસંદગીના લેણદારો રૂા. 64,500 અને બિનસલામત લેણદારો રૂા.60,000

**સમજૂતી :**

પસંદગીના લેણદારોમાં 2 કારકુનનો 4 માસનો પગાર (3,500 × 2 × 4) રૂા. 28,000 + મ્યુનિસિપલ વેરા રૂા. 9,000 + પ્રોવિડન્ટ ફંડ રૂા. 12,500 + કર્મચારીનો પગાર ચૂકવવા ડિરેક્ટરે આપેલ ઉછીની રકમ રૂા. 15,000 = રૂા. 64,500 અને બિનસલામત લેણદારોમાં બે કારકુનનો બાકીનો 2 માસનો પગારલ (3,500 × 2 × 2) રૂા. 14,000 + મ્યુનિ. કરવેરા (31-3-2012) રૂા. 5,000 + ધંધાકીય લેણદારો રૂા. 23,500 + બેંક ઓવરડ્રાફ્ટ રૂા. 10,500 + ડિરેક્ટર ફી રૂા. 7,000 = રૂા. 60,000)

(4) 'બરબાદ' લિ. નું તા. 31મી જુલાઈ 2013ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું તે દિવસે તે કંપનીની કુલ જવાબદારી રૂા. 1,18,000 હતી. જેમાં નીચેનાનો સમાવેશ થાય છે જેનું પસંદગીના લેણદારો તથા બિનસલામત લેણદારોમાં વર્ગીકરણ કરો.

| | | |
|---|---|---|
| (1) | પરચૂરણ લેણદારો | રૂા. 23,750 |
| (2) | ચાર કારકુનનો છેલ્લા પાંચ માસનો પગાર, દરેકનો માસિક રૂા. 1,000 લેખે. | રૂા. 20,000 |
| (3) | ડિરેક્ટરનો છેલ્લા ત્રણ માસનો પગાર | રૂા. 6,000 |
| (4) | વર્ષ 2010-11, 2011-12 અને 2012-13 ના આકરણી વર્ષનો ચૂકવવા પાત્ર વેરો અનુક્રમે રૂા. 4,000, રૂા. 4,400 અને રૂા. 10,000 | રૂા. 18,500 |
| (5) | વેચાણવેરો (જે પૈકી રૂા. 2,500 નાણાંકીય વર્ષ 2011-12નો ચૂકવવા પાત્ર છે.) | રૂા. 6,000 |
| (6) | મ્યુનિસિપલ કરવેરા ચૂકવવા પાત્ર તા. 1 લી ઓગષ્ટ 2012ના રોજ રૂા. 2,400 અને તા. 1 લી ફેબ્રુઆરી 2013ના રોજ રૂા. 2,600 | રૂા. 5,000 |
| (7) | કર્મચારીઓનો રજાનો ચઢેલો પગાર | રૂા. 6,500 |
| (8) | ત્રણ કર્મચારીઓના છેલ્લા 6 વર્ષની પ્રોવિડન્ટ ફંડની રકમ | રૂા. 20,250 |
| (9) | કંપનીના ડિરેક્ટર કર્મચારીઓનો છેલ્લા 2 માસનો પગાર ચૂકવવા કંપનીને આપેલ એડવાન્સ રકમ | રૂા. 5,000 |
| (10) | કામદારા રાજ્ય વીમા યોજના હેઠળ ચૂકવવાપાત્ર રકમ (ચાલુ વર્ષના રૂા. 3,000 અગાઉનાં બે વર્ષનાં રૂા. 4,000) | રૂા. 7,000 |
| | **કુલ જવાબદારી** | **રૂા. 1,18,000** |

**જવાબ :** પસંદગીના લેણદારો રૂા. 69,250 અને બિનસલામત લેણદારો રૂા. 48,750.

**સમજૂતી :** પસંદગીના લેણદારોમાં 4 કારકુનનો પગાર રૂા. 16,000 + ચૂકવવાપાત્ર વેરો રૂા. 10,000 + વેચાણ વેરો રૂા. 3,500 + મ્યુનિ. કરવેરા રૂા. 5,000 + રજાનો પગાર રૂા. 6,500 + પ્રોવિડન્ટ ફંડ રૂા. 20,250 + ડિરેક્ટરે આપેલ એડવાન્સ રૂા. 5,000 + કામદારા રાજ્ય વીમો (ચાલુ વર્ષ) રૂા. 3,000 = રૂા. 69,250 અને બિનસલામત લેણદારોમાં પરચૂરણ લેણદારો રૂા.23,750 + કારકૂનનો પગાર રૂા. 4,000 + ડિરેક્ટરનો પગાર રૂા. 6,000 + ચૂકવવા પાત્ર વેરો રૂા. 8,500 (4,000 + 4,500) + વેચાણવેરો રૂા. 2,500 + કામદાર રાજ્ય વીમો (અગાઉનાં બે વર્ષની) રૂા. 4,000 = રૂા. 48,750)

**(5) ચૂકવણીનો સરળ ક્રમ દર્શાવતો દાખલો :**

સીમરન લિ. તા. 31-12-2012 ના રોજ ફડચામાં ગઈ તે દિવસનું તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

તા. 31-12-2012ના રોજનું પાકું સરવૈયું.

| મૂડી દેવાં | રકમ રૂા. | મિલકત-લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| ઈક્વિટી શેર દરેક રૂા.10નો | | જમીન-મકાન | 1,50,000 |
| એવા 15,000 શેર | 1,50,000 | મશીનરી | 1,37,000 |
| 8% નો રૂા. 100 નો એવા | | ફર્નિચર | 19,875 |
| 1,000 પ્રેફરન્સ શેર | 1,00,000 | રોકાણો | 50,000 |
| અનામત ભંડોળ | 10,000 | સ્ટોક | 40,000 |
| નફાનુકસાન ખાતું | 7,875 | દેવાદારો | 80,000 |
| 10 ટકાના ડિબેંચર્સ | 75,000 | રોકડ હાથ પર | 5,000 |
| ડિબેંચર પર બાકી વ્યાજ | 7,500 | | |
| તારણવાળી લોન (સ્ટોકના | | બેંક સિલક | 6,000 |
| તારણ પર) | 25,000 | | |
| પરચૂરણ લેણદારો | 58,000 | | |
| દેવીહુંડીઓ | 5,000 | | |
| કર્મચારી પ્રોવિડન્ટ ફંડ | 30,000 | | |
| કર્મચારીનો બાકી પગાર | | | |
| (5 કારકૂનનો 4 માસનો) | 20,000 | | |
| | **4,88,375** | | **4,88,375** |

લોનના લેણદારોએ સ્ટોક રૂા. 35,000માં વેચીને પોતાનું લેણું વસૂલ કર્યું અને વધારો લિક્વિડેટરને પરત કર્યો.

અન્ય મિલકતોની ઉપજ નીચે મુજબ થઈ :

| | |
|---|---|
| જમીન - મકાન | રૂા. 2,55,000 |
| મશીનરી | રૂા. 1,05,000 |
| ફર્નિચર | રૂા. 15,000 |
| રોકાણો | રૂા. 40,000 |
| દેવાદારો | રૂા. 75,000 |

લિક્વિડેટરને તેણે ઉજાવેલ કુલ રકમ (સ્ટોકના વધારા સહિત) પર 10 % કમિશન આપવાનું છે. વિસર્જન ખર્ચ રૂા. 5,000 થયો. પ્રેફરન્સ શેર પર પાછલા 1 વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે. પ્રેફરન્સ શેર કમ્યુલેટિવ છે. જ્યારે ડિબેંચર હોલ્ડર્સને તા. 30-4-2013નો રોજ નાણાં ચૂકવી આપ્યા છે.

**જવાબ :**

પસંદગીના લેણદારો રૂા. 50,000 (પ્રોવિડન્ટ ફંડ રૂા. 30,000 + કર્મચારીનો પગાર રૂા. 20,000), બિનસલામત લેણદારો રૂા. 63,000 (લેણદારો રૂા. 58,000 + દેવીહુંડીઓ રૂા. 5,000 + લિક્વિડેટરકની આવકો : રોકડ હાથ પર રૂા. 5,000 + બેંક સિલક રૂા. 6,000 + અને મિલકતોની ઊપજ રૂા. 5,00,000 (સ્ટોકના વધારા સહિત) = કુલ આવકો રૂા. 5,11,000 લિક્વિડેટરની જાવકો : વિસર્જન ખર્ચ રૂા. 5,000, લિક્વિડેટરનું મહેનતાણું (મિલકતની ઊપજ રૂા. 5,00,000ના 10% રૂા. 50,000 પસંદગીના લેણદારો રૂા. 50,000, તરતા બોજધારી લેણદારો : ડિબેંચર રૂા. 75,000 + બાકી વ્યાજ રૂા. 7,500 અને ચૂકવણી તારીખ સુધીનું (4 માસનું) વ્યાજ રૂા. 2,500 = રૂા. 85,000 બિન સલામત લેણદારો રૂા. 63,000, પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવણી (પ્રેફ. શેરમૂડી) રૂા. 1,00,000 + બાકી પ્રેફ.ડિવિડન્ડ રૂા. 8,000) = રૂા. 1,08,000 ઈક્વિટી શેરહોલ્ડર્સને (વધેલ રકમ) રૂા. 1,50,000)

(6) શાહુકાર લિમિટેડ તા. 31-3-2013 ના રોજ ફડચામાં ગઈ. તે દિવસનું તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| જવાબદારીઓ | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| રૂા. 10નો એક એવા | | પાઘડી | 60,000 |
| 60,000 ઈક્વિટી શેર | 6,00,000 | જમીન-મકાન | 5,85,000 |
| 8%ના પ્રેફરન્સ શેર | | મશીનરી | 4,50,000 |
| રૂા. 100 નો એક એવા | 3,00,000 | રોકાણો | 18,000 |
| જામીનગીરી પ્રીમિયમ | 7,500 | ફર્નિચર | 34,500 |
| સામાન્ય અનામત | 1,500 | સ્ટોક | 3,00,000 |
| 8%ના ડિબેંચર | 1,50,000 | દેવાદારો | 3,52,500 |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 12,000 | રોકડ સિલક | 30,000 |
| લેણદારો | 4,20,000 | | |
| ચૂકવવાનો બાકી ખર્ચ | 21,000 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 4,500 | | |
| ત્રણ કારકૂનનો પગાર | | | |
| (છેલ્લા 2 માસનો) | 13,500 | | |
| બેંક ઓવરડ્રાફ્ટ | 3,00,000 | | |
| | **18,30,000** | | **18,30,000** |

(1) વિસર્જન ખર્ચ રૂા. 3,000 થયો.

(2) મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

| | | | |
|---|---|---|---|
| જમીન - મકાન | રૂા. 4,80,000 | ફર્નિચર | રૂા. 33,000 |
| મશીનરી | રૂા. 5,25,000 | સ્ટોક | રૂા. 2,25,000 |
| રોકાણો | રૂા. 15,000 | દેવાદારો | રૂા. 2,37,000 |

(3) લિક્વિડેટરનું મહેનતાણું તેણે ઉપજાવેલ રકમ પર 5 ટકા આપવાનું છે અને ઈક્વિટી શેર હોલ્ડર્સને ચૂકવેલ રકમ પર 10 ટકા અને પસંદગીના લેણદારોને ચૂકવેલ રકમ પર 5 ટકા ગણવાનું છે.

(4) ડિબેંચર હોલ્ડર્સને 30-9-2013ના રોજ ચૂકવણી કરી છે. લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

**જવાબ :**

પસંદગીના લેણદારો રૂા. 18,000 (પ્રોવિડન્ટ ફંડ રૂા. 4,500 + કારકુનનો પગાર રૂા. 13,500),

બિનસલામત લેણદારો રૂા. 7,41,000 (લેણદારો રૂા. 4,20,000 + ચૂકવવાનો બાકી ખર્ચ રૂા. 21,000 + બેંક ઓવર ડ્રાફ્ટ રૂા. 3,00,000) લિક્વિડેટરની આવકો રૂા. 15,45,000 (રોકડ સિલક રૂા. 30,000 અને મિલકતો ઉપજ રૂા. 15,15,000), લિક્વિડેટરની જાવકો : વિસર્જન ખર્ચ રૂા. 3,000, લિક્વિડેટરનું મહેનતાણું રૂા. 98,318 (મિલકતની ઉપજ પર 5% લેખે રૂા. 75,750 + પસંદગીના લેણદાર 5 % લેખે રૂા. 900 + ઈ. શેર હો. ને ચૂકવેલ રકમ પર 10% લેખે રૂા. 1,68,000 (ડિબેંચર્સ રૂા. 1,50,000 + બાકી વ્યાજ રૂા. 12,000 + ચૂકવણી તારીખ સુધીનું (6 માસનું) વ્યાજ રૂા. 6,000) બિનસલામત લેણદારો રૂા. 7,41,000, પ્રેફરન્સ શેર હોલ્ડર્સને રૂા.3,00,000, છેવટે વધતી રકમ રૂા. 2,38,350 જે પૈકી ઈક્વિટી શેર હોલ્ડરને ચૂકવેલ રકમ રૂા. 2,16,682 (2,38,350 × 100/110) અને ઈ. શેર હોલ્ડરને ચૂકવેલ રકમ પર લિક્વિડેટરનું મહેનતાણું રૂા. 21,668 (2,38,350 × 10/110).

(7) ફના લિ. નું તા. 31-3-2013 ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું તે દિવસ તેનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| **જવાબદારીઓ** | **રકમ રૂા.** | **મિલકતો** | **રકમ રૂા.** |
|---|---|---|---|
| ઈક્વિટી શેરમૂડી દરેક | | જમીન-મકાન | 6,66,000 |
| રૂા. 10 નો પૂર્ણ ભરપાઈ | 12,00,000 | મશીનરી | 2,22,000 |
| 12 ટકાના પ્રેફરન્સ શેર | | સ્ટોક | 1,02,000 |
| દરેક રૂા. 100 નો | 6,00,000 | રોકાણો | 1,44,000 |
| ગીરો લોન (સ્ટોકના | | દેવાદારો | 1,68,000 |
| તારણ પર) | 1,32,000 | રોકડ સિલક | 15,60,000 |
| બેંક ઓવરડ્રાફ્ટ | | | |
| (રોકાણોના તારણ પર) | 78,000 | | |
| ડિબેન્ચર્સ | 4,44,000 | | |
| પરચૂરણ લેણદારો | 1,80,000 | | |
| બાકી ભાડું (2 માસનું) | 6,000 | | |
| 8કર્મચારીનો 3 માસનો | | | |
| બાકી પગાર | 1,50,000 | | |
| કામદારોનો 2 માસનો | | | |
| બાકી પગાર | 72,000 | | |
| | **28,62,000** | | **28,62,000** |

**વધારાની માહિતી :**

(1) મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

| | |
|---|---|
| જમીન મકાન | 9,74,000 |
| મશીનરી | 3,79,000 |
| સ્ટોક | 1,08,000 |
| દેવાદારો | 1,47,000 |
| કુલ | 16,08,000 |

(2) વિસર્જન ખર્ચ રૂા. 18,480 થયો.

(3) પરચૂરણ લેણદારોમાં પ્રોવિડન્ટ ફંડ ના રૂા. 90,000 સમાયેલા છે.

(4) પ્રેફરન્સ શેર પર 1 વર્ષનું ડિવિડન્ટ ચૂકવવાનું છે.

(5) બેંક ઓવરડ્રાફ્ટના લેણદારોએ રોકાણો રૂા.1,50,000 માં વેચી દીધાં અને વધારાની રકમ લિક્વિડેટરને પરત કરી.

(6) લિક્વિડેટરનું મહેનતાણું નીચે પ્રમાણે ગણવું :

(i) લિક્વિડેટરે ઉપજાવેલ રકમ પર 5%

(ii) પસંદગીના લેણદારોને ચૂકવેલ રકમ 4%

(iii) પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 3%

(iv) પ્રેફરન્સ શેરહોલ્ડર્સ ચૂકવેલ રકમ પર 2%

(v) ઈક્વિટી શેર હોલ્ડર્સ ચૂકવેલ રકમ પર 1%

(7) આર્ટિકલ્સ ઓફ એસોસિએસનમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે ઈક્વિટી શેરમૂડી પરત કર્યા બાદ જો વધારો રહે તો તે વધારાનો 20 % ભાગ પ્રેફરન્સ શેર હોલ્ડર્સ મેળવવા હક્કદાર છે.

**જવાબ :**

બિનસલામત લેણદારો રૂા. 1,20,000 (પ્રોવિડન્ટ ફંડ સિવાયના પરચૂરણ લેણદારો રૂા. 90,000 + બાકી ભાડું રૂા. 3,000 + ગીરો લોનની બિનસલામત રકમ રૂા. 24,000), પસંદગીના લેણદારો રૂા. 2,40,000 (પ્રોવિડન્ટ ફંડ રૂા. 90,000 + કર્મચારીનો પગાર રૂા. 1,50,000), સંપૂર્ણ સલામત લેણદારો રૂા. 1,80,000 (ગીરોલોન લેણદારો રૂા. 54,000 + કામદારોનો બાકી પગાર રૂા. 72,000) બેંક ઓવરડ્રાફ્ટના લેણદારોએ જાતે જ રોકાણો વેચીની લિક્વિડેટરને પરત કર્યા છે તેથી ફક્ત વધારો જ ધ્યાનમાં લેવો. લિક્વિડેટરની આવકો રૂા. 3,24,000 (રોકડ સિલક રૂા. 15,60,000 + મિલકતોની ઉપજ - રોકાણોના વધારા સહિત રૂા. 16,80,000). લિક્વિડેટરની જાવક : સંપૂર્ણ સલામત લેણદારો રૂા. 1,80,000 , વિસર્જન ખર્ચ રૂા. 18,480 લિક્વિડેચટરનું મહેનતાણું રૂા. 1,25,520 (ઉપજાવેલ રકમ પર રૂા. 84,000 + પસંદગીના લેણદારા પર રૂા. 9,600 + બિન સલામત લેણદાર પર રૂા. 3,600 + પ્રેફરન્સ શેર હોલ્ડર્સ પર રૂા. 12,000 ઈ. શે. હો.ના વધારા પર રૂા. 1,920), ડિબેન્ચર હોલ્ડર્સને રૂા. 4,44,000, બિન સલામત લેણદારોને રૂા. 1,20,000, પસંદગીના લેણદારોને રૂા. 2,40,000,પ્રેફરન્સ શેરહલ્ડરોને રૂા. 6,72,000 (પ્રે. શેરમૂડી રૂા. 6,00,000 + પ્રેફ. ડિવિ.રૂા. 72000), ઈક્વિટી શેર હોલ્ડર્સને રૂા.12,00,000, ઈક્વિટી શેર હોલ્ડર્સને ચૂકવાયા પછી વધારો રૂા. 2,42,880. ધારો કે વધારો રૂા. 100 હોય તો પ્રેફરન્સ શેર હોલ્ડર્સને 20 + 2% કમિશન = રૂા. 0.40 = 20.40 અને ઈક્વિટી શેર હોલ્ડર્સને 80 + 1% = રૂા. 0.80 = 80.80 તેથી 204 : 808 = 51 : 202, તેથી પ્રેફરન્સ શેર હોલ્ડર્સને (2,42,800 × 51/ 253) રૂા. 48,960 જેના પર લિક્વિડેટરનું મહેનતાણું 48,960 × 2/102 = રૂા. 960, ઈક્વિટી શેર હોલ્ડર્સને (2,42,880 × 202/253) રૂા. 1,93,920 જેના પર લિક્વિડેટરનું મહેનતાણું 1,93,920 × 1/101 = રૂા. 1,920)

(8) મૂડીતૂટની ગણતરી દર્શાવતા દાખલા :

નિરાશા લિમિટેડનું તા. 31-12-2012ના રોજ સ્વૈચ્છિક વિસર્જન કરવામાં આવ્યું. બિનસલામત લેણદારોને નાણાં ચૂકવ્યા બાદ લિક્વિડેટર પાસે રૂા. 7,20,000 રોકડા છે. અને શેરમૂડીની વિગતો નીચે મુજબ હતી :

(1) રૂા. 100નો એક એવા 10% ના રૂા. 3,750 પ્રેફરન્સ શેર પૂર્ણ ભરપાઈ.

(2) રૂા. 100 નો એક એવા 7,500, 'A' ઈક્વિટી શેર પૂરા ભરપાઈ.

(3) રૂા. 50નો એક એવા 15,000, 'B' ઈક્વિટી શેર શેરદીઠ રૂા. 25 ભરપાઈ.

(4) રૂા. 40નો એક એવા 15,000, 'C' ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 16 ભરપાઈ.

(5) રૂા. 12.50નો એક એવા 12,000, 'D' ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 7.50 ભરપાઈ.

(6) રૂા. 5 નો એક એવા 30,000, 'E' ઈક્વિટી શેર, શેરદીઠ રૂા. 3 ભરપાઈ.

મૂડીતૂટની ગણતરી દ્વારા દર્શાવો કે ક્યા પ્રકારના શેરહોલ્ડર્સ પાસેથી કેટલી રકમ મંગાવવી

પડશે અને કયા પ્રકારના શેર હોલ્ડરને કેટલી રકમ પરત કરવી પડશે. આ ઉપરાંત લિક્વિડેટરનું આવક જાવકનું પત્રક પણ તૈયાર કરો.

(જવાબ : મૂડીતૂટની ગણતરી : (i) વધારો રૂા.7,20,000 (ii) પરત કરવામાં બાકી રકમ રૂા. 19,20,00 (10% પ્રેફ. શેર 3,750 × 100 = રૂા. 3,75,000 + 'A' ઈ. શેર 7,500 × 100 = રૂા. 7,50,000 + 'B' ઈ. શેર 15,000 × 25 = રૂા. 3,75,000 + 'C' ઈ. શેર 15,000 × 3 = રૂા. 90,000). (iii) મૂડીતૂટ રૂા.12,00,000(19,20,00 - 7,20,000), (iv) મૂડીતૂટની વહેંચણી : શેરની દાર્શનિક કિંમત જુદી જુદી હોવાથી કુલ ભરપાઈ મૂડી (શેરની સંખ્યા × દાર્શનિક કિંમત) ના પ્રમાણમાં મૂડીતૂટ વહેંચાશે કુલ ભરપાઈ મૂડીનું પ્રમાણ 5 : 5 : 4 : 1 : 1), ઈ. શેરના ભાગે મૂડીતૂટ : A ઈ. શેર રૂા. 3,75,000, B. ઈ. શેર રૂા. 3,75,000, C ઈ.શેર રૂા. 3,00,000, D ઈ.શેર રૂા. 75,000 અને E ઈ.શેર રૂા.75,000 (v) પરત કરવાની કે મંગાવવાની રકમ : A ઈ. શેર અને D ઈ.શેર અને E ઈ.શેર ન પરત કરવા અનુક્રમે રૂા. 3,75,000, રૂા. 15,000 અને રૂા. 15,000 જ્યારે 'C' ઈ.શેર પાસેથી મંગાવવા રૂા. 60,000 અને B ઈ. શેર પાસેથી કંઈ નહિ લિક્વિડેટરના આવક-જાવકના પત્રકનો સરવાળો રૂા. 7,20,000)

(9) સૂર્યોદય લિ. ના તા.31-3-2013ના રોજ સ્વૈચ્છિક ફડચામાં ગઈ તે તારીખે કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| મૂડી દેવાં | રકમ રૂા. | મિલકત-લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| 12% ના કમ્યુલેટિવ | | જમીન-મકાન | 5,32,000 |
| પ્રેફરન્સ શેર, રૂા. 100 | | સાંચા - યંત્રો | 10,15,000 |
| નો એવા 10,000 શેર | 10,00,000 | ફર્નિચર | 1,85,000 |
| રૂા.10નો એક એવા | 50,000 | રોકાણો | 1,95,000 |
| 'A' ઈક્વિટી શેર રૂા. | | સ્ટોક | 3,93,000 |
| 7.50 લેખે ભરપાઈ | 3,75,000 | દેવાદારો | 4,39,500 |
| રૂા.10નો એક એવા | | રોકડ-બેંક | 1,50,000 |
| 1,50,000 'B' | | નફા-નુકસાન ખાતું | 6,50,000 |
| ઈક્વિટી શેર રૂા. 6 | | | |
| લેખે ભરપાઈ | 9,00,000 | | |
| 15% ડિબેન્ચર્સ | 5,00,000 | | |
| ડિબેંચર બાકી વ્યાજ | 75,000 | | |
| પરચૂરણ લેણદારો | 6,64,000 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 61,000 | | |
| | **35,75,000** | | **35,75,000** |

**માહિતી :**

(1) પરચૂરણ લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(i) જમીન-મકાન પર ગીરો હક ધરાવતી લોન રૂા. 1,25,000

(ii) પાંચ કારકુનનો છેલ્લો 4 માસનો પગાર દરેકનો માસિક રૂા. 500 લેખે.

(iii) મ્યુનિસિપલ કરવેરા છેલ્લા 12 માસ દરમિયાન રૂા. 4,000

(2) લિક્વિડેટરને મિલકતની ઉપજના 3 ટકાના લેખે અને પસંદગીના લેણદારો સિવાયના બિનસલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 2 ટકા લેખે મહેનતાણું ચૂકવવાનું છે.

(3) પ્રેફરન્સ શેર પર છેલ્લા બે વર્ષનું ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે.

(4) વિસર્જન ખર્ચ રૂા. 49,010 થયો.

(5) મિલકતોની ઊપજ નીચે પ્રમાણે થઈ :

| | | | |
|---|---|---|---|
| જમીન-મકાન | રૂા. 6,41,000 | રોકાણો | રૂા. 2,54,600 |
| સાંચા - યંત્રો | રૂા. 9,35,000 | સ્ટોક | રૂા. 3,79,000 |
| ફર્નિચર | રૂા. 1,75,000 | દેવાદારો | રૂા. 4,35,000 |

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

**જવાબ :**

બિનસલામત લેણદારો રૂા.5,25,000 (કુલ લેણદારો રૂા. 6,64,000 બાદ : ગીરોલોન રૂા. 1,25,000, કારકુનનો પગાર રૂા. 10,000 અને મ્યુનિ. વેરા રૂા. 4,000), પસંદગીના લેણદારો, રૂા. 75,000 (પ્રોવિડન્ટફંડ રૂા. 61,000 + કારકુનનો પગાર રૂા. 10,000 + મ્યુનિ. વેરા રૂા. 4,000), લિક્વિડેટરની ઉપજ રૂા. 29,69,600 (રોકડ સિલક રૂા. 1,50,000 અને મિલકતોની ઉપજ રૂા. 28,19,600). લિક્વિડેટરની જાવકો : (i) સંપૂર્ણ સલામત લેણદારો રૂા. 1,25,000 (ii) વિસર્જન ખર્ચ રૂા. 49,010 અને લિક્વિડેટરનું મહેનતાણું રૂા. 95,090 (મિલકતની ઉપજ પર રૂા. 84,590 અને બિનસલામત લેણદાર પર રૂા.10,500 (iii) પસંદગીના લેણદારોને રૂા. 75,000 (iv) તરતા બોજધારી લેણદારોને રૂા. 5,75,000 (ડિબેન્ચર રૂા. 5,00,000 + ડિબે . બાકી વ્યાજ રૂા. 75,000) (v) બિન સલામત લેણદારોને રૂા. 5,25,000, (vi) પ્રેફરન્સ શેર હોલ્ડર્સને રૂા. 12,40,000 (પ્રેફરન્સ શેરમૂડી રૂા. 10,00,000 + બે વર્ષનું બાકી પ્રેફ. ડિવિ. રૂા. 2,40,000) પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવ્યા પછી નાણાં ખૂટે છે. મૂડીતૂટની ગણતરી : (i) વધારો રૂા. 2,85,000 (ii) ચૂકવવાની બાકી રકમ (બંને ઈ. શેર હોલ્ડર્સને) રૂા. 12,75,000 (iii) મૂડીતૂટ રૂા. 9,89,500 (iv) મૂડીતૂટની વહેંચણી શેરની સંખ્યાના પ્રમાણમાં 1:3. A ઈ.શેરના ભાગે મૂડીતૂટ રૂા. 2,47,375 અને B ઈ.શેરના ભાગે મૂડીતૂટ રૂા. 7,42,125. છેવટે A ઈ.શેર હોલ્ડર્સને પરત રૂા. 1,27,625 અને B ઈ.શેર હોલ્ડર્સને પરત રૂા. 1,57,875)

(10) તા. 31-3-2013ના રોજ 'ગેટવે' લિમિટેડ સ્વૈચ્છિક વિસર્જન કરવાનું નક્કી કર્યું. તે દિવસે તેનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| જવાબદારીઓ | રકમ રૂા. | મિલકતો | રકમ રૂા. |
|---|---|---|---|
| 15,000 ઈક્વિટી શેર | | પાઘડી | 25,000 |
| દરેક રૂા. 10નો શેરદીઠ | | જમીન-મકાન | 90,000 |
| રૂા. 7.50 ભરપાઈ | 1,12,500 | યંત્રો | 1,00,000 |
| 10,000 ઈક્વિટી શેર, | | રોકાણો | 40,000 |
| દરેક રૂા. 10નો શેરદીઠ | | સ્ટોક | 37,500 |
| રૂા. 5 ભરપાઈ | 50,000 | દેવાદારો | 44,000 |
| 1,000, 10% પ્રેફરન્સ | | રોકડ - બેંક | 6,000 |
| શેર દરેક રૂા. 100નો | 1,00,000 | નફા-નુકસાન ખાતું | 47,625 |
| 7 ટકાના ડિબેન્ચર્સ | 37,500 | | |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 2,625 | | |
| રોકાણોના તારણ પર લોન | 30,000 | | |
| બેંક ઓવરડ્રાફ્ટ (સ્ટોકના | | | |
| તારણ પર) | 31,000 | | |
| પરચૂરણ લેણદારો | 22,100 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 4,400 | | |
| | **3,90,125** | | **3,90,125** |

પરચૂરણ લેણદારોમાં નીચેની રકમોમાં સમાવેશ થાય છે :

(1) ચૂકવવાનો બાકી ખર્ચ રૂા. 1,050

(2) ચાર કર્મચારીઓનો છેલ્લો 4 માસનો બાકી પગાર, દરેકનો માસિક રૂા. 100 લેખે.

(3) રજાઓનો ચઢેલો પગાર રૂા. 400

(4) સ્થાનિક કરવેરા :

વર્ષ 2011-12 ના રૂા. 375

વર્ષ 2012-13 ના રૂા. 500

મિલકતોના નીચે મુજબ ઉપજ્યા :

જમીન - મકાન રૂા.70,000 સ્ટોક રૂા.29,500

યંત્રો રૂા.68,900 દેવાદારો રૂા.24,200

લોનના લેણદારો એ રોકાણો રૂા. 37,500માં વેચ્યા અને વધારો લિક્વિડેટરને પરત કર્યો.

ડિબેંચર હોલ્ડરને તા. 31-7-2013 ના રોજ ચૂકવ્યા.

લિક્વિડેટરને તેણે મિલકતોની ઉપજાવેલી રકમ પર 1 ટકા લેખે અને પસંદગીના લેણદારો સહિતના બિન સલામત લેણદારો ચૂકવેલ રકમ પર 2 ટકા લેખે મહેનતાણું ચૂકવવાનું છે.

વિસર્જન ખર્ચ રૂા. 2,614 થયો

લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

**જવાબ :**

બિનસલામત લેણદારો રૂા. 21,100 (પરચૂરણ લેણદારો રૂા. 22,100 (બાદ : કર્મચારીનો પગાર રૂા. 1,600, રજાનો પગાર રૂા. 400 અને મ્યુ. વેરો રૂા. 500) + બેંક ઓવરડ્રાફ્ટની બિનસલામાત રકમ રૂા. 1,500) પસંદગીના લેણદારો રૂા. 6,900 (પરચૂરણ લેણદારમાં સમાયેલ રૂા. 2,500 + પ્રોવિડન્ટ ફંડ રૂા. 4,400) લિક્વિડેટરની આવકો રૂા. 2,20,100 (રોકડ સિલક રૂા. 6,000 + મિલકતોની ઉપજ રૂા. 1,92,600 - રોકાણોનો વધારો રૂા. 7,500 + B ઈ. શેર હોલ્ડર્સ પાસેથી મંગાવેલ હપ્તો રૂા. 14,000) લિક્વિડેટરની જાવકો : (i) સંપૂર્ણ સલામત લેણદાર (બેંક ઓવરડ્રાફ્ટ) રૂા. 29,500 (ii) વિસર્જન ખર્ચ રૂા. 2,614 અને લિક્વિડેટરનું મહેનતાણું રૂા. 2,486 (મિલકતની ઉપજ પર રૂા. 1,926 + પસંદગીના લેણદાર પર રૂા. 138 અને બિન સલામત લેણદારો રૂા. 41,000 (ડિબેંચર રૂા. 37,500 + બાકી વ્યાજ રૂા. 2,625 અને ચૂકવણી તારીખ સુધીનું 4 માસનું વ્યાજ રૂા. 875) (v) બિન સલામત લેણદારો રૂા. 21,100, (vi) પ્રેફરન્સ શેર હોલ્ડર્સ રૂા. 1,00,000 પ્રેફરન્સ શેર હોલ્ડર્સને ચૂકવ્યા પછી નાણાં ખૂટે છે. મૂડીતૂટની ગણતરી : (i) વધારો રૂા. 2,500, (ii) ચૂકવવાની બાકી રકમ (બંને ઈ. શેર હોલ્ડર્સ) રૂા. 1,62,500, (iii) મૂડીતૂટ રૂા.1,60,000, (iv) મૂડીતૂટની વહેંચણી, (v) શેરની સંખ્યાના પ્રમાણમાં 3 : 2 મુજબ A ઈ.શેરના ભાગે મૂડીતૂટ રૂા. 96,000 અને B ઈ. શેરના ભાગે મૂડીતૂટ રૂા. 64,000. છેવટે A ઈ. શેર હોલ્ડર્સને રૂા. 16,500 પરત કરવા અને B ઈ.શેર હોલ્ડર્સ પાસેથી રૂા.14,000 મંગાવવા.)

(11) ડુપ્લીકેટ લિ. નું 31-3-2013 ના રોજ સ્વૈચ્છિક વિસર્જન થયું તે તારીખે કંપનીનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| મૂડી દેવાં | રકમ રૂા. | મિલકત-લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| 'A' ઈક્વિટી શેર દરેક | | મકાન | 4,99,500 |
| રૂા.100નો એવા 1,200 | | મશીનરી | 2,00,000 |
| શેર પુરા ભરપાઈ | 1,20,000 | ફર્નિચર | 1,20,000 |
| 'B' ઈક્વિટી શેર દરેક | | રોકાણો | 2,40,000 |
| રૂા.100નો એવા 1,800 | | દેવાદારો | 60,500 |
| શેર, રૂા. 60 લેખે ભરપાઈ | 1,08,000 | સ્ટોક | 2,00,000 |

| | | | |
|---|---|---|---|
| રૂ.100નો એક એવા 1,800,10% પ્રેફરન્સ શેર | 1,80,000 | રોકડ અને બેંક | 66,000 |
| 15 % ના ડિબેંચર્સ | 2,40,000 | | |
| પરચૂરણ લેણદારો | 5,20,000 | | |
| ડિરેક્ટરની લોન | 2,00,000 | | |
| ડિબેંચર બાકી વ્યાજ | 18,000 | | |
| | **13,86,000** | | **13,86,000** |

વધારાની માહિતી :

(1) મિલકતો માહિતી :

| | રૂ. | | રૂ. |
|---|---|---|---|
| મકાન | 3,24,100 | રોકાણો | 78,000 |
| મશીનરી | 1,11,100 | દેવાદારો | 44,900 |
| ફર્નિચર | 84,000 | સ્ટોક | 95,900 |

લિક્વિડેટરે ગીરો મિલકત સહિતની મિલકતોનું વેચાણ કરેલ છે.

(2) લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(i) પ્રોવિડન્ટ ફંડ રૂ. 12,000

(ii) પાણી અને વીજળીના બિલ રૂ. 11,900

(iii) છ કારકૂનનો છેલ્લા 2 માસનો માસિક પગાર રૂ. 4,000 લેખે

(iv) આવકવેરો ચૂકવવા પાત્ર :

આકરણી વર્ષ 31-3-2012 રૂ. 15,000

31-3-2013 રૂ. 12,000

(v) રોકાણો સામે ગીરો લોન રૂ. 96,000 તથા ફર્નિચર સામે ગીરો લોન રૂ. 30,000.

(3) ડિબેંચર હોલ્ડર્સને તા. 30-4-2013ના રોજ ચૂકવણી કરેલ છે.

(4) વિસર્જન ખર્ચ રૂ. 6,000 થયો.

(5) લિક્વિડેટરને તેણે ઉપજાવેલ મિલકતની કિંમત પર 4 % લેખે તથા પસંદગીના લેણદારો સિવાયના બિન સલામત લેણદારોને ચૂકવેલ રકમ પર 2% મહેનતાણું આપવાનું છે. ઉપરોક્ત વિગતો ધ્યાનમાં લઈ તમારે લિક્વિડેટરનું છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરવાનું છે.

**જવાબ :**

સંપૂર્ણ સલામત લેણદારો રૂ.1,08,000 (રોકાણો સામે ગીરોલોન ઉપરજ કિંમત જેટલી રૂ. 78,000 + ફર્નિચર સામે ગીરો લોન રૂ. 30,000). પસંદગીના લેણદારો રૂ. 72,000 (પ્રોવિડન્ટ ફંડ રૂ. 12,000 + કારકૂનનો પગાર રૂ. 48,000 + આવક વેરો (31-3-2013) રૂ. 12,000). બિન સલામત લેણદારો રૂ. 5,04,000 (કુલ લેણદારો રૂ. 5,20,000 - સમાયેલા સંપૂર્ણ સલામત લેણદારો રૂ. 1,08,000 - સમાયેલા પસંદગી લેણદારો રૂ. 72,000 + ડિરેકટરની લોન રૂ. 2,00,000.) રોકડ બેંક રૂ. 66,000 અને મિલકતની ઉપજ રૂ. 7,38,000 માંથી દેવાંની ચૂકવણી : (i) સલામત લેણદારો રૂ. 1,08,000. (ii) વિસર્જન ખર્ચ રૂ. 6,000 અને લિક્વિડેટરનું મહેનતાણું રૂ. 37,412 (મિલકતની ઊપજ રૂ. 7,892 (4,02,480 × 2/102) (iii) પસંદગીના લેણદારો રૂ. 72,000 (iv) તરતા બોજધારી લેણદારો રૂ. 2,58,000 ડિબેન્ચર રૂ. 2,40,000 + બાકી વ્યાજ રૂ. 18,000 ડિબેન્ચર હોલ્ડર્સને ચૂકવણી તારીખ સુધીનું બાકી વ્યાજ ચૂકવાશે નહીં કારણ કે ઉપરાંત બિનસલામત લેણાદારોને નાણાં ચૂકવવાનું છે. તેથી મૂડીતૂટની ગણતરી થશે નહીં. જે માટે ‘B’ ઈક્વિટી શેર પાસે

હપ્તો રૂા. 72,000 (1,800 × 40 રૂા.) મગાવીને બિનસલામત લેણદારોને (4,02,480 × 100/102) રૂા. 3,94,588 ચૂકવાશે અને લિક્વિડેટરને બિનસલામત લેણદારોની ચૂકવણી પર કમિશન રૂા. 7892 (4,02,480 × 2/102) ચૂકવાશે.)

(12) તા. 31-3-2013ના રોજ જીવનતારાનું સ્વૈચ્છિક વિસર્જન કરવાનું નક્કી થયું તે દિવસ તે કંપનીનું પાકું સરવૈયું નીચે પ્રમાણે હતું :

| મૂડી દેવાં | રકમ રૂા. | મિલકત-લેણાં | રકમ રૂા. |
|---|---|---|---|
| 12 1/2% ના પ્રેફરન્સ | | કાયમી મિલકતો | 70,000 |
| શેર દરેક રૂા.100નો | | ફર્નિચર | 20,000 |
| એવા | 20,000 | દેવાદારો 31500 | |
| 'A' ઈક્વિટી શેર રૂા.100 | | બાદઃઘા.અ.1500 | |
| નો એવા રૂા. 60 ભરપાઈ | 30,000 | 33000 | |
| 'B' ઈક્વિટી શેર રૂા. 10નો | 37,500 | બાદઃઘા.અ.1500 | 28,500 |
| એવા રૂા. 7.50 ભરપાઈ | | સ્ટોક | 20,000 |
| કાયમી મિલકત પર ઘસારા | | રોકડ બેંક સિલક | 20,000 |
| ફંડ | 7,500 | નફા-નુકસાન ખાતું | 54,500 |
| 12%ના ડિબેન્ચર્સ | 25,000 | | |
| ડિબેન્ચર બાકી વ્યાજ | 3,000 | | |
| બેંક લોન (સ્ટોકના | | | |
| તારણ પર | 25,000 | | |
| ડિરેક્ટરની લોન | 7,500 | | |
| લેણદારો | 50,000 | | |
| પ્રોવિડન્ટ ફંડ | 7,500 | | |
| | **2,13,000** | | **2,13,000** |

**વધારાની માહિતી :**

(1) લેણદારોમાં નીચેનાનો સમાવેશ થાય છે :

(i) કર્મચારી વીમા યોજના હેઠળ છેલ્લા 12 માસનું પ્રીમિયમ રૂા. 1,500.

(ii) રૂા. 10,000ના લેણદારો, જેની પાસે 50% ફર્નિચર ગીરો છે.

(iii) પાણી અને વીજળીના બિલ છેલ્લા 12 માસના રૂા. 5,000

(2) લિક્વિડેટરે દેવાદારોના 25% ઓછા અને બાકીના મિલકતોની ચોપડે કિંમત ઉપજાવી.

(3) ડિરેક્ટરને લોન, 5 કર્મચારીઓને છેલ્લા 5 માસનો પગાર ચૂકવવા લીધેલ છે.

(4) વિસર્જન ખર્ચ રૂા. 2,000 થયો.

(5) લિક્વિડેટરને મિલકતોની ઉપજ પર 4 ટકા તથા બિન સલામત લેણદારોને ચૂકવેલ રકમના 5% મહેનતાણું આપવાનું છે.

(6) પ્રેફરન્સના શેર પર 1 વર્ષનું કમ્યુલેટિવ ડિવિડન્ડ ચૂકવવાનું બાકી છે.

(7) ડિબેન્ચર હોલ્ડર્સને તા. 31-12-2013ના રોજ ચૂકવ્યા.

લિક્વિડેટર છેવટનું આવક-જાવકનું પત્રક તૈયાર કરો.

**જવાબ :**

કર્મચારીનો 5 માસનો પગાર ચૂકવ્યા ડિરેક્ટર પાસેથી લીધેલ લોન પૈકી 4 માસ જેટલી લોન

રૂા. 6,000 પસંદગીના લેણદાર ગણાશે. જ્યારે બાકીની 1 માસના પગાર જેટલી લોન રૂા. 1,500 બિનસલામત ગણાશે. બિનસલામત લેણદારો રૂા. 45,000 (કુણ લેણદારો રૂા. 50,000 - ફર્નિચર ના તારણ પર લેણદારો રૂા.10,000 - કર્મચારી વીમા યોજના પ્રીમિયમ રૂા. 1,500 + ડિરેક્ટરની લોન રૂા. 1,500 + સ્ટોકના તારણ પર બેન્ક લોનની બીન સલામત રકમ રૂા. 5,000). પસંદગીના લેણદારો રૂા. 15,000 (પ્રો.ફંડ રૂા. 7,500 + ડિરેક્ટર લોન રૂા. 6,000 + કર્મચારી વીમા યોજના પ્રીમિયમ રૂા.1,500) રોકડ બેંક સિલક રૂા. 20,000 અને મિલકતોની ઉપજ રૂા. 12,500 માંથી દેવાંની ચૂકવણી : (i) સંપૂર્ણ સલામત લેણદારો રૂા. 30,000, (ii) વિસર્જન ખર્ચ રૂા. 2,000 અને લિક્વિડેટરનું મહેનતાણું રૂા. 8,000 મિલકતની ઉપજ રૂા. 5,000 + પસંદગીના લેણદાર પર રૂા. 750 + બિન સલામત લેણદાર રૂા.2,250) (iii) પસંદગીના લેણદારોને રૂા. 15,000 (iv) તરતા બોજધારી લેણદારોને રૂા. 30,250 (ડિબેન્ચર રૂા. 25,000 + બાકી વ્યાજ રૂા. 3,000 + ચૂકવણી તારીખ સુધી 9 માસનું વ્યાજ રૂા. 250) (v) બિનસલામત લેણદારોને રૂા. 4,500, બિનસલામત લેણદારોને ચુકવ્યા પછી લિક્વિડેટર પાસે નાણાં ખૂટે છે. મૂડીતૂટની ગણતરી : (i) વધારો રૂા.14,750 (ii) ચૂકવવાની બાકી રકમ રૂા. 90,000 (પ્રે. શેરમૂડી રૂા. 20,000 + પ્રેફ. ડિવિડન્ડ રૂા. 2500 + A ઈ.શેર રૂા.30,000 + B ઈ.શેર રૂા.37,500) (iii) મૂડીતૂટ રૂા. 75,250 (iv) મૂડીતૂટની વહેંચણી : કુલ ભરપાઈ મૂડીના પ્રમાણમાં 1:1, A ઈ.શેરના ભાગે મૂડીતૂટ રૂા. 37,625 અને B ઈ. શેરના ભાગે મૂડીતૂટ રૂા. 37,625, છેવટે પ્રેફરન્સ શેર હોલ્ડર્સને બાકી ડિવિડન્ડ સહિત રૂા. 22,500 ચૂકવાશે. જ્યારે બંને પ્રકારના ઈ. શેર હોલ્ડર્સ પાસેથી અનુક્રમે રૂા. 7,625 અને રૂા.125 મંગાવવામાં આવશે.)

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**